શ્રી સેવારસાનુરાગી, શ્રી હરિરાયજી સ્વરૂપ
શ્રીમદ્ ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ ( દાદાશ્રી ), અમરેલીવાળા.



# શિક્ષાપત્રોની ઉત્પત્તિનો ઈતિહાસ

## અને તેનો ટુંકસાર

શ્રી કલ્યાણરાયજીને બે લાલજી હતા. એક શ્રીહરિરાયજી અને બીજા શ્રીગોપેશ્વરજી. શ્રીહરિરાયજી મોટા અને શ્રીગોપેશ્વરજી છોટા હતા. જ્યારે શ્રીહરિરાયજી પરદેશ પધારતા ત્યારે શ્રીઠાકોરજીની સેવા શ્રીગોપેશ્વરજી કરતા. શ્રીગોપેશ્વરજી પણ સેવામાં ચતુર હતા, એટલુંજ નહિં પણ સારા વિદ્વાન અને શ્રીહરિરાયજીના હૃદયના અનુભવી હતા. શ્રીહરિરાયજી તો સાક્ષાત ત્રિકાળ જ્ઞાનના મૂર્તિ રૂપ હતા, અને તે ત્રિકાળ જ્ઞાનને લીધેજ આ શિક્ષાપત્રોની ઉત્પત્તિ છે. ડાહી સાસુ વહુને શિખામણ દેતી હોય તો દીકરીને મીસે દે છે, તેમ અહીં શ્રીગોપેશ્વરજીના મીસે પુષ્ટિમાર્ગનો ફળરૂપ ગ્રંથ વૈષ્ણવોના હાથમાં શ્રીહરિરાયજી પધરાવે છે. પોતાના અનુભવ આ ગ્રંથમાં ટુંકાણમાં શ્લોકમાં શ્રીહરિરાયજી પોતાના નાના ભાઈને મોકલે છે, ને નાનાભાઈ તેનું હાર્દ સમજીને વિસ્તારથી સમજાવે છે. મૂળ ઉત્પત્તિનું કારણ એ છે કે એક વાર શ્રી હરિરાયજી પરદેશમાં હતા, ત્યાં આપશ્રીને બે માસ પહેલાં ખબર પડી કે થોડી મુદતમાં શ્રીગોપેશ્વરજીનાં વહુજી લીલા વિસ્તારવાનાં છે. આ શ્રીગોપેશ્વરજીનાં વહુજી સેવામાં અનુકૂળ હતાં, આથી જો વહુજી લીલા વિસ્તારે તો શ્રીગોપેશ્વરજીને સેવામાં સહાયક જાય, તેથી શ્રીઠાકોરજીને પરિશ્રમ પડે અથવા સુખ ન વિચારાય એટલે સહાયકના વિયોગનું આવું દુઃખ શ્રીગોપેશ્વરજીથી સહન થઈ શકે નહિં ને વિયોગથી બહુજ પીડા પામે. આ કારણથી શ્રીહરિરાયજીએ વૈરાગ્ય થાય અથવા દુઃખ ન થાય તેને માટે શિક્ષાના પત્રો લખવાનો વિચાર કર્યો. આ પત્રો એવા લખ્યા છે કે જે કોઈ વાંચે તેનાં સઘળાં દુઃખ શ્રીમહાપ્રભુજીની કૃપાથી દૂર થાય, અને હૃદયમાં ભાવની પણ ઉત્પત્તિ થાય. એવો એક પત્ર રોજ સઘળાં શાસ્ત્ર, વેદ, પુરાણ, શ્રીભાગવત તથા શ્રીગીતાજી એ સર્વના સિદ્ધાંત સાથે લખીને શ્રીહરિરાયજી પોતાના મનુષ્ય સાથે શ્રીગોપેશ્વરજીને મોકલતા. આ પત્ર શ્રીગોપેશ્વરજી પોતાની બેઠકમાં એક ગોખલામાં મૂકી રાખતા, વાંચતા નહિં. એમ જાણતા કે મોટાભાઈનો સ્નેહ મારાપર બહુજ છે તેથી શિખામણ લખે છે, પણ હું તો પ્રભુની સેવા શીવાય બીજું કશું જાણતોજ નથી આથી પત્રો વાંચ્યા વગર એક ગોખલામાં મુકી રાખતા. એમ કરતાં કરતાં એકતાળીસ પત્રો થયા.

હવે શ્રીહરિરાયજીએ પોતાના મનુષ્યને પૂછ્યું કે ભાઈ પત્ર વાંચે છે કે નહિં. આ વખતે પેલા પત્ર લઈ જનાર માણસે વિનંતિ કરી કે મહારાજ મારી પાસેથી પત્ર લઇને તો એક ગોખલામાં મૂકી દે છે, વાંચતા હોય તો ખબર નથી. પણ મારી રૂબરૂ તો વાંચતા નથી. આથી શ્રીહરિરાયજીએ વિચાર્યું કે નથી વાંચતા, પણ પત્ર એકતાળીસ થયા તે બહુજ છે. તેમાંનો એક પણ પત્ર વાંચશે તો સઘળું દુઃખ નિવૃત્ત થશે. આથી એકતાળીશ પત્રો થયા પછી શ્રીહરિરાયજીએ પત્ર લખ્યો નહિં. પછી કેટલેક દિવસે શ્રીગોપેશ્વરજીનાં વહુજી લીલામાં પધાર્યાં તેથી શ્રીગોપેશ્વરજીને બહુજ વિરહ થયો, ત્રણ દિવસ સુધી ભોજન ન કર્યું. બધા સમજાવીને થાક્યા પણ કોઈથી સમાધાન થયું નહિં, પોતે એમજ કહે કે હવે એકલાથી સેવા શી રીતે થશે? મારાથી સહાય વગર હવે સેવા નહિં થાય. ઘર છોડીને કોઈ પણ સ્થળે વનમાં જઈશ. ત્યારબાદ શ્રીહરિરાયજીના કૃપાપાત્ર સેવક એક હરજીવનદાસ હતા, તેના પર શ્રીગોપેશ્વરજી પણ બહુજ કૃપા રાખતા. તે વૈષ્ણવે શ્રીગોપેશ્વરજી પાસે આવીને બહુજ સમજાવીને વિનંતિ કરી પણ શ્રીગોપેશ્વરજીએ એક પણ વાત ન માન્યું, ત્યારે હરજીવનદાસ બોલ્યા કે જો આ વખતે શ્રીહરિરાયજી ઘેર હોત તો સમજાવત, બીજાનું ગજું નથી. પછી હરજીવનદાસે શ્રીગોપેશ્વરજીને વિનતિ કરી કે શ્રીહરિરાયજીનો કોઇ પત્ર આવ્યો છે? આ વખતે શ્રીગોપેશ્વરજીએ કહ્યું પહેલા તો બહુજ આવ્યા છે, તે ગોખલામાં રાખ્યા છે. પણ થોડા દિવસથી તો આવતા નથી. આ સાંભળીને ગોખલામાંથી ૪૧ પત્રો કાઢીને હરજીવનદાસે શ્રીગોપેશ્વરજી પાસે મૂકયા, અને વિનતિ કરી કે મહારાજ, એક પત્ર વાંચો તો ખરા! આ સાંભળી શ્રીગોશ્વરજીએ એક પત્ર શ્રીહસ્તકમળમાં લીધો, આ પત્ર ભગવદિચ્છાથી પહેલોજ પત્ર આવ્યો આ પત્ર વાંચતાંજ સઘળું

દુઃખ નિવૃત્ત થઈ ગયું. ભગવદ્‌ભાવ હૃદયમાં વધ્યો, આથી શ્રીગોપેશ્વરજીએ ઉઠીને હરજીવનદાસને પોતાના હૃદય સાથે ચાંપ્યા, અને કહ્યું કે તમે આવ્યા તો મેં **આ** શ્રીહરિરાયજીનો પત્ર વાંચ્યો, તેથી કરીને મારૂં સઘળું દુઃખ જતું રહ્યું ત્યારબાદ **શ્રી**ગોપેશ્વરજીએ એકતાળીસ શિક્ષાપત્રો બધાજ વાંચ્યા, એટલે હરજીવનદાસને શ્રીગોપેશ્વરજીએ કહ્યું કે આ શિક્ષાપત્રોની ટીકા હું કરૂં, પણ જો તમે મારી પાસે બેસો તો હું કરૂં. આ સાંભળી હરજીવનદાસે વિનતિ કરી કે મહારાજ, આથી રૂડું શું ? હું આપની પાસે બેસીશ. પણ આપ સ્નાન કરીને ભોજન કરો, સઘળા વૈષ્ણવો દુઃખી છે. આ સાંભળી **શ્રી**ગોપેશ્વરજીએ પ્રસન્ન થઈ સ્નાન કર્યું, અને પછી ભોજન કર્યું. આથી સઘળો વૈષ્ણવ સમાજ પ્રસન્ન થયો. બંધા સેવક વૈષ્ણવોને શાંતિ અને આનંદ થયો. પછી શ્રીહરજીવનદાસને પાસે બેસાડીને **શ્રી**ગોપેશ્વરજી ભાવમાં મગ્ન થઈ શ્રીઆચાર્યજી, શ્રીગુસાંઈજી, અને શ્રીહરિરાયજીનું સ્મરણ કરીને શિક્ષાપત્રોની ટીકા કરવા લાગ્યા.

ટીકાકાર શ્રીગોપેશ્વરજી મહારાજ મોટા ભાઈ શ્રીહરિરાયજીમાં તદ્રુપ બનીને આ ટીકા લખે છે. શ્રીહરિરાયજીને તો કોઈ પત્રમાં કોઇ કોઈ શ્લોક લખતાં દેહનું અનુસંધાન પણ નથી રહેતુ, આપ રસમગ્ન થઇ જાય છે. ઘણા પત્રોમાં આપે અમુક શ્લોક લખ્યા પછી તેની પછીનો શ્લોક ઘણી વારે લખ્યો હોય એમ લાગે છે. પોતાને તો રોમરોમમાં **શ્રી** મહાપ્રભુજી વગર બીજી બાબતની ખબરજ નથી. વારંવાર એમજ કહે છે કે, શ્રીમહાપ્રભુજીના યુગલચરણકમળનો દૃઢતાથી આશ્રય કરો, એ વગર બીજો ઉપાય જનજીવનની સફળતા માટે નથી. વારંવાર આવું આવે છે. તેથી કોઈને એમ થાય કે એકની એક બાબત વારંવાર કહેવાથી પિષ્ટપેષણ થાય, તે ઠીક નથી. પણ જે સ્થિતિમાં શ્રીહરિરાયજી લખે છે, તે સ્થિતિમાં બેસીને વાંચે તો ખબર પડે કે **શ્રી**હરિરાયજીની શ્રીમહાપ્રભુજીમાં કેટલી આસક્તિ છે. જેની જેમાં આસક્તી છે તેને તો પોતાની પ્રિય વસ્તુ સિવાય બીજું બોલવું, સાંભળવું નીરખવું, અને બીજું સેવવું જ ગમતું નથી પહેલી ક્ષણે લાવેલો આનંદ બીજજ ક્ષણે ભુલી જવાય છે, સ્નેહનો સ્વાદજ એ છે. **પોતાના પ્રિયતમના સંબંધ સિવાયની વાણી સાંભળવામાં સ્નેહી બહેરો છે, પોતાના પ્રિયતમ વગર બીજું નિરખવામાં તે આંધળો છે, પોતાના પ્રિયતમનાં ગુણગાન કે સંબંધ સિવાયનું બોલવામાં તે બોબડો છે, પોતાના પ્રિયતમના સ્વરૂપનો વિચાર કરવા સિવાયના વિચારમાં પ્રેમીનું હૃદય નિશ્ચેષ્ટ છે. સ્નેહીનેજ તેની ખબર છે.**

એક શ્રીમહાપ્રભુજીના અનુભવવાળી સ્ત્રીને મહાનુભાવી ઇચ્છારામ ભટજી તે બાઇને થયેલો અનુભવ પૂછે છે. તે સ્ત્રી કહે છે, તેમ તેમ ઇચ્છારામ ભટજી એની એ વાત વારંવાર પૂછે છે કારણ કે તેમાં સ્વાદ આવે છે. તે સ્ત્રીને સ્વપ્નદ્વારા શ્રીમહાપ્રભુજી સાથે વાતચીત થઇ છે, તેનો સ્વાદ તે બાઈની વાણીમાં જેમ સાકરની લ્હેર આવે તેમ આવે છે. તેથી વારંવાર તેનું આસ્વાદન કરવાને પૂછે છે. અહીં પણ શ્રીહરિરાયજીની આ જ સ્થિતિ છે વળી શિક્ષાપત્રમાં એકને એક પ્રકારના પુરાવા કે દાખલા ટીકાકાર શ્રીગોપેશ્વરજી પોતે આપે છે તેથી પણ કોઈને શંકા થવાનો સંભવ છે. પણ જ્યાં સુધી તે આપેલા દાખલા અનુભવમાં કે વર્તનમાં ન મુકાય ત્યાં સુધી તેનું મનન વારંવાર કર્યા કરવું જ જોઈએ. ષોડશગ્રંથોનો આપણે નિત્ય પાઠ શા માટે કરીએ છીએ ? એક દીવસ વાંચીને કેમ બંધ નથી કરતા ? એનુ એ વારંવાર રોજ વાંચતાં કંટાળો કેમ નથી આવતો ? વસ્તુ તાત્પર્ય એ છે કે એ ષોડશગ્રંથના અલૌકિક કાયદા જ્યાં સુધી સાક્ષાત આચારમાં ન મુકાય ત્યાં સુધી તેનો નિત્યપાઠ કરીએ તો આચારમાં ધીમે ધીમે મુકાઇ જાય. જીવનો સ્વભાવ દુષ્ટ છે આથી આચારમાં મુકયા પછી પણ કદાચ લૌકિક સ્વાર્થ કે માયાને લઈને કંઈ ગફલતમાં ન પડાય માટે પછી પણ તેનું મનન ચાલું રાખવું જોઇએ. પરંતુ શ્રીઠાકોરજીમાં અનન્ય આસક્તિ થતાં તેનું વાચન પણ છુટી જાય છે, કારણ કે વૃક્ષ મોટું થઈ

પોતાની મેળે પોષણ મેળવે છે, એટલે તેમે ઉપરથી જળસિંચનની જરૂર રહેતી નથી. અર્જુનને શ્રીકૃષ્ણ વારંવાર જુદી જુદી રીતે સમજાવે છે, અને શ્રીહરિરાયજીના શિક્ષાપત્રના પહેલા શ્લોકની પેઠે પ્રભુકહે છે કે **ગતાસૂનાગતાસૂંશ્ચ નાનુશોચંતિ પંડિતા: ।** જાય અને આવે તેનો પંડિતોને શોક થતોજ નથી. પરંતુ માયા એવી વસ્તુ છે કે પ્રભુના વચનોની અસર પણ નથી રહેતી, પણ જો વારંવાર તેનું મનન કરવામાં આવે, તેને ઘુંટવામાં આવે તો જરૂર આચારમાં મુકાઇ જાય. જીવ એવો સુધો નથી, કે એકજ તમાચે તેનુ વિમુખ મોં પ્રભુની સન્મુખ થઈ જાય. શ્રીકૃષ્ણ વારંવાર કહે છે કે હે અર્જુન, તુંતો નિમિત્ત છે, બધું કરાવનાર તો હુંજ છું. આમ છતાં વળી અશ્વમેધ યજ્ઞ વખતે અર્જુન જીતમાં મમતા કરે છે, ને મમતાને લીધે ઓતરે ઓતરે દિવસ તેનું શિર ધડથી જુદું પડે છે, મતલબ કે મમતાથી અર્જુન મરે છે શિક્ષાપત્ર તેથીજ શ્રીમહાપ્રભુજીના ચરણ કમળને આશ્રયે સર્વ સિદ્ધ થવાની વારંવાર શ્રદ્ધા આપે છે. જો હું કરૂં છું એવી મમતા આવી તો જીવ પડયોજ જાણવું જો આપણાથી સત્કાર્ય બનતું હોય તો પ્રભુ આપણને નિમિત્ત બનાવી કરે છે, માટે અનહદ દીનતા કરી ઉલટુ તેમાંજ ઉપકાર સાથે નિમમ રહેવું જોઈએ. આમજ દીનતા જળવાઇ રહે ને આનંદ મળે. શ્રીહરિરાયજીને હૃદયમાં પધરાવીને આ શિક્ષાપત્રોનું આપણે મનન કરીએ, તો આ ગ્રંથ જરૂર આપણને ફળરૂપ બની જાય. વાંચવાની ખાતર વાંચવો અને અનુભવની ખાતર વાંચવો તેમાં બહુ ફેર છે. અનુભવની ખાતર વાંચે છે તે તો આસકિતથી મનન પૂર્વક વાંચે છે, ને તે આચારમાં કેટલું ઉતાર્યું તેની પણ આત્મપરીક્ષા કરે છે

છેવટે મારી એટલીજ વિનંતિ છે કે આપણે રાત્રે પોતાના કુટુંબને એકત્રિત કરી આ શિક્ષાપત્ર વાંચવુ જોઈએ, ને તેથી પત્થર જેવું હૃદય હશે તો પણ જેમ કુવાના થાળાના કઠણ પત્થર ઉપર પણ રોજ રોજ દોરડું ઘસાતાં કાપા પડે છે, તેમ તેવા હૃદય પર પણ જરૂર અસર થયા વગર નહિંજ રહે. ઝાકળના બિંદુ જેવા નાશવાન જીવનને સાવધાનતાથી સાચવી સાચવીને પ્રભુમાંજ રોકી દેવું, એટલે જ્યારે ત્યારે તે જીવન પૂર્ણ થાય તો પણપૂર્ણ પુરુષોત્તમની પ્રાપ્તિમાં ખામી ન આવે. શ્રીમહાપ્રભુજીનો આજ સિદ્ધાંત છે. હવે આપણે થોડું ઘણું શિક્ષાપત્રોને પણ તપાસીએ.

## શિક્ષાપત્રોના સંબંધમાં કંઈક.

પહેલા શિક્ષાપત્રનો પહેલો શ્લોક જ એક જો આપણે સમજીએ તો તે સેવાના ફળરૂપ છે. શ્રીમહાપ્રભુજી હેમેશાં સ્વયં થોમાં માખણ જ પ્રથમ આપે છે, તેમ શ્રીહરિરાયજી પણ પુષ્ટિમાર્ગીય જીવનના માખણ રૂપ આ શ્લોક પ્રથમ જ આપે છે, તેમાં કહે છે કે જો જીવને ઉદ્વેગ થાય તો હંમેશાં માત્ર શ્રીકૃષ્ણનાં દર્શન માટેનોજ થવો જોઇએ. ઉદ્વેગ એટલે તાલાવેલી, જેમ લૌકિક એટલે પ્રવાહી જીવોને ધન વૈભવ તેમજ માયાની વસ્તુઓને મેળવવાની તાલાવેલી થાય છે. તેમાં તેને રાતદિવસ નિદ્રા પણ નથી આવતી, તેવી સ્થિતિ પ્રભુનાં દર્શન માટે પુષ્ટિભકતની જોઈએ. એથી ઉલટું લૌકિક કલેશની તો તેનામાં એક કણિકા પણ ન જોઈએ. સગાં સંબધીના દેહસંબંધના સંબંધ તો નાશવાનજ છે, એટલે તેના સંયોગ વિયોગે હરખ શોક ન થવો જોઇએ. જો લીલાપરત્વેના સંબંધ હોય, તો પણ પ્રભુને તે જીવને ભૂતળ પર રાખવો હોય ત્યાં સુધી રાખે ને પછી નિત્યલીલામાં લેવો હોય ત્યારે નિત્યલીલામાં લઈ લે. તેમાં હરખશોક શો ? આ શ્લોકો એમ કહે છે કે દર્શન માટે વિરહી કે દુ:ખી ભકત ક્રમ પ્રમાણે લીલાની ભાવના કરે ક્રમ એટલે ચોવીસ કલાકમાં પ્રભુ જે જે ક્ષણે જે જે લીલા કરતા હોય તે તે સમયે તે તે લીલાની ભાવના કરવી, એમ કહે છે જેમ આઠ સમયનાં દર્શન થાય છે, તેમાં તે તે સમયોની ભાવના ભિન્ન ભિન્ન હોય છે; તેમ આ પણ સમજવું. ગોચારણ માટે પ્રભુ પધારે, તે વખતે તેવી લીલામાં ચિત્તનો નિરોધ, ગાયો ચારીને પધારે ત્યારે તેવાં કીર્તનોની ભાવનામાં કે વિચારમાં નિરોધ, માન સમયે માનમાં નિરોધ, રાસના સમયે રાસમાં નિરોધ, આમ

પ્રભુની અનંતાનંત લીલાઓમાં ચિત્ત ક્ષણ ક્ષણમાં પરોવાઇ જાય. વળી સેવામાં સેવા પણ કરતો જાય, ને
સાનુભાવને માટે અશ્રુ પણ ખેરવતો જાય, તે સેવા ફલાત્મક કહેવાય. ભગવદીયો ગાય છે કે "નેનભર દેખો
નંદકુમાર" નેનભર એટલે આંખો ભરીને એટલે આંખોમાં અશ્રુ ભરીને, વિરહપૂર્વક દર્શન કરો. વિરહ
વગર દર્શનમાં સ્વાદ નહિ આવે. દર્શન કરતાં જો આનંદ થાય તો તે મર્યાદા દર્શન છે, કારણ કે મર્યાદા
ભક્તો જ માત્ર દર્શન કરીને રાજી થાય છે. જ્યારે પુષ્ટિભક્ત નર્યા દર્શનથી રાજી નથી થતો, પણ તે તો
પ્રભુરૂપ અલૌકિક ફળનો સાક્ષાત આસ્વાદ લેવાની વૃત્તિવાળો હોય છે. દર્શન થવા છતાં તેનો સાક્ષાત સ્વાદ
નથી મળતો, ત્યાં સુધી તેને ચેન નથી પડતું. નોકર એટલે મર્યાદ ભક્ત, તે તો માત્ર પ્રભુની મુલાકાત
લઇને રાજી થાય. પણ પુષ્ટિભક્ત તો રસિલી સ્નેહા રાણી છે, તે મુલાકાતે નહિ રાજી થાય પણ રાજાના
સ્વરૂપાનંદનીજ ઇચ્છા કરે. એકાંતિક મિલન માટે પણ તેને તો ખૂબ આર્તિ રહે પણ સર્વત્યાગ વગર
તેવા આનંદની પ્રાપ્તિ થતી નથી. જીવની સર્વ વસ્તુઓમાંથી પ્રીતિ ઘટીને માત્ર પ્રભુમાંજ તેની પ્રીતિ
ચોંટી જાય ત્યારેજ તેને પ્રભુનાં દર્શન ને મિલન માટેની આર્તિ થાય છે. લૌકિક એ પગમાં લોઢાની મજબુત
જંજીરો એટલે સાંકળો છે, તે છુટે ત્યારે કંઇક પ્રભુમાં પ્રીતિ થાય. વૈદિક છે તે સોનાની જંજીર છે,
સોનાની જંજીર જરા રૂપાળી દેખાય, પણ તે પણ બંધનરૂપ તો છેજ. પુષ્ટિભક્તને તો લોઢાની કે સોનાની
બેઉ જંજીરો દુઃખરૂપ છે, તેને તો પ્રભુના પ્રેમની મજબુત અનન્યાશ્રયરૂપ સાંકળ જોઈએ, કે જેથી લગાર પણ
પ્રભુથી દૂર ન જવાય. ભજન, કીર્તન, વાર્તા તેમજ સેવા સંબંધી એકેએક કાર્ય જો વિરહથી કરીએ તો
તે સર્વ ફળરૂપ છે, તેજ પુષ્ટિ છે. કીર્તન કરતાં તેવો અનુભવ થવાની તાલાવેલી થવી જોઇએ, ને તેવી
તાલાવેલી તાદૃશીય ભગવદીયના સંગથી થઈ શકે. શ્રીમહાપ્રભુજી પણ તાદૃશીય ભગવદીય સાથે નિવેદનનું
અનુસંધાન કરવાની આજ્ઞા આપે છે જેવો સંગ તેવો રંગ લાગે, સ્નેહીના સંગથી પ્રેમદેવ પ્રસન્ન થાય.
અલૌકિક ભાવવાળાના સંગથી અલૌકિક ભાવ અને વિરહ પ્રકટે છે લૌકિકમાં પણ કોઈ દુઃખીનું રુદન
આપણે સાંભળીએ તો આપણું હૃદય પીગળી જાય છે, તેમ અલૌકિકમાં પણ તેવા ભક્તોના સંગથી
વિરહની પ્રાપ્તિ થાય છે કર્મધર્મની વાતો કરનારા તો સેંકડો મળી આવશે, પણ પ્રભુને માટે રડનારા
કોટિમાં વિરલા છે. શ્રીહરિરાયજીને તેમનો સંગ નથી મળતો, તેથીજ વારંવાર કહે છે કે મને સત્સંગ
નથી. વળી આપણને ત્યાગ ભાવના નથી. આપણને ખ્યાલમાં પણ નથી તેવાં મમતાનાં ગુપ્ત બંધનો
આપણને ફરી વળ્યાં છે. જેનું સર્વસ્વ લુંટાઇ ગયું હોય તેવાને કદી પણ ઉંઘ નથી આવતી. પુષ્ટિભક્તનું
સર્વસ્વ ધન શ્રીઠાકોરજી, શરણ મંત્રમાં કહ્યા પ્રમાણે સહસ્ત્ર પરિવત્સરોથી લૂંટાઇ ગયુ છે, તો તેને કેમ
નિદ્રા આવે ? લૌકિક ધન ચોરાઈ જાય તો તેની પ્રાપ્તિ માટે આસમાન જમીન એક કરીએ છીએ, પણ
આ સાચું ધન શ્રીહરિ તેને માટે કશોજ પ્રયત્ન કે ચિંતા નથી પણ જીવને સાચું ધન શ્રીઠાકોરજીજ છે,
તેની ખાત્રી નથી. જો ખાત્રી હોય તો તેને તે ધનની પ્રાપ્તિ માટે આગ ઉઠવી જોઇએ, ચેન જ ન પડવું
જોઇએ. આ દુઃખ તે વિરહનું દુઃખ, ને તેવું દુઃખ થવાની સૂચના શ્રીહરિરાયજી પહેલા જ શ્લોકમાં કરે છે.

**બીજા શિક્ષાપત્રમાં** તે દુઃખ કેવા પ્રભુની પ્રાપ્તિ માટે થવું જોઇએ તે કહ્યું છે, તેમાં આસક્તિને
માટે "દિન દુલ્હે મેરો કુંવર કનાઇ" આ શ્રીયશોદાજીનાં વચન પ્રમાણે ઠાકોરજી દુલ્હે છે. શ્રુંગારાદિનું
વર્ણન આપો, તેવા પ્રભુનાં દર્શનની આર્તિ માટેની આજ્ઞા શ્રીહરિરાયજી કરે છે. આપણા પ્રભુ સાકાર
છે. પ્રભુ વરરાજા છે, વરરાજા આભૂષણ વગર લૌકિકમાં પણ ન શોભે, તો આ પ્રભુ અલૌકિક વરરાજા
પણ આભૂષણ વગર કેમ શોભે ? માટે આભૂષણ અને લીલાયુકત નામ સાથે શ્રીહરિરાયજી પ્રભુનું સ્વરૂપ
ઓળખાવે છે. લીલાયુકત નામ વાંચતાં કે વિચારતાં તે તે લીલાના અનુભવ માટેની આર્તિ થાય નામ-
લીલાપરત્વે તે તે લીલાનો આબેહુબ ચિતાર આપણી સમક્ષ ખડો થવો જોઇએ.

**ત્રીજા શિક્ષાપત્રમાં** શ્રીહરિરાયજી સત્સંગની આજ્ઞા કરે છે. અહંતા મમતાત્મક સંસાર છે. સત્સંગરૂપ પાત્રમાં રાખવાથી ભાવરૂપ અગ્નિવડે તેનો નાશ થાય છે, સંસાર એટલે અહંતા મમતા રૂપ સાપ છે, ને સત્સંગ એ જડીબુટ્ટી છે. તે સુંઘવાથી ઝેર ચઢતું નથી, પણ ઉલટું નાશ પામે છે, માટે હંમેશાં સત્સંગ કરવો. દુ:સંગ એ અહંતામમતા રૂપી ઝેર વધારનાર છે. શરીરમાં ઝેર ફેલાવનારી વસ્તુના સેવનથી જેમ પ્રાણ જાય છે, તેમ દુ:સંગથી અહંતામમતારૂપ નાગણીઓનું ઝેર અંગોઅંગમાં ફેલાઇ જાય છે. માટે તેનો ત્યાગ કરવો. જેના સંબંધથી આપણા ભાવનો ભંગ થાય તેને દુ:સંગ જાણવો, ને જેના સંબંધથી ભગવદ્‌ભાવમાં વૃદ્ધિ થાય, તેને સત્સંગ જાણવો.

**ચોથા શિક્ષાપત્રમાં** પ્રભુનું વિરૂદ્ધધર્માશ્રયત્વ બતાવે છે. પ્રભુના ધર્મો પ્રભુથી જુદા નથી, જેમ સાકરને અને ગળપણને આપણે જુદાં ન પાડી શકીએ, તેમ પ્રભુને અને પ્રભુના ધર્મોને આપણે કદી જુદાં ન પાડી શકીએ, પ્રભુ પાસે બે પ્રકારના ધર્મ છે. એક મર્યાદા ધર્મ ને બીજો પુષ્ટિધર્મ. મર્યાદા ધર્મ વડે પ્રભુ વિશ્વની મર્યાદાઓનું રક્ષણ કરે છે તથા સર્વનું પોષણ કરે છે, ત્યારે પ્રભુના પુષ્ટિધર્મો માત્ર ભક્તોનેજ આનંદ આપે છે તેને મર્યાદાના રક્ષણની બાબતની ખબરજ નથી જે ભક્ત એ પુષ્ટિધર્મસ્વરૂપમાં અનન્ય છે. તે ભક્ત પ્રભુને પણ અનન્ય છે તે લીલાત્મક પુરૂષોત્તમનું સ્વરૂપ છે કે જેમણે શ્રીગોપીજનોનેજ આનંદ આપ્યો. આજ સ્વરૂપ વ્રજભક્તોની ભાવનાનું છે, ને તેજ પુષ્ટિમાર્ગમાં સેવ્ય છે. આ પુષ્ટિધર્મવાળા પ્રભુની લીલાત્મક સામગ્રી પણ તેવી રસરૂપ છે, અને તેજ આ પુષ્ટિસૃષ્ટિ છે. માટે પુષ્ટિમાર્ગમાં આ રસરૂપ પુષ્ટિ પુરુષોત્તમજ સેવ્ય છે. તેજ સેવા શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરી છે, એવુ આ શિક્ષાપત્રમાં વિસ્તાર પૂર્વક બતાવવામાં આવ્યું છે. પ્રભુના મર્યાદા અને પુષ્ટિસ્વરૂપનુ વિરૂદ્ધધર્માશ્રયત્વ પણ આ શિક્ષાપત્રમાં બતાવ્યું છે. અભય છતાં ભક્તના પ્રેમને લીધે પોતાનામાં ભક્ત કરતાં વધુ મોટાઈ ન આવે તે માટે પ્રભુ બીએ છે, અથવા ભક્તને આનંદ આપવા માટે બીતા હોય તેવી ચેષ્ટાઓ કરે છે. પોતે મર્યાદા રીતે તો નિરપેક્ષ છે, પણ ભક્તના પ્રેમને લીધે ભક્તને ક્ષણે ક્ષણે મળવાની અપેક્ષા રાખે છે. અત્યંત ચતુર છતાં પ્રેમે આગળ જાણે કંઈ સમજતાજ ન હોય તેવા પ્રેમઘેલા બની જાય છે આત્મારામ છતાં ગોપીજનો પાસે દીનતા પૂર્વક રમવાની યાચના કરે છે. માન વિગેરેમાં અનહદ દીન બનીને કાલાવાલા કરે છે. નિષ્કામ છતાં ભક્તને મળવાની અનહદ કામના બતાવે છે, પોતે સ્વતંત્ર છતાં ભક્તના પ્રેમને લીધે ભક્તને આધીન બની જાય છે, ને ચોરની પેઠે કે ગુનેગારના પેઠે દોરડા વતી બંધાઈ જાય છે ભક્તાધીનત્વ ક્ષણે ક્ષણે બતાવે છે. આ પ્રમાણે આ ચોથા શિક્ષાપત્રમાં વિરૂદ્ધધર્માશ્રયત્વનો બોધ છે. આ શિક્ષાપત્ર સમજવાથી પ્રભુનાં મર્યાદા ને પુષ્ટિસ્વરૂપની સ્પષ્ટ સમજણ પડશે. અવા પ્રભુના સ્વરૂપ જ્ઞાન માટે શરણની બાબત પણ આમાં સ્પષ્ટ સમજાવી છે શ્રીમહાપ્રભુજીના ચરણકમળમાં આસક્તિ થાય તો તેવા સત્સંગની પણ સગવડ શ્રીમહાપ્રભુજી પોતે આપેજ તેવું પણ આ શિક્ષાપત્રમાં બતાવ્યું છે

**પાંચમાં શિક્ષાપત્રમાં** કહે છે, કે વિરહની ભાવના વગર ભજનાનંદનો સ્વાદ આવતો નથી. માટે વિરહાગ્નિ જોઈએ. એ અગ્નિનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીજ છે માટે શ્રીમહાપ્રભુજીમાં આસક્તિ વગર વિરહની પ્રાપ્તિ નથી, શીતળ ભાવવાળી સામગ્રી પ્રભુને નથી ગમતી, આપણા પ્રભુ શોખીન છે, એટલે ગરમાગરમ સામગ્રી આરોગે છે. ગરમાગરમ એટલે વિરહાગ્નિવાળી. ભક્તનાં અંગ તે પ્રભુને આરોગવાની સામગ્રી છે, માટે તે પણ પરિપક્વ હોય તોજ પ્રભુ આરોગે એટલે ભક્તનાં અંગોઅંગ વિરહથી ભરેલાં હોય તો ભક્તની દેહ અલૌકિક થાય, અને તે અલૌકિક દેહજ પ્રભુને ઉપયોગી છે તેનેજ તનુનવત્વ કહે છે. રોમરોમમાં આગના પ્રવેશ વગર સામગ્રી પક્વ થતી નથી. માટે પુષ્ટિમાર્ગમાં શિથિલ ભાવ ન જોઈએ, હમેશાં વિરહાર્તિજ જોઈએ. તેની પ્રાપ્તિ માત્ર શ્રીમહાપ્રભુજીનેજ આધીન છે માટે શ્રીમહાપ્રભુજીનો ★ દૃઢાશ્રય

રાખવો, એવું આ શિક્ષાપત્રમાં છે. દીનતાથીજ વિરહ થાય છે, માટે દીનતાને [illegible] પણ ન છોડવી. જેવી આર્તિ તેવુંજ ફળ પુષ્ટિમાર્ગમાં છે.

**છઠ્ઠા શિક્ષાપત્રમાં** શ્રીગોપેશ્વરજીના મનનું સમાધાન કરે છે, તેમાં પ્રભુના [illegible] પૂર્વકનાં વિશેષણો આપી સર્વે ભગવદિચ્છાથીજ થાય છે, જીવ તેમાં હર્ષ શોક કરે તે નકામું છે, પ્રભુ કોઈ જીવનો કોઈની સાથે કેવા પ્રકારનો ને ક્યાંસુધીનો સંબંધ છે તે જાણે છે, અને તે પ્રમાણેજ બધું બન્યા કરે છે. માટે પ્રભુની લીલા સમજી કંઈ ચિંતા ન કરવી. આ શિક્ષાપત્રમાં પ્રભુની ઇચ્છાના પ્રકાર પણ આપે છે. તેમાં પુષ્ટિમાર્ગમાં અંગીકાર તો મૂળની ઇચ્છા પ્રમાણે છે આમ સમજવાથી હૃદયનું સમાધાન થઈ જાય છે. જીવ માયાવી છે, તેથી જેમ બાળક સાપને રમકડું જાણીને રમવાનો પ્રયત્ન કરે છે, પણ માબાપ તેના હાથમાંથી સાપને મુકાવી દે છે, તેમ જીવ સ્વબુદ્ધિથી ઇષ્ટ અને અનિષ્ટ નથી જાણતો, તેથી પ્રભુ જેવી રીતે જીવનું હિત થાય તેવીજ રીતે કાર્ય કરે છે. માટે દરેક બાબતમાં સમતા રાખવી જોઈએ. બાળકની માફક અજ્ઞાનતાથી રડવું ન જોઈએ, જે પ્રભુ જીવ માત્રનું હિત કરે છે, તે શરણાગત ભક્તનું અહિત તો કરેજ કેમ, એવો દૃઢ વિશ્વાસ રાખવો. દરેક બાબતમાં પ્રભુનો ઉપકારજ માનવો. વળી મૂળની એટલે લીલાપરત્વેની ઇચ્છા પ્રમાણે પુષ્ટિમાર્ગમાં સર્વ કાર્યો થાય છે એવું ચોથા શ્લોકમાં લખ્યું છે, તે શ્લોક બહુજ ગૂઢ છે. એ શ્લોક જો આપણે સમજીએ તો વૈષ્ણવ માર્ગના કાર્યોમાં આપણે શુદ્ધાદ્વૈતની દૃષ્ટિએ જોવાની પણ ચાવી જડી જાય. તાદૃશીય ભક્તની ઇચ્છામાત્ર ભગવદિચ્છા છે, કારણ તેનું પ્રભુ સિવાય બીજી વસ્તુમાં તાનજ નથી. તેટલા માટેજ "કર્તા કારયિતા હરિઃ" આ સૂત્ર પ્રમાણે પ્રભુની ઇચ્છાજ દરેક કાર્યમાં વિચારવી.

**સતમા શિક્ષાપત્રમાં** લૌકિકાસક્તિ ન રાખતાં માત્ર પ્રભુની સેવામાં આસક્તિ રાખવાનું શ્રી હરિરાયજી કહે છે. સ્નેહી કોનું નામ ? પોતાના સ્નેહીને સુખ થાય તેવું વર્તે તેનું નામ સ્નેહી. પુષ્ટિભક્તના તો સ્નેહી કે પ્રિયતમ શ્રીઠાકોરજી છે, તો તે પ્રભુના સુખને માટેનું જ સદા હૃદયમાં મંથન થવું જોઈએ. સ્નેહી પોતાના પ્રિયતમને માટે સર્વસ્વ ત્યાગે. એટલે પુષ્ટિભક્ત પ્રભુનો સ્નેહી છે, તો પ્રભુના સુખને કે સેવાને માટે લૌકિક વૈદિકની પરવા વગર તેમાંજ મચ્યો રહે, એજ તેનું કર્તવ્ય છે. સ્નેહી એજ કે પોતાના પ્રિયતમને સુખ કરવા પ્રાણ પણ વહાલા ન કરે, તો પુષ્ટિભક્તે પણ પ્રભુના સુખને માટે પ્રાણ પણ વહાલા ન કરવા જોઈએ. હવે પ્રભુ શાથી સુખી થાય તે જીવ બુદ્ધિ જાણતી નથી, માત્ર તાદૃશીય ભગવદીય પ્રભુનું સુખ શામાં છે તે જાણે છે. તેથી શ્રીમહાપ્રભુજી તાદૃશીય ભગવદીય સાથે નિવેદનનું સ્મરણ કરવાનું કહે છે. તાદૃશીયની ટુંકમાં વ્યાખ્યા એજ કે જેના પર નજર પડતાં શ્રીઠાકોરજીજ યાદ આવે ને લૌકિક વૈદિક ભૂલી જવાય તે તાદૃશીય, આવા ભગવદીયનો સંગ હજારો કામ છોડીને દીનતાપૂર્વક કરવો, ને તે જે રીત બતાવે તે રીતે પ્રભુનું સેવાસ્મરણ કરવું. કદાચ તેવો સંગ ન મળે તો ગ્રંથોનું વાંચન મનન કરી તે પ્રમાણે વર્તન કરવું મહાનુભાવીઓની વાણી પણ મહાનુભાવીઓના સ્વરૂપ બરાબર છે. માટે ગ્રંથોના વાચન મનનથી સમજીને તે પ્રમાણે અનુભવમાં ઉતારવું એટલે જીવન સફળ થઈ જાય. વૈષ્ણવે હંમેશાં એકાદ વૈષ્ણવને પ્રસાદ લેવરાવીને મહાપ્રસાદ લેવો એવું કહેવાનું કારણ એ છે કે એ પ્રમાણે રોજ રોજ પ્રસાદ લેવરાવતાં કોઇ તેવા તાદૃશીય પણ મળી જાય તો કૃપા કરીને જીવને સ્વકર્તવ્યની સમજણ પાડે, ને કૃપા કરે તો કામ થઇ જાય. હજારો વર્ષનું કાર્ય ક્ષણના સત્સંગથી સરી જાય. માટે તદીયો સાથે મળીને ભગવદ્વાર્તા વિગેરે કરવાની આજ્ઞા આ શિક્ષાપત્રના પહેલા શ્લોકમાં છે. સેવામાં નિમગ્ન રહેનારા જીવનું લૌકિક વૈદિક તો પ્રભુ પોતે સિદ્ધ કરે છે, માટે પુષ્ટિભક્તે તો સેવાપરાયણજ રહેવું, આ કાળ મહા કરાળ છે, તેમાંથી બચવાને સેવા સિવાય બીજો ઉપાય નથી. આ બાબત શિક્ષાપત્રમાં છે. વળી

થાય તે દુઃસંગ, તે સર્વથા છોડી દેવો. વળી ચિંતાનો પણ લેશ ન જોઈએ ચિંતાથી પ્રભુને ભુલાય ને મોહ થાય. ચિંતા માત્ર પ્રભુનાં દર્શન માટે રાખવી, પણ તેને તો આર્ત્તિ કહે છે. તે હમેશાંજ રાખવી જોઈએ, લૌકિક ચિંતા ન જોઈએ.

દશમુ શિક્ષાપત્ર દીનતાની પ્રાપ્તિ કે મમતાના ત્યાગનાં લક્ષણ કે સ્થિતિ ગણાવે છે. જેમાં મમતા હોય તેનું પ્રભુ હરણ કરી માત્ર પોતાનામાં મમતા કરાવે છે. લૌકિકાસક્તિ છોડાવવા પ્રભુ લૌકિકમાં પીડા પણ આપે, કે તેથી લૌકિકમાંની પ્રીતિ છુટી જાય. શરીરની મમતા હોય તો શરીરને પીડા રોગાદિ ઉત્પન્ન કરી તેના પરની પણ મમતા છોડાવે છે. દીનતાની પ્રાપ્તિ માટે પ્રભુ એટલે સુધી કરે છે કે કોઈને નીતિની મમતા હોય તો તેની પાસે એવું વિચિત્ર કાર્ય કરાવી નીતિનું મમત્વ છોડાવી દીનતા પ્રાપ્ત કરાવે છે. કોઈ અનહદ આચારમાંજ મોહ રાખે ને પ્રેમ બીલકુલ ન હોય તો ભક્તના આચારની મમતા પણ પ્રભુ તજાવે છે. શરીરને એવી સ્થિતિમાં લાવી મૂકે કે આચારનું નામ નિશાન પણ ન જડે, ને એ રીતે દીનતા ને વિરહની પ્રાપ્તિ કરાવે. પોતાના સિવાય બીજી વસ્તુમાં સહેજ પણ મમતા રહે તે પ્રભુને ગમતું નથી, માટે પ્રભુ સિવાય બીજી બાબતની મમતા ન રાખવી. ને પ્રભુ પીડા વગેરે જે જે કરે છે તે દીનતાના દાન માટે કરે છે એમ સમજવું. ભગવદાશ્રયે રહી નિમિત્ત બનીને કાર્ય માત્ર સેવા ભાવે કરીએ તો પ્રભૂ પ્રસન્ન થઈ જાય, તે બાબત આમાં સમજાવી છે. પ્રભુ પરીક્ષા માટે પણ ગમેતેમ કરે, પણ અન્યાશ્રયની ગંધ પણ ન જોઈએ, એથી સર્વ નાશ થઈ જાય માટે દૃઢ આશ્રય અને વિશ્વાસ મુખ્ય વસ્તુ છે, તે આમાં દર્શાવ્યું છે.

અગિયારમા શિક્ષાપત્રમાં પ્રભુના ગુણગાન, વિરહની ભાવના, દીનતા અને ત્યાગ એ ચાર બાબતોનું નિરૂપણ છે. આ ચારની સિદ્ધિનું મૂળ શ્રીમહાપ્રભુજીના ચરણકમળમાં તન્મયતા છે, તે પહેલાજ શ્લોકમાં બતાવ્યું છે. આ શિક્ષાપત્રના બીજા શ્લોકમાં તો શ્રીહરિરાયજી હદ કરે છે, કહે છે કે શ્રીમહાપ્રભુજી સિવાય બીજાના ચરણારવિંદમાં આત્મકલ્યાણ છે, અથવા શ્રીમહાપ્રભુજીની બરાબર અન્ય વસ્તુ કોઈ પણ છે એવું કહેનારો અસુર છે. ખરેખર આ વસ્તુ શ્રીહરિરાયજી સ્વાનુભવે કહે છે. આનો અનુભવ પુષ્ટિભક્તોનેજ હોય છે. આવી અનન્યતા વગર વિરહ દુઃખની ભાવનાનો સંભવજ નથી. ગુણગાન એટલે પ્રભુ ગમે તેવી સ્થિતિમાં મૂકે પણ જીવ બુદ્ધિએ તેનો વિચાર ન કરતાં પ્રભુ સારૂંજ કરે છે એવો નિશ્ચય રાખી પ્રભુનો ઉપકાર માનવો તે ગુણ ગાન કહેવાય. સામાન્ય દૃષ્ટિએ દુઃખના ડુંગર દેખાય વા આસમાન તૂટી પડે, પણ પ્રભુનો તો ઉપકારજ માનવો. ગુણનાં વખાણ કરવાં તે ગુણગાન કહેવાય. લીલા ચિંતન એટલે ભક્તોને પ્રભુ જે સ્વરૂપાનુભવ અને લીલાનુભવ આપે છે તેનોજ વિચાર કરવો તે. આવા ચિંતન વગર વિરહની ભાવના થાય નહિ. દીનતાને માટે તો વારંવાર પહેલાં પણ કહેવાયું છે, પણ ત્યાગ વગર દીનતા નથી. શ્રીમહાપ્રભુજીનો આશ્રય ત્યાગજ છે. પોતે સાક્ષાત ત્યાગની મૂર્તિ છે. તેજ ત્યાગની બાબત આ શિક્ષાપત્રમાં છે. આનો છેલ્લા શ્લોકમાં ભગવાન વિદ્યાને કે જ્ઞાનને વશ નથી, માત્ર પ્રેમને વશ છે તે દાખલાથી વિવરણમાં સ્પષ્ટ બતાવે છે. જે ભક્તો સહજ ભાવે થઈ ગયા છે, તેઓએ ભગવત્કૃપા કે ગુરુદેવની કૃપા મેળવવા સિવાય બીજાં સાધન નથી કર્યાં. તેમણે માત્ર પ્રેમનીજ પ્રાપ્તિ કે વૃદ્ધિ માટે યત્ન કર્યો છે. જો વિદ્યાથી કે જ્ઞાનથી પ્રભુ પ્રાપ્તિ થતી હોય તો પોતાને જ્ઞાની માનનાર બધાનેજ પ્રભુ મળી જાય. પણ તેવું નથી. માટે પ્રેમની પ્રાપ્તિ માટે યત્ન કરવો.

બારમા શિક્ષાપત્રમાં શ્રીસ્વામિનીજી વિયોગમાં કૃષ્ણપ્રેમામૃતમાં જે ભાવના કરેલી છે, તેવી ભાવના રાત દિવસ કરવી તે બતાવ્યું છે. આમાં શ્રીસ્વામિનીજીએ જે અનુભવ સંયોગમાં લીધા છે, તે બધા આનંદ રસનું સ્વરૂપ ધારણ કરી રૂવે રૂવે બિરાજી ગયા છે તે નામ કહેવામાં આવ્યાં છે. વળી સ્વરૂપાંગનું વર્ણન

સ્પષ્ટ રીતે સંબોધન પૂર્વક આપવામાં આવ્યું છે. તે તે નામના અનુભવની અભિલાષા આ શિક્ષાપત્ર … તેવી તાલાવેલી થાય તોજ કાર્ય સિદ્ધ થાય આમાં જ્યાં જ્યાં 'હા' શબ્દ વાપરવામાં આવ્યો છે, … ની ભાવના છે. હાયની વરાળની અગ્નિથી પ્રભુ ભક્તને આધીન થઇ રહે છે.

તેરમા શિક્ષાપત્રમાં ચિત્તનો નિરોધ પ્રભુના ચરિત્રો વડે કરવો તે બતાવ્યું છે. તેમાં કાળદોષ … દુઃસંગ દોષો બાધક છે તે પણ સ્પષ્ટ બતાવે છે. વળી આ કાળ આવો છતાં … પ્રભુજીને શરણે આવે છે તેને બાધા નથી કરતો તે પહેલાજ શ્લોકમાં બતાવે છે. … સત્સંગ તો શોધ્યો પણ નથી જડતો, ને દુઃસંગ તો વગર બોલાવ્યે પાછળ પાછળ ફરે છે; … અથવા દીનતાની ભાવના કરવી તેવું બતાવે છે. આ શિક્ષાપત્રમાં પણ શ્રીહરિરાયજી પાછળથી … શ્લોકથી રસાવેશમાં નિમગ્ન થઇ જાય છે, ને વિરહની ભાવનામાં નામ જપે છે. આવાં શિક્ષાપત્રો … શ્રીહરિરાયજીની સ્થિતિમાં મુકાઈ જઈને વાંચીએ તો તેજ આનંદ અને અનુભવ આપણને મળે. છેલ્લા … તદ્દન નિઃસાધન બની જઇ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળજ મારું શરણ સ્થાન છે એમ બોલી વિશ્વાસ … કરે છે

ચૌદમા શિક્ષાપત્રમાં અન્યાશ્રય અને દુઃસંગનો ત્યાગ કરવાનું કહે છે, વળી હમેશાં નિવેદનનું … ચિંતન તાદૃશીય ભગવદીયો સાથે કરવાનું કહે છે, તાદૃશી એટલે વિરહી કે પ્રેમી.

પંદરમા શિક્ષાપત્રમાં લીલાના અનુસંધાનપૂર્વક પ્રભુનું સ્મરણ કરવું તે બતાવે છે. મતલબ કે … જે જે નામ હોય તે તે નામની લીલાનું મનન ને ભાવના કરવી જોઈએ અષ્ટાક્ષર જપતા પણ … સ્વરૂપોની લીલાઓની ભાવના કરવી જોઈએ, એથીજ નિરોધ થાય. તેને માટેજ ભગવદીયનો સંગ … તેવો નિવેદનનું અનુસંધાન છે. તેવાં સ્મરણ અને તેવો સત્સંગ પણ શ્રીમહાપ્રભુજીની કૃપા વડેજ … છે, માટે તેમની કૃપા મેળવવાની રીત પણ આમાં બતાવી છે.

સોળમા શિક્ષાપત્રમાં જે રાત દિવસ સેવા સ્મરણ અને કીર્તન પ્રેમપૂર્વક કરે તેનોજ નિરોધ … બતાવ્યું છે પ્રભુ શ્રીમહાપ્રભુજીના દૃઢાશ્રિત ભક્તોના હૃદયમાં બિરાજે છે. પ્રભુનું રસાત્મક સ્વરૂપ … ના રસિક ભક્તો પાસે છે. માટે તેમનો સંગ કરવો એવું શ્રીગોકુલેશ પણ કહે છે. તેજ વાત આ … પત્રમાં પહેલા શ્લોકમાં શ્રીહરિરાયજી બતાવે છે. આ સમયે શ્રીમહાપ્રભુજીના ચરણકમળ વગર બીજું … સાધન મારી પાસે નથી, એ પણ શ્રીહરિરાયજી બતાવે છે. ત્યારબાદ શ્રીહરિરાયજી નિઃસાધનતાની … માં મગ્ન થઈ જાય છે.

સત્તરમા શિક્ષાપત્રમાં ત્યાગની બાબત છે. શ્રીમહાપ્રભુજીનો આશય તો ત્યાગજ છે, ત્યાગ એટલે … વૈદિકમાંની આસક્તિ કે પ્રીતિ છોડી ગદાધરદાસજી તથા પદ્મનાભદાસજીની માફક અવ્યાવૃત્તિથી … ભજવા, આવું ન બને તો પ્રભુને લેખે વ્યાવૃત્તિ; વગેરે કરવુ, કે જેથી અનર્થ ન થાય.

અઢારમા શિક્ષાપત્રમાં માત્ર ઉદર પોષણનુંજ કાર્ય ન કરતાં વિરહની સ્ફુર્તિ રાખવી. અને … વિરક્ત જે સૃષ્ટિ તેના તરફ તદ્દન ઉદાસીન રહેવું. વિરહ વગર સેવામાં કે ભજનમાં કેવો સ્વાદ છે … ખબર નથી પડતી.

ઓગણીસમા શિક્ષાપત્રમાં કળિકાળના પ્રભાવની બાબત છે, કળિકાળ મહા કરાળ છે, પણ … શ્રીમહાપ્રભુજીના યુગલ ચરણકમળનો આશ્રય કરે છે, તેને બાધ નથી કરતો ભક્તને કલિ એટલે કળિ- … યુગ આ નથી, કલિ એટલે આ યુગજ સચ્ચિદાનંદમાં લીન કરનાર છે (ક સચ્ચિદાનંદ: લિ–લીન …) પણ શ્રીમહાપ્રભુજીનો દૃઢાશ્રય અને સત્સંગ સદાજ રાખવો જોઈએ.

વીસમા શિક્ષાપત્રમાં પૂર્વે અનંત જન્મો થઈ ગયા છે તે જન્મોના દોષોથી શરણાગતિ થાય … ચિંતા ન રાખવી, કારણ કે બ્રહ્મસંબંધ વખતે તે દોષે પણ સર્વ સમર્પણ કર્યાં એટલે જીવ નિર્દોષ

અને નિર્ગુણ બન્યો. પછીથી દોષ ન થાય તે માટે સાવધાન રહેવું. દોષ એટલે પ્રભુથી દૂર જવું તે. મા હમેશાં પુષ્ટિભક્તની સાથે વિવેકનો વિચાર કરવો. ગમે તેવો પાપી હોય પણ પ્રભુનો આશ્રય કરે તો તે પવિત્ર થઈ જાય છે. માટે દૃઢાશ્રયજ મુખ્ય વસ્તુ છે.

**એકવિશમા શિક્ષાપત્રમાં** લૌકિક વ્યાવૃત્તિનો ત્યાગ કરીને પણ સેવા કરવી. જો દૃઢ વિશ્વાસ હશે તો લૌકિક અને વૈદિક પણ પ્રભુ ગમે તે રીતે સિદ્ધ કરશે, માટે ભગવદીયને તો સેવા ને સત્સંગમાંજ પ્રીતિ રાખવી તે બતાવ્યું છે. આઠે પહોર ભાવમાં મગ્ન રહે તો ફળ સિદ્ધ થાય.

**બાવીસમામાં** ભાવજ મુખ્ય વસ્તુ છે. શ્રીકૃષ્ણની સેવાજ સાધન અને ફળ બેઉ છે. મર્યાદામાર્ગની પેઠે સાધન અને ફળ જુદાં જુદાં નથી, પણ અહીં એકજ છે. ભાવપૂર્વક સેવા કરે તેને આ ખબર પડે, તેમજ સત્સંગથી પણ ખબર પડે તે દર્શાવ્યું છે. **તેવીસમામાં** લૌકિક દુઃખ મનમાં ન લાવવું. અરે લૌકિક સુખદુઃખની તો ભક્તને ખબરજ ન પડવી જોઈએ એમ કહે છે. તેને માટે ભગવદ્ધર્મનું સદાજ આચરણ કરવું. **ચોવીસમામાં** બધાનું મૂળ પ્રભુની કૃપાજ છે. જીવનાં સાધનોથી કશુંજ નહિ થાય, માત્ર જીવે તો દીનતાપૂર્વક સાધન કર્યા કરવા તે બતાવ્યું છે. **પચીસમા શિક્ષાપત્રમાં** ગીતાનો નિષ્કર્ષ બતાવી માત્ર પ્રેમજ મુખ્ય વસ્તુ છે, તે દર્શાવે છે. **છવીસમા શિક્ષાપત્રમાં** દુઃસંગથી ખૂબજ ડરતા રહેવું તે બહુ વિસ્તાર પૂર્વક સમજાવ્યું છે. પ્રભુ હમેશાં માતાપિતાની પેઠે પોષણનું રક્ષણ કરે છે, માટે પૂર્ણ વિશ્વાસ રાખવો તે બતાવી કહે છે કે અવિશ્વાસથી ગમે તેવી સ્થિતિમાં પણ દુઃસંગ ન થવા દેવો. **સત્તાવીસમામાં** પ્રભુને ભુલાવનારા દોષો સ્પષ્ટ દર્શાવ્યા છે. આ શિક્ષાપત્રમાં વાંચવાથી ભક્તને પોતાના દોષોની સમજણ પડી જાય છે, ને તેથી તેને શોધીને દૂર કરવાનું બતાવ્યું છે. **અઠ્ઠાવીસમામાં** દીનતાની ભાવના છે, તે દીનતાનું મૂળ શ્રીમહાપ્રભુજીનો દૃઢાશ્રય છે તે દર્શાવે છે. પોતાના દોષોની ભાવના કરવાથી પણ દીનતા આવે માટે દોષોનો વિચાર કરી તેને તજી દેવા. આ શિક્ષાપત્ર લખતાં શ્રીહરિરાયજી મહા ચિંતામાં ડુબી જાય છે ને પછી ચોવીસમા શ્લોકમાં વિરહની ભાવનામાં લીન થઈ જાય છે. અને રસમગ્ન થઈ જવાથી તેજ શ્લોકથી પત્ર પૂર્ણ થઈ જાય છે. **ઓગણત્રીસમામાં** કાળ બળ બતાવે છે ને ત્યાં બચવાના ઉપાય દર્શાવે છે. **ત્રીસમામાં** કૃષ્ણાશ્રયનું સ્પષ્ટીકરણ છે એમ કહીએ તો ચાલે. જો સાધન શુદ્ધ હોય તો પ્રભુ સંબંધી દૃઢતા પ્રાપ્ત થાય ને સેવાની સિદ્ધિ થાય. કાળથી બચવાના અને છ સાધનોની સિદ્ધિના ઉપાયો આ શિક્ષાપત્રમાં દર્શાવ્યા છે. **એકત્રીસમામાં** પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારનાં વરણ દર્શાવ્યાં છે. લીલાસ્થિત ભક્તોમાં સાક્ષાત અને બીજાઓમાં પરંપરાથી વરણ છે. **બત્રીસમામાં** કામાદિક દોષોથી આવૃત હૃદયમાં પ્રભુનો આવેશ નથી થતો તે તથા માત્ર દીનતાવાળા હૃદયમાંજ પ્રભુનો આવેશ થાય છે તે બહુ સ્પષ્ટ રીતે વર્ણન છે. **તેત્રીસમામાં** સર્વદા શ્રીહરિ પ્રકટ છે માટે દૃષ્ટાંતો માટે યત્નથી અવલોકન કરવું તે દર્શાવ્યું છે. **ચોત્રીસમામાં** શ્રીકૃષ્ણજ સેવ્ય છે, તે પ્રભુની પ્રાપ્તિ માટે શ્રીમહાપ્રભુજીનો સ્નેહપૂર્વક દૃઢાશ્રય કરવો તે બતાવ્યું છે. **પાંત્રીસમામાં** દુઃસંગના ત્યાગનું સ્પષ્ટીકરણ છે. આ શિક્ષાપત્રનું મનન કરી દુઃસંગોનો ત્યાગ કરવો, જેથી ભાવ જળવાઈ રહે. દુઃસંગને તક્ષક નાગ જાણવો કારણ કે એથી જીવનો નાશ થાય છે. ભાવનો ભંગ થવો એજ ભક્તનો નાશ છે, માટે દુઃસંગ તજવો. દુઃસંગથી ભાવનો નાશ થાય. **છત્રીસમામાં** ચિંતાનો ત્યાગ કરવાનું કહે છે, કારણ કે ચિંતાવાળા હૃદયમાં પ્રભુ ન પધારે. માટે ચિંતાના ત્યાગ માટે નવરત્નનો પાઠ કરવો, અને વિવેકનું સ્મરણ કરવું, એટલે ચિંતા દૂર થાય. **સાડત્રીસમામાં** નિઃસાધનતાની ભાવના રાખવાનું કહે છે. નિઃસાધન ભક્તનેજ પ્રભુ દાન કરે છે. તેને માટે પોતાની દશા વિચારી દીનતા રાખવી આ વસ્તુ શિક્ષાપત્રમાં બહુજ સ્પષ્ટ છે. **આડત્રીસમું શિક્ષાપત્ર** બહુજ ગૂઢ છે, તે સમજવું બહુજ કઠણ છે. તેમાં પ્રભુનાં વિવિધ સ્વરૂપ આપ્યાં છે, તેમાં પુષ્ટિમાર્ગીય સેવ્ય સ્વરૂપ તો વેદાતીત પુષ્ટિ પુરુષોત્તમ છે, તે બતાવે છે. ધર્મ સ્વરૂપ

[illegible]માં સેવ્ય નથી, પણ ધર્મિ સ્વરૂપ સેવ્ય છે ધર્મિ એટલે વ્રજભક્તોનું ભાવાત્મક સ્વરૂપ, કે જેનું [illegible]ને રસાનંદનું દાન કરવા સિવાય બીજું કાર્યજ નથી. નિર્ગુણ પ્રભુનો અર્થજ ધર્મિ સ્વરૂપ છે. ધર્મ [illegible]ને સેવનાર ઈશ્વર ભાવે અને ધર્મિ સ્વરૂપને સેવનાર પતિભાવે કે બાલભાવે પ્રભુને સેવે છે. પુષ્ટિ-[illegible] તેજ સેવા પ્રકટ છે **ઓગણચાળીસમા શિક્ષાપત્રમાં** વૈષ્ણવની સેવા તે પણ પ્રભુની સેવા છે [illegible] વૈષ્ણવો સાથે નિવેદનનું અનુસંધાન કરવું તે દર્શાવ્યું છે. વળી કહે છે કે જે પ્રભુની સેવા કરે છે તેજ [illegible]ન છે, બીજો કોઈ નહિં. ચાળીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી સર્વ રીતે નિઃસાધન બની જાય છે.

આ શિક્ષાપત્રમાં **શ્રીહરિરાયજીએ** પોતાને માટે જે શબ્દો વાપર્યા છે તે વાંચતાં હૃદયમાં અગ્નિ ઉઠે [illegible] આવી દીનતા, આવો વિરહ, અને અવા અનુભવ છતાં પોતે કહે છે કે હુ પાખંડીઓનો **અધ્યક્ષ છું,** [illegible] પ્રભુ મારી ઉપેક્ષા કરે છે વૈષ્ણવોએ પણ મને તજી દીધો છે, જાણે અરણ્યમાં ભુલો પડયો હોઉં [illegible] કોઈ રસ્તો બતાવનાર ન મળે તેવી દશા મારી છે; એમ કહે છે ઘરની તો પોતાને ભાગ્યેજ કોઇ વાર [illegible] આવે છે, તો પણ કહે છે કે હુ ઘરમાં આસક્ત છુ. પોતાને પૂર્વેના પિતૃચરણો યાદ આવતાં કહે [illegible] કે હું નિર્ભાગી છું કે તે બધા મને મુકીને ચાલ્યા ગયા વળી દીનતા હોય તો પ્રભુ સંતોષ પામે, પણ [illegible] ગુરુ થઈ બેઠો છું મોટાઇ મળી છે એટલે દીનતાનું તો બીજ પણ ક્યાંથી હોય? ઉલટું હું મને [illegible] ધર્માત્મા માની ફુલ્યો ફરૂં છું, તેથી શું સિદ્ધ થવાનું છે? તેરમાં શ્લોકમાં તો શ્રીહરિરાયજી દીનતાના [illegible]રે પહોંચી જાય છે. પોતાને મૂર્ખાધીશનુ વિશેષણ આપે છે! અહીં આપણે વિચારવાનું કે શ્રીહરિરાયજી [illegible]ને મૂર્ખાધીશ માને છે તો આપણે જીવ કેવા ગણાઇએ? આપણે તો મોટા જ્ઞાની બનીને ફરીએ છીએ, [illegible]ની શી ગતિ? શ્રીગોકુલેશને એક દિવસ એક ભગવદીયે ગદ્ગદ કંઠે કહ્યું કે રાજ! આપ તો પતિત પાવન છો. [illegible] સાંભળી શ્રીગોકુલેશ બોલ્યા કે, પણ કોઇ પતિત તો જોઇએ? કહેવાની મતલબ એ કે દુનીઆમાં કોઈ જીવ [illegible]ને પતિત નથી માનતો. આપણને કોઈ પાપી કહે તો લડવા દોડીએ, પણ જો આપણે [illegible]ને હૃદયથી પાપી માનતા હોઇએ તો એમજ માનીએ, કે પાપી છું. ને પાપી કહે છે, તેમાં [illegible] શું? શ્રી હરિરાયજી ને શ્રી પુરૂષોત્તમજી ના મેળાપમાં એ વાત સ્પષ્ટ છે. આમ દીનતા [illegible] કરતાં શ્રીહરિરાયજી રસમગ્ન થઈ જાય છે, ને પરદેશ હોવાથી એકદમ વ્રજલીલાનો અનુભવ યાદ [illegible] વિરહ સાગરમાં ડુબી જાય છે, ને ક્યાં વ્રજભૂમિ? ક્યાં શ્રીકૃષ્ણના ચરણારવિંદ? ક્યાં શ્રીગિરિ-[illegible]? ક્યાં વેણુરવ? વિગેરે વ્રજની લીલા સામગ્રીના વિચારમાં આપ તદ્રૂપ બની ગયા છે. **શ્રીમહાપ્રભુ-**[illegible] આવી આસક્તિ છતાં વળી વીસમા શ્લોકમાં તો કહે છે કે મને **શ્રીમહપ્રભુજીનો દ્રઢાશ્રય પણ નથી,** [illegible] બધી દીનતા? જીવ બુદ્ધિથી આ દશાનું માપ કાઢી શકાય ખરૂં? આવી રીતે સદા રસમગ્ન છતાં [illegible]સમા શ્લોકમાં કહે છે કે હું વિષયાભિનિવેશી છું જેનામાં વિષયની કણિકા પણ શોધી ન જડે તે [illegible] બોલે છે, ને આપણે તો તદ્દન નિર્વિષયી બનીને બ્રહ્મચારી હોઇએ તેમ ફરીએ છીએ ને આખી [illegible]ને વિષયી ગણીએ છીએ. આ આપણી અધમતા ઓછી કહેવાય? અહીં તો કોઇ પણ ઇંદ્રિય કે [illegible] એક ક્ષણ પણ પ્રભુથી દૂર જાય તે તેનો વ્યભિચાર છે. આપણામાં તો વૈષ્ણવતા પણ નથી. વૈષ્ણવની [illegible] એજ કે તે કોઇનું બુરૂં નહિં બોલે

મોટાઓએ જગતને જે પાઠો ભણાવ્યા છે તે પોતાની જાત પરથી ભણાવ્યા છે. શ્રીહરિરાયજી [illegible] આપે છે તે પોતાની જાતપર લઈને આપે છે. પોતે સર્વ રીતે પવિત્ર છતાં પોતની જાતપરજ [illegible] જીવને શિખવે છે. ચતુર સાસુ વહુને શિખામણ આપવી હોય તો દીકરીને બાને બોલે છે. કહે [illegible]ને એટલે વહુજ સમજીજ જાય કે આ મનેજ કહે છે મૂર્ખ એટલે મૂળમાંજ તદ્દન લુકખા, સ્નેહ [illegible] હોય તે પોતે પોતાને પવિત્ર મનાવી જગતના ચોપડા ઉકેલવા બેસે છે. કારણકે તે જગતને લીલા-[illegible] રૂપે ન જોતાં દ્વૈતભાવેજ જુએ છે આપણી આવી રીતની વૃત્તિ હોવાથી આપણે તૂટી મરીએ

છીએ, પણ કશી અસર નથી જ્યારે પહેલાંના દીન ભગવદીયો શાન્તિથી કામ કરતા, તો પણ સંપ્રદાયને સૂર્ય જેવો દીપાવતા, ને તેમના સંગથી હજારો લોકો વૈષ્ણવ થતા. જ્યારે આપણા કાર્યોથી ઉલટ વૈષ્ણવોનેજ સંપ્રદાય પર અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે. જે વૈષ્ણવ હશે તે તો મમતાનો શબ્દ પણ નહિં બોલે બીજાનો એક શબ્દ પણ ઘસાતો નહિં બોલે, સદાજ દીનતાથી ભરેલો રહેશે. જે બીજાની નિંદા કરે છે. બીજાનું ઘસાતું બોલે છે, પોતાને સર્વ રીતે ઉત્તમ માને છે તે પોતેજ માયાવાદી છે બ્રહ્મવાદનું તત્ત્વજ્ઞાન અસાધારણ છે. સેંકડો ગ્રંથો ભણવા છતાં શ્રીમહાપ્રભુજીની કૃપા વગર તે આચારમાં ઉતરવું મહા કઠણ છે. શ્રીહરિરાયજીએ ભાવ અને વિરહપૂર્વક સેવા કરી છે, છતાં તેવીસમાં શ્લોકમાં કહે છે કે હું જાણે તદ્દન ઇંદ્રિયો વગરનો છું. સત્સંગની અસર નથી થતી તેથી બહેરોજ છું. જીભ છતાં સદા પ્રભુનું નામ નથી લેવાતું તેથી હું મુંગોજ છું. આપને રાત દિવસ ભગવદ્ધર્મનીજ કામના છતાં ચોવીસમા શ્લોકમાં કહે છે કે હું કામી છું, આ શિક્ષાપત્રની સમાલોચના શી રીતે કરવી? વાંચતાં હૃદય રડવા લાગે છે, આંખો ક્ષણે ક્ષણે ભરાઈ આવે છે, કે આપણી જીવની શી ગતિ? શ્રીહરિરાયજી માં આવી દીનતા છે, તેવા દીનભક્તનો સત્સંગ પોતાને નથી તેથી વધારે દીનતા આવે છે. પોતે વૈષ્ણવોના અપરાધ જોતા નથી, પણ સહન કરે છે, એજ આપશ્રીનું ઇશ્વરત્વ છે. તાદ્રશીય તેનેજ કહેવાય કે જેની દ્રષ્ટિ પ્રભુના જેવી હોય.

દરેકે પોતાના આત્મકલ્યાણની દિશા ગ્રહણ કરવી, એટલે તેના ઓજસો સેંકડોનાં કલ્યાણ કરી નાંખશે, શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત આજ છે. એટલો સુંદર માર્ગ છે કે જેને આચારતાં સહેજ પણ જીવનમાં આવે તો તેનું કામ થઈ જાય. આપણને ભગવદીયો કહે છે કે "કલિયુગ સત્યયુગતેં અધિક હૈ," પણ આપણને તેનો સ્વાદ નથી. આપણાથી ક એટલે આનંદ અને લિ એટલે લીન થવુ તે, આવું આપણાથી નહિ બનવાનું પણ કલિ એટલે કલહમાંજ જીવન ગાળવાના. હૃદયમાં કોઇ પ્રકારની દીનતા તો શોધીએ ન જડે! છેવટે શ્રીહરિરાયજી જે પોતાને સેવામાં કે ભાવમાં સહાયક છે, તેમની પ્રશંસા કરાવીને પણ તેમને પોતાની પાસે રાખવાનો પ્રયત્ન કરે છે તેમના અપરાધને મનમાં નથી લાવતા. શ્રીવલ્લભકુળ ઇશ્વરીકુળ છે, તેનો આવો અનુભવ આજે પણ આપણે જોઇએ છીએ. જીવના અપરાધ સામે એ શ્રી મહાપ્રભુજીનાં વિવિધ સ્વરૂપો નથીજ જોતાં. પ્રાકૃત દ્રષ્ટિવાળા ગમે તેમ કહે, પણ આજ ઇશ્વરી કુળની મહત્તા છે. તે કુળ ઇશ્વરી છે તેના આ પુરાવા છે, સેવા સિવાય અન્ય કર્તવ્ય એ પ્રભુની વિભૂતિઓને નથી. લૌકિક પંચાતોમાં કે કશમાં તેમને સ્વાદ નથી. આત્મકલ્યાણ સિવાય બીજી દિશા એ સ્વરૂપોની નથી જીવ બુદ્ધિએ કે તર્કથી આ નહિ સમજાય, આ સમજવાને ઉત્તમ દ્રષ્ટિ જોઈએ. **એકતાળીસમા શિક્ષાપત્રમાં** લૌકિક વહેવાર ન ચાલ્યે જરૂર જેટલોજ રાખવો એ સ્પષ્ટ દર્શાવે છે. છેલ્લે ભાવ સ્વરૂપનું નિરૂપણ છે, તે સંબંધમાં તો અંદર લખ્યા કરતાં વિશેષ શું બોલવુ? છેવટે અનન્યાશ્રયની બાબત છે કે જે આમાં વારંવાર આવી છે તે જોઇએ, દ્રઢાશ્રય કોનું નામ? શૂરાતન કોનું નામ? **જેમ કમળમાં લીન થએલા ભમરને ડરાવવાને કમળની આજુ બાજુ હજારો દેડકાં ડરાઉં ડરાઉં કરતાં હોય પણ ભમર પોતાની પ્રિય વસ્તુને ન છોડતાં મસ્ત બનીને રસ ચૂસે છે, તેમ શ્રીમહાપ્રભુજીના યુગલચરણકમળમાં ચિત્ત રાખી ગમે તેટલા દેડકાં ડરાઉં ડરઉં કરે પણ આશ્રય ન છુટે તે અનન્યાશ્રય છે.**

છેવટે મારી વિનંતિ એટલીજ છે કે આ શિક્ષાપત્ર વાંચતાં જ્યાં જ્યાં આનંદ થાય વા રસ પડે ત્યાં ત્યાં પ્રભુની કૃત સમજવી, અને જ્યાં રસાભાસ થાય ત્યાં આ પામર જીવની કૃતિ સમજવી અને તેવે સ્થાને ઉદારતાથી આ સેવક તરફ ક્ષમા દ્રષ્ટિ ફેંકવી. વિશેષ શું યાચી શકુ? હું તો સ્વાર્થ સાધુ છું, શિક્ષાપત્ર તૈયાર થતાં સુધીમાં અનેક વખત મારી દ્રષ્ટિ તેમા પડે એટલે તેની કંઇક પણ અસર આ પત્થર જેવા પામર હૃદય પર થાય એજ આશા આ કાર્યમાં છે. વળી વૈષ્ણવ બંધુઓ વાંચતાં આ સેવકને યાદ કરશે એ ભાગ્ય પણ ઓછું ન કહેવાય!

**—દિનકિંકર.**

## શિક્ષાપત્રકાર શ્રીમદ્ ગોસ્વામી શ્રીહરિરાયજીનુ ચમત્કારી અને દિવ્ય

# જીવન વૃત્તાંત.

### ⊛ શ્રીમહાપ્રભુજી ⊛

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ॥
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥१॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ॥
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥२॥

**અર્થ**–હે ભારત, જ્યારે જ્યારે ધર્મની ગ્લાની (પડતી) થાય છે, અને અધર્મ પ્રવર્તે ત્યારે હું પોતે પ્રગટ થાઉં છું. સાધુઓનું રક્ષણ કરવા માટે અને દુષ્કર્મ કરનારાઓનો નાશ કરવાના માટે તથા ધર્મનું સંસ્થાપન કરવા માટે હું પોતે યુગે યુગે પ્રગટ થાઉં છું.

શ્રીગીતાજીના આ કથન પ્રમાણે આર્યભૂમિને હિંદુધર્મના વિરોધીઓના ત્રાસમાંથી મુક્ત કરવા અને મતમતાંતરને લઈને સર્વદિશામાં વ્યાપી રહેલા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાને શ્રીમહાપ્રભુજી સ્વરૂપ આધિદૈવિક સૂર્ય (ભક્તિમાર્ગાબ્જમાર્તંડ) પ્રીત સ્વરૂપ ભારતવર્ષની પવિત્ર ભૂમિમાં પ્રકટ થયા. આધિભૌતિક અંધકાર આ જગતના ભૌતિક સૂર્યથી દૂર થઇ શકે, પણ વેદાર્થમાં શ્રીભાગવતાર્થમાં, ગીતાર્થમાં અને બ્રહ્મસૂત્રમાં જે અર્થો ભરેલા છે તે ન સૂઝવા દેનારા અજ્ઞાનરૂપ અંધકારને, ભૌતિક સૂર્ય કદી દૂર કરી શકે નહિ, એ અંધકારને દૂર કરવા આધિદૈવિક સૂર્ય જોઈએ, તે આધિદૈવિક સૂર્ય શ્રીમહાપ્રભુજી આપ છે. આપશ્રીના પ્રાકટ્ય વગર આત્મકલ્યાણનાં અજવાળાં પ્રકાશે તેવી સ્થિતિજ નહોતી. સહસ્રપરિવત્સરોથી દૈવીસૃષ્ટિ પણ શ્રીમહાપ્રભુજી સ્વરૂપ ચક્ષુ વગર આંધળી થઈ ગયેલી હોવાથી ચર્ષણીની જેમ અહીંથી તહીં ટીચાતાં કોઈ જગાએ સ્વાસ્થ્ય અને શાંતિ મેળવી શકતી નહોતી, તેથી શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણાવતારમાં ભૂતળપર પ્રકટ થયા. ખરેખર, શ્રીવલ્લભનખચંદ્રની છટા વગર વિશ્વમાં પ્રવર્તી રહેલું રાત્રિનું અંધકારનું રાજ્ય કોઇ દૂર કરી શકનાર હતુંજ નહિ. આપે પ્રકટ થઇ ગ્રંથોમાં સ્વપ્રકાશ મૂકીને, ત્રણ ત્રણ વખત ભારતવર્ષની પરિક્રમા કરીને, ઘેર ઘેર સેવા પ્રકટ કરી, સપ્તાહો કરી આખી આર્યભૂમિનો અંધકાર ઉરાડી મુકયો. **સામવેદ સ્વરૂપ સંગીતના સૂરોનારસ તિરોભૂત થઈ ગયા હતા. તેમાં આ પ્રભુના મુખારવિંદે પ્રકટ થઈ બંસીનો નાદ પૂર્યો, યજુર્વેદમાં બતાવેલા ભક્તિયજ્ઞની વેદીરૂપ ઉડી ગએલા આચાર વિચારો અને ત્યાગના સંતાઈ ગયેલાં સૂત્રોને સ્વરૂપાત્મક બનાવી દૈવી જીવોરૂપ યાજ્ઞિકોને ત્યાં આ રસિકે પાથરી દીધાં.** ભગવાન શ્રીકૃષ્ણ સૌન્દર્ય રસિક છે, તેથી સર્વત્ર દૈવીસૃષ્ટિને ત્યાં આ દૈવી સૌન્દર્યરસિકે સૌન્દર્ય પાથરી દીધાં. અગિઆર વર્ષની બાળ વયથી આ બાળ યોગીંદ્રે પર્યટન શરૂ કર્યું. બાળ વયના શ્રીવામન ભગવાને જેમ બલિરાજા પાસેથી ભૂમિનું દાન લઈ તેને જીતી લીધો ને જીતાડયો, તેમ વિદ્યાનગરના કૃષ્ણદેવ રાજાની સભામાં આ બાળયોગીએ સાતસો સાતસો વિવિધ ધર્મ વેત્તાઓને જીતી લઈ રાજાને શરણે લઇ જીતાડયો. પવનરૂપ

વધૈયાએ જીતનાં નિશાનને અને યશરૂપ વાવટાને આર્યાવર્તમાં ખુણેને ખોચરે ફરકાવી દીધાં. એ તો ઇશ્વર છે. લીલાત્મક ષડ ધર્મો સર્વત્ર દર્શાવ્યા. પોતે ઈશ્વરનાં રસૈશ્વર્ય સર્વત્ર ત્રણ ત્રણ વાર રેલાવ્યાં .લગ્નયજ્ઞની ઇશ્વરી આજ્ઞા થતાં બત્રીસમાં વર્ષે લગ્ન યજ્ઞમાં પ્રવેશ કર્યો. એ લગ્નયજ્ઞનાં બે ફળ તે શ્રીગુસાંઇજી અને શ્રી ગોપીનાથજી. હિંદના આ ચક્રવર્તી ધર્મ રાજવીએ ત્રણ ત્રણ વાર પરિક્રમા કરી ભારતને જીતી લઇ અડેલમાં ગાદી કરી, ચોરાસી પરિચારકોને સ્વધર્મ રાજ્યમાં વિવિધ સ્થાનોમાં ભકિત સ્વરાજ્યના રક્ષણને અને મજબુતાઈને માટે ગોઠવી દીધા. ધર્મરાજ્યનું પ્રધાન પદ લીલારસ રાજ્યના મંત્રીશ્વર શ્રી દામોદરદાસજીને આપ્યું. અને સ્વધર્મ રાજ્યને દૈવી દીર્ઘ દૃષ્ટિથી નિહાળતાં એ દેવ અડેલમાં રાજ્યાસન બિછાવીને બેઠા. પરિક્રમામાં ચોરાસી બેઠક રૂપી શાખાઓ કરી. ત્યાં આજે પણ એ ધર્મ રાજવી દિવ્ય સ્વરૂપે બિરાજી દૈવી સૃષ્ટિના તાપને દર્શન આપીને સમાવી રહ્યા છે.

અડેલમાં બીરાજી આપે પ્રેમધર્મ રાજ્યના કાયદાના સોળ સોળ ગ્રંથો રચ્યા. એ કાયદાઓની ઇશ્વરતા બતાવવા તેમાં વેદ, શ્રીભાગવત, ગીતા અને બ્રહ્મસુત્રનાં પ્રમાણ પાથર્યાં. કેટલાક વર્ષ અડેલમાં ધર્મ રાજ્યાસન પર બિરાજી એ ઇશ્વરે ઇશ્વરી આજ્ઞાથી સ્વાંગમાંથી આધિદૈવિક અગ્નિ પ્રકટાવી કાશીમાં હનુમાન ઘાટ પર મધ્યગંગામાં જળ સપાટી પર બિરાજી સદેહે નિત્ય લીલામાં પ્રવેશ કર્યો. સંવત ૧૫૩૫ ના ચૈત્ર વદિ ૧૧ ની પુણ્ય તિથીએ પ્રાકટ્ય અને સંવત ૧૫૮૭ ના અસાડ સુદિ ૨ રથયાત્રાના દિવસે આધિદૈવિક અગ્નિ-રથમાં બિરાજી પરલોકમાં પ્રયાણ કર્યું. વળી ભકતોને ત્યજીને એ દેવ કયાંએ નથી જતા તેનાં પારખાં પણ શેઠ પુરુષોત્તમદાસને ત્યાં પ્રકટ બતાવ્યાં. કોણ એ સ્વરૂપનાં લીલા ચરિત્રને ઓળખે? શું ગજું જીવનું?

**શ્રીગુસાંઈજી** : શ્રીમહાપ્રભુજીએ નિત્યલીલા પ્રવેશ પહેલાં પોતાનું આધિદૈવિક ધર્મ-રાજ્યાસન બળભદ્ર સ્વરૂપ શ્રીગોપીનાથજીને સોંપ્યું. કારણ કે તેઓ મોટા પુત્ર હતા. ભૌતિક રાજ્ય તો બળભદ્રજી ચલાવી શકે, પણ આધિદૈવિક રાજ્ય તંત્ર તો શ્રીકૃષ્ણ વગર નજ ચલાવાય, આથી પ્રભુએ તેમને પરલોકમાં બોલાવ્યા. એટલે ધર્મ રાજ્યાસન પર શ્રીગુસાંઇજી બીરાજ્યા. આપશ્રીએ પ્રેમલક્ષણા ભકિત–સામ્રાજ્યોનો ખૂબ વિસ્તાર કર્યો. વળી એ રાજ્યરક્ષણને માટે સાત સ્વરૂપ ધારણ કરી પોતાના ષડ ધર્મને જુદા જુદા સ્વરૂપે પ્રકટાવ્યા, ને પોતાનું પણ ગિરિરાજધરણ સ્વરૂપ જુદુંજ પ્રકટાવ્યું. એ ષડધર્મને શ્રીગિરિરાજધરણ સ્વરૂપ સાત કુમાર સ્વરૂપે પ્રકટ થયાં શ્રીવલ્લભવેલની બે શાખાઓમાંની એક શાખા નીચે પ્રમાણે સાત સ્વરૂપે થઈને સર્વત્ર ફેલાઈ (૧) શ્રીગિરિધરજી, (૨) શ્રીગોવિંદરાયજી, (૩) શ્રીબાળકૃષ્ણજી, (૪) શ્રીગોકુલપતિ. (૫) શ્રીરઘુપતિ (૬) શ્રીયદુપતિ અને (૭) શ્રીઘનશ્યામજી. શ્રીગુસાંઈજીના દ્વિતીયલાલજી શ્રીગોવિંદરાયજી એશ્વર્યનું સ્વરૂપ છે. ઇંદ્રના મદનું મર્દન કરી તેને માફી આપનાર એ સ્વરૂપ છે. આપણે હવે તેમનો વિચાર કરીએ.

**શ્રીગોવિંદરાયજી**, શ્રીગિરિધરજી શ્રીગિરિરાજજી ધારણ કરનાર વ્રજનું જળ પ્રલયથી રક્ષણ કરનાર સ્વરૂપ છે. પછી ઇંદ્રને પ્રભુના સામર્થ્યની ખબર પડી તેથી એરાવત પર બેસી ભેટ તરીકે 'ગોધન' લઈ પ્રભુ પાસે આવ્યો.એ ઇંદ્રની સ્તુતિ સાંભળનાર અને ક્ષમા આપનાર શ્રીગોવર્ધનધરણનું સ્વરૂપ તેજ આપણા શ્રીગુસાંઈજીના દ્વિતીય કુમાર શ્રીગોવિંદરાયજી છે.

કરતાં 'ગોવિંદ' એવું નામ ઈંદ્રેજ આપેલું છે. ગોવિંદ એટલે ગાયની માફક નિઃસાધન દીન બની શરણે આવનારનું રક્ષણ કરનાર. ગુનેગાર ઈંદ્રે વ્રજનો નાશ કરવાની ઈચ્છાથી ક્રોધથી વરસાવેલ જલવૃષ્ટિને ઉદાર ચરિત્ર ભગવાને સેવામાં ગણી લીધી, તેજ આપણા નાયક શ્રીહરિરાયજીના દાદાજી શ્રીગોવિંદરાયજી ઇશ્વરના ઐશ્વર્ય છે. આ સ્વરૂપને સ્વથી શ્રીગુસાંઈજી શ્રીગોવિંદરાયજી ન કહેતાં રાજેંદ્ર કહેતા. રાજા જેમ રક્ષણ કરે શરણે આવેલા ઈંદ્રનું આપે રક્ષણ કર્યું, માટે રાજેંદ્ર. આ શ્રીગોવિંદરાયજીના કુમાર ણરાયજી આપણા ચરિત્ર નાયક શ્રીહરિરાયજીના પિતૃચરણ થાય. સંબંધ પુરતી રાયજીના દાદાજીની ઓળખાણ આપી. હવે શ્રીકલ્યાણરાયજી તરફ વળીએ, શ્રી જીની વહેંચણીમાં આ શ્રીગોવિંદરાયજીના ભાગમાં શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ પધાર્યું. જીએ જાતેજ સ્વરૂપોની વહેંચણી કરી હતી. આ શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ શ્રી જીના પ્રાકટ્યને દિવસેજ પ્રાપ્ત થયું હતુ માટે તે સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીના નામે છે. શ્રીગોવિંદરાયજી શ્રીગુસાંઇજીના દ્વિતીય કુમાર હોવાથી તેમની ગાદી દ્વિતીય કહેવાય છે.

**શ્રીકલ્યાણરાયજી.** શ્રીહરિરાયજીના પિતૃચરણ શ્રીકલ્યાણરાયજીનું પ્રાકટ્ય શ્રીગુસાં- દ્વિતિય કુમાર શ્રીગોવિંદરાયજીને ત્યાં છે. બાળપણાથીજ આપશ્રી સ્વરૂપે બહુ સુંદર નામ પ્રમાણે જીવ માત્રનું કલ્યાણ જાણે એ સ્વરૂપમાંજ હોય ! આપશ્રી ઉપર શ્રી જીની અનહદ પ્રીતિ હતી, આ બાળકુમારને અંકમાં બેસાડી શ્રીગુસાંઈજી સ્તોત્રો તા. અષ્ટાક્ષરનું દાન પણ શ્રીગુસાંઈજીએજ શ્રીમુખે કર્યું હતું, શ્રી મહાપ્રભુજીના ભાઈ કેશવપુરી જેઓએ નાનપણથી જ સંસાર છોડયો હતો તે મહાધિપતિ બન્યા કેશવપુરી શ્રીગુસાંઈજીને સાત લાલજી છે એમ જાણી એકાદ બાળકને દત્તક લઈ ને ના મઠની ગાદી પર બેસાડવાની ઈચ્છાથી શ્રીગુસાંઈજી પાસે આવ્યા. શ્રીગુસાંઈજીએ ને ના તો નજ પાડી, પણ કહ્યું કે સાત બાળકોમાંથી જેની આવવાની ઈચ્છા હોય તેને ઓ. કેસવપુરી સાથે કોઇ પણ બાળકે જવાની હા ન પાડી. ઇશ્વરને છોડીને ઈશ્વરનું અને ઈશ્વરના છ ધર્મ કદી જુદા પડે ખરા ? શું સમજે મહાધિપતિ આ ગૂઢ ! આખરે શ્રીગુસાંઈજીએ કાકાને સંતોષવાની ઈચ્છાથી પાસે ખેલી રહેલા બાળકુમાર કલ્યાણરાયજી તરફ દૃષ્ટિ કરી, શ્રીકલ્યાણરાયજી શ્રીગુસાંઈજીનું હૃદય સમજી ગયા. શ્રી ણરાયજીને આવાં દિવ્ય સ્વરૂપોમાં ખેલવાનું અને દાદાજી શ્રીગુસાંઈજીના રસિલા મહાલવાનું બીજે કયાંથી મળે ? શ્રીગુસાંઈજીનું હાર્દ શ્રીકલ્યાણરાયજી જાણી ગયા, પોતે તરતજ શ્રીગુસાંઈજીની એ બાળ સ્વરૂપે દીનતાથી સ્તુતિ કરી, તે કીર્તનઃ—

**—: રાગ ધન્યાશ્રી. :—**

હોં વ્રજ માગનો જુ, વ્રજતજ અનત ન જાઉં;
બડે બડે ભૂપતિ ભૂતળ મહીયાં દાતા સુર સુજાણ;
કર ન પસારૂં શીશ ન નાઉં, યા વ્રજકે અભિમાન–હોં૦
સુરપતિ, નરપતિ, નાગલોકપતિ મેરે રંક સમાન;
ભાંત ભાંત મેરી આશા પૂજઇ, એ વ્રજજન જજમાન;

મેં વ્રત કર કર દેવ મનાયે અપની ઘરની સંચુત.
દિયો વિધાતા સબ સુખ દાતા ગોકુલપતિકો પૂત–હો૦
હોં અપનો મન ભાયો લેહોં, કીત બોરાવત બાત;
ઓરનકું ધન ધન જ્યોં બરખત મોં દેખત હસજાત;
અષ્ટસિદ્ધિ નવ નિધિ મેરે મંદિર, તુમ પ્રતાપ વ્રજ ઇશ:
કહત 'કલ્યાણ' મુકુંદ તાત કર કમલ ધરો મમ શીશ–હો૦

આ કીર્તન ગાયું એટલે શ્રીગુસાંઈજીનું હૃદય ભરાઈ આવ્યુ. પોતે શ્રીકલ્યાણરાયજીને કેશવપુરીને સોંપવાનો વિચાર માંડી વાળ્યો, અને તેમને સાફ ના પાડી. આથી કેશવપુરી ખીજાયા, અને શ્રીગુસાંજીને શાપ આપ્યો. તે શાપનું અત્રે કંઈજ કામ નથી, છતા તે શાપ ઉલટ સેવોપયોગી હોવાથી શ્રીગુસાંઈજીએ તે માથે ચડાવ્યો અને કેશવપુરી ગુસ્સે થઇ ચાલ્યા ગયા.

**શ્રીહરિરાયજીનુ પ્રાકટય.** શ્રીકલ્યાણરાયજી એક સમર્થ અને વિદ્વાન ગોસ્વામિબાળક હતા. આપશ્રીએ ઘણા ગ્રંથો લખ્યા છે. આપશ્રીના શિરપર બિરાજમાન સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીની સેવા બહુ સ્નેહપૂર્વક આપશ્રી કરતા. આપશ્રીને લાલજી નહિં હોવાથી પોતાની પછી શ્રીવિઠ્ઠલનાથજીને લાડ કોણ લડાવશે તે બાબતની બહુ ફીકર આપને રહેતી, પણ ભકતની ચિંતા પ્રભુ કેમ સહન કરે ? એક દિવસ આવાજ વિચારમાં શ્રીકલ્યાણરાયજી ગમગીન બીરાજ્યા હતા, તેવામાં શ્રીગોકુલનાથજી ત્યાં પધાર્યા, શ્રીગોકુલેશની શ્રીકલ્યાણરાયજી પર અનહદ પ્રીતિ હતી. શ્રીગુસાંઈજીએ નિત્યલીલા પ્રવેશ વખતે શ્રીગોકુલનાથજીને સપ્તમલાલજી શ્રીઘનશ્યામલાલજીની અને આ શ્રીકલ્યાણરાયજીની ખાસ સુપરત કરી હતી. શ્રી કલ્યાણરાયજીની શ્રીગોકુલેશ હંમેશાં જાતે સંભાળ લેતા. પોતાનીપછી શ્રીવિઠ્ઠલનાથજીને લાલનપાલન કોણ કરાવશે એવી ગમગીનીમાં બિરાજેલા શ્રીકલ્યાણરાયજીને શ્રીગોકુલેશે દીઠા અંતર્યામી શ્રીગોકુલેશ શ્રીકલ્યાણરાયજીના હૃદયનું હાર્દ સમજી ગયા ને તરત આશ્વાસન આપ્યું. પછી પોતે એક શ્રીઠાકોરજીનું બીડું આપ્યું ને તે શ્રીકલ્યાણરાયજીને તેઓશ્રીના શ્રીવહુજી મહારાજને આપવાની આજ્ઞા કરી. તે પ્રમાણે શ્રીકલ્યાણરાયજીએ પોતાના શ્રીવહુજીને શ્રીગોકુલેશે આપેલી બીડી આપી. ત્યાર બાદ નવ માસે શ્રીહરિરાયજીનું પ્રાકટય થયું. શ્રીઠાકોરજીના અધરામૃતમાંથી જેમનું પ્રાકટય છે એવા શ્રીહરિરાયજી સાક્ષાત રસિલી મૂર્તિ હોય તેમાં કહેવુંજ શું ? શ્રીહરિરાયજીનું પ્રાકટય સં. ૧૬૪૭ ના ભાદરવા વદિ ૫ ના થયું. આપશ્રી બાળપણથીજ અનહદ કોમળ અને આર્દ્ર હતા. વિદ્વાન અને સમર્થ પિતાના સંસ્કારો શ્રીહરિરાયજી પર બહુ સચોટ પડયા. તે સાથે શ્રીગોકુલેશની કૃપાનું દાન. એટલે તો પછી પૂછવું શું ? ભાદ્રપદ માસમાં પ્રાકટય થવાનું કારણ એ કે ભાદરવા માસની જેમ શિક્ષાપત્ર જેવા ગ્રંથો પ્રકટ કરી રસની વર્ષા વરસાવી. વદિ પાંચમે પ્રકટ થવાનું કારણ એ કે પાંચ બાણબાળા કામદેવનાં કરતાં પણ કોટાન કોટિ ગણું આપનું રૂપ સૌંદર્ય હતું.

**શ્રીહરિરાયજીના શ્રીગુરૂદેવ.** શ્રીહરિરાયજીના ગુરુચરણ શ્રીગોકુલેશ છે. જેમ કિંમતી હીરો કોઈ કુશળ કારીગરને હાથે ઘડાય તેમ શ્રી હરિરાયજી રૂપ કિંમતી હીરો

સ્વરૂપ રસિયા કારીગરને હાથે ઘડાયો, તેથી અધિક દીપ્યો. શ્રીહરિરાયજીને શ્રી ... બ્રહ્મસંબંધ આપે છે તે ચિત્રજી બીરાજે છે. તેમાં શ્રીહરિરાયજી નીચે બિરાજ્યા ... શ્રીગોકુલેશ પોતે ઉભા રહી શ્રીહરિરાયજીના શ્રીહસ્તમાં તુલશીજી પધરાવે છે. આ ચિત્રજી ... જ એમ થાય છે, કે જાણે શ્રીગોકુલેશ સહેજ વાંકા વળી તુલસીજી આપતાં ... રસ શ્રીહરિરાયજીમાં પધરાવતા હોય એમ લાગે છે, શ્રીગોકુલેશના સર્વ ગુણ શ્રી ...જીમાં ઉતર્યા.

**શ્રીહરિરાયજીની ભગવદ્દવાર્તા.** આપશ્રીને શ્રીગોકુલેશનો સત્સંગ હતો. શ્રી ...કુલેશ ભગવદ્વાર્તા કરતા ત્યારે આપશ્રી પણ ઘણી વાર ભગવદ્વાર્તામાં બિરાજતા. શ્રી ...પ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલેશ પોતાના અંતરંગ ભગવદીયોને લઈ રાત્રે ભગવદ્વાર્તા ... બિરાજતા- વાર્તા સમાપ્ત થાય એટલામાં તો શ્રીમહાપ્રભુજી કહેતા કે દમલા ! ...વાર્તા કર્યાને બહુ વાર થઈ. દામોદરદાસજી હરસાની અને પરમાણંદદાસજી વિગેરે શ્રી ...પ્રભુજીના અંતરંગ કૃપાપાત્ર ભગવદીયો હતા, તેમની સાથે આપ રસાત્મક ભગવદ્વાર્તા ... શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર ચાચાજી અને નાગજી ભટ્ટ વિગેરે હતા. અને શ્રીગોકુલેશના ... કૃપાપાત્ર કલ્યાણ ભટ, મોહનભાઈજી પંચોળી, વિગેરે હતા, શ્રીહરિરાયજી પણ ... અંતરંગ કૃપાપાત્ર ભગવદીયોને લઈને ભગવદ્વાર્તા કરતા. વાર્તામાં કેટલીક વાર ...રિરાયજીને રસાવેશ થતો ને આપ ગાદીપર રસાવેશમાં ઢળી પડતા. પછી ભગવદીયો ... ઉઠી ચાલ્યા જતા. જેમ રસઘનમાંથી પડતી બુંદ દીર્ઘ કાળના તરસ્યાં ચાતક ...છે, તેમ ભગવદ્વાર્તામાં સહસ્રપરિવત્સરથી તૃષિત આ ભગવદીયો શ્રીહરિરાયજી રૂપ ...માંથી વરસતી એક એક બુંદ ઝીલી લેતા. શ્રીહરિરાયજીના મુખકમળની રસરૂપ વાણી ... ભ્રમરરૂપ ભગવદીયો ગુંજાગુંજ કરતા સકળ પુષ્ટિસૃષ્ટિમાં આપે વિરહનાં વાતા- ...વર્ણ્યાં. ઘણીવાર અનુભવના ઓઘ ઉમટતા, બેભાન દશામાં પડેલા ભગવદીયોને તે ... પ્રભુ સાથે કોટાનકોટિ રમણાનંદનો અનુભવ થતો.

**વાર્તામાં વિઘ્ન ને એક ભારે આશ્ચર્ય.** આપશ્રી આવી રસિલી ભગવદ્વાર્તાઓ ...ની માત્ર દશ વર્ષની ઉમરથી કરતા. વાર્તા કરતાં ચોધાર અશ્રુઓ વરસી પડતાં. ને ... કહ્યા પ્રમાણેની સ્થિતિ ઘણીવાર થતી. ભગવદાવેશની દશાને પિછાનવી એ તો દિવ્ય ... કામ છે. જેઓને એવી પરમાનંદસ્થિતિની ખબર ન હોય તેઓ શું સમજી શકે ? ... આજે ભકતોની મશ્કરી કરનારા છે તેમ તે વખતે પણ હતા. શ્રી હરિરાયજીની ...વદ્વાર્તામાં રાત્રે આવી અશ્રુ વહનની તથા રસાવેશી બેભાન દશા થતી જોઈ એક ... તેની ચાડી શ્રીહરિરાયજીના પિતૃચરણ શ્રીકલ્યાણરાયજીને કરી. શ્રીકલ્યાણરાયજીને ... ફિકર પેઠી, અને તેથી શ્રીહરિરાયજીને બોલાવીને કહ્યું કે "તમે એવી ભગવદ્વાર્તા કેમ ... છો, કે જેથી તમારા દેહનું પણ તમને ભાન રહેતું નથી ! આવી ભગવદ્વાર્તા ન થાય. ... તો ગોસ્વામીબાળક કહેવાઇએ. માટે વૈષ્ણવો સાથે પ્રમાણ રાખીને વાર્તા કરવી. ...હરિરાયજીએ આ વખતે પિતૃચરણને નમ્રતાપૂર્વક બે હાથ જોડી વિનંતિ કરી કે "આપણે ... વૈષ્ણવ છીએ ને વાર્તામાં આવે છે તેઓ પણ વૈષ્ણવ છે, તો પછી વૈષ્ણવો સાથે ... વાર્તા કરે તેમાં શો વાંધો ? વળી વૈષ્ણવો જોડે ભગવદ્વાર્તા કરવી એ તો આપણું ... છે" આ જવાબ સાંભળી તે વખતે તો શ્રીકલ્યાણરાયજીએ કંઈજ ન કહ્યું અને શ્રી

હરિરાયજી પણ નિત્યની માફક પોતાના અંતરંગ ભકતો સાથે વાર્તા કરવા લાગ્યા. કેટલાક દિવસ પછી પેલા વૈષ્ણવે ફરી ચાડી કરી. આ વખતે શ્રીકલ્યાણરાયજીને :શ્રીહરિરાયજી પર બહુ રીસ આવી, ને બીજે દિવસે આપશ્રીને કોટડીમાં પૂરીને બારણાં બંધ કરી દીધાં. રાત્રે ભગવદ્વાર્તા સમયે આવી સ્થિતિ કરી.

ભૂખ બે પ્રકારની છે, એક શરીરની ને બીજી આત્માની. શરીરની ભૂખ તો પ્રસાદવડે મટે છે, પણ આત્માની ભૂખ રસિકોને લાગે છે. એ આત્માનો ખોરાક ભાગવત્કથામૃત છે. જેમ શરીરને ખોરાક ન મળે તો ન રહી શકાય, તેમ ભગવદ્રસિકને સત્સંગ રૂપી ખોરક ન મળે તો ન રહી શકાય. શ્રીહરિરાયજીની આજ દશા થઈ. બરાબર ભગદ્વાર્તાનો વખત થયો કે આપશ્રીને ભારે વિરહ થયો. આપ બે પ્રકારે ભગવદ્વાર્તા કરતા. પ્રથમ મર્યાદાની પદ્ધતિએ શ્રીમદ્ભાગવત વિગેરે વાંચતા ને પછી પોતાના અંતરંગ ભકતોની સાથે મહારસિક ને ગૂઢ વાર્તાઓ કરતા. વિરહ એ પણ અગ્નિ છે. વિરહ અલૌકિક વિદ્યુત છે, વિદ્યુત જેમ તારના વાળામાં પેસવાથી વાળાઓ લાલઘુમ થઈ જાય છે, તેમ આ આધિદૈવિક અંગમાં આધિદૈવિક અગ્નિ સ્વરૂપ વિધુત પેસતાં રોમ તેવાં બની ગયાં, ઓરડી વચ્ચે એ બાળયોગીનુ વિરહરૂપ સ્વરૂપ નિરોધને પામી ગયું. પણ આવો વિરહ અગ્નિરૂપ હોવાથી શ્રી કલ્યાણરાયજીને તે મકાન અત્યંત તેજસ્વી લાગ્યું. વિરહાગ્નિના તેજથી આખું મકાન તેજસ્વી થઇ ગયું. શ્રીકલ્યાણરાયજી મહાનુભાવી શ્રીગોસ્વામી બાળક હોઈ સમર્થ હતા, આપનાં ચક્ષુએ આ આધિદૈવિક વિરહના પ્રકાશનાં અજવાળાં નિરખ્યાં. એકદમ આપ તેજથી ગભરાયા, અને ત્યાં આગળ પધારી ઓરડી ઉઘાડી, તો બાળયોગીંદ્ર શ્રીહરિરાયજી દેવ સ્વરૂપે નિશ્ચેતન બિરાજી રહ્યા છે. શ્રીકલ્યાણરાયજીએ સાક્ષાત શ્રીમહાપ્રભુજીનું અગ્નિ સ્વરૂપ નિહાળતાં વિનંતી કરી ક્ષમા માગી, અને કહ્યું કે તમારી ખુશીમાં આવે તેવી રીતે ભગવદ્વાર્તા કરો, હું હવે કંઈજ નહિ બોલું.

આનું નામ સત્સંગની ભૂખ કહેવાય શ્રીહરિરાયજી વિરહી હતા એટલુંજ નહિ પણ આપશ્રીના ઘણાખરા ભકતો પણ વિરહીજ હતા. દશ વર્ષની ઉમરથી શરૂ થયેલાં આ દિવ્ય સ્વરૂપનાં વિરહાશ્રુ નિત્યલીલા પ્રવેશ સુધી એટલે ૧૨૦ વર્ષની ઉમર સુધી વહ્યાજ કર્યાં. વિશ્વના સમસ્તસમુદ્રોનાં જળ ખુટી જાય પણ વિરહીનાં વિરહાશ્રુ કદી ન ખુટે. વિરહાગ્નિ એ અલૌકિક અગ્નિ છે. તેનાથી અનહદ આનંદની પ્રાપ્તિ થાય, એજ પરમાનંદનું સ્વરૂપ છે. સંયોગ કરતાં વિપ્રયોગમાં કોટાનકોટિ ગણો આનંદ છે. સંયોગમાં પ્રભુના એક સ્વરૂપ સાથે લીલાનો આનંદ જ્યારે વિયોગમાં અનેક સ્વરૂપ સાથે વિલાસ. કોટાનિકોટિ સ્વરૂપો સાથે વિલાસ છે. આધિદૈવિક વિરહાગ્નિ અને ભૌતિક અગ્નિ બેઉ અગ્નિ છે, પણ બેઉમાં આસમાન જમીનનો ફેર છે. એકથી અમરત્વ છે ત્યારે બીજાથી મૃત્યુ છે, એકમાં રોમરોમમાં આનંદના સાગરો છે, બીજામાં મહા દુઃખ છે. પરમ ભાગ્ય સિવાય આ વિરહાગ્નિની પ્રાપ્તિ નથી. શ્રીમહાપ્રભુજીની કૃપા વગર તેની કદી પણ પ્રાપ્તિ નથી. શ્રીમહાપ્રભુજીમાં આસકિત થાય તોજ આવી વિરહી દશા થાય.

**દૈવી વસ્તુઓનો ઉપયોગ અને તે સબંધમાં ચમત્કાર.** : હંમેશાં દૈવી વસ્તુજ પ્રભુના ઉપયોગમાં આવે છે. પ્રવાહી અને મર્યાદા સૃષ્ટિનાં અને પુષ્ટિસૃષ્ટિનાં દેખાતાં અંગોમાં

શરીરમાં કંઈ ફેર નથી, પણ તેમનાં કાર્ય અને સ્વભાવ તથા વર્તનમાં આસમાન જમીનનો ફેર છે. પુષ્ટિ શરીર સેવોપયોગી છે, પ્રવાહી શરીર માયાવી છે, મર્યાદા શરીર માત્ર કર્મકાંડી છે. પુષ્ટિ શરીરમાં પ્રેમરસ ભર્યો છે, જેમ દૈવી શરીરજ સેવામાં ઉપયોગી છે તેમ દૈવી વસ્તુજ પ્રભુને ઉપયોગી છે. દ્રવ્ય પણ દૈવી હોય તેજ પ્રભુને ઉપયોગી છે. કેટલાક સામાન્ય દ્રષ્ટિના માણસો કહે છે કે જે દ્રવ્ય ભેટ કરીએ છીએ તે સેવાને માટેજ કરીએ છીએ, તો પછી બીજામાં (કોર્ટમાં.) કેમ વાપરવામાં આવે? પણ તેવાઓને ખબર નથી કે તેની ઉત્પત્તિજ એવી રીતે થઈ છે, તેથી તેવે રસ્તે જાય છે. એક ખરબુચુંના હજારો રૂપીઆ આપવા તે દૈવી વસ્તુનો યોગ થવા માટેજ. ભગવદિયની દૃષ્ટિ દિવ્ય હોવાથી તે દૈવી વસ્તુને પારખી શકે છે. ભગવદીયની દૃષ્ટિ દૈવી હતી. અને ખરબુચું એક ભક્ત હતું, તો ભક્તને વિપરીત માર્ગે મ્લેચ્છને હાથ કેમ જવા દેવાય? ભલે સર્વસ્વ આપવું પડે, ખરબુચું પણ કૃતી પ્રભુ હોંસે હોંસે આરોગ્યા ને અલૌકિક સ્વાદ આવ્યો. આવોજ બનાવ શ્રીહરિરાયજીના જીવનમાં બન્યો છે, તે મહાચમત્કારી હોવાથી અહિં આપ્યો છે.

એકવાર શ્રીહરિરાયજી સિંધમાં પધાર્યા ત્યાં એક શહેરમાં બિરાજતા હતા, ત્યાં એક વૈષ્ણવ ઘણો ગરીબ હતો. તે મજુરી કરી સેવા કરતો ને પાઈ પૈસા બચાવી ભેગા પણ કરતો કે કોઈ વાર ભેટમાં પણ ઉપયોગી થાય લાંબી મુદતની મજુરીના ફળરુપે આ ભક્તે બે રૂપીઆ એકઠા કર્યા હતા! શ્રીહરિરાયજીને ઘેર પધરાવી ભેટ કરવાની તેને ઇચ્છા હતી. ગૃહસ્થ વૈષ્ણવો તો ખૂબ ભેટ ધરી પધરાવતાં, પણ આ બિચારો ગરીબ શું કરે? તેને પધરાવવાની આર્તિ થતી, પણ કહી શકતો નહોતો. કેટલીકવાર તો તે આવી આર્તિ થતાં ઘરમાં બેસી અશ્રુપાત કરતા. તે વિચારતા કે પ્રભુએ મને જો દ્રવ્ય આપ્યું હોત તો હું શ્રીહરિરાયજીને પધરાવી લ્હાવો લેત. આ ભક્તની આર્તિ શ્રીઠાકોરજીથી સહન ન થઈ. ભક્તનો કલેશ પ્રભુ કેમ સહન કરે? તેથી શ્રીહરિરાયજીને સ્વપ્નમાં શ્રીઠાકોરજીએ ભક્તને ત્યાં પધારવાની આજ્ઞા કરી, શ્રીહરિરાયજી મહાપ્રભુ દયા કરી તેને ત્યાં પધાર્યા શ્રીઠાકોરજીની આજ્ઞા પ્રમાણે પેલા બે રૂપીઆ માગી લીધા. શ્રીહરિરાયજીને પોતાને ત્યાં પધારેલા દેખતાં તે વૈષ્ણવ આવેષમાં પ્રેમ ઘેલા થઈ ગયા. નાચવા મંડી પડયા, દેહનું ભાન પણ ન રહ્યું શ્રીહરિરાયજીને બિરાજવા આ ગરીબ નિઃસાધન ભક્તના ઘરમાં ગાદી તકીયા કે કોચ બિછાનાં નહોતાં, એક કંતાનના કોથળા જેવું પડયું હતું તેના પર બિરાજ્યા. આ વખતે આપશ્રીને એટલો બધો આનંદ થયો કે તેનું વર્ણન ન થઈ શકે. પ્રેમનો ન્યારો સ્વાદ છે, વસ્તુમાં નથી, આનો પ્રેમ જોઈ ઘડીભર શ્રીહરિરાયજી પણ પોતાને ભૂલી ગયા. દેહાતીત દશાના ભક્તને જોઈ પ્રભુની પણ તેવી દશા થાય એમાં શું આશ્ચર્ય!

આપ તે બે રૂપિઆ લઈ પધાર્યા. (રૂ. ૨) પોતાની પાસે ખાનગી રાખ્યા, તે પછી ... પધાર્યા, ત્યારે એક દિવસ તેની સામગ્રી લાવીને શ્રીઠાકોરજીને જુદીજ આરોગાવી. શ્રીઠાકોરજી હોંસે હોંસે સાક્ષાત આરોગ્યા. પછી તે મહાપ્રસાદ જુદોજ રાખવામાં આવ્યો. ... અંતરંગ ભક્તો સાથે ભગવદ્વાર્તા કરી રહ્યા પછી તે મહાપ્રસાદ મંડળીમાં વહેંચવામાં આવ્યો. આ મહાપ્રસાદની કણીકા લઈ ભગદીયો ઘેર જઈ ઉંઘી ગયા, ત્યાં તે સર્વને અનુભવ થયો. દરેકને જુદો જુદો અનુભવ થયો. હવે અનુભવ એ તો ... છે, અનુભવ પછી અનુભવ બંધ થતાં વિરહ થાય છે, ને એ અનુભવના પટથી

ભકતની દશા પલટાઈ જાય છે, એકાદ સ્વપ્ન અનુભવ થતાં પણ જીવની સ્થિતિ પલટાઈ જાય છે.કન્યા કુંવારી હોય ને તે વખતના કરતા ધણીનો ચોરીમાં હાથ પકડતાંજ બીજે દિવસે તેનું રૂપ પલટાય જાય છે. તેમ અનુભવરૂપી સાક્ષાત લગ્નથી પણ જીવની દશા પલટાઇ જાય, તેની કાંતિ અને સર્વસ્વ ફરી જાય. આ ભગવદિયોની પણ આવી દશા થઈ ગઈ. રાત્રિનો સ્વપ્ન અનુભવનો આવેશ આખો દિવસ રહ્યો. રાત્રે ભગવદ્વાર્તામાં આવ્યા. શ્રી હરિરાયજીએ દરેકના મોઢા પરથી સ્થિતિ પારખી લીધી. વિચાર્યું કે આજે કંઈ નવાજુની છે. બધા આવીને શ્રીહરિરાયજીની સન્મુખ બેઠા. પણ કોઈ બોલે નહિ. આનંદરસનાં સાગરમાં ડુબેલાથી ઉચ્ચાર શી રીતે થાય? આ વખતે શ્રીહરિરાયજીએ એક ભગવદિય સામે જોઈ પૂછ્યું કે શી સ્થિતિ છે? આટલું પૂછતાં તેનાથી ન રહી શકાયું, એકદમ સ્વપ્નની યાદી આવતાં ડુમો ભરાઈ ગયો, કંઠ બંધ થઈ ગયો, ચોધાર અશ્રુ નીકળી પડયાં. દરેકની આ દશા થઈ ગઇ. થોડી વારે શાંતિ થતાં ભાગીતૂટી વાણીમાં ગદગદ કંઠે દરેકે પોતાનો અનુભવ કહ્યો. આ સાંભળતાં શ્રીહરિરાયજીનાં નેત્રમાંથી અનુભવ અશ્રુ વહી રહ્યાં છે. દરેકની કંઈ ઓર દશા છે. કેમ કરીને આ આનંદ જીરવાય? દયારામભાઈ કહે છે તેમજ "ગુંગે સાકર ખાધીરે, સૂગાને તે સ્વપ્ન થયું." આવી સ્થિતિ થઈ ગઇ. ત્યારબાદ શાંતિ થતાં આનુ કારણ શ્રીહરિરાયજીને પૂછવામાં આવ્યું. આ વખતે આપે બધી હકીકત શ્રીમુખે કહી. આપશ્રીએ કહ્યું કે એ બે રૂપીયાવાળા ભકતની અંતરની આર્તિ રૂપીઆમાં પેઠી. રૂપીઆની આર્તિ સામગ્રીમાં પેઠી, અને સામગ્રીની આર્તિને લીધે શ્રીઠાકોરજી સાક્ષાત આરોગ્યા, અને તે મહાપ્રસાદ લેતાં સૌને અનુભવ થયો. શ્રીઠાકોરજીને ધરાવેલી વસ્તુ શ્રીઠાકોરજી આરોગ્યા હોય તેનાં પ્રમાણો છે, વસ્તુ ધરાવતાં અશ્રુ વહે, અચાનક ભગવદીય આવે, વસ્તુમાં અલૌકિક સ્વાદ આવે, અથવા તે દિવસે કાંઈ અનુભવ થાય તો જાણવું કે પ્રભુ પ્રસન્નતાથી સામગ્રી આરોગ્યા છે.

**ભગવદ્વાર્તાનો એક અદ્દભુત પ્રસંગ :** શ્રીહરિરાયજી અતરંગ ભગવદીયો સાથે અદ્દભુત ભગવદ્વાર્તા કરતા અને તેમાં અદ્દભુત રંગ જામતો તે તો આપણે પાછળ જોઈ ગયા. હવે આપણે અદ્દભુત પ્રસંગ છેડીએ. આ પ્રસંગ મહાન અલૌકિક છે. આપશ્રીના મુખારવિંદથી ભગવદ્વાર્તા સાંભળનારા ભગવદીયો ભગવદ્વાર્તા સાંભળ્યા પછી બહાર નીકળી કોઈ એક ચોતરા પર બેસી ભગવદ્વાર્તા કરતા. ભગવદીયો પ્રભુની ગાય છે, ગાય જેમ વાગોળે છે, તેમ ભગવદીયો પણ વાગોળે છે, કેવી રીતે ? તો ગાય જેમ ઘાસ કે ખોરાક ખાઇ એકાંતમાં બેસી શાંતિથી વાગોળે છે, તેમ ભગવદીયોનો ખોરાક સત્સંગ ભગવદ્વાર્તા છે. ભગવદ્વાર્તા સાંભળ્યા પછી તેને મનમાં વિચારી વિચારીને ઘુંટવી જોઇએ, આમ કરવાથી વાર્તા સ્વરૂપાત્મક બની હૃદયમાં સ્થિર થાય છે, ને તેની અસર સર્વાંગે થઈ દેહ અલૌકિક બને છે, અને ભગવદીયો પણ ભગવદ્વાર્તા સાંભળ્યા પછી એક ચોતરા પર બેસી મનન કરતા. તેમાં કેટલીકવાર રસાવેશ થતો. કોઇ વાર કેટલાક ખૂબ હસ્યાજ કરે અને કોઈ વાર કેટલાક રડયાજ કરે, ઉંચી સ્થિતિના ભગવદીયોની આ દશા છે, અનુભવી વગર આવી વાતો ન સમજાય. શ્રીયમુનાજીનાં પદમાં પણ કહે છે કે "અનુભવ વિના અનુભવ કહા જાણીએ જાકો પ્રિયા નહિં ચિત્ત ચોરે." શ્રીહરિરાયજી અનુભવી હતા, તેથી આપશ્રીના મુખની વાણી સાંભળવાથી અનુભવો થતા. આ ભગવદીયો આમ આવેશમાં મસ્ત બનતા. હવે આવા પ્રસંગોને પ્રકટ કરવાની પણ પ્રભુની ઈચ્છા હોય છે કે જે પ્રસંગોથી બીજાઓને પણ પ્રેરણા મળે.

...તરા પાસે એક બ્રહ્મરાક્ષસ રહેતો હતો, તે વખતથી તેની આવી સખત દશા ...તો, બિચારા વગવતાવાળા તો કોઈ રસ્તો નહોતો. એથી તેને ... ચોતરામાં પ્રેત રહે છે. તે આમ રીતે તેમને સતાવે છે. ... ...ચારણું વાળી ઘરમાં ભરાઈ જતો, પણ જે બસીત રાય તેને નિંદ્રા ન આવે, ...રો આવ્યા કરે. આથી તેને રાત દિવસ શાંતિ નહોતી. આ વખતે એક મિત્ર ...કે તને તે કંઈ રોગ થયો છે કે શું ? શરીર આવું થઈ જવાનું શું કારણ છે ? આ ...વાતમાં રાજ બતી ચીતા તેને કરી. તેણે કહ્યું કે આ ચોતરામાં પ્રેત રહે છે. ...ે છે તે હસે છે ને રડે છે, તથા વાત વધારતા થકે પણ કેટલીક વાર ... તેણે એક દિવસ મારા ઘરમાં ઘુસી જશે તો મને પુરો જ કરશે. આ કરથી ...દશા થઈ છે. આ સાંભળી પેલો મિત્ર આશ્ચર્ય પામ્યો, પણ તે હિંમતબાજ હતો, ...વ પછી નજરે જોયો, આથી તેને ખાત્રી થઈ કે આતો શ્રીહરિરાયજીના સેવકો ... આવી દશા થાય છે. આ બાબતની તેણે શ્રીહરિરાયજી પાસે ફરિયાદ કરી ને ...કહી. આ સાંભળી શ્રીહરિરાયજી આશ્ચર્ય પામ્યા, ને પોતાનું હૃદય ભરાઈ આવ્યું, ...બતની તજવીજ કરવાનો નિશ્ચય કર્યો. ભગવત્‌વાર્તા સાંભળ્યા પછી તેનો રસાવ ...ંગમાં વ્યાપી રહે છે. આ ભગવદીયો પણ રસાવેશમાં વાતોમાંથી બહાર ... ...કોણ કોણ સાથે છે કે નથી તેની પણ ખબર રહેતી નહોતી. શ્રીહરિરાયજી પણ ...ની જઈ રાત્રે તેમની સાથે પેલા ચોતરાનો બનાવ નિરખવા ચાલ્યા. આખી ...તરા પર વાતો કરવામાં લીન થઈ ગઈ. દરેકને ભગવદ્રસાવેશ થયો. આ વખતે ...નાથજી વચ્ચે બિરાજી બંસી બજાવી રહ્યા છે, આવું નિરખતાં શ્રીહરિ-...દય ભરાઈ આવ્યું. પોતાના ભક્તો આવા અનહદ ભગવદ્રસિક છે તે જોઈ પોતે ...ગયા, અને આ વખતે પોતે નીચે પ્રમાણે કીર્તન ગાયું.

...ં વારી ઈન વલ્લભીયન પર,
...રે તનકો કરૂં બિછૌના શીશ ધરૂં, ઈનકે ચરણનતર,
...કુ ધરી દેખો મેરી અખિયન, મંડલ મધ્ય બિરાજત ગીરધર,
...તો મેરે પ્રાણજીવન ધન, દાન દીયે શ્રીવલ્લભવર,
...રિદાસ આસ ઈનકી કર, શ્રીવલ્લભીયનકી ચરણરજ અનુસર-હૌં વારી.

...ીર્તન ઉપરથી જણાય છે કે શ્રીહરિરાયજીની વૈષ્ણવો પર અનહદ પ્રીતિ હતી. ...ની આસક્તિ પણ વૈષ્ણવોમાં બહુ હતી. આપ વૈષ્ણવોની ભીડ જોઈ રાજી રાજી ...ાવુકોને અને અનન્યોને આપશ્રી આનંદમાં નચવતા. શ્રીહરિરાયજીની પણ આજ ...ી. આ કીર્તનમાં પેલા ભગવદીયો અને ઉપાલંભ દેનારને પોતે કહે છે કે ... આવી આંખે જુઓ, તેમની વચ્ચે આવી ... ... સમજશો. મંડલી ...રજી બિરાજી રહ્યા છે. પછી શ્રીહરિરાયજીએ એ ભગવદીયોને બીજું મકાન ...ે મકાન પોતે લઈ લીધું.

...હરિરાયજીની શ્રીમહાપ્રભુજીમાં અનહદ આસક્તિ. શ્રીહરિરાયજીની આસ-...ાપ્રભુજીમાં અનહદ હતી. શ્રીમહાપ્રભુજીનાજ વિચારમાં અને આવેશમાં પોતે ... શ્રીમહાપ્રભુજી વિરહનું સ્વરૂપ છે તે તેજ વિરહાગ્નિ શ્રીમહાપ્રભુજીના રોમ-

રોમમાં ભર્યો હતો. શિક્ષાપત્ર વાંચતાં ડગલે ને પગલે, આશક અને માશુકના જેવી સ્થિતિ આ બેઉ સ્વરૂપોની હોય તેમ જણાઈ આવે છે. વળી કીર્તનો પરથી પણ તે વાત સ્પષ્ટ થાય છે. શ્રીમહાપ્રભુજી પરત્વેની આસકિતના નમુના તરીકેનાં કીર્તન અહીં જોઈશું.

શ્રીવલ્લભ તજ અપુનો ઠાકુર કહો કોનપેં જઇએ હો.
સબ ગુણ પૂરણ કરૂણા સાગર જહાં મહારસ પૈયે હો.
સુરત હી દેખે અનંગ વિમોહિત તન મન પ્રાણ વિકેયે હો.
પરમ ઉદાર ચતુર સુખ સાગર અપાર સદા ગુણ ગેયે હો.
સબહીનતે અતિ ઉત્તમ જાની અરન પર પ્રીત બઢેયે હો.
કોન ન કાહુકી મન ધરીએ વ્રત અનન્ય એક ગ્રહીયે હો.
સુમર સુમર રૂપ ગુણ અનુપમ ભવ દુઃખ સબે વિસરૈયે હો.
મુખ વિધુ લાવણ્ય અમૃત ઈકટક પીબત નાંહી અઘેયે હો.
ચરન કમલેકી નિશદીન સેવા અપને હદે વસૈયે હો.
રસિક કહે સંગીનસો ભવોભવ ઈનકે દાસ કહેયે હો.

❀

પ્રીત બાંધી શ્રીવલ્લભપદસોં ઓર ન મનમાં આવે હો.
પઢ પુરાન ખટ દરશન નીકે જો કછુ કોઉ બતાવે હો.
જબતેં અંગીકાર કીયો હે મેરો તબતે ન અન્ય સુહાવે હો.
પાય મહારસ કોન મૂઢમતિ જિત તિત ચિત ભટકાવે હો.
જાકે ભાગ્યફલે યા કલિપેં શરણ સોઈ જન આવે હો.
નંદનંદનકો નિજ સેવક વ્હે દઢ કર બાંહ ગહાવે હો.
જિન કોઉ કરો ભૂલ મન શંકા નિશ્ચય કરી શ્રુતિ ગાવે હો.
રસિક સદા ફલ રૂપ જાનકે લે ઉછંગ હુલરાવે હો.

❀

રતિ પથ પ્રકટ કરનકું પ્રગટે; કરુણાનિધિ શ્રીવલ્લભ ભૂતલ,
હુલસે સકલ દૈવી જનકે મન સાધન વિન હમ પાવેંગે ફલ.
માયા મનકો તિમિર નસાયો પંથ દિખાયો વેદ વચન બલ.
યહ મારગ જો દઢ તિનકો હરિ મેલત મુખમાં પત્ર કુસુમ જળ.
સિંચત વચન સુધાકર સેવક મારગ રિપુ દાહે વચનાનલ.
સેવારસ સાગર પ્રકટાયો વદન અનલતે અતિશય શીતલ.
ઉપજત તાપ છિનક સાનિધ્યમેં દેત વિરહ આનંદ રસ કેવલ.
દેખો સંત વિચાર ચારૂ ચિત્તયે શ્રીગોકુલપતિ યે હે નિશ્ચલ.
ચરણોદક દોષ નિવાર સૂધે કિયે કાલ કલિકે ખલ.
રસિક ભજત નિત્ય શ્રીવલ્લભ પદ તે બડ ભાગ્ય સદા મન નિર્મલ.

❀

હોં શ્રીવલ્લભજુકો દાસ, મન ન ધરત કાહુકી આશ.
સેવું ચરણ રહું નિત્ય પાસ, ભયો સબહીનતે નિરાસ.
મેરે દઢ મન માંહી વિશ્વાસ, હું ન ડરૂં દુર્જન ઉપહાસ.

તાતે હોત જીય ભકિત વિકાસ, પજર જાત પાતક જ્યોં ઘાસ.
વાગધીશ પતિકે વચન વિલાસ, રચના કયોં કર કહે સિઠાસ.
કાટે હેં દુષ્કૃત કપાસ, રસિક વિષયમતિ હોત નિવાસ.

વિગેરે કીર્તનોથી જણાય છે કે આપશ્રીના મહાપ્રભુજીના સ્વરૂપમાંજ વિશ્વાસ હતો. રૂપ, ગુણ, રસ, આનંદ વગેરે સર્વસ્વ શ્રીમહાપ્રભુજીમાં જ આપશ્રીને અનુભવાતું. આમ આસકત થઈ આપ આજ્ઞા કરે છે કે "કાન ન કાહુકી મન ધરીએ, વ્રત અનન્ય એક ધરીએ કુલ લાજ તથા મર્યાદા છોડી એક અનન્યતા રાખીને રહીએ. ખરેખર જ્યાં એક વસ્તુ વગર બીજું દેખાતું જ ન હોય ત્યાં લાજ કે મર્યાદા કયાં રહે ? આવી આસકિત વગર રસ સ્વાદ નથી. પણ ત્યાગ સિવાય આસકિત નથી. જીવ જ્યારે નિઃસાધન થાય ત્યારે દીનતા આવે. દીનતા એ પ્રભુ પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન છે.

**શ્રીહરિરાયજી અને શ્રીપુરૂષોત્તમજી.** જેવી રીતે શ્રી હરિરાયજી એક સમર્થ વિદ્વાન અને પ્રભાવશાળી આચાર્ય હતા તેવાજ લેખવાળા શ્રીપુરૂષોત્તમજી સમર્થ વિદ્વાન અને પ્રભાવશાળી હતા. શ્રીપુરૂષોત્તમજીને તો શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઈજીએ સાક્ષાત દર્શન દઈ વરદાન આપ્યું હતું, કે જે ગ્રંથનો તમે પહેલો અને છેલ્લો શ્લોક વાંચશો તે ગ્રંથનું સંપૂર્ણ જ્ઞાન થઈ જશે. છેક બાલ્યવસ્થામાંજ એટલે સાત વરસની ઉંમરે આપે આ વરદાન પ્રાપ્ત કરી એક હઠીલા સંન્યાસીનો સાત વર્ષની ઉંમરે પરાજય કર્યો. અહીં શ્રીપુરૂષોત્તમજીનો ઉલ્લેખ કરવાનું કારણ એ છે કે શ્રીહરિરાયજી અને શ્રીપુરૂષોત્તમજી સમકાલીન હતા. શ્રીપુરૂષોત્તમજીનું પ્રાકટય સં. ૧૭૨૪ ના ભાદરવા સુદિ ૧૧ ને રોજ થયું, અને શ્રીહરિરાયજીનું પ્રાકટય સંવત ૧૬૪૭ ના ભાદરવા વદિ ૫ ને દિવસે થયું, એટલે શ્રીહરિરાયજીની ઉંમર ૭૭ વર્ષની હતી, ત્યારે શ્રીપુરૂષોત્તમજીનું પ્રાકટય થયું હતું, એટલે શ્રીહરિરાયજીની વૃદ્ધાવસ્થા ને શ્રીપુરૂષોત્તમજીની યુવાવસ્થા હતી.

શ્રીપુરૂષોત્તમજી મહારાજની ઉંમર સાત વર્ષની હતી તે વખતે સુરતમાં એક સંન્યાસી શાસ્ત્રાર્થ કરવાને આવ્યો હતો. તેણે સાત વર્ષના શ્રીપુરૂષોત્તમજીને જાણીને શાસ્ત્રાર્થ કરવાનું આમંત્રણ આપ્યું. સંન્યાસીના મનમાં એમ હતું કે આ સાત વર્ષના બાળકને શું આવડવાનું છે ? હું સહેજમાં પુષ્ટિમાર્ગનું ખડન કરીશ. પણ શ્રીમહાપ્રભુજી પરમ દયાળ છે, વેદ, શ્રીભાગવત, શ્રીગીતાજી, અને ઉત્તરમીમાંસા પર જેના પાયા રચાયા છે એવા સંપ્રદાયને એક રજ જેટલું પણ નુકશાન કરનાર કોણ છે ? વળી શ્રી મહાપ્રભુજી અગ્નિ સ્વરૂપ છે, આથી એ વિરોધીઓનો નાશ કરતા આપશ્રીને શી વાર ? વળી શ્રીગુસાંઈજીનું નામ "પ્રતિપક્ષક્ષયંકર," શ્રીરઘુનાથજી મહારાજ નામરત્ન સ્તોત્રમાં આપે છે, "સ્વપક્ષરક્ષણેદક્ષ" પણ આપનુંજ નામ છે. શ્રી પુરૂષોત્તમજીએ એકાંતમાં શ્રીલાલજી સર્વોત્તમજીના જપની ધૂન વિરહ અને પ્રેમ પૂર્વક લગાવી, એટલે શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઈજીએ દર્શન દીધાં, અને વરદાન આપ્યું કે કોઇ પણ ગ્રંથનો પહેલો શ્લોક અને છેલ્લો શ્લોક વાંચશો, એટલે આખો ગ્રંથ સમજાઈ જશે, અને તમારો વિજય થશે. વળી આપશ્રીનાં માતુશ્રીએ પણ આશિષ આપી અને પ્રસાદી માળા પધરાવી. પછી આજ્ઞા પ્રમાણે ઘણા ધર્મ ગ્રંથો જોયા અને સર્વ વિદ્યા પારંગત થઈ ગયા. સંન્યાસી સાથે ત્રીજેજ

દિવસે શાસ્ત્રાર્થ કરી આપશ્રીએ વિજય માળા પહેરી લીધી. ત્યારબાદ આપે આખા ભારત વર્ષમાં વિજય કરી દશદિગન્તવિજયીની પદવી ધારણ કરી. આપશ્રીએ નવ લાખ શ્લોકનું સાહિત્ય લખ્યું છે. આશ્ચર્યની વાત તો એ છે કે આપ પરદેશ પધારતા ત્યારે બત્રીસ ગાડાં તો આપશ્રીની સાથે પુસ્તકોના રહેતા. આપશ્રીની પાસે તો નવ તો લેખકો રહેતા, આપશ્રી મુસાફરીમાં ચાલતાં ચાલતાં પણ ગ્રંથોનું અવલોકન કરતા.

આપણે આગળ જોઈ ગયા, કે શ્રીહરિરાયજીની વૃદ્ધાવસ્થા તે શ્રીપુરૂષોત્તમજીની યુવાવસ્થા હતી. બેઉના એક સમાગમનો પ્રસંગ જાણવા જેવો છે. શ્રીહરિરાયજીનું હૃદય આર્દ્ર હતું, આપશ્રી સદાજ વિરહમાં બિરાજતા. શ્રીપુરૂષોત્તમજી મહારાજ વિદ્વાન હતા. વિદ્વાન શ્રીપુરૂષોત્તમજીને પણ મહાનુભાવનું દાન કરી સર્વ રીતે પૂર્ણ કરવાની શ્રીમહાપ્રભુજીએ ઈચ્છા વિચારી, અને તે દાન શ્રીહરિરાયજીને નિમિત્ત બનાવીને શ્રીમહાપ્રભુજીએ કર્યું, શ્રીપુરૂષોત્તમજી અને શ્રીહરિરાયજી એક વાર એક સ્થળે બિરાજતા હતા, આ વખતે શ્રી હરિરાયજીની પાસેથી એક વૈષ્ણવ શ્રીપુરૂષોત્તમજી પાસે આવ્યો. આ સેવકને શ્રીપુરૂષોત્તમજીએ પૂછ્યું કે શ્રીહરિરાયજી શું કરે છે ? તે વૈષ્ણવે કહ્યું કે શ્રીહરિરાયજી વિરહમાં રોઈ રહ્યા છે. શ્રીપુરૂષોત્તમજીને શ્રીહરિરાયજીનું ભાવદાન કરવાની આપની ઈચ્છા હોવાથી શ્રી પુરૂષોત્તમજીથી એવું બોલાઈ ગયું કે, એ ડોકરાને બીજું શું કામ છે ? આવો શબ્દ બોલતાં શ્રીપુરૂષોત્તમજી શ્રીસુબોધિનીજીનું જે મનન કરતા હતા તે શ્રીસુબોધિનીજીમાં આગળ કંઈજ સમજાયું નહિં, આપશ્રી વસ્તુસ્થિતિ સમજી ગયા.

પછી પેલો વૈષ્ણવ શ્રીહરિરાયજી પાસે આવ્યો. તેને શ્રીહરિરાયજીએ શ્રીપુરૂષોત્તમજીના સમાચાર પૂછ્યા. એટલે થયેલી વાતચીત પેલા વૈષ્ણવે કહી. શ્રીહરિરાયજીમાં તો દીનતાના સાગરો ભરેલા હતા એટલે પોતાને તો કંઈજ ન લાગ્યું, પણ શ્રીપુરૂષોત્તમજીને અપરાધની ખબર પડી કે તરતજ પોતે શ્રીહરિરાયજી પાસે પધાર્યા અને ક્ષમા માગી. શ્રીપુરૂષોત્તમજીનુ હૃદય ગળગળું થઈ ગયું. આ વખતે શ્રીહરિરાયજીએ કહ્યું કે હું ડોકરો છું અને રોઈ રહ્યો છું તેજ તમે કહ્યું છે, તે વાત ખરી છે, તેમાં અપરાધ શું છે ? શ્રી હરિરાયજીએ શ્રીપુરૂષોત્તમજીના શિર પર શ્રીહસ્ત મુકયો અને ભાવનું દાન કર્યું. આ પ્રસંગથી આપણે એમ સમજવાનું કે શ્રીપુરૂષોત્તમજીમાં શ્રીહરિરાયજી કરતાં ઉણપ હતી, પણ આવી રીતે પ્રભુ જીવને વિદ્યાનો મદ ન કરવાની શિક્ષા આપે છે. વિદ્યાનો મદ ગમે તેને પણ બાધક છે, ને પુષ્ટિમાર્ગમાં તો બહુજ બાધક છે, શ્રીગુસાંઈજી પોતે પ્રભુ છે, છતાં છ માસ વિરહમાં બિરાજ્યા, અને જીવને વિરહનું ફળસ્વરૂપ સમજાવવા નવ વિજ્ઞપ્તિઓ લખી. શ્રી મહાપ્રભુજી અને શ્રીહરિરાયજી એકજ સ્વરૂપ છે તેથી શ્રીહરિરાયજી પણ મહાપ્રભુજી કહેવાય છે, આમ છતાં શ્રીમહાપ્રભુજી આંતર વિરહી હોવાથી ભૂતળપર બિરાજતા ત્યારે આંસુનું એક ટીપું પણ નથી વરસ્યું, ત્યારે શ્રીહરિરાયજીનાં અશ્રુ ક્ષણ પણ બંધ નથી પડયાં. આનું કારણ એમ છે કે શ્રીમહાપ્રભુજી આંતર વિરહી હતા જ્યારે શ્રીહરિરાયજીની વિરહી દશા પ્રકટ હતી. પ્રેમના પણ બે પ્રકાર છે. સ્થીર અને ઉચ્છલીત. જે વ્રજભકતો મહી વેચતાં મહીને બદલે કોઈ શ્યામ લો, કોઈ વનમાલી લો બોલે છે, તેઓ ઉચ્છલિત પ્રેમી છે, અને જેઓ તેમને શિખામણ આપે છે તેઓને રસ પચ્યો છે. આમ વિરહના પણ બે સ્વરૂપ છે.

**[illegible]રિરાયજી કૃત ગ્રંથો :** શ્રીહરિરાયજી સમર્થ વિદ્વાન અને મહાનુભાવી હતા, [illegible] તરીકે આપશ્રી રચિત ગ્રંથોનો ઉલ્લેખ અહીં કરીશું. આપશ્રીના [illegible] શબ્દે આર્દ્રતા રહેલી છે. જાણે શ્રીહરિરાયજીએ પોતાનાં અશ્રુના સ્વરૂપ [illegible] ગ્રંથોમાં અક્ષર રૂપે ગોઠવ્યાં હોય એમ લાગે છે. શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાં- [illegible]ની ટીકાઓ પણ આપની તેવીજ છે. દીનતા અને આર્દ્રતા અક્ષરે અક્ષરમાં [illegible] શ્રીહરિરાયજીના ગ્રંથોમાં એક એક અક્ષર જાણે ભગવદ્રસનો ભરેલો કટોરો છે. [illegible] આપશ્રીના ગ્રંથોમાં આવે છે. આમ શ્રીહરિરાયજીના ગ્રંથો સર્વ રસથી ભરેલા છે. [illegible] એકંદર ત્રણસો જેટલા ગ્રંથો લખ્યા છે. તેમાંના કેટલાકનાં નામ જાણીએ. [illegible] (૨) સેવાપદ્ધતિ. (૩) બ્રહ્મવાદ. (૪) આહ્નિક. (૫) સપ્તશ્લોકી ટીકા (૬) [illegible]વના. (૭) ગુણસાગર. છપૈ આદિ. (૮) અપરાધ ષટ્પદી. (૯) ધ્યાનમંત્ર-નિરૂપણ [illegible]કાર. (૧૧) મૂળસ્વરૂપનિરૂપણ. (૧૨) પ્રભુસ્વરૂપનિરૂપણ. (૧૩) કૃષ્ણશબ્દાર્થ- [illegible] (૧૪) સ્વમાર્ગસ્વરૂપનિરૂપણ. (૧૫) સ્વમાર્ગીય કર્તવ્યનિરૂપણ. (૧૬) પુરૂષોત્તમસ્વરૂપા- [illegible] (૧૭) પુરૂષોત્તમનિરૂપણ,(૧૮)સર્વાંતરતાનિરૂપણ.(૧૯) સ્વમાર્ગીયમુક્તિદ્વૈવિધ્ય- [illegible] (૨૦) ભક્તિદ્વૈવિધ્યનિરૂપણ. (૨૧) સ્વમાર્ગરહસ્યનિરૂપણ. (૨૨) સર્વાત્મભાવનિરૂપણ [illegible]ર્ગીય મર્યાદાનિરૂપણ. (૨૪) મધુરાષ્ટકતાત્પર્યનિરૂપણ (૨૫) શ્રીમત્પ્રભોર્વર્ય- [illegible] (૨૬) શ્રીનૃસિંહવામનજયંતિવ્રતવૈશિષ્ઠ્યનિરૂપણ. (૨૭) સ્વમાર્ગીયસ્વરૂપસ્થાપનપ્રકાર [illegible]સેવ્યસ્વરૂપસ્યચિંતન (૨૯) મૂળરૂપસંશયનિરાકરણ (૩૦) સ્વમાર્ગીયસાધન- [illegible] (૩૧) સ્વશરણ સમર્પણ સેવાદિ (૩૨) પુષ્ટિમાર્ગીય સન્યાસ (૩૩) શ્રીમત્પ્રભુપ્રાદુર્ભા- [illegible] (૩૪) બ્રહ્મસંબંધવાક્યકઠિનાંશવિવેચન. (૩૫) ભક્તિવૈવિધ્યવિવેક (૩૬) શરણદ્વય- [illegible] (૩૭) શ્રીમહાપ્રભુજીપ્રાકટ્યહેતુ (૩૮) સિદ્ધાન્તરહસ્યાર્થ (૩૯) શરણમંત્રપૂર્વપક્ષ [illegible] (૪૦) ભક્તિમાર્ગે પુષ્ટિમાર્ગત્વ નિશ્ચય (૪૧) દુઃસંગવિજ્ઞાનપ્રકાર (૪૨) ભક્તિવર્દ્ધિની [illegible] (૪૩) હરિવદનાષ્ટક (૪૪) શ્રીવિઠ્ઠલનાથાષ્ટક (૪૫) દાસ્યાષ્ટક (૪૬) ગર્વપ્રહારાષ્ટક [illegible]ષ્ટક (૪૮) નવનીતપ્રિયાષ્ટક (૪૯) દૈન્યાષ્ટક (૫૦) હાહાષ્ટક (૫૧) શરણાષ્ટક [illegible]રણાષ્ટક (૫૩) યમુના વિજ્ઞપ્તિઅષ્ટક (૫૪) શ્રીમદાચાર્યદાસાનાં ત્વદીયત્વાષ્ટક [illegible]ષ્ટક (૫૬) જન્મવૈફલ્યનિરૂપણાષ્ટક (૫૭) સ્મરણાષ્ટક (૫૮) સ્વામિન્યાષ્ટક (૫૯) [illegible]ષ્ટક (૬૦) શ્રીવલ્લભભાવાષ્ટક (૬૧) નિજાચાર્યાષ્ટક (૬૨) સ્વામિનીપ્રાર્થનાષ્ટક [illegible]રણાષ્ટક (૬૪) ભુજંગપ્રયાતાષ્ટક (૬૫) ચરણચિહ્નવર્ણન (૬૬) મુખ્યશક્તિસ્તોત્ર [illegible]મહેતુટિકા (૬૮) શૂન્યવાદ (૬૯) ષષ્ટિકાપૂજનપ્રકાર (૭૦) કાર્પણ્યોક્તિ (૭૧) [illegible] (૭૨) શ્રીસર્વોત્તમટીકા (૭૩) પુષ્ટિદ્દઢાવલિ (૭૪) સ્વમાર્ગાનુક્રમધ્યાન (૭૫) [illegible] (૭૬) ગદ્યાર્થશરણાર્થ (૭૭) શ્રીમહાપ્રભુજીની નામાવલિ (૭૫) શ્રીગુસાંઈજીની [illegible] (૭૯) શ્રીગોકુલનાથજીની નામાવલિ (૮૦) વલ્લભવિજ્ઞપ્તિ (૮૧) શ્રીમહાપ્રભુજીસ્તુતિ [illegible]સ્વરૂપ સ્તુતિ (૮૩) શ્રીગોકુલેશવિજ્ઞપ્તિ (૮૪) વિજ્ઞપ્તિસાધારણસંક્ષેપમાં (૮૫) [illegible]મ્ય (૮૬) શ્રીગોકુલેશાષ્ટક (૮૭) ગદ્યાનરૂપ (૮૮) શ્યામ સગાઈ (૮૯) શ્રીસુબો- [illegible] સ્વતંત્ર લેખ (૯૦) પૂર્ણભગવદીયવિવરણ (૯૧) સિદ્ધાન્તરહસ્યકારિકા (૯૨) [illegible] (૯૩) કામાખ્યદોષવિવરણ (૯૪) તદીયત્વસિદ્ધિ (૯૫) મદત્યાગહેતુ.

**[illegible]રિરાયજીકૃત ભાષાગ્રંથો :** (૧) ભાવનાભાષા (૨) શિક્ષાપત્ર ૮૪ (૩) કવિતા- [illegible] (૫) વૈષ્ણવના બત્રીસ લક્ષણ (૬) કીર્તનાદિ ખ્યાલ, રેખતા બજ છે (૭)

છપ્પનભોગવિધિ. (૮) રાજભોગ ઉતરબીડીનો ભાવ, ઈત્યાદિ બહુજ ગ્રંથ છે. આ પ્રમાણે શ્રીહરિરાયજી કૃત ગ્રંથો છે.

**શ્રીહરિરાયજીની દીનતા :** શ્રીહરિરાયજી એક સર્વ સમર્થ આચાર્યશ્રી હતા. વળી શ્રીઠાકોરજીનો પણ આપશ્રીને સાનુભાવ હતો, છતાં આપશ્રીની અનહદ દીનતા શિક્ષાપત્રમાં શબ્દે શબ્દે તરવરે છે. એક તરફ સાક્ષાત અનુભવ અને બીજી તરફ દીનતા, એ એક વિરૂદ્ધ-ધર્માશ્રય છે. જેમ કંસારમાં કે સામગ્રીમાં ઘી વધારે તેમ તે વધારે ઢીલી અને કોમળ હોય છે, તે પ્રમાણે જેમ ભગવદીયમાં રસ કે સ્નેહ વધારે તેમ તે દીનતાવાળો અને કોમળ હોય છે. કાચુ ફળ કઠણ હોય અને જ્યારે પાકું થાય ત્યારે તેમાં રસ ભરાય એટલે નરમ થાય છે. તેમ જ્યા સુધી રસ નથી ત્યાં સુધી હૃદય કઠોર હોય છે, અને રસની પ્રાપ્તિ થતાં તેનામાં દીનતા આવે છે. દયારામભાઈ કહે છે કે "જે કોઇ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે" જે પ્રેમ એટલે પ્રભુનો અંશ અવતરે છે તેનાજ હૃદયમાં પ્રભુનો રસ ઠરે છે, અને તે આપણે પ્રકટ જોઈએ છીએ. આપણે દીનતાનાં બણુગાં ફુંકનારા, કોમળતાની વાતો કરનારાઓ છીએ, પણ આપણામાં દીનતાની છાંટ પણ નથી. દીનતાનાપાત્ર વગર પ્રેમરૂપ દૂધ શામાં રહી શકે? ભકત ભગવદ્રસનો ભિખારી છે, તે સદાજ સદા ભગવદ્રસની પ્રાપ્તિની ભીખ માગતો ફરે છે. ભગવદ્ભકતમાં દીનતા સ્વાભાવિકજ જોઈએ, કૃત્રિમતાથી દીનતા ન આવે.

જે જે મહાન ભગવદીયો થઈ ગયા છે, તે સર્વ દીનતાના ભંડાર હતા. તેમણેજ જીવનની સફળતા કરી છે. સમતાના કે હુંપદના ટેકરા પર પ્રેમરસનું એક બિંદુએ રહેવું કઠણ છે. જળ જેમ નીચી જમીનમાં ભરાય છે, તેમ ભગવદ્રસ દીનતા રૂપી નીચાણવાળા હૃદયમાંજ રહેલો છે, દીનતાની વાતો કરવાથી દીનતા નથી પ્રાપ્ત થતી. વાતોથી કદી વાળુ કરીએ તો પેટમાં કશું આવે નહિં. એક ભગવદીય ગાય છે કે "બાતન પ્રીતી ન હોય સખીરી." હે સખી નરી વાતોથી પ્રીતિ ન થાય. દીનતાની પ્રાપ્તિ માટે કંઈ ઉપાય કરવા કે જે મોટાઓએ બતાવ્યા છે. વાતો કરવાથી કંઈ ન વળે.

શ્રીહરિરાયજીનું સ્વરૂપ આપણે જોઈએ તો આપણું હૃદય તેમની દીનતાથી વલવલી જાય છે, હચમચી જાય છે, ને ત્યાં આગળ આપણી અધમતા આપણી આંખ આગળ તરવરે છે, કે કયાં સંપ્રદાય અને કયાં આપણાં જીવન! શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં કહે છે કે ભકતોની એક દીનતાજ પ્રભુને સંતોષવાનું સાધન છે. સાધનની સંપત્તિથી કદી પણ કોઈને પ્રભુ પ્રસન્ન નહિંજ થાય. આટલું સમજાય તો એથી વધારે સમજવાનું રહેતુંજ નથી, શ્રીમહાપ્રભુજી ઢોલ વગાડીને કહે છે કે દીનતા એકજ પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન છે. ગમે તેટલા સાધન કરો, જપ, તપ, તીર્થ, નેમ, ધર્મ, નીતિ, વિગેરે પાળો, પણ દીનતા વગર તે બધાં એકડા વિનાના મીંડાંની જેમ નકામાં છે. ભકતની સાધન સંપત્તિ ભગવાન છે. તેની પ્રાપ્તિની ભાવના પ્રગટે ત્યારે દીનતા આવે.

હવે પ્રભુની પ્રાપ્તિ છતાં દીન રહે છે તેનું શું કારણ એવી શંકા કોઈને થાય તો ત્યાં પ્રાપ્તિમાં તે વસ્તુના થવાના વિયોગના દુઃખે દીનતા છે, અથવા સંયોગ પછી વિયોગ થતાં જેમ નિર્ધનને મળેલું ધન એકદમ નાશ પામે તો દીન બની જાય છે, તેવી તેની દશા થાય છે. એટલે એક તરફ અનુભવ અને એક તરફ દીનતા સાથેજ હોય છે. વ્રજભકતો કહે છે કે

[illegible]ના ધ્યાને ન ધરાયજી. સર્કરા સર્કરા કયેં મુખ મીઠું ન થાયજી " ભક્ત [illegible]નું આ કાવ્ય આપણને શું શિક્ષા આપે છે? જેમ ભોજનનું ધ્યાન ધરવાથી [illegible] ન આવે, તથા સાકર સાકર જપવાથી મોઢામાં ગળ્યું ન લાગે, તેમ દીનતાની [illegible]તાની પ્રાપ્તિ નથી થતી. તેને અનુભવવામાં કે ચાખવામાં જ સ્વાદ છે. જ્યાં [illegible]માં નથી ત્યાં સુધી કેવળ વાતોથી શો લાભ? જેના હૃદયમાં દીનતા નથી [illegible] સો વાતો સાંભળીએ, તો પણ આપણા હૃદય પર તેની કશી અસર થતી નથી, [illegible] વ્યવહાર કુશળ હોય, પ્રતિષ્ઠિત હોય કે વિદ્વાન હોય! એથી ઉલટું, એક [illegible] દીનભક્તના બે બોલ સાંભળતાં આપણું હૃદય દ્રવી જાય છે. તેથીજ તેની [illegible] છે. બે પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન એક દીનતાજ શ્રીમહાપ્રભુજી બતાવે છે તો [illegible] સાધન મુકીને દીનતાની પ્રાપ્તિનોજ પ્રયત્ન કરવો એ પુષ્ટિભક્તનું કર્તવ્ય છે. [illegible]ની પ્રાપ્તિ માટે દીનભક્તોનોજ સત્સંગ જોઈએ.

[illegible]ના હૃદયમાં મમતારૂપી ક્ષાર ભરેલો છે, જ્યારે દીનતાવાળાના હૃદયમાંતો [illegible] મિસરી રહેલી છે, તેથી તે ગળપણરૂપી સ્વાદ આવે છે. પ્રભુને આપણે મિસરી [illegible]થી ધરાવીએ છીએ. કીમતીમાં કીમતી વસ્તુ પ્રભુ છે, તેની પ્રાપ્તિ માટે [illegible] જોઈએ. હવે તેની પ્રાપ્તિ તો એકલી દીનતા વડેજ થાય છે, માટે કીમતીમાં [illegible] દીનતા છે. એમ કહેવું એજ સત્યતત્વ છે. દીનભક્તની વાણીમાં જે મિસરી [illegible] તેનાં કાર્ય માત્રમાં દીનતાનો ઓજસો હોવાથી તેમાં સ્વાદ હોય છે. ફળાઉ [illegible] રહે છે તેમ પ્રભુ રૂપ ફળવાળા ભક્તો, નમ્ર અને દીનજ હોય, આ બાબતમાં [illegible] છે કે "શ્રીવિઠ્ઠલનાથ વસે જીય જાકે. તાકી રીત પ્રિત છબી ન્યારી." જેના [illegible] શ્રીવિઠ્ઠલનાથ વસે છે, તેની રીત, પ્રીત અને છબી ન્યારી હોય છે. આમાં [illegible] ન્યારું બતાવે છે. રીત ન્યારી કહેવાનું કારણ એ કે તેની બોલવાની, [illegible]વાની તેમજ ક્રિયા માત્રની રીત ન્યારી હોય છે. બોલવાની રીત [illegible]વાનું કારણ એ કે તેના એક એક અક્ષરમાં દીનતા રૂપી મિસરી ભરેલી હોય [illegible] કોઈની લાગણી દુઃખાય તેવું બોલશે કે લખાશેજ નહિં. તે એવીજ વાણી બોલે [illegible] મિસરીનો પણો. મોટા પુરૂષોના ગ્રંથો જોઈએ છીએ તો શું માલમ પડે છે? [illegible] ને દીનતાજ! વાણીમાં, લખાણમાં કે વર્તનમાં કઠોરતા એ આસુરત્વ છે. [illegible]નામાં આસુરત્વ છે, તે બીજાનામાં દીનતારૂપી અમૃત શું રેડે?

[illegible]પ્રભુજી શ્રીપુરૂષોત્તમ છતાં શું વદે છે? કૃષ્ણાશ્રયમાંની આપની દીનતાની તો [illegible] છે. સપ્ત શ્લોકીની ટીકામાં શ્રીહરિરાયજી ખાસ નોંધ લે છે, કે અન્ય અવતારો [illegible]પ્રભુજીના પ્રાકટ્યમાં અધિકતા એટલીજ છે કે શ્રીમહાપ્રભુજી અનહદ દીનતા- [illegible] છે. બે ભગવાન શ્રીવલ્લભાચાર્યજીમાં અનહદ દીનતા છે, તો જીવમાં કેટલી જોઈએ? [illegible]મહાપ્રભુજીનું પ્રાકટ્ય શ્રીહરિરાયજી છે, માટેજ શ્રીહરિરાયજીમાં દીનતાના સાગરો [illegible] છે. પુષ્ટિભક્તની એક પણ ક્રિયા એવી નહિં હોય કે જેનાથી બીજાની લાગણી [illegible]લવું, ચાલવું બધુંજ કોમળ હોય છે.

[illegible] ન્યારી કહેવાનું કારણ એ કે તેની પ્રીત સર્વાત્મભાવવાળી હોય છે. તેને પ્રભુની [illegible] જીવનનું બીજું ફળ જણાતુંજ નથી. તેથી પ્રભુમાં તેની પ્રીતિ શીર સાટે

હોય છે, જ્યાં શિર સાટે પ્રીતિ કરી ત્યાં પોતાના પ્રિયતમ પ્રભુની સેવામાંથી તેને નિવૃત્તિ નથી મળતી કે જેને પરિણામે તે બીજી કોઈ લાલસા રાખી શકે, અથવા આખા જગતનો કાજી બને! તેને તો પોતાનું શોધન કરવાની વૃત્તિ હોય છે. વળી પ્રીત ન્યારી કહેવાનું બીજું કારણ એ કે તેને સઘળા પર સમાન વહાલ હોય છે. જેટલી તેને પોતાના આત્માપર પ્રીતિ હોય છે તેટલી સર્વપર હોય છે. આવો માણસ કદી બીજાના દોષ જુએ નહિં. બીજાના દોષ જોતી વખતે કોઈ પણ માણસ છોવાએલો છે, કારણ કે તેના હૃદયમાંથી પ્રભુ જતા રહ્યા છે, તેણે પ્રભુનાં દર્શન છોડીને દોષ રૂપ પાપનાં કે અસુરનાં દર્શન કર્યાં, અને પાપનાં દર્શન કરવાથી છોવાઈજ જવાય. સ્નેહી તો વિશ્વને ભગવલ્લીલા રૂપે જોઈ પ્રભુમાં મગ્ન રહે, તેનુંજ નામ પ્રીતિ અને સર્વોત્તમભાવ. આ ભકિતનું પહેલું પગથીયુંજ ન ચઢીએ, ત્યાં ઠેઠની તો વાતજ શી?

હવે છબી ન્યારી કેમ કહી? છબી ન્યારી કહેવાનું કારણ એ કે તેના મુખ પર અમૃતના ઓજસો ભરેલા હોય. શ્રીવલ્લભકુળ પાસે આપણે દોડતા કેમ જઈએ છીએ? એ કોમળ મુખારવિંદોમાં અમૃત ભરેલાં છે, સ્નેહીઓ તેનું દૃષ્ટિ વડે પાન કરવા જાય છે. સ્નેહીને સ્નેહીના દર્શનમાં આનંદ આવે છે, પુષ્ટિભકતની દૃષ્ટિ અમૃત જેવી હોય, જેના પર નજર નાખે, તેના પર જાણે માનો અમૃતનો કુંપો ઢાળતો હોય એમ લાગે. કહેવાનું તાત્પર્ય એ કે શ્રીવીઠ્ઠલનાથ જેના હૃદયમાં વસે તેનું સર્વ પ્રકારનું વર્તન અમૃતમય બને, તેના વર્તનમાં અનહદ કોમળતા હોય, જેટલે અંશે હૃદયમાં પ્રેમ તેટલે અંશે કોમળતા ને દીનતા.

વધારે શું કહેવું? આપણા શ્રીકૃષ્ણ પણ દીન બનીને ભકતને વશ થઈ ગયા છે ને! ભકત જગાડે ત્યારે જાગે, પોઢાડે ત્યારે પોઢે, જે આરોગાવે તે આરોગે ને જેવાં વસ્ત્ર પહેરાવે તેવાં પહેરે, એ કેટલી આધીનતા! જેમ દીન કોઈને આધીન રહે તેમ ભકતના પ્રેમને લીધે પ્રભુ દીન બની આધીન થઈ ગયા છે, પોતાનું ઈશ્વરત્વ પણ છુપાવી દીધું છે. ગોપીજનોની દીનતા ને પ્રેમ જોઈ પોતે શું કહે છે? બ્રહ્માના યુગો સુધી હું તમારૂં દાસત્વ કરૂં પણ તમારા પ્રેમનો બદલો મારાથી નહિં આપી શકાય. દીનતાનાં અવધિનો એક દાખલો અહીં આપવો ઠીક પડશે. એકવાર પ્રભુ વ્રજભકતને ત્યાં પધારે છે, ને દ્વાર ખોલવાનું કહે છે. આ વખતે વ્રજભકત પૂછે છે કે તમે કોણ છો? આ સાંભળી શ્રીઠાકોરજી એક દોહરો બોલે છે કે:—

"દીન ઠાડો હે દ્વારપેં, દેહો દાન કછુક,
દ્રગ ઝોરીમેં ડારીએ, દર્શન ભિક્ષા ટૂક.

**ભાવાર્થ:**– પ્રભુ કહે છે કે, હું દીન એટલે ભીખારી બારણામાં ઉભો છું. માગણ માગવાને આવ્યો છું, તો કશુંક દાન આપો. કંઈક ટુકડો નાખો! અહીં ભકત પૂછે છે કે માગણ આવે તેની પાસે તો ભિક્ષાનું કંઈ પાત્ર હોય, તમારી પાસે તેવું કંઈ નથી. પ્રભુ કહે છે કે મારી પાસે ઝોળી છે, આ મારી આંખો તે મારી ઝોળી છે. અહીં વળી ભકત શંકા કરે છે કે આપની આંખો રૂપ ઝોળીમાં કશું ધરીશું તો આપને ઇજા થશે. તો પ્રભુ કહે છે કે મારે કોઈ બીજી વસ્તુ નથી જોઈતી, ભિક્ષામાં, દાનમાં માત્ર દર્શનની ટુક નાખો. મતલબ કે મને દર્શન આપો. આ શું

[illegible] દીનતાના સાગરમાં ભગવદીયનું હૃદય પીગળીને એકરસ થઈ જવું જોઈએ. [illegible] દીનતામાં સ્વાદ છે. પ્રભુને તેવી દીનતામાં આનંદ આવે છે. પ્રભુ પણ [illegible] માટે શ્રીયમુનાજીનું સ્તવન હંમેશાં કરે છે. શ્રીઠાકોરજી પણ દીનતાની [illegible] શ્રીયમુનાજીને શરણે રહે છે ને સદા શ્રીયમુનાજીનું ભજન કરે છે ! છેવટે [illegible] કે શ્રીહરિરાયજી તો મહાપ્રભુજી છે, આપશ્રી સર્વ રીતે પૂર્ણ છે, માટેજ [illegible] કોઈ સતીનું સતીત્વ ઈન્દ્રનું ઈન્દ્રાસન ડોલાવે; વા જેમ કોઈ સંતપુરુષનું [illegible] ડોલાવે, તેમ શ્રીહરિરાયજીની દીનતા ચૌદ બ્રહ્માંડને ડોલાવે. પોતે શ્રીવલ્લભ [illegible] છે. છતાં શિક્ષાપત્રમાં કહે છે કે હું ગુરૂ થયો, તેથી મારામાં બડપણ [illegible] શો લાભ થયો ? ઉલટી મમતા આવી. શું આ દીનતાની અવધિ નથી ? [illegible] પત્રમાં ડગલેને પગલે છે, માનો દીનતાના અનંત ટુકડા કરીને જાણે હારો- [illegible] વીને એક ફળરૂપ ગ્રંથ તૈયાર કર્યો છે, નિઃસાધાનતાની પ્રાપ્તિ માટે [illegible] મનન સિવાય બીજો ઉપાય નથી. નિઃસાધનતા વગર દીનતા નથી, દીનતા [illegible] નથી અને વિરહ વગર પ્રભુની પ્રાપ્તિ નથી. આ સર્વ વસ્તુ શિક્ષાપત્રમાંથી [illegible] છે.

**[illegible] ની પ્રાપ્તિનાં સાધન :** દીનતાની પ્રાપ્તિના સાધનમાં (૧) શ્રીયમુનાજીનું [illegible], (૨) મમતાનો ત્યાગ, (૩) નિર્દોષ દ્રષ્ટિ (૪) સર્વાત્મભાવ (૫) પોતાના દોષનો [illegible] હંસવૃત્તિ ને (૭) સત્સંગ. દીનતાની પ્રાપ્તિમાં પહેલું સાધન શ્રીયમુનાજી કહ્યું [illegible] કે શ્રીયમુનાજી નિર્ગુણ છે. મમતાનું કારણ સત્વગુણ, રજોગુણ અને તમોગુણ [illegible] શ્રીયમુનાજીમાં પ્રીતિ હોવાથી તે દૂર થઈ જાય છે. શ્રીયમુનાજીનું વહન [illegible] વહન નથી પણ દીનતાના રસનું વહન છે. ખરેખર દીનતા પીગળીને વહન [illegible] છે! તેમાં સ્નાન અને પાનથી અંતર અને બહાર દીનતાની પ્રાપ્તિ થાય છે. જેમ [illegible] પ્રેમ આવતો જાય તેમ તેમ તેનામાં દીનતા આવે છે. હવે એવા પ્રેમનું કે [illegible] પણ શ્રીયમુનાજી છે. શ્રીયમુનાસ્નાન અને શ્રીયમુનાપાન એટલે સ્નેહમાં [illegible] સ્નેહનું પાન છે. જે જેમાં નહાય અને પીએ, તેનામાં તે આવે એ સ્વાભાવિક [illegible] પ્રાપ્તિ સ્નેહી ભક્તોનો સત્સંગ પણ કરાવે છે. જે સ્નેહ કે પ્રેમની વાતો કરે [illegible] સ્તુતિ કરે છે, તેને સ્નેહ દેવ પ્રસન્ન થાય છે. **સ્નેહ એ દેવ છે, દેવા- [illegible] છે, કે જેના વડે પ્રભુની પ્રાપ્તિ થાય. માટે સ્નેહનું સ્મરણ ભજન કરવું [illegible] સ્નેહ પ્રસન્ન થઈ આપણા પર કૃપા કરી દીનતાની પ્રાપ્તિ કરાવે,** [illegible] વડે શ્રીયમુનાજીના સ્વરૂપની ખબર પડે ને શ્રીયમુનાજીની કૃપાની પ્રાપ્તિ [illegible] પ્રાપ્ત થાય, દીનતાથી વિરહ અને વિરહથી ભગવત્પ્રાપ્તિ થાય.

[illegible] પ્રાપ્તિમાં બીજું સાધન મમતાનો ત્યાગ છે. આ વાત બહુજ ભારે છે. સર્વ [illegible] સુધી મમતા ન છુટે. બ્રહ્મસંબંધ લેતાંજ મમતા છુટવી જોઈએ પણ તે નથી [illegible] કે ભવોભવથી હૃદયમાં પેઠી છે, એકદમ કેમ નીકળે ? સત્સંગ વડે તેનો નાશ [illegible] અને મમતા જીવનમાં ઝેરી નાગણો છે, જેમ નાગણોથી આપણે ડરીએ તેમ [illegible] થી ડરવું જોઈએ. મોટા મોટા ભગવદીયો મમતાના ત્યાગ માટે દીનતા કરે [illegible] જેવા મહાનુભાવીઓ પણ મમતા તજીને શ્રીમહાપ્રભુજીનું શરણ સ્વીકારે છે.

"અબ મેં નાચ્યો બહોત ગોપાલ." પ્રથમ દ્રષ્ટિ પડતાંજ શ્રીમહાપ્રભુજીનું 'ભક્તિ માર્ગાબ્જમાર્તંડ' સ્વરૂપ પિછાને છે, ત્રણ કાળનું જ્ઞાન થાય છે, તેથી એક લીટીમાં બધો ભૂતકાળ બોલે છે કે હે ગુપાલ! એટલે અજ્ઞાનરૂપ અંધકારમાંથી ભક્તિમાર્ગાબ્જમાર્તંડ સ્વરૂપ વડે પ્રકાશ કરી બચાવી સચું જ્ઞાન આપનાર પ્રભુ! હું આજ સુધી બહુ નાચ્યો. આમ મોટા મોટા ભક્તો પ્રભુના સ્વરૂપને ઓળખે છે ને અનુભવે છે, આપણી શી સ્થિતિ છે? આપણી આજુબાજુ તો અહંતાના વાદળાં ઘેરાયેલાં છે, તેમાં દિવ્યતાનું કણ ક્યાંથી જડે?

પ્રિયતમ વગરની બીજામાં મમતા એજ અન્યાશ્રય છે. અને જ્યાં સુધી દેહાતીત દશા નથી ત્યાં સુધી મમતા છુટીજ નથી એમ કહી શકાય. પ્રેમ આસક્તિ અને વ્યસનની પ્રાપ્તિ, પ્રભુ સિવાય બીજી વસ્તુનું જ્ઞાન રહેતાં સુધી નથી થતી. જીવે વિચારવું તો ઉંચામાં ઉંચા ફળનો શ્રીમહાપ્રભુજીના શરણમાં રહીને વિચાર કરવો જોઈએ અને એવા વિચારથી મમતા આપોઆપ છુટી જાય, જે વસ્તુનો ભૌતિક સંબંધ છે. તે તૂટવાનોજ છે. આત્માનો સંબંધ સાચો છે. તો જે સંબંધ તૂટવાના છે, તેમાં મમતા શી? આ દેહ પણ એક દિવસ છોડવાની છે, તો જેને એક દિવસ ફેંકી દેવાની છે તેની મમતા શી? આમ વહાલામાં વહાલી દેહ લાગે છે, તેમાંએ મમતા નહિ જોઈએ તો પછી બીજી કઈ ચીજમાં મમતા? જેમાં આત્માનું કલ્યાણ છે તેમાં મમતા જોઈએ. ત્રણમાં આપણું કલ્યાણ છે, હરિ, ગુરૂ અને વૈષ્ણવની દીનતા પૂર્વક ટહેલ એ આત્મકલ્યાણનું સાધન છે. તેમાં મમતા જોઈએ, અને તે મમતા દીનતા પૂર્વક જોઈએ. આ ત્રણમાં મમતાનો અર્થ એ કે ઉત્સાહથી તેમની ટેલ અનહદ પ્રીતિપૂર્વક કરવી. આ સંબંધી બાબત મહત્યાગના હેતુમાં વિસ્તાર પૂર્વક વિચારી છે એટલે અહીં ટુંકમાંજ પતાવીશું. છેવટે એટલુંજ કહેવું બસ છે કે જીવે પોતાના આત્માનું શોધન કરવું, અને ક્ષણે ક્ષણે શામાં તેની મમતા છે તે વિચારવું એટલે તે પકડાતાં તેમાંથી મન નિવૃત્ત કરાય.

દીનતાનું ત્રીજું સાધન નિર્દોષ દ્રષ્ટિ છે. આ બાબતમાં આપણે હાસ્ય પ્રસંગોની પ્રસ્તાવનામાં ખૂબ વિચાર કર્યો છે. પણ અહીં પણ લગાર વિચારીએ બીજાના દોષ કોણ જુએ તેજ પ્રથમ જોઈએ. તો જેની પ્રભુમાં પ્રીતિ નથી તેજ બીજાના દોષ જુએ છે, વા જેની દ્રષ્ટિ મલીન છે તેનેજ સર્વત્ર દોષ દેખાય છે. શુદ્ધાદ્વૈતભાવ દોષ ન દેખી શકે, દ્વૈતભાવજ દોષ દેખે, જે એમ જાણે છે કે પ્રભુ નટવર છે ને તે આ વિશ્વને પોતે ગારૂડી બનીને માંકડાને નચાવે છે તેમ જીવો રૂપી અનંત માંકડાને ચાલાક અને બાહોશમાં બહોશ ગારૂડી એક સાથે નચાવી રહ્યો છે. તે વિચારી દોષ ન દેખે. આટલું સમજતાં જીવ જ્યાં ને ત્યાં સર્વાત્મભાવની નજરથીજ જુએ છે. બે ચક્ષુરૂપી ચીપીઆ વડે તે જ્યાં દ્રષ્ટિ પડે ત્યાંથી પ્રભુજીનેજ વીણે છે. "નજરે ને નજરે હું તો પ્રભુજીને વીણું, દિવ્ય નજર થકી નીરખીને જાણું" સંતપુરૂષની સ્નેહી દ્રષ્ટિ સર્વત્ર બિરાજેલા પ્રભુનેજ નિરખે, કોઇ પણ વસ્તુ પર નજર પડતાં તેનો પ્રભુ સાથેનો સંબંધ વિચારવો એજ ભાવના છે. શ્રીગોકુલનાથજીને એકવાર એક ભગવદીયે પૂછ્યું કે રાજ, આ દુનીયામાં દોષ કેમ દેખાય છે? આ વખતે આપે કહ્યુ કે દ્રષ્ટિમાં દોષ છે. જેની દ્રષ્ટિ મલીન છે તેજ દોષને જુએ છે. જેની દ્રષ્ટિ બ્રહ્મવાદી છે, તે સર્વત્ર લીલાનોજ અનુભવ વિચારે છે. આ બાબતમાં શ્રીગોકુલેશ એક હાસ્ય પ્રસંગ આપે છે કે એક કોઈ સરદાર હતો, તેને લકવાનો રોગ થયો. આથી તેનું મોઢું વાંકું થઈ ગયું,

તે હજામત કરાવવા હજામ પાસે બેઠો. હજામે સરદાર સાહેબને મોં જોવા આરસી આપી. આરસી સુંદર બીલોરી કાચની હતી, તેમાં લકવાથી વાંકું થઈ ગએલું સરદાર સાહેબનું મોં દેખતાજ સરદાર સાહેબે હજામ સાથે લડાઈ જોડી. કહે છે કે તારી આ આરસી નઠારી છે, મારૂં મોઢું વાંકુ દેખાય છે. આ સાંભળી હજામે કહ્યું કે સરદાર સાહેબ, આરસી તો બીલોરી કાચની સુંદર છે, પણ આપનું મોઢુંજ વાંકું છે, આટલું સાંભળતાં સરદાર સાહેબ એકદમ ચીડાઈ ગયા. ને ગમે તેમ બોલવા લાગ્યા. એટલે હજામે હાથ જોડીને કહ્યું કે સરદાર સાહેબ ! ખીજાશો નહિં, આપ ન્યાય કરાવો, ચાર જણને પૂછો કે આ આરસી ખરાબ છે કે આપનું મોઢું વાંકું છે ? સરદારે ચાર જણને બોલાવીને પૂછ્યું તો ચારેય જણે કહ્યું કે સાહેબ આપનું મોંજ વાંકું છે. આમ છતાં સરદારે ન માન્યું. શ્રીગોકુલેશે કહ્યું, આપણી દશા આવી છે. પ્રભુમાં એવા નિમગ્ન રહેવું જોઈએ કે બીજાની નવરાશજ ન મળે, પણ તે આપણા માન્યામાં નહિજ આવવાનું. આપણી દૃષ્ટિ વાંકી દૃષ્ટિ વાંકુજ દેખવાની, સીધું નહિજ જોવાની. જો સીધું એટલે નિર્દોષ દૃષ્ટિએ જુએ તો તો તેનું કામ થઈ જાય. પણ આ નિર્દોષ દૃષ્ટિ એ તો ભારે માત્રા છે, પચાવવી બહુ વસમી છે, "સોમવલ્લી રસપાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે, વગળ ...ને વમન કરાવે વેદ વાણી ઓચરે-પ્રેમ રસ તેના ઉરમાં ઠરે." જે સ્વભાવિક પ્રેમી છે તેનીજ આવી સર્વાત્મભાવી દ્રષ્ટિ રહે છે. સ્વભાવિક સ્નેહ વગરની કૃત્રિમતાથી કશું પ્રાપ્ત થતું. માત્ર વાતો કરાય છે. પણ અનુભવ નથી થતો. માત્રા ત્યારેજ પચે જ્યારે કે ...પ્રભુજી રૂપ વિરહાગ્નિ હૃદયમાં બિરાજે તો. સર્વાત્મભાવરૂપ માત્રા પણ ત્યારેજ પચે ...આનંદ આનંદ થઈ રહે.

હવે સર્વાત્મભાવ કેમ થાય તે વિચારીએ. જગતયંત્ર છે.ને પ્રભુ યંત્રી છે. જગત એક મીલ છે ને પ્રભુ ઈન્જીનીયર છે. જેમ મીલને જ્યાં જેની જરૂર ત્યાં તે વસ્તુ મુકી ઈન્જીનીયર ગોઠવે છે, તેમ પ્રભુએ આ જગતને જ્યાં જેની જરૂર ત્યાં પૂર્વેના સંબંધ પ્રમાણે મૂક્યું ...ી આ અહી કેમ ને આ અહીં કેમ તેનો પ્રશ્નજ નથી રહેતો. ઈજીનીયર જેમ ચલાવે તેમ ચાલે છે, તેમ આ વિશ્વરૂપી મીલને ગોઠવી પ્રભુ તેને ચલાવે છે. મીલ ...માં કોઇ પૈડું આમ ફરે ને કોઈ તેમ ફરે છે, પછી કોઇ કહે છે કે આ બાજુ આમ ...ફરે છે ને આ પેલી બાજુ કેમ ફરે છે તો કહે કે તેને તે પ્રમાણે ફેરવવાની જરૂર હોવાથી ...ફરે છે. આમ છતાં કોઇ કહે કે આ પૈડું ખોટું ફરે છે, આ અવળું ફરે છે. તો ઈજીનીયર ખીજે. તેજ પ્રમાણે પ્રભુની આ જગતરૂપી મીલ પણ પ્રભુ ઈજીનીયર બની ચલાવી રહ્યા છે, તેને તેજ દ્રષ્ટિએ જોવી એ સર્વાત્મભાવ. પ્રભુ નટવર છે. તે જગતને ખુશી પડે તેમ નચાવે છે, જેને જે વેષ ભજવવાનો પ્રભુ પોતે આપે તે તે વેષ તે ભજવે, તેજ ...લીલા છે.

જ્ઞાન એટલે શું ? જ્ઞાન તેનુંજ નામ કે પૂર્વેનો સંબંધ વિચારે. જેમ મીલમાં જે ...ને જ્યાં ગોઠવવાની હોય તે વસ્તુનું રૂપ તેવુંજ ઘડવામાં આવે છે, તેમ પ્રભુ જરૂર ...વસ્તુની ઘડી પૂર્વના સંબંધ પ્રમાણે મૂકે છે, આવું જ્ઞાન થાય તે જ્ઞાન છે, પછી ...વાનો હકજ નથી રહેતો. પણ આ વાત અનુભવવી મહા મુશ્કેલ છે. આ વાત ...કપોલ કલ્પિત નથી કરતા, આ તો ખાસ સિદ્ધાંતનીજ વાત છે. આનાથી ઉલટી

વાત કે ઉલટા વિચારો માયાવાદ. બાબત આટલી બધી વિસ્તારથી આપવાનું કારણ એ કે તે પ્રમાણુસર અનુભવાય. આ વાંચતાં કે વિચારતાં પોતાની સ્થિતિની ખબર પડે. હવે પોતાના દોષના સંબંધમાં વિચારીએ. જ્યાં સુધી આપણને પ્રભુનો સાક્ષાત સાનુભવ નથી થયો ત્યાં સુધી આપણે પોતેજ દૂષિત છીએ, ત્યાં પછી શું વિચારવું ? દુષ્ટ તેજ કે ઇષ્ટથી દૂર. જેનામાં દોષ હોય તે ઇષ્ટથી દૂર રહે. આપણે જ્યાં સુધી સાક્ષાત અનુભવ નથી ત્યાં સુધી આપણે દુષ્ટ છીએ. કદાચ આપણે આપણા વિચાર પ્રમાણે આપણને સારા માનતા હોઈએ, પણ પ્રભુએ આપણને સારા નથી માન્યા. જો માન્યા હોય તો સાનુભવ હોયજ. જ્યાં આપણી દશા આવી ત્યાં બીજાનો શો વિચાર ? દોષ એ ચોર છે, ચોર જેમ ઘરમાં ખૂણે રાત્રે ભરાઈ રહે તેમ હૃદય રૂપી ગુફામાં દોષરૂપ ચોર છુપાઇ રહ્યા છે. જેમ રાત્રિનો અંધકાર સૂર્ય ઉગતા જતો રહે એટલે ચોર પકડાઈ જાય, તેમ શ્રીમહાપ્રભુજીરૂપ ભક્તિમાર્ગાબ્જમાર્તંડ સ્વરૂપ હૃદયમાં પ્રવેશતાં અજવાળું થાય, એટલે દોષરૂપ ચોર પકડાઇ જાય, એટલે તેને પકડીને બહાર કાઢી મુકાય.

જ્યાં સુધી મનમાં મોટાઈ કે બડપણ છે ત્યાં સુધી પ્રભુ સો કોસ એટલે હજારો કોસ દૂર છે. પ્રભુની કૃપા થઈ કયારે જણાય કે જ્યારે પોતાના દોષ સૂઝે, અને ત્યારે જાણવું કે પ્રભુની કૃપા થઇ. આમ મોટા મોટા અનુભવીઓ કહે છે, પણ પેલા સરદાર સાહેબના જેવી આપણી દશા છે, એટલે આપણે આવા ન્યાયી ને અનુભવીઓનાં કથન નહિ માનવાનાં, બીજાનાજ દોષો જોવાના. ને આપણને સૂર્ય જેવા શુદ્ધ માનીનેજ બોલવાના. પ્રભુએ કૃપા કરી કયારે કહેવાય કે જ્યારે પ્રભુ હૃદયમાં પધારે, અજવાળું થાય ને પોતાના દોષ દેખાય, અને દીનતા આવે. સૂરદાસજી શું કહે છે ? "હોં પતિતનકો ટીકો, હોં પતિતનકો નાયક." સૂરદાસજી જેવા સંપ્રદાયના જહાજરૂપ આમ બોલે છે. ને આપણે તો જાણે સૂરદાસજીથીએ ઉત્તમ હોઈએ તેમ મમતા રાખીએ, તે આપણી કેટલી અધમતા? "જીતની રવિ છાયાકી કણીકા તિતને દોષ હમારે," આ ભગવદીયો શું કહે છે ? સૂર્યના કીરણો પડે છે તેમાં અણુઓ હાલાહાલ ફરે છે, તેને રવિછાયાની કણિકા કહે છે. એક કીરણમાં એવી અબજોની અબજ હોય છે, તેવી આખા બ્રહ્માંડોમાં કેટલી હોય ? ભગવદીય કહે છે કે મારામાં તેટલા દોષ છે, તે દોષ સામે ન જોવાને માટે ભગવદીય તે પ્રભુ સમક્ષ રજુ કરે છે. આપણી શું દશા ? દયારામભાઈ પ્રભુને કહે છે કે આપની ને મારી લડાઈ થાય, આપના ગુણોની ને મારા દોષની, તો જરૂર મારા દોષો જીતી જાય. મતલબ કે આપના ગુણોનો પાર નથી, પણ મારા દોષો તો આપના ગુણોથી પણ કોટાનકોટિ ગણા વધારે છે. દયારામભાઈનાં આવાં પદો આપણે રાત દિવસ ગાઈએ, પણ આપણામાં તેનું શું ? દયારામભાઈ પોતાના દોષો કાવ્યોમાં ગણાવે, ત્યારે આપણે બીજાના દોષો ગણાવીએ. આપણામાં દોષો હોયજ કયાંથી ? જુલમની વાત છે કે "પરોપદેશે પાંડિત્ય" આપણે કરીએ છીએ. **પારકાનાં દોષ જોવામાં આપણી બે આંખોની ચાર આંખો થાય છે, ને આપણા દોષો આપણે જાણતા હોઇએ છતાં તેને જોવામાં બે આંખો મોટી તપેલાં જેવી છતાં આંધળા છીએ.** પછી દીનતા કેમ આવે ? કૃપા કેમ કરે ? મૂળ સિદ્ધાંત કયાં છે, ને આપણે કયાં જઇએ છીએ ! જવું છે વ્રજમાં કે ગોકુળમાં, અને મુંબઈ જતી ટ્રેનમાં રાજનગરથી બેસવું છે, પછી ગોકુળ શી રીતે પહોંચવાનું ? ઘણા ના

સમતાળું જીવ નહિં માનવાનો ! એ તો મુંબઈની ગાડીમાંજ બેસવાનો ! આવે તો તાળું ખોલી ત્રિજોરીમાંથી બધું મળે. સત્સંગ એ ચાવી છે. તેના ખોલી શ્રીમહાપ્રભુજીરૂપ ત્રિજોરીમાંથી લીલારૂપ ધનની પ્રાપ્તિ થાય. પણ મોટા- ઓનો અનુભવ કરીએ તોજ બને.

હંસવૃત્તિ ને સત્સંગ. હંસવૃત્તિ એટલે હંસ જેમ દૂધ અને પાણી એકઠાં કરી હોય તેમાંથી દૂધ પી જાય છે ને જળ પડતું મૂકે છે, તેમ આપણે સર્વમાંથી ગ્રહણ કરવા. સુપડું સાર સાર લઈ લઈ છોડાં, ફોતરાં ફેંકી દે છે. જ્યારે ચાયણી લોટ ફેંકી દઈ પોતાની પાસે ચળામણ, છોડાં, ફોતરાં, રાખે છે. આપણે ચાળણી જેવું પણ સુપડા જેવા થવું. ગુણ અને દોષ એ આપણુને આપણી દૃષ્ટિ પ્રમાણે છે. કેટલીકવાર જો આપણુને નુકસાન થતું લાગતું હોય તો ગુણો પણ દોષ દેખાય ને લાભમાં અવગુણ પણ ગુણ લાગે છે. પ્રેમ દૃષ્ટિ એ બેઉથી ઉલટીજ છે. પ્રેમદૃષ્ટિ સર્વમાં (પ્રેમ એટલે ઇશ્વર અને વૃત્તિ એટલે જોવાની ટેવ ) કંઈ ઓર વસ્તુ દેખે છે જેની પ્રેમવૃત્તિ છે તેને દેખતાં ક્રૂર અને વિક્રાળ પ્રાણીઓ પણ વેરવેર મૂકી દે છે. સર્વાત્મ- ભાવના વિશ્વને પ્રેમદૃષ્ટિ વડે જીતી શકે છે. સર્વાત્મભાવે પ્રભુની સેવામાં મહાલતો વિશ્વરૂપ વિરાટપ્રભુ પણ તેના પર પ્રસન્ન રહે છે. કદાચ કંઇ તેવા ભકતો પ્રત્યે વેરનું ઉત્પન્ન થએલું કંઈ લાગે પણ તેમાં તેવા ભકતોનું માહાત્મ્ય પ્રકટ કરવાને વિરોધ મૂકે છે. શ્રીમહાપ્રભુજી જેવા વિશ્વપ્રેમીને દેવાબાઈ જેવી ડોશી વિરોધી કેમ પણ એ રીતે પોતે જીવને સહનશીલતાનાં સૂત્રો શીખવે છે, ને સહનશીલતાનું ને માહાત્મ્ય પ્રકટ કરે છે, શ્રીગોકુલેશ ચિદ્રૂપ જેવા વિરોધીને એકજ ફુંકે ઉરાડીને સાતમાં પાતાળમાં ફેંકી દે, પણ પ્રભુને તો તેની જોડે વિરોધ કરીને ખેલવું છે, નાટક કરવું છે. પ્રવાહી ને મર્યાદા જીવોને મનુષ્યનાટક બતાવવું છે તેથી તેવું બધું કરીને ચરિત્રો પ્રકટ કરે છે, ઇશ્વરત્વ જણાવે છે. કહે છે કે,

> "સહેન બરાબર રહેન નહિ, જો મન કર લે સહેન;
>
> સહેન સબનકો સાર હે, યે વલ્લભકી કહેન,

જો મન સહન કરી લે તો સહનશીલના બરાબર રહેણી કરણી બીજી ઉત્તમ એક પણ નથી. સહનશીલતા એ સર્વનો સાર છે. શ્રીમહાપ્રભુજી કહે છે, **સાચો સંત તેજ કે આસમાનમાંથી પોતાના પર આભ તૂટી પડતુ નજરે દેખે તોઃપણ હસ્યાજ કરે.** ... તો તેથી પણ આગળ પ્રભુમય દૃષ્ટિ હોવાથી તેને આભ તૂટી પડતું ન દેખાય, તેને તેની ખબર જ ન રહે. આવી સ્થિતિ વગર ને આત્મત્યાગ વગર ભકિતરસનો ખરો સ્વાદ નથી માલમ પડતો. જગતમાં આપણી આજુબાજુ બનતા જીણા મોટા બનાવમાંજ ... નિરખ્યા કરીએ, ને તેનીજ ભાંજગડોમાં જીવન ગાળીએ, તો પછી પ્રભુ ભકિતનો લાભ ક્યારે લેવાના ? શ્રીહરિરાયજી બીજા શું કરે છે તે નથી જોતા, પણ ભકિતમાં મગ્ન રહી જે ભાવનો ભંગ થાય તેનાથી ડરીને દૂર રહે છે, પણ તેનો દ્વેષ કંઈજ હૃદયમાં નથી. વધારે શું કહેવું ? જો દરેકે માણુસ પોતે પોતાને સાંચવે તો આખી દુનીઆની ઝગડા ઝઘડો તેજ ક્ષણે મટી જાય. શ્રીમહાપ્રભુનું આવુંજ કથન છે. દરેકે સેવા ભાવે પોતાની

ફરજ નિમિત્ત બનીને બજાવવી અને તેમાંજ તલ્લીન રહેવું એવું શ્રીમદાચાર્યચરણનું કથન છે. બીજાને સાચવવા જવામાંજ દુઃખ છે, પોતે પોતાની ફરજ નથી અદા કરતો, અને બીજા કેમ નથી અદા કરતા તેની ભાંજગડો કરવી છે, એ નાવ શી રીતે કીનારે પહોંચવાનું? આથી ઉલટું એટલુંજ જરૂરી છે કે આપણે આપણા કલ્યાણને માર્ગે ચાલ્યા જવું એટલે જેને તત્ત્વનું જ્ઞાન હશે તે તે માર્ગ ગ્રહણ કરશે. શ્રીમહાપ્રભુજીએ કહેણી ને રહેણી સરખી રાખી તેથી જીવો વગર ઉપદેશે નિરખતાંજ શરણે આવી જતા, અને તરતજ તે રસ્તો ગ્રહણ કરતા. તેથીજ "આપ સેવા કરી શીખવે શ્રીહરિ" આમ મહાનુભાવી ગોપાળદાસજી ગાય છે. સેવા કરીને શીખવે છે, માત્ર કહીને નહિં. હવે સત્સંગ તરફ વળીએ.

શ્રીહરિરાયજી ક્ષણે ક્ષણે સત્સંગનું મહાત્મ્ય બતાવે છે. સત્સંગને માટે આપ તલસે છે. સત્સંગ સર્વનો સાર છે. સત્સંગરૂપી જીભ વડે પ્રભુનો રસાસ્વાદ ચાખી શકાય છે, પણ સત્સંગનો અર્થ અથવા ભાવ ક્યારે સધાય ? જ્યારે સર્વાંશે એક રસ સત્સંગ મળે ત્યારે. શ્રીહરિરાયજી પાસે બ્રહ્મસંબંધ વગરનો કોઈ માણસ નહિં હોય. બ્રહ્મસંબંધથી વૈષ્ણવત્વ વિચારીએ તો શ્રીહરિરાયજીની આજુબાજુના બધા માણસો વૈષ્ણવજ હશે, પણ તેના સંગને શ્રીહરિરાયજી દુઃસંગ ગણે છે. એટલે ખરી રીતે વૈષ્ણવને વૈષ્ણવનો પણ દુઃસંગ છે. જેના ભાવો અને રહેણી કરણી તથા વૃત્તિ ન મળતી આવે તો તે પણ સત્સંગ નથી. શ્રીહરિરાયજીની વૃત્તિને અનુકુળ કદાચ આજુ બાજુનો સમાજ નહિ પણ હોય, અને વૈષ્ણવ છતાં જો ભાવમાં અનુકુળ ન હોય તો તેનો સંગ પણ સત્સંગ નથી આથીજ મહાનુભાવીઓ કહે છે કેઃ

મન મીલે ઈષ્ટ મીલે, મીલે ભજન રસરીત,
તાહિકે સંગે કીજીએ, ખાન પાન ઓર પ્રીત,

સત્સંગ કેવો જોઈએ ? પ્રથમ મન મળે, એટલે મન એક વિચારનું એટલે એક વૃત્તિવાળું હોય. પણ પ્રથમ મન મળવું જ કઠણ છે. મન મેળાપ કયાંથી ? હવે કદાચ મન મેળાપી મળે તો ઈષ્ટ ન મળે. ઇષ્ટ એટલે ઇષ્ટદેવ એક ન હોય, કોઇની કોઈમાં પ્રીતિ હોય ને કોઈની કોઈમાં પ્રીતિ હોય. હવે કદાચ ઇષ્ટ એટલે ભજનિક દેવ પણ એક હોય છતાં ભજનની રસરીત ન મળે, એકની મુખારવિંદમાં ને બીજાની ચરણારવિંદમાં આસક્તિ હોય, તો પણ સત્સંગમાં સ્વાદ નહિં. આ વસ્તુ બહુ સુક્ષ્મ છે. ઉપરના ત્રણે ભાવ મળતા હોય એવો સત્સંગ નહિ મળવાથી વારંવાર દુઃખ થાય છે. મહાન ભગવત્કૃપા થાય તો તેવો સત્સંગ મળે. જો વાત ન સમજી શકે તો તે પણ દુઃસંગ. નંદદાસજી પંચમંજરીમાં કહે છે કે "વાત અવર, કછુ અવરહિ બૂજે." વાત હોય કંઈક ને લઈ લે કઈક, એટલે અર્થમાં વિપરીતતાજ આવે. આપણું હૃદય નાનકડા શરીરમાં નાનકડું છતાં તે સાગર જેવું વિશાળ હોય તોજ વિશ્વવ્યાપી પ્રેમધર્મ, ઈશ્વરધર્મ કે પુષ્ટિમાર્ગ આપણે સમજી શકીએ. પ્રથમ તો જીવથી આખા જીવનમાં સ્વકર્તવ્યનોજ નિર્ણય નથી થતો ત્યાં બીજી તો વાતજ શી ? સ્વકર્તવ્ય જે ભક્તિ તેનોજ જો નિર્ણય થતો હોય તો બીજા કાર્યોમાં સ્વાદજ કેમ આવે ?

મન મળવું, ઈષ્ટ મળવો અને ભજનના રસની રીત મળવી એ તો કઠણ છે, પણ એથી ઉલટું કેટલીક વાર એવું પણ હોય છે કે કેટલાકો તરફથી જાણી જોઈ ને સંત

ભક્તજનોને વગર કારણે પજવવામાં આવ્યા છે. જો ભજનમાં પોતાનો સ્વાદ તો આવી વૃત્તિ હોયજ નહિ. પણ પોતાને સ્વાદ હોતો નથી, અને સ્વાદવાળાઓને પજવવાનાં પ્રયત્ન પણ થાય. તેમા મત્સરતા સિવાય બીજું કંઈ હોતું નથી. મોટા ઓને પણ આવી પજવણીઓ થઈ છે છતાં તેમણે તો બહેરા બની સ્વકર્તવ્યમાં કર્યું છે. તેમના હેતુઓનું દૃષ્ટિબિંદુ એકજ હોય છે. તેઓ તો એક એકજ વિચાર કરે છે કે એમાં મારૂં આત્મકલ્યાણ છે કે નહિં. મનુષ્ય જન્મ વારે વારે મળવાનો. જેમ સોકટાં રમતાં વચ્ચેના મોટા ખાનામાં તેને કોઈ ન મારી શકે, ખાનામાં પેસવા માટેનું જે પાસેમાં પાસેનું ખાનું તેમાં આવ્યા પછી પ્હો પડે અંદર જવાય. છન્નું ખાનાંમાંનાં ચોરાસી ખાનામાં સોકટું મરાય છે, તેમ જીવ ચોરાસીમાં હોય ત્યાં સુધી મરાય. બાર ખાનામાં સોકટું ન મરાય. તે શ્રીભાગવતના છે, તેનો સદા આશ્રય લે તે કદીજ ન મરે, ને સુખેથી ગોલોકમાં પેસી જાય. તે છેલ્લું ગોલોકમાં જવાનું ખાનું છે, જો પ્હો પડે તો ગોલોકમાં પેસી જવાય. ભક્તિ, મતલબ કે મનુષ્ય જન્મમાં ભક્તિના પોબાર પડ્યા તો જીવનની સર્વોત્કૃષ્ટતા થઈ ગઈ. અને નહિં તો વળી પાછી વખચોરાસી તૈયાર છે.

જગતમાં આપણે બધું નજરે જોઈએ છીએ, બધું જાણીએ, છતાં પણ જીવનના પ્રભુ તરફ આપણું જીવન નથીજ જતું ! ઘણા કહે છે કે ઉપદેશ કરે તો ધર્મ ટકે પણ જેને ભૂખ લાગી હોય તે તો ખોરાક શોધે છે. વળી જાણવા છતાં જીવ ઉંઘે બોલે પણ જાગતો ન બોલે, તેમ જીવને પૂછીએ કે આપણું કર્તવ્ય શું ? તો કહેશે પણ પ્રભુનું ભજનજ કહેશે, પણ કરવાનું કશું નહિં, મતલબ કે જીવ જાણી વિપરીત માર્ગે ચાલે છે. આથીજ શ્રીમહાપ્રભુજી કહે છે કે "જીવાઃ સ્વભાવતો " જીવનો સ્વભાવજ દુષ્ટ છે, એટલે પ્રભુથી દૂર રહેવાનોજ તેનો પ્રયત્ન છે. બીજું ગમે છે, પણ પ્રભુનું ભજન નથી ગમતું ! બીજું ગમે તેટલું બોલે પણ ભગવન્નામ ગમતું. જ્યાં આવું છે ત્યાં શું કરવું ? પ્રભુને માટે તો સર્વ ત્યાગની તો વાતજ ? **પ્રભુ સાક્ષાત પધારીને માગણી કરે, તોએ ત્યાગ કરવાની મુશ્કેલી મોટા ઘરનું તેડું આવે તો ક્ષણમાં બધું છોડાય, પણ પ્રભુને લેખે કંઈ પણ ન થાય. મરવાની નવરાશ મળે, પણ પ્રભુના ભજનની ન મળે.** જો મોટા પુરૂષોનાં જીવનને તપાસીએ, તો કંઇક આપણને રસ્તો સૂજે. ચોરાસીની વાર્તાઓ આપણે રોજ વાંચીએ છીએ, પણ વર્તનમાં તેમાનું શું ? એનેજ સાંભળવાનો હક્ક છે કે જે તે પ્રમાણે વર્તે. ભક્તોની વાર્તાઓને માની છે કે તેવી વાર્તાઓથી આપણે જીવનના ફળ પ્રભુ તરફ વળીએ છીએ. તરફ વાળે તે વાર્તા ફળરૂપ છે. હવે આપણે ઉપસંહાર કરીએ. પછી જરા સહેજ સાજ જોઈએ.

## ઉપસંહાર.

શ્રીહરિરાયજીનું જીવન લોકોત્તર છે. જેમ નમુનાથી માલની પરીક્ષા થાય છે, અથવા પુલાક ન્યાયે" પાંચમણ ચોખા ચઢયા કે નહિં તે એક દાણો દાબી જોવાથી જણાય

છે, તેમ શ્રીહરિરાયજીના જીવનમાંથી આપણે તત્ત્વ અને નીચોડ અનુભવ્યો. નમુનાથી વસ્તુની પીછાન પડયા વગર નથી રહેતી. આ ઉપરથી એટલું તો નકકીજ છે કે મહાપુરૂષોના જીવનજ લોકોત્તર હોય છે. લોકોત્તર જીવન વગર જીવનની સફળતા થઈ શકતી નથી. આખો પુષ્ટિભકિતમાર્ગ આ પ્રમાણે લોકોત્તર છે, તેથીજ તેને **'લોકવેદાતીતમાર્ગ'** કહેવામાં આવે છે. અર્જુનને શ્રીકૃષ્ણનો ઉપદેશ પણ તેવોજ છે. "ત્રૈગુણ્ય વિષયા વેદા નિસ્ત્રૈગુણ્યો ભાવાર્જુન" આ સૂત્ર પ્રભુ તેથીજ કહે છે. ભગવાન કહે છે કે, વેદો તો ત્રિગુણાત્મક છે, પણ તું તેનાથી અતીત એટલે નિર્ગુણ થઈ જા, એટલે નિર્ગુણ પ્રભુના સ્વરૂપની ખબર પડશે. નિર્ગુણ એટલે પ્રેમી. વિધિનિષેધના ઝઘડામાંથી નીકળી જા અને સ્નેહી થા, એટલે જીવનની સફળતા થઈ જશે. મહાનુભાવી શ્રીકૃષ્ણદાસજી પણ કહે છે કે **"કૃષ્ણદાસ કાજ સબ સરહી, કર્મ ધર્મ તેં કોઉ ન તર્યો."** કૃષ્ણદાસજી કહે છે કે પ્રેમ વડેજ સર્વ કાર્ય સિદ્ધ થાય છે, કર્મ ધર્મ એટલે કર્મકાંડ અને વિધિનિષેધના ઝગડાઓમાં જન્મારો ગુમાવનાર કદીજ નથી તરી શકતો. કાશીવાળા મહાનુભાવી ભારતેન્દુ હરિશ્ચંદ્ર કહે છે કે **"પ્યારો પૈયત એક પ્રેમમેં."** તે પદમાં બધાનો નિષેધ બતાવી છેવટે કહે છે કે **"હરિશ્ચંદ્ર વે બાંધ્યો ડોલે એક પ્રેમકી ડોરમેં"** પ્રભુ એક પ્રેમની દોરીમાંજ બંધાઈ ને ભકતની સાથે સાથે ડોલે છે. માટે પ્રેમની પ્રાપ્તિ માટે પ્રયત્ન કકવો, એને પ્રેમ દૃષ્ટિ થાય માટે તેવા પ્રેમીઓનો સત્સંગ કરવો તે સર્વનો સાર છે.

**( ગો. વા. પ. ભ. દીનકિંકરભાઈની ટિકાવાળા શિક્ષાપત્રમાંથી )**

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

શ્રી હરિરાયજી વિરચિત બડે

# * શિક્ષાપત્ર *

શ્રી કૃષ્ણાય નમ: । શ્રી ગોપીજનવલ્લભાય નમ: ।
શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમ: ।
શ્રી ગુસાંઈજી પરમદયાલવે નમ: ॥

હવે શ્રીહરિરાયજીએ કરેલાં શિક્ષાપત્ર, શ્રીગોપેશ્વરજીએ વ્રજભાષામાં કરેલી ટીકાના [illegible] અનુવાદ સાથે મૂળશ્લોકના પણ અર્થ સાથે લખવામાં આવે છે.

શ્લોક :- સદોદ્વિગ્નમના: કૃષ્ણદર્શને ક્લિષ્ટમાનસ: ॥
લૌકિકં વૈદિકં ચાપિ કાર્યં કુર્વન્નનાસ્થયા ॥૧॥
નિરુદ્ધવચનો વાક્યમાવશ્યકમુદાહરન્ ॥
મનસા ભાવયેન્નિત્યં લીલા: સર્વા: ક્રમાગતા: ॥૨॥

અર્થ—હમેશાં ( અહંતા મમતાવાળા અસત્ય આગ્રહથી ) ઉદ્વેગ પામેલું એટલે [illegible] છે મન જેનું, અને શ્રીકૃષ્ણનાં દર્શન માટે કલેશયુક્ત એટલે આર્તિવાળું છે [illegible] અને લૌકિક તથા વૈદિક કાર્યો પણ જે ફળની આશા છોડીને કરે છે, વળી [illegible] નિયમમાં રાખનાર તથા આવશ્યક ( જોઈએ તેટલુંજ વહેવાર પુરતુંજ ) બોલનાર [illegible] મન દઈને ક્રમ પ્રમાણે સર્વ લીલાની ભાવના કરવી. (૧-૨)

વિવેચન—જો લૌકિક વૈદિક કાર્યોને લીધે મનમાં ઉદ્વેગ રાખીને, અથવા તો લૌકિક [illegible] લીધે કલેશ કરતાં કરતાં શ્રીકૃષ્ણનાં દર્શન કરવા જઈએ તો પ્રભુ તો [illegible] તેથી જીવનું સુખ કલેશરૂપ જોઈને ઉદાસીન થઈ જાય, તેથી લૌકિક કાર્ય [illegible] નહિ અથવા બગડી જાય તો પણ મનમાં કલેશ કરીએ નહિ. લૌકિક વૈદિકને [illegible] રાખીએ, અને પ્રભુની સેવા સંબંધી કાર્ય સિદ્ધ થાય તો મનમાં પ્રસન્ન રહીએ. [illegible] ન બને તો મનમાં કલેશ રાખીએ, આ પુષ્ટિમાર્ગની રીતિ છે. જેવી સેવા વ્રજભક્તો [illegible] કરીએ. જેમકે શ્રીઠાકોરજી ગાયો ચારવા વનમાં પધારતા ત્યારે વિયોગમાં [illegible] ગીત ગાતાં, પછી જ્યારે શ્રીઠાકોરજી વ્રજભક્તોને સુખ આપવા માટે વ્રજમાં [illegible] ત્યારે વ્રજભક્તો આનંદપૂર્વક દર્શન કરતાં, તેમજ પુષ્ટિમાર્ગમાં સેવા સમયે [illegible] કરીએ અને દર્શન ન થતાં હોય ત્યારે પ્રભુના દર્શન માટે કલેશ ( વિયોગાર્તિ ) [illegible] મુખકમળનું ધ્યાન કરીએ. જ્યારે સેવાનો સમય હોય ત્યારે આતુરતાથી

શ્રીકૃષ્ણફલાત્મક પુરૂષોત્તમનાં દર્શન કરીએ. લૌકિક વૈદિક કાર્યો પછી કરવાં એ ગૃહસ્થાશ્રમનો ધર્મ છે. માટે લોકમાં અપકીર્તિ ન થાય તે માટે તથા વૈદિક મર્યાદા સાચવવા માટે જરૂર પુરતાં કાર્યો કરીએ, પણ લૌકિક વૈદિકમાં મન આસક્ત ન રાખીએ. મન માત્ર એક શ્રીકૃષ્ણમાંજ રાખીએ. તેથી મનમાં લૌકિક ક્લેશ રાખીને દર્શન ન કરીએ, પ્રસન્નતાથી દર્શન કરીએ. સૂતકમાં મંદિરની સેવા ન બની શકે તો ભાવ કરી માનસી સેવા કરીએ એવી મર્યાદા છે. (૧)

પોતાની વાણીનો નિરોધ કરવો. બહુ બોલવું નહિં. [illegible] માટે જરૂર હોય તેટલુંજ બોલવું. મુખ્ય સિદ્ધાંત તો એ છે કે ભગવાનના સંબંધ વગરનું કંઈજ બોલવું નહિં, પણ લૌકિક વૈદિક કાર્યો માટે ગૃહસ્થાશ્રમમાં બોલ્યા વિના કામ ન ચાલે તો જરૂર જેટલુંજ બોલવું. આમ વર્તવાથી વાણિનો નિગ્રહ થાય અને મુખરતા દોષ ન લાગે. વળી બહુ બોલે તો ભગવદ્‌ભાવ હૃદયમાં સ્થિર ન રહે, વાણીદ્વારા બહાર નીકળી જાય, એવી ભગવદ્‌ધર્મની સૂક્ષ્મ ગતિ છે. માટે વાણીના નિરોધથી સર્વ સિદ્ધ થાય. મનનો સ્વાભાવિક ધર્મ છે કે તે અનેક ઠેકાણે ભટકે છે. તેથી મનમાં વિચારીને શ્રીઠાકોરજીની અનેક પ્રકારની અનંત લીલાઓ છે તેમાં ક્રમ પ્રમાણે મન જોડી દઈએ. કારણ કે મનની ગતિ પવનથી પણ વધારે છે, તેથી મનને કરોડો ઉપાય કરીને રોકીએ પણ મન રોક્યું રહે નહિં. માટે શ્રીઠાકોરજીની લીલાઓમાં જોડી દઈએ. જન્માષ્ટમી, અન્નકુટ, હોરી, હિંડોરા વગેરે વર્ષ દિવસના ઉત્સવોની અનેક લીલાઓની ભાવના ભાવપૂર્વક પુષ્ટિમાર્ગની રીતિ પ્રમાણે મન રાખીને કરીએ. તેમજ નિત્યલીલા પ્રમાણે સવારથી શ્રીઠાકોરજી શ્રીનંદરાયજીના ઘરમાં જાગે છે, કુંજમાં શ્રીસ્વામિનીજીને ત્યાં પણ જાગે છે, તેમજ ખંડિતા, મંગલા, સિંગાર, ગ્વાલ, પલનાં, રાજભોગ, ઉત્થાપન, ભોગ, સંધ્યા અને શયન પર્યંતની તથા ઋતુ પ્રમાણે, અને ત્યાર બાદ શુદ્ધ મન કરીને રાસલીલા, માનલીલા, તેમજ જલસ્થલ વિહાર વગેરેની ભાવના મન લગાવીને કરીએ. વળી શ્રીઆચાર્યજીના કુળ સાથે શ્રીગુસાંઈજીના સ્વરૂપનો પણ વિચાર કરીએ. વળી શ્રીઠાકોરજીનું પ્રાકટ્ય શા માટે છે? લીલા સામગ્રી વાગાવસ્ત્રોનો ભાવ શું છે? વિગેરે મનમાં વિચારી વિચારીને ભાવના કરીએ. ક્રમ પ્રમાણે લીલાની ભાવના કરીએ, તેથી ભગવદાવેશ થાય. આઠે પહોર લીલાનું સ્મરણ મનમાં રાખવું. ભાવનાના બે પ્રકાર છે. એક ઉત્તમ અને એક મધ્યમ. ઉત્તમ પ્રકાર તો એ કે પ્રથમ સ્નાન કરી શુદ્ધ થાય. પછી ભાવ સાથે શ્રીગુરૂદેવ પાસે જાય, પ્રથમ શ્રી ગુરૂદેવની સેવા કરીને, પછી શ્રીગુરૂદેવ સાથે મંદિરમાં જાય. ત્યાં શ્રીગુરૂદેવ જે આજ્ઞા કરે તે સેવા તેમજ વિનતિ કરીને બીજી સેવા કરીએ. પોતે થઈને જાય અને સેવા કરે તો પ્રભુને પરિશ્રમ ન પડે અને આનંદાત્મક પ્રભુ જલદી પ્રસન્ન થાય; સેવા ભાવનાનો આ ઉત્તમ પ્રકાર જાણવો. અને મધ્યમ પ્રકાર તો એ કે પોતાના હૃદયમાં પ્રભુને પધરાવે. હવે પ્રભુ તો પરમદયાળ છે, પણ બીજા પ્રકારથી પ્રભુને શ્રમ થાય તે પુષ્ટિમાર્ગની રીતિ નથી. (કારણ પ્રભુની સેવા અને દર્શન માટે પોતે મંદીરમાં જવું તે ઉત્તમ પક્ષ છે; જયારે મંદીરે ન જતાં પ્રભુ દર્શન દેવા પધારે તેવી ઇચ્છા રાખવી અને પ્રભુને પધારવાનો શ્રમ આપવો એ પ્રકાર ગૌણ છે. પ્રભુ સ્નેહને વશ થઈને સ્વતઃ પધારે તે જુદી વાત છે.) તેથી ઉપર બતાવ્યા ક્રમ પ્રમાણે સેવા કરવી. (૨)

શ્લોક :- સેવાપિ કાયિકી કાર્યા નિરૂદ્ધેનૈવ ચેતસા ।
દૈહિકં કર્મનિખિલં પ્રભુસેવોપયોગીનામ્ ॥૩॥
યથોપકરણાદિનાં રક્ષા તદ્વદ્વિધીયતામ્ ।
ભાર્યાદિષ્વનુરાગોઽપિ સેવાહેતુક એવ હિ ॥૪॥

શબ્દાર્થ—કાયિક સેવા (તનુજા સેવા) પણ નિરોધયુક્ત ચિત્તથીજ કરવી. અને પ્રભુ સેવામાં ઉપયોગી જે જે પદાર્થ છે, તેની જેવી રીતે રક્ષા થાય તેવી રીતે સર્વ દેહ સંબંધી કાર્ય કરવાં. વળી ભાર્યા તેમજ પુત્ર વગેરેમાં સ્નેહ રાખવો, તે પણ સેવા નિમિત્તેજ રાખવો, કે જેથી સેવામાં અનુકુળ આવે. (૩-૪)

વિવેચન—શ્રીઠાકોરજીની સેવા પોતે જાતે કરવી, બીજા કોઇની પાસે કરાવવી નહિં. જો કદી પોતાની જાતે બધી સેવા ન બની શકે અને પોતાના પ્રભુને શ્રમ પડતો હોય તો સહાયને માટે બીજા પાસે સેવા કરાવવી. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હોય, તથા પોતાના કુટુંબમાં સમર્પણી મરજાદી હોય તેની પાસે સેવા કરાવવી. અવૈષ્ણવ પાસે સેવા કદી ન કરાવવી. જ્યાં સુધી જેટલી સેવા પોતાની જાતે બને ત્યાં સુધી બીજા પાસે ન કરાવવી. આળસ કરીને લૌકિક આવેશ ન કરવો. પોતાના દેહથી શ્રીઠાકોરજીની સેવા કરે તો શરીર, ઇંદ્રિયો અને મન સર્વ પ્રભુની સન્મુખ થાય અને ભગવત્સંબંધ રહેવાથી બહિર્મુખ ન થાય. માટે પોતાની જાતેજ નિયમપૂર્વક સેવા કરવી. એવો નિયમ રાખવો કે આટલી સેવા કરીનેજ લૌકિક વૈદિક કાર્ય તેમજ ખાનપાન કરવું. જે પ્રમાણે જેવી પ્રીતિથી ખાનપાનનો નિયમ છે તેવી પ્રીતિથી સેવા કે જે વૈષ્ણવનો ધર્મ છે તે નિયમ પ્રમાણે કરવી. એજ દાસનો ધર્મ છે. હું સેવા વિના શી રીતે રહું. આવી રીતે મનમાં વિચારીને જ્ઞાનથી મનને સમજાવવું, અને લૌકિક વૈદિક અનેક ઠેકાણે મન ભટકે છે ત્યાંથી મનનો નિરોધ કરીને સેવા કરે. પ્રથમ તો મનનો નિરોધ રાખે. જો મન લૌકિક વૈદિકમાં જાય તો ભગવત્સેવામાં ઉદ્વેગ થાય અને સેવામાં શ્રદ્ધા ઘટી જાય, માટે મનનો નિરોધ કરવો. સેવા સંબંધી કાર્ય વિના બોલવું નહિં, લૌકિક વાણીથી મુખરતા દોષ થાય, સેવામાં ભગવદ્ભાવ રૂપી રસનું તિરોધાન થાય. માટે નકામી વાણીનો નિરોધ કરવો. તેવીજ રીતે મિથ્યા ક્રિયાઓનો પણ ત્યાગ કરવો. ભગવાનની સેવાના સમયમાં લૌકિક વૈદિક કાર્ય આવી પડે તો ગમે તેમ થાય તો પણ ન કરવું. જો સેવા સંબંધી કાર્ય છોડીને વૈષ્ણવ બીજું કામ કરે, તો તે કાર્ય સિદ્ધ ન થાય અને લૌકિક આવેશ થાય. માટે આવી રીતે મન, વાણી અને ક્રિયા એ ત્રણેનો લૌકિક વૈદિકથી નિરોધ કરી ભગવત્સેવા કરવી. વળી દૈહિક, લૌકિક ને વૈદિક કર્મ બહુ છે, તે આ સંસારમાં રહીને ન કરે તો સંસારમાં અપકીર્તિ થાય, સેવામાં પ્રતિબંધ થાય, માટે લૌકિક વૈદિક કાર્ય પણ લોકોને દેખાડવા પુરતું કરે. શ્રીઠાકોરજીની સેવાથી પહોંચીને પછીના વખતમાં આસક્તિ વગર કરે: આવી રીતે પ્રભુને અંગીકારને યોગ્ય વસ્ત્રો સામગ્રી કરે. (૩)

પાક વગેરે સામગ્રીની રક્ષા માટે અને શ્રીઠાકોરજીની સેવા માટે સર્વ કાર્ય કરે. આવી રીતે વૈષ્ણવ સેવા કરે તો પ્રભુ અનુભવ કરાવે. જો સ્ત્રી ભગવત્સેવામાં સહાય કરે એવી હોય તો સેવા બહુ સારી રીતે થાય. માટે આ પ્રમાણે ભગવત્સેવામાં અનુકુળતા માટે ભાર્યા એટલે સ્ત્રીમાં સ્નેહ રાખવો. પોતાના વિષયાદિ સુખને માટે સર્વથા સ્ત્રીમાં સ્નેહ ન

કરે. તેમાં દૃષ્ટાંત કહે છે. મહાદેવજીની સ્ત્રી સતી હતી. તેમણે મહાદેવજીનું કહ્યું ન માન્યું અને શ્રીરામચંદ્રજીની પરીક્ષા લેવા માટે શ્રીજાનકીજીનું રૂપ ધર્યું. આ વાત મહાદેવજીએ જાણી. હવે મહાદેવજી તો પ્રભુના ભકત છે, તેથી તેજ વખતે સતીનો ત્યાગ કર્યો. પછી સતી દક્ષપ્રજાપતિ (પોતાના પિતા)ના યજ્ઞમાં દેહ ભસ્મ કરી હિમાલયને ઘેર પ્રકટ થયાં. ત્યાં અનેક તપ કર્યાં તો પણ મહાદેવજીનું મન પ્રસન્ન થયું નહિ, ત્યારે શ્રીઠાકોરજીએ મહાદેવજીને કહ્યું કે તમે હવે મારૂં આટલું કહ્યું કરો, પાર્વતીજીનો અંગીકાર કરો. એટલે મહાદેવજી પાર્વતીજીને પરણીને પોતાને ઘેર લઈ આવ્યા. પછી પ્રભુની લીલા મહાદેવજીને પાર્વતીજીએ પુછી એટલે પોતે પ્રસન્ન થયા. માટે વૈષ્ણવ થઇને લૌકિક વિષયને માટે સ્ત્રી પર પ્રસન્ન થાય નહિ. ભગવત્સેવાને માટે પ્રીતિ કરે. જેવી રીતે સેવા બહુ સારી રીતે થાય તેવી રીતે કરવું. (૪)

**શ્લોક :– પ્રાતિકૂલ્યે યથા ત્યાગઃ પ્રભ્વસંબંધીવસ્તુનઃ ॥**
**ધનેષુ નિસ્પૃહઃ સેવોપયોગિત્વેન રક્ષણમ્ ॥૬॥**

શબ્દાર્થ—જેમ શ્રી ઠાકોરજીના ઉપયોગમાં ન આવે તેવી વસ્તુનો ત્યાગ કરવો, તેમ સ્ત્રી વગેરે જો સેવામાં અનુકૂળ ન હોય તો તેમનો પણ ત્યાગ કરવો. ધનમાં પણ ઈચ્છા રાખવી નહિં પણ ( ધન હોય તો સેવા સારી રીતે થાય વિત્તજા સેવા થાય ) સેવામાં ઉપયોગી થાય, માટે ધનનું રક્ષણ કરવું–૫.

વિવેચન—જો સ્ત્રી પ્રતિકુલ હોય, ભગવત્સેવામાં આડે આવે, તો તેનો ત્યાગ કરવો, તેના પર પ્રીતિ ન રાખવી. કારણ કે જે વસ્તુ પ્રભુ સંબંધી ન હોય તેનો ત્યાગજ કરવો યોગ્ય છે. જો પ્રભુ સંબંધી સ્ત્રી ન હોય તો ભગવદ્ ભાવમાં તેનું મન લગાડીએ. પુષ્ટિમાર્ગમાં શ્રી આચાર્યકુળદ્વારા નામ નિવેદન હોય, મરજાદી હોય તો શ્રીઠાકોરજીનો સ્પર્શ તેને કરાવીએ. સેવક હોય, મરજાદી ન હોય તો બહારની સેવા કરાવીએ. પ્રતિબંધ કરે તો તેનો તરતજ ત્યાગ કરીએ. વળી ધનમાં આસકિત ન રાખે, નિસ્પૃહ થઈને રહે, ધનની રક્ષા કરે નહિં, તે ઉત્તમોત્તમ કહેવાય. આ કળિકાળ છે, તેથી આ કાળમાં જીવની ધીરજ તુરત છુટી જાય છે. જો ધનની રક્ષા ન કરે, તો ધન બધું ઉડી જાય, તો પછી જીવને ધીરજ ન રહે, તેથી ધનને માટે બહુ દુઃખ પડે. છતાં ધનની રક્ષા પોતાના સુખને માટે ન કરે, પણ આ ધન પ્રભુનું છે એમ જાણી પ્રભુની સેવા માટે રક્ષા કરે. જો હૃદયમાં પૂર્ણ વૈરાગ્ય હોય તો ધનની રક્ષા ન કરે. જો વૈરાગ્ય દૃઢ ન હોય તો ભગવત્સેવા માટે વિનિયોગમાં આવશે તેમ જાણી રક્ષા કરે. વળી ભગવદુત્સવ વગેરેમાં આ ધન ખર્ચે. જો ભગવદર્થ ધન ન વાપરે અને લૌકિકમાં વાપરે, તથા ધનમાં મનને આસકત કરીને ભગવદ્ ઉત્સવમાં, શ્રી ગુરુને ત્યાં વલ્લભકુળમાં તથા વૈષ્ણવની સેવામાં ન વાપરે તો આસુરાવેશ થાય. માટે આસકિત રહિત થઈને ધનની રક્ષા કરીને ભગવત્સેવામાં તથા શ્રીગુરુની સેવામાં તેનો વિનિયોગ કરે. એવી રીતે વિવેકથી વૈષ્ણવ રહે તો ભગવદ્ભાવ હૃદયમાં વધે. (૬)

**શ્લોક :– વિવાહાદિષુ કાર્યેષુ વર્ત્વાઃ સેવાર્થમાનસઃ ।**
**ભગવત્સંગિસંગોપિ સ્વપ્રાણપ્રેષ્ઠવાર્તયા ॥૬॥**

અન્વયાર્થ—સ્ત્રીની સાથે વિવાહ વગેરે કરતી વખતે પ્રભુની સેવાની ભાવનાથી તેમાં [illegible] રાખવું, અને પોતાના પ્રાણપ્રિય જે શ્રીઠાકોરજી તેમના વાર્તાના નિમિત્તે ભગવદ [illegible] સંગ કરવો.—(૬)

ટીકા—ઉપર કહ્યું તેમ ધન લૌકિકમાં ન ખર્ચે, પણ વિવાહ વગેરે કાર્યોમાં ધન [illegible] વિના કેમ ચાલે ? ત્યાં કહે છે કે પોતાનો વિવાહ અથવા પુત્ર વગેરેનો વિવાહ [illegible] સેવાનો વિચાર કરીએ. જો ભગવત્સેવામાં સહાયતા હોય તો સેવા બહુ સારી રીતે [illegible] શકે. આવો ભાવ રાખીને જેટલું દ્રવ્ય વિવાહ વગેરે કાર્યોમાં ખર્ચવાની જરૂર હોય [illegible] શ્રીઠાકોરજીની આજ્ઞા લઈને તે દ્રવ્ય ખર્ચે. આવી રીતે પ્રભુની આજ્ઞા લઈને દાસ- [illegible] લૌકિક કાર્ય કરે. ભગવદીયનો સંગ કરીએ તો લૌકિક વૈદિક સ્વાર્થના કારણે ન કરવો, [illegible] પોતાના પ્રાણપ્રિય શ્રીઠાકોરજી તેમની વાર્તાનો અનુભવ કરવા માટે ભગવદીયનો સંગ [illegible] કરવો. કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખ્યા વગર કરવો. પોતાની વડાઈને માટે [illegible] કર્મ કશો ન કરવો. દીનતાપૂર્વક પોતાનો ધર્મ સમજીને કરવો. (૬)

[illegible] :- વિયોગાનુભવં કુર્વન્ સેવાઽનવસરે પુનઃ ।
મૂર્તૌ ભગવતો દૃષ્ટિર્ભાવ્યા તત્તસ્ય દર્શનમ્ ॥૭॥

અન્વયાર્થ—સેવાનો સમય ન હોય ત્યારે વિયોગનો અનુભવ કરીને સમય ગાળે. [illegible] વેણુગીત, યુગલગીતથી વિપ્રયોગનો અનુભવ કરતાં તેમ કરે) વળી શ્રીઠાકોરજીના [illegible] આ સાક્ષાત શ્રીકૃષ્ણચંદ્ર છે એવી ભાવના રાખે, તો તેને સાક્ષાત પૂર્ણ પુરૂષોત- [illegible] થયા. (જ્યારે સાનુભાવ ન હોય ત્યારે સાક્ષાત શ્રીકૃષ્ણની પાસે જેવો ભાવ [illegible] રાખે તેવો ભાવ અને મર્યાદા ભગવત્સ્વરૂપની પાસે પણ રાખે.)

ટીકા—પ્રભુની સન્મુખ સેવામાં સંયોગાત્મક લીલારસનો અનુભવ કરીએ. જે સામગ્રી [illegible] ધરીએ તેનો ભાવ વિચારીએ. સેવાથી પહોંચી લઈએ ત્યારે અનોસરમાં [illegible] અનુભવ કરીએ. જેમ વ્રજભકતોએ વેણુગીત યુગલગીતમાં કર્યું છે તેમ એવીજ [illegible] વિચારીએ. જેમકે પ્રભુ કઈ કુંજમાં પધાર્યા હશે, શી લીલા ભકતની સાથે કરતા હશે, [illegible] કરતાં કરતાં વિકલ થઈ જાય ને વિચારે કે હું બહુ દુષ્ટ છું, તેથી પ્રભુના [illegible] નથી. આવે વખતે શ્રીગુસાંઈજીનો આ શ્લોક છે, તેનો વિચાર કરવો—શ્લોક

[illegible] દુષ્ટો વચસાઽપિ દુષ્ટઃ કાયેન દુષ્ટઃ ક્રિયયા ચ દુષ્ટઃ
[illegible] દુષ્ટો ભજનેન દુષ્ટો મમપરાધઃ કતિધા વિચાર્યઃ ॥

[illegible]—હું ચિત્તથી દુષ્ટ, વચનથી દુષ્ટ, કાયાથી દુષ્ટ, ક્રિયાથી દુષ્ટ, જ્ઞાનથી દુષ્ટ, [illegible] દુષ્ટ. આવી રીતે સર્વ રીતે હું દુષ્ટ છું. એક પણ રીતે શુદ્ધ નથી, તો મારા [illegible] કેટલાક વિચારશો, ક્યાં સુધી વિચારશો ? આવી રીતે મંદિરમાં દીનતા કરી [illegible] અનુભવ કરીએ. જ્યારે સેવાનો સમય હોય ત્યારે ઉતાવળથી સ્નાન કરી [illegible] પુષ્ટિમાર્ગની રીતે મંદિરમાં જઈને શ્રીઠાકોરજીના રસાત્મક શ્રીમુખનાં તથા [illegible] આનંદમય દર્શન કરી વિરહતાપ દૂર કરીએ. ભાવ સાથે દર્શન કરીએ. જેમ

વ્રજભક્ત શ્રીનંદરાયજીને ઘેર આવીને શ્રીઠાકોરજીનાં દર્શન કરે છે તે ભાવનું સ્મરણ કરીએ તો વ્રજભક્તોની કૃપાથી ભાવનું દાન થાય-૭.

**શ્લોક :- સ્પર્શસ્તત્રૈવ ભાવેન સર્વાસ્તત્રૈવ તત્ક્રિયાઃ**
**ભાવાત્મનો હ્યનુભવઃ સર્વો ભાવેન નાન્યથા ॥૮॥**

શબ્દાર્થ—ભગવાનના સ્વરૂપનો સ્પર્શ ભાવથીજ કરે, તેવીજ રીતે ભગવત્સ્વરૂપ દેહસંબંધી સર્વે ક્રિયા ભાવથી કરે, કારણ કે ભાવાત્મક સ્વરૂપનો અનુભવ ભાવથીજ થાય ભાવ વગર ન થાય.-(૮)

વિવેચન—ઉપર જે દર્શનનો પ્રકાર કહ્યો તેથી નેત્રેંદ્રિયને સુખ થાય. પછી સ્નાન કરી સેવામાં સર્વ ઇંદ્રિયોનો ઉપયોગ થાય છે. પ્રથમ મંગલાથી પહોંચી અને શ્રીઠાકોરજી સ્નાન કરાવે. અંગવસ્ત્ર કરીને ઋતુ પ્રમાણે વાગાવસ્ત્રો ધરાવે. આવી રીતે સેવામાં ભગવત્સ્વરૂપનો સ્પર્શ ભાવથી કરે. જો હૃદય શુદ્ધ હોય તો વ્રજભક્તોની ભાવના કરે. એવો ભાવ વિચારે કે પોતાને ઘેરથી વ્રજભક્તો વસ્ત્રાભૂષણ રમકડાં [ખિલોનાં] લઈને શ્રીનંદરાયજી ઘેર સવારમાં આવી સેવા કરે છે. શ્રીઠાકોરજીને સ્નાન કરાવે છે, શ્રૃંગારાદિ કરે છે. હૃદય શુદ્ધ ન થયું હોય તો ત્યાં સુધી રાજા જેટલો ભય મનમાં રાખે. પ્રભુ ઈશ્વરના પણ ઈશ્વર છે, અપરાધ પડશે તો દંડ દેશે. આવી રીતે બીક રાખીને શ્રીઅંગનો સ્પર્શ કરીએ જો શીયાળો હોય તો પોતાના હાથ શેકીને શ્રીઅંગ મહા કોમળ છે એવો વિચાર કરી સ્પર્શ કરે તો ભાવ હૃદયમાં પ્રકટ થાય. આ પ્રમાણે મંગળાથી શયન સુધી સઘળી સેવા ભાવ સહિત કરે. જેટલી વસ્તુ સેવામાં હોય તે સર્વને ભાવ સહિત સ્વરૂપાત્મક જાણી સેવા કરીએ, ભાવ વગર કશું ન કરીએ. સર્વાત્મભાવથી શ્રીઠાકોરજીની સેવા કરે તો સ્વરૂપાનંદનો અનુભવ થાય.-૮.

**શ્લોક :- હૃદયસ્યાત્યશુદ્ધત્વાન્ન તત્રાવેશસંભવઃ ।**
**સ્વમૂર્ત્તાવતિશુદ્ધાયામાવિશ્યાનુભવં હરિઃ ॥૯॥**
**યાવત્સાધનસંપત્તિઃ કારયત્યખિલાન્નિજાન્ ।**
**શુદ્ધં વિધાય હૃદયં પશ્ચાત્તત્રાવિશેત્સ્વયમ્ ॥૧૦॥**

શબ્દાર્થ—હૃદય અતિશય અશુદ્ધ હોવાના કારણે તેમાં પ્રભુના આવેશનો સંભવ નથી. જેટલી સાધન સંપત્તિ હોય તેટલો પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ પ્રભુ પોતાના ભક્તને કરાવે છે. પછી ભક્તનું હૃદય શુદ્ધ કરી તેમાં આપ પ્રવેશ કરે છે. આ બે શ્લોકમાં "**यावत्साधनसंपतिः कारयत्यखिलान्निजान्**" આનો પાઠ ભેદ બીજાં પુસ્તકોમાં છે [ 'અખિલાન્' શબ્દને બદલે 'અખિલામ્' શબ્દ છે. ] હવે પાઠાન્તર અનુસાર શબ્દાર્થ જોઈએ. હૃદય અતિશય અશુદ્ધ હોય તો તેમાં પ્રભુના આવેશનો સંભવ નથી. જ્યાં સુધી નિજજનની બધી સાધન સંપત્તિ પ્રભુ સિદ્ધ કરાવે છે. ત્યાં સુધી અતિ અલૌકિક પોતાના સ્વરૂપમાં પ્રવેશ કરી અનુભવ કરાવે છે, અને સાધનસંપત્તિથી ભક્તનું હૃદય શુદ્ધ કરી પછી પોતેજ તેમાં પ્રવેશ કરે છે (૯-૧૦)

વિવેચન—ભગવત્સેવામાં પોતાના હૃદયને અને ઇંદ્રિયોને અતિ શુદ્ધ રાખે. લૌકિક વેશ કે વિષયની ભાવના ન કરે. લૌકિક દેહ સંબંધી સુખ દુઃખ મનમાં ન રાખે, કિક વૈદિક સુખદુઃખ છે તે તો આ દેહ સંબંધી છે, અને ભગવત્સેવા સંબંધી સુખદુઃખ તે આત્મસંબંધી જન્મજન્મનું છે. વળી શ્રીઠાકોરજીનું સ્વરૂપ અતિ શુદ્ધ (અલૌકિક) છે, લૌકિક માયાના ગુણ પ્રભુમાં જરા પણ ન વિચારે. પ્રભુનું શ્રીઅંગ હાથ, પગ, મુખ, ર વગેરે સર્વ આનંદરૂપ છે, અને શુદ્ધ મન કરી અનુભવ કરવા લાયક છે, કામ, ક્રોધ, , મોહ, મદ અને મત્સર તેવું કશું પ્રભુમાં નથી. પ્રભુ સર્વ દુઃખનું હરણ કરનાર છે, રમાનંદનું દાન કરનાર છે. એવા શ્રીઠાકોરજીના અલૌકિક ગુણ વિચારી મનમાં ભાવના સર્વ ઠેકાણેથી પોતાનું મન ખેંચીને એક શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં રાખી પ્રભુસેવા સહિત કરે તો પ્રભુ પોતાનો અનુભવ આપે–૯.

આ સંસારમાં આસુરી પદાર્થો છે અને દૈવી પદાર્થો છે. તેમાં દૈવીના બે પ્રકાર છે. એક મર્યાદા ને બીજો પુષ્ટિ. એટલે એક આસુરી અને દૈવીના બે પ્રકાર મળીને ત્રણ પ્રકાર થયા, તે ત્રણેના જુદા જુદા કહે છે. તે ભેદ હૃદયમાં રાખે તો અજ્ઞાનતાના કારણે સુખદુઃખ ન પામે. હવે વત્સેવામાં સાધનસંપત્તિરૂપ પુષ્ટિપદાર્થોનું નિરૂપણ કરે છે. પ્રથમ આપણી દેહ જો ની સેવામાંજ પ્રવૃત્ત રહે, તો દૈવી જાણીએ. જો પ્રભુની સેવામાં આળસ થાય, કદાપિ વૈષ્ણવના સંગથી સેવા કરે, અથવા રોગાદિક સેવામાં નડે, તો જાણવું કે દેહ આસુરી વળી જો મન દૈવી હોય તો સેવા કરતાં કરતાં પ્રભુના સ્વરૂપનો અનુભવ થાય, અને સુરી મન હોય તો સેવા કરતાં કરતાં અનેક લૌકિક વિચારોમાં ભટકે, તેને સ્વરૂપાનંદનો ભવ ન થાય. વળી દેહ સંબંધી સ્ત્રીપુત્રાદિક કુટુંબ વિ. પ્રભુની સેવામાં સહાયક હોય તેઓને દૈવી જાણીએ. જો કર્મમાર્ગમાં રુચિ હોય તો મર્યાદા જાણીએ. આવી રીતે પણ જો પ્રભુની સેવામાં ઉપયોગી થાય તો દૈવી જાણીએ. જો કર્મમાર્ગ, દાન, હોમ શ્રાદ્ધાદિકમાં ખર્ચાય તો મર્યાદા જાણીએ. જો લૌકિકમાં જાય, ચોરી થાય, દંડ થાય, આસુરી જાણીએ. માટે જે પદાર્થ ભગવત્સેવામાં ઉપયોગી થાય તે સર્વને શુદ્ધ જાણીએ, પ્રભુની સેવામાં ઉપયોગી ન હોય તેને અશુદ્ધ જાણીએ. આવી રીતે જે પ્રભુની સેવા બંધી શુદ્ધ પદાર્થ છે તે હૃદયમાં રાખીએ અને વિચારીએ કે મારા કામના તો આજ છે. આવું થાય ત્યારે ભગવાન પોતે શુદ્ધ હૃદયમાં પ્રવેશ કરી સ્વરૂપાનંદનો અનુભવ . તેથી સેવા સંબંધી ન હોય, તેવા પદાર્થોનો ત્યાગ કરીએ. ભગવત્સંબંધી પદાર્થ, મગ્રી, વસ્ત્રાદિકનો અલૌકિક ભાવ હૃદયમાં રાખીને પ્રભુની સેવા કરીએ–૧૦.

**શ્લોક : દત્ત્વા દૈન્યેન સંતુષ્ટો નિત્યં દેહમલૌકિકમ્ ।**
**સ્વયં પ્રવિશ્ય ભાવાત્માઽનુભવં કારયેત્સ્વયમ્ ॥૧૧॥**

શબ્દાર્થ—દીનતાથી પ્રસન્ન થઈને પ્રભુ નિત્ય અલૌકિક (સેવોપયોગી) દેહ દઈને ત્મક આપ તેમાં પ્રવેશ કરીને પોતાનો અનુભવ કરાવે છે. (૧૧)

વિવેચન—ઉપર કહ્યું તેવી રીતે સેવા કરે, પણ દીનતા મનમાં ન હોય તો શ્રીઠાકોર- ને સંતોષ થતો નથી. માટે દીનતા પૂર્વક સેવા કરી શ્રી ઠાકોરજીને પ્રસન્ન કરીએ તો

શ્રીઠાકોરજી પ્રસન્ન થાય, કારણ કે ભગવાન ષડ્ગુણ પૂર્ણ ઈશ્વરના ઈશ્વર છે. પોતે ક વસ્તુની અપેક્ષા રાખતા નથી. એક પ્રીતિપૂર્વક દીનતાજ તેમને પ્રસન્ન કરવાનો ઉપાય તેથીજ ભગવદીય ગાય છે કે "પ્રીતમ પ્રીતહિતે પાઈએ, યદ્યપિ રૂપ, ગુણ, શીલ સુઘર ઈન બાતન ન રીઝૈયે-૧. સત્કુલ જન્મ કર્મ શુભ લક્ષણ, વેદ પુરાણ પઢૈયે, ગોવિંદ વિ સ્નેહ સુઆલોં, રસના કહા જુ નચૈયે—પ્રીતમ—" માટે ભકત દીનતા પૂર્વક જે કંઈપ પ્રિતિથી સમર્પે તે પ્રભુ અંગીકાર કરે છે. જેમ પદ્મનાભદાસજી છોલાં સમર્પતા તેનો પ પ્રભુએ અંગીકાર કર્યો જ્યારે અત્યંત દીનતાવડે પ્રભુ સંતોષ પામે તો જીવ પર કૃપા કરે હવે અલૌકિક દેહ જે નિત્ય સેવા યોગ્ય છે તેની સિદ્ધિ કરી એટલે અલૌકિક દેહ આ પ્રભુ આપ હૃદયમાં પધારે, ત્યારે ભાવાત્મક સ્વરૂપનો અનુભવ કરાવે. એટલે સઘ જગત લીલામય દેખે, કોઈ પ્રાણીમાં (કોઈ પર) ઈર્ષ્યા ન હોય. આ પ્રમાણે થાય ત જાણવું કે પુષ્ટિમાર્ગીય ફળ સિદ્ધ થયું-૧૧.

**શ્લોકઃ—એવં વિધં ફલં નિત્યં ચિન્તયન્ ચેતસા સદા ।**
**કુર્યાદિત્યાદરં કૃષ્ણસેવાયામેવ સર્વથા ॥૧૨॥**

શબ્દાર્થ—આગળ કહ્યું તે પ્રમાણે ભગવત્સેવામાં નિત્ય (અવિનાશી) ફળનો ચિંત નિરંતર વિચાર કરતાં કરતાં પ્રભુ સેવામાંજ આગ્રહપૂર્વક અતિ આદર કરવો-૧૨.

વિવેચન—એવા જે ફલાત્મક પુરુષોત્તમ તેમનું ચિતન ચત્તમાં સદા (સર્વકાળ કર્યા કરે, તો કદી પણ અન્ય સંબંધ થાય નહિં. જો સદાકાળ સ્મરણ ન કરે તો અ સંબંધ થાય અને આસુરી બુદ્ધિ થઈ જાય. માટે ઉપર કહ્યું તે પ્રમાણે દીનતાથી અ ક્લેશાર્તિથી એટલે આતુરતાથી ચિંતન કરે અને અતિ આદરપૂર્વક પ્રભુની સેવા કરે. લોક દેખાડવા માટે કે પ્રતિષ્ઠાને માટે સેવા ન કરે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનો મુખ્ય ધર્મ આજ છે દાસ્યભાવથી ફળને સર્વોપરિ જાણી સેવા કરે. અત આદરપૂર્ક સદાજ સદા સેવા કરે (એમ ન વિચારે કે આજ સેવા ન બની તો કાલે કરીશ.) પરંતુ નત્ય નિયમપૂર્વક પોત દેહને અનિત્ય (નાશવંત) જાણી દેહ ઇંદ્રિયોનું સુખ બધું છોડીને પ્રભુની સેવા કરે, સર્વોપરિ સિદ્ધાંત છે. (૧૨.)

**શ્લોક :- સાક્ષાત્પરોક્ષરુપત્વાત્ સેવા પૂર્વવિલક્ષણાઃ ।**
**યથા ગાયન્ત્ય ઈત્યત્ર ભાવઃ શબલિતો મતઃ ॥૧૩॥**

શબ્દાર્થ—ભગવાન સાક્ષાત એટલે સંયોગાત્મક અને પરોક્ષ એટલે વિયોગાત્મક સ્વરૂ છે, તેથી સેવા પણ મૂળથી વિલક્ષણ છે. અથવા સંયોગ વિપ્રયોગાત્મક જે સેવા તે અપૂ વિલક્ષણ છે. જેમ વ્રજભક્તોને પ્રથમ સ્વરૂપાનંદનો અનુભવ થયો, પછી શ્રીઠાકોર અંતર્ધ્યાન થયા ત્યારે "गाय त्यच्चैरमुमेव" આવું રાસ પંચાધ્યાયીના ત્રીસમાં અધ્યાય ચોથા શ્લોકમાં નિરૂપણ કર્યું છે. જ્યારે બધાં મળીને શ્રીઠાકોરજીનાં ગુણગાન કર લાગ્યાં, અને પછી બાવરાં બની જઈ ગાંડાની માફક એક વનથી બીજા વનમાં પ્રભુ શોધવા લાગ્યાં, ત્યાર પછી તદાત્મક થઈ પ્રભુની લીલા કરવા લાગ્યાં. તેમાં જેવો સંયો વિપ્રયોગાત્મક ભાવ નિરૂપણ કર્યો છે, તેવોજ ભાવ રાખવો. (૧૩)

[illegible]—સાક્ષાત અને પરોક્ષ બેઉ સમયમાં સ્વરૂપની સાથે એકમેક એટલે તદ્રૂપ [illegible] કરે. પ્રથમ સેવા સમય સાક્ષાત સ્વરૂપની સેવા કરી સંયોગરસનો અનુભવ કરે, [illegible]ના વખતમાં કુંજની લીલાઓ વિચારી વિપ્રયોગ રસ સ્વરૂપનો અનુભવ [illegible] રાસ પંચાધ્યાયીમાં પોતાને ઘેરથી શ્રીઠાકોરજીની પાસે આવ્યાં અને સ્વરૂ- [illegible] અનુભવ કર્યો. પછી શ્રીઠાકોરજીએ અંતર્ધ્યાન થઈ વિપ્રયોગરસનો અનુભવ કરાવ્યો. [illegible] પ્રથમ શ્રીઠાકોરજી સ્વરૂપાનંદનો અનુભવ ન કરાવે તો અંતર્ધ્યાન વખતે વિયો- [illegible] દુઃખ ભકતને બહુ ન થાય. જેમ લૌકિકમાં કોઈને ધન મળે, પછી ધન [illegible] મનમાં મહા ક્લેશ પામે. પણ જેની પાસે જન્મથીજ મૂળમાં ધન ન હોય [illegible] થાય? તેવી રીતે ગોપીજનોએ થોડોક અનુભવ સંયોગરસનો લીધો, પછી [illegible] થયા ત્યારે વિપ્રયોગરસનો અનુભવ કર્યો. ત્યાર પછી શ્રીઠાકોરજી પ્રકટ થયા [illegible] ક્રીડા સિદ્ધ થઇ. તેવીજ પુષ્ટિમાર્ગમાં સેવા છે. વૈષ્ણવ ભગવત્સેવામાં [illegible]નંદનો અનુભવ કરે, તે વખતે સેવા સંબંધી સંયોગનાં કીર્તન કરે. અને [illegible] અનોસર થાય ત્યારે વિરહભાવના કરે અને વિપ્રયોગનાં કીર્તન (વેણુગીત, [illegible]ગીત વિ.) અતિ આતુરતાથી ગાય, આ પ્રમાણે પરોક્ષની સેવા થાય તો [illegible]. આ પ્રમાણે સંયોગ વિપ્રયોગનો ભાવ વિચારીને સેવા કરે તો આગળ ભાવ [illegible] તે પ્રકાર આગળ કહે છે.—૧૩.

[illegible]— તદુત્તરં યથા ભાવઃ કેવલો વિરહાત્મકઃ ।
ફલં તથૈવ ચાત્રાપિ ફલતા કેવલસ્ય હિ ॥૧૪॥

[illegible]—આગળના શ્લોકમાં જે ભાવ બતાવ્યો, તે ભાવ પ્રાપ્ત થયા પછી જેટલો [illegible]ત્મકભાવ હોય તેટલુંજ પુષ્ટિમાર્ગમાં ફળ થાય. કારણ કે વિરહાત્મકભાવ [illegible] છે.—૧૪.

[illegible]—ઉપર કહ્યું તે પ્રકારે પ્રભુની સેવા અને ગુણગાન કરે અને સેવા પણ સંયોગ [illegible] ભાવ ધારણ કરીને કરે, તો તેથી કરીને ઉત્તરદલ જે વિરહાત્મક ભાવ, તેનું [illegible]. તે ફળ પુષ્ટિમાર્ગમાં સર્વોપરિ છે. આનાથી શ્રેષ્ઠ બીજું કોઇ ફળ નથી. જ્યાં [illegible] વિરહાત્મક ભાવનું દાન શ્રી આચાર્યજી કરે ત્યાં સર્વ ફળની સિદ્ધિ થઇ ચુકી. [illegible] સર્વ પદાર્થ માત્ર પ્રભુરૂપજ દેખાય, ત્યારે પ્રભુની સેવા સમયમાં સંયોગમાં પણ [illegible]. પ્રભુનાં દર્શનમાં એક પલક પણ નડે અને વિપ્રયોગથી વિકળ થઈ જાય. પ્રેમ [illegible] જાણે કે પ્રભુ મને છોડીને ક્યાં ગયા? આ સાક્ષાત વિરહમાં વનાંતરની [illegible] કરી વિકળ થઇ જાય, કે અત્યારે પ્રભુ તાપમાં ખુલ્લે પગે ગાયો ચારવા શી [illegible] ચરણ કોમળ છે. કદાપિ દ્વારકાં તો નહિ ચાલ્યા જાય? હું પ્રભુ વિના શી રીતે [illegible]? આવી રીતે કોટાનકોટિ વિપ્રયોગની લહેરો સંયોગ સમયે મનમાં રહે. [illegible] સંબંધી ભોગ સર્વ છુટી જાય તો જાણવું કે પ્રેમ લક્ષણા ભકિતની પ્રાપ્તિ થઈ [illegible] રસ છે.—૧૪.

[illegible]—ફલાશાયાં ફલં કૃષ્ણવદનં હૃદિ ચિન્ત્યતામ્ ।
ફલં કૃષ્ણઃ સદાનન્દો ભકતભાવાત્મકત્વતઃ ॥૧૫॥

**શબ્દાર્થ**—કદાપિ ફળની આશા હોય તો શ્રીઠાકોરજીનું મુખ કમળ ફળરૂપ છે, એ વિચાર હૃદયમાં કરવો. કારણ કે સદા આનંદરૂપ શ્રીકૃષ્ણ ભક્તના ભાવાત્મક છે, મ ફળરૂપ છે–૧૫.

**વિવેચન**—ઉપર કહ્યું કે સેવા ગુણગાન શુદ્ધ ભાવથી કરે, તો તે પ્રમાણે કરતાં કર કેવળ વિપ્રયોગ સિદ્ધ થાય. તે વિપ્રયોગ સર્વોપરિ છે. અહીં કોઈ પૂર્વ પક્ષ કરે કે હંમે વિપ્રયોગનું દુઃખજ રહે તો તેમાં ફળ શું સિદ્ધ થયું ? કશા ફળની આશા કરે કે ન કરે અહીં સિદ્ધાંત કહે છે કે, આ વિપ્રયોગજ પરમ ફળ છે. કોટાનકોટિ સુખ આ વિપ્રયો સમાન નથી. તે ભાવ વ્રજભકતોજ જાણે છે. બ્રહ્માદિક શિવાદિકને પણ અગમ્ય છે. વ સેવા ગુણગાન કરે તેમાં કશા લૌકિક વૈદિક ફળની આશા રાખે અથવા પોતાના ઉદ્ધાર ભાવના રાખે તો તેને પુષ્ટિમાર્ગનું ફળ પ્રાપ્ત થતું નથી. તેથી ફળ તો એજ મુખ્ય છે શ્રીકૃષ્ણચંદ્રના વદનકમળનાં દર્શન કયારે થાય ? કારણ કે શ્રીઠાકોરજીના મુખારવિંદ શ્રીઆચાર્યજી છે. તેથી શ્રીઆચાર્યજીનાં દર્શનની અભિલાષા મનમાં રાખે. તેમજ ભગ ત્સેવામાં સાક્ષાત મુખારવિંદનાં દર્શન વારંવાર કરે. આજ સર્વોપરિ ફળ હૃદયમાં જાણે. વ શ્રીકૃષ્ણના વદનચંદ્રનું ચિંતન વિયોગમાં પણ કરે. દર્શનનો સમય ન હોય ત્યારે વિયોગા બહુ કરે તો વિપ્રયોગ ભાવાત્મક ઉત્તમ ફળ સિદ્ધ થાય. એટલે શ્રીકૃષ્ણનું વદનચંદ્ર સર્વ દેખે. આથીજ વિરહ છે તે ફળરૂપ છે, અને શ્રીકૃષ્ણ છે તે ફલાત્મક વ્રજભકતનું ભાવાત્મ પરમતત્વ છે. એમ જાણી સેવાસ્મરણ કરવું–(૧૫)

**શ્લોક :– ન તત્ર જ્ઞાનસંબંધો યતોઽત્રાપિ ન વૈ ચિતિઃ ।**
**સચ્ચિદાનંદરુપસ્તુ પ્રસિદ્ધઃ પુરૂષોત્તમઃ ॥૧૬॥**

**શબ્દાર્થ**—ત્યાં જ્ઞાન સંબંધ નથી, કારણ કે ત્યાં ચિતિ એટલે ચૈતન્ય નામ જ્ઞાન નથી, ત્યાં તો પૂર્ણ પુરુષોત્તમ સચ્ચિદાનંદ સ્વરૂપ જે શ્રુતિસ્મૃત્યાદિકમાં પ્રસિદ્ધ છે. ( તે છે. તેની સાથેજ સંબંધ છે.)–૧૬.

**વિવેચન**—આવા રચનાત્મક શ્રીકૃષ્ણ એક અનન્યભકતોને અનુભવ લાયક છે. અ કોઈ કહે કે પુરાણશાસ્ત્રોમાં જ્ઞાનમાર્ગ પણ શ્રેષ્ઠ કહ્યો છે, અને તેણે કરીને પ્રભુ પ્રાપ્તિ કહી છે, અને તમે ભકત કરીને (પ્રભુની) પ્રાપ્તિ કહો છો, તેનું કરણ છે ? અહીં સિદ્ધાંત કહે છે કે શુદ્ધાદ્વૈતીય જ્ઞાનમાર્ગમાં જ્ઞાની તેઓ સ્વરૂપની ભાવના કરે છે, તે જ્ઞાનીને સ્વરૂપાનંદનો સંબંધ કોઈ કાળમાં ન સ્વરૂપાનંદના ચિંતનને યોગ્ય જ્ઞાની નથી. જ્ઞાનીનો સંબંધ તો અક્ષરમાં છે. સ્થાનમાં અગ્નિની પેઠે વ્યાપક બ્રહ્મ છે, તેમાંજ જ્ઞાની લય થાય છે. તેને ભક્તિરસ પ્રાપ્તિ કદીજ નથી. તેથી શુદ્ધાદ્વૈતીય જ્ઞાનીના આગળ પણ આ સ્વરૂપની ભાવના કહે નહિ. શ્રીકૃષ્ણ છે તે સદાનંદ સ્વરૂપ રસાત્મક છે, જીવમાં સત ચિત બે ધર્મ છે. આનંદ તિરોધાન છે, અને શ્રીઠાકોરજી તો પરમાનંદ સ્વરુપ છે. શ્રીભાગવત અને ગીતામાં કહે કે શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ છે, તે વેદશાસ્ત્રોમાં સર્વ સ્થાનમાં પ્રસિદ્ધ છે, માટે શ્રીકૃષ્ણનેજ સર્વ શ્રેષ્ઠ પૂર્ણ પુરૂષોત્તમ જાણવા. બ્રહ્માદિક, શિવાદિકને મર્યાદા ભગવદ્‌ભ જાણવા. સ્વતંત્ર એક શ્રીકૃષ્ણજ જાણવા. (૧૬)

**શ્લોક :— પૂર્વાવસ્થાફલં કૃષ્ણઃ કેવલશ્ચોત્તરો મતઃ ।**
**તચ્ચૈવાસ્ય કૃપાપૂર્ણઃ પ્રભુઃ શ્રીવલ્લભાભિધઃ ॥૧૭॥**

**અર્થ**—પૂર્વાવસ્થા ( સંયોગાત્મક પૂર્વભાગ ) નું ફળરૂપ સ્વરૂપ શ્રીકૃષ્ણ છે, અને [ વિપ્રયોગાત્મક ઉત્તરદલ ] નું ફળરૂપ સ્વરૂપ પણ શ્રીકૃષ્ણજ છે. [ સાધન અને ફળ શ્રીકૃષ્ણજ છે. ) આપનું મુખારવિંદ સ્વરૂપ કૃપાપૂર્ણ શ્રીવલ્લભપ્રભુ છે. ૧૭.

**વિવેચન**—હવે કોઈ કહે કે તમે શ્રીઠાકોરજીની સેવા કરીને કશા પણ ફળની કામના રાખતા નથી તેનું શું કારણ ? વેદમાં જેટલી ક્રિયા, સાધન વિ. કહ્યાં છે તે ફળ કહ્યું છે. જો કંઈ ફળ ન હોય તો ક્રિયા વ્યર્થ કહેવાય એવી વેદશાસ્ત્રોની આવો સંદેહ થાય તો કહે છે કે જે જીવને શ્રીઆચાર્યજી દ્વારા બ્રહ્મસંબંધ થયો તે જીવ ( વૈષ્ણવ ) પુષ્ટિમાર્ગની રીતિ પ્રમાણે ભગવાનની સેવા કરવા લાગ્યો, સેવા કરતાં કરતાં તે જીવ માટે સાધન પણ શ્રીકૃષ્ણ અને સેવા સિદ્ધ થયા પછી ફળ શ્રીકૃષ્ણજ છે, માટે આ પુષ્ટિમાર્ગમાં સાધનમાંજ ફળની પ્રાપ્તિ થઈ. અને વેદ ક્રિયા સાધનરૂપ જુદીજ છે, અને ફળ પણ જુદું છે. ફળ પ્રાપ્ત થયું એટલે ક્રિયા નાશ પામી. જ્યારે પુષ્ટિમાર્ગમાં સાધનમાં પણ શ્રીકૃષ્ણની સેવા અને ફળમાં શ્રીકૃષ્ણની સેવા છે. શ્રીકૃષ્ણ પ્રાપ્ત ક્યારે થાય ? જ્યારે શ્રીઠાકોરજીના સ્વરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની પૂર્ણ કૃપા થાય ત્યારે આ જીવ શરણે આવે અને પુષ્ટિમાર્ગમાં રુચિ થાય. શ્રીઆચાર્યજીની કૃપા વિના પુષ્ટિમાર્ગમાં શરણે કદી આવે નહિ અને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ પણ કદી ન હોય, આ સિદ્ધાંત નિશ્ચય છે. તે શ્રીઆચાર્યજીની કૃપા કેવા રીતે થાય તે આગળના શ્લોકમાં કહે છે–(૧૭.)

**શ્લોક :— તદાશ્રયઃ સદા કાર્યો મનોવાક્કાયવૃત્તિભિ ।**
**સ્વકીયતા તદીયેષુ તદ્ભિન્ને ભિન્નતા મતા ॥૧૮॥**

**અર્થ**—મન, વાણી અને કાયાની વૃત્તિથી તેમનો [શ્રીમહાપ્રભુજીનો] આશ્રય સદા કરવો અને જે તદીય (ભગવદીય) છે તેમાં પોતાપણાનું મમત્વ રાખીએ, તથા જે તેમને ભિન્ન થયેલા હોય તેમનામાં ભેદબુદ્ધિ રાખીએ–૧૮.

**વિવેચન**—હવે શ્રીઆચાર્યજી કૃપા કરે તેવો ઉપાય કહે છે કે મન, વાણી અને કાયાથી શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો આશ્રય કરે તો શ્રીઆચાર્યજી અનન્ય સેવકનો આશ્રય જોઈને પ્રસન્ન થાય. અને શ્રીઆચાર્યજીનો આશ્રય હૃદયમાં દૃઢ ન હોય તો ગમે તેટલાં સાધન કર્યા કરે છતાં રંચક પણ ફળસિદ્ધ ન થાય. અન્ય સંબંધથી ભાવનો નાશ થાય, આથી શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં એક શ્લોક કહે છે "અન્યસંબંધગંધોઽપિ કંધરામપકર્તતે" અન્ય સંબંધની ગંધ પણ કંધરા (ગરદન)ને કાપે છે.) અન્ય સંબંધ થવાથી માથું કપાય. જેમ દામોદરદાસ સંભરવારાની વાર્તામાં પ્રસિદ્ધ છે કે તેમની સ્ત્રીએ અન્યાશ્રય કર્યો તેથી પુત્ર મ્લેચ્છ થયો, અન્ય સંબંધ ભક્તિમાર્ગમાં મહા બાધક છે. અને શ્રીઆચાર્યજીનો દૃઢ આશ્રય હોય અને સાધન થોડું અને તો પણ સર્વ કાર્ય સિદ્ધ થાય. આશ્રય એ વૈષ્ણવનો પરમ ધર્મ છે. શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય થયો ક્યારે

જાણીએ ? જ્યારે શ્રીમહા ભુજીના તદીય અનન્યભક્ત ચોરાસી વૈષ્ણવ, અષ્ટસખા, વિગેરે ઉપર ભાવ-પ્રીતિ થાય. વળી જેમના હૃદયમાં શ્રીઆચાર્યજીનો આશ્રય દૃઢ થયા છે, જેમના પર શ્રી આચાર્યજી પ્રસન્ન થઇ અને પોતાનો અનુભવ કરાવે છે, અને મન વાણી અને કર્મથી એક શ્રીમહાપ્રજીનેજ જાણે છે, એવા ભગવદીયનો સત્સંગ કરે, અને એવા ભગવદીયમાં એવો ભાવ રાખે કે એમને શ્રીઆચાર્યજીએ કૃપા કરીને ફલ દાન કર્યું છે, અને અહર્નિશ તેમના હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજે છે, માટે શ્રીઆચાર્યજીમાં અને ભગવદીયમાં કશી ભિન્નતા નથી. જેમ અગ્નિના ઢગલામાંથી ચિણુગારી ઉડે છે તે પણ અગ્નિરૂપ છે, તેમ ભગવદીય પણ ભગવદ્રૂપ છે. તેથી એવા ભગવદીયમાં અને શ્રીઆચાર્યજીમાં ભેદ બુદ્ધિ રાખે તો તે જીવને પુષ્ટિમાર્ગનું ફળ કદી પણ ન મળે, અને શ્રીઆચાર્યજી પણ પ્રસન્ન ન થાય. જેમ રામાનંદે પોતાની સ્ત્રીને કહ્યું કે "જલદી ગોબર સંકેલી લે, નહિં તો વૈષ્ણવો લઇ જશે." આ સાંભળતાંજ શ્રીમહાપ્રભુજીએ ક્રોધ કરીને તેમનો ત્યાગ કર્યો અને તથી કેટલાક જન્મનો અંતરાય પડયો. તેથી ભગવદીયોમાં અને શ્રીઆચાર્યજીમાં ભેદબુદ્ધિ ન રાખે.-૧૮.

**શ્લોક :- તદીયેષુ ચ તદ્બુદ્ધ્યા ભરઃ સ્થાપ્યો વિશેષતઃ ।**
**યથા દૂતીષુ ભવતિ વિષયિણાં મતિસ્તથા ॥૧૯॥**

શબ્દાર્થ—જેવો ભાવ શ્રીઆચાર્યજીમાં રાખે, તેથી વિશેષ ભાવ ભગવદીયમાં રાખે. જેમ કામી પુરૂષ છે તેની બુદ્ધિ દૂતીને વિષે રહે છે, તેમ ભગવદીયમાં બુદ્ધિ રાખે. કામી પુરુષ પરસ્ત્રી કરતાં પણ જે દૂતી દ્વારા આ પરસ્ત્રી પ્રાપ્ત થઈ હોય, તેનું સન્માન બહુ કરે છે. તેમ ભગવદીયનું સન્માન પણ વિશેષ કરવું-૧૯.

વિવેચન—તદીય અટલે અંતરંગ પુષ્ટિભક્તમાં લૌકિક બુદ્ધિ ન રાખે. એમ જાણે કે તદીય પ્રસન્ન થશે તો શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થઇ દાન કરશે. તે બાબતમાં લૌકિક દૃષ્ટાંત આપે છે કે જેમ કામી પુરુષ હોય તે દૂતીદ્વારા પરસ્ત્રીને બોલાવે, અને તેથી કાર્ય સિદ્ધ થાય. પણ દૂતી પ્રસન્ન થઈને કરે તો કાર્ય સિધ્ધ થાય, નહિં તો સિધ્ધ થાય નહિં. માટે જેમ દૂતી પ્રસન્ન રહે, તેમજ કામી પુરુષ કરે છે. એટલે કે દૂતી જે કાર્ય સિધ્ધ કરે છે, તેના પર પણ અધિક સ્નેહ હોય છે. તેવીજ રીતે જીવ જ્યારે ભગવાનની સાથે મળે ત્યારેજ એ જીવનું કાર્ય સિદ્ધ થાય છે. પણ ભગવાન તો ભક્તના સંગ વિના મળે નહિં. કારણ કે ભગવદીયદ્વારા ભગવાન પ્રસન્ન થાય છે. માટે ભગવદીયમાં અને ભગવાનમાં સમાન બુદ્ધિ સ્થાપન કરવી-(૧૯)

**શ્લોકઃ—ધનં ગ્રહં યથા કૃષ્ણે તથા ભક્તિસ્થિતેઽપિ ચ ।**
**વિનિયોક્તવ્યમેવં હિ પ્રભોર્ભાવો ભવિષ્યતિ ॥૨૦॥**

શબ્દાર્થ—ધન, ઘર વિગેરે જેમ ભાવપૂર્વક શ્રીઠાકોરજીમાં વિનિયોગ કરે, તેમજ ભક્તમાં પણ કરે. કારણ કે એવી રીતે કરવાથીજ પ્રભુની પ્રસન્નતા થાય છે.-૨૦

વિવેચન—ભગવદીયમાં ભાવ થયો કયારે જાણીએ ? જેમ ધન, ઘર, વિગેરે શ્રીકૃષ્ણને સમર્પણ કરે છે, ભાવ સહિત પ્રભુની સેવા કરે છે, તેવીજ રીતે ભાવ સહિત ભક્તની સેવા

[illegible] ધન, ઘર, વિગેરે મન, વાણી અને કર્મથી પ્રેમપૂર્વક ભગવદીયમાં વિનિયોગ કરીએ, [illegible] પ્રભુ પ્રસન્ન થાય.-(૨૦)

શ્લોક :- તદીયાશ્ચેત્સ્વતસ્તુષ્ટાસ્તુષ્ટઃ કૃષ્ણો ન સંશયઃ ।
તદીયાસ્તુ નિજાચાર્યચરણૈકપરાયણાઃ ॥૨૧॥
અનન્યભજનાસ્તુષ્ટાઃ કામલોભવિવર્જિતાઃ ।
નિરપેક્ષા વિરક્તાશ્ચ સર્વભૂતહિતે રતાઃ ॥૨૨॥
નિર્મત્સરાઃ કૃષ્ણસેવાકથાદિવિહિતાદરાઃ ।
એવં વિધાસ્તદીયાશ્ચેત્સંગાદપિ વિશેષતઃ ॥૨૩॥

શબ્દાર્થ—ભગવદીય પોતે પ્રસન્ન થાય, તો પ્રભુ પ્રસન્ન થાય છે તેમ જાણવું. એમાં [illegible] સંશય નથી. હવે ભગવદીયના લક્ષણ કહે છે—શ્રીમહાપ્રભુજીનો આશ્રય જેને દૃઢ [illegible] ૨૧. અનન્યભક્તિ કરનારા, ( અન્યાશ્રય રહિત ) સંતોષવાળા, કામલોભ વગરના, [illegible] પ્રકારની અપેક્ષા વગરના, વિરક્ત એટલે પ્રભુ સિવાય બીજામાં આસક્તિ ન [illegible], સર્વ પ્રાણીમાત્રના કલ્યાણમાં પ્રીતિ રાખનારા ૨૨. ઈર્ષ્યા વગરના, પ્રભુની સેવા [illegible] આદર રાખનારા એવા ભગવદીય મળે તો તેમના સત્સંગથી વિશેષ ફળ મળે છે-૨૩

વિવેચન—હવે ઉપર કહ્યું તે પ્રમાણે ભાવપૂર્વક ધન ગૃહ વિગેરે શ્રીકૃષ્ણને સમર્પે, [illegible] ભાવસહિત ભગવદીયને પણ સમર્પે. ત્યાં કોઇ કહે કે ભગવાનની સેવા તો આવશ્યક [illegible] કરવી જોઈએ, પણ ભગવદીયની સેવા કરવાથી શું ફળ મળે ? ત્યાં સિદ્ધાંત કહે [illegible] ભગવદીયને સેવા કરી પ્રસન્ન કરીએ તો ભગવાન સંતોષ પામે. અને ભગવદીય [illegible] ન થાય તો ભગવાન પણ સંતોષ ન પામે એમ જાણી ભગવદીયની સર્વ રીતે સેવા [illegible] તો તેથી નિશ્ચય ભગવાન સંતુષ્ટ થાય. ત્યાં કોઈ કહે, કે વૈષ્ણવ જાણીને પોતાનાથી [illegible] સેવા કરીએ, અને વૈષ્ણવ કઠિન આજ્ઞા કરે, તો પોતાનાથી ન બની શકે તો [illegible] તુષ્ટ ન થાય તો શું કરે ? આમ કોઈ કહે તો ત્યાં સિદ્ધાંત કહે છે કે જેમ [illegible] બાલકની સેવા કરીએ તે પ્રમાણે કરીએ. બાલકને તો જ્ઞાન નથી, તે તો અનેક [illegible] તે બધી આપણાથી ન બને, તો તે બાલક પ્રસન્ન ન થાય. પણ રાજા તો [illegible] મનમાં જાણે છે કે આણે મારા બાલકની સેવા બહુ કરી છે, એનાથી બની તેટલી [illegible] આમ જાણીને રાજા તો પ્રસન્ન થાયજ. આમ સમજીને આપણાથી શુદ્ધ ભાવથી [illegible] વૈષ્ણવની સેવા કરીએ, છતાં વૈષ્ણવ પ્રસન્ન ન થાય તો કશી ચિંતા નહિં. ભગ-[illegible] પ્રસન્નજ થવાના, હવે વૈષ્ણવ કેટલા પ્રકારના છે તે કહે છે, આવા વૈષ્ણવ [illegible] સેવા કરે, (૧) એક તો શ્રીમહાપ્રભુજીના ચરણકમલની ભક્તિમાં પરાયણ હોય, [illegible] આ લોક પરલોકમાં શ્રીમહાપ્રભુજીના ચરણનીજ કામના રાખે. એવા ભગવદીયની [illegible] કરે, સત્સંગ કરે તો તે જીવની પણ અનન્યતા શ્રીમહાપ્રભુજીમાં થાય. (૨૧) (૨) [illegible] ની સેવામાંજ સુખ અને સંતોષ માને, અન્ય દેવનું ભજન સ્વપ્નમાં [illegible] કરેજ નહિં, ત્યારે શ્રીઠાકોરજી કૃપા કરે, અને પ્રસન્ન થાય. ( ૩ ) કોઈ [illegible] કામના રાખે નહિ ત્રણલોક સુધી બ્રહ્માનંદ મોક્ષ સુધીના ફલને તુચ્છ જાણે. [illegible] કામ, ક્રોધ, મદ, મત્સરતા અને વિષયવાસનાની ગંધ પણ જેમાં ન હોય, વળી [illegible] હોય, અને લૌકિકમાં તો સઘળો ધર્મ દ્રવ્યને લીધે વેચે તેવું પણ બને છે, કારણ [illegible] કેઆમ. દ્રવ્યને લીધે બધાં લૌકિક કાર્યો સિદ્ધ થાય છે, તો દ્રવ્યમાં જેને જરા

પણ આસક્તિ ન હોય, તેને ભગવદીય જાણીએ. (૫) નિરપેક્ષ ભાવથી પ્રભુની સેવા કરે, કશી લૌકિક વૈદિક કામના મનમાં ન રાખે, કોઈ રાજા જેવા ધનવાનની પણ પરવા ન કરે. (૬) મનથી વિરક્ત રહે, સ્ત્રી, પુત્ર, કુટુંબ, ગૃહ, દેહસંબંધી, ઈત્યાદિ સર્વ જગતમાં દૃઢ વૈરાગ્ય જાણે કોઈની પાસે પોતાના સ્વાર્થને લીધે કશી યાચના કરે નહિં, એમ જાણે કે શ્રીકૃષ્ણજ સર્વ કાર્ય સિદ્ધ કરશે, મારો ધર્મતો પ્રભુની સેવાજ કરવાનો છે. (૭) જગતના સર્વ પ્રાણી માત્રમાં હિત રાખે, કોઈનું બુરૂં લગાર પણ કોઈ રીતે ન વિચારે, મન, વાણી અને કર્મથી સર્વનું હિતજ કરે. આવા ભગવદ્દયનો સંગ અવશ્ય કરવા યોગ્ય છે, તેની સેવા પણ સ્નેહપૂર્વક કરે.) ૨૨. (૮) મત્સર (જે બીજાનો ઉત્કર્ષ ન જોઈ શકે તે) ન કરે, પોતાનાથી બીજા વૈષ્ણવ ઓછો ધર્મ આચરતા હોય તો પણ તેનાં વખાણ કરે, ધન્યવાદ આપે. પોતાની યોગ્યતા ન જાણે કે હું બહુજ ધર્મ કરૂં છું. એમજ જાણે કે મારામાં તો ભગવદ્ધર્મ લેશ પણ નથી, આવી રીતે દીનતા રાખે. (૯) શ્રીકૃષ્ણની સેવા પણ આદરપૂર્વક કરે, શ્રીકૃષ્ણની કથા આદરપૂર્વક સાંભળે. કારણ કે ભગવત્સેવા કરવાથી સર્વ ઇંદ્રિયો પ્રભુપરાયણ થાય, અને શ્રીકૃષ્ણની કથા સાંભળવાથી પ્રભુની સેવામાં રૂચિ થાય. માટે પ્રભુની કથા પણ અતિ આદરપૂર્વક કરવી અને પ્રભુની સેવા પણ કરવી.) આવી રીતે ઉપર કહેવામાં આવ્યું, તેવા નવ ગુણથી સંપૂર્ણ ભગવદીય હોય તેનો સંગ અવશ્ય નિયમપૂર્વક કરે. આવી રીતે શુદ્ધ મનથી ઉત્તમ ભગવદીયનો સંગ કરે, તેની સેવા કરે, ભગવદીય કહે તેમાં વિશ્વાસ રાખીને સ્નેહપૂર્વક તે કહે તે બધુંજ કરે. આવી રીતે વૈષ્ણવ રહે તો શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થાય અને આનંદનું દાન કરે–૨૩.

**શ્લોકઃ—સર્વથા શુદ્ધભાવાનાં સ્વીકૃતિનાં કૃપાલુના ।**
**સર્વં શ્રીવલ્લભાચાર્યપ્રસાદેન ભવિષ્યતિ ॥૨૪॥**

**શબ્દાર્થ**—દયાળુ શ્રીઠાકોરજી, શ્રીમદાચાર્યજી અને ભગવદ ભકતોએ જેમને પોતાના કર્યા છે, એવા શુદ્ધ પ્રેમવાળા ભકતોનાં સર્વ કાર્ય શ્રીમહાપ્રભુજીની કૃપાથી સિદ્ધજ થશે–૨૪.

**વિવેચન**—ઉપર જેટલા પ્રકાર કહ્યા તે સર્વ શુદ્ધ ભાવથી કરે, શ્રીકૃષ્ણની કથાનું શ્રવણ પણ શુદ્ધ ભાવથી કરે, પ્રભુની શ્રીગુરૂની તથા વૈષ્ણવની સેવા પણ શુદ્ધ ભાવથી કરે, પ્રભુની સઘળી લીલાઓમાં શુદ્ધ ભાવ રાખે, ભગવત્સેવા સામગ્રીમાં શુદ્ધ ભાવ રાખે, ત્યારે ભગવદીય પ્રસન્ન થઈ કૃપા કરે, અને પ્રભુ પણ ત્યારેજ કૃપા કરે. ત્યાં કોઈ કહે કે આટલા બધા ધર્મ તો મહા કઠિન છે, આ કળિયુગમાં જીવથી કેવી રીતે બની શકે, જીવનમાં તો ધર્મ પણ મહા કઠિનતાથી સિદ્ધ થાય છે. આવી રીતે કોઈ શંકા કરે ત્યાં સિદ્ધાંત કહે છે કે શ્રીવલ્લભાચાર્યજી આ કલિયુગમાં જીવો પર કૃપા કરવા માટેજ પ્રકટ થયા છે, અને આ પુષ્ટિમાર્ગ પણ સર્વોપરિ શ્રેષ્ઠ પ્રકટ કર્યો છે. તેથી શ્રી આચાર્યજી મહાપ્રભુજીની કૃપાથી બધા ધર્મો એક ક્ષણમાં આવે. જીવને તો બધું કઠિન છે, કારણ કે જીવ સ્વભાવથીજ દુષ્ટ છે. પરંતુ શ્રીમહાપ્રભુજી કૃપા કરે તેને સર્વ સુલભજ છે. માટે એક શ્રીમહાપ્રભુજીનાજ ચરણકમળનો આશ્રય મનમાં દૃઢ રાખે, તો સર્વ કાર્ય આશ્રયથીજ નકકી સિદ્ધ થશે, અને શ્રીમહાપ્રભુજી નિશ્ચય પૂર્વક પુષ્ટિમાર્ગીય ફલનું દાન કરશે.

આવી રીતે પ્રથમ શિક્ષાપત્રમાં અંગીકૃત જીવની કર્તવ્યતા નિરૂપણ કરીને તે પ્રમાણે પ્રથમ શિક્ષાપત્રનો ભાવ યથામતિ કહ્યો.

ઇતિશ્રી હરિરાયજી કૃત પ્રથમ શિક્ષાપત્ર સંપૂર્ણ.

# ❋ શિક્ષાપત્ર ૨ જું. ❋

❀❀❀❀

[illegible] બીજા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી નિરોધની સિદ્ધિનો પ્રકાર બતાવે છે. ઉપર [illegible] પહેલા શિક્ષાપત્રનો ભાવ મનમાં ધારણ કરે તો તે જીવ ઉપર શ્રીમહાપ્રભુજી [illegible] કરે. પુષ્ટિમાર્ગમાં રસરૂપ ફલાત્મક શ્રીકૃષ્ણજ છે તેનું દાન કરે. તે આ બીજા [illegible] કહે છે. આથી શ્રીકૃષ્ણનું સ્વરૂપ હૃદયારૂઢ થાય અને તેથી સ્વરૂપાનંદનો [illegible].

[illegible] :– યશોદોત્સંગલાલિતઃ કચગ્રથિતવેણિકઃ ।
મુકતાફલલસદ્‌ભાલશ્ચલત્કુટિલકુંતલઃ ।।૧।।

[illegible]—અઢાર શ્લોક સુધી સ્વરૂપનુંજ વર્ણન છે. શ્રીજશોદાજીના ઉત્સંગ (ગોદ)માં [illegible] શોભિ રહ્યા છે, કેશવેણિ ગુંથેલી છે, મુક્તાફળથી સુશોભિત આપનું લલાટ છે, [illegible] કુટિલ (વક્ર) કેશ છે. ૧.

[illegible]—શ્રીયશોદોત્સંગલાલિત આ સ્વરૂપ કેવળ ભાવાત્મક સ્વરૂપ છે. વસુદેવજીને [illegible] જે પ્રકટ્યું છે તે કેવળ રસાત્મક સ્વરૂપ નથી. તે તો અનેક કાર્યોને માટે, [illegible] ઉતારવા, તથા મોક્ષ આપવાને માટે પ્રકટ્યું છે, અને શ્રીયશોદાજીને ત્યાં જે [illegible] છે તે કેવળ વ્રજભકતોને આનંદ આપવા માટેજ પ્રકટ થયું છે. માટે [illegible] ગલાલિત જે રસાત્મક સ્વરૂપ છે તેજ આ શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં સેવા [illegible] છે. તેમાં પણ બે પ્રકાર છે. દરેક કલ્પમાં દ્વાપર યુગ આવે છે ત્યારે નંદ યશોદાજી [illegible] શ્રીઠાકોરજી પણ પ્રગટે છે. તે સ્વરૂપ પુષ્ટિમાર્ગમાં સેવ્ય નથી. કલ્પ [illegible] અંશાવતાર થાય છે, અને સારસ્વત કલ્પમાં તો પૂર્ણાનંદ સ્વરૂપ પ્રકટ્યું. તેણે [illegible]ને વરદાન આપ્યું છે, તે સારસ્વત કલ્પના યશોદોત્સંગલાલિત આ પુષ્ટિ- [illegible] છે. શ્રીગુસાંઇજીનું વચન છે કે "જાનીતં પરમં તત્વં યશોદોત્સંગલાલિતમ" [illegible] લાલિત શ્રીકૃષ્ણને પરમતત્વ જાણવું.) શ્રીયશોદોત્સંગલાલિત વિના બીજાને [illegible] સુરી જાણીએ. સર્વ લીલા સર્વ વસ્તુના કારણરૂપ યશોદોત્સંગલાલિત છે. તેને [illegible] અતિ સ્નેહથી ગોદમાં લે છે, લાલન પાલન કરે છે, પરમ આનંદમાં મગ્ન [illegible] રીતે શ્રીયશોદાજી તે મંગળ સ્વરૂપ પ્રાપ્ત કરીને ગોદમાં પધરાવે છે. અને [illegible] ધ્યાન કરતાં પોતેજ મંગળરૂપ બની ગયા. શ્રીયશોદાજી ઉત્સંગમાં પુત્રને [illegible] ઘુઘરવાળા કેશ છે તેને સંવારીને વેણી ગૂંથે છે, અથવા શ્રીયશોદાજી [illegible] પ્રભુને લઈને અનેક મેવા મિઠાઇ આરોગાવે છે. અનેક ખિલોનાં એટલે [illegible] છે. કુમારિકાઓ જે ઘરમાં ભકત છે તેઓ વેણી ગુંથે છે, અથવા [illegible] ચંદ્રાવલીજી પધારી બાલભાવથી ગુંથે છે, અથવા મુખ્ય શ્રીસ્વામિનીજી [illegible] પધારીને બાલભાવથી ગુંથે છે, અથવા શ્રીઠાકોરજી બાલભાવથી હઠ કરે છે, [illegible] વૃષભાનુ કુમારિકાને પોતાની પાસે બેસાડીને બેઉ સ્વરૂપની વેણી ગુંથે [illegible] અનેક ભાવ છે. (તેનો શ્રીમહાપ્રભુજીની કૃપાથી અનુભવ થાય.) વળી સુંદર

ભાલપર મોતીની સેર શોભા આપે છે, તે માનો નીલકમળપર જળની બુંદ આવી રહી છે અથવા શ્યામચંદ્રમાની ઉપર માનો તારાગણની પંકિત એટલે હાર આવી રહી છે. શીતલ મંદ અને સુગંધ વાયુથી કુંતલ જે અલક [કેશ] ચલાયમાન છે, તે મહા અદ્‌ભુત શોભા આપે છે. માનો મુખરૂપી કમલના મકરંદ એટલે સુવાસને વશ થઇ અલિ જે ભ્રમરા તેમની પંકિતઓ આવીને માનો રસપાન કરે છે. તથા મુખચંદ્રમા પર અલક (કેશની લટ) તે જાણે સર્પનાં બચ્ચાં હોય તેવી શોભા આપે છે. આવી રીતે શિખાથી ન સુધીના સિંગાર ભાવપૂર્વક હ્રદયમાં વિચારે. (૧)

શ્લોક :– મુકતાફલાવલિભાલપ્રાંતકર્ણવિભૂષિતઃ ।
કસ્તૂરિકાતિલકયુગ્‌ભાલભૂષાતિસુંદરઃ ॥૨॥

શબ્દાર્થ—મોતીની માલા ભાલના મધ્યેથી કાન સુધીનો ભાગ સુશોભિત છે કસ્તૂરિકાનું તિલક જે લલાટમાં બીરાજે છે તે શોભા અતિ સુંદર છે. ૨.

વિવેચન—મુકતાફળની સેરની લલાટથી બેઉ કાન સુધી બંદી ધરી છે, તે માને શ્યામ મેઘમાં બેઉ બગલાની પાંકેત રૂપ પરમશોભા આપે છે. સુંદર કસ્તૂરીનું તિલક ભાલપર બિરાજે છે. શ્રુંગારરસાત્મક શ્રીઠાકોરજીના ભાલપર સ્વતઃ સિદ્ધ સદા સર્વદા કસ્તૂરીનું તિલક બીરાજે છે, તે કસ્તૂરીનું તિલક શ્રીચંદ્રાવલીજીએ પોતે પોતાના ભાવ સંબંધી શ્રીઠાકોરજીને કર્યું છે, અને મુખ્ય શ્રીસ્વામિનીજીએ પોતાના ભાવરૂપ સુવર્ણ ભૂષણ ભાલ પર ધરાવ્યાં છે. આવી રીતે સઘળાં આભૂષણ ભાવાત્મક છે. (૨)

શ્લોક :– કાશ્મીરરાગવિલસત્કપોલદ્વયચિત્રિતઃ ।
સ્ફુરચ્છ્રુતિયુગપ્રાસકુંડલદ્યુતિમંડિતઃ ॥૩॥

શબ્દાર્થ—કેસરના રંગથી બેઉ કપોલ (ગાલ) ઉપર ચિત્રો ચિત્રિત છે, અને જે બે કાનમાં તેજોમય કુંડળ છે, તેના તેજથી શોભામાં ઘણો વધારો થાય છે.

વિવેચન—કાશ્મીર એટલે કેસર કુમકુમાદિ–અંગરાગથી કપોલ ચિતરેલાં છે. તે બે કપોલ પર કમળપત્ર પરમ શોભાયમાન છે, આ કમલપત્ર શ્રીસ્વામિનીજીના મનોરથનાં છે કારણ કે કમળપત્ર જ્યારે વિવાહ થાય છે ત્યારે ધરે છે. આથી શ્રીસ્વામિનીજી પોતે મનોરથ કરે છે, પોતાના શ્રીઅંગના રંગરૂપ કેસરથી બેઉ કમળપત્ર કપોલમાં સંવારીને એ જણાવે છે કે અમારી સાથેજ વિવાહ થશે. અથવા શ્રીયશોદાજી શ્રીઠાકોરજીને શ્રીસ્વામિનીજીની ગોદમાં પધરાવી પોતે ઘરનું કામકાજ કરે છે, ત્યારે શ્રીસ્વામિનીજી એકાંત સ્થળે પધરાવી જઈ શ્રીઠાકોરજીને પ્રાર્થના કરે છે, કે અમારો ચિરકાળનો વિયોગ તમે દૂર કરો ત્યારે શ્રીઠાકોરજી કિશોર અવસ્થા ધારણ કરી શ્રીસ્વામિનીજીના સઘળા મનોરથ પૂર્ણ કરે છે, ત્યારે શ્રીસ્વામિનીજી બેઉ કપોલ પર કમળપત્ર પોતાના હાથથી સંવારીને વિવાહના મનોરથ પૂર્ણ કરે છે. હંમેશા આવી રીતે અમને સુખ આપ્યા કરો. "દિન દુલ્હે મેરો કુંવર કનૈયા" આ પદ અનુસાર અનેક ગુપ્ત લીલાઓ કરી પછી શ્રીઠાકોરજીને ગોદમાં લઈ શ્રીસ્વામીનીજી શ્રીયશોદાજી પાસે આવીને કહે છે, કે આ તમારો પુત્ર અતિશય ચંચળ

...ને રહેતો નથી, તેથી જેમ તેમ કરીને રાખ્યો છે, એક ઠેકાણે એનું મન ચોંટતું ...થી રમાડીને લાવી છું. ત્યારે શ્રીયશોદાજી શ્રીસ્વામીનીજી ઉપર પ્રસન્ન થઈ શ્રીઠાકો... પોતાની ગોદમાં લે છે, અને વિધાતાને અંચલ પસારી એવી પ્રાર્થના કરે છે કે આ ...કુમારી સાથે મારા પુત્રનો વિવાહ થાય એવું હું માગું છું. પછી મેવા મિઠાઈથી ...નીજીનો ખોળો ભરી દે છે. આવી રીતે શ્રીઠાકોરજીના કપોલ ચિતરેલા છે, અને ...તિ એટલે કર્ણ તેમાં કુંડલો શોભી રહેલાં છે. તે કુંડળો અતિ ચંચળ છે. કોઈવાર ...કૃતિ કુંડળ ધરે છે, કોઈવાર મયૂરાકૃતિ કુંડળ ધરે છે, તેમાં મકરાકૃતિ કુંડળમાં સ્વકીય ...મનોરથ અને મયૂરાકૃતિ કુંડળમાં પરકીયાના મનોરથ પૂર્ણ કરવાની ભાવના છે. ...ત ઉભા છે, તેની કાંતિ ગંડસ્થળ પર ઝલકે છે, તે કોટિકંદર્પની છબી હરે છે, ...મણીની કાંતિ લજાવે છે. (૩.)

...ક :- ચિબુકાંતલસદ્વજ્રભૂષઃ સાંજનલોચન ।
નયનપ્રાંતવિલસન્મષીબિંદુસુશોભનઃ ॥૪॥

...ર્થ—ચિબુકની વચ્ચે હીરાનું આભૂષણ શોભે છે, અંજનવાળાં નેત્રો છે, અને નેત્રની ...નું મસીબિંદુ શોભાયમાન લાગે છે. ૪.

...—સુંદર ચિબુક ઉપર હીરાનું આભૂષણ દીપી રહ્યું છે તે પરમ ઉજ્વલ શ્રીચંદ્રા... ...ભાવ છે. તેનુ મધુરાષ્ટકની ટીકામાં વિસ્તારથી વર્ણન છે કે જ્યારે શ્રીસ્વામિનીજી ...નું પાન કરે છે તે વખતે રસની અધિકતાથી મુખકમળમાંથી અધરરસ શ્રવી (ટપકી) ...તે ચિબુક ઉપર આવે છે તેનો સ્વાદ શ્રીચંદ્રાવલીજી લે છે. આ ભાવથી ચિબુકભૂષણ ... નયનકમળમાં અંજન શ્રુંગારરસરૂપ છે, તે નયનનાં કટાક્ષ દશે દિશાના ભકતો ...તેથી કરીને વ્રજભકતો મોહ પામીને પોતાનું ઘરનું કામકાજ પણ ભુલી જાય ...કે નેત્ર અતિ કુટિલ (વાંકાં) છે, અતિ ચંચળ છે, અતિ અરૂણ એટલે અનુરાગ... ...છે. અનેક ભાવો તેમાં ભરેલા છે, તેનું વર્ણન શ્રીગુસાંઈજી લલિતત્રિભંગ ગ્રંથમાં ...દિશાના ભકતોને નેત્ર દ્વારાજ રસપાન કરાવે છે. વળી શ્રીજશોદાજી મસીની ...કરે છે, તેનું કારણ એ છે કે મારા પુત્રને કોઈની નજર ન લાગે. આ ...અતિશય શોભા આપે છે, સર્વના મનનું હરણ કરે છે. (૪)

...— લાલામિષાધરરસસ્રવણજ્ઞાનબોધકઃ ।
બાલ્યભાવાઽતિસુલભરસબોધનતત્પરઃ ॥૬॥

...ર્થ—લાળના મિષથી જે અધરરસ ટપકાવે છે તેથી કરીને જ્ઞાન આપનારા છે ...થી અતિશય સુલભ રસ જણાવવામાં તત્પર છે. ૫.

...—આરકત અટલે અનુરાગ ભર્યા અધરથી રસ ટપકે છે. તેથી શ્રીજશોદાજી ...કે બાળકની લાળ ટપકે છે. હવે શ્રીયશોદાજી ચુંબન કરે છે ત્યારે બાળ... ...રસનો આસ્વાદ તેઓ લે છે. કારણ કે પુષ્ટિમાર્ગમાં અધરરસના પાન વિના ...નહિ, અને શ્રીઠાકોરજી તો નિત્ય લીલામાં સર્વનો અંગીકાર કરાવવા માટે ...અને શ્રીયશોદાજીને, વૃદ્ધ ગોપીજનોને તથા શ્રીનંદરાયજીને અધરામૃત શી રીતે

મળે ? માટે બાળભાવથી લાળ ટપકે છે. સખાઓને ગ્વાલમંડળીમાં પોતાનું જુઠણ ખવરાવે છે. વ્રજભક્તોનું તો ક્ષણક્ષણમાં અધરામૃતજ જીવન છે. વેણુદ્વારા અધરરસથી પશુપક્ષી સર્વની બુદ્ધિ પ્રભુમાં રહે છે, અન્ય સંબંધ થતો નથી. બાળભાવમાં શ્રીસ્વામિનીજીને તો અધરામૃત બહુજ સુલભ છે, કારણ કે શ્રીયશોદાજીને એવી રીતે કહીને શ્રીઠાકોરજીને પધરાવી લઈ જાય છે કે હું તમારા પુત્રને રમાડીને લાવું છું, એમ કહે છે. તેથી સૌ કોઈ એમ જાણે છે કે બાળકને રમાડવા લઈ જાય છે, કોઈને વિષમબુદ્ધિ થતી નથી. પછી એકાંતમાં લઈ જઈ ગુપ્ત રસની પ્રાર્થના કરે છે. હવે શ્રીઠાકોરજી તો સદા રસાનંદમાં તત્પર છે, તેથી ભક્તના સર્વ મનોરથ પૂર્ણ કરે છે. (૫)

**શ્લોક :- મુખાંબુજનિજાંગુષ્ઠપ્રવેશનપરાયણઃ ।**
**ભક્તિપ્રવિષ્ટસ્ય ગતિક્રિયાશક્તિવિબોધકઃ ॥૬॥**

**શબ્દાર્થ**—પોતાના મુખારવિંદમાં પોતાનો અંગુઠો ઘાલે છે, તે ભક્તિમાં પ્રવિષ્ટ એવા જીવની ગતિ અને ક્રિયાશક્તિ જણાવે છે. (૬.)

**વિવેચન**—શ્રીઠાકોરજી સુંદર પલનામાં પોઢ્યા છે, પોતાનો અંગુઠો વારંવાર મુખમાં ઘાલે છે. ચરણકમળના અંગુઠા બેઉ શ્રીહસ્તથી પકડીને પોતાના મુખમાં ઘાલે છે, તેથી એમ જણાવે છે કે આ ચરણારવિંદમાં કોટાનકોટિ ભક્તોનાં મન લાગી રહે છે. તે ભક્તોનાં મનમાં એવો તાપ અનેક સમયથી રહે છે કે અમને અધરામૃતનું પાન કદી પણ ન મળ્યું. તે રસ કેવી જાતનો છે ? આવી ભક્તોની આર્તિ પ્રભુ સાંખી શકતા નથી, તેથી બાળભાવથી કોઈને ખબર પડે નહિ તેમ ચરણારવિંદના ભક્તોને અધરામૃતરસનું પાન કરાવે છે. અથવા પ્રભુ એમ વિચારે છે કે મારા ચરણારવિંદમાં એવો શો રસાસ્વાદ છે કે ભક્તો ચરણારવિંદને પૂજે છે ? ધ્યાન ધરે છે ? તે રસ હું તો જોઉં ! તેથી બાળભાવથી પોતેજ ચરણારવિંદના રસનો આસ્વાદ લે છે. વળી વ્રજભક્તો ચારે તરફ વિંટાઈને રહે છે તેમને પ્રભુ નેત્રના કટાક્ષથી સ્વાગત કરે છે અને રસ સંકેત જણાવે છે. અથવા કોઈવાર શ્રીહસ્તનો અંગુઠો મુખમાં મુકે છે. તેનું કારણ એ છે કે અંતર્ગૃહગતા દેહ તજીને શ્રીઠાકોરજીની પાસે આવી છે તેને પોતે શ્રીહસ્તથી પકડી પોતાના મુખકમળમાં ધારણ કરે છે. પછી કોઈવાર એકાંતમાં તે ભક્તોને બહાર કાઢી રમણ કરી પછી ફરી મુખારવિંદમાં રાખી દે છે. લોકના જોવામાં તો બાળક અંગુઠો ચૂસે છે. શ્રીસ્વામિનીજી વગેરેને અનેક રમણની ક્રિયાની ગોઠવણનો બોધ કરે છે. આવી રીતે શ્રીઠાકોરજી જેનો જેવો અધિકાર છે તેને તેવું રસપાન કરાવે છે.-(૬)

**શ્લોકઃ— ગ્રીવાલસલ્લસ-મુક્તાફલમાલવિભૂષણઃ ।**
**તદુત્તરલસત્સ્વર્ણમણિમાલાતિમોહનઃ ॥૭॥**

**શબ્દાર્થ**—કંઠમાં આવેલી સુંદર મોતીની માળાથી અતિ શોભા આપે છે, અને તેની ઉપર સુવર્ણના મણિકાની માળા છે, તેથી ઘણો મોહ ઉપજાવે છે. (૭.)

વિવેચન—ગ્રીવા એટલે કંઠમાં આવેલી મોતીની માળા પરમ શોભા આપે છે, તેનીજ પાસે સોનાના મણિકાની અને મણિમાળા ગંઠીને શ્રીકંઠમાં ધારણ કરે છે. તેથી કરીને પોતાના ભકતોને એમ જણાવે છે કે હું તમને રાત દિવસ કંઠમાં રાખું છું. મોતીની માળા, સુવર્ણ તથા મણિમય અનેક ભકતોના ભાવથી છે; તેથી પ્રભુ પ્રેમથી ધારણ કરે છે. (૭)

**શ્લોક :– ઉરઃસ્થલલસત્સ્વચ્છવક્રવૈયાઘ્રભૂષણઃ ।**

**મુક્તાફલસ્વર્ણમાલાયુતતુંદિલિતોદરઃ ॥૮॥**

શબ્દાર્થ—હૃદયપર શોભાયમાન સ્વચ્છ (શ્વેત) અને વાંકા વાઘનખનાં ભૂષણ શોભી રહ્યાં છે, અને મુકતાફળની માળા તથા સોનાની માળા જેમના પ્રફુલ્લિત (સુંદર) ઉદર ઉપર શોભી રહી છે, એવા શ્રીઠાકોરજી. (૮)

વિવેચન—ઉરસ્થળ ઉપર કેસરીનો નખ (વાઘનખ) પરમ શોભા આપે છે. તે શ્રી યશોદાજીએ તો પોતાના પુત્રની રક્ષાને માટે ધરાવ્યો છે. તે વ્રજભકતોની અનેક લીલાનું સૂચન કરાવે છે. નખદાન રાસાદિક લીલાવિહારમાં થાય છે. તે વાઘનખ વાંકો છે. તેનો અભિપ્રાય એ છે કે કેટલાક ભકતોનાં હૃદય વાંકાં છે, તેમને પોતાને વશ કરવા માટે તે વાઘનખ વાંકો પોતાના હૃદયમાં ધારણ કરી એમ જણાવે છે કે હું પણ ત્રિભંગી વાંકો છું. આવી રીતે ભકતોનાં મન સીધાં કરી પોતાનાં હૃદયમાં ભકતોને રાખે છે, વળી અનેક ભકતોને ત્યાં શ્રીઠાકોરજી પધારે છે ત્યારે દ્વારપર રખવાળી જોઈએ, આથી દ્વારપર લીલાસંબંધી આ દૈદૈવિક નૃસિંહજી પ્રકટ કરી દ્વાર પર રખવાળી રાખી ભકતોની સાથે નિર્ભયતાથી લીલાવિહાર કરે છે. તથી દ્વારપર સિંહ છે તે પુષ્ટિલીલા સંબંધી છે. તેથીજ શ્રીઠાકોરજી નખ ભૂષણ હૃદયમાં ધારણ કરે છે. આવી રીતે સઘળાં આભૂષણ વ્રજભકતની સાથેની લીલાને અનુકૂળ છે, તેથી શ્રીઠાકોરજી પ્રેમથી પાસે રાખે છે. જે વ્રજભકતોની લીલાને પ્રતિકુળ હોય તેનો તરતજ શ્રીઠાકોરજી ત્યાગ કરે છે. પુષ્ટિમાર્ગમાં અંગીકાર વ્રજભકતોની કૃપાથી થાય, બીજો કોઈ ઉપાય નથી. આ ભાવથી વાઘનાખ પ્રભુ ધારણ કરે છે. તે વાઘનખના ભૂષણ પાસે મુકતાફળ અને સોનાના મણિકાવાળી પરોવેલા સુંદરમાળા ઉપર બિરાજે છે. તે સોનાના મણિકા શ્રીસ્વામિનીજીના ભાવથી તથા મુકતાફળ શ્રીચંદ્રાવલીજીના ભાવથી શ્રીઠાકોરજી પોતાના હૃદયમાં ધારણ કરે છે. (૮.)

**શ્લોક :— બાહુમધ્યલસદ્રત્નજટિતાંગદસુંદરઃ ।**

**પટગુચ્છલસત્સ્વલ્પકરકંકણભૂષણઃ ॥૯॥**

શબ્દાર્થ—જેમની બેઉ ભુજા મધ્યે રત્નજડિત બાજુબંધ શોભી રહ્યા છે. પટગુચ્છ (રેશમીકુંદના) સહિત શોભાયમાન નાના સરખા શ્રીહસ્તને વિષે કંકણના આભરણ ધરેલાં છે-(૯.)

વિવેચન—સુંદર બાહુમાં (શ્રીહસ્તમાં) બાજુબંધ રત્નજડિત છે. તે નવિન રત્નથી જડિત હોઈ બેઉ કરમાં શોભા આપે છે. તેમાં વામભુજામાં શ્રીસ્વામિનીજીનાં ભાવાત્મક ને જમણી ભુજામાં શ્રીચંદ્રાવલીજીનાં ભાવાત્મક બાજુબંધ છે. અને પાટના (રેશમના) ગુચ્છામાં પરોવેલાં એવાં નાનાં સરખાં હળવાં કંકણ બેઉ કરમાં પરમ શોભા આપે છે.-(૯.)

**શ્લોકઃ—દશાંગુલિલસદ્રત્નજટિતોત્તમમુદ્રિકઃ ।**
**કિંકણીપટગુચ્છાતિવિરાજિતકટિસ્થલઃ ॥૧૦॥**

શબ્દાર્થ—દશ આંગળીઓમાં પ્રકાશમાન રત્નજડિત મનોહર વીંટીઓ પહેરી છે, અને જેમનો કટિપ્રદેશ કિંકિણી ( ક્ષુદ્રઘંટિકા ) નાની ઘુઘરીઓ યુકત પટગુચ્છથી અતિ શોભાયમાન છે.–(૧૦.)

વિવેચન—એઉ શ્રીહસ્તની દશે આંગળીઓમાં રત્નજડિત પરમ સુંદર મુદ્રિકા શોભે છે. તે દશ મુદ્રિકાનો અભિપ્રાય એ છે કે તે દસ પકારના ભકતોના ભાવથી છે. જે રસનો અધિકારી જે ભકત છે, તેને આંગળીથી નખદાન કરી પરમ સુખ આપે છે. અને કટિસ્થળમાં પાટના ગુચ્છમાં પરોવેલી એવી કિંકિણી ( રાસાદિ અનેક લીલાઓમાં સુંદર મધુર શબ્દ કરનારી ) બાંધી છે. તે કિંકિણીના નાદથી ભકતોને અનેક પ્રકારની લીલાનું સ્મરણ થાય છે.–(૧૦)

**શ્લોક :— સનૂપુરપદન્યાસધ્વનિમોહિતગોપિકઃ ।**
**દિગંબરો નખવિધુજ્યોત્સ્નાજિતનિશાપતિઃ ॥૧૧॥**

શબ્દાર્થ—નૂપુર ધારણ કરેલાં ચરણારવિંદ આપ ધરે છે ત્યારે તેના શબ્દથી વ્રજભકતોને મોહ પમાડે છે. આપ વસ્ત્ર રહિત ( બાલભાવથી ) બીરાજે છે. દશનખરૂપ ચંદ્રમાનાં કિરણોથી ચંદ્રમાને જીતનારા છે–(૧૧)

વિવેચન—ચરણકમળમાં નૂપુર સુંદર ધારણ કર્યાં છે, તે નૂપુરનો શબ્દ સાંભળીને અનેક ગોપીજન મોહ પામે છે. અને બાલલીલાનું સ્વરૂપ દિગંબર એટલે નિરાવરણ હોઈ અંગોઅંગનાં દર્શન કરાવે છે. શ્રી નવનીતપ્રિયાજીના અને શ્રીબાલકૃષ્ણજીના સ્વરૂપમાં આ ભાવનું પ્રકટ દર્શન થાય છે. દશનખચંદ્ર ચરણારવિંદમાં ધારણ કર્યાં છે. તે નખચંદ્રના આગળ ભૌતિક ચંદ્રમા લજ્જિત થઈ જાય છે. ચંદ્રમાને પણ જીતે એવાં તેજસ્વી નખચંદ્ર ભક્તોના હૃદયનો અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરે છે. આ શ્રીઠાકોરજીના નખચંદ્ર, એકે એક નખ, કોટાનકોટિ અંધકારનો નાશ કરનાર છે. તે નખચંદ્ર જે ભકતોના હૃદયમાં રહે છે, તેના હૃદયમાં પ્રકાશ થાય તેમાં કહેવુંજ શું ? નખચંદ્ર પોતાની કાંતિનો પ્રકાશ કરી ચંદ્રમા, સૂર્ય, દર્પણ અને મણિ વગેરે સર્વના પ્રકાશને ઝાંખા પાડે છે. અને વળી દશ નખચંદ્ર છે, તેમાં વામચરણારવિંદના નખ પુષ્ટિભકતોના હૃદયનું અંધારૂં દૂર કરે છે, જ્યારે જમણા ચરણના નખ મર્યાદા ભકતોનો અંધકાર દૂર કરે છે. આવી રીતે શિખાથી નખ સુધી સ્વરૂપનું વર્ણન કર્યું છે. (૧૧)

**શ્લોકઃ—સ્વરૂપપ્રતિબિંબૈકદષ્ટિહાસ્યમુખાંબુજઃ ।**
**પંકાંગરાગરુચિરઃ સદામુગ્ધશિરોમણિઃ ॥૧૨॥**

શબ્દાર્થ—સ્વરૂપના પ્રતિબિંબમાંજ દૃષ્ટિ ચોટી રહી છે, તેથી કરીને આપનું મુખારવિંદ હાસ્યયુકત શોભી રહ્યું છે. અને શ્રીઅંગમાં કીચના ( કાદવના ) રંગથી શોભાયમાન છે. (પ્રતિબિંબમાં હાસ્ય તથા શ્રીઅંગમાં કીચનો રંગ કહેવાની મતલબ એ છે કે આપ મુગ્ધ શિરોમણિ છે, મુગ્ધ બાલકનું નાટ્ય છે) (૧૨)

શ્લોક :- લીલાન્યજ્ઞાનરહિતઃ સર્વલીલાવિચક્ષણઃ ।
કંદર્પકોટિલાવણ્યો માનિનીમાનદર્પહા ॥૧૩॥

શબ્દાર્થ—લીલાઓએ કરીને અન્ય જ્ઞાન વગરના દેખાય છે, છતાં પોતે સર્વ લીલાઓમાં વિચક્ષણ (ચતુર) છે. કોટિ કંદર્પ (કામદેવ) થી અધિક લાવણ્યયુકત (શ્રીઅંગની શોભા) છે. માન કરનારી માનિનીના ગર્વને હરનારા છે. (૧૩.)

વિવેચન—સર્વ લોકોને એવા દેખાય છે કે કેવળ બાળક છે, કશી બીજી લીલાઓ જાણતા નથી. તદ્દન મુગ્ધ છે. માતૃચરણ શ્રીયશોદાજી શ્રીનંદરાયજી તથા શ્રીરોહિણીજી વગેરે વૃદ્ધ ગોપગોપી સર્વ કોઈ બાળકજ જાણે છે. અને અંતરંગ વ્રજભકતો એમ જાણે છે કે સર્વ લીલામાં પોતે બહુ ચતુર છે માતૃચરણની પાસે મુગ્ધતા જણાવે છે, તેથી શું થયું ? આ ભાવ વ્રજભકતો જાણે છે. વળી કોટિ કોટિ કામદેવ જેની શોભા જોઇ શરમાય જાય છે, એવું સુંદર જેનું શ્રીઅંગ અત્યંત શોભાયમાન છે. માનિની જે શ્રીસ્વામિનીજી તેના માનનું હરણ કરે છે. આ વિલક્ષણ રીત છે કે એક કાળમાં સદા સર્વદા સર્વને સઘળી લીલાઓનો અનુભવ કરાવે છે. આથી શ્રીગુસાંઈજી પલનામાં કહે છે કે "માનિનીમાનહરણમ" શ્રી યશોદાજી આગળ પલનામાં ઝુલે છે, તેજ વખતે માનિની (શ્રીસ્વામિનીજી) નુ માન હરે છે.એવા વિરૂદ્ધ ધર્માશ્રયયુકત અલૌકિક બાળક છે-(૧૩)

શ્લોકઃ—સ્વગોપીકાગૂઢચૌરઃ કૃતસંકેતગોપનઃ ।
પરમાનંદસંદોહઃ સદા દુઃખાવવર્જિતઃ ॥૧૪॥

શબ્દાર્થ—પોતાનાં ગોપીજનોનો ભાવ ગુપ્ત રાખનારા છે તથા ચોરનારા છે. અને કરેલા સંકેતને ગુપ્ત રાખે છે. ઉત્તમ આનંદના સમૂહ રૂપ છે, સદા દુઃખરહિત છે-(૧૪)

વિવેચન—પોતાનાં ગોપિકા (શ્રીસ્વામિનીજી) નો ગૂઢભાવ છે, તેમને ત્યાં ચોરી કરી સંકેત કરે છે. પછી બીજાં ગોપીજન આગળ સ્વામિનીજીનો સંકેત છુપાવે છે. કારણ કે એ ન જાણે તો સારૂં. અથવા સર્વ ગોપીજનોને ઘેર શ્રીઠાકોરજી ગૂઢ ભાવથી છુપી રીતે પધારે છે દૂધ, દહિં, માખણ, વિગેરે સામગ્રી આરોગે છે. તે ગોપી આવે છે, એટલે તેની સાથે એકાંતમાં સંકેત કરે છે. પછી કોઇ ગોપ આવે છે, અથવા માતૃચરણ શ્રીજશોદાજી આવે છે, તેમની પાસે તે સંકેતને ગુપ્ત રાખે છે. તથા સમસ્ત વ્રજ ભકતોની સાથે સંકેત કરે છે; તે દરેક ભકત પાસે એકબીજા ભકતના સંકેત પોતે ગુપ્ત રાખે છે. દરેક એમ જાણે છે કે મનેજ શ્રીઠાકોરજી મળે છે, બીજાને નહિં. આવી રીતે રમણ કરે છે. અથવા સમસ્ત ભકતોની વચ્ચે શ્રીસ્વામિનીજી બેઠાં હોય ત્યારે શ્રીઠાકોરજી શયનમાં શ્રીસ્વામિનીજીને ગૂઢ ભાવથી કોઈ જાણે નહિ તેમ જણાવે છે કે અમુક ઠેકાણે આવો. ત્યારે શ્રીસ્વામિનીજી કશું બહાનું કાઢી શ્રીઠાકોરજી પાસે પધારે છે. પછી અનેક રીતે લીલા કરી સર્વ સખીઓની પાસે રસલીલા ગુપ્ત રાખે છે. પરમ આનંદ રૂપ છે તેથી સર્વ ભકતોને પરમાનંદનુ દાન કરે છે, વળી સર્વ કાળમાં દુઃખથી રહિત છે-(૧૪).

શ્લોકઃ—અસમક્ષો દુઃખિતાનાં પ્રપંચસુખિનામપિ ।
દયાનિધિર્મુગ્ધભાવઃ સ્વીયવાકયૈકકારકઃ ॥૧૫॥

શબ્દાર્થ—જેઓ દુઃખ મુકત છે અને પ્રપંચથી જેઓ સુખી છે તેમના સમક્ષ પધારતા નથી, આપ દયાનિધિ છે, તથા મુગ્ધભાવ દેખાડે છે. વળી પોતાના ભકતોની વાણીને સત્ય કરનારા છે.-(૧૫)

વિવેચન—લૌકિક પ્રપંચથી અનેક પ્રકારના કામ, ક્રોધ, મદ, મોહ, મત્સરતા, વગેરે માયા સંબંધી દુઃખ છે, તે સર્વનો નાશ કરનારા છે. અવિદ્યારૂપ જે પૂતના હતી તેને શ્રીઠાકોરજીએ મારીને સર્વ ભકતોની અવિદ્યા દૂર કરી. કારણ કે ભકતોનું સામર્થ્ય અવિદ્યા દૂર કરવામાં હતું નહિ. શ્રીઠાકોરજીએ પોતાના ભકતોને માટે વ્રજમાં અવતાર ધર્યો છે, તેથી સર્વની અવિદ્યા દૂર કરી અનેક લીલારસનો અનુભવ કરાવ્યો, અને પરમ સુખ આપ્યું, અને વળી દુઃખનો નાશ કર્યો. કારણ કે પોતે દયાનિધિ છે. ભકતને દુઃખ થાય, તેવું કંઈપણ સાંખી શકતા નથી. લોકોને દેખાડવામાં આપે મુગ્ધ ભાવ અંગીકાર કર્યો છે, માનો કશું જાણતાંજ નથી. કારણ કે ભકતો પાસે ઇશ્વરભાવ પ્રકટ થઈ જાય તો વાત્સલ્યભાવ છુટી જાય. ઇશ્વરતાથી કરે તો એમ જાણે કે સઘળા જગનું પોષણ કરે છે, એને હું ભોગ શો ધરૂં ? આભૂષણ ખિલોના વસ્ત્ર શું ધરાવું ? સઘળું શ્રીઠાકોરજીનુંજ છે, આવી રીતે સ્નેહ છુટી જાય તો પુષ્ટિભક્તિની પ્રાપ્તિ થાય નહિ. તેથી શ્રીઠાકોરજી મુગ્ધ લૌલિક બાળકની પેઠે લીલા કરે છે. ભૂખ્યા થાય છે ત્યારે રૂદન કરી ને હઠ કરીને માતાજી પાસે ભોજન માગે છે. આવી રીતે ભકતો પર કૃપા કરવા માટે પોતે મુગ્ધભાવ શ્રીઠાકોરજીએ ધારણ કર્યો છે. મુગ્ધભાવમાં થોડી સરખી વસ્તુથી પણ સંતોષ પામે છે. જો ઈશ્વરતાથી પ્રભુ માગે તો ભકતોથી ન આપી શકાય, જેમ બળિરાજા પાસે ત્રણ ડગલાં ધરતી માગી તે બળિરાજાથી ન આપી શકાઈ માટે મુગ્ધભાવ રાખી વ્રજભકતોને સુખ આપે છે. વળી પોતાના ભકતો જે ખાસ અંગીકૃત છે, તેની વાણી પૂર્ણ કરે છે. (મનોરથ પૂર્ણ કરે છે.) તે બાબતમાં શ્રીભાગવતજીમાં કહે છે, કે "પીઢા ઉઠાય લાવો," કોઈ કહે છે 'ઉન્માન (પાલી વગેરે) લાવો," કોઈ કહે છે "પાદુકા લાવો," તમને માખણ આપીશ. કોઈ કહે છે નાચો, ત્યારે શ્રીઠાકોરજી બધાનું કહ્યું માને છે. જે પ્રકારે વ્રજભકતો સુખી થાય, તે પ્રમાણે શ્રીઠાકોરજી કરે છે.(૧૫)

**શ્લોકઃ- પ્રપંચનાશનસ્વીયનિરોધકૃતિતત્પરઃ ।**
**બાલભાવગ્રહપરઃ ક્ષણક્ષણવિચક્ષણઃ ॥ ૧૬ ॥**

શબ્દાર્થ—પોતાના ભકતોનો પ્રપંચ નાશ કરીને નિરોધ કરવામાં તત્પર છે, વળી બાળભાવ ગ્રહણ કરે છે, ક્ષણ ક્ષણમાં વિલક્ષણ છે.

વિવેચન—પોતાના ભકતોનું ઘર વગેરેમાં રહેલી લૌકિક આસકિતવાળું મન શ્રીઠાકોરજી ત્યાંથી છોડાવીને પોતાનામાં લગાડે છે. તે માટે વ્રજભકતોને ઘેર ચોરી કરવા પધારે છે. વ્રજભકતોનાં દૂધ, દહીં, માખણની ચોરી કરી તેમના મનમાં શ્રીઠાકોરજી પોતાનું ધ્યાન ધરાવે છે. જે હવે ચોરી કરવાને પ્રભુ આવતા હશે. વળી વેણુનાદ કરી સર્વ ભકતોનાં મન હરી લે છે, તેથી પતિ, પુત્ર, ગૃહાદિક વગેરે દેહ સંબંધી સર્વ ભૂલી જાય છે. વળી અવિદ્યારૂપ પૂતનાને મારીને સર્વ ભકતોની અવિદ્યા દૂર કરી છે. પોતાના ભકતોનો નિરોધ કરવામાં તત્પર છે. ઇંદ્રયજ્ઞ વ્રજવાસી કરતા હતા તે ઈંદ્રનો યજ્ઞ છોડાવીને ગિરિરાજજીની

પૂજા કરાવી પોતે સઘળી સામગ્રીનો અંગીકાર કર્યો. સંયોગાત્મક સઘળી લીલા કરી, બહારની સઘળી ઇંદ્રિયોનો નિરોધ કર્યો. જેમ રાસપંચાધ્યાયીમાં પ્રથમ મુરલી બજાવી વ્રજભક્તોને ઘેરથી બોલાવી, રમણ કરી, સર્વાંગે વિહાર કરી, બહારની સઘળી ઇંદ્રિયો શુદ્ધ કરી, પછી અંતર્ધ્યાન થઈને, અંતઃકરણમાં રમણ કરી, તેમને શુદ્ધ કરી પ્રભુ હૃદયમાં બિરાજ્યા. આવી રીતે સંયોગ વિપ્રયોગ રસનું ભક્તોને દાન કરી નિરોધ સિદ્ધ કર્યો. વળી બાળકભાવથી વ્રજભક્તોને ઘેર પધારે છે, તેનું કારણ એ છે કે વ્રજભક્તો ગોપ વગેરે મર્યાદા ભાવવાળા છે. તેમને રહસ્ય લીલાનું જ્ઞાન થતું નથી. બાળક દેખીને કોઈના મનમાં વિષમ બુદ્ધિ આવે નહિ. આવી રીતે વ્રજભક્તો પાસે શ્રીઠાકોરજી આવીને અનેક લીલા ક્ષણક્ષણમાં કરે છે. જે ભક્તોના જેવા મનોરથ હોય તેને તેવા પ્રકાની અનેક ચેષ્ટા કરી લીલા કરી સકળ મનોરથ પૂર્ણ કરી પછી બાળભાવનો અંગીકાર કરી ઘેર પધારે છે. (૧૬)

**શ્લોકઃ– ક્ષણં ક્રુદ્ધઃ ક્ષણં હૃષ્ટઃ સ્વલ્પવસ્તુષુ તોષિતઃ ।**
**સ્વકીયહૃદયાભિજ્ઞસ્તદન્યજ્ઞાનવર્જિતઃ ॥૧૭॥**

શબ્દાર્થ—ક્ષણમાં ક્રોધયુક્ત અને ક્ષણમાં હર્ષયુક્ત થઇ જાય છે, પોતાના ભક્તો થોડી પણ વસ્તુ આપે તેથી સંતોષ પામે છે. પોતાના ભક્તોના હૃદયના મનોરથ જાણનારા છે, એ વગર બીજું કશું જાણતા નથી. (૧૭)

વિવેચન—બાળલીલા કરી એક ક્ષણમાં ક્રોધાવિષ્ટ થઇ જાય છે. લગાર જો શ્રીયશોદાજી ઘરના કામમાં વળગે તો દહીંની માટ ફોડી નાખે, માખણ વાંદરાંને લુંટાવી દે, ભૂમિપર આળોટે, કોટાનકોટિ ઉપાય કરી શ્રીયશોદાજી મનાવે તોય માને નહિ. કોઈવાર ચંદ્રમા દેખી આડાઈ કરે, કોઇવાર માખણની કે ભોજનની જરા ઢીલ હોય તો સહન કરી શકે નહિ, ક્રોધી થઈ જાય. કોઈ વાર હસી પડે, લગાર વસ્તુથી સંતોષ પામે, શ્રીનંદરાયજી ખિલોનાં તથા ફુલ અને ફળ વગેરે લાવે તો દેખીને બહુ પ્રસન્ન થઈ જાય છે. વ્રજભક્તો નવિન સામગ્રી, નવનીત, થોડી પણ કશી નવી વસ્તુ લાવીને શ્રીઠાકોરજીને આપે છે, તેથી શ્રીઠાકોરજી બહુ સંતોષ પામે છે. પોતાના સ્વકીય ભક્તોના મનમાં જેવો મનોરથ હોય તેવાજ કાર્યમાં શ્રીઠાકોરજી તત્પર છે, બીજી વાત પોતે જાણતાજ નથી. પોતાના અંતરંગ ભક્તોના હૃદયનો અભિપ્રાય જાણીને તે વગર બીજું કશું જ્ઞાન મનમાં રાખતા નથી. કારણ કે વ્રજમાં શ્રીયશોદાજીને ઘેર પ્રભુ પધાર્યા છે, તે કેવળ વ્રજભક્તોને સુખ આપવા માટે પધાર્યા છે, માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુ ભક્તને આધીન છે, અને (ભક્તના મનોરથ સિવાય) અન્ય જ્ઞાન રહિત છે. (૧૭)

**શ્લોક :– ગૂઢલીલાપરો ભક્તગૂઢભાવરસાત્મકઃ**
**સેવનીયઃ સાવધાનૈર્વિપરીતગતિક્રિયઃ ॥૧૮॥**

શબ્દાર્થ—ગૂઢલીલા કરનાર અને ભક્તોના ગૂઢ ભાવના રસાત્મક તથા વિપરીત ગતિ અને ક્રિયાવાળા એવા શ્રીઠાકોરજી, સાવધાનતાથી સેવા કરવા યોગ્ય છે. [આ અઢારે શ્લોકમાં જે સ્વરૂપનું વર્ણન કર્યું, એ શ્રીઠાકોરજી બહુજ સાવધાનતાથી સેવવા યોગ્ય છે.] (૧૮)

વિવેચન—ભકતોની સાથે ગૂઢ લીલા કરવામાં સદા તત્પર છે. ગૂઢ લીલા એટલે રાસ લીલા, તેમાં અનેક પ્રકારના રાસ બે બે ગોપી અને વચ્ચે વચ્ચે શ્રીકૃષ્ણ, તથા સોળ ગોપીઓની વચ્ચે આઠ શ્રીકૃષ્ણ હોય છે. તેવીજ રીતે ભકત ભકત પ્રતિ ભગવાન, આવી રીતે અનેક રાસ લીલા, માનલીલા, અનેક પ્રકારના વિહાર, અનેક પ્રકારની જળક્રીડા કરે છે, વળી અનેક પ્રકારની વૃંદાવનમાં નિકુંજો કરી છે, અને વ્રજભકતોને ઘેર બાળસ્વરૂપથી કિશોર સ્વરૂપ ધારણ કરી અનેક લીલા કરે છે વળી ખિરકમાં ગાય દોહતી વખતે અનેક લીલા કરે છે. આ રીતે લીલાઓના સમુદ્રનો પાર નથી, તેથી ગૂઢ લીલા પરાયણ છે. જેના ભાવમાં ગૂઢ લીલા છે, અગર જેના ભાવની કોઇને ખબર નથી, તેવા રસાત્મક ભકતો સાથે રસાત્મક શ્રીઠાકોરજી રસમયી અનેક પ્રકારની લીલા કરે છે. એવા રસાત્મક શ્રીયશોદોત્સંગ લાલિત છે, તેવું શ્રી હરિરાયજી શ્રીગોપેશ્વરજીને પત્રમાં લખે છે. એવા શ્રી પ્રભુની સેવા અત્યંત સાવધાનતાથી કરવા યોગ્ય છે, કારણ કે પ્રભુની ગતિ વિપરીત છે, વિપરીત ક્રિયા છે, એક ક્ષણમાં પ્રસન્ન થાય, અને એક ક્ષણમાં ક્રોધ કરે, તેથી લૌકિકમાં મન ન રાખીએ, પ્રભુમાં મન રાખીએ તો કદી અપ્રસન્ન થાય નહિ, આવી રીતે ભય રાખીને સેવા કરીએ. (૧૮)

**શ્લોકઃ—શ્રીમદાચાર્યકૃપયા તિષ્ઠતિ સ્વગૃહે હરિઃ ।**
**એવંવિધઃ સદા હસ્તે યોગિનઃ પારદો યથા ॥૧૯॥**

**શબ્દાર્થ**—શ્રીમદાચાર્યજીની કૃપાથી એવા (પૂર્વે કહેલા ગુણવાળા) હરિ શ્રીઠાકોરજી આપણા ઘરમાં બિરાજે છે. તે જેમ યોગીઓના હાથમાં પારદ (પારો) સાવધાનતાથી રહે, તો કલ્પતરૂ સમાન ફળ આપે છે, અને સાવધાન ન રહે તો હાથમાંથી નીકળી જાય અને ફળ પણ ન આપે, તેમ આપણી પાસે સદાજ શ્રીકૃષ્ણ બિરાજે છે, તેમની સાવધાનતાથી સેવા કરવી. (૧૯)


**વિવેચન**—એવું વ્રજભકતોનું ભાવાત્મક સ્વરૂપ આપણા ઘરમાં બિરાજે છે તે શ્રીમદાચાર્યજીની કૃપાથી બિરાજે છે. તેમાં પોતનો (સ્નેહ-ભકિત) પ્રેમ અથવા બીજુ સાધનબળ ન જાણવું. એવા રસાત્મક ભાવાત્મક પ્રભુની સેવા આપણે કરવા યોગ્ય ક્યાં છીએ ? પરંતુ શ્રીમહાપ્રભુજીની કાનીથી પ્રભુ ઘરમાં બિરાજે છે. આવી રીતે ભાવ પોતાના મનમાં સદા રાખવો. પ્રભુ કેવા છે કે યોગીજનોના ધ્યાનમાં પણ આવતા નથી. અનેક જન્મમાં અનેક સાધન કરે છતાં તેમને સ્વપ્નમાંય દર્શન દુર્લભ છે, તે પ્રભુ શ્રીઆચાર્યજીની કૃપાથી સાક્ષાત પોતાના ઘરમાં બિરાજે છે, આવો પોતાના મનમાં હમેશાં વિચાર કરી સાવધાનતાથી સેવા કરીએ, તો કદીપણ અપરાધ ન પડે. અપરાધ પડે તો પ્રભુ અપ્રસન્ન થાય. (૧૯)

**શ્લોકઃ—ચિંતનીયોઽનવસરે સેવાયાઃ સર્વથા ધિયાઃ ।**
**યતો નિરોધસંસિદ્ધિઃ સેવયા હાર્દયા ભવેત્ ॥૨૦॥**

**શબ્દાર્થ**—સેવાનો સમય ન હોય ત્યારે બુદ્ધિપૂર્વક સર્વ રીતે શ્રીઠાકોરજી ચિંતન કરવા યોગ્ય છે, જેથી માનસી સેવા અને નિરોધ સિદ્ધ થાય છે. (૨૦)

વિવેચન—એવા શ્રીયશોદોત્સંગલાલિતની સેવા મન રાખીને કરવી યોગ્ય છે. સેવાનો સમય ન હોય ત્યારે ઉપર કહેવામાં આવ્યું તેવી રીતે હૃદયમાં ચિંતન કરવું. અંત સ્નેહથી ધર્મ સમજીને સદા સેવા કરવી. એવી રીતે સેવાનો સમય ન હોય ત્યારે સર્વ રીતે ચિંતન કરવું, એટલે નિરોધ સિદ્ધ થશે. જેવી રીતે વ્રજભક્તોને નિરોધ સિદ્ધ થયો. વળી સંયોગ અને વિપ્રયોગ રસનો અનુભવ થયો. તેવી રીતે સેવા સમયે સંયોગની ભાવના અને સેવાનો સમય ન હોય ત્યારે વિપ્રયોગની ભાવના કરે. આ પ્રમાણે મનલગાવીને સેવા કરે તો નિરોધ થાય. આ વીસ શ્લોકનું શિક્ષાપત્ર છે, તેવીજ રીતે શ્રીમહાપ્રભુજીએ વીસ શ્લોકનો નિરોધલક્ષણ ગ્રંથ કર્યો છે. તે ભાવ પ્રમાણે શ્રીહરિરાયજી આ શિક્ષાપત્રમાં પુષ્ટિમાર્ગીય જીવના નિરોધ જેવી રીતે સિદ્ધ થાય તેવી રીતે કહે છે. માટે નિરોધલીલા દશમસ્કંધમાં સર્વોપરિ છે. તેવીજ રીતે આ સર્વોપરિ નિરોધનો પ્રકાર કહ્યો છે. (૨૦)

ઇતિશ્રી હરિરાયજી કૃત બીજું શિક્ષાપત્ર, શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ-(૨.)



# * શિક્ષાપત્ર ૩ જું *

હવે ત્રીજા શિક્ષાપત્રમાં ભગવદ્દ્ભાવમાં સાધક અને બાધક કઈ કઈ વસ્તુ છે તેનું વર્ણન કરે છે. ઉપર કહેવામાં આવ્યું તેવી રીતે સેવા પણ કરે અને સેવાનો સમય ન હોય ત્યારે ચિંતન પણ કરે, પણ દુઃસંગ મળે તો ક્ષણવારમાં સઘળા ધર્મનો નાશ થઈ જાય. જન્મજન્મનો ભાવ દુઃસંગથી જતો રહે છે. માટે આ કાળમાં દુઃસંગથી બચવાનું નિરૂપણ કરે છે.

શ્લોકઃ—નિધિઃ પ્રાપ્તઃ સુસંરક્ષ્યો દુઃસંગાદિકતઃ સદા ।
ત્યક્ત્વાઽપિ લોકસંકોચં યથા વહ્નિર્જલાદપિ ॥૧॥

શબ્દાર્થ—ભગવદ્દ્ભાવરૂપી જે નિધિ પ્રાપ્ત થઈ છે તેની લોકના સંકોચનો ત્યાગ કરીને પણ હમેશાં દુઃસંગથી સારી રીતે રક્ષા કરવી. જેમ જલથી અગ્નિની રક્ષા કરીએ છીએ તેમ આ નિધિની રક્ષા કરવા યોગ્ય છે.

વિવેચન—જે નિધિ પ્રાપ્ત થઈ છે તેની રક્ષા કરવી જોઈએ. જેમ કોઈ કંજુસને ધન મળે, તે જો તે દ્રવ્યની રક્ષા યત્ન પૂર્વક ન કરે તો દ્રવ્ય ચોર લઈ જાય. તેમજ આ ભગવદ્દ્ભાવરૂપી નિધિની પ્રાપ્તિ શ્રીમહાપ્રભુજીની કૃપાથી થઈ છે તે નિધિની દુઃસંગથી રક્ષા અવશ્ય કરવી જોઈએ. તેમાં દુસંગ અનેક પ્રકારનો છે, લૌકિક વિષયાદિક તથા અન્ય માર્ગીયનો સંગ તથા દેહ સંબંધી, કુટુંબ, લૌકિક વૈદિક કાય, સર્વમાંથી મન કાઢી પ્રભુમાં રાખવું, ત્યાં કોઇ કહે છે કે ગૃહસ્થાશ્રમમાં રહેવું તો લૌકિક વૈદિક કાર્ય કર્યા વિના કેમ ચાલે ? ત્યાં કહે છે કે ભગવત્સેવા પુષ્ટિમાર્ગીય ધર્મ તો પોતાના મનથી સ્નેહ પૂર્વક કરે, અને લૌકિક વૈદિક લોકોને દેખાડવા પુરતું અનિચ્છાએ કરે. સેવા સમયે સેવા છોડીને ન કરે. સેવામાં લૌકિક સંકોચ ન કરે. જેવી રીતે દામોદરદાસ સંભરવાળા શ્રીદ્વારિકાનાથજીની સેવા કરતા, તે જળ પોતાને હાથે ભરી લાવતા. ત્યારે દામોદરદાસના સસરાએ કહ્યું કે તમે જળ હાથે ભરો છો તેથી અમને બહુજ લજ્જા આવે છે, માટે જળ હુંડી પાસે ભરાવો. ત્યારે દામોદરદાસે કહ્યું કે હવે એમજ કરીશ. પછી બીજે દિવસે પોતાની સ્ત્રીને કહ્યું, ચાલો જળ ભરી લાવીએ. હવે સ્ત્રી તો ભગવદીય હતી એટલે તરતજ કળશ લઈ બેઉ જણ ચાલ્યાં, અને જળ ભરીને સસરાની દુકાન પાસે થઈને નીકળ્યાં, એટલે દામોદરદાસનો સસરો આવી પગે પડ્યો, અને કહ્યું કે મારી ભુલ થઈ કે મેં તમને જલ ન ભરવાનું કહ્યું. હવે તમેજ જલ ભરો, સ્ત્રીજન પાસે જલ ન ભરાવશો. એટલે દામોદરદાસે કહ્યું કે કાલથી નહિ ભરાવું. આવી રીતે દુઃસંગને જાણવો. ભગવદ્દ્ભાવ છે તે તો અગ્નિરૂપ છે અને દુઃસંગ છે તે જલ સ્વરૂપ છે અને તેથી તે ભગવદ ભાવનો નાશ કરે છે. (૧)

શ્લોક :—વહ્નિવદ્દ્ભગવદ્દ્ભાવઃ સત્સંગવ્યવધાનતઃ ।
નાશયેત્સસ્મૃતિં યદ્વત્પાત્રવ્યવહિતં જલમ્ ॥૨॥

શબ્દાર્થ—ભગવદ્‌ભાવ અગ્નિરૂપ છે, ને સત્સંગરૂપી સાધન (પાત્ર) છે, હવે સંસૃતિ એટલે અહંતા મમતાત્મક સંસારરૂપી દુઃસંગને સત્સંગરૂપી પાત્રમાં રાખવાથી તે જળની જેમ નાશ પામે છે.–૨. ( મતલબ એ છે કે પાત્રમાં જળ હોય, તેનો નાશ જેમ નીચેનો અગ્નિ કરે છે; તેમ સત્સંગના પાત્રમાં રહેલો જે સંસાર, તેનો નાશ ભગવદ્‌ભાવરૂપ અગ્નિ કરે છે. )

વિવેચન—ભગવદ્‌ભાવ અગ્નિરૂપ છે, અને સત્સંગ કાષ્ટરૂપ છે. જેમ અગ્નિમાં કાષ્ટ મૂકે, તો અગ્નિ વધારે પ્રજ્વલિત થાય, તેજનો પુંજ થાય, તેમજ ભગવદ્‌ભાવ સત્સંગથી વધે અને દ્દઢ થાય. અને ભગવદ્‌ભાવરૂપી અગ્નિ છે તે દુઃસંગરૂપી જલથી નાશ પામે. જેમ થોડો સરખો અગ્નિ હોય તે પર જળ રેડવાથી તે અગ્નિનો નાશ થાય છે. તેવીજ રીતે ભગવદ્‌ભાવનો નાશ દુઃસંગ રૂપી જલથી થાય. ત્યાં કોઈ કહે કે લૌકિકમાં રહ્યા વિના તો ચાલે નહિં, તો શું કરવું ? ત્યાં કહે છે કે દુઃસંગરૂપી જળને સત્સંગરૂપી પાત્રમાં રાખે તો એ દુઃસંગ ભગવદ્‌ભાવનો નાશ કરી શકે નહિં. જેમ અગ્નિનો ને જળનો સાક્ષાત સંબંધ હોય તો અગ્નિનો નાશ થાય, પણ એક પાત્રમાં જળ ભરીને અગ્નિ ઉપર ધરે તો જળનો નાશ થાય, અગ્નિનો નાશ ન થાય. એવી રીતે ભગવદ્‌ભાવ રૂપી અગ્નિને સત્સંગ રૂપી કાષ્ઠથી પ્રજ્વલિત કરે જાય તો તેથી દુઃસંગરૂપી જળને પાત્રમાં ધરી સત્સંગરૂપ અગ્નિથી બાળી દે; તોજ બચે. આગળ મોટા મોટા ભગવદીયો દુઃસંગથી પડયા છે. માટે દુઃસંગથી હંમેશાં બીતા રહેવું. (૨)

શ્લોકઃ— જલવલ્લૌકિકં પ્રોકતં સાક્ષાત્તન્મેલનેન ચ ।
મૂલતઃ નાશયેદ્‌ભાવં યથા વૈશ્વાનરં જલમ્ ॥૩॥

શબ્દાર્થ—લૌકિકને જળવત કહ્યો છે. તેનો સાક્ષાત ભાવ સાથે સંબંધ થવાથી જેમ જળ અગ્નિનો નાશ કરે; તેમ સમૂળગો ભગવદ્‌ભાવનો નાશ લૌકિક સંબંધ કરે છે. (૩)

વિવેચન—આ સંસારમાં લૌકિક વ્યવહાર છે તે દુઃસંગ છે; તે જળવત છે. તે જળને પાત્ર વિના સાક્ષાત ભગવદ્‌ભાવરૂપ અગ્નિમાં રેડવું. પરબારૂં જળ રેડે તો વૈશ્વાનર એટલે અગ્નિનો સમૂળગો નાશ થાય છે. જેમ જડભરતજી સઘળું લૌકિક છોડીને ભગવદ્‌ભજન કરવાને વનમાં ગયા; ત્યાં હરિણી જળ પીવાને આવી; તે સિંહની ગરજનાથી કુદી ત્યાં તેના ગર્ભમાંથી બચ્ચું જળમાં પડયું; તેના પર ભરતજીને દયા આવી; આજ દુઃસંગ થયો; અને ભગવદ્‌ભાવ ભગવદ્‌ભજન છુટી ગયું. આથી હરિણીના સંગથી ત્રણ જન્મનો અંતરાય પડયો. દુઃસંગ એવો બાધક છે. તથા શ્રીનંદરાયજી પોતાના પુત્રની સેવા કરતા હતા; તે અંબિકાનું પૂજન કરવા ગયા. આ શ્રીઠાકોરજી સાંખી શકયા નહિં. ત્યાં સુદર્શન નામનો સાપ આવીને નંદરાયજીને ગળી ગયો; ત્યારે શ્રીઠાકોરજીએ છોડાવ્યા. માટે અન્ય સંબંધ તથા દુઃસંગ; સિદ્ધ ભકતને પણ બહુ બાધક છે; તો સાધન દશાવાળા જીવને બાધક થાય તેમાં કહેવુંજ શું ? માટે દુઃસંગને એમ જાણે કે અમારા સર્વ ભાવનો નાશ કરશે. તેથી આવી રીતે સત્સંગથી ભાવની રક્ષા કરે. (૩)

શ્લોકઃ—અતઃ સદૈવ ભેત્તવ્યં લૌકિકાસકિતતો જનૈઃ ।
સત્સંગમગ્રતઃ કૃત્વા નાશનીયા ન ચાન્યથા ॥૪॥

શબ્દાર્થ—(ઉપર કહ્યું તેવી રીતે ભગવદ્‌ભાવની રક્ષા કરવી; કેમકે દુઃસંગ મહા બાધક છે.) માટે લૌકિક આસક્તિથી હંમેશા ભગવદીયે ડરતા રહેવું. પ્રથમ સત્સંગ કરીને લૌકેકાસક્તિનો નાશ કરવો ઉચિત છે. સત્સંગ ન કરે; તો પછી લૌકિક આસક્તિનો નાશ થઈ શકે નહિં. (૪)

વિવેચન—લૌકિક આસક્તિરૂપ દુઃસંગથી સદા ડરતા રહેવું. એમ ન જાણવું, કે જ્યારે દુઃસંગલૌકિકાસક્તિ થશે, ત્યારે હું સત્સંગ કરી લઈશ. પણ જે વખતે દુઃસંગ મળ્યો તેજ વખતે તરતજ લૌકિકાસક્તિ થતાં ભગવદ્‌ભાવનો નાશ થશે. માટે દુઃસંગ મ ળતા પહેલાંથીજ સત્સંગ કર્યા કરે, (સદૈવ સત્સંગ કરે) તો દુઃસંગ નડે નહિં. તેનું દૃષ્ટાંત કહે છે કે જીવની પાછળ કાળ ફરે છે. જો પહેલેથી સ્મરણ ભજન કરી રાખે, તો પછી અંતકાળે બાધા ન કરે. એમ જાણે કે હમણાં તો લૌકિક કરી લઉં, પછી પ્રભુનું સ્મરણ કરીશ, તેને કાળ આવે, તો એક ક્ષણમાં ખાઈ જાય. તો તે સમયે કશો ભગવદ્ધર્મ ન બને માટે, પહેલેથી સત્સંગ પણ કરે, અને ભગવત્સેવા સ્મરણ પણ કરે, તો જ્યારે લૌકિક દુઃસંગ આવે, ત્યારે સત્સંગના પ્રતાપથી બચી જાય. સત્સંગ વિના દુઃસંગથી બચવાનો બીજો ઉપાય નથી એમ નક્કી જાણવું–(૪.)

**શ્લોક :– સતાં પરોક્ષે સત્સંગજાતભાવો વિભાવ્યતામ્ ।**
**તદ્વિરુદ્ધવચો નૈવ માનનીયં સતાં ક્વચિત્ ॥૫॥**

શબ્દાર્થ—સત્સંગમાં જે ભાવ ઉત્પન્ન થાય તેની ભાવના સત્પુરુષની પરોક્ષમાં કરવી, અને સત્પુરુષનાં વચનથી જે વિરૂદ્ધ વચન હોય તે કદી પણ નહિં માનવું–(૫)

વિવેચન—હવે ઉપર કહ્યું કે સત્સંગને લીધે દુઃસંગ બાધા કરશે નહિં, ત્યાં કોઈ કહે કે સત્સંગ તો બે ઘડી ચાર ઘડી બનશે, પછી સેવા સ્મરણ લૌકિક વૈદિક કાર્ય બધું કરવું પડે, તો દુઃસંગથી શી રીતે બચવું ? આવી રીતે કોઈ કહે, ત્યાં કહે છે કે નિત્યનિયમ કરી જેમ સેવા સ્મરણ કરે તેમજ સત્સંગ એક ઘડી બે ઘડી બને તેટલો કરે, પછી સત્સંગ કરી રહ્યા પછી જે જે વાર્તા સત્સંગમાં થઈ હોય, તેનું સ્મરણ કરી પોતાનો ધર્મ વિચારે, કે શ્રીઆચાર્યજી શ્રીગુસાંઈજી તો આમ કહે છે, અને હું શું કરૂં છું ? જે વિરૂધ્ધ હોય તેનો ત્યાગ કરવાનું વિચારે, આવી રીતે મનને જો કોઈ ભગવદ્‌ધર્મમાં લગાડી રાખે, તો દુઃસંગથી બચે. જે વાર્તા ભગવદીયને મોઢેથી સાંભળી છે, તેમાં દૃઢ વિશ્વાસ રાખી તે વાર્તાની ભાવના મનમાં વિચારીએ તો મન ઠેકાણે આવે. જેમ ગાય વનમાંથી ચરીને આવે છે, પછી ઘેર આવી ફરી બેસીને ચાવીને (વાગોળી) તેનો સ્વાદ લે છે, તેમ વૈષ્ણવનો સંગ હોય તે વખતે ભગવદ્‌ધર્મનું શ્રવણ કરે, પછી સત્સંગ થઈ રહ્યા પછી પોતાના હૃદયમાં મનન કરીને ભાવનાથી રસાસ્વાદ લે. સત્સંગથી વિરૂદ્ધ વચન જેટલાં છે, તેનો વિચાર કરી ધર્મ અને અધર્મનો વિચાર મનમાં રાખે, અને સત્સંગથી વિરૂદ્ધ વચન ન કહે, જેથી સત્સંગ છુટી જાય એવું કદી ન કરે–(૫.)

**શ્લોકઃ—ભરતસ્યાપિ દુઃસંગે જાતા હરિણજાતિતા ।**
**કેવલં કલિદોષાભિભૂતા અપિ જનાઃ સ્વતઃ ॥૬॥**

**તત્સંગનિરતૈર્નૈવ ભવિતવ્યં વિશેષતઃ ।**
**અથવા સર્વતો મૌનં તદ્ભાવે વિધીયતામ્ ॥૭॥**

શબ્દાર્થ—જડભરતને પણ દુઃસંગમાં હરિણીની જાત થવું પડ્યું. વળી મનુષ્યો બધા તો સ્વાભાવિક રીતેજ કેવળ કળીના દોષથી ઘેરાયેલા છે.–(૬) માટે બની શકે ત્યાં સુધી તેમના સંગમાં રહેવું નહિ, અથવા તેમ ન બને તો મૌન રહેવું.–(૭)

વિવેચન—દુઃસંગનો મનમાં ભય રાખે, દુઃસંગને પોતાનો કાળ જાણે. કારણ કે જો દુઃસંગ થાય તો હરિ જે ભગવાન તે દૂર જતા રહે છે. તેથી શ્રી આચાર્યજી મહાપ્રભુજી સંન્યાસ નિર્ણય ગ્રંથમાં કહે છે, કે વિષયાક્રાંતદેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ" જ્યાં દુઃસંગથી દેહ વિષયાક્રાંત થયો, તે દેહમાં ભગવદાવેશ નક્કી ન થાય.) માટે દુઃસંગ દોષ મહા બાધક છે. અને આ જગતમાં પ્રાણી માત્ર સ્વાભાવિક રીતેજ દોષથી ભરેલાં છે, કારણ કે આ કળિકાળ મહા કઠિન છે, પોતાના મનનો પણ વિશ્વાસ ન કરે, એમ ન જાણે કે હું બહુજ સમજું છું, મને દૃઢ વૈરાગ્ય છે, મારૂં મન તો મારે વશ છે. જે સમયે દુઃસંગ મળ્યો, તે વખતે જ્ઞાન, વૈરાગ્ય, વિવેક, ધૈર્ય સર્વ એક ક્ષણમાં જતાં રહેશે. માટે, પોતાના મનને, ઇંદ્રિયોને, દેહને, કળિના દોષથી ભરેલાં જાણે, અને એમ જાણે કે સત્સંગના પ્રતાપથી હું બચું છું. જે વખતે દુઃસંગ આવી મળ્યો, તેજ વખતે હું પડીશ. વળી એવું જ્ઞાન મનમાં રાખે કે આ કળિયુગે સઘળાં પ્રાણીમાત્રની બુદ્ધિ હરી લીધી છે, કળિના દોષ સર્વને વળગ્યા છે, એવો જે દુઃસંગદોષ સર્વ ધર્મનો નાશ કરનાર છે, તેનાથી વેગળો આ જીવ રહે તોજ ભગવદ્ભાવ વિશેષ વધે, બીજો ઉપાય કોઈ નથી. (૬) અહીં કોઈ કહે કે દુઃસંગ પ્રબળ હોય, પોતાને વશ ન હોય, પોતાના ઘરના પડોસમાં હોય, અથવા કંઈ આજીવિકા હોય ત્યાં દુઃસંગ હોય, અથવા પોતાના કુટુંબમાં હોય, જેથી પોતાનાથી એ દુઃસંગનું નિવારણ ન થાય, અને જીવને ઘરમાં રહ્યા વિના તો ચાલે નહિં અને દુઃસંગ પ્રબળ હોય તો શું કરે ? ત્યાં શ્રીહરિરાયજી કહે છે કે મુખ્ય તો એજ છે કે આપણા સમજાવવાથી અથવા આપણા ઉપાયથી દુઃસંગ છુટે તો છોડાવીએ, અથવા પોતે છોડીને બીજી જગાએ નિર્વાહ કરીએ તો કોઈપણ રીતે પોતાનાથી દુઃસંગ છુટે તેમ ન હોય તો મૌન રહીએ, બોલીએ નહિં. આપણું કહ્યું ન થાય ત્યાં પોતાના મનનો ભાવ, ભગવદ્ધર્મ, વાર્તા કદીપણ ન કહીએ, તેનાથી મન જુદુંજ રાખીએ, કારણ કે જેને ભગવદ્ધર્મ સાંભળવાની શ્રદ્ધા ન હોય, તેની પાસે ભગવદ્ધર્મ કોઇ પણ રીતે ન કહીએ. કારણ કે ભગવાનમાં અને ભગવદ્ ધર્મમાં ભેદ નથી, એકજ વસ્તુ છે. માટે ભગવાનનો અતિક્રમ થાય છે આમ વિચારી જ્યાં દુઃસંગ પ્રબળ હોય ત્યાં વાદ ન કરીએ, મૌન રહીએ. મનમાં શરણની ભાવના કરીએ. શ્રીઆચાર્યજી મહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રયગ્રંથમાં કહે છે કે દુઃખમાં, હાનિમાં, તથા પાપમાં, ભયમાં, કામાદિકની અપ્રાપ્તિમાં, ભક્તના દ્રોહમાં, ભક્તિના અભાવમાં, ભક્તોએ અતિક્રમ કર્યો હોય તેમાં, અશક્યમાં તથા સુશક્યમાં સર્વ અવસ્થામાં નિશ્ચય શ્રીહરિજ શરણ છે. આવી રીતે શરણની ભાવના મનમાં રાખી ચુપ થઈને રહીએ.–(૭.)

**શ્લોક :— યો વદત્યન્યથા વાક્યમાચાર્યવચનાજ્જનઃ ।**
**સ સ્મૃતિએરકો વાપિ ત સંગો દુષ્ટસંગમઃ ॥૮॥**

શબ્દાર્થ—જે માણસ શ્રીમહાપ્રભુજીનાં વચનથી વિરૂદ્ધ વાક્ય બોલે, અથવા અહંતા મમતાત્મક સંસારમાં આસકિત કરવાની પ્રેરણા કરે, તેનો સંગ તે દુષ્ટ સંગ જાણવો–(૮.)

વિવેચન—હવે કોઇ કહે કે દુઃસંગ અથવા ભગવદ્ ધર્મનો વિરોધી કોને કહીએ? ત્યાં કહે છે કે શ્રીમહાપ્રભુજીના વચનથી અને સિદ્ધાંતથી અવળું બોલે, તેનાં વચન જુઠાં જાણે, શ્રીઆચાર્યજીથી વિરુદ્ધ ધર્મમાં બોધ કરીને ચલાવે, અન્ય માર્ગની રીતિ કહે, તેને મનમાં દુષ્ટ કરીને જાણીએ. મનમાં એમ જાણે કે આનાં વચન માનવાથી મારા સર્વ ધર્મનો નાશ થઈ જશે. માટે અન્યમાર્ગીયની પાસે બેસવું નહિં, અન્ય સંબંધ થઈ જાય, અન્યમાર્ગીયના ધર્મ સાંભળીએ નહિં, અન્યમાર્ગીયની કશી ક્રિયા ન કરીએ. તે વાત ગોવિંદ દવેની વાર્તામાં પ્રસિદ્ધ છે. એક વાર ગોવિંદ દવે મિરાંબાઇને ઘેર ગયા, ત્યાં મિરાંબાઈએ આદરસત્કાર કરીને ગોવિંદ દવેને રાખ્યા, મિરાંબાઈ તો ભગવદ્ભકત હતી, પણ શ્રીઆચાર્યજીના પુષ્ટિમાર્ગમાં નહોતી, મર્યાદા માર્ગમાં હતી. હવે આ ગોવિંદ દવેની વાત શ્રીગુસાંઇજીએ જાણી કે ગોવિંદ દવે મીરાંબાઈને ઘેર છે, આથી, શ્રીગુસાંઇજીએ એક શ્લોક લખ્યો, "भगवत्पदपद्मपरागजुषो नहि युक्ततरं मरणेऽपितराम। इतराश्रयणं गजराजधृतो नहि रासभमप्युरीकुरुते" (પ્રભુના ચરણારવિંદની રજનું સેવન કરનારને મરણથી અધિક કષ્ટ આવી પડે, તથાપિ બીજાનો આશ્રય કરવો યોગ્ય નથી. જે હાથીના હોદ્દા પર બેઠો હોય એવો પુરૂષ ગધેડાનો સ્વીકાર કદી કરે નહિં.) આવો પત્ર લખીને એક વ્રજવાસીને આપ્યો અને કહ્યું કે ગોવિંદ દવેને આપજો. તે વ્રજવાસીએ પત્ર ગોવિંદ દવેને જઈને આપ્યો. એટલે વાંચતાંજ તેઓ ઉઠીને ચાલ્યા આવ્યા, માટે આ પુષ્ટિમાર્ગ છે તે એવો છે. શ્રીગુસાંઇજીએ ગોવિંદ દવેને કહ્યું કે હાથીની સ્વારી કરી હવે ગધેડા ઉપર સ્વારી કરવાનું મન થયું છે? માટે પુષ્ટિમાર્ગમાં અનન્યભાવ રાખીએ, પુષ્ટિમાર્ગમાંથી બીજા ધર્મમાં લઈ જાય, તેને દુષ્ટ સંગ જાણવો. તત્કાલ તેનો ત્યાગ કરવો–(૮.)

**શ્લોકઃ–યશ્ચ કૃષ્ણે રતિં નિત્યં બોધયત્યપ્રયોજનમ્ ।**
**નિરપેક્ષઃ સાત્વિકશ્ચ તત્સંગઃ સાધુસંગમઃ ॥૯॥**

શબ્દાર્થ—જે હંમેશાં શ્રીકૃષ્ણમાં કારણ રહિત (નિષ્કામ) પ્રીતિનો બોધ કરે, જે નિરપેક્ષ તથા સાત્વિક હોય, તેનો સંગ તે સાધુનો સંગ (સત્સંગ) જાણવો.–(૯.)

વિવેચન—ઉપરકહ્યું કે અન્યમાર્ગીયનો સંગ ન કરે તો કોઈ કહે કે કોનો સંગ કરે? ત્યાં કહે છે કે એક શ્રીકૃષ્ણ ફલાત્મક, ભાવાત્મક વ્રજપતિ છે. તેમાં નિત્ય નવી નવી પ્રીતિ હોય, અને અવતારાદિકમાં ન હોય, એવો અનન્યભાવ જેનો હોય, અને એક શ્રીકૃષ્ણના ચરણારવિંદનીજ ભકિત વધારવાનો જે બોધ કરે, અને મનમાં એજ ભાવના રહે તેનો સંગ કરવો. વળી શ્રીકૃષ્ણનાં ચરણકમળમાં પ્રીતિ હોય, અને બીજું કંઈપણ પ્રયોજન મનમાં ન હોય, અપેક્ષા વગરનો હોય, કશાની અપેક્ષા રાખે નહિં, મનમાં એમ જાણે કે એક શ્રીકૃષ્ણજ કર્તા છે, બીજો કોઇ નહિં, કોઇને ભગવદ્ધર્મ દેખાડી પોતાની પ્રતિષ્ઠાને માટે અથવા લાભને માટે ભગવદ્ ધર્મ કરતો ન હોય, અને સાત્વિક હોય, છળ, કપટ, કામ, ક્રોધ, મદ, મત્સર, હૃદયમાં ન હોય, એવો ધર્મ જેનામાં દેખે, તે ભગવદીયનો સંગ કરે.–(૯.)

શ્લોકઃ-એવં નિશ્ચિત્ય સર્વેષુ સ્વીયેષ્વન્યેષુ વા પુનઃ ।
મહત્કુલપ્રસૂતેષુ કર્તવ્યઃ સંગનિર્ણયઃ ॥૧૦॥

શબ્દાર્થ—એવી રીતે પોતાના (ભગવદીય જન) અને અન્ય (લૌકિક) એ સર્વમાં સંગનો નિશ્ચય કરીને પછી ઉત્તમ કુળમાં જેનો જન્મ છે, તેના સંબંધમાં સંગનો નિર્ણય કરવો.-(૧૦.)

વિવેચન—સર્વ તરફથી નિશ્ચિંત થઈને લૌકિક, વૈદિક અને દેહ સંબંધી અનેક ઉપાધિવાળાં ગૃહકાર્યોથી, મનથી નિશ્ચિંત થવું. ભગવત્પરાયણ એતન્માર્ગીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને પોતાનો જાણે. એમ જાણે કે શ્રીમહાપ્રભુજીને શરણે એ પણ આવ્યો છે અને હું પણ શ્રીમહાપ્રભુજીનો શરણાગત છું, માટે એ વૈષ્ણવ અમારો સંબંધી છે, એવો સ્નેહ વૈષ્ણવ પર હોય, તેનો સંગ કરવા લાયક છે. અન્યમાર્ગીય જે જીવ છે, તેની સાથે પ્રયોજન ન રાખવું. મહત્કુલમાં જન્મ હોય, એટલે શ્રીવલ્લભ કુળમાં સઘળો ધર્મ છે, એમ જાણે, એક શ્રીકૃષ્ણનીજ સેવા, એક શ્રીકૃષ્ણનોજ આશ્રય જેને છે, તેનો સત્સંગ મન, વચન, કર્મથી કરવા યોગ્ય છે. અથવા શ્રીમહાપ્રભુજીનો અંગીકૃત પુષ્ટિમાર્ગીય, નામ, નિવેદન, મર્યાદા, સેવા, શ્રીકૃષ્ણમાં રતિ જેની હોય એવા ભગવદીય સત્સંગ કરવા યોગ્ય છે. આવી રીતે સત્સંગનો નિર્ણય કરવો જોઈએ. (૧૧)

શ્લોકઃ— શ્રીમદાચાર્યચરણે મતિઃસ્થાપ્યા સદા સ્વતઃ ।
તત એવ સ્વકીયનાં સિદ્ધિઃ કાર્યસ્ય સર્વથા ॥૧૧॥

શબ્દાર્થ—સદા શ્રીમદાચાર્યશ્રીના ચરણારવિંદમાં પ્રીતિ સ્વાભાવિક રીતેજ સ્થાપન કરવી, તેથીજ ભગવદીયના કાર્યની સર્વ પ્રકારે સિદ્ધિ થાય છે. (૧૧)

વિવેચન—શ્રીમદાચાર્યચરણકમળમાં જેની મતિ દૃઢ, એકરસ, સ્વસ્થ હોય, મન, વાણી અને કર્મથી એક શ્રીમહાપ્રભુજીના ચરણકમળમાં જેની બુદ્ધિ હોય, તેનો સંગ કરવો. શ્રીસર્વોત્તમજીની ટીકા શ્રીગોકુલનાથજી વિરચિત છે, તેમાં લખે છે, કે પદ્મનાભદાસ સરખા ભગવદીય વિરલા છે, એવા ભગવદીયના હૃદયમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી નિત્ય બિરાજમાન છે. તેવાના સંગથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે. ભીંજેલું કપડું હોય, તેની સાથે સુકા કપડાંનો સંબંધ થાય તો તે જેમ ભીંજે, તેવીજ રીતે ભગવદીયના સંગથી ભગવદીય થાય. એવા સ્વકીય ભગવદીયો મળવા બહુજ દુર્લભ છે. જ્યાં સુધી એવા સ્વકીય ભગવદીયનો સંગ ન થાય ત્યાં સુધી કાર્ય પણ સિદ્ધ થાય નહિં. માટે ભગવત્સેવા સ્મરણ કરીએ અને એવા ભગવદીય મેળવવાનો મનમાં તાપ રાખીએ તો શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કૃપા કરીને સત્સંગ મેળવી આપે. એટલે પછી શ્રદ્ધાપૂર્વક દીન થઈ તેનો સંગ મન રાખીને કરીએ. જ્યારે તે ભગવદીય પ્રસન્ન થાય ત્યારે કૃપા કરીને પુષ્ટિમાર્ગનો પ્રકાર, લીલાભાવ બતાવે, તો કાર્ય નિશ્ચય સિદ્ધ હોય. તેથીજ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપશ્રી નવરત્ન ગ્રંથમાં નિરૂપણ કરે છે કે, " निवेदन तु स्मर्तव्य सर्वथा तादृशैर्जनैः " તાદૃશી ભગવદીયની સાથેજ મળીને નિવેદનનું સ્મરણ કરવું. ) નિવેદનનું સ્મરણ તાદૃશી ભગવદીયની સાથે મળીને કરે તો હૃદયમાં માર્ગની સ્ફુર્તિ થાય, માટે સત્સંગ અવશ્ય કરવો જોઈએ. (૧૧)

**શ્લોકઃ—અવૈષ્ણવત્વં મંતવ્યં તદ્વિરુદ્ધજનેષ્વપિ ।**
**જીવેષુ દોષવત્સ્વેવં તથા તત્સામ્યવસ્તુષુ ॥૧૨॥**

**શબ્દાર્થ**—પુષ્ટિમાર્ગથી વિરુદ્ધ જે માણસો છે તેમનામાં, તથા ભગવદીયમાં દોષ બુદ્ધિવાળા જે જીવ છે તેમનામાં વૈષ્ણવત્વ નથી એમ જાણવું. (૧૨)

**વિવેચન**—વૈષ્ણવ અને અવૈષ્ણવ શી રીતે જાણીએ, તો તેનાં લક્ષણ કહે છે કે શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો છે, અને શ્રીગુસાંઈજીએ પ્રકાશિત કર્યો છે. તેથી નામાવલિમાં નામ છે કે "પુષ્ટિપ્રવર્તકાય નમઃ" આ શ્રીમહાપ્રભુજીનું નામ છે, અને "પુષ્ટિમાર્ગ પ્રકાશકાય નમઃ" આ શ્રી ગુસાંઈજીનું નામ છે. તેથી જો કોઈ પુષ્ટિમાર્ગની રીતથી વિરુદ્ધ આચરણ કરે તેને અવૈષ્ણવ જાણીએ અને કોઇ પુષ્ટિમાર્ગની રીતિ પ્રમાણે ચાલે તેને વૈષ્ણવ જાણીએ, કારણ કે જે જીવ શુદ્ધ હશે તેનાથી શુદ્ધ ક્રિયા બનશે. હવે જીવ જગતમાં ત્રણ પ્રકારના છે; તે પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રંથમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે; "ઇચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્હરિઃ । વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ" (પ્રભુએ ઇચ્છા માત્રથી મનથી પ્રવાહને તથા વાણીથી વેદમાર્ગને અને કાયાથી નિશ્ચય પૂર્વક પુષ્ટિને ઉત્પન્ન કરી છે.) શ્રીઠાકોરજીએ ઇચ્છા માત્રથી મનથી સૃષ્ટિ પ્રકટ કરી છે તે પ્રવાહી સૃષ્ટિ છે. તેનું મન કદી પણ ભગવદ્ધર્મમાં લાગે નહિ; સદા દુષ્ટાચરણજ કરે. અને વાણી વડે શ્રીઠાકોરજીએ સૃષ્ટિ પ્રકટ કરી છે તે મર્યાદા સૃષ્ટિ વૈદિક કર્મકાંડમાં મથ્યા કરે છે. અને શ્રીઠાકોરજીએ પોતાના શ્રીઅંગમાંથી જે સૃષ્ટિ પ્રકટ કરી છે તે પુષ્ટિ સૃષ્ટિ અને તે સેવા માટે પ્રકટી છે. આવી રીતે ત્રણ પ્રકારના જીવ છે, તેમાં પ્રવાહી જીવ છે તે દોષથી ભરેલા છે અને દુષ્ટાચરણ કરે છે, તેથી તેને અવૈષ્ણવ જાણીએ. (૧૨)

**શ્લોકઃ—શ્રીકૃષ્ણઃ શ્રીમદાચાર્યસ્તથા શ્રીવિઠ્ઠલેશ્વરઃ ।**
**તથા લીલાસ્થસામગ્રીનૈંતત્સામ્યં કદાચન ॥૧૩॥**

**શબ્દાર્થ**—શ્રીકૃષ્ણ, શ્રીમદાચાર્યજી, શ્રીગુસાંઇજી અને સર્વ લીલાસામગ્રી એ સર્વની બરાબર લૌકિકમાં કયારેય પણ બીજું કશું છેજ નહિં. (૧૩)

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી પુષ્ટિમાર્ગીય જીવને શિક્ષા આપે છે, કે આ ભાવ મનમાં અહર્નિશ અવશ્ય રાખવો. અલૌકિક પદાર્થમાં લૌકિક બુદ્ધિ આવે તો તેનું સર્વસ્વ નાશ થઈ જાય, માટે કહે છે કે એક શ્રીકૃષ્ણ, શ્રીઆચાર્યજી અને શ્રીવિઠ્ઠલનાથજી તથા વ્રજભક્ત વગેરે શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં સેવા સામગ્રી સર્વ અલૌકિક જાણવા. શ્રીકૃષ્ણજ સાક્ષાત ફલાત્મક, રસાત્મક, શ્રીયશોદોત્સંગલાલિત સર્વાંગ સુંદર વ્રજભક્તોનું સર્વસ્વ જીવન ધન છે. તેજ શ્રીકૃષ્ણ પોતાના દૈવી જીવોના ઉદ્ધારને માટે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી રૂપ અને અલૌકિક અગ્નિરૂપ પ્રકટ્યા; અને તેમણે અલૌકિક માર્ગ પ્રકટ કર્યો. તેજ શ્રી આચાર્યજીએ પોતાનું બીજું સ્વરૂપ શ્રીગુસાંઈજીનું ધારણ કરી આ પુષ્ટિમાર્ગનો પ્રકાશ કર્યો. શ્રીકૃષ્ણાવતારમાં વ્રજમાં સઘળી લીલા સામગ્રી (શ્રીકૃષ્ણ,) નંદરાયજી, શ્રીયશોદાજી, વગેરે સર્વ અલૌકિક બાળલીલારસમાં મગ્ન છે. સખા, ગ્વાલ એ સૌ પણ અલૌકિક સખ્ય ભાવમાં મગ્ન છે, જ્યારે ગોપીજનમાં અનેક ભાવ છે. શ્રુતિરૂપા, કુમારિકા, મુખ્ય

શ્રીસ્વામિનીજી વૃષભાનુજા, અને શ્રીયમુનાજી, એમના અનેક યૂથ અનેક સખી, એ સર્વ ઔષધિ, નિકુંજ, વગેરે સર્વ લીલાસામગ્રી, આભૂષણ, વસ્ત્રાદિક સામગ્રી, સર્વ અલૌકિક છે. તેમજ આ શ્રીઆચાર્યજી શ્રીગુસાંઈજીના પુષ્ટિમાર્ગમાં સેવા પ્રકાર, વર્ષદિનના ઉત્સવ નિત્યસેવાનો પ્રકાર, સામગ્રી, આભૂષણ, વસ્ત્ર, સિંહાસન, ખંડપાટ, પિછવાઈ, નિજમંદિર, મણિકોઠા, તિબારી, ડોલતિબારી, રસોઈઘર, પાનઘર, ફુલઘર, શાકઘર, ભંડાર, ચોક, સેવક, કીર્તનીયા, પરિચારક વગેરે સર્વ સેવા સંબંધી પદાર્થ અલૌકિક જાણીએ. એમને ભાવાત્મક જાણીએ, એમનામાં લૌકિક બુદ્ધિ કરીએ તો મહા અપરાધ હોય. આ ભાવથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા કરે. આ ભાવ મનમાં ગુપ્ત રાખે એવું આગળના શ્લોકમાં કહે છે. (૧૩)

**શ્લોકઃ—યદસ્માભિઃ પુરા પ્રોક્ત તચ્ચિત્તે સ્થાપ્યતાં સદા ।**
**ન કુત્રાપિ ચ વકતવ્યં સાંપ્રતં વિમુખાજનાઃ ॥૧૪॥**

**શબ્દાર્થ—**અમે જે આગળ કહ્યું છે, તે હમેશાં મનમાં ધારણ કરવું, બીજા કોઈની આગળ ન કહેવું, કારણ કે આજકાલ બધા માણસો બહિર્મુખ થઈ ગયા છે. (૧૪)

**વિવેચન—**હવે કોઈ પૂર્વ પક્ષ કરે કે સેવા સામગ્રી તમે સર્વ અલૌકિક બતાવો છો, તે તમે પોતાની યુકિતથી કહો છો કે કોઈ પણ ગ્રંથમાં છે ? અથવા કોઈની પાસે સાંભળી છે ? આવી રીતે કોઇ કહે ત્યાં શ્રીહરિરાયજી પોતાના નાના ભાઈ તથા પોતાના અંગીકૃત સેવકોને કહે છે કે અમે આવી વાતો મોટાઓથી સાંભળી છે. શ્રીગોકુલનાથજી, શ્રીકલ્યાણરાયજી વગેરે સર્વ ભાવરસના અનુભવ કરનારાના શ્રીમુખથી સાંભળી છે. અથવા શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી સર્વ ભાવ કહે છે, તથા ગ્રંથોમાં શ્રીગુસાંઈજીએ સઘળી લીલા સામગ્રી અલૌકિક કહી છે, તે વાત અમે તમને સ્નેહથી કહીએ છીએ. માટે આ વાતો હમેશાં મનમાં સ્થાપન કરવી, કદી કોઈ વખત ભૂલથી પણ લૌકિક ન જાણીએ. અને આ ભાવ કોઈના પણ આગળ કહીએ નહિં. શ્રીવલ્લભનો અંગીકૃત જેનું હૃદય શુદ્ધ હોય, હૃદયમાં શ્રીઆચાર્યજી શ્રીગુસાંઈજીના ચરણકમળનો દ્રઢ વિશ્વાસ હોય, તેના સાથે મળીને અલૌકિક પદાર્થોનો વિચાર કરવા યોગ્ય છે. બીજા વિમુખ માણસો જેની બુદ્ધિ લૌકિક છે તેની પાસે કોઈપણ અલૌકિક પદાર્થોના ભાવ ન કહીએ. ત્યાં કોઈ કહે કે સમજે નહિં તેની પાસે કહીએ, તો તે પણ જાણે, પણ તમે કહો છો કે ન કહીએ, તેનું શું કારણ ? ત્યાં કહે છે. (૧૪)

**શ્લોકઃ—સાંમુખ્ય બોધનં નૈવ જાયતે બાહ્યધર્મતઃ ।**
**એકોઽપિ દોષઃ સુદઢઃ સર્વં નાશયતિ ધ્રુવમ્ ॥૧૫॥**

**શબ્દાર્થ—**( પુષ્ટિમાર્ગથી ) બહારના ધર્મમાં સન્મુખ હોય તેને જ્ઞાન થાય નહિં, કારણ કે એક પણ અત્યંત દ્રઢ દોષ નિશ્ચય સર્વનો નાશ કરે છે. (૧૫)

**વિવેચન—**અન્યની આગળ આ અલૌકિક પ્રકાર છે તે કહેવો નહિં. આ પુષ્ટિમાર્ગમાં ભગવદીય વિના અન્ય છે તેમને કહીએ તો પોતાનો ધર્મ જાય. અને તે જ્ઞાન વૈરાગ્યનો પ્રકાર કહી દઇએ, અલૌકિક ભાવનો પ્રકાર ન કહીએ. કારણ કે પોતાના હૃદયનો ધર્મ બહાર પ્રકાશ કરે તો રસ બહાર જતો રહે, હૃદયમાંથી પ્રભુ જતા રહે, માટે મુખ્ય ધર્મનો પ્રકાશ બહાર સર્વથા ન કરવો, કારણ કે દોષ આ જીવમાં એવો દ્રઢ છે કે અલૌકિકમાં

લૌકિક બુદ્ધિ સર્વની છે, કોટાનકોટિમાં કોઇ એકાદની અલૌકિક બુદ્ધિ હશે, તે સઘળી વસ્તુ લીલામય દેખશે, તેનાથી લૌકિકક્રિયા કદી પણ નહિં બને, એટલે કે આ એક મહાદોષ કે જેની લૌકિક બુદ્ધિ અલૌકિકમાં છે, તેના સર્વ ધર્મનો નાશ થાય છે, કશો અનુભવ નથી. આ રીતે પુષ્ટિમાર્ગમાં રહે તેનામાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભાવ ઉત્પન્ન થાય છે અને સ્વરૂપાનંદનો અનુભવ થાય છે. (૧૫)

**શ્લોકઃ—અસ્માભિરેવ લિખિતં નિરપેક્ષૈઃ સ્વભાવત ।**
**સ્નેહેન સર્વથા ચિન્તે ધ્રીયતાં યદિ રોચતે ॥૧૬॥**

શબ્દાર્થ—અમે નિરપેક્ષ ભાવથી સ્વાભાવિક રીતે લખ્યું છે, જો ગમે તો સ્નેહથી જરૂર ચિત્તમાં ધારણ કરશો. (૧૬)

વિવેચન—હવે શ્રીહરિરાયજી પોતાના ભાઈ શ્રીગોપેશ્વરજીને ત્રીજું શિક્ષાપત્ર પૂર્ણ કરતાં કહે છે કે આ શિક્ષાપત્ર અમે તમને લખ્યું છે, તેથી તમે એમ ન સમજશો કે ભાઈના સંબંધથી લખ્યું છે, અથવા કોઈ લૌકિક સ્વાર્થનો ભાવ અમારા મનમાં છે. તમને પ્રસન્ન કરવાને માટે પણ નથી. નિરપેક્ષ ભાવથી લખ્યું છે. શ્રીમહાપ્રભુજીની નિધિ ઘરમાં બિરાજે છે, તેની સેવા સામગ્રીમાં અલૌકિક ભાવ હોય તો આનંદનો અનુભવ થાય, માટે લખ્યું છે. તેથી જો તમારા મનમાં રુચે, તો આ ઉપર જેટલો પ્રકાર કહ્યો છે, તે ખાસ ચિત્તમાં ધારણ કરવા યોગ્ય પદાર્થ છે. કોઈના આગળ પ્રકાશ કરવા યોગ્ય નથી. આ માર્ગ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો છે તે ભાવાત્મક ગોપ્ય છે, માટે સ્નેહથી પોતાના મનમાં સર્વભાવને ધારણ કરશો. (૧૬)

ઇતિશ્રીહરિરાયજી કૃત ત્રીજું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ-(૩.)

## —: શ્રી હરિરાયજીનું નામાભિધાન :—

શ્રીકલ્યાણરાયજીએ પોતાના પ્રથમ પુત્રનું નામ શ્રીહરિરાયજી રાખ્યું હતું, તથાપિ આપ શ્રીપ્રભુચરણના ચર્વિત તાંબુલસ્વરૂપ હોવાથી આપને સહુ કોઈ 'પ્રભુચરણ' ના નામથી જ સંબોધતા હતા.

વાસ્તવમાં શ્રીહરિરાયજીમાં 'પ્રભુચરણ'નું અભિધાન સાર્થક પણ થતું હતું, કેમકે આપશ્રી નાનપણથી જ સેવાશ્રૃંગારાદિ કાર્યોમાં અત્યંત નિપુણ હતા. એમના સર્વ કાર્યો શ્રીપ્રભુચરણ (શ્રીગુસાંઇજી) ની જ સ્મૃતિ કરાવતાં હતાં, એથી શ્રીગોકુલેશનું તો આપમાં અત્યંત મમત્વ હતું. આપશ્રી તો શ્રીહરિરાયજીને નાનપણથી જ પોતાની પાસે રાખતા હતા. એથી જ શ્રીહરિરાયજીમાં સમ્પ્રદાયની આચાર્ય-મર્યાદા, સેવાભાવના, વ્યવહારચાતુર્ય ઉપરાંત શ્રીહરિ, ગુરુ તેમજ વૈષ્ણવોમાં પણ અનન્ય શ્રદ્ધા ઉત્પન્ન થઈ હતી.

શ્રીહરિરાયજીની ઉત્તરાવસ્થા વિપ્રયોગરસના અનુભવથી પૂર્ણ હતી, એથી તે સમયે સહુ આપને 'મહાપ્રભુ' કહીને સંબોધતા હતા. આપશ્રીમાં 'મહાપ્રભુ'ના અદ્વિતીય ત્યાગ, વિરહભાવના, દીનતા અને 'સ્વાનંદતુંદિલત્વ' આદિ અનેક ધર્મો પ્રત્યક્ષ થયા હતા. આમ, આપના 'મહાપ્રભુ' અને 'પ્રભુચરણ' એમ ઉભય અભિધાનોથી સમ્પ્રદાયમાં પ્રસિદ્ધ થયા છે. આજ પણ તે ઉભય અભિધાનોથી આપ ઓળખાય છે.

# * શિક્ષાપત્ર ૪ થું *

હવે ચોથા શિક્ષાપત્રમાં ભાવનાનું નિરૂપણ કરે છે. ઉપર કહ્યું કે સત્સંગ કરી દુઃસંગ છોડી દે તેના હૃદયમાં ભગવાન પધારે. તે ભગવાન શ્રીકૃષ્ણ વિરૂધ્ધ ધર્માશ્રય છે, તેના સ્વરૂપનું જ્ઞાન થાય, તે પ્રકાર આગળ સિદ્ધાંત પૂર્વક નિરૂપણ કરે છે.

**શ્લોકઃ—પ્રભોર્ધર્માઃ શ્રુતૌ પ્રોક્તાસ્તથા ભાગવતેઽપિ ચ ।**
**અપ્રાકૃતાઃ સ્વરૂપૈકનિષ્ઠાભિન્ના ન રૂપતઃ ॥૧॥**

**શબ્દાર્થ—**પ્રભુના ધર્મ અપ્રાકૃત ( માયાના સંબંધ વગરના અલૌકિક ) છે, અને ને સ્વરૂપમાંજ સ્થિત છે, અને સ્વરૂપની ભિન્ન નથી, એવું શ્રુતિમાં તથા શ્રીભાગવતજીમાં નિરૂપણ કર્યું છે. (૧)

**વિવેચન—**પ્રભુ શ્રીકૃષ્ણ છે, તેમના ધર્મ શ્રુતિમાં વિસ્તાર પૂર્વક કહ્યા છે, અને શ્રી ભાગવતજીમાં પણ પ્રભુના સ્વધર્મ કહ્યા છે. તે શ્રુતિનાં તથા શ્રીભાગવતજીનાં તે વચન પ્રમાણ જાણવાં. જેના હૃદયમાં શ્રુતિના અને શ્રી ભાગવતજીનાં વચન પ્રમાણ નથી, તેને આસુરી જાણવા. જેના હૃદયમાં શ્રુતિનાં વચન અને શ્રીભાગવતનાં વચન પ્રમાણ છે, તેને દૈવી જીવ જાણવો. તે શ્રુતિઓ પણ પ્રભુના સ્વરૂપને અપ્રાકૃત (અલૌકિક) કહે છે, અને શ્રીભાગવતજી પણ શ્રીઠાકોરજીના સ્વરૂપને અપ્રાકૃત કહે છે. હવે પ્રાકૃત અને અપ્રાકૃતમાં તારતમ્ય એ છે કે, જે અપ્રાકૃત છે, તે સદા એકરસ કેવળ આનંદમય છે, તેમાં લૌકિક માયાના ગુણનો પ્રવેશ નથી. અને અપ્રાકૃત છે તે માયાજન્ય છે; માયાકૃત ગુણ કામ, ક્રોધ, મદ, મત્સર, સુખ, દુઃખ સર્વ લાગેલા છે. તે પ્રસંગાનુસાર પ્રકટ થાય છે ને સમયે નષ્ટ થઈ જાય છે તેને પ્રાકૃત જાણવા. આનાથી પ્રભુનું સ્વરૂપ અપ્રાકૃત જાણે. અપ્રાકૃત પ્રભુનું સ્વરૂપ જાણ્યું કયારે કહેવાય કે જ્યારે પ્રભુના વિના રહ્યું ન જાય, અને શ્રીઠાકોરજીનાં નામ તથા શ્રીઠાકોરજીનાં લીલા સંબંધી કીર્તન વિના રહેવાય નહિં. આવું થાય ત્યારે જાણીએ કે શ્રીઠાકોરજીના નામ તથા રૂપમાં નિષ્ઠા થઈ. શ્રીઠાકોરજી સંબંધી ધર્મમાં બધી ઇંદ્રિયો, મન, દેહ લાગ્યાં રહે તો જાણીએ કે આ વૈષ્ણવપર પ્રભુએ કૃપા કરી. (૧)

**શ્લોકઃ—કૃર્તૃત્વસર્વરૂપત્વ સર્વાધારત્વ મુખ્યકાઃ ।**
**વ્યાપકત્વ વિરૂદ્ધાત્મ ધર્માદ્યાઃ શ્રુતિરૂપિતાઃ ॥૨॥**

**શબ્દાર્થ—**કર્તાપણું, સર્વરૂપપણું તથા સર્વાધારપણું ( શ્રીઠાકોરજીમાં રહેલા ) આ મુખ્યધર્મ અને વ્યાપકત્વ શ્રી તથા વિરુદ્ધધર્માશ્રયપણું વિગેરે સર્વ ધર્મ જે શ્રુતિમાં નિરૂપણ કર્યા છે ( તે સર્વ ધર્મ શ્રીઠાકોરજીમાં સંપન્ન છે. ) (૨)

**વિવેચન—**શ્રુતિ અને શ્રીભાગવતજી પ્રભુને અપ્રાકૃત ક્રિયારૂપ કહે છે, જે રૂપ શ્રી ઠાકોરજી ચાહે તે રૂપ પોતાના ભકતોને સુખ આપવા માટે આપ ધારણ કરે છે. તે

સંબંધમાં શ્રી ભાગવતજીમાં પ્રસિદ્ધ વર્ણન છે કે, જ્યારે હિરણ્યકશિપુએ પ્રહલાદજીને બહુજ દુઃખ દીધું ત્યારે પ્રભુએ શ્રીનરસિંહ રૂપ ધરીને હિરણ્યકશિપુને માર્યો અને પ્રહલાદની રક્ષા કરી. વળી શ્રીયશોદાજીનો બાળભાવ મુખ્ય છે, તેથી બાળક બની પલનામાં ઝુલે છે, અને વ્રજભક્તોનો પતિભાવ છે, તેથી તેમને રતિધન, માન મોચન પણ કરે છ. એક કાલાવચ્છિન્ન સર્વ લીલા કરે છે, કારણ કે સર્વના આધાર રૂપ મુખ્ય શ્રીકૃષ્ણ છે. કર્તું અકર્તું અન્યથા કર્તું, સર્વ સામર્થ્યવાળા છે. સઘળે વ્યાપક છે. સર્વ સ્થાનમાં શ્રીકૃષ્ણનીજ સત્તા છે, છતાં સર્વથી ન્યારા છે. આજ વિરૂદ્ધ ધર્માશ્રયપણું કે સર્વમાં છે, ને સર્વથી જુદા છે. આવી રીતે વેદ, પુરાણ, શ્રીભાગવતજી ભગવાનનું અલૌકિકરૂપ નિરૂપણ કરે છે. (૨)

**શ્લોક.—ઐશ્વર્યાદ્યા અંતરંગધર્મા ભાગવતે તથા ।**
**તેઽપિ સ્વરૂપભેદેન મર્યાદાપુષ્ટિભેદતઃ ॥૩॥**
**સર્વેઽપિ ચ વિભિદ્યંત ઇતિ શ્રીમત્પ્રભોર્વચઃ ।**
**અતોઽત્ર પુષ્ટિમાર્ગીયમંતરંગં વિષેષતઃ ॥૪॥**

શબ્દાર્થ—એવા ઐશ્વર્ય વિગેરે અંતરંગ ધર્મો શ્રીભાગવતમાં પણ નિરૂપણ કર્યા છે તે પણ મર્યાદા અને પુષ્ટિ બે પ્રકારથી સ્વરૂપના ભેદે કરીને કહેલા છે. સર્વધર્મમાં પણ ભેદ પડે છે, એવું આપનું વચન છે, માટે અહીં તો વિશેષે કરીને અંતરંગ પુષ્ટિમાર્ગીય ધર્મ છે. (૩)(૪)

વિવેચન—શ્રુતિ અને શ્રીભાગવત બે ભાવનું નિરૂપણ કરે છે, એક ભાવ તો ઐશ્વર્યનો છે, તે અનુસાર વ્યાપક સર્વના આધાર રૂપ કહે છે, તેથી મર્યાદા ભક્તો ઐશ્વર્ય જાણી ભજન કરે છે. શ્રુતિ નેતિ નેતિ કહે છે. બ્રહ્મા, શિવ, શેષજી વગેરે ઐશ્વર્યભાવથી ભજન કરે છે, તે મર્યાદા ભક્ત છે. અને જે પ્રભુના અંતરંગ ભક્તો છે, તે સ્નેહ ભાવથી ભજન કરે છે. નંદ, યશોદા, વ્રજભક્તાદિ પુષ્ટિભક્ત છે. શ્રીઠાકોરજી તો એકજ છે, પણ ભક્તોના પ્રેમથી જુદાં જુદાં સ્વરૂપે દેખાય છે. શ્રીભાગવતમાં પણ કહ્યું છે કે જ્યારે અક્રુરજી શ્રીઠાકોરજીને મધુપુરીમાં પધરાવી લઈ ગયા, ત્યાં જેનો જેવો ભાવ હતો તેવાંજ દર્શન તેમને થયાં, કંસને વેરભાવ હતો તેથી કાળરૂપે દીઠા, યોગીઓએ પરમતત્ત્વરૂપ દીઠા, મથુરાની સ્રીજનોએ તથા ભક્તોએ પરમ કોમળ સુકુમાર દીઠા. જ્યાં જેવો ભક્તનો ભાવ ત્યાં શ્રીઠાકોરજી તેવાજ ભાવથી બિરાજે છે. મર્યાદા ભક્તો ઐશ્વર્યાદિકથી ઉપાસે છે. એમ જાણે છે કે પ્રભુને ભૂખ તરસ હોય નહિ, કોટિ બ્રહ્માંડોના કર્તા છે. પાલન કરે, સંહાર કરે, તેમને અમે શું આપીએ ? પ્રભુ અમારી રક્ષા કરે છે, આવો ભાવ છે. તેની પાસે પ્રભુ કશું માગતા નથી. અને પુષ્ટિભક્ત નંદ, યશોદા, વ્રજભક્તો વિગેરેનો સ્નેહ ભાવ છે, તેથી એક ક્ષણમાં ભૂખ્યા થશે; શીત, તાપ લાગે છે, એવો ભાવ છે. ત્યાં શ્રીઠાકોરજી માગીને અંગીકાર કરે છે. આ બાબતનું શ્રીભાગવતજીમાં પ્રસિદ્ધજ નિરૂપણ છે. ઐશ્વર્યભાવમાં મર્યાદા રીતિ છે. અને સ્નેહભાવમાં પુષ્ટિ રીતિ છે. આવી રીતે સ્વરૂપ ભેદથી જુદા જુદા રસનો અનુભવ છે. આ બેઉ માર્ગ પ્રસિદ્ધ છે. (૩) સર્વમાં ભગવાન વ્યાપિ રહેલા છે. એવું શાસ્ત્ર, પુરાણ, શ્રીભાગવતજી કહે છે, અને શ્રીસુબોધિનીજી વિગેરે

તેથીમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પણ પ્રભુને સર્વ વ્યાપક કહે છે. પણ અંતરંગ પુષ્ટિમાર્ગીય ભક્તોનો ભાવ સર્વોપરિ છે. તે શાથી કે જેઓ જ્ઞાની છે, તથા મર્યાદામાર્ગીય ભક્ત છે, તેઓ ભગવાનને સર્વ વ્યાપક જાણીને ભજન કરે છે. તેમને સ્વરૂપાનંદનો અનુભવ નથી થતો. તેઓ કેવળ મોક્ષનાજ અધિકારી છે. પુષ્ટિમાર્ગીય ભકત છે, તે સર્વોપરિ છે. શ્રીકૃષ્ણના અંતરંગ સદા સેવા, શ્રુંગાર, ભોગ આદિથી; સ્વરૂપાનંદનો અનુભવ કરે છે; તેમનાથી એક ક્ષણ પણ શ્રીઠાકોરજી ન્યારા રહેતા નથી, તેથી આ પુષ્ટિભકિત વિશેષ કરી સર્વોપરી છે. (૪)

**શ્લોકઃ—વિરુદ્ધધર્માશ્રયત્વં સ્વસુખાય વિચારયેત્ ।**
**પ્રભુઃ કુમાર એવાસ્તિ વ્રજે માતૃપદાંકગઃ ॥૫॥**
**શ્રીભાગવતવાક્યેન કૌમારં જહતુર્વ્રજે ।**
**વ્યાખ્યાતં ચ તથૈવાઽસ્મદાચાર્યૈર્વિવૃતાવપિ ॥૬॥**

શબ્દાર્થ—પોતાના સુખને માટે પ્રભુનું વિરૂદ્ધધર્માશ્રયપણું વિચારે. એઉ ભાઇ વ્રજમાં કુમાર અવસ્થામાં બીરાજે છે, આ વાકયથી વ્રજમાં માતૃપદાંકગ ( શ્રીયશોદોત્સંગલાલિત ) પ્રભુ કુમારજ છે. શ્રી મદાચાર્યજીએ શ્રીસુબોધિનીજીમાં પણ એવુંજ વર્ણન કર્યું છે. (૫-૬)

વિવેચન—પ્રભુનું સ્વરૂપ વિરૂદ્ધધર્માશ્રયી છે આવો વિચાર ભકતોએ અવશ્ય હૃદયમાં કરવો. વૈષ્ણવોનો મુખ્ય ધર્મ એજ છે કે પ્રભુને વિરુદ્ધ ધર્માશ્રયી જાણે, કારણ કે જ્યાં સુધી ભકતને વિરુદ્ધર્માશ્રયનું જ્ઞાન નહિં હોય, ત્યાં સુધી પ્રભુની લીલામાં અસંભાવના, વિપરીત ભાવના થાય તો ભકિતબીજનો નાશ કરે. તેનો પ્રકાર કહે છે; પ્રભુની લીલામાં સંદેહ આવે કે દામોદર લીલામાં પ્રભુની કટિ નાની સરખી અને બે આંગળનું વચમાં અંતર રહે છે. તેમાં શ્રીયશોદાજી દોરડાં સંધાડતાં જાય, તો પણ બે આંગળનું અંતર રહે તે કેવું ? એવી દોષબુદ્ધિ તે અસંભાવના. અને માખણને માટે પ્રભુ કેમ રડે છે ? રાસાદિક લીલામાં પ્રભુ એવી દીનતા કેમ કરે છે ? એવી રીતે દોષબુદ્ધિ આવે, તે વિપરીત ભાવના. આ દોષ કયારે જાય ? જ્યારે શ્રીઠાકોરજીને વરુદ્ધધર્માશ્રયી જાણે, આ મુખ્ય વિચાર વૈષ્ણવે કરવો જોઈએ. પ્રભુ કુમાર પાંચવર્ષના પરમસુંદર શ્રીયશોદાજીના અંક (ખોળા)માં બિરાજે છે. અને ભકતોને સર્વલીલાઓનો અનુભવ કરાવે છે. પ્રભુની સઘળી લીલાઓ નિત્ય છે, આનંદરૂપ છે. જેવા પ્રભુ આનંદરૂપ નિત્ય છે, તેવીજ પ્રભુની લીલા પણ આનંદરૂપ છે. તેનું વર્ણન આગળ કરે છે. (૫)

શ્રીભાગવતમાં નિત્યલીલા કહી છે, કુમારલીલા વ્રજમાં રાખીને પૌગંડ કિશોર વયની લીલા કરી "કૌમારં જહતુર્વ્રજે" (વ્રજમાં કુમાર અવસ્થા પણ રાખતા હતા.) હવે મનુષ્યની બાલ્યાવસ્થા ગયા પછી ફરી બાળપણુ આ જન્મમાં એક દિવસ પણ ન આવે. જ્યારે શ્રીઠાકોરજીની સઘળી લીલા નિત્ય છે, બાલ્યાવસ્થામાં કિશોરલીલા કરે છે. કિશોર અવસ્થામાં બાળલીલા કરે છે. આવા માટે વિરૂદ્ધ ધર્માશ્રયીપ્રભુને જાણવા. આથી શ્રીભાગવતમાં શ્રીશુકદેવજી કહે છે, કે કુમારલીલા રાખી બીજી લીલાઓ કરી. શ્લોકનું વ્યાખ્યાન કરતાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ નિબંધમાં ને સુબોધિનીજીમાં સાત અર્થ વિવેચન કરીને કર્યો

છે, અને નિત્યલીલા ઠેકાણે ઠેકાણે સંપાદન કરી છે. તેજ પ્રકારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં સેવા પ્રકટ કરી તેમાં પણ વર્ષોવર્ષ જન્માષ્ટમી, દાન, રાસ, હોરી, ફુલમંડળી હિંડોરા, સર્વ નિત્યલીલાનો અનુભવ સાક્ષાત થાય છે. આવી રીતે વૈષ્ણવ નિત્યલીલાનો અભિપ્રાય જાણીને સ્મરણ ભજન કરે. (૬)

**શ્લોક—વ્રજ એવ કુમારશ્ચ કુમારીભાવવિદ્ધરિઃ ।**
**ઐકાદશ સમાસ્તત્ર ગૂઢાર્ચિઃ સબલોડવસત્ ॥૭॥**
**એતદ્વાકયં મિશ્રરૂપં કુમારઃ કેવલો હરિઃ ।**
**સમગ્રયપિ તથૈવાસ્તિ યતો ગોપ્યઃ કુમારિકાઃ ॥૮॥**

**શબ્દાર્થ**—કુમારિકાના ભાવ જાણનારા હરિ વ્રજમાંજ કુમાર છે, અને (શ્રીભાગવતના ત્રીજા સ્કંધમાં બીજા અધ્યાયના છવીસમા શ્લોકમાં લખ્યું છે કે) અગીયાર વર્ષના ગૂઢ પ્રતાપવાળા શ્રીબળદેવજી સહિત ત્યાં વ્રજમાં વસ્યા. (૭) આ વાકય મિશ્રરૂપ છે. સ્મૃતિમાં વ્યાપકરૂપ તથા ઐશ્વર્ય જ્ઞાનાદિ ધર્મ સહિત રૂપનું નિરૂપણ છે, દશમસ્કંધમાં "કૌમાર જહતુર્વ્રજે" આ વાકયમાં કુમાર અવસ્થા વ્રજમાં રાખી એવું નિરૂપણ છે, અને ત્રીજા સ્કંધમાં "ઐકાદશ સમાસ્તત્ર ગૂઢાર્ચિઃ સબલોડવસત" આ વાકયમાં અગિયાર વર્ષ વ્રજમાં રહ્યા. (૭) એવી રીતે મિશ્ર, વ્યાપક, કૌમાર તથા પૌગંડ, અને કિશોર અવસ્થારૂપ પ્રતિપાદક વાકય છે; પરન્તુ વસ્તુતઃ કેવળ કુમાર હરિજ છે, કારણ કે વ્રજભક્ત (ઋષિરૂપા) કુમારિકા છે, અને બીજી સામગ્રી પણ તેવીજ છે. (૮)

**વિવેચન**—વ્રજમાં પ્રભુ કુમાર હોવાનું કારણ એ છે કે કુમારી જે સોળ હજાર અગ્નિકુમારિકા પાંચ પાંચ વર્ષની છે તેમના ભાવની ભાવનામાં પાંચ વર્ષના પ્રભુ છે. કારણ કે રસશાસ્ત્રમાં એમ કહ્યું છે, કે જેવો ભાવ સ્ત્રીનો હોય તેવોજ પતિ હોય તો રસ વિશેષ પ્રકટે. માટે કુમારિકાના ભાવની વૃદ્ધિ પ્રભુ કુમારરૂપથી કરે છે. અને અગિયાર વર્ષની લીલામાં વ્રજમાં સદા છે, તેમાં બાળલીલાથી પૌગંડ કિશોર બધીજ લીલા કરે છે. કુમારિકાઓએ ગૂઢ ભાવથી કાત્યાયની દેવીનું પૂજન કર્યું (ગૂઢભાવથી છુપાવવાનું કારણ એ છે કે અમારા ભાવને શ્રીનંદરાયજી, શ્રીયશોદાજી વગેરે વ્રજમાં કોઈ ન જાણે, જો ગૂઢભાવ પ્રકટ થઇ જાય તો રસ જતો રહે છે, માટે બધાથી છુપાઈને કાત્યાયનીનું વ્રત કુમારિકાઓએ કર્યું.) એથી કરીને શ્રીઠાકોરજી પોતાને વશ કર્યા, કુમારિકાઓનો ગૂઢ ભાવ પ્રભુએ જાણ્યો, તેથી ચિરહરણ કરી સર્વાંગ દૃષ્ટિ કરી, અલૌકિક દેહ સંપાદન કરાવ્યા. પછી વસ્ત્રો પણ અલૌકિક કરીને આપ્યાં અને વરદાન આપ્યું કે શરદઋતુમાં રાસ કરી તમારો મનોરથ પૂર્ણ કરીશ. તેથી રાસમાં કુમારથી અગિયાર વર્ષની કિશોર વય ધરીને કુમારિકાઓનો જેવો મનોરથ હતો, તે સર્વ પૂર્ણ કર્યો. આવી રીતે ગૂઢ ભાવથી કાત્યાયનીનું પૂજન કરી કુમારિકાઓએ પ્રભુને વશ કર્યા. (૭) આ પ્રમાણે બે વાકય છે, બે પ્રકારનો ભાવ છે, શ્રુતિવાકયથી ઐશ્વર્યનો ભાવ તથા શ્રીભાગવતવાકયથી કુમારભાવ તે મિશ્રિત, બેઉ રૂપ પ્રભુનાં છે. ને કેવળ કુમાર રૂપ હરિ કુમારિકાઓના ભાવને લીધે છે. જો કે પ્રભુની સ્થિતિ સઘળે છે. પ્રભુને વ્યાપક ધર્મ, ઐશ્વર્ય, જ્ઞાનાદિક વિચારતાં મર્યાદા માર્ગીકત પ્રભુ સઘળે છે, પરંતુ ગોપકુમારિકાઓની પાસેજ રસરૂપ પ્રભુ છે. કુમારિકાના ભાવ વિના રસરૂપ પ્રભુ

મર્યાદામાર્ગમાં નથી, કારણ કે ભાવાત્મક રસરૂપ પ્રભુ પાત્ર વિના અન્ય ઠેકાણે રહેજ નહિં, અને ભાવરૂપ પાત્ર કુમારિકાઓ છે, માટે કુમારિકાઓ પાસેજ ભાવાત્મક પ્રભુ બીરાજે છે.(૮)

શ્લોકઃ—એવં સતીદશે રૂપે રાસલીલાદિરૂપણમ્ ।
વિરૂદ્ધધર્માશ્રયત્વબોધાયૈવ હિ યુજયતે ॥૯॥

શબ્દાર્થ—જ્યારે એવા મિશ્રરૂપ પ્રભુ છે, (વ્યાપક કુમાર, પૌગંડ, કિશોર એવાં નિરૂપણ કર્યાં છે) ત્યારે એવા રૂપમાં રાસાદિક લીલાનું જે નિરૂપણ છે, તે પ્રભુનું વિરૂદ્ધધર્માશ્રયત્વ જણાવવા માટેજ છે. (૯)

વિવેચન—જે રસાત્મક પ્રભુ કુમારિકાઓની પાસે છે, તેનું રાસલીલામાં વર્ણન છે. વેણું બજાવીને વ્રજભકતોને બોલાવ્યાં, પછી શ્રીઠાકોરજીએ બધા વ્રજભકતો સાથે રમણ કર્યું. એટલે સર્વને મદ થયો, એક ગુણાતિત કુમારિકાને મદ ન થયો. તેથી શ્રીઠાકોરજી એ કુમારિકાને લઈને પધાર્યા, પછી તેને સૌભાગ્ય મદ થયો, એટલે ત્યાંથી અંતર્ધ્યાન થઈ આ ગુણાતિત ભકતના હૃદયમાં પધાર્યા. જો પ્રભુ હૃદયમાં ન હોય તો એક ક્ષણમાં દશમી અવસ્થા (મરણ) ભકતની થઈ જાય. હવે જ્યારે ગુણાતિત કુમારિકાએ પ્રભુને પ્રકટ ન દીઠા તેજ વખતે મૂર્છા ખાઇને પડી ગયાં. આથી પ્રભુએ બેઉ હાથથી ઉઠાડી લીધાં. એટલે તે ભકત કહે "હા નાથ ! હા રમણ પ્રેષ્ઠ ! ક્વાસિ ક્વાસિ મહાભુજ ! દાસ્યાસ્તે કૃપણાયા મે સખે દર્શય સન્નિધમ્ ॥" ( હા નાથ, હા રમણ, હા પ્રિય, કયાં છો ? કયાં છો ? હા મોટી ભુજાવાળા, આપની દાસી અને દીન મને, હે સખે, સન્નિધાન બતાવો. ) આ ભકત કહે છે, કે તમે પાસે છો, કારણ કે મોટી ભુજાથી ઉઠાવીને મારી રક્ષા કરી છે, માટે દર્શન આપો. પછી બધા ભકતોએ ફરી પુલિનમાં ( શ્રીયમુનાજીના કિનારા ઉપર ) આવી ગુણગાન કર્યું. પછી નિઃસાધન થઈ રૂદન કર્યું, ત્યારે એમની અંદર (હૃદય) માંથી પ્રભુ બહાર પ્રકટ્યા, માટે કુમારિકાની પાસેજ પ્રભુ છે, ઐશ્વર્ય ધર્મથી સર્વ ઠેકાણે વ્યાપક છે. આવી રીતે વિરૂદ્ધ ધર્માશ્રયનો બોધ કર્યો, તે વૈષ્ણવોએ અવશ્ય જાણવો જોઇએ. (૯)

શ્લોકઃ—ઈદં હિ પુષ્ટિમાર્ગીયં તદેવ જ્ઞાયતે બુધૈઃ ।
ગીતગોવિંદાદ્યપદ્યેપ્યેતદેવ નિરૂપ્યતે ॥૧૦॥

શબ્દાર્થ—આ ( વિરૂદ્ધ ધર્માશ્રયપણુંજ ) પુષ્ટિમાર્ગનું તત્વ છે, ને એવાજ પ્રકારે બુધ (પંડિત) જાણે છે, કારણ કે ગીતગોવિંદ કાવ્યના પ્રથમ શ્લોકમાં પણ શ્રીનંદરાયજીનું વચન કુમારઅવસ્થાસૂચક છે, તથા શ્રીસ્વામિનીજી સાથે ક્રીડા પણ લખી છે. એટલે તેમાં પણ એવુંજ નિરૂપણ કર્યું છે. (૧૦)

વિવેચન—અહિં કોઈ કહે કે કુમારિકાનીજ પાસે પ્રભુ કેમ વસે છે ? ત્યાં કહે છે કે કુમારિકા પુષ્ટિમાર્ગીય છે, આ બુદ્ધિથી જાણવું, કુમારીકાના ધર્મ જેવો ધર્મ જ્યારે આવે ત્યારે જાણીએ કે પુષ્ટિમાર્ગીય ધર્મ આવ્યો. એવો ધર્મ દુર્લભ છે. માટે અહર્નિશ કુમારિકાના ભાવની ભાવના મનમાં કરવી, દાસત્વ કરવાથી કુમારિકાની કૃપાથી ભાવ જ્યારે હૃદયારૂઢ થાય ત્યારે પ્રભુનો અનુભવ થાય. આવું બુદ્ધિથી નિશ્ચય કરી કુમારિકાના ભાવની

ભાવના કરીએ. આથી શ્રી આચાર્યજીના પુષ્ટિમાર્ગમાં એમનાજ ભાવની સેવા છે એમ જાણી માર્ગની રીતિ પ્રમાણે સેવા કરીએ. શ્રીઆચાર્યજી શ્રીગુસાંઇજીના ચરણકમળનો આશ્રય લઇને પિતાપુત્રને પણ એજ ભાવ સ્વરૂપ જાણીએ. ગીતગોવિંદમાં માનાદિક વિહાર જયદેવે નિરૂપણ કર્યો છે તે કુમારિકાઓના ભાવની સર્વ લીલા જાણવી. આવી રીતે પ્રભુ કુમારિકાઓને વશ છે. શ્રૃંગાર રસના અનેક ગ્રંથો છે જે ગીતગોવિંદ આદિમાં સર્વ બતાવ્યા છે. એ કુમારિકાઓની લીલા આવી રીતે મનમાં જાણી ભાવના કરવી. (૧૦)

**શ્લોકઃ—અન્યથા નંદવચનં તાદૃશં યુજ્યતે કથમ્ ।**
**અતસ્તુ પુષ્ટિમાર્ગીયવિરૂદ્ધગુણસંશ્રયઃ ॥૧૧॥**

શબ્દાર્થ—એમ ન હોય તો (એટલે પ્રભુમાં વિરૂદ્ધધર્માશ્રયપણું ન હોય તો) શ્રી નંદરાયજીનું વચન (જે ગીતગોવિંદમાં છે તે) પ્રભુનું વિરૂદ્ધ ધર્માશ્રયત્વ સ્વીકાર્યા વિના શી રીતે ઘટે ? માટે પુષ્ટિમાર્ગીય પ્રભુ વિરુદ્ધ ધર્માશ્રય યુક્ત છે. (૧૧)

વિવેચન—શ્રીનંદરાયજીનું વચન સાચું જાણવું, કારણ કે ગૌડદેશથી સોળ હજાર કુમારિકાઓ શ્રીનંદરાયજી કંસને આપવા માટે લાવ્યા. પણ કુમારિકા પુષ્ટિમાર્ગીય હતી, તેથી પ્રભુની સેવામાં તત્પર રહેતી, એટલે શ્રીનંદરાયજીએ કંસને ભેટ ન આપી અને કુમારિકાઓની બહુજ પ્રસંશા કરી પોતાના પુત્રની સેવા માટે ઘરમાં રાખી. તેથી નંદરાયજીનાં વચનની મોટા મોટા તાદ્રશી પણ પ્રશંસા કરે છે. કુમારિકાઓનો સ્નેહભાવ શ્રી નંદરાયજીથી અધિક છે, માટે શ્રીઠાકોરજી કુમારિકાઓને વશ છે. આવો પુષ્ટિમાર્ગ સર્વોપરિ શ્રેષ્ટ છે કે જેમાં શ્રીકૃષ્ણ ભાવાત્મક રીતિથી સદા બિરાજે છે. આ પુષ્ટિમાર્ગમાં પ્રભુ વિરૂદ્ધ ધર્માશ્રય સ્વરૂપથી બિરાજે છે. હવે આગળના શ્લોકમાં વિરુદ્ધધર્માશ્રયનો ભાવ ખુલ્લો કરીને વર્ણન કરે છે.

**શ્લોકઃ—રસમાર્ગીયધર્માસ્તુ તે બોદ્ધવ્યા વિચક્ષણૈઃ ।**
**બાલો રસિકમૂર્દ્ધન્યઃ સ્વવશોઽન્યવશઃ સદા ॥૧૨॥**

શબ્દાર્થ—વિચક્ષણ એટલે જે ચતુર પુરૂષ છે, તેણે રસમાર્ગના ધર્મ સમજવા યોગ્ય છે. શ્રીઠાકોરજી બાળક છે તો પણ રસિકોના શિરોમણિ છે, પોતે સ્વતંત્ર છે છતાં પણ સદા ભક્તને વશ છે. (૧૨)

વિવેચન—રસમાર્ગની રીતિમાં તથા મર્યાદામાં વિરોધ છે, પરંતુ પુષ્ટિમાર્ગમાં વિરોધ નથી. પુષ્ટિમાર્ગમાં વિલક્ષણ રીતિ છે, તેથી કહે છે કે શ્રીરામાવતારમાં મર્યાદા ધર્મની સ્થાપના કરવાની રીતિ છે. માટે એક પત્નીવ્રત છે, અને શ્રીકૃષ્ણાવતારમાં સર્વ વ્રજભક્તો તથા ગોપભાર્યા સાથે જે રમણ છે તે પણ ધર્મનું સ્થાપન છે. અન્ય ઠેકાણે જ્યાં લોક વેદમાં રસમાર્ગ તથા રસશાસ્ત્રનું વર્ણન છે. ત્યાં ધર્મ માર્ગથી વિરોધ દેખાય છે, કારણ કે રસશાસ્ત્રમાં પરકીયા રમણમાં અધિક રસનું વર્ણન કર્યું છે, સ્વકીયામાં જરા ન્યૂન ભાવ છે. આથી જ્યાં પરકીયા રમણ થયું ત્યાં ધર્મ સ્થાપન નહિ અને જ્યાં ધર્મસ્થાપનનું વર્ણન શાસ્ત્રમાં છે, ત્યા પરસ્ત્રીનું મનથી પણ રમણ વિચારે તો દોષ છે. આ મર્યાદામાર્ગની રીતિ છે, અને

પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજી બિરાજે છે, તે સર્વ ધર્મનું સ્થાપન કરે છે, અને સમસ્ત વ્રજભક્તો સાથે રસશાસ્ત્રોક્ત રમણ પણ કરે છે. આ વિલક્ષણતા છે. પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજી બાળક છે, પલના ઝુલે છે, અને પરમ રસિકોના પણ મુકટમણિ છે, અગિયાર વર્ષના, સોળ વર્ષના એક કાલાવિચ્છિન્ન છે. પોતે પોતાને વશ છે. કોટાનકોટિ પ્રકારનાં કોઈ સાધન કરે છતાં દર્શન થતાં નથી બ્રહ્માદિક, શિવાદિક વિ. કરોડો વર્ષોથી સાધન કરે છે. તેમને પણ કોઇકવાર દર્શન થાય છે. વેદો નેતિ નેતિ કહે છે, કોઇને વશ પ્રભુ નથી. છતાં સદા ભક્તોને વશ છે, શ્રીયશોદાજી ભક્તિ ભાવથી બાંધે છે. સદા વ્રજભક્તોને આધીન છે. ભક્તો કહે છે તેજ કરે છે. બીજું જાણતાંજ નથી, આ વિરૂદ્ધધર્માશ્રય જાણવો. (૧૨)

**શ્લોકઃ—અભીતઃ સર્વથા ભીતઃ સાપેક્ષો નિરપેક્ષકઃ ।**
**ચતુરોઽપિ મહામુગ્ધઃ સર્વજ્ઞોઽપ્યજ્ઞ એવ ચ ॥૧૩॥**

શબ્દાર્થ—(પ્રભુ) સર્વથા ભય રહિત છે, તે પણ ભયયુક્ત છે, અપેક્ષાવાળા છતાં નિરપેક્ષ (ઇચ્છા રહિત) છે, ચતુર છતાં પણ મહા મુગ્ધ છે, સર્વજ્ઞ હોવા છતાં પણ જાણે કશું જાણતા નથી. (૧૩)

વિવેચન—પ્રભુ કેવા છે, તો કહે છે કે નિર્ભય છે, કારણ કે કાળના પણ કાળ છે. ભ્રુકુટીના વિલાસથી કોટાનકોટિ બ્રહ્માંડ રચે, અને નાશ પણ કરે. સઘળા દેવો ડરતા રહે છે. પ્રભુને તો કોઈનો લેશ પણ ભય નથી, છતાં ભય પણ પામે છે. જ્યારે માટી ખાધી ત્યારે શ્રીયશોદાજી લાકડી લઈને ડરાવે છે કે માટી કેમ ખાધી ? ત્યારે શ્રીઠાકોરજી બીકથી આંખોમાં જળ લાવીને કહે છે, કે માતાજી મેં માટી નથી ખાધી. આવી રીતે ભક્તોથી ડરે છે. વળી અપ્રસન્ન થઈને કદી પણ માન ન કરે એવા પ્રભુ છે. વળી પ્રભુને કોઈ વસ્તુની અપેક્ષા નથી. અક્ષરબ્રહ્મ જેવું ઘર છે, લક્ષ્મીજી રસખી રાણી છે, કૌસ્તુભમણિ આભૂષણ છે, વગેરે અલૌકિક પદાર્થ છે. એક ક્ષણમાં સર્વ સિદ્ધ કરે એવી માયા સરખી તો દાસી છે, તેને શી અપેક્ષા હોય ? માટે નિરપેક્ષ છે, છતાં ભક્તોની રંચક વસ્તુ હોય તો તે લેવાની અપેક્ષાવાળાં છે. વ્રજમાં શ્રીયશોદાજી તથા વ્રજભક્તો પાસેથી નવનીત (ભીલોનાં) વિગેરે લેવાની ઇચ્છા કરે છે. વળી પ્રભુ ચતુર શિરોમણિ છે, કોટિ બ્રહ્માંડમાં જે કોઈ મર્યાદા તોડીને ચાલે તેને દંડ આપે છે. ક્ષણ ક્ષણની ક્રિયા અને સર્વના મનના ભાવ જાણે છે, છતાં ભક્તોના આગળ મુગ્ધ છે, બાળક છે. ભક્ત આપે છે તે આરોગે છે, પોતે કશું જાણતા નથી એવા છતાં સર્વજ્ઞ છે, સર્વ ઠેકાણે વ્યાપી રહ્યા છે, સઘળી સત્તા પ્રભુની છે. તેમનાથી ત્રણ લોકમાં કશું અસાધ્ય નથી. છતાં ભક્તોની પાસે જાણે અજ્ઞ એટલે જાણે કશું જાણતાજ નથી એવા ભાવવાળા છે. રમતમાં હારી જાય છે, ચંદ્રમાને ખીલોના તરીકે પકડવાને માટે રુદન કરે છે. એવા વિરુદ્ધધર્માશ્રયી પ્રભુ છે. (૧૩)

**શ્લોકઃ—આત્મારામોઽપિ ગોપીનાં સર્વદા રતિવર્ધનઃ ।**
**પૂર્ણકામોઽપિ કામાર્તો હ્યદીનો દીનભાષણઃ ॥૧૪॥**

શબ્દાર્થ—(પ્રભુ) સર્વના આત્મામાં રમણ કરનારા હોવા છતાં હંમેશાં ગોપીજનોની રતિ વધારનારા છે, પૂર્ણ કામ હોવા છતાં પણ કામાર્ત છે, દીન નથી છતાં દીનની માફક બોલનારા છે. (દૈન્યયુક્ત છે.) (૧૪)

વિવેચન—પ્રભુ સદા આત્મારામ છે, પોતાના આત્મામાં રમણ કરનારા છે, છતાં ગોપીજનોની સાથે નિત્ય રમણ કરી નિત્ય નૂતન કામની વૃદ્ધિ કરે છે. વળી પ્રભુ પૂર્ણ કામ છે, સાક્ષાતમન્મથના પણ મન્મથ છે, તેને કામ શી વસ્તુ છે ? સર્વ કામથી પૂર્ણ છે, છતાં પણ કામથી આર્ત લગાર ભૂખ તરસ લાગે કે માગે છે. ગોપીજનોના માનના ભયથી કામવિહાર કરી વ્યાકુલ થાય. સખીનો વેષ ધરીને પોતે મનાવે છે. વળી દીનતાથી રહિત છે, ઈશ્વરના ઈશ્વર છે, ત્રિલોકી જેને નમે છે, તે દીનતા કેમ કરે ? તો પણ ભકતો પાસે દીનતા કરે છે કે હું તમારો છું, તમારા વિના હું બીજાને ઓળખતો નથી, આવી રીતે અનેક પ્રકારનાં દીનતાનાં વચન કહે છે. પ્રભુનું આ વિરુદ્ધ ધર્માશ્રયત્વ જાણવું. (૧૪)

**શ્લોકઃ—સ્વપ્રકાશોઽપ્યપ્રકાશે બહિષ્ઠોઽન્તઃ સ્થિતઃ સદા ।**
**અસ્વતન્ત્રઃ સ્વતન્ત્રોઽપિ સમર્થો ન તથાપિ ચ ॥૧૫॥**

શબ્દાર્થ—પોતાનાજ તેજથી પ્રકાશિત છે, છતાં પ્રભુ ( ભકતોના આગળ ) પ્રકાશ વગરના છે. બહાર બિરાજે છે છતાં સદા ભકતોના અંતઃકરણમાં બિરાજે છે. સ્વતંત્ર છતાં પણ (ભકતોની પાસે) પરતંત્ર છે, સર્વ સામર્થ્ય યુકત હોવા છતાં પણ [ભકતોની પાસે] અસમર્થ છે. (૧૫)

વિવેચન—પ્રભુ પોતાનો પ્રકાશ ત્રણ લોકમાં કરે છે, જેનું તેજ અભિમાનનો તરતજ નાશ કરી પોતાનોજ પ્રકાશ રાખે છે, છતાં ભકતોના આગળ પોતાનો પ્રકાશ જાણતાજ નથી. જે ભકત કહે તેજ થાય. ભકત કહે તેજ આપ કરે. બહાર સ્થિત છે, સર્વ વ્રજભકતોની સાથે સદા અનેક લીલા કરે છે. છતા સર્વ પ્રાણીમાત્રના અંતઃકરણમાં બિરાજમાન છે. પ્રભુ સદા સ્વતંત્ર લીલા કરે છે. પોતાની ઈચ્છાથી એક ક્ષણમાં બ્રહ્માંડ ઉત્પન કરે છે, તથા નાશ પણ કરે છે. વળી ભકતને વશ છે, વ્રજભકત કહે છે કે અહીં બેસો તો ત્યાંજ બેસે છે, ભકતના આગળ સ્વતંત્રતાની વાત કરતા નથી, ભકતના મનોરથ પ્રમાણે પ્રભુ સર્વ કાર્ય કરે છે. પ્રભુસર્વ સામર્થ્ય યુકત છે કર્તું અકર્તું અન્યથા કર્તું સર્વ સામર્થ્યવાન છે, છતાં ભકતના આગળ પોતાના સામર્થ્યથી રહિત છે. વ્રજભકત ગોદમાં લઈ ખુશીમાં આવે ત્યાં જાય છે અને પોતાના મનોરથ પૂર્ણ કરે છે. ત્યાં પ્રભુ સામર્થ્ય રહિત બનીને રહે છે. આવી રીતે પ્રભુનું સ્વરૂપ વિરૂદ્ધધર્માશ્રયી છે. (૧૫)

**શ્લોકઃ—એવં હિ પુષ્ટિમાર્ગીય વિરુદ્ધસ્વગુણાલયમ્ ।**
**કૃષ્ણં કૃપાલું સતતં શરણં ભાવયેદ્ધૃદિ ॥૧૬॥**

શબ્દાર્થ—એવા પોતાના વિરૂદ્ધ ધર્મવાળા ગુણના સ્થાનરૂપ, કૃપાળુ પુષ્ટિપુરૂષોત્તમ શ્રીકૃષ્ણના શરણની હમેશાં હૃદયમાં ભાવના કરે. (૧૬)

વિવેચન—આવી રીતે વિરૂદ્ધ ગુણના સ્થાનરૂપ શ્રીકૃષ્ણ કોઈનાથી જાણી શકાય નહિ, એવા રસાત્મક, ભાવાત્મક, પ્રભુ પુષ્ટિમાર્ગમાં બિરાજે છે. તે ઉપર કહ્યું એવા ભકત પરત્વે પરમકૃપાળુ શ્રીકૃષ્ણ ફલાત્મક છે. તેને શરણે નિરંતર જઈએ, મન, કર્મ અને વચનથી

સર્વ ભાવથી શરણે રહીએ, પોતાના હૃદયમાં સદા શરણની ભાવના રાખીએ, તો શ્રીકૃષ્ણ પરમ કૃપાળુ છે, તેથી કૃપા કરશે. તેથી શ્રીમહાપ્રભુજી નવરત્ન ગ્રંથમાં આજ્ઞા કરે છે, "તસ્માત્સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણ: શરણં મમ" (માટે સર્વાત્મભાવથી શ્રીકૃષ્ણ મારૂં શરણ છે.) તથા વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં આજ્ઞા કરે છે કે "અશકયે વા સુશકયે વા સર્વથા શરણં હરિ:" ॥ અશકયમાં કે સુશકયમાં સર્વથા હરિજ શરણ છે) વિગેરે ઠેકાણે શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે. માટે શરણની ભાવના હૃદયમાં કરવી જોઈએ. અષ્ટાક્ષરનો મંત્ર સર્વ સિદ્ધિ કર્તા જાણી અષ્ટ પહોર સ્મરણ કરીએ, તે બાબત વિજ્ઞપ્તિમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે "યદુક્તં તાતચરણૈ: શ્રીકૃષ્ણ: શરણં મમ । તત એવાસ્તિ નૈશ્ચિત્યમૈહિકે પારલૌકિકે" ॥ (તાતચરણ શ્રીમહાપ્રભુજીએ "શ્રીકૃષ્ણ: શરણં મમ" જે કહ્યું છે, તેથીજ આ લોક તથા પરલોકમાં નિશ્ચિતતા છે. ) માટે શ્રીકૃષ્ણ જે પરમ તત્વ છે, પરમ દયાળુ છે, તેની ભાવના પોતાના હૃદયમાં કરી મન કર્મ અને વચનથી શરણે જઈએ, આ ખાસ સિદ્ધાંત છે. (૧)

**શ્લોક:—અસાધન: સાધનવાનસાધુ: સાધુરેવ વા ।**
**શરણાદેવ નિખિલં ફલં પ્રાપ્નોત્યસંશયમ્ ॥૧૭॥**

શબ્દાર્થ—(જે કોઇ) સાધન રહિત અથવા સાધન કરનારો હોય, અસાધુ હોય કે સાધુ, પણ શરણે જવાથી નકકી સર્વ પ્રકારે ફળ પ્રાપ્તિ કરે છે. [૧૭]

વિવેચન—કોઇ જીવમાં કંઈ પણ સાધન નથી, કોઈ જીવ અનેક પ્રકારનાં સાધન કરે છે. કોઈ જીવ સાધુ છે, પરમ સુશીલ છે, કામ, ક્રોધ, લોભ, મદ તથા મત્સર વગેરેથી રહિત છે. કોઈ અસાધુ છે, કામ ક્રોધાદિ દોષથી ભરેલો છે. વળી કોઈ પણ જાતિ હોય, દેવતા, મનુષ્ય, બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શૂદ્ર, ચાંડાલ પર્યંત પશુ, પક્ષી, વગેરેમાંથી કોઈ પણ જીવ જે શ્રીઠાકોરજીને શરણે જાય છે, તેને ફળની પ્રાપ્તિ અવશ્ય થાયજ, એમાં સંશય નહિ. પ્રભુનું શરણ એજ સર્વોપરિ સાધન છે. જેને પ્રભુનું શરણ મળ્યું, તે જીવ સર્વ ધર્મ કરી ચૂકયો, બીજા અનેક સાધન કરે છે, પણ પ્રભુને શરણે ન આવ્યો હોય ત્યાં સુધી ફળની પ્રાપ્તિ નથી. માટે પ્રભુને શરણે જવાથી સઘળું ફળ પ્રાપ્ત થાય છે, આ સિદ્ધાંત નિશ્ચય થયો. (૧૭)

**શ્લોક:—ભકિતમાર્ગે સાધનં ચ ફલં શરણમેવ હિ ।**
**સર્વધર્મપરિત્યાગ: સ્વતંત્રં ચેત્ફલં હિ તત્ ॥૧૮॥**

શબ્દાર્થ—ભકિતમાર્ગમાં સાધન અને ફળ (બન્નેં) શરણજ છે, માટે સર્વ ધર્મ પરિત્યાગ (એટલે અનન્યભકિત) થાય, તો આ સ્વતંત્ર ફળરૂપ શરણ પ્રાપ્ત થાય છે. (૧૮)

વિવેચન—ભકિતમાર્ગમાં સાધન પણ શ્રીકૃષ્ણનું શરણ છે અને ફળ પણ શ્રીકૃષ્ણનું શરણ છે. સાધન અને ફળ જુદું નથી. સાધન પણ ફળરૂપ છે. માટે શરણજ મુખ્ય ફળ છે. ભગવાન ગીતાજીમાં પણ બતાવે છે કે "સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ" સર્વ ધર્મનો ત્યાગ કરીને એક મારેજ શરણે આવ. આ શ્લોક ઉપર શ્રીગુસાંઈજીએ સ્વતંત્ર જુદીજ ટીકા કરી છે. તેમાં શરણની ભાવના મુખ્યત્વે નિરૂપણ કરી છે. એક શ્રીકૃષ્ણનો

આશ્રય જે જીવને થયો, ત્યાં સર્વ સિદ્ધ થઈ ગયા, તેથી શ્રીકૃષ્ણનો આશ્રયજ સર્વથી મુખ્ય ફળ છે, આ ભાવ જાણીને ખાસ શરણુ પ્રાપ્ત કરવું જોઈએ. (૧૮)

શ્લોક:—પરોક્ષે શરણં તાદૃઙ્ મહાપુરૂષયોગતઃ ।
કૃપા ચેત્તાદૃશાનાં હિ તદા તદ્દ્વારકં ભવેત્ ॥૧૯॥

શબ્દાર્થ—અનવતાર દશામાં તેવા મહાપુરૂષના સંબંધથી શરણુ સિદ્ધ થાય છે. અને જ્યારે તાદૃશીયની કૃપા થાય છે. ત્યારે તાદ્રશીય દ્વારા (શરણુ ભાવના) પ્રાપ્ત થાય છે.

વિવેચન—શ્રીકૃષ્ણની અવતાર દશામાં પ્રસિદ્ધ શરણુ હોય, અને શ્રીકૃષ્ણની પરોક્ષમાં અનવતાર દશામાં શ્રીઆચાર્ય દ્વારા શરણુ સિદ્ધ થાય. શ્રીઆચાર્યજીની પરોક્ષમાં શ્રી આચાર્યજીના ગ્રંથ, વચનામૃત દ્વારા શરણુ સિદ્ધ થાય. શ્રીકૃષ્ણની પ્રાકટ્ય દશામાં તો પ્રસિદ્ધ શરણુ હોય, પરોક્ષ દશામાં મહાપુરૂષ ભગવદીય સાથે મળીને શરણુનો વિચાર કરે, આ પુષ્ટિમાર્ગની રીતિ છે. સેવા સમયમાં સાક્ષાત શરણુ અને સેવાનો સમય ન હોય ત્યારે ભગવદીય સાથે મળીને શરણુની ભાવના કરે, કારણુ કે તાદ્રશીય ભગવદીયની કૃપાથી તેજ ભગવદીય દ્વારા શરણુ સિદ્ધ થાય. તેમાં સંયોગ અને વિપ્રયોગ એમ બે પ્રકારનો આમાં સિદ્ધાંત છે. સેવામાં સંયોગ શરણુ સિદ્ધ છે, ચરણુસ્પર્શ કરતાંમાંજ ને તુલસીજી નિત્ય સમર્પતાંજ સાક્ષાત શરણુ સિદ્ધ થાય છે. અને અંતઃકરણુમાં ભગવદીય દ્વારા શરણુ ભાવના સિદ્ધ થાય એ વિપ્રયોગ શરણુ છે. (૧૯)

શ્લોક:—તેષામપિ તુ પારોક્ષ્યે તદુક્તૈર્વચનૈઃ સ્વતઃ ।
તત્પ્રકાશિતમાર્ગૈકસ્થિતૌ ભવતિ સર્વથા ॥૨૦॥

શબ્દાર્થ—ઉપરના શ્લોકમાં કહ્યા તેવા મહાપુરુષના પણુ પરોક્ષમાં તેમનાં કહેલાં વચનામૃતથી તેમણે પ્રકટ કરેલા માર્ગમાંજ જ્યારે સ્વતઃ સ્થિતિ થાય, ત્યારે શરણુ નિશ્ચય સિદ્ધ થાય. (૨૦)

વિવેચન—ઉપર કહ્યું કે સંયોગમાં સાક્ષાત શરણુ અને પરોક્ષમાં ભગવદીયો સાથે મળીને શરણુ ભાવના કરવાથી શરણુ સિધ્ધ થાય. આચાર્યજીની પરોક્ષમાં ભગવદીય જોડે મળીને શ્રીઆચાર્યજીનાં વચનામૃત ગ્રંથદ્વારા શરણુસિધ્ધ થાય છે. આચાર્યજીએ જે માર્ગ પ્રકટ કર્યો છે તેમાં સ્થિતિ થાય ત્યારે સર્વથા શરણુ સિધ્ધ થાય, કારણુ કે જે શ્રી કૃષ્ણની પરોક્ષમાં (અનવતાર દશામાં) શ્રીઆચાર્યજી, શ્રીગુસાંઈજી તથા વલ્લભકુલ દ્વારા, અને તેમના પરોક્ષમાં (અસન્નિધાનમે') આપનાં વચનામૃતની ભાવના કરે, અને આપશ્રી રચિત ગ્રંથોને વિચારે, અને તેના ભાવ કહે-સુણે અને પુષ્ટિમાર્ગમાં સ્થિતિ રાખી શરણુની ભાવના કરે તો નિશ્ચય શરણુ સિધ્ધ થાય. (૨૦)

શ્લોક:—સંસારિણાં સદા દુષ્ટસંગિનામન્નદોષતઃ ।
બહિર્મુખાનાં મત્તાનાં કુતો માર્ગસ્થિતિર્ભવેત્ ॥૨૧॥

શબ્દાર્થ—સદા દુઃસંગ વાળો, અન્નદોષથી બહિર્મુખ તથા ઉન્મત્ત, એવા સંસારીની પુષ્ટિમાર્ગમાં સ્થિતિ ક્યાંથી થાય ? (૨૧)

વિવેચન—ઉપર કહ્યું કે સાક્ષાત શરણુ અને પરોક્ષ દશામાં શ્રીઆચાર્યજી દ્વારા શરણુ અને તેમના પરોક્ષમાં તેમના ગ્રંથ વચનામૃતદ્વારા ભગવદીયો સાથે મળીને પુષ્ટિમાર્ગમાં સ્થિતિ કરી શરણુ ભાવના વિચારે. પણ દુઃસંગ થાય તો કરેલું બધુંજ એક ક્ષણુમાં જતું રહે. શાથી કે જે સંસારી જીવ છે, તે મહાદુષ્ટ છે. દુષ્ટના સંગથી નકકી દુષ્ટ બની જવાય. માટે સંસારાસકત જીવ હોય તેનો સંગ કદી પણ કરવો નહિં. હવે તેવા સંસારીને બહિર્મુખ શાથી જાણીએ ? ત્યાં કહે છે કે લૌકિક વિષય વગેરેમાં તન, મન અને ધનથી ઉન્મત્ત રહે, આઠે પહોર લૌકિક આવેશ રહે, ભગવદ્ધર્મમાં મન ન લાગે, અહંકાર, અભિમાન મનમાં બહુજ રહે, એવા સંસારી જીવના હૃદયમાં આ પુષ્ટિમાર્ગ કદીપણ સ્થિર થાય નહિં. આવો બહિર્મુખ હોય તેનો સંગ કરે તો પુષ્ટિમાર્ગથી બહિર્મુખ થાય. માટે સંસારી બહિર્મુખનો સંગ છોડીને ભગવદીયનો સંગ કરી શરણુની ભાવના કરીએ. (૨)

શ્લોકઃ—તદર્થં શ્રીમદાચાર્યચરણાંબુરુહાશ્રયઃ ।
સદાવિધેયસ્તેનૈવ સકલં સિદ્ધિમેષ્યતિ ॥૨૨॥

શબ્દાર્થ—એટલા માટે શ્રીમદાચાર્યજીના ચરણારવિંદનો આશ્રય સદા રાખવો જોઈએ. તેથીજ સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થશે. (૨૨)

વિવેચન—જો કદી વલ્લભકુળ તથા તાદૃશીય ભગવદીયનો સંગ ન હોય, તેમજ કથાવાર્તામાં પ્રવેશ ન હોય તો શું કરવું ? ત્યાં કહે છે કે દુઃસંગ છોડીને પોતાનાથી બની બને તેટલી સેવા કરે, અને પોતાના હૃદયમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો દ્રઢ આશ્રય રાખે, અને શ્રીમહાપ્રભુજીનાં ચરણુકમલની ભાવના મન લગાવીને કરે તો બધા મનોરથો સિદ્ધ થાય. કારણ કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી મહા અગ્નિરૂપ છે, એટલે જે જીવ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને શરણે આવીને તેમના ચરણુકમળનો આશ્રય સદા મન લગાવીને કરે તેના સર્વ મનોરથ સિદ્ધ થાય. આ ખાસ સિદ્ધાંત છે. (૨૨)

શ્લોકઃ—તાદાશ્રયોઽપિ મનસઃ સગાભાવેન ચેત્સતામ્ ।
તોષાભાવેન શિથિલો યદિ દૈવાદ્ભવિષ્યતિ ॥૨૩॥
તદાસ્માકં ગતિઃ કા વેત્યેવ ચિંતાઽસ્તિ મે હૃદિ ।
લૌકિકક્લેશસંબંધો હર્યંગીકૃતલક્ષણમ્ ॥૨૪॥

શબ્દાર્થ—સત્પુરુષના સંગના અભાવથી મન પ્રસન્ન નહિ રહેવાથી જો કદી શ્રી મહાપ્રભુજીનો આશ્રય શિથિલ થાય તો અમારી શી ગતિ થશે ? આ ચિંતા મારા હૃદયમાં છે. લૌકિક કલેશનો સંબંધ (લૌકિકમાં દુઃખ) પણ હરિના અંગીકારનું લક્ષણ છે. ( લૌકિકમાં કલેશ થાય તો વૈરાગ્ય થાય. જેમ અંગ, ચિત્રકેતુ, પિંગલા, કદર્ય એ સર્વની કલેશથી લૌકિકાસક્તિ છુટી છે. ) આવું મનમાં સમજવું. (૨૩) (૨૪)

વિવેચન—હમેશાં મન કરી શ્રીઆચાર્યજીનો આશ્રય કરે. સત્સંગનો અભાવ હોય ભગવદીયનો સંગ ન હોય તો પણ મનથી આશ્રય ન છોડે. પોતાના મનને સર્વ ઠેકાણેથી

ખેંચીને શ્રીઆચાર્યજીના ચરણકમળમાં હમેશાં લગાવે, અસંતોષથી આશ્રય શિથિલ ન થવા દે. ભગવદીયના સંગથી આશ્રય જલદી સિદ્ધ થાય છે. ભગવદીયના સંગ વિના આશ્રય જલદી સિદ્ધ થતો નથી. ભગવદીયનો સંગ થશે ત્યારે હું આશ્રય કરીશ એવું વિચારીને આશ્રય શિથિલ ન થવા દે. શું જાણીએ કે ભગવદીય કયારે મળે, માટે ત્યાં સુધી આશ્રય ન રાખે તો બુદ્ધિ શિથિલ થઈ જાય. માટે મનથી આશ્રય ન છોડવો. જે બનશે તે ખરૂં, (જે થવાનું હશે તે થશે), જેવું નશીબમાં હશે તેવું થશે, હું શું કરૂં ? આવી રીતે શિથિલ ભાવ મનમાં ન થવા દે. જેમ તેમ કરીને મનને ખેંચીને શ્રીઆચાર્યજીના ચરણકમળમાં લગાવે. આ બાબતમાં શ્રીઆચાર્યજીએ વિવેકધૈર્યાશ્રયમાં વર્ણન કર્યું છે કે "અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્ય ભાવનાત ।" ( અશૂર એટલે જે શૂરવીર નથી, તેણે પણ પોતાના અસામર્થ્યની ભાવના રાખી ધૈર્ય રાખવું. ) ઇંદ્રિયો અને દેહ તો લૌકિક સુખની ઈચ્છા કરે છે, ભગવત્સંબંધમાં તે તો આદિકાલથી શિથિલ છે, એટલે કે ઇંદ્રિય, દેહ વિ. ભગવદ્ધર્મથી મનને શિથલ કરવાનું ઈચ્છે છે. માટે ઇંદ્રિય, દેહ તો અસુર છે, પણ મનમાં અસૂરત્વની ભાવના ન કરે. એમ જાણે કે નેત્રનો મુખ્ય ધર્મ એજ છે કે પ્રભુના દર્શન કરવાં, હાથનો ધર્મ એ છે કે સેવા કરવી. વળી શ્રવણથી ભગવાનની કથા સાંભળવી, મુખથી પ્રભુનું નામ જપવું, દેહમાં આળસ ન કરવી, તરતજ ઉઠવું, ભગવદ્ધર્મમાં એમ જાણવું કે આજ બને તે કરી લઉં, કાલે શું જાણીએ કે શું થશે ? આવી રીતે શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરે. (૨૩)

હવે વૈષ્ણવનાં લક્ષણ કહે છે. એક શ્રીકૃષ્ણનેજ પોતાની ગતિ જાણી અન્યાશ્રય ન કરે, આ વૈષ્ણવનો મુખ્ય ધર્મ છે. આશ્રય સિદ્ધ થયો કયારે જાણીએ કે લૌકિક કલેશનો સંબંધ થાય છતાં મનમાં ચિંતા કરી પીડા ન પામે. કારણ કે હરિ પોતાના ભકતને લૌકિક કલેશ અનેક પ્રકારનો આપે છે. આમ છતાં તે જીવ પોતાનો ધર્મ ન ચુકે, પ્રભુનું જ શરણ કરે, મનમાં ચિંતા ન રાખે, આ અંગીકૃત જીવનું લક્ષણ છે. જેમકે શ્રીગુસાંઈજીના સેવક વિઠ્ઠલદાસ, નારાયણદાસ દીવાનની પાસે નોકરી માટે ગયા ત્યારે નારાયણદાસે વિઠ્ઠલદાસને એક પરગણા પર મોકલ્યા. ત્યાં કંઈ પૈસા ખુટયા, એટલે નારાયણદાસે વિઠ્ઠલદાસને બંદીખાનામાં નાખ્યા, અને નિત્ય માર મારતા, તેથી વિઠ્ઠલદાસની પીઠની ખાલ ઉતરી ગઇ, એવું દુઃખ પડયું. પણ એમ ન કહ્યું કે હું વૈષ્ણવ છું. પછી શ્રીગુસાંઈજી આપ પધાર્યા ત્યારે વિઠ્ઠલદાસ દર્શન કરવા આવ્યા, ત્યારે **શ્રીગુસાંઈજીએ** પૂછયું, કે તારી આવી દશા કેમ છે ? ત્યારે વિઠ્ઠલદાસે કહ્યું કે દેહનો દંડ છે, તે ભોગવે છે. એટલે શ્રીગુસાંઈજીએ નારાયણદાસને કહ્યું, કે આવી રીતે મારે છે તો તને જીવ પર દયા પણ ન આવી ? માટે વૈષ્ણવની પરીક્ષાને માટે પ્રભુ દુઃખ દે છે. આથી શ્રીમહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં વૈષ્ણવોનાં લક્ષણ કહ્યાં છે કે આટલા દુઃખમાં પણ પ્રભુનું શરણ રાખે. "ઐહિકે પરલોકે ચ સર્વથા શરણં હરિઃ । દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે । ભકતદ્રોહે ભકત્યભાવે ભકતૈશ્ચાતિક્રમે કૃતે । અશકયે વા સુશકયે વા સર્વથા શરણં હરિઃ" (આ લોકમાં, પરલોકમાં સર્વ રીતે નકકી શ્રીહરીજ શરણ છે. દુઃખમાં, હાનિમાં, તથા પાપમાં, ભયમાં, કામાદિકની અપ્રાપ્તિમાં ભકતના દ્રોહમાં, ( ભકતકૃત દ્રોહમાં, ) ભકિતના અભાવમાં, ભકત અતિક્રમ કરે ત્યારે, અશકયમાં, સુશકયમાં સર્વ અવસ્થામાં હરિજ શરણ છે. ) આ વચનનો વિચાર કરવો.

જેટલું લૌકિક, વૈદિક ને દેહ સંબંધી દુઃખ પડે, તેમાં ચિંતા ન કરે, એક પોતાના પ્રભુને જ શરણે રહે, આ અંગીકૃત વૈષ્ણવનાં લક્ષણ છે. (૨૪)

**શ્લોકઃ—લૌકે સ્વાસ્થ્યમિતિ શ્રીમદાચાર્યવચનામૃતાત્ ।**
**તદીયૈઃ સ્વામિહાર્દજ્ઞૈસ્તોષઃ કાર્યસ્તુ તેન હિ ॥૨૫॥**

શબ્દાર્થ—શ્રીઆચાર્યજીનું વચનામૃત નવરત્નગ્રંથમાં છે, તેમાં આપ આજ્ઞા કરે છે, (લોકમાં તથા વેદમાં હરિ સ્વસ્થતા નહિ કરે.) માટે સ્વામીના હૃદયનો અભિપ્રાય જાણનારા વૈષ્ણવે (લૌકિક કાર્યો સિદ્ધ ન થાય તો ) આ કારણથી સંતોષ રાખવો [૨૫]

વિવેચન—શ્રીઆચાર્યજી મહાપ્રભુજી નવરત્નગ્રંથમાં વચનામૃત કહે છે કે, "લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ" (પ્રભુ લોકમાં તથા વેદમાં સ્થિરતા થાય એવું નહિં કરે) આ વચનથી પોતાના ભકતોની લૌકિક વૈદિકમાં સ્થિતિ ભગવાન કરતા નથી. પ્રભુ લૌકિક છોડાવીને પોતાનોજ આશ્રય સિદ્ધ કરાવે છે. માટે ભગવદીય સ્વામીની ઈચ્છા જાણીને સ્વામીના હૃદયનો અભિપ્રાય વિચારે કે લોકવેદનાં કાર્ય પ્રભુએ સિદ્ધ ન કર્યાં, તે પ્રભુએ સારૂં કર્યું, જેથી લૌકિક વૈદિક છોડાવ્યાં. જો લૌકિક સિદ્ધ થાત તો લૌકિક કાર્યોના આવેશમાં પ્રભુને ભૂલી જાત, અથવા વૈદિક સિદ્ધ થાત તો વૈદિક કાર્યોના આવેશમાં પ્રભુને ભૂલી જાત. માટે પ્રભુએ ભલું કર્યું. આવી રીતે સ્વામીના હૃદયના અભિપ્રાયની ભાવના મનમાં કરી સંતોષથી મનને પ્રસન્ન રાખે તેને તદીય કહીએ. (ભગવદ્ ભકત કહીએ. (૨૫)

**શ્લોકઃ—અતો હિ લૌકિકઃ કલેશો નાંતરઃ ક્રિયતાં કવચિત્ ।**
**બાહ્યતસ્તુ પ્રકર્તવ્યો હ્યૌદાસીન્યપ્રસાધનાત્ ॥૨૬॥**

શબ્દાર્થ—માટે અંતરમાં લૌકિક કલેશ કદીપણ કરવો નહિં, અને ઉદાસીનતાની સિદ્ધિ માટે બહારથી (લોકોને દેખાડવા પુરતો) કરાય. (૨૬)

વિવેચન—હવે ઉપર કહ્યું કે શ્રીઠાકોરજી લૌકિક વૈદિક કાર્ય સિદ્ધ ન કરે તો ભગવદીય મનમાં સંતોષ રાખીને કલેશ કરે નહિં, પ્રસન્ન રહે. પણ લૌકિક વૈદિક કાર્ય ન કરે તો ગૃહસ્થાશ્રમ શી રીતે ચાલે ? આવી રીતે કોઈને શંકા થાય તો કહે છે કે જો લૌકિક વૈદક સિદ્ધ ન થાય તો ભગવદીય એમ જાણે કે મુખ્ય ધર્મ તો પ્રભુની સેવા, સ્મરણ તથા ભગવદાશ્રય છે, અને મેં લૌકિક વૈદિકમાં મન ઘાલ્યું, માટે પ્રભુએ કાર્ય સિદ્ધ ન કર્યું, એ તો ભલું થયું. હવે લૌકિક વૈદકમાં મન નહિં રાખું, બનશે તે કરીશ, એમ વિચારે. બહાર લોકોને બતાવવા માટે જરૂર પુરતું કરે, હૃદયને તે બાબતમાં ઉદાસીન રાખે. ભગવત્સેવા સંબંધી કાર્યમાં મન રાખે, લૌકક વૈદક કાર્યમાંથી પોતાનું મન ખેંચી લે. આવી રીતે લૌકિકમાં રહે. પોતાનો ધર્મ કોઈને ન જણાવે, લૌકિક વૈદિક ક્રિયા લોકોને જણાવે. આવી રીતે પ્રભુનો આશ્રય કરે તો પ્રભુ પ્રસન્ન રહે. (૨૭)

**શ્લોકઃ—દુઃખં દુસંગજં ચાન્યલ્લૌકિકભિનિવેશજમ્ ।**
**સન્સંગાભાવજં ચાપિ તથા માર્ગસ્થિતેરપિ ॥૨૭॥**

**તન્નુમત્પ્રભુપાદાબ્જકૃપયા સર્વથા મમ ।**
**તદીયાનાં ચ સંગેન ક્ષણાદ્દૂરીભવિષ્યતિ ॥૨૮॥**

**શબ્દાર્થ**—એક દુઃસંગજન્ય દુઃખ, બીજું લૌકિક આવેશ જન્ય દુઃખ છે. વળી સત્સંગના અભાવનું પણ દુઃખ છે. તથા માર્ગની સ્થિતિનું પણ દુઃખ છે, (હું પુષ્ટિમાર્ગમાં શી રીતે રહું આ પણ દુઃખ છે.) (૨૭) પણ આ મારૂં દુઃખ તો મારા પ્રભુ (શ્રીઆચાર્યજી)ના ચરણારવિંદની કૃપાથી અને તદીયના (ભગવદીયોના) સંગથી ક્ષણમાં નિશ્ચય દૂર થશે (એમ શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે. (૨૪)

**વિવેચન**—લૌકિક આવેશ કરાવે એવો જે દુઃસંગ તેનો સંગ દુઃખરૂપ જાણવો, તેનું કહ્યું કદી ન કરીએ, આ ભકતની ટેક છે. જેમકે પ્રહલાદજી ભગવદ્ભકત હતા, તેમને પોતાના પ્રભુનું સ્મરણ કરવામાં પિતા તરફથી પ્રતિબંધ થયો, તેણે પ્રહલાદજીને બહુજ સમજાવ્યા, પણ પ્રહલાદજીએ ન માન્યું. એટલે તેણે પ્રહલાદજીને બહુજ દુઃખ દીધું, અને તું પ્રભુનું સ્મરણ ન કરીશ એમ કહ્યું. છતાં પ્રહલાદજીએ મરણ સમાન દુઃખ સહન કર્યું, પણ ભગવદાશ્રય ન છોડયો. એટલે પ્રભુએ પ્રસન્ન થઈ પ્રહલાદજીની રક્ષા કરી અને હિરણ્યકશિપુને માર્યો. તેવીજ રીતે વૈષ્ણવને દુઃસંગ થાય તો લૌકિકકાર્યમાં મન લગાવે, માટે એવાનો સંગ દુઃસંગ જાણીને ત્યાગજ કરે, અને ભગવદ્ધર્મમાં મન લગાવે તેનોજ સત્સંગ કરે. જો કદાપિ સત્સંગ ન મળે, તો પુષ્ટિમાર્ગની રીતિ પ્રમાણે સેવા સ્મરણ ન છોડે. દુઃસંગને દુઃખરૂપ જાણી સર્વથી ન્યારો રહે. શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીનો આશ્રય મનમાં દૃઢ રાખી નિત્ય નિયમથી સેવા સ્મરણ કરે, આ પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત છે. (૨૭)

પુષ્ટિમાર્ગીય જેટલા જીવ શરણે આવ્યા છે, તે સર્વના સ્વામી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે. એવા શ્રીમહાપ્રભુજીના ચરણકમળની કૃપાથી સર્વથા તદીયનો સંગ થાય. ભગવત્સ્મરણ સેવા બધું બની આવે અને પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થાય. એટલે શ્રીમહાપ્રભુજીના ચરણકમળની કૃપાથી તાદ્રશી ભગવદીયનો સંગ થાય, તેના સંગથી શ્રી મહાપ્રભુજી એક ક્ષણ પણ દૂર ન રહે, તે ચોરાસી વૈષ્ણવની વાર્તામાં પ્રસિદ્ધ છે. જ્યારે કાશીમાં શ્રીમહાપ્રભુજીએ આસુર વ્યામોહ લીલા દેખાડી, ત્યારે એક વૈષ્ણવે કાશીથી ભગવાનદાસ પાસે આવીને સર્વ સમાચાર કહ્યા. ત્યારે ભગવાનદાસે કહ્યું કે તને ભ્રમ થયો હશે, શ્રીમહાપ્રભુજી એવું કદી ન કરે, ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે હું મારી આંખથી જોઈ તે આવ્યો છું. એટલે ભગવાનદાસે મંદિરનાં કમાડ ખોલીને તે વૈષ્ણવને શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરાવ્યાં, આપ બિરાજી પોથી વાંચે છે. આ જોતાં તે વૈષ્ણવના મનનો સંદેહ ગયો. માટે તાદૃશીય વૈષ્ણવથી શ્રીઆચાર્યજી એક ક્ષણ પણ દૂર પધારતા નથી. તેથી એવા વૈષ્ણવનો સંગ અવશ્ય કરે કે જેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી હૃદયમાં પધારે. માટે ભગવદીયનો સંગ એવો છે. (૨૮)

**શ્લોકઃ—તે દુર્લભા ઇતિ મનઃ ખિન્નં ભવતિ નિત્યદા ।**
**યદા પ્રભુઃ કૃપાપૂર્ણઃ કૃપયિષ્યતિ દૈન્યતઃ ॥૨૯॥**
**તદાચાર્યપદાસક્તાંસ્તાનુપસ્થાપયિષ્યતિ ।**
**અસ્માકં તુ ગતિર્નાન્યા શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥૩૦॥**

**શબ્દાર્થ**—એવા ભગવદીયો દુર્લભ છે, આથી મન નિરંતર ખેદ યુક્ત રહે છે. [પરંતુ] દીનતાથી (પ્રસન્ન થઇને) કૃપાપૂર્ણ પ્રભુ જ્યારે કૃપા કરશે, (૨૯) ત્યારે શ્રીમહા-

પ્રભુજીના ચરણારવિંદમાં આસકિતવાળા એવા ભગવદીયનો સંગ મળશે. અમારી તો બીજી ગતિજ નથી, એક "શ્રીકૃષ્ણ: શરણં મમ" આજ સાધન છે. ( બીજા શ્લોકમાંના પૂર્વાર્ધમાં "તદાચાર્યપદાસક્તિસ્તાનુપસ્થાપયિષ્યતિ" એવો પણ કોઈ પુસ્તકમાં પાઠ છે, તેને અનુસરતો અર્થ એ છે કે, શ્રીઆચાર્યજીના ચરણારવિંદમાં આસકિત થશે, તો તે આસકિત એવા ભગવદીયનો સંગ કરાવશે. (મેળવી આપશે.) (૩૦)

વિવેચન—શ્રી હરીરાય મહાપ્રભુ આજ્ઞા કરે છે કે, એવા ભગવદીય મળવા ઘણા કઠણ છે. મેં સર્વ સ્થાનમાં શોધન કર્યું પણ મને મળ્યા નહિં, આથી હું મનમાં દુ:ખી થાઉં છું, આમ છતાં મનમાં દીનતા આવતી નથી. જો મનમાં દીનતા આવે તો શ્રીમહાપ્રભુજી આપ કૃપા કરે. મને ભગવદીયનો સંગ નથી અને દીનતા પણ નથી, આ દુ:ખ છે. કારણ કે જો શ્રીમહાપ્રભુજીની પૂર્ણ કૃપા હોય ત્યારે ભગવદીયનો સંગ મળે, અને કૃપણવત અત્યંત દીન થાય. ભગવદીયના સત્સંગથી પ્રભુ કૃપા કરી હૃદયમાં પધારે અને દીનતા સિદ્ધ થવાથી પ્રભુ પ્રસન્ન થાય. આથી શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે પ્રભુને પ્રસન્ન કરવાનું એક મુખ્ય સાધન દીનતાજ છે. ત્રિવિધલીલાનામાવલિમાં પંચાધ્યાયીના પ્રસંગપર ઠાકોરજીનું નામ છે કે "દીનકૃપાપ્રકટિતસ્પાય નમ:" વ્રજભકતોએ અનેક સાધન કર્યાં, શ્રીઠાકોરજીની લીલા કરી, ગુણગાન કર્યું, પછી નિ:સાધન થઈ રુદન કર્યું, ત્યારે શ્રીઠાકોરજી પ્રસન્ન થયા. માટે દીનતા એ મોટો પદાર્થ છે. જ્યારે શ્રીઆચાર્યજીની પૂર્ણ કૃપા થાય, ત્યારે દૈન્ય આવે. (૨૯)

હવે જે પ્રકારે દીનતા વગેરે સર્વ ધર્મ હૃદયમાં સ્થાપન થાય તે સર્વોપરિ ઉપાય છેલ્લા શ્લોકમાં બતાવે છે. આ જીવ જ્યારે શ્રીમહાપ્રભુજીના ચરણકમળમાં મન, કર્મ અને વચનથી આસકત થાય ત્યારે દીનતા વગેરે સર્વ ધર્મ હૃદયમાં સ્થાપન થાય, આ સર્વોપરિ ઉપાય છે. બીજો કોઈ નહિં, કારણ કે જીવ શ્રીઆચાર્યજીને શરણે આવી મન, વાણી અને કર્મથી એમના ચરણકમળનો આશ્રય કરે, તો શ્રીમહાપ્રભુજી તો કૃપાનિધિ છે, દૈવીજીવો પર કૃપા કરી ઉદ્ધાર કરવા માટે પ્રકટયા છે, માટે ભકતની સર્વ આર્તિ દૂર કરશે, શ્રી સર્વોત્તમજીમાં શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું નામ કહ્યું છે કે " કૃપાનિધયે નમ: " "સ્મૃતિમાત્રાર્તિનાશનાય નમ" શ્રીમહાપ્રભુજી કૃપાનિધાન છે, અને આપશ્રીનું નામ સ્મરણ કરતાંજ સર્વ આર્તિનો નાશ કરે છે. માટે શ્રીઆચાર્યજીની કૃપાથી દીનતા વગેરે સર્વ ધર્મ હૃદયમાં આવે, પણ મારામાં તો એક પણ સાધન નથી. એક "શ્રીકૃષ્ણ: શરણં મમ" એજ મારી ગતિ છે. શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે, કે યદુકતં તાતચરણૈ: શ્રીકૃષ્ણ: શરણં મમ વિ. (અમારા પિતૃચરણ શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું છે કે "શ્રીકૃષ્ણ: શરણં મમ" એટલે શ્રી કૃષ્ણની શરણભાવનાથીજ અમે આ લોકમાં અને પરલોકમાં નિશ્ચિત છીએ. શ્રીહરિરાયજી પણ કહે છે કે શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઈજી પ્રમાણે મારી :પણ એક અષ્ટાક્ષર મંત્ર શ્રીકૃષ્ણ: શરણં મમ એજ ગતિ છે. આઠ પહોર આવી રીતે શરણની ભાવના કરૂં છું. માટે જે જીવ પુષ્ટિમાર્ગીય છે, તેણે તો શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરી અષ્ટાક્ષર મંત્રનો પાઠ કર્યા કરવો એજ સિદ્ધાંત છે. (૩૦)

ઇતિશ્રીહરિરાયજી કૃત ચોથું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ. (૪)

# * શિક્ષાપત્ર ૫ મું *

હવે પાંચમા શિક્ષાપત્રમાં વિરહ ભાવથી ભગવાનની ભાવના કરવી જોઇએ એમ કહે છે. તેનું સાધન માત્ર દીનતાજ છે. દીનતાનું સાધન તાપભાવ છે, વિ. નું નિરૂપણ કરવામાં આવ્યું છે. ઉપર કહ્યું કે તન, મન અને ધનથી શ્રીઆચાર્યજીના ચરણકમળનો આશ્રય કરી અષ્ટાક્ષર મંત્રજ એક અમારી ગતિ છે તેવી ભાવના કરે તેના ઉપર શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કૃપા કરીને તેનામાં દીનતા, વિગેરે સર્વ ધર્મ સિદ્ધ કરે છે. તેનું પાંચમા શિક્ષાપત્રમાં વર્ણન કરે છે.

**શ્લોકઃ—સદાવિરહભાવેન ભાવાત્મા ભાવ્યતાં હરિઃ ।**
**કૃષ્ણો હૃદયદેશસ્થઃ સ્વામિનીનાં કૃપાનિધિઃ ॥૧॥**

**શબ્દાર્થ**—ભાવાત્મા પ્રભુ **શ્રી**સ્વામિનીજીના હૃદયમાં બીરાજનારા કૃપાનિધિ, એવા શ્રીકૃષ્ણ વિરહભાવથી હંમેશાં ભાવનીય છે. (૧)

**વિવેચન**—સદા વિરહની ભાવના ભાવાત્મક પ્રભુની કરે, અહીં એમ સંદેહ થાય કે વ્રજમાં શ્રીકૃષ્ણ પ્રકટયા છે તેમને સર્વ કોઇ જાણે છે, અને તમે કહો છો કે ભાવાત્મક હરિની ભાવના કરે. જો તે ભાવાત્મક શ્રીકૃષ્ણ જુદા છે, તો તે કયાં રહે છે? શી રીતે એની ભાવના કરવી? આવી રીતે સંદેહ કરે, ત્યાં કહે છે કે શ્રીકૃષ્ણના ક્રિયાત્મક અને ભાવાત્મક બે સ્વરુપ છે. મથુરાથી વસુદેવજી લાવ્યા એ તો ક્રિયાત્મક સ્વરૂપ, અને શ્રી યશોદાજીને ત્યાં પ્રકટે તે ભાવાત્મક સ્વરૂપ. શ્રીકૃષ્ણની બે લીલા છે, એક બાળલીલા ને બીજી કિશોરલીલા. બાળલીલા શ્રીગોકુલમાં અને કિશોરલીલા વૃંદાવનમાં છે. આથી બાળ લીલાના ભાવથી સેવા કરે અને કિશોર લીલાના ભાવથી સ્મરણ કરે. આ બાબતમાં શ્રી ગુસાંઇજી કહે છે કે [સદાસર્વાત્મના સેવ્યો ભગવાનગોકુલેશ્વરઃ । સ્મર્તવ્યો ગોપિકાવૃંદૈઃ ક્રીડન્વૃંદાવને સ્થિતઃ] (સદા સર્વાત્મભાવથી શ્રીગોકુલના ઇશ્વર ભગવાન સેવ્ય છે, અને વૃંદાવનમાં બિરાજનારા વ્રજભકતોનાં યૂથ સાથે ક્રિડા કરનારા ભગવાન સ્મરણ કરવા યોગ્ય છે.) વિગેરે વચનો પ્રમાણે બાળલીલા શ્રીનવનીતપ્રિયાજીના સ્વરૂપમાં તથા રાસલીલા વગેરે શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપમાં છે. તે વિપ્રયોગાત્મક સ્વરૂપ શ્રીસ્વામિનીજીના હૃદયમાં બીરાજે છે, તે જયારે સ્વામિનીજીના ભાવની ભાવના કરે કે શ્રીસ્વામિનીજી પ્રભુને શી રીતે લાડ લડાવે છે? શી રીતે ગુણગાન કરે છે? પ્રભુની સાથે કેવા પ્રકારે લીલા કરે છે? આ ભાવ વિચારે તો શ્રીસ્વામિનીજીના કૃપાનિધિ પ્રભુ પ્રસન્ન થાય અને ભાવનું દાન કરે તો ભાવાત્મક પ્રભુનો અનુભવ થાય. પ્રભુના અનુભવનો બીજો ઉપાય નથી, કારણ કે શ્રીકૃષ્ણના હૃદયમાં શ્રીસ્વામિનીજીજ બિરાજે છે, બીજું કશું (શ્રીસ્વામિનીજી વિના) શ્રીકૃષ્ણ જાણતા નથી. માટે શ્રીસ્વામિનીજીનો આશ્રય કરી ભાવાત્મક હરિ (શ્રીસ્વામીનીજી જેમનો વિરહ કરે છે તે પ્રભુ)ની ભાવના કરે તો શ્રીસ્વામિનીજી કૃપા કરી પ્રસન્ન થાય, તો પ્રભુ પોતાનો અનુભવ જણાવે. (૧)

**શ્લોકઃ—અસ્માકમતિભાગ્યેન તદાસ્યં વહ્નિરુદ્ગતઃ ।**
**અતઃ સીતલભાવોઽસ્મિન્માર્ગે નૈવોપયુજ્યતે ॥૨॥**

શબ્દાર્થ—પુષ્ટિમાર્ગીય જીવનાં અતિભાગ્યથી ભાવાત્મક પ્રભુના મુખારવિંદરૂપ અગ્નિ (શ્રીઆચાર્યજી) પ્રકટ થયા છે. માટે આ માર્ગમાં શીતળ ભાવ ઉપયોગમાં નથી આવતો. (વિરહાત્મક તાપ ભાવથીજ પ્રભુ અનુગ્રહ કરે છે.) (૨)

વિવેચન—આ વિપ્રયોગ ભાવાગ્નિ મારા ભાગ્યમાં તો નથી, કારણ કે આ ભાવાત્મક અગ્નિતો દાસ્યભાવ થાય તેના હૃદયમાં થાય. તે દાસ્યભાવ તો અતિ કઠિન, મહા દુર્લભ છે. અને દીનતા તો બહુજ દુર્લભ છે. તેથી કહે છે કે સ્વામીનું સુખ ઇચ્છે, પોતાનું ન ઇચ્છે તે દાસ. જેમકે પદ્મનાભદાસજીની વાર્તામાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ભોજનમાં પધાર્યા, તે વખતે જે વેપારીનું દ્રવ્ય ચોરોએ લુંટી લીધું હતું તે રોતો રોતો આવ્યો, પણ તેને બોલવાજ ન દીધો, અને પદ્મનાભદાસજીએ પોતે કરજ કરીને તે વાણિયાને દ્રવ્ય આપી વિદાય કર્યો, અને શ્રીમહાપ્રભુજીને શ્રમ પડવા દીધો નહિં. આવો દાસ્ય ધર્મ કઠિન છે. વળી દીનતાનો પ્રકાર રાસપંચાધ્યાયીમાં પ્રસિદ્ધ કહ્યો છે કે અંતર્ધાન સમયે વ્રજભકતોએ ગુણગાન કર્યા શ્રીકૃષ્ણની લીલા પણ કરી, પણ ત્યાર પછી નિઃસાધન દીનતાની યોગ્યતા થઈ. તો મારામાં તો દાસધર્મ પણ નથી અને નિઃસાધન દીનતા પણ નથી, તેથી ભાવાગ્નિ અતિ દુર્લભ છે. આ શ્રીઆચાર્યજીનો પુષ્ટિમાર્ગ છે, તેથી તેમાં તો એ રીતિ છે કે શીતળભાવ કદી થવા દેવો નહિં. જેમ કુંભનદાસે એક કીર્તનમાં ગાયું છે કે "કેતે દિન બીત ગયે બિનું દેખે." આવી રીતે આતુરતા હોય તો પુષ્ટિમાર્ગના ભાવનો અનુભવ થાય. (૨)

**શ્લોકઃ—તાપભાવઃ પરં દૈન્યં પ્રકાશયતિ સર્વથા ।**
**દૈન્યેન દયયા દીનબંધુઃ પ્રાદુર્ભવત્યસૌ ॥૩॥**

શબ્દાર્થ—તાપભાવ છે, તે ઉત્તમ પ્રકારની દીનતાનો નિશ્ચય પૂર્વક પ્રકાશ કરે છે, અને તે દીનતાથી દીનબંધુ ભગવાન દયા કરીને પ્રકટ થાય છે. (૩)

વિવેચન—હવે જે પ્રકારે દીનતા થાય તે ઉપાય કહે છે. પ્રથમ તો હૃદયમાં તાપ થાય કે સઘળો જન્મ વિત્યો છતાં પુષ્ટિમાર્ગમાં સાક્ષાત શ્રીપુરૂષોત્તમ બિરાજે છે તેમનો અનુભવ તો કશો ન થયો. મારામાં કશો ધર્મ નથી. એવી રીતે પ્રભુ વિષેનો તાપ હૃદયમાં થાય તો તે તાપ સઘળા દોષો દૂર કરે છે. અનેક જન્મનાં કાયિક, વાચિક અને માનસિક પાપ હૃદયમાં રહેલાં છે, અને કામ, ક્રોધ, મદ, મત્સર, મોહ વિગેરેથી જીવનું હૃદય મલીન છે, તેથી જ્યારે તાપાગ્નિ પ્રકટ થાય, ત્યારે સઘળા દોષનો નાશ થાય. ત્યાર પછી દીનતા આવે ત્યારે દેહની ઓર દશા થઈ જાય. ખાનપાન દેહ સંબંધી સુખ દુઃખ સર્વ છુટી જાય, આવી રીતે જ્યારે બને, ત્યારે હૃદયમાં પ્રભુનો પ્રકાશ થાય. કારણ કે શ્રીઠાકોરજીનું નામ દીનબંધુ છે, માટે જ્યારે જીવમાં દીનતા આવે ત્યારે પ્રભુને દયા આવે, એવું શ્રીભાગવતજીમાં પણ નિરૂપણ કરેલું છે, જ્યારે દ્રૌપદીને દીનતા આવી, ત્યારે પ્રભુએ લાજ રાખી, ગજેન્દ્રને દીનતા આવી, ત્યારે પ્રભુ પધાર્યા, રાસ પંચાધ્યાયીમાં પણ વ્રજભકતોને જ્યારે

દીનતા આવી ત્યારે પ્રભુ પ્રકટ્યા. તેઓની વચ્ચે હાસ્યયુક્ત મુખારવિંદવાળા, પીત ધરનારા, માળાયુકત, સાક્ષાત કામના પણ કામ સ્વરૂપ ભગવાન પ્રકટ થયા.) આવી પ્રભુ પધાર્યા. માટે અહંકારથી પ્રભુ દૂર રહે છે અને દીનતાથી પ્રભુ પ્રકટ થાય છે. દીનતાવાળાના હૃદયમાં પ્રભુ પ્રકટ થઈ પોતાના આનંદનો અનુભવ કરાવે. પ્રથમ તાપ થ પછી દીનતા થાય. આ દીનતા શી રીતે થાય તેનો ઉપાય હવે પછીના શ્લોક કહે છે. (૩)

**શ્લોકઃ—તદ્દૈન્યં સ્યાત્સ્વામિનીનાં તાપભાવવિભાવનાત્ ।**
**તદ્ભાવનં ભવેદેવ તાપાત્મચરણાશ્રયાત્ ॥૪॥**

**શબ્દાર્થ—**શ્રીસ્વામિનીજીના તાપરૂપી ભાવનું અનુસંધાન કરવાથી દીનતા (પ્રાપ્ત) થાય, અને તાપ ભાવનું ભાવન વિરહાત્મક શ્રીઆચાર્યજીના ચરણારવિંદના આશ્રયથી સિદ્ધ થાય. (૪)

**વિવેચન—**દીનતાની સિદ્ધિ તો શ્રીસ્વામિનીજીને હાથ છે, કારણ કે વિપ્રયોગ ભાવનું દાન કરનાર શ્રીસ્વામિનીજી છે. માટે શ્રીસ્વામિનીજી જ્યારે કૃપા કરે ત્યારે તાપભાવની ભાવના થાય. તે ભાવના પણ વ્રજભક્તોની રીતે કરવી. સેવા સમયે ન કરવી, સેવાથી પહોંચીને સેવા ન હોય ત્યારે કરવી. વળી પોતાના મનની કલ્પનાથી વિપ્રયોગની ભાવના ન કરવી. શ્રીસ્વામિનીજીના ચરણકમળનો આશ્રય કરી જેવી રીતે શ્રીસ્વામિનીજી વિપ્રયોગની ભાવના કરે છે, વેણુગીત યુગલગીત, વિગેરેમાં વર્ણન છે, તે ભાવની ભાવના કરે. શ્રીમહા પ્રભુજીનું સ્વરૂપ તાપાત્મક જાણે, અને તે ભાવથી શ્રીમહાપ્રભુજીના ભાવની ભાવના કરે. શ્રીઆચાર્યજીના ચરણનો આશ્રય કરે તો ભાવ સિદ્ધ થાય. આશ્રય શી રીતે સિદ્ધ થાય તે આગળના શ્લોકમાં કહે છે. (૪)

**શ્લોકઃ—તદાશ્રયસ્ય સિદ્ધિસ્તુ તદ્વાક્યપરિનિષ્ઠયા ।**
**તન્નિષ્ઠા સતતં તાદૃક્તદીયજનસેવયા ॥૫॥**

**શબ્દાર્થ—**તાપાત્મક શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદની સિદ્ધિ તો તેમના વાક્ય શ્રી સુબોધિનીજી વગેરે ગ્રંથોમાં શ્રદ્ધા રાખવાથી થાય, અને તેમનાં વચનામૃતમાં નિષ્ઠા તો નિરંતર તાદૃશી જનની સેવાથી થાય. (૫)

**વિવેચન—**શ્રીમહાપ્રભુજી છે, તે શ્રીસ્વામિનીજીના ભાવરૂપ જાણવા અને ભાવથી શ્રી આચાર્યચરણના ચરણકમળનો આશ્રય કરવો, તેથી ભાવરૂપી વિપ્રયોગનું દાન થશે. તે શ્રી આચાર્યજીના ચરણકમળનો આશ્રય ક્યારે થાય ? જ્યારે શ્રીઆચાર્યજીનાં વચનામૃત શ્રી સુબોધિનીજી, વિગેરે નાના મોટા ગ્રંથોના ભાવમાં નિષ્ઠા થાય ત્યારે શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન થાય. ત્યાર પછી શ્રીઆચાર્યજીના ચરણકમળમાં ભાવ થાય, ત્યારે ચરણ કમળનો આશ્રય થાય. હવે શ્રીઆચાર્યજીનાં વચનામૃત ગ્રંથોમાં નિષ્ઠા ક્યારે થાય ! જ્યારે પુષ્ટિમાર્ગીય ભગવદીયની સેવા કરીએ અને ભગવદીય જ્યારે કૃપા કરીને જણાવે ત્યારે જાણી શકાય. માટે ભગવદીયની સેવા મન, વાણી, અને કર્મથી અવશ્ય કરવી જોઇએ, તેમની કૃપાથી સર્વ સિદ્ધ થાય. (૫)

**શ્લોકઃ—તદીયા દુર્લભાશ્ચેત્સ્યુઃ શ્રીભાગવતસેવનમ્ ।**
**અથવા દૈન્યભાવેન સ્મર્તવ્યઃ સતતં હરિઃ ॥૬॥**

શબ્દાર્થ—તદીય [ભગવદ ભક્તો] કદાપિ દુર્લભ હોય ( સહજમાં ન મળે ) તો શ્રી ભાગવતનું સેવન કરે, અથવા (શ્રીભાગવતનો પાઠ કરવાનું જ્ઞાન ન હોય તો) દીનતા પૂર્વક નિરંતર શ્રીહરિનું સ્મરણ કરે. (૬)

વિવેચન—શ્રીઆચાર્યજીનાં વચનામૃતમાં નિષ્ઠા ભગવદીયની સેવાથી સિદ્ધ થશે, એવું ઉપર કહ્યું. પણ પુષ્ટિમાર્ગીય ભગવદીય અતિ દુર્લભ છે, તે તો જ્યાં સુધી ન મળે, ત્યાં સુધી નિત્ય શ્રીભાગવતજી–શ્રીસુબોધિનીજીનું સેવન નિયમપૂર્વક કરે તો ભગવદીય મળે અને સઘળો ભાવ બતાવે. ત્યાં સુધી પોતાની મેળેજ શ્રીભાગવત વાંચે. જો શ્રીભાગવત -શ્રીસુબોધીનીજીમાં અભ્યાસ ન હોય, જ્ઞાન ન હોય, તો દીનતાપૂર્વક નિરંતર હરિ, (સર્વ દુઃખ હરનારા) ભગવાનનું સ્મરણ કરે. હંમેશાં દૈન્યભાવથી જીવ હરિનું સ્મરણ કરે તો શ્રીઠાકોરજી દુઃખ સહન કરી શકે નહિં, અને કૃપા કરી પુષ્ટિમાર્ગીય ભગવદીયનો સંગ મેળવે, ત્યારે તેના સંગથી સર્વ કાર્ય સિદ્ધ થાય–(૬)

**શ્લોકઃ—અષ્ટાક્ષરમહામંત્રો વક્તવ્ય ઇતિ નિશ્ચયઃ ।**
**સર્વદા સર્વભાવેન તેન સર્વં ભવિષ્યતિ ॥૭॥**

શબ્દાર્થ—અષ્ટાક્ષર મહામંત્ર સર્વદા સર્વ ભાવથી કહ્યા કરવો, (અષ્ટાક્ષરનું સ્મરણ કરવું.) તેથી કરીને સર્વ (કાર્યો) સિદ્ધ થશે. (૭)

વિવેચન—જીવ તો સ્વભાવથી દુષ્ટ છે, જો કંઈ બની ન શકે તો અષ્ટાક્ષરનો મંત્ર મહામંત્ર જાણી આઠ પહોર "શ્રીકૃષ્ણઃ શરણં મમ" નો ઉચ્ચાર કરે, કારણ કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ વેદ, પુરાણ, શાસ્ત્ર, શ્રીભાગવતમાંથી સાર નિશ્ચય કરી અષ્ટાક્ષર મંત્ર પ્રકટ કર્યો છે, તે પોતાના દૈવીજીવોને માટે છે. તેથી હંમેશા અષ્ટાક્ષરમંત્રનો જપ કરે. ક્યારેય પણ ભૂલે નહિં. સર્વ ભાવથી અષ્ટાક્ષરનો જપ કરે, તેનાં સર્વ કાર્ય નક્કી સિદ્ધ થાય. (૭)

**શ્લોકઃ—અસ્માકં ન્યૂનતૈવાસીન્મિલનં યદભૂન્નહિ ।**
**એતાવતી હરિઃ કૃષ્ણઃ પૂરયિષ્યતિ તામપિ ॥૮॥**

શબ્દાર્થ—આપણામાં એટલી બધી ન્યૂનતા છે, કે પ્રભુ કે ભગવદીયનો મેળાપ થતો નથી, તે ન્યૂનતા પણ હરિ શ્રીકૃષ્ણ પૂર્ણ કરશે. (ન્યૂનતાનું નિવારણ કરશે.) (૮)

વિવેચન—ઉપર કહ્યું તેમ તાપાત્મક, વિપ્રયોગાત્મક પ્રભુ એવા દુર્લભ છે, માટે જીવ પોતાને ન્યૂન તુચ્છ ગણે. આ પ્રમાણે પ્રભુને મળવાનું મન કરે, તો શ્રીકૃષ્ણ સર્વ દુઃખ હરનારા પ્રભુ છે, તે સર્વ મનોરથ પૂર્ણ કરશે. હવે જીવ તો સ્વભાવથી દુષ્ટ છે. પરંતુ પોતાનામાં કોઈ પ્રકારના અજ્ઞાનથી ઉત્તમતા માને છે, તેથી પ્રભુ પોતાનો અનુભવ જણાવતા નથી. શ્રીભાગવતમાં પિંગળા સરખી જેની ક્રિયા મહા દુષ્ટ હતી, તેણે પોતાને તુચ્છ ગણીને વચન કહ્યું કે 'સંસાર રૂપી કુવામાં પડેલો, વિષયથી મીચાઈ ગયાં છે નેત્ર જેનાં, કાલરૂપી સાપ કરડયો છે જેને, એવો જે આત્મા તેનું આ સંસારમાં રક્ષણ કરવાને કોણ બીજો સમર્થ છે ?" આવી રીતે પોતાનો દોષ સ્ફુર્યો ત્યારે પોતે દીન થઇ પ્રભુની પ્રાર્થના કરી. તેમજ પુરુરવાની કથા પણ શ્રીભાગવતમાં છે, તેમાં લખ્યું છે કે "વ્યભિચારિણી સ્ત્રીએ

હરી લીધું છે ચિત્ત જેનું એવા જીવને સર્વ પ્રાણીમાત્રના આત્મામાં રમણ કરનારા ઈશ્વર જેને ઇંદ્રિયજન્ય જ્ઞાન પણ નહિ પહોંચી શકે એવા ભગવાન વિના, અન્ય કોણ છોડાવવા સમર્થ છે ?" એવી રીતે જ્યારે પોતાનો દોષ પુરુરવાને સ્ફુર્યો, ત્યારે પ્રભુએ કૃપા કરી, માટે આ માર્ગ દીનતાનોજ છે. આ માર્ગમાં જ્યાં સુધી દીનતા ન આવે ત્યાં સુધી ફળ-સિદ્ધિ નથી. વળી પોતાને ઉત્તમ જાણે, ત્યાં સુધી દીનતા ન આવે. માટે પોતાને ન્યૂન (તુચ્છ) જાણીને પ્રભુને મળવાનો પ્રયત્ન કરે તો પ્રભુ દુઃખનો નાશજ કરે, સર્વ દુઃખના હર્તા શ્રીકૃષ્ણ સર્વ મનોરથ પૂર્ણ કરશે. (૮)

**શ્લોકઃ—ભવદ્ભિર્નૈવ કર્તવ્યઃ ક્ષોભો મનસિ સર્વથા ।**
**અસ્મિન્માર્ગે યથૈવાર્તિસ્તથૈવ ફલસન્નિધિઃ ॥૯॥**

શબ્દાર્થ—(શ્રીહરિરાયજી શ્રીગોપેશ્વરજીને શિક્ષા આપે છે કે) આપે મનમાં સર્વથા ક્ષોભ કરવો નહિં. કારણ કે આ માર્ગમાં જેટલી આર્તિ હોય, તેટલુંજ ફળ નજીક હોય છે. (૯)

વિવેચન—પોતાને ન્યૂન, (તુચ્છ) જાણે, અને ક્ષોભ રહિત થઈ મનમાં સર્વથા ભગવદ્ લીલાની ભાવના કરે. આ બાબત શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "હે નાથ ! આપનાં દર્શન વગરનો આપનો જે ભકત છે તેનું જીવન દુર્ભાગ્યવાળી (વિધવા) સ્ત્રીના જોબનની પેઠે વ્યર્થ છે." શ્રીગુસાંઈજી કહે છે, કે હે નાથ, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ જે આપના કહેવાયા છે, તેને જો આપનાં દર્શન ન થાય અને જીવે છે, તે નકામાં જીવે છે. કારણ કે મહા નિર્ભાગી છે, આવી રીતે પોતાને મહા અભાગી, સર્વ સાધનથી હીન, મહાદુષ્ટ જાણી મનમાં આર્તિ કરે કે હે નાથ, હવે મારી શી દશા થશે ? શ્રીમહાપ્રભુજી દ્વારા આપને શરણે આવ્યો છું પણ મારામાં કશો ધર્મ નથી, આવી રીતે નિત્ય દીનતા કરે, અને વારંવાર વિરહથી ઉચ્છવાસ લે. કારણ કે આ શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં જેના હૃદયમાં જેટલી આર્તિ તેટલીજ તેને ફળસિદ્ધિ છે. જેનામાં વિરહ નથી, તેને ફળસિદ્ધિની ઢીલ છે. જેને થોડો વિરહ તેને થોડી ફળસિદ્ધિ છે. જેમ રાસલીલામાં જેનો જેવો ભાવ, તેને તેવું રસ-દાન કર્યું. વૃક્ષાદિક, પશુ, પક્ષી, વ્રજભકત, વિગેરેને પોતાના ભાવ પ્રમાણે અનુભવ થયો. તેજ પ્રમાણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને જેવી જેની આર્તિ તેવોજ રસનો સંબંધ પ્રભુ કરાવે. (૯)

**શ્લોકઃ—યથા કથંચિત્કર્તવ્યો વ્યવહારો હિ લૌકિકઃ ।**
**અપકીર્તિભયાત્તેન બુદ્ધિશૈથિલ્યસંભવાત્ ॥૧૦॥**

શબ્દાર્થ—અપકીર્તિના ભયથી થોડો ઘણો લૌકિક વ્યવહાર કરવો, કારણ કે અપકીર્તિથી બુદ્ધિમાં શિથિલતા થવાનો સંભવ છે. (૧૦)

વિવેચન—વિપ્રયોગાર્તિનું સ્મરણ ત્યારેજ થાય કે જ્યારે લૌકિક વૈદિક કાર્ય છુટી જાય, પણ સંસારમાં રહીને તો સર્વ કરવું જોઈએ. કારણ કે લૌકિક વૈદિક કાર્ય છોડે તો લોકમાં અપકીર્તિ થાય, લોક બુરો કહે, તો મનમાં ક્ષોભ થાય અને ક્રોધ થાય, એટલે બુદ્ધિ પોતાના માર્ગથી શિથિલ થઈ જાય. માટે લોકમાં અપકીર્તિના ભયથી થોડો ઘણો પણ લૌકિક વૈદિક કાર્ય વહેવાર કરે તેમાં પોતાનો ધર્મ ગુપ્ત રાખે. મન વ્યવહાર વિગેરેમાં ન લગાવે, બે ચાર ઘડી જરૂર પુરતો વ્યવહાર કરે, આ સિદ્ધાંત થયો. (૧૦)

ઇતિશ્રીહરિરાયજી વિરચિત પાંચમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ (૫)

# * શિક્ષાપત્ર ૬ ઠું *

હવે છઠ્ઠા શિક્ષાપત્રમાં ભકતના અનિષ્ટની નિવૃતિ અને ઇષ્ટની પ્રાપ્તિ પ્રભુ જ કરે છે. એનું નિરૂપણ છે. ને ઉપર કહેલા ભાવ મનમાં રાખે તો જેવી આર્તિ હોય તેવો જ ફળનો અનુભવ થાય. તેમાં લૌકિક કલેશ બાધક છે; લૌકિક દુઃખમાં આવી રીતે જ્ઞાન રાખે, તો ... ન થાય, ભગવદ્ધર્મ રહે; તે હવે કહે છે.

(નોંધ—શ્રીહરિરાયજીને શ્રીગોપેશ્વરજીનાં વહુજી લીલામાં પધારી જવા બાબતની ... પહેલાં ખબર પડવાથી શ્રીહરિરાયજીએ ૪૧ પત્ર લખ્યા પછી કેટલાક દિન વીત્યા બાદ ...ગોપેશ્વરજીનાં વહુજીએ લીલા કરી એવો પણ ઉલ્લેખ છે. હવે છઠ્ઠીપત્રમાં આ સમાચાર ... છે ? આવી શંકા કોઈને થાય તો તેનું સમાધાન એ છે કે શ્રીગોપેશ્વરજીનાં વહુજીએ ... વિસ્તારી તે પહેલાં આ વાતને જાણીને શ્રીહરિરાયજીએ પત્ર લખવા શરૂ કર્યા હતા. ...પત્રો લખાયા ...છી શ્રીવહુજી મહારાજે લીલા કરી તે સમાચાર સાંભળીને શ્રી ...જીએ આ છઠ્ઠો પત્ર લખ્યો, આજસુધી તો શ્રીગોપેશ્વરજી મહારાજ પત્ર વાંચતા ... નહિ, ગોખલામાં મુકી રાખતા. છઠ્ઠો પત્ર ગૃહભંગ થયા પછી આવ્યો, તે પણ ...ખલામાં ધરી રાખ્યો. આ પ્રમાણે ત્રણ દિવસ સુધી શોકાતુર રહ્યા ત્યારપછી હરજીવનદાસની ...તિથી પત્ર વાંચ્યા. પછી ભોજન કરી બીજા દીવસથી ટીકા લખવાનું શરૂ કર્યું, ( દશ ...પત્ર આવ્યા પછી પ્રારંભ કર્યો. ) તેઓ નિત્ય એક પત્રની ટીકા લખતા. એમ કરતાં ...તાં નવ પત્રની ટીકા કરી, નવમા પત્રમાં પ્રેમ, આસકિત અને વ્યસનના સ્વરૂ નું નિરૂપણ ...ને ગૃહભંગનો કલેશ નિવૃત થયો. ત્યારે શ્રીહરિરાયજીનો વિસમો પત્ર આવવાનો હતો. ... જે હકીકત લખી છે તે બરાબર છે. એવું શ્રીકન્હૈયાલાલજી મહારાજ કોટાવાળા તથા ...રાયજી મહારાજ અમરેલીવાળા વિ. બાલકોને વિનંતિ કરી ખુલાસા લીધા છે, ... આ અનુમાન થાય છે.)

શ્લોકઃ—ગૃહભંગસમાચારાઃ શ્રુતાઃ શ્રુતિવિષાયિતાઃ ।
તદર્થં લિખ્યતે કિંચિત્સમાધાનાય ચેતસઃ ॥૧॥

શબ્દાર્થ—કાનને વિષરૂપ લાગે એવા ગૃહભંગના સમાચાર (આપના શ્રીગોપેશ્વરજીનાં ...માં) જાણ્યા, તેથી (આપના) મનના સમાધાનને માટે કંઈક લખું છું. (૧)

વિવેચન—તમારા (શ્રીગોપેશ્વરજીના) ઘરભંગના સમાચાર અમે સાંભળ્યાં, તે સાંભળ... એવું દુઃખ થયું, માનો અમારા કાનમાં વિષ રેડાયું. આ દુઃખ અમે શી રીતે ...એ ? પણ તમારા મનમાં દુઃખ છે, તેને માટે કંઈક શાસ્ત્રોમાં કહેલા સમાધાનપત્ર ...એ છીએ. જો આ વખતે અમે તમારી પાસે હોત તો ઠીક, પણ ભગવદિચ્છાથી દૂર ...તેથી લખું છું કે જો આવા દુઃખમાં આપણા પુષ્ટિમાર્ગીય ધર્મનું સ્મરણ થાય તો ... કે શ્રીઆચાર્યજીની પૂર્ણ કૃપા છે, માટે અમે લખીએ છીએ કે ભગવદિચ્છા ગ્રહણ ... મૂળ ધર્મ એ છે કે હૃદયમાંથી પ્રભુનું સ્મરણ, પ્રભુનો આવેશ જે પ્રકારે બહાર ન

જાય તેમ કરવું. માટે ચિત્તનું સમાધાન આ પત્ર વાંચીને કરજો, આ પત્રમાં લૌકિક કાર્ય તથા ભગવદ્ધર્મ સુદ્ધાં વર્ણવ્યા છે, જેવી રીતે પુષ્ટિમાર્ગીય રહે, ભગવદિચ્છા વિચારે, તે સર્વનું વર્ણન છે. માટે સ્વતઃ ચિત્ત લગાડી પત્ર વાંચી સમાધાન કરજો. (૧)

**શ્લોકઃ—સદા યશોદાતનુજો દ્વિભુજઃ સુદ્વિજદ્વયઃ ।**
**સરોજાસ્યસ્રવલ્લાલઃ સ્મર્યતામાર્યવંશજઃ ॥૨॥**

**શબ્દાર્થ**—સદા શ્રીયશોદાજીના પુત્ર દ્વિભુજ, સુંદર બે દંતકળિવાળા, કમળ જેવા મુખવાળા, જેમાંથી લાળ ટપકે છે એવા, આર્યવંશમાં (યદુકુળમાં) પ્રકટ થએલા એવા શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું. (૨)

**વિવેચન**—સંસારના કંટકથી મન દુઃખી થતું હોય, તો શ્રીયશોદાજીના પુત્ર દ્વિભુજ, (બે હાથવાળા) બે દંતકળિવાળા અને જેમના મુખકમળમાંથી લાળ (અધરામૃત) વહે છે એવા શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું. વળી શ્રીકૃષ્ણ મોટા છે, જેનો આર્યવંશ કે જે સૌથી ઉંચો યદુવંશ છે, તથા ચંદ્રવંશ પણ સર્વ શ્રેષ્ઠ છે, એવીજ રીતે વલ્લભકુળ પણ શ્રેષ્ઠ છે. પૃથ્વીપર ત્રણ કુળ શ્રેષ્ઠ છે. બીજા અનેક છે, તેમાં ત્રણ અવતાર શ્રેષ્ઠ છે. ત્રેતાયુગમાં દશરથ રાજાને ત્યાં રામચંદ્રજી પ્રકટયા તેમનું કુળ તે રઘુકુળ, અને દ્વાપરમાં શ્રીકૃષ્ણનું યદુકુળ. અને કલિયુગમાં શ્રીમહાપ્રભુજીનું વલ્લભકુળ છે એ સર્વમાં શ્રેષ્ઠ કેવળ ભકતોના ઉધ્ધારને માટે છે. તેમાં અમારા શ્રીમહાપ્રભુજીના વંશમાં શ્રીકૃષ્ણ બાળભાવથી સેવનીય છે. માટે મનમાં કંઇ લૌકિક દુઃખ થાય તો પ્રભુ અપ્રસન્ન થઈ જાય, તો સેવકનો ધર્મ જાય. માટે શ્રીકૃષ્ણ પ્રસન્ન રહે તેમ કરવું (૨)

**શ્લોકઃ—સર્વેશ્વરશ્ચ સર્વજ્ઞઃ કૃષ્ણઃ સકરુણઃ સદા ।**
**અસમર્થો જ્ઞાનશૂન્યો જીવ ઇત્યેવ નિશ્ચયઃ ॥૩॥**

**શબ્દાર્થ**—શ્રીકૃષ્ણ સર્વેશ્વર, સર્વજ્ઞ અને દયાળુ છે અને જીવ અસમર્થ અને જ્ઞાનશૂન્ય છે, એ નિશ્ચય છે. (૩)

**વિવેચન**—હવે ભગવાનનું અને જીવનું સ્વરૂપ કહે છે. શ્રીકૃષ્ણ સર્વોપરિ ઇશ્વરના ઇશ્વર છે. ઇશ્વર તેને કહેવાય કે પોતાની ઇચ્છામાં આવે તે કરે. બ્રહ્માદિક, શિવાદિક, ઇંદ્રાદિક કોઇ શ્રીકૃષ્ણની આજ્ઞા ઉલ્લંઘન કરવાને સમર્થ નથી. અજામિલ જેવાને એક પુત્ર ભાવથી નારાયણ નામ જપતાં નિર્ભય કરી દીધો એવા પ્રભુ સર્વકરણ સમર્થ છે. માટે સર્વેશ્વર શ્રીકૃષ્ણ છે, અને ત્રણ લોકમાં સર્વના હૃદયની જાણે છે. એનાથી કશું અજાણ્યું કે છુપું નથી. વળી બહુ દયાળુ છે. એવા ઇશ્વર તે કોઇનાં સુખ દુઃખ કેમ ન જાણતા હોય ? પરમ કરુણાના નિધાન છે, પોતાના ભકતનું લગાર પણ સંકટ સાંખી શકતા નથી, એવો ધર્મ શ્રીકૃષ્ણમાં છે. હવે જીવ અસમર્થ છે. આ જીવનું કર્યું કશું થતું નથી. તે પોતાની કૃતિ માને તે બધું અજ્ઞાન જાણવું. પોતાના પ્રભુને ભૂલ્યો છે, માયાથી મોહિત થઈ ગયો છે, હૃદયમાં જ્ઞાન શૂન્ય છે, તેથી પોતાનું સામર્થ્ય જાણે છે. આ બાબત શ્રી મહાપ્રભુજી બાલબોધમાં કહે છે, કે "જીવ સ્વભાવથીજ દુષ્ટ છે, પ્રભુ ગુણનિધિ છે, જીવ દોષનિધિ છે, માટે પ્રભુની ઇચ્છાને જીવ શી રીતે જાણે ? (૩)

**શ્લોકઃ—તસ્યેચ્છા ત્રિવિધા પ્રોકતા મૂલવેદસ્વભેદતઃ ।**
**મૂલેચ્છાયાગૃહીતાનાં નાઽન્યથા કુરુતે ફલમ્ ॥૪॥**

શબ્દાર્થ—તે પ્રભુની મૂળેચ્છા, વેદેચ્છા અને સ્વેચ્છા એવી ત્રણ પ્રકારની ઇચ્છા છે. તેમાં મૂળની ઇચ્છાથી જેનો અંગીકાર કર્યો છે, તેને અન્યથા ફળ નથી થતું (૪)

વિવેચન—પ્રવાહી સૃષ્ટિને લૌકિક ક્રિયામાં, પુષ્ટિસૃષ્ટિને ભગવત્સેવામાં અને મર્યાદા-સૃષ્ટિને કર્મમાર્ગમાં પ્રવૃત્તિ હોય છે. આવી રીતે પ્રભુની ઇચ્છા ત્રણ પ્રકારની છે. એટલે આ શ્રીમહાપ્રભુજી સંબંધી સૃષ્ટિ પુષ્ટિસૃષ્ટિ છે. તેણે તો ભગવાનની મૂળની (પોતાની)જ ઇચ્છા ગ્રહણ કરવી એમ સમજવું. સર્વ કાર્ય એક પ્રભુનુંજ કર્યું થાય છે, એવું જ્ઞાન મનમાં દૃઢ રાખવું જોઈએ. મર્યાદામાર્ગીય તો એમ કહે છે કે જેવા કાર્ય કરે તેવાં ફળ પામે, એક કર્મનુંજ ફળ કહે છે. પ્રવાહી જીવ માયાથી જાણે છે કે માયાજ સઘળું કાર્ય છે. આવી રીતે પ્રભુને કોઈ જાણતું નથી. પણ પુષ્ટિમાર્ગમાં એક પ્રભુનીજ મૂળ ઇચ્છા (સ્વ–ઇચ્છા) જાણી સર્વ કર્તા પ્રભુ છે આવું જાણવું જોઈએ અન્યથા બીજી રીતે ફળને જાણવું નહિં. કર્મ કરવાથી ફળ પ્રાપ્ત થશે, અથવા કોઈ સાધનથી ફળ સિદ્ધિ થશે, એવી રીતનો વિપરીત વિચાર ફળના સંબંધમાં કરવો નહિં. પ્રભુજ ફળદાતા છે એમ સમજવું. હવે ત્રણ પ્રકારની સૃષ્ટિ, ત્રણ પ્રકારની પ્રભુ ।। ઇચ્છા માને છે, તે આગળના શ્લોકમાં કહે છે. (૪)

**શ્લોકઃ—પ્રવાહ એવ નિયતસ્તેષુ કૃષ્ણવિચારિતઃ ।**
**મર્યાદયા ગૃહિતાંસ્તુ પ્રવર્તયતિ કર્મણિ ॥૫॥**

શબ્દાર્થ—જે મૂળ ઇચ્છાના જીવ છે, તેમના માટે તો પ્રવાહજ શ્રીકૃષ્ણે વિચારેલો છે, અને મર્યાદાથી જેમનું ગ્રહણ કર્યું છે, તેને તો પ્રભુ કર્મ માર્ગમાંજ પ્રવૃત્ત કરે છે. (૫)

વિવેચન—પ્રવાહીસૃષ્ટિ લૌકિક ઇચ્છાને માને છે. શ્રીકૃષ્ણે તેમનો તો લૌકિક વિચા-રજ રાખ્યો છે, કારણ કે પ્રવાહીસૃષ્ટિના જીવ જુદાજ છે. આ બાબતમાં પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથમાં શ્રીમહા ભુજી કહે છે કે "જીવદેહકૃતિનાં ચ ભિન્નત્વં નિત્યતા શ્રુતેઃ" (જીવ, દેહ અને કૃતિથી (ત્રણે જીવોનું) ભિન્નત્વ શ્રુતિથી નિત્ય છે.) આ વાકયથી પ્રવાહી સૃષ્ટિ સદા ભ્રમમાંજ છે, તે જીવો ભકિતમાર્ગમાં કદી પણ આવેજ નહિં. અને મર્યાદામાર્ગ જે ગ્રહણ કરે છે તે જીવ કર્મમાર્ગમાં પ્રવૃત છે, કારણ કે વાણીથી તે પ્રકટ થયેલ છે તેથી "વચસા વેદમાર્ગં હિ" (વચનથી વેદમાર્ગ પ્રકટ કર્યો) આ વાકયનું નિરૂપણ છે. તેને વેદમાં શ્રાદ્ધ, હોમ, યમનિયમ, વ્રત, તપ, દાન વગેરે ફળ બતાવ્યું છે. મર્યાદા માર્ગીય સારાં કર્મ કરીને સ્વર્ગલોકમાં જાય છે, ત્યાં સુખ ભોગ કરીને જ્યારે પુણ્ય પૂર્ણ થાય છે ત્યારે ફરી આ સંસારમાં પડે છે. તેને પ્રભુની પ્રાપ્તિ થતી નથી, આ બાબતની તે સૃષ્ટિને ખબર પણ નથી. કેવળ આવા કર્મમાર્ગીય સ્વર્ગનુંજ ફળ જાણે છે. આ પ્રમાણે મર્યાદા સૃષ્ટિ વેદ ઇચ્છા માને છે. આવી રીતે મર્યાદા અને પ્રવાહી સૃષ્ટિનો પ્રકાર કહ્યો, હવે પુષ્ટિસૃષ્ટિનું શું કર્તવ્ય છે, તે આગળ કહે છે. [૫]

પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદાના જીવ દેહ અને કર્માદિકના ભેદ:—

| પ્રકાર | દરેકના દેહ | દરેકના કર્મ |
|---|---|---|
| પુષ્ટિ સૃષ્ટિ | દૈવી | ભગવત્સેવા, સ્મરણ કીર્તન વિ.માં પ્રીતિ |
| પ્રવાહી સૃષ્ટિ | આસુરી | લૌકિક કાર્યો અને નિર્વાહ પૈસા માટેજ બધું કરે. |
| મર્યાદા સૃષ્ટિ | દૈવી | વૈદિક કર્મકાંડી, અગ્નિહોત્રાદિક જપ, વ્રત, નિયમ, વિ.માં પ્રીતિ. |

**શ્લોક:—સ્વરૂપેણ વૃતાનાં તુ સ્વત: સર્વં કરોતિ હિ ।**
**તચ્ચિંતયૈવ હિ વ્યાસ: કૃપાલુ: સર્વતો વિભુ: ॥૬॥**

શબ્દાર્થ—પોતાના સ્વરૂપથી જેનું વરણ કર્યું છે તે જીવની ચિંતાથી પ્રભુ વ્યાપ્ત છે, અને કૃપાળુ પ્રભુ સર્વ કરવામાં સમર્થ છે. (૬)

વિવેચન—પુષ્ટિસૃષ્ટિ કેવળ પ્રભુના સ્વરૂપનો આશ્રય કરે છે. કારણ કે ભગવત્સેવાને માટે પુષ્ટિસૃષ્ટિ પ્રકટ કરી છે. "ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્" (ભગવદ્રૂપની સેવાને માટે પુષ્ટિસૃષ્ટિ કરી છે, જો આ પ્રયોજન ન હોત તો પુષ્ટિસૃષ્ટિને પ્રગટજ ન કરત.) આ વાકયથી પુષ્ટિસૃષ્ટિ પોતાના મનમાં વિચારે છે કે પ્રભુ પોતાના સ્વરૂપબળથી સ્વત: આપજ બધું કરશે આવું જાણી ચિંતા ન કરવી જોઇએ. શાથી કે પ્રભુ તો સર્વ વ્યાપી છે, સર્વ ઠેકાણે પ્રભુજ છે, પછી ચિંતા શા માટે કરવી જોઈએ ? શ્રીકૃષ્ણનું કર્યુંજ સર્વ ઠેકાણે થાય છે, અને શ્રીકૃષ્ણ કૃપાળુ છે. પોતાના ભકતો પર હંમેશાં કૃપા કરતા આવ્યા છે, અને કરશેજ. આમ વિચારી પ્રભુનુંજ ચિંતન કરવું. વળી શ્રીકૃષ્ણ વિભુ છે, સર્વ સામર્થ્યયુકત છે. કોઈનું આપેલું સામર્થ્ય આપશ્રીને નથી. બ્રહ્માદિક, શિવાદિક, ઇન્દ્રાદિક દેવતા છે, તેમને પણ પ્રભુએજ ઐશ્વર્ય આપ્યું છે. આથી દેવતા ફળ આપવાની ઇચ્છા કરે તો પ્રભુની આજ્ઞા લઈને આપે છે. પોતાનું સામર્થ્ય દેવોમાં નથી. જ્યારે શ્રીકૃષ્ણ તો પોતેજ સર્વ સામર્થ્યશાળી છે. તેથી શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "કરવાનું, ન કરવાનું, અને અન્યથા કરવાનું જે ઇશ્વરમાં સામર્થ્ય છે, તે આપ (શ્રીઠાકોરજી) માં મેં દીઠું, એમાં સંશય નથી." આ વાકયથી કર્તું, અકર્તું, અન્યથા કર્તું, સર્વ સમર્થ પ્રભુ છે. માટે લૌકિક વૈદિક લગાર પણ ચિંતા આપણે ન કરવી જોઇએ. પ્રભુ પોતેજ સર્વ કરશે, પ્રભુ સામર્થ્યયુકત છે. (૬)

**શ્લોક:—નિવર્ત્તયત્યનિષ્ટેભ્ય: સ્વકીયાન્કરુણાનિધિ: ।**
**યદિ જીવા: સ્વભાવેન નિવર્ત્તેરન્ન તે સ્વત: ॥૭॥**

શબ્દાર્થ—જો જીવ પોતાના સ્વભાવને લીધે અનિષ્ટને નિવૃત્ત ન કરે, તો દયાળુ ભગવાન સ્વભકતને અનિષ્ટથી દૂર કરે છે. (૭)

વિવેચન—શ્રીકૃષ્ણ અનિષ્ટની નિવૃત્તિ કરનાર છે તેથી પોતાના અંગીકૃતનું અનિષ્ટ નકકી દૂર કરશેજ, કારણ કે પોતે કરુણાનિધિ છે. અહીં કોઈ પૂર્વપક્ષ કરે કે ભગવાન તો સમદર્શી છે, સર્વ પ્રાણી માત્ર પર એકજ સરખી દૃષ્ટિ રાખે છે, વિશ્વંભર સર્વનું પોષણ કરનાર છે, અને તમે કહો છો કે પોતાના સ્વકીય જનપર કૃપા કરશે અને બીજાપર નહિં કરે, તે શી રીતે બને ? આવો સંદેહ કોઈ કરે ત્યાં કહે છે, કે સઘળા જગતને આનંદ આપનાર પ્રભુ છે, તો પણ ભકતોને અધિક આનંદ આપે છે. આ બાબતમાં નિરોધ લક્ષણમાં શ્રીમહાપ્રભુજી કહે છે, કે "સર્વાનન્દમયસ્યાપિ કૃપાનંદઃ સુદુર્લભઃ" (સર્વ આનંદમયને પણ કૃપાનંદ બહુ દુર્લભ છે. ) આ વાકયથી પ્રભુ સર્વને આનંદ આપે છે, પણ કૃપાનંદ દુર્લભ છે. આ બાબતમાં શ્રીભાગવતજીના નવમ સ્કંધમાં દુર્વાસા પ્રતિ ભગવાન કહે છે "અહં ભકતપરાધિનો હ્યસ્વતંત્ર ઇવ દ્વિજઃ । સાધુભિર્ગ્રસ્તહૃદયો ભકતૈર્ભક્તજનપ્રિયઃ" (હું ભકતને પરાધીન છું, સાધુ એવા ભકતજનોએ મારૂં હૃદય જીતી લીધું છે, અને ભકતજન મને પણ બહુ પ્રિય છે.) આ વાકયથી ભગવાન ભકતને વશ છે, જગતને વશ નથી. ભકતને માટે પ્રભુ અવતાર લે છે, માટે પોતાના સ્વકીય ભકતનું અનિષ્ટ તે સ્વતઃ દૂર કરશે એવા કરુણાનિધિ છે. પણ જીવનો સ્વભાવ છે કે થોડા દુઃખમાં પણ ધીરજ રહેતી નથી, ચિંતાતુર થઈ જાય છે. જીવનો આવો સ્વભાવ બદલવામાં પણ પ્રભુજ સમર્થ છે, બીજો કોઈ નહિં.(૭)

શ્લોકઃ—અનિષ્ટમેત્ર સર્વજ્ઞો બલાદ્દૂરીકરોતિ હિ ।
ઈષ્ટાનિષ્ટવિવેકો હિ જીવબુદ્ધયા ન જાયતે ॥૮॥

શબ્દાર્થ—આ સારૂં છે, આ ખોટું છે, એવો નિશ્ચય જીવ બુદ્ધિથી થતો નથી, માટે ( જીવની ઇચ્છા ન હોય તો પણ ) સર્વજ્ઞ પ્રભુ પોતાના પ્રમેય બળથી અનિષ્ટ દૂર કરે છે. (૮)

વિવેચન—ભકતનું અનિષ્ટ પ્રભુ જાણે છે, કારણ કે સર્વજ્ઞ છે. અનિષ્ટ દૂર કરવામાં સમર્થ છે. તેથી આપજ દૂર કરશે. જેમ પ્રહલાદજીને હિરણ્યકશિપુએ બહુજ દુઃખ દીધું, પણ પ્રહલાદજીનો ભગવદાશ્રય છુટયો નહિં, ત્યારે પ્રભુએ પ્રકટ થઈ અનિષ્ટ દૂર કર્યું, હિરણ્યકશિપુને માર્યો. માટે દુઃખ અને કલેશમાં પ્રભુનો આશ્રય ન છોડવો જોઈએ. પ્રભુ તો કૃપા કરશે, સઘળું દુઃખ દૂર કરશે એવો દ્રઢ વિશ્વાસ રાખવો પરંતુ જીવબુદ્ધિથી ઈષ્ટ અનિષ્ટનો વિચાર જાણી શકાતો નથી તેથી અન્યાશ્રય કરે છે. અને લૌકિક વૈદિકની ચિંતા કરે છે. ભગવાન તો જે કરે છે તે સારૂંજ કરે છે. મારો ભોગ (પાપ) તો બહુજ છે, પણ પ્રભુ થોડાથીજ નિવૃત કરે છે. મારાપર અનુગ્રહ કર્યો કે આ દંડ થયો આવી રીતે ધીરજ જીવબુદ્ધિથી રહેતી નથી, તેથી દુઃખ પામે છે. (૮)

શ્લોકઃ—અવિદ્યયા ગૃહીતાનામજ્ઞાનાં ભ્રમસંભવાત્ ।
અત એવ સંસારં મન્યતે સુખરૂપિણમ્ ॥૯॥

શ્લોકઃ—બાલા ઈવ કરપ્રાપ્તં સર્પમકીડનોચિતમ્ ।
પિતેવ સહજસ્નિગ્ધસ્તાન્નિવર્તયતે બલાત્ ॥૧૦॥

શબ્દાર્થ—અવિદ્યાથી ઘેરાયેલા અને સ્વરૂપથી અણુ (ક્ષુદ્ર) એવા જીવને ભ્રમનો સંભવ છે, તેથીજ બાળક જેમ ન રમવા યોગ્ય એવા સાપને હાથમાં લઈ તેને સુખ માને છે, તેમ જીવ દુખકર સંસારને સુખ રૂપ માને છે, પણ સ્નેહવાળા પિતા જેમ બાળક પાસેથી સાપને પરાણે છોડાવી દે તેમ ભગવાન પણ ભકતના સંસારની નિવૃત્તિ કરે છે (૯-૧૦)

વિવેચન—જીવ પ્રભુનું સ્વરૂપ જાણવા માટે સમર્થ નથી, કારણ કે તે અવિદ્યાથી ઘેરાયેલો છે, તેથી તેના મનનો ભ્રમ દૂર થતો નથી. જોકે ભ્રમ તો નજીવો છે. અને તે અવિદ્યા રૂપ ભ્રમ (હું અને મારૂંજ એટલેજ) છે. તે ભ્રમને જીવ ટાળી શકતો નથી. જો કે બધા જાણે છે કે દેહ ક્ષણભંગુર છે, કાળ કોઈને પણ છોડતો નથી, જીવ કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર અને લૌકિક સુખ દુઃખ તેનાથી ઘેરાયેલો છે, તેથી દેહ સંબંધી સંસારને સુખરૂપ માની રહ્યો છે, ત્યારે પ્રભુ પોતાના ભકતને આવી રીતે છોડાવે છે. તે શી રીતે છોડાવે છે તે આગળના શ્લોકમાં કહે છે. (૯) જો કે જીવ સંસારને સુખરૂપ માની રહ્યો છે, તેથી પ્રભુ પોતાના ભકતને આવી રીતે છોડાવે છે, જેમકે દ્રવ્યમાં મન હોય તો દ્રવ્યનો નાશ કરે, જો સ્ત્રી પુત્રાદિકમાં મન હોય તો તેનો નાશ કરે. આવી રીતે ભકતનું મન જયાં લૌકિકમાં લાગે ત્યાં પ્રભુ દૂર કરે છે. હવે આમ થાય એટલે જીવ સ્વભાવથી અનેક પ્રકારે દુઃખ પામે છે. પરંતુ પ્રભુ તેને લૌકિક સુખ આપે નહિં. તે વાત લૌકિક દૃષ્ટાંતથી સમજાવે છે. જેમ અજ્ઞાની બાળક હોય, તે ખેલવાને માટે સાપને પકડવા દોડે છે. એ નથી જાણતો કે આ કાળ છે તે કરડશે, કારણ કે તે અજ્ઞાની છે. પરન્તુ માબાપનો પુત્રમાં સ્વાભાવિક પ્રેમ છે. તેથી સાપને પકડવા ન દે, અને કાળરૂપ સાપથી બાળકને દૂર કરે છે, તેમજ આ જીવ સંસારને સુખરૂપ માની રહ્યો છે, પણ પ્રભુનો સ્નેહ ભકત પર છે, તેથી કૃપા કરી સંસાર છોડાવે છે. અને સંસારના સુખમાં આસકત થવા દેતા નથી (૧૦)

શ્લોકઃ— યથા રુદન્તિ તે બાલા ભ્રાન્તાઃ સંસારિણસ્તથા ।
અત એવ હિ સર્વજ્ઞઃ કૃષ્ણઃ સંસારમોચકઃ ॥૧૧॥

શબ્દાર્થ—જેમ તે બાળક (સર્પ ન લેવા દેવાથી) રુદન કરે છે, તેવીજ રીતે સંસારી ભ્રમયુકત થઈને (લૌકિક વસ્તુ જવાથી) ખેદયુકત થાય છે, પણ શ્રીકૃષ્ણ તો સર્વજ્ઞ છે, અહંતામમતાત્મક સંસાર છોડાવનાર છે. (તેથી કરીને લૌકિક વસ્તુની પ્રાપ્તિ થવા દેતા નથી, પણ હોય તેનાથી પણ દૂર કરે છે. ) (૧૧)

વિવેચન—પિતા જ્યારે પ્રેમને લીધે સાપથી બાળકને દૂર કરે છે ત્યારે તે બાળક અજ્ઞાનતાથી રડે છે, કે આ મારૂં રમકડું લેવા દેતા નથી. તેવીજ રીતે આ સંસારી જીવ પર પ્રભુ ખુબજ કૃપા કરે છે. (જીવ) સંસારમાં મન રાખે તો તે વસ્તુને પ્રભુ લઈ લે છે ત્યારે આ જીવ મનમાં અહંતામમતાને લીધે દુઃખ પામે છે, અજ્ઞાનતાથી પ્રભુનો ગુણ માનતો નથી, કે કૃપા કરી પ્રભુએ સંસારથી છોડાવ્યો. વળી પ્રભુ સર્વજ્ઞ છે, પોતાના ભકતને પુત્રના જેવો જાણી તેનો સંસાર છોડાવે છે. જેમકે પુરાણમાં કથા છે, કે નારદજીને વિવાહ કરવાનું મન થયું. હવે એક રાજાની બેટીનો સ્વયંવર હતો, ત્યાં સઘળા દેશે દેશના રાજા આવ્યા. આ વખતે નારદજીના મનમાં આવ્યું કે હું પરણું. આ વખતે નારદજીએ વિચાર

કર્યો કે રાજાની બેટી જેના પર પ્રસન્ન થાય અને માળા પહેરાવે તેની સાથે વિવાહ થશે. માટે આ વખતે સુંદર રૂપ જોઇએ કે જેથી રાજાની બેટી રીઝે. હવે સર્વથી સુંદર તો ભગવાન છે, તેમનું રૂપ લઈ આવું એમ વિચારી નારદજી પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ બહુજ સમાધાન કર્યું. પછી પ્રભુએ પુછ્યું કે નારદજી કશી આજ્ઞા કરો, એટલે નારદજીએ કહ્યું, હું તમારો છું, મારૂં ભલું થાય તે કરો. આપનું રૂપ મને આપો, તો રાજાની બેટીને પરણી લાવું. ત્યારે પ્રભુએ મુસકાઇને કહ્યું કે તમારૂં ભલું થાય તેમજ હું કરીશ. તમે જાઓ, મેં મારૂં રૂપ આપ્યું. હવે નારદજી તો માયાના ભ્રમથી પ્રભુનાં વ્યંગ વચન સમજ્યા નહિં. જ્યાં સ્વયંવર હતો ત્યાં આવ્યા. હવે શ્રીઠાકોરજીએ તો બહુજ ખરાબ વાંદરાનું વાકુ મોઢું આપ્યું. અને નારદજી તો કામવશ થઈ અજ્ઞાનતાથી એમ જાણે છે કે મને પ્રભુનું રૂપ મળ્યું છે. આથી વારંવાર જ્યાં પેલી કન્યા જાય ત્યાં સામે જઇને બેસે. બધા લોકો હસે કે કેવું વાંકુ મોઢું લઈને આવ્યો છે! પણ કામવશ થઈ જવાથી નારદજીને કંઈ ખબર નથી. પછી પ્રભુ રાજાનું રૂપ લઇને પધાર્યા એટલે કન્યાએ માળા પહેરાવી, અને કન્યાને પ્રભુ લઇ ગયા. આથી નારદજી નિરાશ થયા. પછી કોઈએ કહ્યું કે નારદજી તમારૂં મોઢું તો જુઓ! એટલે નારદજીએ દર્પણમાં જોયું તો વાંદરાનું વાંકુ મોઢું છે, આથી પ્રભુપર બહુજ ક્રોધ કર્યો કે જગતમાં મારી હાંસી કરાવી. પછી પ્રભુએ સમજણ પાડી એટલે નારદજીને જ્ઞાન થયું. એકવાર પહેલાં નારદજી તપસ્યા કરતા હતા, તે વખતે કામદેવ તપસ્યામાં ભંગ કરવા વસંત, મલયાનિલ, અપ્સરાનાં યૂથ વગેરે લઇને ગયો, પણ નારદજીને મોહ ન થયો. એટલે કામદેવ પોતાની હાર માનીને પાછો ગયો. આથી નારદજીને અભિમાન થયું કે હું કામને પણ જીત્યો, તે અભિમાન પ્રભુએ આવી રીતે દૂર કર્યું. આવી રીતે પ્રભુ પોતાના ભકતને હંમેશાં સંસારથી છોડાવે છે. (૧૧)

શ્લોક—ઇત્યેવ રૂપ્યતે નામ તથાવિધમતઃ પ્રભોઃ ।
સંસારવૈરી ધરણીં પ્રતિ શેષો ન્યરૂપયત્ ॥૧૨॥

શબ્દાર્થ—પૃથ્વી અને શેષજીના સંવાદમાં પૃથ્વીજી પ્રતિ શેષજીએ સંસાર વૈરી એવું નામ (પ્રભુનું) કહ્યું છે, તેથી તેવુંજ નામ પ્રભુનું નિરૂપણ થાય છે. અને "તથાવિધમતિઃ પ્રભો" એવા પણ કોઈ પુસ્તકમાં પાઠ છે. તે અનુસાર અર્થમાં–તેવીજ પ્રભુની મતિ પણ ભકતનો સંસાર છોડાવવાની છે. (૧૨)

વિવેચન—પ્રભુનું રૂપ પણ સંસાર છોડાવે છે અને પ્રભુનું નામ પણ સંસારથી છોડાવે છે. વ્રજભકતો શ્રીકૃષ્ણનું લલિતત્રિભંગ સ્વરૂપ જોઇને લોક, વેદ, પતિ, પુત્ર અને ઘર સર્વમાંથી મન છોડીને પ્રભુને ભજવા લાગ્યાં. વળી એના નામથી અજામિલ વગેરે અનેક ભકતોના સંસાર છુટી ગયા, બીજી કોઈ પણ રીતે પ્રભુની સેવા જે કોઇ કરે છે તેનો પણ સર્વ સંસાર દૂર થાય છે. પ્રભુ અનેક પ્રકારની લીલા કરે છે, તેનું સ્મરણ જો કોઈ કરે તેનું પણ સંસારનું દુઃખ દૂર થઈ જાય છે. વળી શ્રીકૃષ્ણના મનમાં પણ એવું રહે છે કે ભકતનો સંસાર કયારે દૂર થાય, અને ભકત મારી પાસે આવે તો ભલું થાય, એવુંજ વિચારે છે. માટે ધરણી અને શેષજીના સંવાદમાં ધરણીને શેષજી કહે છે, કે 'સંસાર વૈરી' શ્રીકૃષ્ણ કેવા છે, તો કહે છે કે સંસાર દુઃખના દુશ્મન છે. જ્યાં ભકતનો સંસાર થાય,

ત્યાં આપ દૂર કરે છે. શ્રીકૃષ્ણનું રૂપ, નામ, લીલા અને પાત ભક્તોને સંસારથી દૂર કરી તેનું ભલું થાય તેજ કરે છે. (૧૨)

**શ્લોક—મન્યામહે વયં ભ્રાંતાઃ કૃષ્ણવિસ્મૃતિકારણમ્ ।**
**સંસારમુત્તમં કૃષ્ણસ્તં કથં સ્થાપયેદ્ધરિઃ ॥૧૩॥**

શબ્દાર્થ—આપણે ભ્રાંત બનીને (ભ્રમના કારણે) શ્રીકૃષ્ણને ભુલાવનારા કારણ રૂપ સંસારને ઉત્તમ માનીએ છીએ, તે પ્રભુ સંસારમાં કેમ સિદ્ધ કરે ? (૧૩)

વિવેચન—આ જીવના હૃદયમાં અનેક જન્મનો ભ્રમ છે. ગદ્યના શ્લોકમાં કહે છે કે અનાદિકાળનો ભ્રમ આ જીવના હૃદયમાં છાઈ રહ્યો છે, તેથી અવિદ્યાથી શ્રીકૃષ્ણને ભૂલી ગયો છે, તેથીજ આ સંસારને ઉત્તમ જાણી તેમાં મન ઘાલ્યું છે, સંસારમાં દેહસંબંધી સુખદુઃખને મુખ્ય જાણે છે, પણ ભક્તને ભગવાન સંસારમાં કેમ રાખે ? કારણ કે હરિ દુઃખનું હરણ કરનારા છે. જ્યાં સૂર્ય ઉગે ત્યાં અંધારૂં શા રીતે રહે ? તેમ સૂર્યરૂપ હરિ અવિદ્યા રૂપી સંસારાંધકારને શી રીતે રાખે ? જીવ તો સંસાર સંબંધી સુખ વિચારે છે કે હવે આ કાર્ય કરૂં તો મારાં દેહ સંબંધી કુટુંબ પણ સુખ પામે અને હું પણ સુખી થાઉં. પણ પ્રભુ એમ વિચારે છે કે આમાં (સંસારમાં) આનું મન છે, માટે તે દૂર કરૂં, જેથી તેમાંથી મન છુટીને મારો આશ્રય કરે. આવી રીતે શ્રીકૃષ્ણ ભક્તોનો સંસાર હરી લે છે. (૧૩)

**શ્લોકઃ— એવં તદીયૈર્મનસિ નિધેયઃ સ્વપ્રભોર્ગુણઃ ।**
**સ્વસ્મિન્નપિ વિનિશ્ચેયા પ્રભોરંગીકૃતિર્ધ્રુવા ॥૧૪॥**

શબ્દાર્થ—તેથી કરીને ભગવદીયજનને પોતાના મનમાં સ્વામી શ્રીકૃષ્ણનો ઉપકાર માનવો, કારણ કે આપણામાં પ્રભુની અંગીકૃતિ નિશ્ચય છે એવો નિશ્ચય રાખવો ( પ્રભુએ આપણો અંગીકાર કર્યો છે એમ નિશ્ચય પૂર્વક માનવું. ) (૧૪)

વિવેચન—આવી રીતે પુષ્ટિમાર્ગીય ભગવદીય ( ઉપરથી બીજાઓને દેખાડવા માટે કહે કે પ્રભુ કરે છે, તે ભલું કરે છે, અને અંદરથી મનથી દુઃખ પામે એવું ન કરે.) પોતાના મનમાં એવો નિશ્ચય રાખે કે પોતાના અંગીકૃત ભક્તોનું પ્રભુ જરૂર રક્ષણ કરે છે. દુઃખ થયું તો શું થયું ? પોતાના અંતરંગને પ્રભુ દંડ દે છે. જેમ સ્ત્રી મર્યાદાથી અવળી રીતે ચાલે તો પતિ દંડ દઈ મર્યાદાથી ચલાવે. તેમજ પ્રભુ પોતાના ભક્તના દોષ દૂર કરવાને દંડ દે છે. આ બાબતમાં શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે, કે દંડ દેવો હોય તો પોતાનો માનીને દેશો, તો અમને ઇષ્ટ છે. કારણ કે અમને જ્યાં ત્યાં જ્યારે ત્યારે પોતાનો છે, એમ જાણીને દંડ દેશો. આ વાકયથી પોતાના અંગીકૃતને પ્રભુ દંડ દે તોપણ અનુગ્રહ જાણી મનમાં સુખી રહે. માટે જ્યાં જ્યાં અમારાથી અપરાધ થાય ત્યાં ત્યાં દંડ દેવો યોગ્ય છે, એમ જાણી અમે મનમાં પ્રસન્ન છીએ. આવી રીતે ભગવદીય પોતાના પ્રભુનો દરેક વાતમાં અનુગ્રહ જાણે. દુઃખ પણ અનુગ્રહ રૂપ જાણી પ્રભુનો ઉપકાર પોતાના હૃદયમાં માને, આ બાબતમાં પ્રભુ પર દોષ ધરે તે બહિર્મુખ છે, તેનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર

નથી. માટે ખાસ મન, વચન અને કર્મથી એમ જાણે કે શ્રીઠાકોરજી અંગીકૃત નિજભકતોના રક્ષક છે. (૧૪)

શ્લોક—અત એવાસ્મદાચાર્યૈરુક્તં વરણલક્ષણમ્ ।
લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ॥૧૫॥

શબ્દાર્થ—તેવીજ રીતે આપણા શ્રીઆચાર્યજી પણ કહે છે, કે ભકતોને લોકમાં તથા વેદમાં તો સ્વાસ્થ્ય હરિ નહિં કરે, એવું અંગીકૃત પ્રત્યે આપનું વરણ છે. (૧૫)

વિવેચન—ઉપર કહ્યું કે ભકતોના રક્ષક પ્રભુ દુઃખ કેમ દે છે? જેવી રીતે આ લોક પરલોકમાં ભકતજન સુખી થાય તેવું કેમ કરતા નથી? એમ કોઈ કહે ત્યાં કહે છે કે આ જીવ સ્વભાવથીજ દુષ્ટ છે, જો લૌકિક કાર્યમાં સુખ મળે તો ત્યાં આસકત થઇ જાય. જો વૈદિક કાર્યમાં સુખી થાય તો ત્યાં આસકત થઈ જાય. આથી હૃદયમાંથી પ્રભુનો આશ્રય જતો રહે છે, અને આશ્રય ગયો એટલે ભકતનો નાશ થઈ જાય. માટે શ્રીઠાકોરજી લૌકિક વૈદિક કાર્ય સિદ્ધ ન કરે તો દુઃખી થઈને તે કાર્યમાં મન પણ ન રહે અને કેવળ પ્રભુનેજ આશ્રય કરે, હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ચારે વર્ણનાં લક્ષણ શ્રીસુબોધિધીજી, નિબંધમાં કહે છે, કે કોઈ જીવ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને સ્ત્રી વગેરે પ્રભુને શરણે આવે, તેને પ્રભુ લૌકિક વૈદિકથી છોડાવીને અંગીકાર કરે છે. નવરત્ન ગ્રંથમાં કહ્યું છે, કે ભકતની લૌકિક વૈદિક આસક્ત છોડાવીને પોતાનોજ કરે છે. આમ વિચારીને હરિનો આશ્રય કરવો એજ સિદ્ધાંત સર્વોપરિ છે. (૧૫)

ઇતિશ્રીહરિરાયજી કૃત છઠ્ઠું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ

## શ્રી હરિરાયજીને વૈષ્ણવોનું સ્વરૂપજ્ઞાન

શ્રીહરિરાયજીને શ્રીગોકુલેશદ્વારા વૈષ્ણવોના સ્વરૂપનું જ્ઞાન થયું હતું. શ્રીગોકુલનાથજીની વૈષ્ણવોમાં અલૌકિક પ્રીતિ હતી. તેના સમર્થનમાં "એક ડોકરીનો જયશ્રીકૃષ્ણનો પ્રસંગ, ચાચાજીનો 'લકીરપીટ'નો પ્રસંગ, વૈષ્ણવ જાણીને તેનો સ્પર્શ થયે પુનઃ સ્નાન કર્યા વિના સેવકી અપરસમાં શ્રીનાથજીની સેવા કરવા જવું તે પ્રસંગ, અને કાશ્મીરમાં વૈષ્ણવોને સ્પર્શ કરાવી છોવાઈ ગયેલા ગદલને ધારણ કરવો" આ બધા પ્રસંગો મોજુદ છે. એજ રીતે શ્રીહરિરાયજીમાં પણ વૈષ્ણવો પ્રતિ તેવીજ અલૌકિક ભાવના હતી તેની પુષ્ટિમાં નીચેના પ્રસંગો ગ્રન્થોમાં પ્રાપ્ત છે.

શ્રીહરિરાયજી શ્રીમદ્ગોકુલમાં વૈષ્ણવોની મંડલીમાં બિરાજીને નિત્યપ્રતિ ભગવદ્‌વાર્તા કરતા ત્યારે રસાવેશમાં આપશ્રી ગાદીથી નીચે ઉતરી વૈષ્ણવોમાં સમાન રૂપથી ભળી જતા, અને ઉપસ્થિત વૈષ્ણવવૃંદમાં શ્રીગોપીજનોની ભાવનાનો અનુભવ કરતા. વિપ્રયોગના પ્રસંગોની સમયે શ્રીકૃષ્ણ મિલનના ઉપાયો દીનભાવથી તેમને પૂછતા. જેમ વિરહી ગોપિકાઓએ વૃક્ષાદિને વિરહાવસ્થામાં પૂછ્યું હતું તેમ આપ પણ વૈષ્ણવોને પૂછતા. એ રીતે સંયોગાનુભવ સમયે વૈષ્ણવોને આપ ભેટતા અને તેમની સાથે હાસ્ય વિનોદાદિ પણ કરતા. આમ આપ રસાવેશમાં પોતાના આચાર્યત્વને સહજ વિસરી જતા. બીજા પણ ઘણા પ્રસંગો છે.

# * શિક્ષાપત્ર ૭ મું *

હવે સાતમા શિક્ષાપત્રમાં લૌકિકાસક્તિ રાખવી નહિ, અને સેવામાં આસક્તિ, રાખવી, તેનું નિરૂપણ કરે છે. છઠ્ઠા શિક્ષાપત્રમાં કહ્યું કે લૌકિક વૈદિક પ્રભુ સિદ્ધ ન કરે તો પણ પ્રભુનો ગુણજ મનમાં માને કે સારૂં કર્યું. આવી ધીરજ કયારે થાય ? જ્યારે ભગવદીયનો સત્સંગ કરી ભગવત્સ્મરણ ભજન કરે તો થાય. તેનો પ્રકાર આગળના શિક્ષાપત્રમાં કહે છે.

**શ્લોક—સદા શ્રીગોકુલાધીશઃ સ્મર્તવ્યઃ સર્વથા જનૈઃ ।**
**તદીયૈર્મિલિતૈઃ સર્વદોષચિંતાવિવર્જિતૈઃ ॥૧॥**

**શબ્દાર્થ**—સર્વ દોષ અને ચિંતાથી રહિત જે ભગવદીય છે તેની સાથે મળીને, શ્રી ગોકુળના અધીશ પ્રભુ સદા નિશ્ચય સ્મરણ કરવા યોગ્ય છે. (૧)

**વિવેચન**—પુષ્ટિમાર્ગીય ભગવદીયને સદા સર્વદા પ્રભુનુંજ સ્મરણ કરવાનું કેમ કહ્યું ? તો કહે છે કે પ્રભુ ગાયોના કુળના રક્ષક છે તે એમ બતાવે છે કે જે નિઃસાધન ગાય છે, તેના પ્રભુ રક્ષક છે. તેજ પ્રમાણે જીવ જ્યારે તદ્દન નિસાઃધન બની શ્રીગોકુલેશનું સ્મરણ ભજન કરે તો પ્રભુ દયાળું છે, તેથી અનુગ્રહ કરેજ. તેમજ નિઃસાધનભાવથી સ્મરણ ભજન જ્યારે અને ત્યારે તદીયનો સંગ મળતાં હૃદયમાંથી અનેક પ્રકારના કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અને લૌકિક વૈદિક ચિંતા દૂર થઇ જાય. ભગવદીયના સંગ વિના કેટલાય દિવસ ભગવદ્ધર્મ કરે પણ મનમાંથી દોષ અને ચિંતા દૂર ન થાય. જેમ રાસપંચાધ્યાયીમાં સર્વ ભકતોને મદ થયો પણ એક મુખ્ય ભકતને મદ ન થયો. તો શ્રીઠાકોરજી તે ભકતને પોતાની સાથે લઈને પધાર્યા છતાં પણ બીજા ભકતોને પોતાના મદની ખબર પડી નહિ, અને પ્રભુપર દોષ બુદ્ધિ આવી કે અમને છોડીને જતા રહ્યાં. પછી બધા ભકતો પ્રભુને શોધવા માટે ચાલ્યા. હવે પેલા એક ભકતને પણ મદ થયો, ત્યારે તેની પાસેથી પણ પ્રભુ અંતર્ધ્યાન થઈ ગયા. પછી શોધતાં શોધતાં બધા ભકતોએ તેની પાસે આવીને પૂછ્યું, કે તમને પણ શ્રીઠાકોરજી તજી ગયા ? ત્યારે તે ભકતને પોતાના દોષનું જ્ઞાન હતું તેથી કહ્યું કે મેં મદ કર્યો તેથી પ્રભુ અંતર્ધ્યાન થયા. આ સાંભળતાં સાથેના બધા ભકતોને જ્ઞાન થયું અને પોતાનો દોષ સ્ફુર્યો, કે અમને મદ થયો તેથી પ્રભુ છોડી ગયા. આવી રીતે શ્રીઆચાર્યજી શ્રીસુબોધિનીજીમાં નિરૂપણ કરે છે. માટે ભગવદીયના સંગ વિના દોષને ચિંતા ન જાય,-તેથી ભગવદીયોની સાથે મળીને પ્રભુનું સ્મરણ કરે. આ બાબતમાં શ્રી આચાર્યજી મહાપ્રભુજી નવરત્નગ્રંથમાં કહે છે, કે 'નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ' (નિવેદનનું સ્મરણ સર્વથા તાદ્રશી ભગવદીય સાથે મળીનેજ કરવું.) (૧)

**શ્લોકઃ—ન લૌકિકે મતિઃ કાર્યા ભગવદ્ભાવબાધિકા ।**
**લૌકિકં વૈદિકં ચાપિ સ્વયં સાધયિતા પ્રભુઃ ॥૨॥**

શબ્દાર્થ—ભગવદ્‌ભાવનો નાશ કરનાર એવા લૌકિકમાં બુદ્ધિ કરવી નહિં. "ન લૌકિકી મતિ: કાર્યા" આવા પાઠમાં ભગવદ્‌ભાવમાં બાધ કરે એવી લૌકિકી મતિ કરવી નહિં, કારણ કે ભક્તોના (એવી ટેકવાળાનાં) લૌકિક અને વૈદિક પણ પ્રભુ પોતેજ સાધે છે. (૨)

વિવેચન—અલૌકિક પદાર્થમાં લૌકિક બુદ્ધિ ન કરવી, કારણ કે ભગવદ્‌ભાવમાં લૌકિક મતિ બાધક છે. માટે પ્રભુની લીલા, શ્રીવલ્લભકુળ, ભગવદીયો, સેવાસામગ્રી, વ્રજભૂમી શ્રી યમુનાજી, શ્રીગિરિરાજજી, વૃક્ષલતા, વિ. તેમજ ભગવદ્વાર્તા, ગ્રંથ, કીર્તન, શ્રીભાગવત વિગેરેમાં લૌકિક બુદ્ધિ ન કરવી. સઘળી વસ્તુ પ્રભુ સંબંધી જાણી ભાવયુક્ત થઈ સેવા સ્મરણ કરે. લૌકિક બુદ્ધિ આવે તો અલૌકિક ભાવમાં બાધક થાય માટે લૌકિક વૈદિક કાર્યની ચિંતા મનમાં ન રાખે, પ્રભુની સેવા મન રાખીને કરે. લૌકિક અને વૈદિક બધુંજ પ્રભુ પોતેજ કરી લેશે. વલ્લભકુલ લૌકિક વૈદિક કાર્ય કરી પોતાના ભક્તોને જણાવે છે કે તમે લોકવેદની ચિંતા ન કરશો, અમે તમારે માટે કરીએ છીએ, તમે સુખેથી પ્રભુની સેવા અને સ્મરણ કરો એટલે પ્રભુ લૌકિક વૈદિક આપજ પોતે સિદ્ધ કરશે. (૨)

શ્લોક:—ઇદાનીમીદૃશ: કાલ: પ્રતિકૂલ: સમાગત: ।
યથાકથંચિત્સ્વમન: સ્થાપનીયં પદાબ્જયો: ॥૩॥

શબ્દાર્થ—હાલ અત્યારે કાળ વિપરીત આવ્યો છે, માટે જેમ તેમ કરીને પોતાનું મન શ્રીઠાકોરજીના ચરણ કમળમાં સ્થાપવું (૩)

વિવેચન—આ કળિકાળ મહા કઠણ છે, આ વખતે જે પ્રાપ્ત થાય છે તે બધું પ્રતિકૂળજ મળે છે. ભગવદીયનો સંગ દુર્લભ છે, તે જલદી મળતો નથી, અને જો મળે છે તો લૌકિક કામનાવાળા અને સ્વાર્થી હોય તેવા મળે છે. ઉપરથી ભલો સત્સંગ, ભલી ક્રિયા દેખાય છે, અને અંદર અનેક પ્રકારની લૌકિક વાસના ભરી હોય છે. તેના સંગથી ફળ સિદ્ધિ ન થાય. આવો સંગ આ કળિકાળમાં મળે છે, માટે જેટલું બને તેટલું પોતાનું મન શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં લગાવે. પ્રભુમાં પ્રીતિ વધારવા માટે લોકોને મળવું ખરૂં, પણ તેમાં ભગવદ્ધર્મ ઘટી જાય, એવું ન કરે. જેટલું છે તેટલાનીજ રક્ષા કરી પ્રભુના ચરણારવિંદમાં મન સ્થાપે (૩)

શ્લોક:—સેવાયાં ચ મન: સ્થાપ્યં તત્સાધકતયૈવ હિ ।
ગાર્હસ્થ્યાર્થં વિવાહેઽપિ પ્રયત્ન: ક્રિયતાં દ્રુતમ્ ॥૪॥

શબ્દાર્થ—સેવામાં મન સ્થાપન કરવું, ભગવત્સેવાની અનુકુળતા માટેજ ( ભગવત્સેવા સારી રીતે બની શકે માટે સહાયને માટે ) ગૃહસ્થાશ્રમ માંડવો જોઈએ, તે હેતું અર્થે વિવાહ માટે પણ જલદી યત્ન કરવો. (૪)

વિવેચન—શ્રીઠાકોરજીની સેવા વગેરે ભગવદ્ધર્મમાં મન સ્થાપન કરે અને ભગવત્સેવા માટે સઘળી વસ્તુઓનો સંગ્રહ કરે. જે વસ્તુ ભગવત્સેવામાં સાધક હોય તેને રાખે, જે સેવામાં કામ ન આવે અથવા બાધક હોય તેને ફેંકી દે. ગૃહસ્થાશ્રમને પણ પ્રભુની સેવા

માટેજ જાણે, અને વિવાહ વગેરેનો પ્રયત્ન પણ ભગવત્સેવાને માટે કરે, કારણ કે ગૃહસ્થાશ્રમ વિના ભગવત્સેવા બહુ સારી રીતે ન બને, માટે સેવા માટે કરે. આ બાબતમાં નવમા સ્કંધમાં ભગવાન દુર્વાસા પ્રતિ કહે છે કે મારી સેવાથી સાક્ષાત પ્રાપ્ત થતી સાલોકયાદિ ચાર પ્રકારની મુકિત પણ મારા ભકતો ઇચ્છતાં નથી, કારણ કે તે મારી સેવાથી પૂર્ણ છે. (સર્વાર્થ સિદ્ધિ સેવાનેજ જાણે છે.) તેવા ભકતો કાળ જેનો નાશ કરે છે એવાં રાજ્ય વગેરે બીજાં સુખને શા માટે ઇચ્છે ? આ વાકયથી ભકત સેવામાં પ્રતિયમાન ચાર મુકિતની પણ ઇચ્છા કરતા નથી. એવી સેવાથી જે પૂર્ણ છે તેઓ કાળ બધા કરે એવી વસ્તુની ઇચ્છા તો કેમ કરે ? (૪)

**શ્લોક—ન ભવેત્પ્રાયશો ભોગે તદીયાનાં કવચિન્મનઃ ।**
**તથાપિ ચેદ્ભવેદ્ ભોગો નિવાર્યઃ સર્વથૈવહિ ॥૫॥**

**શબ્દાર્થ**—ભગવદીયનું મન ખાસ કરીને ભોગમાં આસકત થાય નહિં, તથાપિ કદાચ ભોગાસકત થાય તો તેનું સર્વ પ્રકારે નિવારણ કરવું. (૫)

વિચવેન—તદીયજન પોતાના સુખને માટે સ્ત્રીને જાણે નહિં, પરન્તુ ભગવત્સેવાને માટે જાણે. તેમજ ભગવદ્ ભકત પુત્ર થવાની ભાવનાથી ભોગ કરે, આથી નિરોધલક્ષણ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "પુત્રેકૃષ્ણપ્રિયે રતિઃ" ભગવદ્ ભકત હોય તેવા પુત્રનાં પ્રીતિ રાખે. આ વાક્યથી શ્રીકૃષ્ણમાં પ્રીતિ હોય એવો પુત્ર થાય એમ વિચારી વિષય કરે, ભગવત્સેવામાં કામ બાધક હોય તો ઇંદ્રિયો અને તેના સર્વ ધર્મોને ભગવત્સેવામાં યોજવા. (૫)

**શ્લોકઃ—ભાવોઽત્ર સાધનં માર્ગે પ્રમેયો ભગવાન્ હિ સઃ ।**
**પ્રમાણં કૃષ્ણસેવાદૌ સ એવ ચ ફલં પુનઃ ॥૬॥**

શબ્દાર્થ—આ પુષ્ટિમાર્ગમાં ભાવ સાધન છે, અને પ્રમેય ભગવાન છે. શરૂઆતમાં શ્રીકૃષ્ણની સેવા સાધન રૂપ છે, અને પછી તેજ શ્રીકૃષ્ણ ફળ છે. (૬)

વિવેચન—આ પુષ્ટિમાર્ગમાં સઘળી સેવાની રીતિ સાધન રૂપ દેખાય છે, પરંતુ સઘળી ભાવરૂપ છે. સાધનરૂપ દેખાય છે તે ફળરૂપ છે. તેનું કારણ શું ? એવું કોઈ કહે ત્યાં કહે છે કે ફળ તો પ્રભુ પોતાના પ્રમેય બળથી પોતાને હાથ રાખે છે, જ્યારે ઇચ્છા થશે ત્યારે આપશેજ. એવો નિયમ નથી કે આટલાજ દિવસમાં ફળ પ્રાપ્ત થાય. હવે સ્વભાવથી ફળની મનમાં ચાહના રહે છે તેથી સેવા સાધનરૂપ દેખાય છે. જે સેવાનેજ ફળરૂપ જાણે છે, તેને ફળરૂપ જ છે. માટે શ્રીકૃષ્ણની સેવા પ્રમાણ રૂપ તથા ફળરૂપ જાણે. પ્રમાણરૂપ જાણી જે કોઈ સેવા કરે છે તેને સાધન રૂપ છે, ને પ્રમેયરૂપ જાણીને ભગવત્સેવા કરે છે તેને સેવા ફળરૂપ છે. જે ભકતના હૃદયમાં જેવો ભાવ તેને તેવીજ પ્રાપ્તિ છે. (૬)

**શ્લોકઃ—તસ્માત્સ એવ સંરક્ષ્યો નિધિરૂપસ્તુ સર્વથા ।**
**એતદ્વિરુદ્ધં તત્સર્વં જ્ઞાત્વા જ્ઞાત્વા નિવર્તયેત્ ॥૭॥**

શબ્દાર્થ--માટે આ ભગવદ્‌ભાવજ નિધિરૂપ છે, તે સર્વથા રક્ષણ કરવા યોગ્ય છે. તેમાં જે વિરુદ્ધ હોય તે બધું સમજી સમજીને છોડી દેવું.–(૭)

વિવેચન—આવી રીતે પોતાના ભાવની અને પ્રભુના સ્વરૂપની રક્ષા સર્વ રીતે કરે. ઉપર કહેવામાં આવ્યું કે કાળ કઠિણ છે, રંચક પણ દુઃસંગ હોય તો પોતાના પ્રભુમાંથી વાત્સલ્યભાવ છુટી જાય, અને ભગવત્સેવા શિવાય બીજાં સાધનોમાં મન ચોંટે તો સેવામાં શિથિલતા આવી જાય. માટે પોતાના ભાવને નિધિરૂપ જાણી અનેક પ્રકારના દુઃસંગથી ભાવની રક્ષા કરી લે. તે રક્ષા કરવાનો પ્રકાર બતાવે છે કે ભગવત્સેવામાં સ્ત્રી પણ પ્રતિબંધ કરે તો તેનો પણ ત્યાગ કરીએ. સ્ત્રીનો ભાવ (સંબંધ) ન ગણીએ. તેવીજ રીતે માતા પિતા પુત્ર આદિ જે કોઈ પ્રતિબંધ કરે તેનો ત્યાગ કરીએ. આવી રીતે દેશમાં રાજાદિકનો અથવા દેહસંબંધી પ્રતિબંધ હોય તો જ્ઞાન કરી વિચારીને છોડે, એકદમ ન છુટે તો ક્રમથી ધીમે ધીમે સર્વ છોડે અને પોતાના ભાવની રક્ષા કરી લે. વળી પુષ્ટિમાર્ગની સેવા સર્વોપરિ જાણી સેવાનો ભાવ નિધિરૂપ જાણી ગુપ્ત રાખે. આવી રીતે રહે તેને શ્રીમહાપ્રભુજીની કૃપાથી જલદી અનુભવ થાય.–(૭)

ઇતિશ્રીહરિરાયજી વિરચિત સાતમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## માર્ગની સ્થિતિ :—

શ્રીહરિરાયજી નિત્યપ્રતિ શ્રીગોકુલેશની એકાંતિક રહસ્યાવાર્તાનું પણ શ્રવણ કરતા. એક સમયે આપ બિરાજ્યા હતા તે વારે કલ્યાણ ભટ્ટે શ્રીગોકુલેશને માર્ગની સ્થિતિ વિષે પૂછ્યું. ત્યારે શ્રીગોકુલેશે આજ્ઞા કરી કે, શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસ હરસાનીજીને એ વચન કહ્યાં હતાં કે, "દમલા યહ માર્ગ તેરેલિયે પ્રકટ કિયો હૈ" એથી જ્યાં સુધી દામોદરદાસજીની સ્થિતિ રહેશે ત્યાં સુધી માર્ગની સ્થિતિ છે. એ સાંભળી કલ્યાણ ભટ્ટે પુનઃ પ્રાર્થના કરી કે મહારાજ ! દામોદરદાસની સ્થિતિ કયાં સુધી સમજવી ? ત્યારે આપે શ્રીપ્રભુજીના "અજહૂંદસ જન્મ લૌ અંતરાય હૈ" એ વચનોને પ્રકટ કરતાં આજ્ઞા કરી કે દામોદરદાસજીના દસ જન્મ પર્યંત આ માર્ગની સ્થિતિ રહેશે. આ દસ જન્મનો સમય શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર ચારસો વર્ષ પર્યંતનો છે.

શ્રીમહાપ્રભુજીનાં ઉકત ચારસો વર્ષનાં વચનોને સાંભળી શ્રીદામોદરદાસજીએ શ્રી મહાપ્રભુજીને પ્રાર્થના કરી પોતાના તરફનાં ૫૦ વર્ષ વિશેષ વધારાવ્યાં હતાં. એમ કાકાજી (શ્રીગુસાંઈજી)ના શ્રીમુખથી સાંભળ્યું છે એ પ્રમાણે શ્રીગોકુલનાથજીએ આજ્ઞા કરી. એથી માર્ગની સ્થિતિ સાડા ચારસો વર્ષની માનવામાં આવી છે. તે વખતે કલ્યાણ ભટ્ટે પ્રાર્થના કરી કે, કૃપાનાથ ! જેમ શ્રીદામોદરદાસજીની વિનંતીથી પચાસ વર્ષ વધ્યાં તેમ આજ ફરીથી ન વધી શકે ? ત્યારે શ્રીગોકુલેશે આજ્ઞા કરી કે જો શ્રીનાથજીની કૃપા થાય તો તેમ પણ થઈ શકે. કેમકે શ્રીમહાપ્રભુજી શ્રીનાથજીને વશ છે. (ત્યારબાદ હરજીવન સોનીએ સોનાની જડાઉ કુલ્હે સિદ્ધ કરી શ્રીનાથજીને અંગીકાર કરાવી તે પ્રસંગમાં માર્ગની સ્થિતિ ૫૦ વરસ વધ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત છે.

# * શિક્ષાપત્ર ૮ મું *

હવે આઠમા શિક્ષાપત્રમાં ઐહિક તથા પારલૌકિકમાં ભગવાનજ ચિંતન કરવા યોગ્ય છે પરંતુ અન્યાશ્રય તો કરવોજ ન જોઈએ તેનું નિરૂપણ છે, ઉપર કહ્યું તે પ્રકારે ભગવત્સેવા ભાવ સહિત કરે, અને મનમાં દઢ વિશ્વાસ રાખે તો સર્વ સિદ્ધ થાય, તે આગળ કહે છે.

**શ્લોકઃ—ઐહિકે પારલોકે ચ સર્વસામર્થ્યસંયુતઃ ।।**
**સ એવ ગોકુલાધીશશ્ચિંતનીયઃ સદા હૃદિ ।।૧।।**

**શબ્દાર્થ**—આ લોક અને પરલોકમાં સર્વ સામર્થ્યયુક્ત શ્રીગોકુલાધીશ પ્રભુ છે, તેજ સદા હૃદયમાં ચિંતનીય છે.-(૧)

**વિવેચન**—શ્રીગોકુલાધીશ પ્રભુનું સદા હૃદયમાં ચિંતન કરે અને ભગવત્ સેવા કરે, તેમાં ચિંતા બાધક છે. એક તો આ ચિંતા કે હું ભગવત્સેવા કરૂં છું તો મારો લૌકિક નિર્વાહ શાથી થશે ? અને બીજી ચિંતા આ કે મારૂં અલૌકિક શી રીતે સુધરશે ? આ બેઉ ચિંતાનો ત્યાગ કરે. એવું જ્ઞાન મનમાં રાખે કે પ્રભુ સર્વ સિદ્ધ કરવામાં સામર્થ્યવાન છે. આ વિશ્વાસ દઢ કરી સદા નિયમપૂર્વક સ્મરણ કરે.-(૧)

**શ્લોકઃ—વિશ્વાસસ્તત્ર કર્તવ્યો ભદ્રમેવ વિધાસ્યતિ ।**
**સ્વદોષાદેવ તત્રાપિ દોષસ્ફૂર્તિર્યતો ભવેત્ ।।૨।।**

**શબ્દાર્થ**—પ્રભુમાં વિશ્વાસ રાખવો, ભગવાન કલ્યાણજ કરશે. જો તેમાં દોષની સ્ફૂર્તિ થાય તો પોતાના દોષથી થાય છે.-(૨)

**વિવેચન**—દઢ વિશ્વાસ મનમાં રાખે. આ વિશ્વાસભાવ મુખ્ય છે, કારણ કે વિશ્વાસ દઢ થાય તો ભગવદ્ધર્મ થોડો બને તો પણ તેનું કલ્યાણ થઈ જાય. લોકોને દેખાડવા માટે ભગવદ્ધર્મ બહુ કરે પણ મનમાં વિશ્વાસ ન હોય તો ધર્મમાં ફળસિદ્ધિ ન થાય. આથી શ્રીમહાપ્રભુજી વિવેક ધૈર્યાશ્રયમાં આજ્ઞા કરે છે, કે **"બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ, પ્રાપ્તં સેવત નિર્મમ"** બ્રહ્માસ્ત્ર અને ચાતકની ભાવના રાખવી. અવિશ્વાસથી બ્રહ્માસ્ત્ર નિષ્ફળ ગયું, અને ચાતકને વિશ્વાસ છે તો મેઘ જળ આપે છે. વળી મમતા રહિત થઈ જે પ્રાપ્ત થયું હોય તેનાથી ચલાવે. ( નિર્વાહ કરે). જ્યારે હનૂમાનજી સીતાજીની ખબર લેવા લંકામાં ગયા હતા, ત્યાં રાક્ષસોના બાગ ઉજ્જડ કરી અનેક રાક્ષસોને માર્યા હતા, એટલે રાવણે ઇંદ્રજીતને મોકલ્યો. તે ઇંદ્રજીતે પ્રથમ તો બહુજ ઉપાય કર્યા, પણ હનૂમાનજી પકડાય નહિં, ત્યાર પછી બ્રહ્માસ્ત્ર માર્યું ત્યારે હનુમાનજી બ્રહ્માસ્ત્રનું મહાત્મ્ય સાચું કરવા તેમાં બંધાયા. એટલે ઇંદ્રજીત હનુમાનજીને લઇને રાવણની પાસે આવ્યો, ત્યારે રાવણે કહ્યું કે એવો બળવાન વાનર છે કે જેણે કેટલાય રાક્ષસોને માર્યા છે તેને સૂત્રના તારમાં કેમ બાંધ્યો છે? તેને લોઢાની (જંજીર) સાંકળોથી બાંધો. એટલે બ્રહ્માસ્ત્ર ઉપર લોઢાની સાંકળો બાંધી. આવી રીતે

રાવણને અવિશ્વાસ આવ્યો એટલે બ્રહ્માસ્ત્ર એની મેળે છુટી ગયું, અને હનુમાનજીએ પોતાનું સ્વરૂપ વધાર્યું એટલે સઘળી સાંકળો તૂટી ગઈ. પછી લંકા બાળી. આવી રીતે અવિશ્વાસથી બ્રહ્માસ્ત્રનું બળ છુટી ગયું, અને ચાતક એક સ્વાંતિનાંજ બુંદનો વિશ્વાસ રાખે છે, અન્ય જળને પૃથ્વી પર જાણતું જ નથી. આવો વિશ્વાસ હોવાથી ઘન (મેઘ) જડ છે તોપણ તેનો મનોરથ પૂર્ણ કરે છે. માટે વૈષ્ણવને મુખ્ય વિશ્વાસ જોઈએ. અવિશ્વાસ છે તે આસુર ધર્મ છે, અને વિશ્વાસ છે તે ભગવદ્ધર્મ છે. માટે જેના હૃદયમાં દૃઢ વિશ્વાસ હોય તેને સર્વ ફળની પ્રાપ્તિ થાય. ભકત પોતાના દોષને વારંવાર વિચારે, પોતાને દોષરૂપ જાણી દોષને શોધી કાઢી મનમાં પોતાના દોષનો વિચાર કરે તો મનમાં દીનતા આવે, કે હું મહા દોષવંત છું, મારા પર પ્રભુ શી રીતે દયા કરશે? આ પ્રમાણે દોષની સ્ફુર્તિ થાય તો પ્રભુની મોટી કૃપા જાણવી. આ બાબતમાં ભગવદીયો ગાય છે, કે "માધો હોં પતિતનકો રાજા, હું પતિતનકો નાયક, હુ પતિતનકો ઈશ" આવી રીતે પોતાને સર્વથી દોષ રૂપ જાણે તો જાણવું કે દોષની સ્ફુર્તિ થઈ. આમ થાય એટલે દીનતા આવે અને ત્યારેજ પ્રભુ કૃપા કરે.-(૨).

**શ્લોકઃ—આર્તિઃ ફલં સાધનં ચ વ્રજાધિપતિસંગમે ।**
**અતઃ સદા તદાર્ત્યૈવ સ્થીયતાં તત્કૃપાયુતૈઃ ॥૩॥**

શબ્દાર્થ—વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણના સમાગમ અર્થે જે આર્તિ છે તેજ સાધન અને તેજ ફળ છે, માટે પ્રભુની કૃપાવાળા ભકતોએ સદા આર્તભાવથી રહેવું. (૩).

વિવેચન—પ્રભુને મળવાની આર્તિ (આતુરતા) છે તે સાધન છે, અથવા આર્તિ સમાન કોઈ સાધન નથી, અને ફળ પણ આર્તિ છે. હૃદયમાં આર્તિ થાય તો ભગવત્સેવાસ્મરણ બધું થાય, અને પ્રભુ કૃપાકરી અનુભવ કરાવે. જેમ જેમ આર્તિ વધે, તેમ તેમ અધિક અનુભવ પ્રભુ કરાવે. માટે આર્તિ (આતુરતા) છે તે ભગવાનનો સંગમ કરાવવામાં કારણ રૂપ છે. સદા વિપ્રયોગાર્તિ કરતાં કરતાં આર્તિરૂપ બની જાય, તો પ્રભુ કૃપા કરે, જેમ અગ્નિના સંબંધથી નવનીત પીગળી જાય. તેમજ વિપ્રયોગ આર્તિ જ્યારે થાય ત્યારે પ્રભુનું હૃદય દ્રવિભૂત થાય. તે બાબતમાં નિરોધલક્ષણમાં શ્રી આચાર્યજી મહાપ્રભુજી આજ્ઞા કરે છે, કે "આર્તિયુકત જીવને દેખીને પ્રભુ જ્યારે કૃપાયુકત થાય ત્યારે સદાનંદ ભગવાન આપ હૃદયમાંથી બહાર પ્રકટે છે." આ વાકયથી અતિ કલેશયુકત જીવને દેખે, ત્યારે પ્રભુ કૃપા કરીને હૃદયમાંથી બહાર પધારી દર્શન આપે છે. માટે આર્તિજ પુષ્ટિમાર્ગમાં સાધન છે, તથા આર્તિજ ફળ છે. જ્યારે વિપ્રયોગમાં તદ્રૂપ થાય ત્યારે પ્રભુ કૃપા કરે.-(૩).

**શ્લોકઃ—અન્યાશ્રયો મહાનેવ બાધકો ભીયતાં તતઃ ।**
**તત્ક્ષણેનૈવ સચ્ચેતો વિમુખં વૈ વિધાસ્યતિ ॥૪॥**

શબ્દાર્થ—અન્યાશ્રય બહુજ બાધક છે, માટે અન્યાશ્રયથી બીવું, કારણ કે જે ક્ષણે અન્યાશ્રય થયો તેજ ક્ષણે સત્યપુરુષના ચિત્તને પણ તે બહિર્મુખ કરશે.-(૪).

વિવેચન—ઉપર કહ્યું કે વિપ્રયોગાર્તિજ સાધન અને ફળ બેઉ છે. તેમાં અન્યાશ્રય બાધક છે, જે સઘળી આર્તિનો નાશ કરે, સઘળા ધર્મનો નાશ કરે. માટે અન્યાશ્રયથી સદા

બીતા રહેવું. હારિતસ્મૃતિમાં તે બાબતમાં કહ્યું છે કે, "નાન્યં દેવં નમસ્કુર્યાન્નાન્યં દેવં નિરીક્ષયેત્ । નાન્યપ્રસાદમંશ્નીયાન્ નાન્યદાયતનં વ્રજેત્" (અન્ય દેવને નમસ્કાર ન કરવો, અન્યદેવનાં દર્શન ન કરવાં, અન્યદેવનો પ્રસાદ નહિ લેવો, અને અન્યદેવના મંદિરમાં નહિં જવું) વિગેરે શ્રુતિનાં વચન વિચારી અન્યદેવને દેખે પણ નહિં અને નમસ્કારાદિક પણ ન કરે. અને પ્રસાદ પણ ન લે અને અન્ય દેવનો આશ્રય કરે તેને બહિર્મુખ જાણીએ. પોતાના ભાવનું રક્ષણ કરવા પોતાના મનથી તેનો જલ્દી ત્યાગ કરે. કારણ કે બહિર્મુખના એક ક્ષણના પણ સંબંધથી દુર્બુદ્ધિ થાય છે. આ બાબત શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે. "હું મૃગની દૃષ્ટિ જેવી ચપલ દૃષ્ટિવાળા વ્રજભકતોના સંગી જે શ્રીકૃષ્ણ તેમનો અંગીકૃત છું, તેથી અન્ય સંબંધની ગંધ પણ મારી કંધરાને (ગળાને) બાધક છે. (ગળું પકડે છે.) આ વાકયથી જાણવું જે ભગવાનના ભકતને અન્ય સંબંધ આવી રીતે બાધા કરે છે. માટે બહિર્મુખ જીવનો સંગ છોડીને પોતાના ભાવની રક્ષા કરે, આ ખાસ સિધ્ધાંત છે.-(૪).

**શ્લોક—તદીયેષુ સદા સ્થેયં સદ્‌ભાવેનેવ સર્વથા ।**
**ત એવ ભકિતમાર્ગસ્ય સહાયત્વે નિરૂપિતાઃ ॥૫॥**

**શબ્દાર્થ**—ભગવદીયમાં સદા શુદ્ધ ભાવ રાખીનેજ રહેવું. કારણ કે જે ભગવદીય છે તેજ ભકિતમાર્ગીય સહાયતામાં છે તેવું નિરૂપિત છે. (૫)

**વિવેચન**—ભગવદીયની સાથે રહે તો બહિર્મુખ ન થાય, અન્યાશ્રય પણ ન થાય, પ્રભુમાં સુંદર ભાવ વધે. ખાસ કરીને શુદ્ધ ભાવથી ભગવદીયનો સંગ કરે, અને તે સંગ પણ પ્રભુ મેળવવાને માટે કરે. કશી લૌકિક વૈદિક ઇચ્છા ન રાખે. આ ભકિતમાર્ગમાં ભગવદીયોની સહાયથી ભકિત વધે અને પ્રભુ કૃપા કરે. માટે ભગવદીયનો સંગ કરે. આ બાબતમાં શ્રીભાગવતના પ્રથમ સ્કંધમાં શૌનકનું વાકય છે કે "ભગવાનના સંગી ભકતના એક ક્ષણના સત્સંગ બરાબર સ્વર્ગ કે મોક્ષ પણ નથી, તો તેની સરખામણીમાં (સત્સંગની સરખામણીમાં) નાશવંત રાજ્યાદિકના સુખની ગણના તો શી રીતે હોઈ શકે?" ભગવદીયનો સંગ એક ક્ષણ હોય તો તે સુખ બરાબર સ્વર્ગનું કે મોક્ષનું સુખ નથી, તેથી સત્સંગ એવો છે. વળી ભાગવત એકાદશ સ્કંધમાં ઉદ્ધવજી પ્રતિ શ્રીકૃષ્ણ કહે છે કે, હે ઉદ્ધવ! મને યોગ વશ કરતો નથી, નહિં સાંખ્ય, નહિં ધર્મ, નહિં સ્વાધ્યાય (વેદાભ્યાસ,) નહિં તપ, નહિં દાન, નહિં કૂવાચોતરા વિગેરે, નહિં દક્ષિણા, નહિં વ્રત, યજ્ઞો, છંદ, તીર્થ, નિયમ, યમ, આમાંનુ કશું પણ મને વશ કરી શકતું નથી. સર્વ પ્રકારની આસકિતનો નાશ કરનાર સત્સંગજ મને વશ કરે છે. સત્સંગથી દૈત્યો, યાતુધાના (રાક્ષસો) પક્ષી, મૃગ, ગંધર્વ, અપ્સરા, નાગ, સિદ્ધ, ચારણ, ગુહ્યક, એવા ઘણા તેમજ વૃત્રાસુર, પ્રહલાદ, આદિ મારા ચરણકમળને પ્રાપ્ત થયા છે. શ્રીભગવાન ઉદ્ધવજીને કહે છે કે મને સત્સંગ વશ કરે છે, બીજું કોઈ નહિં. યોગ, સાંખ્ય, ધર્મ, તપ, ત્યાગ, નિયમ, વ્રત, યજ્ઞ, તીર્થ વિગેરે મને કોઈ વશ કરતાં નથી, પણ દૈત્ય, રાક્ષસ, ખગ, મૃગ, ગંધર્વ, અપ્સરા, નાગ, સિદ્ધ, ચારણ, મનુષ્ય વિ. સત્સંગના પ્રભાવથી મને પ્રાપ્ત થયા છે. તેથી શુદ્ધ ભાવથી ભગવદીયનો સત્સંગ કરે, તો પુષ્ટિમાર્ગમાં ભગવદીયની કૃપાથી ભકિત વધે, તેનું ચોરાશીની વાર્તામાં વર્ણન છે. ગદાધરદાસજીના આશીર્વાદથી તથા સત્સંગથી માધવદાસને ભકિતની પ્રાપ્તિ થઈ. (૫)

**શ્લોકઃ—અસ્માકં તુ તદીયાનાં પ્રસંગોઽપિ સુદુર્લભ ।**
**ચેતોઽપિ સાધનાભાવાદ્વિમુખં તિષ્ઠતિ સ્વતઃ ॥૬॥**

**શબ્દાર્થ**—અમને તો તદીય (ભગવદીય)નો સંગ તો મહા દુર્લભ છે, અને ચિત્ત પણ સાધનના અભાવથી સ્વતઃ વિમુખ રહે છે. (૬)

**વિવેચન**—અમને તો તદીય (ભગવદીય) નો સંગ તો મહા દુર્લભ છે, એક ક્ષણ પણ ભગવદીય મળતા નથી. એક તો આ દુઃખ છે, અને બીજું વ્યગ્ર ચિત્તથી સાધન, સ્મરણ, ભાવના કશો ભગવદ્ધર્મ બનતો નથી. ભગવદીયના સંગનો અભાવ છે અને એકલું ચિત્ત ભગવદ્ધર્મમાં લાગતું નથી. તેથી કરીને હૃદયમાં બહિર્મુખતા થાય છે. પ્રભુને પ્રસન્ન કરવાના બે ઉપાય છે. એક તો ભગવદીયના સત્સંગથી પ્રભુમાં મન લાગે અને સંગ ન હોય તો અષ્ટપ્રહર ચિત્ત ભગવલ્લીલામાં વળગ્યું રહે. આવું થાય તો પ્રભુ કૃપા કરે. ભગવદીયનો અભાવ હોય અને મનથી સાધનનો અભાવ હોય તો બહિર્મુખતા થાય, તે તો અમારી થઇ છે. હવે અમે શું કરીએ ? આવી રીતે જીવોને માટે શ્રી હરિરાયજી દીનતા કરે છે-(૬)

**શ્લોકઃ—ગતો હિ ભગવદ્દાસઃ સ્વકાર્યાય વિદેશકે ।**
**વ્રજપાલોઽપિ ચલિતેસ્તેન મે દુઃખિતં મનઃ ॥૭॥**

**શબ્દાર્થ**—ભગવાનદાસ પોતાનું કાર્ય કરવા વિદેશ ગયા છે, અને વ્રજપાલ સેવક પણ પરદેશ ગયા છે, એટલે મારૂં મન દુઃખીત છે.-(૭).

**વિચવેન**—એક ભગવદીય ભગવાનદાસ અમારી પાસે હતા તે પણ પોતાના કાર્ય માટે પરદેશ ગયા છે, અને બીજા વ્રજપાલ પણ પરદેશ ગયા છે, તેથી મારૂં મન દુઃખિત છે. હું તેમની સાથે પણ ન ગયો, અને તેમને મારી પાસે પણ ન રાખી શક્યો, આથી સત્સંગ વિના મન બહુજ દુઃખી છે.-(૭).

**શ્લોકઃ—મયિ યદ્યપિ નાસ્ત્યેવ કિંચિત્તત્કૃપયા પુનઃ ।**
**યદસ્તિ તદપિ સ્વીયસાધનાભાવતો ગતમ્ ॥૮॥**

**શબ્દાર્થ**—જો કે મારામાં કશો ધર્મ નથી, તોપણ તેની કૃપાથી જે કંઈ છે, તે પણ અમારા સાધનના અભાવથી ગયું છે. ('ત્વત્કૃપયા' એવો પાઠ હોય તો 'તમારી કૃપાથી' એવો અર્થ છે.)-(૮).

**વિવેચન**—ભગવદીય મારી પાસેથી પધાર્યા તેથી હું જાણું છું કે મારામાં સ્નેહ હોત તો સત્સંગ અને ભગવત્સેવા ઘરમાંજ સર્વ છે, તે શાથી છુટે ? પણ મારા હૃદયમાં સ્નેહ નથી, તેથી આવું બન્યું છે. જો કે મારામાં સ્નેહ નથી તો પણ એક તમારી કૃપાનું બળ છે, તેથી મારા પર પ્રસન્ન છો. મારાથી લૌકિક વૈદિક કાર્ય પણ બનતા નથી, આથી ગૃહસ્થાશ્રમના કામનો પણ હું રહ્યો નથી. અને પ્રભુને પ્રસન્ન કરવા માટેનાં પુષ્ટિમાર્ગીય જે ધર્મ તેનો પણ અભાવ છે, તે પણ બનતાં નથી. તેથી હવે હું સર્વ રીતે નિઃસાધન બની ગયો છું.-(૮).

**શ્લોકઃ—એતાદશેઽર્થે સંપ્રાપ્તે સ હરિઃ શરણં મમ ।**
**ઐહિકે પારલોકે ચ નૈશ્ચિંત્યં તત એવ નઃ ॥૯॥**

શબ્દાર્થ—એવી સ્થિતિ મારી થઈ છે છતાં શ્રી હરિજ મારા આશ્રયરૂપ છે, તેથીજ અમને આ લોક તથા પરલોકમાં નિશ્ચિતતા છે.–(૯).

વિવેચન—એવો નિઃસાધન જે હું તેની હરિશરણુજ એક ગતિ છે. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રયમાં કહે છે કે મનમાં એનોજ આશ્રય કરે "ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ" લૌકિક વૈદિક સિદ્ધિ ન બની આવે તો પણ હરિશરણુ સર્વ રીતે રાખે તો તેથી કરીને સર્વ સિદ્ધ થશે, માટે હરિનું શરણુ સર્વ રીતે સ્વિકારી નિશ્ચિત છું. હરિ હવે પોતાનો કરી લેશે. શ્રીમહાપ્રભુજી કૃષ્ણાશ્રય ગ્રંથમાં આજ્ઞા કરે છે કે, "શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ" (શરણુમાં રહે તેનો ઉદ્ધાર કરનારા શ્રી કૃષ્ણુને હું વિનંતી કરું છું.) આ વાકયથી જે શરણુસ્થ ભકત છે, તેનો ઉદ્ધાર પ્રભુ નકકી કરશેજ, સાધન બને કે ન બને તો પણુ. આ બાબતમાં ભગવાન ભગવદ્ ગીતામાં કહે છે કે ' સર્વ ધર્મ તજીને સત્વગુણુ, રજોગુણુ, તમોગુણુ છોડીને ( નિર્ગુણુ બનીને ) એક મારેજ શરણે આવ એટલે હું તને સર્વ પાપથી મુકત કરીશ, શોક ન કર. એટલે હરીનું શરણુ કર્યું છે તેથી આ લોક સંબંધી કાર્ય તથા પરલોક બેઉ તરફથી નિશ્ચિત છું.–(૯).

**શ્લોકઃ—કદાચિન્નિમિલનં ચેત્સ્યાત્સદ્ભાગ્યેન ભવાદશામ્ ॥**
**તદા કો વેદ ચિત્તસ્ય પરાવૃત્તિઃપુનર્ભવેત્ ॥૧૦॥**

શબ્દાર્થ—મારા ભાગ્યથી કદાપિ આપના જેવાઓનો મેળાપ થશે, તો પછી ફરી ચિત્તની પરાવૃત્તિ થાય. એટલે પાછું ફરવું તે, મતલબ કે આઠમા શ્લોકમાં લખ્યું છે તે પ્રમાણે ચિતમાં જે ધર્મ હતો તે ગયો છે, તે ધર્મ પાછો આવશે કે નહિં તે કોણુ જાણે ?–(૧૦).

વિવેચન—અમે તો ભગવદિયની સંગતિ વિના આ પ્રમાણે દુઃખી થઈએ છીએ. બીજા જીવોને તો કોઈવાર પણુ ભગવદીય મળે છે, પણુ તેઓના ભાગ્યમાં ભગવલ્લીલા, ભગવત્સેવા, અને પુષ્ટિમાર્ગના રસનો અનુભવ લખ્યો નથી તેથી તે જીવોનું સત્સંગમાં મન લાગતું નથી. કારણુ કે તેમને હજીએ પુનરાગમન ( બહુ જન્મ ) બાકી છે, બહુ અંતરાય છે, આમ કહીને શ્રીહરિરાયજીએ જણાવ્યું કે પ્રથમ તો ભગવદીયનો સત્સંગજ દુર્લભ છે. તો પણુ કદાપિ ભાગ્યવશાત મળી જાય તો પણુ જીવનું મન તેમાં લાગતું નથી. માટે જેનું મન સત્સંગમાં ન લાગે તેને માટે એમ જાણુવું કે આ જીવના ભાગ્યમાં અનુભવ લખ્યો નથી, આ જીવ સંસારમાં બહુજ ભમશે, તેને અનેક જન્મનો અંતરાય જાણુવો.–(૧૦).

**શ્લોકઃ—કિયલ્લેખ્યં મહાચિંતાસમુદ્રો હૃદિ વર્તતે ।**
**સ્થિતેઽપિ શિરસિ પ્રાણુનાથે ચિત્તવિભેદતઃ ॥૧૧॥**

શબ્દાર્થ—હું કેટલુંક લખું ? જો કે મારે માથે પ્રાણુનાથ (શ્રી ઠાકોરજી ) બિરાજે છે, તો પણુ ચિત્તના વિક્ષેપથી હૃદયમાં મહા ચિંતાનો સમુદ્ર રહે છે.–(૧૧).

વિવેચન—જીવનો સ્વભાવ તથા જીવની ક્રિયા દેખીને મારા મનની ચિંતા હું કેવી રીતે લખું ? ચિંતાનો સમુદ્ર મારા હૃદયમાં ભર્યો છે (આમ કહીને એમ જણાવે છે, કે અપાર ચિંતા હૃદયમાં સમુદ્રની પેઠે ભરી છે,) પત્રમાં કયાં સુધી લખું? તે ચિંતા દુર કરવાનું મારૂં સામર્થ્ય નથી. મારા મનનું સામર્થ્ય હોત તો હું ઉપાય કરત. પણ મને એક ભરોસો છે કે મારા પ્રાણનાથ મારે માથે બીરાજે છે તેથી શ્રીમહાપ્રભુજીની કૃપાથી મારી ચિંતાનો નાશ થશે, આ બળ મારામાં છે. બીજો અર્થ કહે છે. ચિંતા કરીને મારા પ્રાણ માથે આવી રહ્યા છે, એવી ચિંતા હૃદયમાં સમુદ્રની પેઠે ભરી છે. શ્રીઠાકોરજી મારા પ્રાણનાથ છે, તે પ્રાણની રક્ષા કરવા માટે મારૂં દુઃખ (ચિંતાનો સમુદ્ર હૃદયમાં ઉછળ્યો છે તે) જરૂર શાંત કરશે. આવી રીતે વિપ્રયોગનો અનુભવ કરતાં કરતાં પોતાના હૃદયમાં તન્મયતા થાય અને કેવળ નિઃસાધનતા થાય તો પ્રભુના સ્વરૂપનો અનુભવ થાય એમ શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે. આ નિરૂપણ કરી કેવળ રસાત્મક સ્વરૂપનો અનુભવ શી રીત થાય તેનું આગળના શિક્ષાપત્રમાં વર્ણન કરે છે.-(૧૧).

ઇતિશ્રીહરિરાયજી કૃત ૮ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## શ્રીહરિરાયજીની માનસી પરાભકિત

શ્રીહરિરાયજીને માનસી પરાભકિત સિદ્ધ થઈ ચૂકી હતી. તેની પુષ્ટિમાં એક પ્રસંગ આ રીતે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે—

એક સમયે શ્રીવિઠ્ઠલનાથજીના ઘરમાં નંદમહોત્સવ થઇ રહ્યો હતો. ત્યારે શ્રીઠાકુરજી કાષ્ટના પલનામાં ઝુલતા હતા. અને "તુમ વૃજરાની કે લાલા" એ પદ ગવાતું હતું. એ પદની "રત્નજટિતકો પાલનો લાલ" એ પંકિત સાંભળીને શ્રીગોપેશ્વરજીના હૃદયમાં એવો મનોરથ થયો કે આવતા વર્ષે આ પ્રમાણેનું પાલનુ સિદ્ધ કરાવીને તેમાં શ્રીઠાકુરજીને ઝુલાવવા.

શ્રીગોપેશ્વરજીએ પોતાના તે મનોરથને શ્રીહરિરાયજી સમક્ષ નિવેદન કર્યો અને તેને સિધ્ધ કરવાને માટે આગ્રહ પણ કર્યો. શ્રીહરિરાયજી તો નિરંતર માનસીમાં જ મગ્ન રહેતા હતા એટલે તેમને બાહ્ય અનુકરણ પ્રતિ વિશેષ મમત્વ ન હતું, છતાં આપે શ્રીગોપેશ્વરજીના સંતોષાર્થે તેમ કરવાની હા પાડી. ત્યારબાદ શ્રીગોપેશ્વરજી પલનુ તૈયાર કરાવવાને જ્યારે જ્યારે આપશ્રીને નિવેદન કરતા ત્યારે ત્યારે આપ આજ્ઞા કરતાં કે, જન્માષ્ટમી ઉપર તમારો મનોરથ સિદ્ધ થશે. એમ કરતાં જન્માષ્ટમી આવી પણ પલનું તૈયાર થઈને આવ્યું નહિં ત્યારે શ્રીગોપેશ્વરજીને નોમીના પ્રતઃકાલમાં અત્યંત કલેશ થયો. એ કલેશથી આપ મૂર્ચ્છિત થયા. એમાં આપની પોતાની હૃદયગત ભાવનાને અનુસાર શ્રીહરિરાયજીની પ્રાર્થનાથી શ્રીગોપેશ્વરજીને શ્રીહરિએ રત્નજડિત પલનામાં ઝુલતા પોતાનાં દર્શન આપ્યાં. એ સમયે શ્રીગોપેશ્વરજીએ પણ શ્રીઠાકુરજીને ઝુલાવ્યા. એ અલૌકિક સુખમાં આપ તન્મય થઈ ગયા.

આ પ્રકારના વિશેષ અનુભવથી કદાચ શ્રીગોપેશ્વરજી લીલામાં પ્રાપ્ત ન થઇ જાય એમ સમજી શ્રીહરિરાયજીએ તેમને વેદમંત્રના જલથી બાહ્ય સ્મૃતિ પ્રાપ્ત કરાવી એટલે શ્રીગોપેશ્વરજી સચેત થયા.

શ્રીહરિરાયજી 'સર્વજ્ઞ' હતા, એથી આપે શ્રીગોપેશ્વરજીના તે અનુભવને જાણી સ્મિત હાસ્ય વડે તેમને પૂછ્યું કે કહો, બાહ્ય અનુકરણથી એવું સુખ પ્રાપ્ત થાત? તે દિવસથી શ્રીગોપેશ્વરજી પણ દિનરાત માનસીમાં મગ્ન રહેતા.

# * શિક્ષાપત્ર ૯ મું *

હવે નવમા શિક્ષાપત્રમાં પ્રેમ આસક્તિ અને વ્યસનનું સ્વરૂપ જુદું જુદું નિરૂપણ કરે છે. ઉપરના પત્રમાં દીનતાથી નિઃસાધન થાય તો અનુભવ થાય એવું નિરૂપણ કર્યું, તે અનુભવ શી રીતે થાય ? તે આગળ કહે છે.

શ્લોકઃ—કદાનિજપતિઃ કૃષ્ણઃ સ્વબિંબં દર્શયિષ્યતિ ।
બદ્ધબર્હશિખં નીલકુંતલાવરણાનનમ્ ॥૧॥

શબ્દાર્થ—મયુરના પીચ્છથી શોભતું અને નીલકુંતલના આવરણવાળું મુખ છે જેમનું એવા અમારા પતિ શ્રીકૃષ્ણ પોતાના સ્વરૂપનું દર્શન ક્યારે કરાવશે ?–(૧).

વિવેચન—શ્રીકૃષ્ણ અમારા પતિ છે, તેમનું દર્શન ક્યારે થશે ? શ્રીહરિરાયજી ઠાકોરજી મારા પતિ છે એમ કહે છે કારણ કે પોતે વ્રજભક્તના ભાવથી ભાવિત છે, પોતાના દેહનું અનુસંધાન ભુલી ગયા છે, અત્યંત વિરહથી ભીતરનો આ ભાવ બહાર છલકાઈ રહ્યો છે, માટે અમારા પતિ કહે છે. તથા શ્રીઆચાર્યજી દ્વારા બ્રહ્મસંબંધ થયું છે, તુલસી ચરણારવિંદમાં સમર્પી છે, આ પ્રમાણે બ્રહ્મસંબંધનું સ્મરણ કરી શ્રી ઠાકોરજી અમારા પતિ છે એમ કહ્યું.) હવે શ્રીકૃષ્ણ પોતાના સ્વરૂપનું દર્શન ક્યારે દેશે ? તે કૃષ્ણ કેવા છે ? ત્યાં કહે છે કે મોરના સ્વચ્છ પિચ્છના ગુચ્છાથી મુકુટ સંવારી માથે ધારણ કર્યો છે. તેનો અભિપ્રાય એ છે કે મુકુટનો શ્રુંગાર છે તે શ્રીસ્વામિનીજીને રસદાન માટે છે, માટે મુકુટ ધરે છે. તેથી જલદી દર્શન દઈને રસદાન કરશે. અને નીલકુંતલ ( શ્યામ અલકાવલિ ) મુખારવિંદની ઉપર આવી રહી છે એવા શ્રીકૃષ્ણ ક્યારે દર્શન દેશે ?–(૧).

શ્લોક—ભ્રૂધનુઃ સંધિતશરં કસ્તૂરીચિત્રકાંકિતમ્ ।
ઇંદીવરદલાદૈર્ઘ્યવિશાલનયનદ્વયમ્ ॥૨॥

શબ્દાર્થ—ભ્રૂકુટિરૂપ ધનુષમાં સાંધ્યું છે શર જેણે, અને ( જેમનું મુખ ) કસ્તુરીના ચિત્રિતથી ચિત્રિત છે, તથા કમળદળથી મોટા વિશાળ બે નેત્ર છે જેનાં (અઢાર શ્લોક સુધી સ્વરૂપ વર્ણન છે) આવા સ્વરૂપનું દર્શન ક્યારે થશે ?–(૨).

વિવેચન—ભ્રૂકુટિ ધનુષની પેઠે છે, વળી રસરૂપ કસ્તુરીનું તિલક છે, તથા કપોલોમાં કમળપત્ર અને ધનુંષબાણ છે તે લઈ અમારા મનને ક્યારે મારશે ? અને કમળના પત્રની પેઠે મોટાં, અતિવિશાળ બેઉ નેત્રોથી દર્શન દઈ અમારો તાપ ક્યારે હરશે ?–(૨).

શ્લોકઃ—મૌક્તિકાભરણાલંબિસુનાસં સરસાધરમ્ ।
ત્રિરેખકંઠવિલસત્કંઠાભરણભૂષિતમ્ ॥૩॥

શબ્દાર્થ—મોતીનાં આભરણ (ભૂષણ) થી શોભી રહેલી છે નાસિકા જેમની, સુધારસ સહિત છે અધર જેમનું, ત્રણ રેખાયુક્ત કંઠમાં વિશેષ શોભિત જે કંઠાભરણ તેનાથી (પ્રભુ) ભૂષિત છે.-(૩).

વિવેચન—મોતીના નકવેસરથી યુક્ત એવી લાંબી જે નાસિકા તે અત્યંત સુંદર દેખાય છે. તે નકવેસરનું મોતી પરમ શોભાયમાન, ઉજ્વલ, અરુણ અધરપર આવી રહ્યું છે, તે માનો શ્રીસ્વામિનીજીનો નિર્વિકરી ભાવ અધરસુધારસનું પાન કરે છે. કંઠમાં ત્રણ રેખા છે, તેમાં સાત્વિક, રાજસ, તામસ, એ ત્રણ પ્રકારના ભકતોની સ્થિતિ છે, અથવા ત્રિલોકી મોહિત છે. અને શ્રી કંઠમાં કંઠાભરણ (કંઠસરી) વગેરે શોભે છે, એવા શ્રીકૃષ્ણ અમને કયારે દર્શન દેશે?-(૩).

શ્લોકઃ—પ્રફુલ્લગણ્ડયુગલં ચિબુકાભરણાન્વિતમ્ ।
સુવર્ણસૂક્ષ્મમણિયુક્વનમાલાવિરાજિતમ્ ॥૪॥

શબ્દાર્થ—પ્રફુલ્લિત છે બેઉ ગંડસ્થળ જેમનાં, વળી ચિબુકના ભૂષણથી યુક્ત છે અને સુવર્ણના સૂક્ષ્મ મણિકાયુક્ત વનમાળાથી વિરાજિત છે.-(૪).

વિવેચન—બેઉ ગંડસ્થળ પ્રફુલ્લિત છે, તેનું યુગલગીતમાં વર્ણન છે કે "બદરપાંડુવદનો મૃદુગંડઃ" (પાકાં બોર જેવું શ્વેત છે મુખારવિંદ જેનું, અને કોમળ છે ગંડસ્થળ જેમનાં) જેમ પાકા બોરમાં શુક ચાંચ મારે તેમ અહિં શ્રીસ્વામિનીજીના દંતક્ષત થાય એવા કપોલ છે, અને ચિબુક ભૂષણ છે તે શ્રીસ્વામિનીજી અધરસુધાનો અનુભવ કરે છે. ત્યાં રસના આધિકયથી અધરથી રસ વહે છે તેનો શ્રીચંદ્રાવલીજી અનુભવ કરે છે. તે ભાવનું મધુરાષ્ટકની ટીકામાં સ્પષ્ટ વર્ણન છે. એવું ચિબુક ભૂષણ વિરાજિત છે, તેમજ સોનાના નાના મણિકાની માળાથી કંઠ વિરાજિત છે, એવા શ્રીકૃષ્ણ કયારે દર્શન દેશે.-(૪).

શ્લોક—ઉરઃસ્થલલસત્સ્વચ્છવક્રવૈયાઘ્રબાહુજમ્ ।
રત્નવ્યવહિતસ્થુલમુકતામાલાંચિતોદરમ્ ॥૫॥

શબ્દાર્થ—ઉરઃસ્થળમાં શોભિત છે સ્વચ્છ વાંકા વાઘનખ જેમને, અને રત્નની પરોવેલી મોટા મોતીની માળાથી શોભી રહ્યું છે ઉદર જેમનું.-(૫).

વિવેચન—ઉરઃસ્થળપર ઉજ્વળ અને વાંકા વાઘનખ શોભી રહેલા છે, તે એટલા માટે છે કે શ્રીયશોદાજીએ બાળકની રક્ષાને માટે ધરાવ્યા છે. બીજો એવો પણ ભાવ છે કે શ્રીસ્વામિનીજીના નખક્ષત ઉરપર ભાવ સહિત ધારણ કરે છે. વળી રત્નથી ગુંથેલી નવરત્નયુકત મોટી માળા (જેને વૈજયન્તી માળા કહે છે તે) સર્વ ભકતોના ભાવથી વિરાજિત છે, અને મોટા મોટા મોતીઓની માળા પણ ઉદર પર બિરાજે છે, એવા શ્રીકૃષ્ણ કયારે દર્શન દેશે?-(૫).

શ્લોકઃ—સુવર્ણકૃત્રિમમણિસ્થુલમાલાતિસુંદરમ્ ।
ગુંજાફલમહન્માલાલસદૂરુયુગાંતરમ્ ॥૬॥

**શબ્દાર્થ**—સુવર્ણના કૃત્રિમ મણિકાથી સ્થૂળ એવી જે માળા તેનાથી શોભાયમાન અને ગુંજાની મોટી માળાથી સુશોભિત છે બેઉ ઉરૂનો (જંઘાનો) મધ્યભાગ જેમનો.-(૬)

**વિવેચન**—સોનાના કૃત્રિમ મણિકાથી ગૂંથેલી પરમ સુંદર માળા પહેરે છે, ગુંજામાળા શ્વેત સુંદર ગૂંથી છે, તે ચતુર્થ સ્વામિનીજીના યૂથપતિનાભાવથી પહેરે છે. મોહનમાળા તે ઉરૂથી (જંઘાથી) ઘુંટી સુધી પહેરે છે, એવા શ્રીકૃષ્ણ કયારે દર્શન દેશે ?-(૬)

**શ્લોકઃ—અનેકરત્નજટિતકરકંકણભૂષણમ્ ।**
**બાહુમધ્યલસત્સ્વર્ણનિર્મિતપ્રથિતાંગદમ્ ॥૭॥**

**શબ્દાર્થ**—અનેક રત્નોથી જડિત શ્રીહસ્તમાં કંકણનું ભૂષણ છે જેમને, અને બાહુ (હાથ) ના મધ્યમાં સુવર્ણ (રત્નાદિક) થી બનાવેલા વિશાળ બાજુબંધ શોભી રહ્યા છે જેમને (એવા પ્રભુ)-(૭)

**વિવેચન**—અનેક રત્નોથી જડિત એવાં કંકણ બેઉ હાથમાં ધર્યાં છે, અને બેઉ હાથમાં સોનાનાં રત્નજડિત બાજુ વિરાજિત છે, એવા શ્રીકૃષ્ણ કયારે દર્શન દેશે ?-(૭)

**શ્લોકઃ—અનેકપુષ્પતુલસીવનમાલાતિલાલિતમ્ ।**
**વિચિત્રવર્ણવિલસત્કટિવાસોવિરાજિતમ્ ॥૮॥**

**શબ્દાર્થ**—અનેક પુષ્પ અને તુલસીજી છે જેમાં એવી વનમાળાથી બહુજ શોભિત છે. તેમજ વિચિત્ર વર્ણવાળું સુંદર કટિવસ્ત્ર જેણે ધારણ કર્યું છે એવા પ્રભુ.-(૮)

**વિવેચન**—અનેક પ્રકારનાં તુલસી સાથે ગૂંથેલી એવી લલિત (સુંદર) વનમાળા વિરાજિત છે, વળી સઘળા વ્રજભક્તોના ભાવથી પચરંગી અને અતિ વિચિત્ર કટિવાસ (કાછની) ધરે છે, તે કટિવસ્ત્ર પ્રભુ સહિત ચતુર્થયૂથપતિના ભાવથી વિરાજિત છે, એવા શ્રીકૃષ્ણ કયારે દર્શન દેશે ?-(૮)

**શ્લોકઃ—કટિભાવજ્ઞાપિકાતિકિંકિણીરવશોભિતમ્ ।**
**પદદ્વયગતસ્વર્ણમણિનૂપુરમંડિતમ્ ॥૯॥**

**શબ્દાર્થ**—કટિના ભાવને (રમણના ભાવને) જણાવનાર કિંકિણીના શબ્દથી શોભિત છે, અને બેઉ ચરણમાં પહેરેલાં સુવર્ણથી જડિત મણિયુકત નૂપુરથી મંડિત છે.-(૯).

**વિવેચન**—કટિમાં કિંકણીનો રવ (કંદોરાની ઘુઘરીઓનો અવાજ) શોભે છે, તેનાથી વ્રજભકતોને અનેક રમણાદિક લીલાના ભાવનું સૂચન કરાવે છે. બેઉ ચરણકમળની ચાલ પરમ સુંદર છે, તેમાં મણિ જડિત સુવર્ણનાં નૂપુર શોભે છે, એવા શ્રીકૃષ્ણ કયારે દર્શન દેશે ?-(૯).

**શ્લોકઃ—નખચંદ્રપ્રકાશૈકપ્રકાશિતજગત્ત્રયમ્ ।**
**પીતાંબરોત્તરીયેષચ્ચલદંચલસુંદરમ્ ॥૧૦॥**

શબ્દાર્થ—નખરૂપ ચંદ્રના પ્રકાશથી પ્રકાશિત કરેલાં છે ત્રણ જગત જેણે, અને પીતાંબર જે ઉત્તરીય વસ્ત્ર તેના અંચલ છેડાના સુંદર હલન ચલનથી શોભી રહ્યા છે.–(૧૦)

વિવેચન—નખચંદ્રના પ્રકાશથી ત્રણ લોક પ્રકાશિત કરે છે, આકાશ પાતાળ અને ભૂલોક, આ ત્રણે લોકમાં જે ભકત છે તેના હૃદયમાં પ્રકાશ કરે છે. અન્યનાં હૃદયમાં નખ-ચંદ્ર પ્રકાશ કરતા નથી. તે ભકત કેવા છે, કે જાણે એક શ્રીઠાકોરજીના ચરણારવિંદનોજ આશ્રય કરે છે, તેમના હૃદયમાં નખચંદ્ર પ્રકાશ કરે છે. તેમજ આ લલિતત્રિભંગી સ્વરૂપ જ શ્રીવૃંદાવનમાં સ્થિત છે, તેનો અનુભવ ફકત વ્રજભકતોજ કરે છે. તે રાજસી, તામસી અને સાત્વીકી એવા ત્રિગુણ ભકતો છે, તેમના હૃદયમાં આ નખચંદ્ર પ્રકાશ કરે છે. અને પિતાંબર તે વ્રજભકત શ્રીસ્વામિનીજીના ઉત્તરીય (વસ્ત્રના) ભાવથી ધારણ કરે છે, તે ઉત્તરીયના બેઉ અંચળ મંદ, સુગંધ વાયુથી ચલાયમાન થાય છે, તેનાથી શોભી રહ્યા છે એવા પ્રભુ.–(૧૦)

શ્લોકઃ—પ્રદર્શિતશિરોભેદ ચલન્મકરકુંડલમ્ ।
નૃત્યન્તં નયાનનન્દં નિતાંતરતિસંપ્રદમ્ ॥૧૧॥

શબ્દાર્થ—(નૃત્ય સમયે) મસ્તકના ભેદ જણાવે છે, વળી મકરાકૃતિ કુંડલ ધારણ કર્યાં છે. જે નૃત્ય કરે છે, નેત્રમાં છે આનંદ જેમને, અને જે નિરંતર રતિનું દાન કરનારા છે એવા પ્રભુ.–(૧૧)

વિવેચન—મસ્તકની બેઉ બાજુ કાનમાં સુંદર મકરાકૃતિ કુંડળ ધારણ કર્યાં છે, તે સાંખ્ય યોગનું સ્વરૂપ છે, એવા શ્રીકૃષ્ણ નૃત્ય કરે છે તેથી કરીને વ્રજભકતોનાં નયનને પરમ આનંદ આપે છે, ભકતોને રતિરસનો અનુભવ કરાવે છે.–(૧૧).

શ્લોકઃ—નિતંબિનીવૃંદવર્તિરસાનુભવલોલુપમ્ ।
વિહરંતં વિશેષેણ રાસલીલાપરાયણમ્ ॥૧૨॥

શબ્દાર્થ—વ્રજભકતોના વૃંદ મધ્યે બિરાજમાન છે, અને તેથી એમના રસાનુભવમાં લુબ્ધ છે. જે વિહાર કરે છે, અને વિશેષ કરીને રાસલીલામાં પરાયણ છે, અથવા રાસ-લીલાનું ઉત્તમ સ્થાન છે જેનું એવા પ્રભુ છે.–(૧૨).

વિવેચન—વ્રજભકતોના વૃંદમાં પ્રભુ બિરાજે છે, તે વ્રજભકતોને રસાનુભવ કરાવવામાં પરમ ચંચળ છે, એટલે કે એકકાલાવછિન્ન સમસ્ત વ્રજભકતોને સુખદાન કરે છે, રાસાદિક લીલા કરવામાં પ્રભુ પરમ ચતુર છે.–(૧૨).

શ્લોકઃ—ત્રિભંગલલિતં વેણુકલિતં ભુજયોરપિ ।
વૃંદાવનૈકફલિતં વલિતં સ્વજનૈઃસહ ॥૧૩॥

શબ્દાર્થ—ત્રિભંગ સુંદર સ્વરૂપ છે તેથી મનોહર છે, બેઉ ભુજામાં વેણુ ધારણ કરનારૂં સ્વરૂપ વૃંદાવનનું મુખ્ય ફળસ્વરૂપ છે. અને સ્વભકતજનોથી વિંટળાયેલું છે. (૧૩)

વિવેચન—આવી રીતે ત્રિભંગ સ્વરૂપથી બેઉ ભુજાથી વેણુ વગાડે છે, તે શ્રીવૃંદાવનનું ફલાત્મક સ્વરૂપ શ્રીવૃંદાવનમાં સદા બિરાજમાન છે. વળી પોતાના સ્વજનો (વ્રજભકતો) થી ઘેરાયેલું છે, આવી રીતે લીલા સહિત સ્વરૂપ પ્રભુ મને કયારે દર્શન દેશે ? (૧૩)

**શ્લોકઃ—વાદયંતં મુરલિકાં મોહયન્તં મનઃસતામ્ ।**
**જગજ્જડં પ્રકુર્વન્તં રોધયન્તં ચ ભક્ષણમ્ ॥૧૪॥**

**શબ્દાર્થ**—મુરલિકાનો નાદ કરે છે, સત્પુરુષોના મનને મોહ પમાડે છે, જંગમને જડ કરે છે, અને પશુ વગેરેને ભક્ષણ કરતાં ભુલાવી દે છે. (૧૪)

**વિવેચન**—સુંદર સાત સુરવાળી મુરલી બજાવીને સર્વ ભક્તોના મનને મોહ કરે છે, જડ છે તેમને ચેતન કરે છે અને ચેતનને જડ બનાવી દે છે. પશુપક્ષી ચૈતન્યવાળાં છે તે જડ થઈને સ્થિર થઈ જાય છે (ખાનપાનની શુદ્ધિ રહેતી નથી) અને સ્તબ્ધ બની વેણુનાદામૃતનું પાન કરે છે. અને વૃક્ષ, પર્વત વગેરે જડ છે, તેઓ ચૈતન્યયુક્ત થઈને મધુધારા વહેવરાવે છે. (૧૪)

**શ્લોકઃ—પશૂનાં પક્ષિણાં ચૈવ મૌનસંપાદકં તદા ।**
**તરૂણામંતરાનંદમધુધારૈક વાર્ષુકમ્ ॥૧૫॥**

**શબ્દાર્થ**—શ્રીઠાકોરજી જ્યારે વેણુનાદ કરે છે, ત્યારે (તે નાદથી) પશુપક્ષીઓ મૌન (સ્તબ્ધ) બની જાય છે, અને વૃક્ષોની મધ્યે આનંદ ઉત્પન્ન કરીને મધુધારાનું વર્ષણ કરાવે છે.-(૧૫).

**વિવેચન**—પશુ પક્ષી વેણુનાદ સાંભળીને ચંચળતા તજી મૌન થઈ રસપાન કરે છે. આ પક્ષીઓ આધિદૈવિક વૃંદાવનના મુનિઓ છે, પુષ્ટિલીલા સંબંધી વૃક્ષ વિગેરે મધુધારા વહન કરે છે. એટલે અંતઃકરણમાં ભગવદીયને જ્યારે ભગવત્સ્વરૂપનો અનુભવ થાય, ત્યારે આનંદથી દેહમાં રોમાંચ થાય છે. હવે વૃંદાવનનાં વૃક્ષ છે તે પરમ ભગવદીય છે, તે વેણુનાદરસનો હૃદયમાં અનુભવ કરી અંતઃકરણમાં આનંદ મેળવી મધુધારા વહેવરાવે છે.-(૧૫).

**શ્લોકઃ—હરંતં વ્રજભૂતાપં પદસ્થાપતસ્તથા ।**
**યમુનાતીરમાત્રૈકજલક્રીડાકૃતિપ્રિયતમ્ ॥૧૬॥**

**શબ્દાર્થ**—ચરણારવિંદ સ્થાપન કરવાથી વ્રજભૂમિનો તાપ હરનારા છે, તથા શ્રીયમુનાજીના તટ પર મુખ્ય જળક્રીડાની કૃતિ પ્રિય છે જેમને એવા.-(૧૬).

**વિવેચન**—આવી રીતે રાસાદિક લીલાઓ વ્રજભૂમિમાં કરી વ્રજભૂમિનો તાપ સમાવે છે, તથા વ્રજમાં ઉત્પન્ન થએલાં સર્વ પ્રાણીમાત્રના તાપ હરે છે. અથવા વ્રજમાં પોતાનું ચરણારવિંદ સ્થાપન કરી ગુલ્મલતા ઔષધિ વિગેરેના તાપનો નાશ કરે છે. અથવા વ્રજમાં પોતાનું ચરણચિહ્ન સ્થાપન કરી એમ જણાવે છે. કે જે કોઈપણ વ્રજનો આશ્રય કરશે તેના તાપ દૂર થશે. આવી રીતે રાસલીલા અનેક પ્રકારની અનેક ભક્તો સાથે કરી તેથી શ્રમજળ પ્રકટ થયું. હવે શ્રીઠાકોરજીએ વિચાર્યું કે આ શ્રમજળ જે રસ છે તે ક્યાં ધરવો ? પછી વિચાર્યું કે આ રસનાં પાત્ર તો શ્રીયમુનાજી છે, એમ જાણી ભક્તો સહિત શ્રીયમુનાજીમાં પધાર્યા. પછી પોતાનાં પ્રિયા શ્રીસ્વામિનીજી સહિત જળક્રીડા કરવા લાગ્યા. આવી રીતે શ્રીયમુનાજીને પાત્ર જાણીને રસદાન કર્યું, જળક્રીડા કરી શ્રમનું નિવારણ કર્યું. એવા શ્રીકૃષ્ણ ક્યારે દર્શન દેશે ?-(૧૬).

**શ્લોકઃ—રસાત્મકરસાત્મસ્વભક્તવૃંદસમન્વિતમ્ ।**
**નિજાનુભવસંવેદ્યં પ્રકટં તં ક્ષણે ક્ષણે ॥૧૭॥**

**શબ્દાર્થ**—આપ રસાત્મક છે અને આપના ભક્તવૃંદ પણ જે રસાત્મક છે તેનાથી આપ વિંટાયેલા છે, તથા પોતાના ભક્તોના રસાનુભવને માટે ક્ષણે ક્ષણે સેવા યજ્ઞ પ્રકટ કરનારા છે.–(૧૭).

**વિવેચન**—શ્રીકૃષ્ણ રસાત્મક છે, તેવાજ શ્રીકૃષ્ણના આત્મારૂપ રસાત્મક ભક્તજનોને આપ અનુભવ કરાવે છે, ક્ષણ ક્ષણમાં અધિક રસદાન કરે છે, અને તેથી કરીને ભક્તોને ક્ષણ ક્ષણમાં અધિક ભાવ પ્રકટ થાય છે. આવા રસદાન કરનારા પ્રભુ કયારે દર્શન દેશે ?–(૧૭).

**શ્લોકઃ—વિરહે યુગપત્સર્વનિજલીલાનુભાવકમ્ ।**
**સાકારાનંદરૂપેણ વ્રજભક્તહૃદિ સ્થિતમ્ ॥ ૧૮॥**

**શબ્દાર્થ**—વિરહમાં સદાજ સદા ક્ષણે ક્ષણે પોતાના ભક્તોને પોતાની લીલાનો અનુભવ કરાવનારા છે, અને સાકાર આનંદ રૂપથી વ્રજભક્તોના હૃદયમાં બિરાજમાન છે.–(૧૮).

**વિવેચન**—એવા ભાવાત્મક રસાત્મક શ્રીકૃષ્ણ જે કોઇ કેવળ શુદ્ધ વિરહ કરે તેને પોતાની અંતરંગ લીલાઓનો અનુભવ કરાવે. રાત દિવસ કેવળ વિપ્રયોગ આર્તિ કરી જીવનું હૃદય શુદ્ધ થાય તોજ તેને નિજલીલાનો અનુભવ થાય. નિજભક્ત શ્રીસ્વામિનીજી છે, તેમનો વિપ્રયોગ છે. તેમનોજ આ નિજલીલાનો અનુભવ છે. આવા ભાવાત્મક શ્રીકૃષ્ણ છે, કે જે વ્રજભક્તોના હૃદયમાં સાકાર આનંદરૂપ સર્વલીલા સહિત બિરાજે છે. કારણ રસનો એ સ્વભાવ છે કે પાત્ર વિના રહે નહિં, આથી રસાત્મક, સાકાર, આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણ છે, અને અલૌકિક રસના પાત્ર વ્રજભક્તો છે, માટે વ્રજભક્તોના હૃદયમાં વિરહાત્મક પ્રભુ સદા બીરાજે છે.–(૧૮).

**શ્લોકઃ—એવં દિદક્ષા સતતં સ્થાપનીયા નિજે હૃદિ ।**
**સૈવાસ્માકં પ્રેમભાવોઽન્યરાગવિનિવર્તકઃ ॥૧૯॥**

**શબ્દાર્થ**—ઉપર અઢાર શ્લોકમાં નિરૂપણ કર્યું છે એવા સ્વરૂપનાં દર્શન કરવાની ઇચ્છા પોતાના હૃદયમાં ધારણ કરવી, અન્ય વસ્તુમાંથી પ્રીતિ મટાડનાર આ પોતાનો પ્રેમભાવજ જાણવો–(૧૯).

**વિવેચન**—એવા શ્રીકૃષ્ણના દર્શનની ઇચ્છા જેના મનમાં હોય તે નિરંતર પોતાના હૃદયમાં આ સ્વરૂપનું ધ્યાન સ્થિર કરે. અહીં કોઈ કહે કે તમારા હૃદયમાં તો એવા પ્રભુ બીરાજે છે, ધ્યાન કરી તમે હૃદયમાં સ્થિર કર્યા છે. તો કહે છે કે મારા હૃદયમાં પ્રેમનો અભાવ છે, મારામાં પ્રેમ નથી, અને આ સ્વરૂપ તો પ્રેમથી ધારણ કરે તો સ્થિર થાય. અને મારી તો અન્ય રાગની નિવૃત્તિ પણ દુર્લભ છે. એટલે કે મારી અન્ય રાગની નિવૃત્તિ પણ થઈ નથી. અહીં કોઈ કહે કે તમારામાં પ્રેમ તો દેખાય છે. સ્વરૂપનું વર્ણન કરો છો,

પ્રભુમાં આર્તિ પણ છે, પ્રભુમાં આસક્તિ પણ છે, પુષ્ટિમાર્ગની સઘળી રીતિ છે, તે પ્રમાણે આપ ચાલો છો તો તમને શું બાધક છે? ત્યાં કહે છે.-(૧૯).

**શ્લોક—તતઃ સ્યાદાર્તિરધિકા ગેહદૈહિકબાધિકા ।**
**આસક્તિઃ સૈવ માર્ગેઽસ્મિન્ ગૃહસ્થાસ્વાસ્થ્યકારિકા ॥૨૦॥**

શબ્દાર્થ—પ્રેમભાવ ઉત્પન્ન થયા પછી ગૃહકાર્ય તથા દેહનું કાર્ય કરનારી આસક્તિ અંતરાયરૂપ થાય છે. આ પુષ્ટિમાર્ગમાં ગૃહસ્થને અસ્વાસ્થ્ય કરનારી પણ તેજ છે.-(૨૦).

વિવેચન—અમને ઘર તથા દેહ સંબંધી લૌકિક આર્તિ છે, તે આ ભગવદ્‌ભાવમાં બાધક છે. કારણ કે દેહ સંબંધી ઘર તેમાં લૌકિક વૈદિક કાર્ય છે, તેની આર્તિ મનમાં રહે છે, તે ભગવદ્‌ભાવમાં બાધક છે. અને આ પુષ્ટિમાર્ગમાં આસક્તિ છે તે પરમ ધર્મ છે. તો જેની આર્તિ પ્રભુ પરત્વે છે તે ગૃહસ્થ લૌકિકમાં શી રીતે સ્વસ્થ રહી શકે? અને ઘરમાં જેનું મન લાગેલું રહે છે, તેને આ પુષ્ટિમાર્ગમાં શી રીતે અનુરાગ થાય? આવું કહીને એમ જણાવે છે કે જેની આસક્તિ પ્રભુમાં છે તેનાથી દેહ સંબંધી લૌકિક-વૈદિકક્રિયા સારી રીતે બનતીજ નથી.-(૨૦).

**શ્લોકઃ—પરિતાપોદયસ્તસ્માત્ સર્વવિસ્મૃતિકારકઃ ।**
**સ એવ વ્યસનં યત્ર પ્રપંચસ્ફુર્તિનાશનમ્ ॥૨૧॥**

શબ્દાર્થ—આ આસક્તિથી સર્વ (પ્રપંચની) વિસ્મૃત કરનાર વિપ્રયોગનો ઉદય થાય છે. પ્રપંચના અસ્તિત્વનો નાશ થાય તેનેજ વ્યસન કહેવાય.-(૨૧).

વિવેચન—ઉપર કહ્યું તેવી રીતે પ્રભુમાં આસક્તિ થાય તો પ્રભુ દયા કરી આર્તિનું દાન કરે, તો વિપ્રયોગ થાય. તે વિપ્રયોગ થયો ક્યારે જાણીએ કે જ્યારે પ્રભુના સંબંધ વિનાનાં દેહ સંબંધી સર્વ કાર્યની વિસ્મૃતિ થાય ત્યારે વિપ્રયોગ થયો જાણીએ. ત્યાર પછી પ્રભુમાં વ્યસન થાય. એટલે પ્રભુ વિના રહ્યું ન જાય, એક ક્ષણ પણ યુગ સમાન થાય. આવું વ્યસનનું સ્વરૂપ છે. આ વ્યસનથી પ્રપંચની સ્ફુર્તિનો નાશ થાય, પ્રપંચની વિસ્મૃતિ થાય, કેવળ પ્રભુમાં તન્મયતા થાય.-(૨૧).

**શ્લોકઃ—એવં વિધસ્તુ ત્રિવિધો ભાવો નિઃસાધનો મતઃ ।**
**અતસ્તુ દુર્લભા લોકે તત્પ્રાપ્તિર્ભજતાં નૃણામ્ ॥૨૨॥**

શબ્દાર્થ—એવી રીતે (પ્રેમ આક્તિ અને વ્યસન) ત્રણ પ્રકારનો ભાવ પ્રાપ્ત થવો તેને નિઃસાધનતા કહી છે, એવા ભાવની પ્રાપ્તિ લોકમાં દુર્લભ છે. નિરંતર ભગવત્સેવા અને સ્મરણ કરનારને જ તે પ્રાપ્ત થાય છે.-(૨૨).

વિવેચન—આવી રીતે મન વાણી અને ક્રિયાથી ત્રણ પ્રકારનો ભાવ સ્થિર થાય, તો નિઃસાધન થઈ જવાય. આવી રીતે નિઃસાધન થવું આ લોકમાં દુર્લભ છે. નિરંતર જો શ્રીકૃષ્ણની સેવા કર્યા કરે તો નિઃસાધન થાય.-(૨૨).

શ્લોક—ચક્રે કરુણયા કૃષ્ણો ભાવાત્માઽઽસ્યં તથાવિધમ્ ।
મૂર્તિમદ્ભાવસંબંધાત્તત્પ્રાપ્તિરિતિ વેદ યઃ ॥૨૩॥

શબ્દાર્થ—શ્રીકૃષ્ણે કરુણા કરીને ભાવાત્મક મુખારવિંદરૂપ તેવા શ્રીમહાપ્રભુજીને પ્રકટ કર્યા છે. અથવા "ભાવાત્માખ્યં" એવો પાઠ હોય તો ભાવાત્મા છે નામ જેનું એવા શ્રીમદાચાર્યજીને પ્રકટ કર્યા છે. મૂર્તિમાન ભાવ સ્વરૂપ જે મહાપ્રભુજી છે તેમના સંબંધથી આ ત્રણ પ્રકારના ભાવની પ્રાપ્તિ છે એવું જે જાણે છે તેને તે ભાવની પ્રાપ્તિ થાય છે.–(૨૩).

વિવેચન—આ ભાવ વિધિપૂર્વક કયારે સિધ્ધ થાય? ત્યાં કહે છે કે શ્રીકૃષ્ણના ભાવાત્મક મુખારવિંદરૂપ શ્રીમહાપ્રભુજીની કૃપા થાય ત્યારે આ ભાવ સિદ્ધ થાય. ભાવ સિદ્ધ થયો કયારે જાણીએ? ત્યાં કહે છે કે સાક્ષાત શ્રીકૃષ્ણ ભાવાત્મક અમારા પતિ છે એવી ભાવના મન વચન અને ક્રિયાથી થાય તો આ ભાવ સિદ્ધ થયો જાણીએ. આ ભાવ શી રીતે પ્રાપ્ત થાય તે હવે આગળ કહે છે.–(૨૩).

શ્લોકઃ—પ્રમેયબલતો નાન્યત્ સાધનં તત્ર ભાવ્યતામ્ ।
અતઃ સર્વૈઃ પ્રકર્તવ્યો નિજાચાર્યપદાશ્રયઃ ॥ ૨૪ ॥

શબ્દાર્થ—આ ભાવ પ્રાપ્ત થવામાં પ્રમેયબળ વગર બીજું કોઇ સાધન નથી એમ જાણવું. માટે સર્વેએ આપણા શ્રીઆચાર્યજીના ચરણારવિંદનો આશ્રય ખાસ કરીને કરવો જોઈએ..–(૨૪).

વિવેચન—શ્રીકૃષ્ણના સ્વરૂપમાં એવો ભાવ જીવના સાધનથી પ્રાપ્ત ન થઈ શકે. શ્રીકૃષ્ણજ પ્રમેયબળથી આ ભાવનું દાન કરે તોજ પ્રાપ્ત થાય. માટે પુષ્ટિમાર્ગની રીતિ પ્રમાણે તન મન અને ધનથી પ્રીતિ સહિત સેવા કરે અને આપણા શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો આશ્રય કરે તો શ્રીમહાપ્રભુજી પ્રમેયબળથી આ ભાવનું દાન કરે. માટે માર્ગની રીતિથી સેવા અને શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો આશ્રય મન નિશ્ચળ રાખીને કરે એ સિદ્ધાંત સર્વોપરિ છે.–(૨૪).

શ્લોકઃ—તદભાવે ન વૈ ભાવિ ફલમેતન્ન સંશયઃ ।
અત એવાસ્મદીશૈસ્તુ ગ્રંથે શ્રીવલ્લભાષ્ટકે ॥૨૫॥
સ્વામિન્! શ્રીવલ્લભેત્યેતત્પદ્યેઽખિલમુદીરિતમ્ ॥
તદાશ્રયો ન વચનૈઃ કિંતુ તન્માર્ગનિષ્ઠયા ॥૨૬॥

શબ્દાર્થ—માર્ગની રીતિથી સેવા અને શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો આશ્રય એ બેઉનો અભાવ હોય તો ભાવ રૂપ ફળ પ્રાપ્ત ન થાય, તેમાં સંશય નથી. તેથીજ આપણા પ્રભુ શ્રીગુસાંઈજીએ શ્રીવલ્લભાષ્ટકમાં "સ્વામિન્શ્રીવલ્લભાગ્ને" આ શ્લોકમાં બધું નિરૂપણ કર્યું છે. એટલે તેઓશ્રીનો આશ્રય કેવળ વાણીથી સિદ્ધ ન થાય, પણ એઓશ્રીએ પ્રકટ કરેલા પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા હોય તો આશ્રય સિદ્ધ થાય.–(૨૫)–(૨૬).

**વિવેચન**—ઉપર કહ્યું તેવી રીતે શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદનો આશ્રય કરી પ્રભુની સેવા કરે તો શ્રીમહાપ્રભુજી ભાવનું દાન કરે અને ત્યારે ભાવાત્મક રસમાં તદ્રૂપ થઈ જાય અને આ પુષ્ટિમાર્ગીય ફળની નક્કી પ્રાપ્તિ થાય. આ બાબતમાં સંશય નથી એવું અમારા શ્રીગુસાંઈજી શ્રીવલ્લભાષ્ટકમાં કહે છે. (૨૫) "સ્વામીન્ શ્રીવલ્લભાગ્ને ક્ષણમપિ ભવત: સન્નિધાને કૃપાત: વિગેરે. એટલે કે હે સ્વામિન્, વલ્લભરૂપ અગ્નિ! કોઈ જીવ એક ક્ષણ પણ આપની પાસે રહે તો (આપની) કૃપાથી પ્રાણપ્રિય શ્રીવ્રજાધીશ્વર શ્રીકૃષ્ણના મુખાર-વિંદનાં દર્શનની આર્તિ આ ભક્તજનમાં પ્રકટ થાય છે, જે યોગ્યજ છે, પણ આ મુખચં-દ્રનાં દર્શન થયા પછી પણ (શાંત થવાને બદલે) આ આર્તિ અત્યંત વૃદ્ધિ પામે છે, આ એક આશ્ચર્ય છે. વિગેરે વચનોથી શ્રીમહાપ્રભુજીનો આશ્રય અને પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા થાય તો સઘળી લીલાનો અનુભવ થાય. હવે આશ્રય અને માર્ગમાં નિષ્ઠા શી રીતે થાય તે આગળ કહે છે.-(૨૬).

**શ્લોકઃ—માર્ગનિષ્ઠા ન સ્વબોધૈઃ કિંતુ તાદગ્ગુરૂદિતૈઃ ।**
**ગુરૂદિતાનિ વાક્યાનિ ન સ્વતો હ્યનુવાદતઃ ॥૨૭॥**

**શબ્દાર્થ**—માર્ગમાં નિષ્ઠા પોતાના જ્ઞાનથી ન થાય, પણ શ્રીગુરુદેવનાં વચનામૃતોથી થાય, અને આ વચનામૃત પોતાની બુદ્ધિથી પરિકલ્પિત ન હોય, પરંતુ પુષ્ટિમાર્ગના અનુવાદ રૂપ હોય-(૨૭).

**વિવેચન**—પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા પોતાના શ્રીગુરૂદેવના બોધ વગર ન થાય. જ્યારે શ્રી ગુરૂદેવ પ્રસન્ન થઈ કૃપા કરીને બોધ કરે ત્યારે માર્ગમાં નિષ્ઠા થાય અને આ જીવનો શ્રીગુરૂદેવના વચનમાં દૃઢ વિશ્વાસ થાય. વિશ્વાસ થયા પછી શ્રીગુરુનાં વચનોનો ભાવના સહિત વારંવાર વિચાર કરે, પોતાના મનથી અર્થની કાલ્પનિક ભાવના ન કરે. તાદશી ભગવદીય સાથે મળીને શ્રીગુરૂનાં વચનોનો અનુવાદ વિચારે, વારંવાર ભાવના કરે.-(૨૭).

**શ્લોકઃ—અનુવાદો ન સ્વબુધ્યા કિન્તુ મૂલક્રમાગતઃ**
**અથાપિ તત્ર ચાપેક્ષ્યો દૃઢઃ સ્વાચાર્યસંશ્રયઃ ॥૨૮॥**

**શબ્દાર્થ**—અનુવાદ પોતાની બુદ્ધિથી ન કરવો, પણ મૂળ ક્રમ પ્રમાણે અર્થ કરવો. ત્યાર પછી પણ આ બાબતમાં પણ આપણા આચાર્યશ્રીનો દૃઢ આશ્રય જોઈએ.-(૨૮).

**વિવેચન**—શ્રીગુરુનાં વચનનો અનુવાદ પોતાની બુદ્ધિથી કલ્પના કરીને ન કરે, પણ મૂળ ક્રમથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજી નિબંધાદિ ગ્રંથ કર્યા છે તેના ભાવ પ્રમાણે કરે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીસુબોધિનીજી વિગેરેમાં ભાવની ખબર પડે ત્યારે શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદનો દૃઢ આશ્રય થાય અને શ્રીઆચાર્યજી કૃપા કરે. માટે આચાર્યજીના ચરણનો દૃઢ આશ્રય કરી શ્રીસુબોધિનીજી નિબંધમાં જે ક્રમથી ભાવ બતાવ્યા છે તે ક્રમ પ્રમાણે પોતાના હૃદયમાં ભાવના કરી સેવા કરે.-(૨૮).

શ્લોકઃ—એતાદૃશેન ગુરુણાવગત્ય નિખિલં જનઃ ।
આશ્રિત્ય ચ નિજાચાર્યાન્ સદાનંદં સદા ભજેત્ ॥૨૯॥

શબ્દાર્થ—ભક્તિમાન એવા શ્રીગુરુથી બધું જાણીને આપણા આચાર્યશ્રીનો આશ્રય કરીને સદાનંદરૂપ શ્રીકૃષ્ણની સદા સેવા કરે.-(૨૯).

વિવેચન—આવી રીતે કોઈ વૈષ્ણવ શ્રીગુરુની આજ્ઞા બધી પ્રમાણ જાણીને ચાલે તો શ્રીઆચાર્યજી પોતાનો આશ્રય નક્કી સિદ્ધ કરાવે, એમાં સંશય નહિં. સદા અનંદરૂપ "શ્રીઆચાર્યજી છે, આવા ભાવથી ભજન કરે, અને લૌકિક વૈદિકનો આનંદ તુચ્છ છે, શાશ્વત નથી, લૌકિક વિષયાદિક ભોગથી તો નર્કમાં પડે, અને સ્વર્ગાદિક સુખ તો પુણ્ય ક્ષીણે થયે ( નાશ પામે અને ) સંસારમાં પડે, એટલે દુઃખી થાય. શ્રીઆચાર્યજી સદા એક રસ આનંદરૂપ છે, તેથી શ્રીસર્વોત્તમજીમાં શ્રીગુસાંઇજી, શ્રીમહાપ્રભુજીનાં નામ કહે છે કે "આનંદાય નમઃ" "પરમાનંદાય નમઃ" વિગેરે વચનના ભાવથી બધું સમજવું. વળી શ્રીમહાપ્રભુજીની નામાવલીમાં નામ છે કે "આનંદમૂર્તયે નમઃ" આ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે તે મૂર્તિમાન આનંદમય છે, સદા એક રસ છે. આ પ્રમાણે પ્રેમથી ભજન કરે." અહીં કોઈ કહે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના આ પુષ્ટિમાર્ગમાં સઘળા જીવ શ્રીઆચાર્યજીનો આશ્રય કરી સેવા કરે છે, અને તમે કહો છો કે ભાવથી ભજન કરે તે શું? ત્યાં કહે છે.-(૨૯).

શ્લોકઃ—ભજનં ભાવરૂપસ્ય ભાવેનૈવોપપદ્યતે ॥
ચેતસ્તત્પ્રવણં સેવા હ્યત એવ નિરૂપિતા ॥૩૦॥

શબ્દાર્થ—ભાવસ્વરૂપ શ્રીકૃષ્ણની સેવા ભાવથીજ પ્રાપ્ત થાય છે, તેથીજ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ સિદ્ધાંત મુક્તાવલિમાં આજ્ઞા કરી છે કે પ્રભુમાં ચિત્ત પ્રવણ (લીન) થાય તેનું નામ સેવા.-(૩૦).

વિવેચન—ભજન, સેવા, વિ. ભાવથી કરે, કારણ કે ભાવ વિના આગળ ફળરૂપ માનસી સિદ્ધ ન થાય, માટે તનુજા, વિત્તજા સેવા ભાવથી કરે ત્યારે ફળરૂપ માનસી સિદ્ધ થાય. આ બાબતમાં સિધ્ધાંત મુક્તાવલિ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરામતા" (સદા શ્રીકૃષ્ણની સેવા કરવી, તેમાં માનસી સેવા ઉત્તમ છે) સદા શ્રીકૃષ્ણની સેવા કરે તેની માનસી સેવા સિધ્ધ થાય. ચિત્ત પ્રભુમાં એકાગ્ર થાય તે સેવા. તેના સિદ્ધિને માટે તનુજા તથા વિત્તજા (સેવા) કરવી. જેમ નદીનો પ્રવાહ રાત દિવસ એકરસ ચાલે તેવી રીતે આઠ પહોર ચિત્તમાં માનસી સેવા કરવી. પરંતુ તેને સાધનારી તનુજા વિત્તજા સેવા ભાવ કરી કરે ત્યારે માનસી સિદ્ધ થાય. તનુજા વિત્તજા પણ ભાવ સહિત મન રાખીને કરે, તોજ બને. તોજ માનસી સેવા સિદ્ધ થાય આવી રીતે શ્રીમહાપ્રભુજીએ નિરૂપણ કર્યું છે. હવે માનસી સિદ્ધ થઈ હોય તેનાં લક્ષણ શી રીતે જણાય? ત્યાં કહે છે.-(૩૦).

**શ્લોકઃ—તસ્યાં તુ વિસ્મૃતિભાવ્યા જગતઃ સર્વથા ધ્રુવમ્ ॥**
**તદભાવે માનસી તુ સેવનાન્નૈવ સિદ્ધયતિ ॥ ૩૧ ॥**

શબ્દાર્થ—આ માનસી સેવામાં તો જગતની વિસ્મૃતિ સર્વથા થયેલી હોવી જોઈએ, તેવું થયા વિના સેવા કરે પણ માનસી સિદ્ધ નજ થાય.-(૩૧).

વિવેચન—તનુજા વિત્તજા સેવા મન લગાડીને કરે, તો સઘળું જગત અને દેહ સંબંધી પદાર્થની વિસ્મૃતિ થાય. માનસી સેવાનો એ ભાવ છે કે સઘળા જગતને સર્વ રીતે ભુલાવે, આ ખાસ જાણવું. દેહાનુસંધાન, ખાન, પાન, નિદ્રા, વિગેરે સર્વ ભુલી જવાય એવી રીતે ભાવનો આવેશ થાય, અને મનમાં સેવા કરી સ્વરૂપાનંદનો અનુભવ કરે, તો જાણવું કે ભાવરૂપ માનસી સેવા સિદ્ધ થઈ છે. પણ પ્રથમ તનુજા વિત્તજા સેવા પણ દુર્લભ છે, ત્યાં માનસી કયાંથી સિદ્ધ થાય, માટે તેમાં બાધક હોય તે કહે છે.-(૩૧).

**શ્લોકઃ—તદ્દબાધકાની દ્રિયાણિ વિષયા લૌકિકી મતિઃ ।**
**પ્રતિબંધસ્તથોદ્વેગો ભોગોઽપ્યત્રૈવ લૌકિકઃ ॥૩૨॥**

શબ્દાર્થ—ઈંદ્રિયો, વિષય, લૌકિકબુદ્ધિ, પ્રતિબંધ તથા ઉંદ્વેગ, અને અહિંના લૌકિક-ભોગ એ સર્વ માનસી સેવામાં બાધક છે.-(૩૨).

વિવેચન—તનુજા વિત્તજા સેવા મન રાખીને કરે, તેમાં પણ દશે ઈંદ્રિયો બાધક છે, કારણ કે ઈંદ્રિયોના દેવતા છે તેમને વિષય પ્રિય છે, તેથી પ્રભુની સેવામાં ઇંદ્રિયો બાધા કરે છે. તે એવી રીતે કે સેવા વિગેરેમાં વિષયાદિક બુદ્ધિ થાય, લૌકિક બુદ્ધિ થાય કે સેવા તો હું નિત્ય કરૂં છું, ઘરનું લૌકિક કાર્ય પણ કરવું પડે, ભુખ પણ લાગે છે, આવી રીતે લૌકિકબુદ્ધિ થાય અને તેથી સેવામાં મનને ઉદ્વેવ થાય. એટલે જેમ બને તેમ જલદીથી સેવા સમેટી લે. હવે શ્રીઠાકોરજી તો મનની બુદ્ધિ જાણે છે. આમ સેવામાં પ્રતિબંધ કરે એવાં લૌકિક વૈદિક કાર્યમાં તથા વિષયાદિક કાર્યમાં મન પ્રેરાય એટલે સેવામાં પ્રતિબંધ થાય. વળી મનમાં ઉદ્વેગથી પ્રતિબંધ થાય, તો ભગવત્સેવા તનુજા વિત્તજા ન બને. પછી ખાનપાનાદિ વિષયભોગમાં મન જાય, એટલે વિષયાદિક કરે, તેથી કેવળ લૌકિક થઈ જાય. આ બાબતમાં સેવાફલમાં શ્રીમહાપ્રભુજી કહે છે, કે "ઉદ્વેગઃ પ્રતિબંધો વા ભોગો વા સ્યાત્તુ બાધકઃ" (ઉદ્વેગ, પ્રતિબંધ અથવા ભોગ, બાધક થાય.) આ વગેરે વચનોથી જાણવું કે ઈંદ્રિયો તથા મન વિષયમાં મગ્ન છે, તેથી પ્રથમ ઉદ્વેગ પછી પ્રતિબંધ પછી ભોગ અને પછી કેવળ લૌકિક થઈ જવાય. ત્યાં કોઈ કહે કે ઇંદ્રિયોને વિષયમાં જોડે એવી બુદ્ધિ સેવામાં કેમ થાય છે ? ત્યાં કહે છે.-(૩૨).

**શ્લોકઃ—દુષ્ટાન્નભક્ષણં ચાપિ હ્યસમર્પિતભક્ષણમ્ ।**
**અસત્સંગઃ સર્વથા હિ ભાવબાધક ઇષ્યતે ॥૩૩॥**

શબ્દાર્થ—દુષ્ટના અન્નનું ભક્ષણ અથવા દુષ્ટ (અપવિત્ર) અન્નનું ભક્ષણ, અને અસમર્પિતનું ભક્ષણ તથા અસત્સંગ, (દુઃસંગ) આ (વસ્તુ) સર્વથા ભાવનામાં બાધક છે.-(૩૩).

વિવેચન—ઇંદ્રિયાદિ મનમાં વિષય તેથી થાય છે કે એક તો દુષ્ટ જીવનની સત્તાના અન્નનું ભક્ષણ કરે, અથવા દુષ્ટ ક્રિયા અન્ન લાવે અને તે અન્નનું ભક્ષણ કરે, તથા અસમર્પિત ખાય, અને અસત (બહિર્મુખ) નો સંગ કરે. આ ત્રણે સર્વ રીતે બાધક કહે છે. તે જુદાં જુદાં બતાવે છે. દુષ્ટ અન્ન બહુજ બાધક છે, તેથી પદ્મપુરાણમાં કહે છે, કે "અવૈષ્ણવનું અન્ન તથા પાપીનું અન્ન તથા જે અન્ન પ્રભુને સમર્પ્યું નથી તે અન્ન, શ્વમાંસ (કુતરાના માંસ) ની બરાબર છે. વળી જે હરિ, પરમાત્માને સમર્પણ કર્યા સિવાય પોતે ખાય છે તેના પિતૃ પિતામહાદિ બહુ વર્ષ સુધી નરકમાં પડે છે." આ વચન પ્રમાણે અવૈષ્ણવનું અન્ન હોય, તથા પતિત (ચાંડાલાદિ, તેલી, ધોબી, નીચ, વિગેરે) નું અન્ન તથા અસમર્પિત અન્ન(આ કુતરાના માંસ બરાબર છે. એવું અન્ન ખાવાથી ઇંદ્રિયો, બુદ્ધિ, સર્વ નષ્ટ થઈ જાય, એટલે આસુરી બની જાય, અને અસમર્પિત ખાય તો પિતૃસહિત નરકમાં જાય, માટે શ્રાદ્ધ પણ પ્રસાદી અન્નથી કરે. વળી કર્મપુરાણમાં કહે છે કે "અનર્પયિત્વા ગોવિંદે યો ભુંકતે ધર્મવર્જિતઃ। શુનો વિષ્ટાસમં ચોન્નં નીરં તત્સુરયા સમમ્" ગોવિંદને અર્પણ કર્યા વિના ધર્મ રહિત જે ખાય, તે અન્ન કુતરાની વિષ્ટા સમાન અને જળ સુરા (દારૂ) સમાન છે. આ વચનથી ગોવિંદ જે શ્રીકૃષ્ણ તેમને અર્પ્યા વિના અસમર્પિત જે ખાય છે તે સર્વ ધર્મથી રહિત છે. એવું અન્ન (અસમર્પિત) શ્વાનની વિષ્ટા સમાન છે, તે ખાનારો નક્કી અસુર છે. દુઃસંગથી અસમર્પિત અન્ન ખાય તેથી એક તો દુષ્ટનું અન્ન તથા અસમર્પિત તેમ અસત્સંગ, આ ત્રણે બાધક છે. જો દુષ્ટ સંગથી અન્ય સંબંધ થાય તો દેહ ઇંદ્રિયો સર્વ બહિર્મુખ થઈ જાય અને વિષયના ધ્યાનમાં તત્પર થાય. માટે વૈષ્ણવ થઇને મનમાં વિચાર રાખે, કે દુષ્ટનું અન્ન, અસમર્પિત અન્ન તથા દુષ્ટનો સંગ કદી પણ ન કરે.-(૩૩).

**શ્લોકઃ—તસ્માત્યક્ત્વા દુષ્ટસંગં કૃત્વા સ્વાચાર્યસંશ્રયમ્ ।**
**તદીયજનસંસર્ગે સ્થિત્વા માર્ગે તથા ગુરૌ ॥ ૩૪ ॥**

**કૃત્વા વિષયવૈરાગ્યં પરિતોષં વિધાય ચ ।**
**સદાનન્દં સદાનન્દ ફલપ્રાપ્ત્યૈ સદા ભજેત્ ॥ ૩૫ ॥**

શબ્દાર્થ—માટે દુસંગનો ત્યાગ કરી, આપણા આચાર્યશ્રી મહાપ્રભુજીનો આશ્રય કરીને અને તદીય ભગવદીયના સંગમાં તથા શ્રીગુરુસંબંધથી માર્ગમાં સ્થિતિ કરીને વિષયમાં વૈરાગ્ય રાખીને અને સંતોષ યુકત રહીને ફલપ્રાપ્તિને અર્થે સદાનંદરૂપ શ્રીકૃષ્ણની સેવા ભજન હંમેશા કરે.-(૩૪)-(૩૫).

વિવેચન—દુષ્ટના સંગનો ત્યાગ કરે, કારણ કે દુષ્ટના સંગથી બુદ્ધિ બગડે અને અસમર્પિત ખાય અને અન્યાશ્રય કરે. માટે સર્વ દોષનું મૂળ દુષ્ટસંગ છે, તેનો ત્યાગ કરે અને શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદનો આશ્રય કરે. તેમજ પુષ્ટિમાર્ગીય ભગવદીયનો સંગ કરે, વળી પુષ્ટિમાર્ગની રીત પ્રમાણે માર્ગમાં સ્થિતિ થાય, શ્રીગુરુ કહે તે પ્રમાણે સર્વ ક્રિયા કરે, આ નીચે બતાવેલા પાંચ પ્રકાર સ્નેહયુકત આચરે. (૧) દુઃસંગનો ત્યાગ, (૨)

શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદનો આશ્રય, (૩) ભગવદીયનો સંગ, (૪) પુષ્ટિમાર્ગમાં સ્થિતિ અને (૫) શ્રીગુરુ કહે તે પ્રકારે સેવા. આ પાંચે પ્રકાર ભગવદીય વૈષ્ણવે કરવા જોઈએ. વિષયમાં અપ્રીતિ થાય તોજ સર્વ ધર્મ બની શકે. આ બાબતમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સન્યાસ નિર્ણયમાં કહે છે કે "વિષયાક્રાંતદેહાના નાવેશઃ સર્વથા હરેઃ" (વષયાક્રાંત દેહ અર્થાત્ દેહની ઈંદ્રિયો હોય, તેવા જીવના હૃદયમાં હરિનો આવેશ સર્વથા થાય નહિ.) આ વાકયથી જે જીવના હૃદયમાં વિષયનો આવેશ હોય, દેહમાં વિષયની કામના હોય તેના હૃદયમાં ભગવાનનો આવેશ સર્વથા ન થાય. માટે વિષય વગેરે દેહ સંબંધી કાર્યથી વૈરાગ્ય થાય અને મનમાં સંતોષ થાય, તેમજ યથા લાભ એટલે ભગવદિચ્છાથી જે આવી મળે તેમાં સંતોષ માને એવી રીતે રહે. જ્યારે વિષય વિગેરેમાં વૈરાગ્ય થાય તોજ સંતોષ થાય, અને લૌકિક વૈદિક, દેહસંબંધી ચિંતા ત્યજી સદા આનંદમાં રહે તો હૃદયમાં સંતોષ થાય, એટલે હૃદયમાં આનંદ આવે. ચિંતા ન થાય તો ભગવદ્ધર્મમાં મન લાગે, માટે શ્રીમહાપ્રભુજી નવરત્નગ્રંથમાં કહે છે કે "ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપિ" સમર્પણ કર્યો છે આત્મા આજ્ઞા જેણે એવા વૈષ્ણવે કશી ચિંતા ન કરવી. નિવેદિત એટલે સમર્પિત કરનાર ભકત છે તે ચિંતા ન કરે, સદા આનંદમાં રહે, એટલે સદાનંદ રૂપ અને ફલરૂપ શ્રીકૃષ્ણ જે શ્રીવૃંદાવનમાં વ્રજભકત સયુંકત બીરાજે છે અને ઉપર કહ્યા છે તેમની સેવા સદા કર્યા કરે, તો સર્વોપરિ ફળની પ્રાપ્તિ થાય.-(૩૫).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત નવમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## — શ્રી હરિરાયજીની ગુરુભક્તિ —

શ્રી હરિરાયજીને શ્રીગોકુલેશદ્વારા બ્રહ્મસંબંધ થયેલું સ્વગુરુ પ્રતિની આપની ભક્તિ અદ્વિતિય હતી. શ્રીગોકુલેશ ભૂતલ ઉપર બિરાજ્યા ત્યાં સુધી આપે શ્રીગોકુલેશમાં જ પોતાની ગુરુભકિતને સ્થાપી હતી. આપશ્રી શ્રીગોકુલેશના નિત્યપ્રતિ દર્શન ચર્ણસ્પર્શાદિ નિયમપૂર્વક કરતા પ્રસિદ્ધ છે. આપ શ્રી ગોકુલેશના આરોગ્યા પછી જ ભોજન કરતા. આપશ્રી પ્રતિ શ્રાવણ સુદિ બારશે (પવિત્રા બારશે) શ્રીગોકુલેશને પ્રથમ પવિત્રાં ધરાવતા, ભેટ ધરતા અને ત્યારપછી જ ભોજન કરતા. આપશ્રીને આગ્રહ હતો કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનું કોઇ પણ સેવ્યસ્વરૂપ-નિધિ તેમજ પોતાના ગુરુચરણ સ્વસ્થાનથી બે ગાઉ પર્યંત જ્યાં કયાંય પણ બિરાજતા હોય તો તેમના ચરણ-સ્પર્શાદિ કર્યા વિના ભોજન ન કરવું. આ આગ્રહને આપે યાવજ્જીવન નભાવ્યો હતો. આપશ્રીના આ નિયમને અનુસાર આપના કૃપાપાત્ર વૈષ્ણવો પણ સ્વસ્થાનેથી બે ગાઉ પર્યંત કોઈ પણ ગોસ્વામી બાલક અથવા સેવ્યનિધિ બિરાજતા હોય તો તેમના દર્શનાદિ વિના ભોજન ન કરતા.

# * શિક્ષાપત્ર ૧૦ મું *

હવે દશમા શિક્ષાપત્રમાં લૌકિક ક્લેશનો સંબંધ થાય તો પણ પ્રભુને દોષ ન દેવો, અને પ્રભુનો આશ્રય ન છોડવો. ચાતક પક્ષીની પેઠે દૃઢ વિશ્વાસ રાખીને રહેવું. ભગવાન ભક્તનું હિતજ કરે છે, આ નિરૂપણ કર્યું છે. ઉપર કહે છે કે વિષયમાં વૈરાગ્ય રાખી જે મળે તેમાં સંતોષ રાખી પ્રસન્નતાથી શુદ્ધ હૃદય રાખી ભગવાનની સેવા કરે તો ફળની પ્રાપ્તિ થાય. પણ શ્રીકૃષ્ણ ફળ દેવાનો જ્યારે વિચાર કરે ત્યારે બને, શ્રીકૃષ્ણના મનનો અભિપ્રાય જાણવાનું જીવનું સામર્થ્ય નથી. તેથી પ્રભુ કેવી રીતે શું ફળ આપશે તે આગળ શિક્ષાપત્રમાં કહે છે.

**શ્લોકઃ—કોવેદ કીદશઃ કૃષ્ણાભિપ્રાયઃ સ્વજને મતઃ ।**
**સ્વાનંદસિદ્ધયે શતિ નિજાર્તિં દર્શનાદિષુ ॥૧॥**

**શબ્દાર્થ**—સ્વજન એટલે જે તદીય છે, તેના નિમિ-તે શ્રીકૃષ્ણનો શો અભિપ્રાય છે, તે કોણ જાણે? પણ પ્રમેયબળથી એ ( અભિપ્રાય ) જાણી શકાય છે. વળી પોતાના આનંદની સિદ્ધિને માટે દર્શન વગેરેમાં પોતાની આર્તિનું દાન કરે છે.–(૧).

**વિવેચન**—શ્રીકૃષ્ણનો અભિપ્રાય જાણવાનું વેદનું પણ સામર્થ્ય નથી, તેથી નેતિ નેતિ કહે છે. જો કે વેદ ભગવત્સ્વરૂપ છે, ભગવાનના શ્વાસથી પ્રકટયા છે, તો પણ શ્રીકૃષ્ણનો અભિપ્રાય જાણવાનું સામર્થ્ય નથી, તો મારી બુદ્ધિથી હું શું જાણી શકું? તો પણ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની કૃપાથી હું કંઈક મારી બુદ્ધિ પ્રમાણે કહું છું. કારણ કે વેદ છે તે પ્રભુના બંદીજન છે, સદા ગુણ ગાય છે, બહાર ઈશ્વરતાનું માહાત્મ્ય પ્રકટ કરે છે. અને હું તો શ્રીકૃષ્ણનો દાસ છું; તેથી પ્રભુની કૃપા મારા પર છે. શ્રીકૃષ્ણ આનંદરૂપ છે, તે પોતાના આનંદનો અનુભવ પુષ્ટિમાર્ગીય જીવને કરાવવાની ઈચ્છા કરે કે ફલાણા ભક્તને આનંદ સિદ્ધ કરવો છે તો તે ભક્તને શ્રીકૃષ્ણનાં દર્શન થાય છે. તેથી એમ જાણવું કે શ્રીકૃષ્ણ પોતાના સેવકના આનંદના દાનનો વિચાર કરે તો પોતાનાં દર્શનની આર્તિ સિદ્ધ કરાવે. આવા સેવકના હૃદયમાં તાપ થાય કે હું કયારે શ્રીકૃષ્ણનાં દર્શન કરીશ? આવીજ દશામાં સ્મરણ, સેવા કીર્તન સર્વ જાણવું, કારણ કે એનાથી પ્રભુનાં દર્શન વિના રહ્યું જાય નહિં અને ભગવદ્ધર્મ કરવામાં પ્રીતિ થાય.–(૧).

**શ્લોકઃ—સંસારરાગાભાવાય લૌકિકાર્તિં તથા પુનઃ ।**
**મદાભાવાય ચ સ્વાર્તિં શરીરાર્તિં પ્રયચ્છતિ ॥ ૨ ॥**

**શબ્દાર્થ**—સંસારમાં સ્નેહ ( મમતા ) તેનો નાશ થવા માટે લૌકિક આર્તિ (પીડા) આપે છે. વળી અહંકારનો નાશ કરવા માટે જ્ઞાતિ સંબંધી દુઃખ અથવા ધનની પીડા તથા શરીરની પીડા ( રોગાદિક પીડા ) વિ. આપે છે.–(૨).

વિવેચન—આ સંસારમાં દેહ સંબંધી જેટલા પદાર્થ હોય, તેમાંથી પ્રીતિ છુટે તો શ્રીકૃષ્ણ કૃપા કરે. માટે લૌકિક પીડા પ્રભુ આપે છે, તે લૌકિકમાંથી મન છોડાવવાને માટે આપે છે, અને મદનો અભાવ થાય ( હુંજ સર્વ કર્તા છું એવું અભિમાન છુટે ) તે પણ શ્રીકૃષ્ણની કૃપાથી થાય, અને પોતાના શરીરની આર્તિ (પીડા) તથા દુઃખાદિક, તથા ધનની મુશ્કેલી તે પણ અભિમાનની નિવૃત્તિને માટે થાય છે, માટે આ બધું જે બને તે શ્રીકૃષ્ણની કૃપાનાં કારણરૂપ જાણવું. (૨)

શ્લોકઃ—સંગાભાવાય બંધ્વાર્તિં દેશાર્તિં દૈન્યસિદ્ધયે ।
મોહાભાવાય ભગવાન્ સાધનાર્તિં દદાતિ હિ ॥૩॥

શબ્દાર્થ—જે સંગાં (સગાં સંબંધી) બહિર્મુખ હોય તો તેમનો સંગ મટાડવાને તેમના સંબંધનો નાશ કરે. તેની સાથે કલેશ વગેરે પીડા કરાવે છે. અને દીનતાની સિદ્ધિને માટે દેશની આર્તિ (વિદેશગમન) આપે છે. તથા મોહની નિવૃત્તિને માટે સાધનની આર્તિ આપે છે. મતલબ કે મને ફલાણા સાધનથી આ ફળ થયું એવો મોહ ન થાય. (૩)

વિવેચન—સંગનો અભાવ થાય, અને ભગવદીયનો સંગ ન હોય તો બંધુઓ એટલે જે દેહસંબંધી કુટુંબ તેમની સાથે કલેશ થાય, અથવા તેમનો વિયોગ થાય, તો એમ વિચારે કે તેમની સાથે મારો શો સંબંધ છે, આત્મસંબંધી તો ભગવાન છે, કામ તો તેની સાથે છે, એવી રીતે વિચારી દરેક કાર્યમાં શ્રીકૃષ્ણની કૃપાજ માને. અથવા દેશાર્તિ એટલે કે પોતે જ્યાં રહેતા હોય, કુટુંબ, ઘર, મિત્ર, જ્યાં હોય, તે પ્રદેશમાં દુઃખ આવી પડે તો પણ મનમાં એમ જાણે કે શ્રીકૃષ્ણની કૃપાથી દીનતા સિદ્ધ થાય, તેને માટે આ કલેશ છે કારણ કે પ્રભુ પ્રસન્ન કરવાનું સાધન દીનતાજ છે. શ્રીગુસાંઈજીએ વિજ્ઞપ્તિમાં કહ્યું છે કે "આચાર્યચરણૈરુક્તં દૈન્યં તત્તોષસાધનમ્" ( શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીસુબોધિનીજી વગેરે ગ્રંથોમાં કહે છે કે આપ (પ્રભુ) ને પ્રસન્ન કરવાનું સાધન દીનતાજ છે.) આ વચનથી દીનતારૂપ સાધનથી પ્રભુ પ્રસન્ન થાય. તે દીનતા શ્રીકૃષ્ણની કૃપાથી સિદ્ધ થાય છે. વળી મોહનો અભાવ થાય, એટલે શ્રીકૃષ્ણ વિના બીજા પુત્ર, સ્ત્રી, પતિ, મિત્ર, ઘર, દ્રવ્ય, દેહ, આ લોક, અને પરલોક એમાં કોઈમાં મોહ ન થાય. આ બધું પણ શ્રીકૃષ્ણની કૃપાથી થાય. ભગવાનને મળવાને પુષ્ટિમાર્ગની રીતિનાં સાધન (ભગવત્સેવા, સ્મરણ, કીર્તન, જપ, પાઠ, ભગવદ્વાર્તાદિ) છે, તે પણ શ્રીભગવાન કૃપા કરીને કરાવે તોજ બની આવે. (૩)

શ્લોકઃ—પ્રારબ્ધભોજનાર્થં વા પરીક્ષાર્થં વિલંબનાત્ ।
નિર્વાહાર્થં તથા વેદસાધ્યાર્થાર્તિં પ્રયચ્છતિ ॥૪॥

એવમાર્તિપ્રદાનેઽપિ પરમાનંદદાયિનઃ ।
સમાશ્રયો ન મોક્તવ્યો દૃઢઃ સ્વાચાર્યસંશ્રયૈઃ ॥૫॥

શબ્દાર્થ—પ્રારબ્ધ ભોગવવા માટે અથવા પરીક્ષાને માટે ભગવાન (આનંદનું દાન કરવામાં) વિલંબ કરે છે, અગર નિર્વાહની સિદ્ધિ માટે તેમજ વેદસાધ્ય જે અર્થ (સ્વર્ગાદિક)

તે સંબંધી આર્તિ (પીડા) દે છે, અર્થાત લોકવેદની અસિદ્ધિ રાખે છે, આવા કારણે ઉન્દેગ થાય તો પણ આપણા જે શ્રીઆચાર્યજી તેમનાં સુંદર આશ્રયવાળા વૈષ્ણવે આનંદ દાતા (શ્રીકૃષ્ણ) નો દઢ આશ્રય સર્વથા ન છોડવો.-(૪)-(૫).

વિવેચન—ઉપર કહ્યું તે પ્રકારે લૌકિક ઉન્દેગ કરાવી ભગવત્સંબંધી આર્તિ જ્યારે શ્રીકૃષ્ણ કૃપા કરે ત્યારે થાય. જ્યાં સુધી ઉપર કહી એટલી આર્તિમાં દઢ આશ્રય ન રહે ત્યાં સુધી પરમાનંદનું દાન ન થાય. એટલે સઘળા સાધનોમાં જીવને હાથ કાંઈ પણ નથી. શ્રીકૃષ્ણજ સર્વ સિધ્ધિનું અને પરમ ફળરૂપ પરમાનંદનું દાન કરે છે. આ આશય હું મારી યુકિતથી કહેતો નથી પરંતુ શ્રીઆચાર્યજીના ચરણકમળનો આશ્રય દઢ કરીને કહું છું, કે સઘળું શ્રીકૃષ્ણજ કરે છે, તેથી શ્રીઆચાર્યજી નવરત્ન ગ્રંથમાં કહે છે "સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ" પ્રભુ સર્વના-ઇશ્વરના ઇશ્વર અને સર્વના આત્મા છે, તે પોતાની તથા પોતાના ભકતની ઈચ્છા મુજબ કરશે. માટે આપણે તો મુખ્ય શ્રીઆચાર્યજીના ચરણ-કમળનો આશ્રય કરી લૌકિક ઉન્દેગમાં પણ મન (જે ચલાયમાન છે, આશ્રય છુટી જાય છે, તેને ઉપર કહ્યા પ્રમાણે સમજાવીને) દઢ રાખવું, એ કર્તવ્ય છે. (૪-૫)

શ્લોકઃ—સ્વતઃ કૃષ્ણઃ સદાનંદો નિજાનંદં પ્રદાસ્યતિ ।
તદ શયૈવ સ્થાતવ્યં સર્વૈશ્ચાતકપાક્ષવત્ ॥૬॥

શબ્દાર્થ—શ્રીકૃષ્ણ પોતેજ સદા આનંરૂપ છે, તે પોતાના ભકતને પોતાનો આનંદ વિશેષ કરીને દેશેજ, માટે ચાતકપક્ષીની પેઠે એમનીજ આશા અને વિશ્વાસ રાખીને રહેવું (૬)

વિવેચન—શ્રીકૃષ્ણ પોતેજ આનંદરૂપ અને પરમ દયાળુ છે. સર્વ પ્રાણીમાત્રને આનંદ આપે છે. એવા શ્રીકૃષ્ણ પોતાના સેવકને આનંદ આપે તે યોગ્યજ છે. દાસ પર તો કૃપા કરીને અધિક દાન કરશે એવો શ્રીકૃષ્ણનો વિશેષતઃ ભરોસો છે. શ્રીકૃષ્ણના નામથી સઘળાં કાર્ય સિદ્ધ થાય છે. આથી શ્રી ભાગવતના બારમા સ્કંધમાં શ્રીશુકદેવજી કહે છે "હે પરીક્ષિત, દોષના ભંડારરૂપ કળિયુગનો એક મહાન ગુણ છે, તેમાં શ્રીકૃષ્ણના કીર્તનથીજ બંધન મુકત થઈ જીવ પ્રભુની પ્રાપ્તિ કરે છે. આ વાકયથી જો કે કળિયુગ દોષરૂપ છે, પણ શ્રીકૃષ્ણના નામથી સંસાર છુટી જાય અને ભકિત પ્રાપ્ત થાય છે. તેથી ભગવદીય ગાય છે કે, રાગ-બિહાગરો. "કરી હે કૃષ્ણ નામ સહાય । અધમતા ઉર આનિ અપની, મરત હે અકુલાય ॥૧॥ અધમ અગ્નિ તેં ઉધારે, સો કહા તેરો ભાર । કોન ઉદ્યમ અપને કરી શકયો નિસ્તાર ॥૨॥ નેક ઉધો કરી ભરોસો વસત જાકે ગામ । સો કયોં મમતા છોડી લેહે જીવન જાકો નામ ॥૩॥ બિરદ વિવિધ ભુલાયવો કરી હરિ ન ધરી હે લાજ । તોપેં ગદાધર નિગમ આગમ બકત કિત વેકાજ ॥૪॥ આવું પ્રભુનું નામ સમર્થ છે, ત્યાં પ્રભુ દયા કરી પોતાના ભકતને આનંદ આપે તેમાં શું કહેવું ? અહીં દષ્ટાંત કહે છે કે ચાતક પક્ષી પેઠે વિશ્વાસ કરી રહેવું, કારણ કે ચાતક પક્ષી જડ મેઘનું સ્મરણ કરે છે, તો મેઘ તેનો મનોરથ પૂર્ણ કરે છે તો શ્રીકૃષ્ણ તો પરમાનંદ રૂપ છે, તે દયા કરી સર્વ સિદ્ધ કરશે. (૬)

**શ્લોકઃ—લૌકિકાર્તેરગણનં પરમાનંદચિંતનાત્ ।**
**યથા ન ગણયેદ્રોગી તિક્તભેષજભક્ષણમ્ ॥ ૭ ॥**

**શબ્દાર્થ**—પરમાનંદના ચિંતનમાં લૌકિક દુઃખ કલેશને ગણે નહિ, જેમ રોગી કડવી ઔષધિ ખાય છે તે રોગનો નાશ થવા માટે ખાય છે, તેમ સંસારની નિવૃત્તિને માટે લૌકિક દુઃખ સહન કરે.-(૭).

**વિવેચન**—લૌકિક દેહ સંબંધી અને સંસારના દુઃખથી ખેદ થાય ત્યાં પ્રભુનું ચિંતન થાય નહિં. જ્યારે જીવ પ્રભુને માટે ચિંતા કરે, ત્યારે પ્રભુને પણ ચિંતા થાય, માટે વૈષ્ણવોએ લૌકિક ચિંતા મનમાં લાવવી નહિં, પણ પ્રભુની ( વિપ્રયોગ ) આર્તિ કરવી. પરમાનંદ સ્વરૂપ પ્રભુના ગુણ વિચારી વિચારી તેમજ પોતાના દોષ પણ વિચારી વિચારી પ્રભુનું ચિંતન કરે ત્યારે પ્રભુને હૃદયમાં દયા આવે. આથી નિરોધ લક્ષણ ગ્રંથમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે "આર્તિયુકત ભકતને દેખીને પ્રભુ જ્યારે કૃપા કરે છે ત્યારે હૃદયમાં સદાનંદ સ્વરૂપ જે બીરાજે છે, તે બહાર પ્રકટે છે. પોતાના ભકતોનો વિપ્રયોગ તાપ કલેશ પ્રભુ જ્યારે દેખે છે ત્યારે દર્શન દે છે. તે બાબતમાં શ્રીભાગવત્ રાસપંચાધ્યાયીમાં વર્ણન છે કે વ્રજભકતોને મદ થયો એટલે પ્રભુ અંતર્ધ્યાન થયા, અને ભકતોને જ્યારે વિરહ કલેશ અત્યંત થયો, ત્યારે શ્રીઠાકોરજી કૃપા કરીને પ્રકટ થયા. તેવીજ રીતે આ પુષ્ટિમાર્ગમાં વ્રજભકતોના ભાવ પ્રમાણે મનમાં વિરહ થાય, ત્યારે પ્રભુ કૃપા કરે. માટે લૌકિક ચિંત્તા છોડીને પ્રભુનો વિરહ કરી પરમાનંદનું ચિંતન કરે તો પ્રભુ કૃપા કરે. અહીં દૃષ્ટાંત આપે છે કે જેને રોગ થયો હોય તે કડવાં ઓસડ ખાય છે. જો કે ઓસડ બહુજ કડવું હોય છે તો પણ રોગી તેજ ઔષધિ રોગનો નાશ થવા માટે પ્રીતિથી ખાય છે. તેવીજ રીતે જેને સંસારનું તેમજ કામ, ક્રોધ, મદ, મત્સરાદિનું રોગની પેઠે જ્ઞાન થયું છે, તેણે સંસારરૂપી રોગની નિવૃત્તિ માટે લૌકિક કષ્ટો સહન કરી, પરમાનંદના ચિંતનરૂપ ઔષધિનું સેવન કરવું, એટલે પ્રભુ કૃપા કરી સઘળું દુઃખ નિવૃત્ત કરે છે. માટે લૌકિકાર્તિ છોડીને પ્રભુના વિપ્રયોગનું ચિંતન કરે ત્યારે પ્રભુ પ્રસન્ન થાય.-(૭).

**શ્લોકઃ—અહિતં નિજભકતાનાં વિદધાતિ હરિર્ન હિ ।**
**સમસ્તાનાં સખાસ્વીયભકતાનાં ન કથં ભવેત્ ॥૮॥**

**શબ્દાર્થ**—પ્રભુ પોતાના ભકતનું કદીજ અહિત કરતા નથી, કારણ કે જે આખા જગતના સખા છે, તે પોતાના ભકતના સખા કેમ ન હોય ?-(૮).

**વિવેચન**—શ્રીકૃષ્ણ કેવા છે, કે પોતાના ભકતનું અહિત ( બુરૂં ) કદીજ ન કરે, હંમેશા હિતજ કરે. આથી મહાભારતમાં ભીષ્મનું વચન સાચું કરવા પોતાનું પણ છોડ્યું, અને છેવટે અંતસમયે કૃપા પણ કરી. વળી શ્રીનંદરાયજી અંબિકા પૂજન કરવા ગયા અને અન્યાશ્રય કર્યો, આથી સુદર્શન સાપે ગળ્યા, પછી પ્રભુના નિજભકત થયા, પ્રભુનો આશ્રય કર્યો, ત્યારે પ્રભુએ કૃપા કરી સુદર્શન સાપથી છોડાવ્યા. તેવીજ રીતે પુષ્ટિભકતનો કોઈ દોષ મટાડવાને પ્રભુ દુઃખ દે, તો પણ મનમાં ચિંતા ન કરવી જોઇએ. પ્રભુ સર્વથા હિતજ

કરવાના છે, કારણ કે સર્વ જીવનું પાલન કરનાર ભગવાન છે તે પોતાના ભકતપર કૃપા કરે તેમાં શું આશ્ચર્ય છે? પોતાના ભકત પર કૃપા કરતા આવ્યાજ છે, તે આજ પણ કરે છે, અને આગળ પણ કરશેજ. આવી રીતે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે પ્રભુના ગુણો વિચારી સ્મરણ ભજન કરવું.-(૮.).

ઇતિશ્રીહરિરાયજી કૃત ૧૦ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

# શ્રી હરિરાયજીનું પ્રાકટ્ય

આપનું પ્રાકટ્ય વિ. સં. ૧૬૪૭ ( એકમતે ૧૬૪૫ ) ના ગુર્જર ભાદ્રવદ ૫ ના દિવસે શ્રી ગોકુલમાં થયું હતું. આપશ્રીના પ્રાકટ્ય વિષે સમ્પ્રદાયમાં નીચેની આખ્યાયિકા પ્રસિદ્ધ છે.

એમ કહેવાય છે કે, આપના પિતા શ્રીકલ્યાણરાયજીનાં પ્રથમ વહુજી ગત થયા પછી આપે દ્વિતીય લગ્ન ન કરવાનો નિર્ધાર કર્યો હતો. એ વાત શ્રીવિઠ્ઠલેશના ચતુર્થ પુત્ર શ્રીગોકુલેશને ગમી નહિ. એથી આપશ્રીએ શ્રીકલ્યાણરાયજીને દ્વિતીય લગ્ન કરવાનો આગ્રહ કર્યો અને આપે એ પણ આજ્ઞા કરી કે, આપ-શ્રીકલ્યાણરાયજીના હૃદયમાં શ્રીગુસાંઇજીના સંયોગ રસરૂપ તાંબુલ-ચર્વિત-ની અખંડ સ્થિતિ રહેલી છે. અતઃ તે વ્યર્થ ન જાય એ માટે આપને દ્વિતીય લગ્ન કરવું આવશ્યક છે. શ્રીગુસાંઇજીનું તે ચર્વિત આપને ત્યાં પુત્રરૂપથી પ્રકટ થનાર છે, અને તે દ્વારા સમ્પ્રદાય તેમજ અનેકાનેક દૈવી જીવોને સ્વરૂપલાભ થશે.

શ્રીકલ્યાણરાયજીએ શ્રીગોકુલેશના તે વચનને માન્ય કરી દ્વિતીય લગ્ન કરવાની હા પાડી. ત્યારે શ્રીગોકુલેશ એક સજાતીય વ્યકિતને ત્યાં પધાર્યા અને તેમની વય પ્રાપ્ત કન્યાની માંગણી કરી. પ્રથમ તો તે સજાતિય ભટ્ટજીએ શ્રીકલ્યાણરાયજીના અદ્દભુત ત્યાગનું વર્ણન કરતાં તેમની સાથે પોતાની કન્યાનું લગ્ન કરવાની ના પાડી, પરન્તુ જ્યારે શ્રીગોકુલેશે તે ભટ્ટજીને એ કન્યાથી અત્યંત પ્રતાપી પુત્રો થશે એમ વરદાન આપ્યું ત્યારે તેમણે તે કન્યાનું શ્રીકલ્યાણરાયજીથી લગ્ન કર્યું. પછી આ કન્યાનું નામ "શ્રીજમનાવહુજી" રાખવામાં આવ્યું.

લગ્ન પશ્ચાત્ સમયાનુસાર વિ. સં. ૧૬૪૭ માં શ્રીકલ્યાણરાયજીને ત્યાં શ્રીહરિરાયજીનું પ્રથમ પ્રાકટ્ય થયું. ત્યાર પછી વિ. સં, ૧૬૪૯ માં શ્રીગોપેશ્વરજીનું અને વિ. સં. ૧૬૫૧ માં શ્રીવિઠ્ઠલેશજીનું પ્રાકટ્ય થયું. શ્રીવિઠ્ઠલેશ ઘણુ કરીને વધુ સમય પર્યંત ભૂતલ ઉપર બિરાજ્યા નથી. એથી સમ્પ્રદાયમાં શ્રીહરિરાયજી અને શ્રીગોપેશ્વરજીનાં નામો જ પ્રસિદ્ધ છે. આ બન્ને બાલકો શ્રીગોકુલેશના વચનને અનુસાર આગળ જતાં અત્યંત પ્રતાપી થયા અને બન્નેથી સંપ્રદાયને પણ ઘણો લાભ થયો છે.

:ખબર ગ્રહણ કરવો
શ્રીગુસાંઇજીને શ્રી
શો જવાબ દેશો ?
ચ્છ છે, જા, આજ
ગયા. આવી રીતે
કરવી જોઇએ. પણ
થી અન્ય ધર્મ જેટલા
હું નિવૃત્ત નથી.
મ મારા સ્વ મી છો
ડતી નથી. (૭) હવે
પણ હું તો દોષોનો
ાષો છે. વળી સારા
રશે ? આ પ્રમાણે
તેના પર દયા કરી

ગ્કૃત વ્રજભાષાની

ભાવના વિઠ્ઠલનાથ
અને શ્રીગુસાંઇજી
વારંવાર પ્રકટ થયે
ામહાપ્રભુજી અને
, પૂજા આદિ વેદ

ભાવના પ્રચલિત
નામ પણ ઘણું

છે. એમને માટે
રુષોત્તમ, અગ્નિ,
સંસવેજ નહિં.
ાથી ભૂતલ ઉપર
માં પ્રસિદ્ધ છે. શ્રી
સ્વવંશ સ્થાપિતા
ીકૃષ્ણે આત્મસાત્
ષ્કલંક શ્રીકૃષ્ણે-
ર્પસુતપ્રસુ" થી

# * શિક્ષાપત્ર ૩૮ મું *

આડત્રીસમા શિક્ષાપત્રમાં વ્યાપી વૈકુંઠમાં ભગવાન પૂર્ણાનંદ છે, અને રમા વૈકુંઠમાં વિભૂતિરૂપ છે. જેમ વ્યૂહ રચનામાં સ્થિત પુરુષ કોઈને પ્રાપ્ત થઈ શકતો નથી તેમ વ્યૂહના મધ્યમાં બીરાજમાન શ્રી પુરુષોત્તમની અભક્તને ખબર પડતી નથી. ભાવાત્મક પ્રભુ તો હંમેશાં રસાત્મક લીલાજ કરે છે, અન્ય કાર્ય કરતા નથી. અને ભૂભાહરણનું કાર્ય તો અંશ સ્વરૂપ કરે છે. ધર્મિસ્વરૂપ પોતાની મર્યાદા રહિત વ્રજમાં છે, અને સર્વ ધર્મ વિશિષ્ટ મર્યાદા સહિત મથુરાજીમાં છે. પરમાનંદ રૂપ બાળલીલાદિના મિસથી ઉચ્છૃંખલ લીલા વ્રજમાં કરી છે. તે સર્વ લીલામાં રસરૂપપણું ગૂઢ ભાવથી વર્ણવેલું છે. એવા મૂળ લીલાયુક્ત મૂળ સ્વરૂપ શ્રીકૃષ્ણમાં નિરંતર ચિત્ત સ્થાપન કરવું તેજ આપણા માર્ગની સેવા છે. તેની સિદ્ધિને માટે તનુજા વિત્તજા સેવા કરવી, અને તાદૃશી ભકતની સાથે નિવેદનનું અનુસંધાન કરવું. આ પુષ્ટિમાર્ગ પ્રવર્તક શ્રીઆચાર્યજીમાં સુદૃઢ સ્નેહ રાખવો. વળી એમના પુષ્ટિમાર્ગમાં દૃઢ વિશ્વાસ રાખવો, જેથી સર્વ સિદ્ધ થશે. ઉપર કહ્યું કે પોતાના દોષની ભાવના કરી નિઃસાધન બની દીનતા કરે ત્યાર પછી આગળ વૈષ્ણવનું શું કર્તવ્ય છે તેનું વર્ણન છે. તેમાં આ વ્રજમાં ભાવાત્મક રસાત્મક પૂર્ણપૂરુષોત્તમ શ્રીકૃષ્ણ સદા ભકતોની સાથે લીલા કરે છે, એવા શ્રીકૃષ્ણ સર્વોપરિ છે, તેનો અનુભવ થાય તો સર્વ ફળ સિદ્ધ થયું સમજવું, વિ. નિરૂપણ છે.

શ્લોક—કૃષ્ણે રસાત્મકે નિત્યં ગોપિકામંડલસ્થિતે ।
યમુનાપુલિનાંતસ્થવૃંદાવનવિરાજિતે ॥૧॥
નિત્યગાનરસાવિષ્ટે વિશિષ્ટેઽક્ષરતઃ ક્ષરાત્ ॥
ભાવૈકગમ્યે સર્વત્ર પ્રસિદ્ધે પુરૂષોત્તમે ॥૨॥
યસ્યાવતારઃ પુરુષઃ આદ્યો બ્રહ્માંડવિગ્રહઃ ॥
તસ્યાંશા એવચે ભૂમૌ મત્સ્યાદ્યા ઇતિ બુધ્યતામ્ ॥૩॥

શબ્દાર્થ—શ્રીકૃષ્ણ કેવા છે? રસાત્મક, નિત્ય ગોપિકાઓના મંડળમાં બિરાજમાન, શ્રીયમુનાજીના પુલિનની પાસે શ્રીવૃંદાવનમાં બીરાજતા–(૧). નિત્ય ગાનરસથી આવેશવાળા, ક્ષર અને અક્ષરથી શ્રેષ્ઠ, ભાવથી અનુભવાય તેવા, સર્વત્ર પ્રસિદ્ધ, પુરુષોત્તમ સ્વરૂપ છે.–(૨). જેનો આદ્ય અવતાર બ્રહ્માંડ રૂપ પુરુષ છે, (જેને વિરાટ્ પુરુષ કહે છે તે) અને ભૂમિ પર મત્સ્યાદિક અવતાર છે, તે આ પુરૂષોત્તમના અંશ છે, એવી શ્રીકૃષ્ણમાં બુદ્ધિ રાખવી.–(૩).

વિવેચન—આ શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં રસાત્મક શ્રીકૃષ્ણ સેવ્ય છે. તે કેવા પ્રકારે વ્રજમાં બિરાજે છે તે કહે છે, કે ગોપીજનના મંડળમાં બિરાજમાન છે. શ્રીકૃષ્ણ રસાત્મક છે, તે આવી રીતે નિત્ય સ્વામિનીજીની સાથે રાસાદિક લીલા કરે છે. તે કયે ઠેકાણે કરે છે, તે કહે છે, કે શ્રીયમુનાજીના પુલિનમાં શ્રીવૃંદાવનમાં બિરાજે છે. બીજો પણ પાઠ છે

# * શિક્ષાપત્ર ૧૧ મું *

હવે અગિયારમા શિક્ષાપત્રમાં ભકતનાં કર્તવ્ય (ગુણગાન, દુઃખભાવન દૈન્ય અને ત્યાગ) આ ચારનું નિરૂપણ છે. ઉપર કહેવામાં આવ્યું છે કે પ્રભુ પોતાના ભકતનું બુરૂં કદી નજ કરે, કલ્યાણજ કરે પણ ભકિતમાર્ગની રીતિ ન છે.ડે. તેનું આગળ વર્ણન કરે છે કે આવી રીતે ભકતે રહેવું.

**શ્લોક—સર્વદા સર્વભાવૈકહેતુભૂતેષુ સર્વથા ।**
**શ્રીમદાચાર્યપાદેષુ સ્થાપ્યતાં તન્મયં મનઃ ।। ૧ ।।**

શબ્દાર્થ—હંમેશાં સર્વ ભાવના મુખ્ય હેતુરૂપ શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં તન્મયતા કરી મનને નિશ્ચય સ્થાપન કરવું.-(૧).

વિવેચન—હવે ભગવદ્‌ભકતનાં લક્ષણ કહે છે. હંમેશાં (સર્વ કાળમાં) સર્વ ભાવના કારણ રૂપ શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં પોતાનું મન સ્થાપન કરવું, એક એમનોજ દૃઢ આશ્રય કરવો, તેથી પોતાનું મન સદા તન્મય થાય. મન વાણી અને કર્મથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણકમળનો.જ આશ્રય રાખવો. (આથી સર્વ સિદ્ધ થાય)-(૧).

**શ્લોકઃ—તત એવ કૃતાર્થત્વં નિશ્ચયઃ ક્રિયતાં હૃદિ ।**
**આસુરત્વં વિનિશ્ચેયમન્યત્તત્સામ્યવાદિષુ ।। ૨ ।।**

શબ્દાર્થ—શ્રીઆચાર્યજીના ચરણકમળમાં મન સ્થાપન કરવું, તેથીજ કૃતાર્થતા છે, એવો નિશ્ચય હૃદયમાં કરવો. અને એથી બીજું અથવા એની બરોબરનું કહેનારામાં આસુરપણાનો નિશ્ચય કરવો. (શ્રીમહાપ્રભુજીના ચરણકમળ શિવાય બીજાથી કૃતાર્થતા છે અથવા તેની બરાબર બીજું છે એવું જે કહે તેને અસુર જાણવો.-(૨).

વિવેચન—ઉપર કહ્યું કે શ્રી આચાર્યજી મહાપ્રભુજીના ચરણકમળમાં મન રાખે તો કૃતાર્થતા છે. આ સિદ્ધાંતમાં કોઈ વાદી (વિરુદ્ધ બોલનાર) નો વિશ્વાસ ન રાખવો. વાદ કરે તેને ખાસ આસુરી જાણવો. કારણ કે આ સિદ્ધાંત વેદશાસ્ત્ર, ગીતા, શ્રીભાગવતના પ્રમાણથી સિદ્ધ છે, તેમાં વિશ્વાસ ન રાખે, તેને નિશ્ચય આસુરી જાણવો.-(૨).

**શ્લોકઃ—શ્રીકૃષ્ણઃ સર્વદા સ્મર્યઃ સર્વલીલાસમન્વિતઃ ।**
**ભકતૈકહૃદયસ્થાયી સકલઃ પુરૂષોત્તમઃ ।। ૩ ।।**

શબ્દાર્થ—સર્વ લીલા (વેણુગીત, યુગલગીતાદિ) યુકત ભકતોના હૃદયમાં બિરાજનારા અંશકલા સહિત, શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ સદા સ્મરણ કરવા યોગ્ય છે.-(૩).

વિવેચન—શ્રીકૃષ્ણ ફલાત્મક, રસાત્મક, ભાવાત્મક, સ્વરૂપાત્મક છે. તેનું સ્મરણ સદા કરવું. લીલા સહિત ભક્તો સહિત સ્મરણ કરવું. કારણ કે રસાત્મક શ્રીકૃષ્ણ વ્રજભક્તોની સાથે અષ્ટ પ્રહર લીલા કરે છે. એવા શ્રીકૃષ્ણનું સ્મરણ કરીએ તેથી હૃદયમાં સદા પુરુષોત્તમ બિરાજમાન થાય. એવી રીત છે કે જેનું ધ્યાન ધરે તે હૃદયમાં આવે. લૌકિક આવેશવાળા હૃદયમાં સંસાર ભર્યો રહે, અને પ્રભુનું સ્મરણ કરે, તો પ્રભુ (જો કે સઘળે વ્યાપ્ત છે તો પણ) ભક્તના હૃદયમાં લીલા સહિત બિરાજમાન થાય-(૩).

શ્લોકઃ—ગુણગાનં તથા દુઃખભાવનં દૈન્યમેવ ચ ।
તથા ત્યાગઃ સિદ્ધદશઃ કૃત્યમેતચ્ચતુષ્ટયમ્ ॥ ૪ ॥

શબ્દાર્થ—ગુણગાન તથા દુઃખની ભાવના (વિપ્રયોગાર્તિ) અને દીનતા તેમજ ત્યાગ (લૌકિક વૈદિક આસક્તિ છોડવી) આ ચારેય સિદ્ધ દૃષ્ટિવાળાનાં કાર્ય છે.-(૪).

વિવેચન—શ્રીઠાકોરજીની લીલાનું ગુણગાન કરે, વિપ્રયોગ દુઃખની ભાવના કરે, દીનતા કરે, તેવીજ રીતે સર્વ લૌકિક વૈદિક ત્યાગ કરે, આ ચારે કાર્ય અવશ્ય કરે. કારણ કે જો પ્રથમ ગુણગાન કરે તો તથા કરીને જેટલા દોષ હોય તેટલા ભસ્મ થઈ જાય ને શુદ્ધ હૃદય થાય, એટલે પોતાના દોષ સ્ફુરે, અને પોતાને તુચ્છ જાણે. વળી પ્રભુને સર્વોપરિ જાણે ને મેં તો કશું સાધન કર્યું નથી તો મારો અંગીકાર પ્રભુ કેમ કરશે ? આવી રીતે વિચારવાથી નિઃસાધનતાની ભાવના મનમાં થાય, એટલે દીનતા આવે, ત્યારે પ્રભુ વિના બીજું ગમે નહિ. પછી લૌકિક વૈદિક સર્વ ત્યાગ થાય. આ ચારે પ્રકાર છે તે પુષ્ટિમાર્ગીય સાધન અને ફળરૂપ જાણી કરવા યોગ્ય છે. માટે અવશ્ય કરવા.-(૪).

શ્લોકઃ—ગુણગાનં ભાગવતાત્ સેવયા દુઃખભાવનમ્ ।
તદ્દૈન્યભાવવદ્દૈન્યં ત્યાગો વિરહભાવતઃ ॥ ૫ ॥

શબ્દાર્થ—શ્રીમદ્ભાગવતના (મનનપૂર્વક) પાઠથી ગુણગાન કરવાં. સેવા કરી દુઃખની ભાવના કરવી. (પ્રથમ ચોરાસી અસોબાવનની પાસે પ્રભુ માગી માગીને આરોગતા એવી રીતે મારી સ્થિતિ ક્યારે થશે, આવી દુઃખની ભાવના કરવી. ભાવનાથી દીનતા સિદ્ધ થાય, અને વિરહના ભાવથી સંન્યાસ નિર્ણયમાં કહ્યો છે તેવો ત્યાગ સિદ્ધ થાય.-(૫).

વિવેચન—ઉપરના શ્લોકમાં જે ચાર કર્તવ્ય બતાવ્યાં, તે શી રીતે સિદ્ધ થાય ? તો કહે છે કે સાધનરૂપ ગુણગાનથી સર્વદોષ દૂર થાય, અને ફળરૂપથી ભગવાનનું દર્શન સિદ્ધ થાય. જેમ વ્રજભક્ત વેણુગીત, યુગલ ગીતનાં ગાન વડે નિર્વાહ કરે છે, તેવીજ રીતે વૈષ્ણવ સેવાનો સમય ન હોય ત્યારે ગુણગાન કરે. પ્રભુની સેવાનો સમય ક્યારે મળે આવાં દુઃખની ભાવના થાય. આવા ગુણગાનથી સેવાની આર્તિ મનમાં થાય. આવી રીતે નિઃસાધનતા સિદ્ધ થાય. કેટલીય સેવા કરે તોપણ મનમાં એવું દુઃખ રહે કે જન્મ સઘળો વૃથાજ ગયો, કશી ભગવત્સેવા ન બની, આમ દૈન્ય થાય તેવી રીતે દૈન્યની ભાવના કરતાં કરતાં સર્વ દેહ સંબંધી પદાર્થમાં વિરક્તિ થાય, ત્યારે શુદ્ધ વિપ્રયોગની ભાવના થાય,

આ સર્વોપરિ મુખ્ય ફળ છે. પછી સર્વ લીલાનો અનુભવ થાય, અને ફલની સિદ્ધિ થાય.-(૫).

શ્લોકઃ—એતચ્ચતુષ્ટયં સિદ્ધં યદિ નાન્યદપેક્ષિતમ્ ।
સર્વસ્ય મૂલં સત્સંગસ્તદભાવે ન સિદ્ધ્યતિ ॥ ૬ ॥

શબ્દાર્થ—ઉપરના શ્લોકમાં કહ્યા તે ચાર પ્રકાર જ્યારે સિદ્ધ થાય, તો પછી બીજું કંઈ ઇચ્છિત બાકી રહે નહિં, અને સર્વનું મૂળ સત્સંગ છે, તેનો અભાવ હોય તો આ ચાર પૈકી કંઈ સિદ્ધ ન થાય.-(૬).

વિવેચન—ઉપર કહ્યા તે ચાર પ્રકાર જેને સિદ્ધ થાય તેને બીજાં સાધનની અપેક્ષા કશી ન રહે. માટે પ્રથમ ગુણગાન કરે, પછી પ્રભુની સેવા કરી વિરહની ભાવના કરે, અને દીનતાવાળો થઈ સર્વ ત્યાગ કરી પ્રિયમિલનની ભાવના કરે, આ ફળરૂપ સાધન સિદ્ધ થયા પછી બીજા સાધનની અપેક્ષા રહે નહિ. આ ચાર ફળરૂપ પદાર્થ સત્સંગથી સિદ્ધ થાય છે. તેથી સર્વનું મૂળ સત્સંગ છે. આથી શ્રીભાગવતજીમાં પ્રથમ સ્કંધમાં શૌનકનું વાકય છે કે "ભગવાનના ભકતના સંગની એક ક્ષણ બરાબર સ્વર્ગ અને મોક્ષનું સુખ પણ નથી, તો તેની સાથે મનુષ્યના મનોરથ રૂપ તુચ્છ રાજ્યાદિક સુખની તુલના કેવી રીતે થાય ?" વળી એકાદશ સ્કંધમાં ઉદ્ધવજીને ભગવાન કહે છે કે હે ઉદ્ધવજી મને યોગ વશ કરતો નથી, તેમજ ન સાંખ્ય, ન ધર્મ ન સ્વાધ્યાય, (વેદજપ), તપ. ત્યાગ, ન ઇષ્ટ (અગ્નિહોત્રાદિ) પૂર્ત, (કૂવા બગિચા), ન દક્ષિણા, વ્રત, યજ્ઞ, છંદ, (રહસ્ય મંત્ર), તીર્થ, નિયમ, યમ એ કોઈ મને વશ કરતાં નથી પણ સર્વ સંગનો નાશ કરનારો સત્સંગજ મને વશ કરે છે. સત્સંગથી દૈત્ય, રાક્ષસ, મૃગ, પક્ષી, ગંધર્વ, અપસરા, નાગ, સિદ્ધ, ચારણ, ગુહ્યક, વિદ્યાધર, વળી મનુષ્યમાં વૈશ્ય, શૂદ્ર, સ્ત્રીઓ, અંત્યજ, (નીચ જાતવાળા ઢેડ, ભંગી વગેરે), રજોગુણી, તમોગુણી પ્રકૃતિવાળા આ યુગમાં હે પાપ રહિત, એવા ઘણાએ મારા ચરણારવિંદની પ્રાપ્તિ કરી છે. વૃત્રાસુર, પ્રહલાદાદિ, વૃષપર્વા, બલિ, બાણાસુર, મયદાનવ, અને વિભિક્ષણ, સુગ્રીવ, હનૂમાન, જાંબુવાન, ગજેન્દ્ર જટાયુ, તુલાધાર, ધર્મવ્યાધ, કુબ્જા, ગોપીજન, યજ્ઞપત્નિઓ તથા બીજાં, જે વેદ પણ ભણ્યાં નથી તથા સેવા પણ મોટાંઓની જેણે કરી નથી, તથા વ્રત કે તપ જેણે કર્યાં નથી, એવાં પણ કેવળ સત્સંગથી મને પ્રાપ્ત થયાં છે વિગેરે વચનોથી ભગવાન કહે છે કે હે ઉદ્ધવ, સાંખ્ય ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, વ્રત, યજ્ઞ, છંદ, તીર્થ નિયમ, વિગેરે કંઈ મને વશ કરતાં નથી, પણ સત્સંગથી જીવ મને વશ કરે છે. માટે સત્સંગ એવો પદાર્થ છે. સત્સંગના પ્રતાપથી દૈત્ય, રાક્ષસ, ખગ, મૃગ, ગાંધર્વ, અપસરા, સિદ્ધ. ચારણ મનુષ્ય, સર્વ કૃતાર્થ થયાં છે. માટે સર્વ સાધનનું મૂળ સત્સંગ છે. સત્સંગથી તદ્રુપભાવ હૃદયારૂઢ થઈ ભાવની સિદ્ધિ થાય છે. માટે ભગવદીયનો સત્સંગ અવશ્ય કરવો આ સિદ્ધાંત થયો.-(૬).

ઇતિશ્રીહરિરાયજી કૃત ૧૧ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

# * શિક્ષાપત્ર ૧૨ મું *

હવે બારમા શિક્ષાપત્રમાં શ્રીસ્વામિનીજીના વાકયની ભાવના રાત દિવસ કરવી તેનું નિરૂપણ કરે છે. ઉપર કહેલા ચાર પ્રકાર સિદ્ધ થયા પછી કેવી રીતે અનુભવ થાય, તે આગળ કહે છે. આ શિક્ષાપત્રમાં શ્રીઠાકોરજીનાં ૬૪ નામોનું નિરૂપણ છે.

**શ્લોકઃ—ભાવનીયં સદા ચિત્તે સ્વામિનીજલ્પિતં મુહુઃ ।**
**તાપકલેશૈરયં માર્ગઃ શ્રીમદાચાર્યરૂપિતઃ ॥ ૧ ॥**

શબ્દાર્થ—વારંવાર ચિત્તમાં શ્રીસ્વામિનીજીનાં વચનની (વિપ્રયોગ દશાનાં હા નાથ! હા પ્રિય! હા રમણ! કયાં છો? હા મહાભુજ! આપની દીન દાસી હું છું, તેને દર્શન દેશો, વિગેરે) ભાવના કરવી જોઇએ. કારણ કે આ માર્ગ વિરહ તાપાત્મક શ્રીમહાપ્રભુજીએ નિરૂપણ કર્યો છે.–(૧).

વિવેચન—શ્રીકૃષ્ણના વિપ્રયોગમાં શ્રીસ્વામિનીજી જેવા પ્રકારે વારંવાર જલ્પના કરે છે, તેવા પ્રકારે પુષ્ટિમાર્ગીય ભગવદીય મનમાં ભાવના કરે, તે પ્રેમામૃતમાં કહે છે કે "એકદા કૃષ્ણવિરહાદ્ધ્યાયન્તી પ્રિયસંગમમ્ । મનોબાષ્પનિરાસાય જલ્પતીદં મુહુર્મુહુઃ" (એક દિવસ શ્રી કૃષ્ણના વિરહથી પ્રિયના સંગમનું ધ્યાન કરતાં શ્રીસ્વામિનીજી હૃદયની વ્યથા શાંત કરવાને વારંવાર એવા શબ્દોનો ઉચ્ચાર કરે છે.) શ્રીસ્વામિનીજી શ્રીકૃષ્ણને મળવાને માટે વિપ્રયોગથી વારંવાર જલ્પના કરે છે, તે ભાવ સર્વોપરિ છે. તેવીજ રીતે આ પુષ્ટિમાર્ગ તાપ કલે યુકત છે, કારણ કે શ્રીસ્વામિનીજીનું તાપકલેશ ભાવાત્મક સ્વરૂપ શ્રીમહાપ્રભુજી છે, તેથી એમનાથી પ્રકટેલો પુષ્ટિમાર્ગ પણ તાપકલેશરૂપ છે. તેથીજ તાપકલેશથી આ માર્ગની ફળસિદ્ધિ છે, માટે વિરહથી શ્રીસ્વામિનીજી જે પ્રકારે ભાવ સહિત અનુભવ કરે છે, તે ભાવની ભાવના કરવી. શ્રી સ્વામિનીજીની ભાવનાનું રૂપ હવે આગળ કહે છે.–(૧).

**શ્લોકઃ—દર્શનં દેહિ ગોપીશ! ગોકુલાનંદદાયક! ॥**
**ગોવિંદ! ગોપવનિતાપ્રાણાધિપ! કૃપાનિધે! ॥ ૨ ॥**

શબ્દાર્થ—હે ગોપીજનોના ઇશ! હે ગોકુળ (ધેનુકુળ અથવા ભકત મંડળી) ને આનંદ આપનાર! હે ગોવિંદ! હે વ્રજભકતોના પ્રાણપતિ! હે કૃપાના ભંડાર! અમને દર્શન આપો.–(૨).

વિવેચન—શ્રીસ્વામિનીજી કહે છે કે–હે ગોપીજનના ઇશ! અમને દર્શન આપો, કારણ કે તમે ગોપીકાઓના ઇશ એટલે પતિ–રાજા છો. એટલે કે રાજા પોતાની પ્રજાને દુઃખ ન દે સુખજ આપે, આ મર્યાદા છે. તેમજ હે શ્રીકૃષ્ણ, અમે તમારી પ્રજા છીએ, માટે અમને દર્શન આપો, વળી તમે ગાયોના કુળને આનંદ આપનાર છો. પણ ગાયો

પણ તમારા દર્શન વિના વ્યાકુળ છે માટે ગાયોને દર્શન આપો. વળી વનમાં ગાયોને ચરાવી આનંદ આપવા જલદી પધારી અમને આનંદ આપો. મતલબ કે તમે ગોવિંદ છો એટલે ગાયોના ઇંદ્ર છો, તેથી જેમ ઇંદ્ર પોતાનાં જે છે તેમાં બહુ આસકત છે, તેમ તમે વ્રજભકતોને સુખ આપો. કારણ કે તમે ગોપવનિતાઓના પ્રાણના અધિપતિ છો. તમારાં દર્શનથીજ ગોપવનિતાઓ જીવે છે. એવા શ્રીકૃષ્ણ કૃપાનિધિ અમને જલદી દર્શન આપો. આવી રીતે શ્રીસ્વામિનીજી લીલાસહિત પ્રભુનાં નામ દઇ વિરહ કરે છે.-(૨).

**શ્લોક—ગોપાલ! પાલિતવ્રજ! નિજવ્રજસુખાંબુધે! ।**
**પરમાનંદ! નંદાદિરુચિરોત્સંગલાલિત ॥ ૩ ॥**

**શબ્દાર્થ**—હે ગોપાલ! (ગાયોનું પાલન કરનારા) હે વ્રજભકતોને પાળનારા) હે પોતાના વ્રજના અથવા પોતાના ભકતોના સુખના સમુદ્ર! હે પરમ આનંદ રૂપ! હે શ્રીનંદરાયજી વગેરેની રુચિર ગોદમાં ખેલનારા! (અમને દર્શન આપો, આમ પૂર્વના શ્લોકનો સંબંધ પંદરેય શ્લોક સુધી ચાલશે. )-(૩).

વિવેચન—હે ગોપાળ! તમે ગાયોનું પાલન કરનારા છો, અને આ વ્રજ તમારૂં છે તે સર્વનું પાલન કરી સઘળા વ્રજને સુખ આપનારા છો. તમે સુખના સમુદ્ર છો! આ વ્રજ તમારૂં છે, તેમાં વ્રજ ભકતો, પશુ, પક્ષી, ગાયો, ગોવાળ, જડ, ચૈતન તે સર્વને સુખ આપનારા છો. એવા સુખના સમુદ્ર! આપ અમને સુખ આપો. તમે પરમાનંદ સ્વરૂપ છો. તમને નંદયશોદાજી વિગેરે ઉત્સંગમાં લઈને લાલન પાલન કરે છે, એવા હે શ્રીકૃષ્ણ!! અમને દર્શન આપો.-(૩).

**શ્લોકઃ—સદાનન્દ! નિજાનન્દસમુદાયપ્રદાયક!**
**દામોદર! દયાદ્રાર્દ્ર! દીનાનાથ! દયાપર! ॥ ૪ ॥**

**શબ્દાર્થ**—હે સદા આનંદરૂપ! હે નિજ ભકતોને (અપરિમિત) આનંદનું દાન દેનારા! હે દામોદર! (ભકતવશ્ય), હે દયાથી આર્દ્ર છે તેનાપર આર્દ્ર! હે દીનતાવાળા ભકતોનું ચારે તરફથી રક્ષણ કરનારા પતિ! સર્વ ઉપર દયાવાળા!-(૪).

વિવેચન—હે શ્રીકૃષ્ણ, તમે તો સદા આનંદરૂપ છો, વ્રજમાં સમુદિત (પ્રકટેલા) જીવ માત્રને આનંદ આપનારા છો, અને શ્રીયશોદાજીએ દોરડાથી ઉદરે બાંધ્યા છે એવા ભકતને વશ છો. દયાથી તમારૂં હૃદય આર્દ્ર (ભીંજી રહ્યું) છે, અને દીનનાથ છો, એટલે અતિ દીન ભકત હોય (જેનું કોઈ નથી તેના પર તમારી દયા છે) તેના તમે છો. અને દયાપર છો, સર્વ પર તમારી દયા છે, એવા હે શ્રીકૃષ્ણ! દયા કરી દર્શન આપો.-(૪).

**શ્લોકઃ—પુરૂષોત્તમ! સર્વાંગરુચિર! પ્રેમપૂરિત! ।** વધૂપતિ
**અનંગરૂપપરમ! પ્રિય! ગોપવધૂપતે! ॥ ૫ ॥**

**શબ્દાર્થ**—હે પુરૂષોત્તમ! હે સર્વાંગ સુંદર! હે પ્રેમથી ભરેલા! હે કામદેવના સ્વરૂપથી સુંદર! હે પ્રિય! અને હે ગોપવધૂઓના પતિ!-(૫).

વિવેચન—હે પુરુષોત્તમ! સર્વથી પર એવા આપનાં બધાં અંગો રુચિર છે. જે અંગનાં દર્શન થાય છે, ત્યાં નયન ચોટી જાય છે, આથી ભગવદીય ગાય છે કે. "રૂપ દેખી નેનાં પલક લાગે નહિં. શ્રીગોવર્ધન ધરકે અંગઅંગપર નિરખી નેન મન રહત તહિં" આવી રીતે સર્વાંગ સુંદર છો, અને પ્રેમથી પૂર્ણ છો. સર્વાંગમાં પ્રેમરસ ભર્યો છે. આધિદૈવિક અનંગરૂપ પરમ સુંદર છો. ગોપીજનોને તમે બહુ પ્રિય છો, તમને ગોપીજન બહુજ પ્રિય છે, ગોપવધૂઓના પતિ તમે છો. સેકેલું અન્ન ખેતરમાં વાવે તો ઉગે નહિં, તેથી સેકેલું અન્ન બીયારણના ઉપયોગમાં આવે નહિ, દેખવામાં તો અન્ન છે પણ ઉપયોગી નથી, તેવા ગોપ છે, તેમની વધૂઓના પતિ આપજ છો, એવા હે શ્રીકૃષ્ણ! અમને જલદી દર્શન આપો.-(૫).

**શ્લોકઃ—વ્રજાવલંબસુકટે! લંબકેશ! કલાનિધે!।**
**વિરહાર્તિહર! સ્વીયમનોહરણતત્પર!॥ ૬ ॥**

શબ્દાર્થ—હે વ્રજના આલંબન રૂપ, સુંદર કટિવાળા! હે લાંબા કેશ વાળા! હે કળાના ભંડાર રૂપ! હે વિરહાર્તિનું હરણ કરનારા, હે સ્વીય (પોતાના) ભકતોના મનનાં હરણ કરવામાં તત્પર.-(૬).

વિવેચન—વ્રજના આધાર રૂપ તમેજ છો. સઘળું વ્રજ તમારે આશરે છે, એક તમનેજ (પોતાનું સર્વસ્વ) જાણે છે. આપના કેશ બહુજ લાંબા કુટિલ (વાંકા) છે, તે માનો ભમરાઓની પંક્તિ (હારની હાર) આવી રહી છે. અને કળાનિધિ છો, સૂર્યમાં ષોડષ (સોળ) કળા કહી છે, તેનો આટલો પ્રતાપ (તેજ) છે, તો આપ તો કળાના નિધિ છો, એટલે આપનો પ્રતાપ ગુણ કયાં સુધી વરણવે, તેમાં કોઈનું સામર્થ્ય નથી. પોતાના અંતરંગ (નિજ) ભકતોની આર્તિનું હરણ કરનારા, આપનું સુંદર મુખ તથા શ્રીઅંગનું દર્શન કરાવીને તથા અનેક લીલા કરી સર્વ વ્રજભકતોના મનનું હરણ કરવામાં પરાયણ એવા હે શ્રીકૃષ્ણ! અમને જલદી દર્શન દ્યો.-(૬).

**શ્લોકઃ—મનોવિનોદ! ભાવાબ્ધે! ભાવવદ્ધૃદયસ્થિત!।**
**ચંચલીકૃતચિત્ત! સ્વભાવાન્દોલિતરૂપધૃક્!॥ ૭ ॥**

શબ્દાર્થ—હે મનના વિનોદ રૂપ! ભાવના સમુદ્રરૂપ! ભાવવાળા હૃદયમાં બિરાજનારા! તથા ભકતનું ચિત્ત ચંચળ કરનારા! પોતાના ભકતોના ભાવથી આંદોલન રૂપ ધારણ કરનારા!-(૭).

વિવેચન—વ્રજભકતોના મનનો વિનોદ એટલે આનંદ તેનું દાન કરનારા તમેજ છો. તમારાથીજ વ્રજભકતો આનંદ પામે છે, વળી ભાવના સમુદ્ર છો, ભાવથી ભજે, તો તે સિદ્ધ થાય. કોઈ આપના ભાવનો પાર પામે નહિં. જગતમાં સઘળા ભાવ છે, તે આપની કણિકા રૂપ છે. તેમજ ભાવના સમુદ્ર છો, અને ભાવથી ભકતોના હૃદયમાં બિરાજો છો. વળી પોતાના ભકતનું ચિત્ત ચલાયમાન કરો છો. આપજ ચંચલ છો. ભકત સંસાર વ્યવહારનું કોઈ પણ કામકાજ કરે, તો ત્યાંથી ચિત્ત ઉઠાડીને પોતાનામાં ખેંચી

લ્યો છો. આપનાં સર્વ અંગો ભાવથી ભરેલાં છે, આપના ભકતમાં જે જે ભાવરસ છે, તે આપના સ્વરૂપમાં ભરી રહ્યા છે; (ભકતોના ભાવથી ભરેલા છો) એવા હે શ્રીકૃષ્ણ! મને દર્શન આપો.–(૭).

**શ્લોકઃ—મહામુગ્ધ! સદાદુગ્ધપાનતત્પરમાનસ! ॥**
**નવનીતલિપ્તમુખ! પયોબિંદુયુતાધર! ॥ ૮ ॥**

શબ્દાર્થ—હે મહામુગ્ધ! હે સદા દૂધ પીવામાં તત્પર મનવાળા! હે નવનીત (માખણ) થી ચારે બાજુ ચોપડાયેલા મુખવાળા! હે દૂધનાં ટીપાંના ચોંટેલા મુખવાળા (અમને) જલ્દી દર્શન આપો.–(૮).

વિવેચન—પોતાના અંતરંગ ભકતોમાં મહામુગ્ધ છો, પોતાના ભકતો કંઈ જ્ઞાન આપ પાસે રાખતા નથી, ભકતો જે કહે છે તેજ કરો છો. હમેશાં દૂધ પીવામાં તત્પર છો, વળી મનથી (પ્રેમપૂર્વક) ક્ષણક્ષણમાં શ્રીયશોદાજીના સ્તનના દૂધનું પાન કરવામાં આતુર છો, તથા વ્રજભકત દૂધ સંવારીને આપે છે તે પીવામાં આપ તત્પર છો, આપનું મન પણ તેમાંજ છે. વળી આપના મુખમાં નવનીત ચોટી રહ્યું છે તેથી અત્યંત અદ્‌ભુત શોભા આપે છે. દૂધનું ટીપું અધર પર ચોટયું છે તેથી અધર પણ શોભાયમાન છે, એવા શ્રીકૃષ્ણ અમને દર્શન આપો.–(૮).

**શ્લોકઃ—અલકાવૃતવદન! મદનાધિકસુંદર! ॥**
**કપોલવિલસદ્રાગ! કસ્તૂરીતિલકાંચિત ॥ ૯ ॥**

શબ્દાર્થ—હે અલકથી ઢંકાયલા મુખવાળા! હે કામદેવથી પણ અધિક સુંદર! હે કપોલ (ગાલ) પર શોભિત રંગવાળા! હે કસ્તુરીના તિલકથી પૂજાયલા (શોભાયમાન)–(૯).

વિવેચન—સુંદર અલકથી ઢંકાએલું છે મુખ કમળ જેનું એવા શોભાયમાન છો. અને સઘળું શ્રીઅંગ કામદેવથી પણ અધિક સુંદર છે. કોટિક કામ આ સ્વરૂપ પર વારી નાખીએ એવું સુંદર આ સ્વરૂપ છે. બેઉ કપોલ (ગાલ) ઉપર કમળપત્રમાં લાલ કુંકુમાદિ રાગ ભરી સુંદરતા ભરી છે, અને કસ્તુરીનું તિલક ભાલમાં બિરાજમાન છે, એવા શ્રીકૃષ્ણ અમને દર્શન આપો.–(૯).

**શ્લોકઃ—સિંજન્નૂપુરશોભાઢય! નખભૂષણભૂષિત! ॥**
**સઘોષસૂક્ષ્મસુકટિવિલસત્ક્ષુદ્રઘંટિક! ॥ ૧૦ ॥**

શબ્દાર્થ—હે શબ્દ કરતા નૂપુરની શોભાવાળા! હે નખનાં ભૂષણોથી શોભાયમાન! હે સૂક્ષ્મકટિ (કેડ) માં શોભાયમાન શબ્દ કરતી ક્ષુદ્રઘંટિકાવાળા–(૧૦).

વિવેચન—બેઉ ચરણકમળમાં સુવર્ણના નૂપુરની શોભાની અધિકતા એટલી બધી છે કે એવી શોભા ત્રણ લોકમાં નથી. દશેય નખપર નખભૂષણવાળી નખાવલિ બિરાજે છે તે

માનો કરોડો સૂર્યની કાંતિને લજાવે છે. વળી સૂક્ષ્મ (સુંદર–પાતળી) કટિપર ક્ષુદ્રઘંટિકા વિલાસ કરે છે, તેથી વારંવાર સુંદર શબ્દ થાય છે, એવા શ્રીકૃષ્ણ અમને દર્શન આપો–(૧૦).

શ્લોકઃ—રાજદ્વ્હૃદયવૈયાઘ્રનખભૂષણભૂષિત ! ॥
કંજલોચનલોલાક્ષ ! વિશાલાક્ષવિલક્ષણ ॥ ૧૧ ॥

શબ્દાર્થ—હે સુંદર વાઘનખના ભૂષણથી શણગારાયેલા ! હે કમલ જેવાં અને ચપળ છે નેત્ર જેનાં એવા ! હે વિશાળ નેત્રોથી વિલક્ષણ દેખાતા.–(૧૧).

વિવેચન—હૃદયના ઉપર વાઘનખ સુવર્ણમાં જડી નખભૂષણ શ્રીયશોદાજીએ પહેરાવ્યું છે, કે જેથી પોતાના પુત્રને કોઈની દૃષ્ટિ ન લાગે, તે નખભૂષણ વક્ષઃસ્થળમાં શોભિત છે. કમળ સમાન અને અતિ લોલ એટલે ચંચળ છે નેત્ર જેનાં. કમળ શીતળ છે અને તાપનો નાશ કરે છે, તેમજ શ્રી ઠાકોરજીનાં નેત્રકમળ સઘળા ભકતોના હૃદયના તાપનો નાશ કરે છે, વળી નેત્રોથી અનેક ભકતોને રસદાન કરે છે, સંકેત સૂચવે છે, તેથી લોચન ચંચળ છે. વળી નેત્ર કમળના જેવાં મોટાં વિશાળ છે, ઘર્ણાયમાન, આરકત, વિલક્ષણ છે. તેની ઉપમા કોઈ પ્રકારે કહી ન શકાય. અનિર્વચનીય (વર્ણન ન થઇ શકે તેવી) છે, એવા શ્રીકૃષ્ણ અમને દર્શન આપો–(૧૧).

શ્લોકઃ—દીનૈકશરણ ! સ્વીયસર્વસામર્થ્યસંયુત ! ॥
વ્રજરાજસુત ! સ્વીયજનનીકંઠભૂષણ ! ॥ ૧૨ ॥

શબ્દાર્થ—હે દીનજનોના આશ્રયસ્થાન ! હે સ્વસામર્થ્યથી સર્વ રીતે પૂર્ણ ! હે શ્રીનંદરાયજીના પુત્ર ! હે આપની માતા યશોદાજીના કંઠના આભૂષણરૂપ !–(૧૨).

વિવેચન—દીન જે ભકત તેના શરણરૂપ છો. પોતાનો અંતરંગ ભકત દીન બની શરણે રહે તેવી સર્વ રીતે પ્રભુ રક્ષા કરે છે. કારણ કે શ્રીકૃષ્ણ સર્વ સામર્થ્ય યુકત છે. શ્રીભાગવતજીમા નવમાં સ્કંધમાં શ્રીભગવાન દુર્વાસા પ્રતિ કહે છે કે જે સ્ત્રી, ઘર, પુત્ર, આપ્ત, પ્રાણ, દ્રવ્ય, આલોક અને પરલોક છોડીને મારે શરણે આવે, તેને છોડવાનો હું પ્રયત્ન (ઇચ્છા) શી રીતે કરૂં ? આ વાકયથી શ્રીઠાકોરજી કહે છે કે જે એવો ભકત જે સ્ત્રી, ઘર, પુત્ર, પ્રાણ, વિત્ત વિ. સર્વ મને સમર્પણ કરી એક મારેજ શરણે આવી રહે, તેને છોડવાની ઇચ્છા શી રીતે કરૂં ? હું તેની આઠે પહોર રક્ષા કરૂં છું. માટે દીન થઈ જે ભકત શરણે રહે છે તેની રક્ષા પ્રભુ પોતેજ કરે છે. શ્રીકૃષ્ણ સર્વ સામર્થ્યયુકત છે. વ્રજરાજ જે શ્રીનંદરાયજી, તેમના પુત્ર પોતાનાં માતા શ્રીયશોદાજીના કંઠના ભૂષણરૂપ છો, એવા શ્રીકૃષ્ણ અમને દર્શન આપો.–(૧૨).

શ્લોકઃ—હા ! કૃષ્ણ ! હા સદાનંદ ! હા વૃંદાવનભૂષણ ! ।
હા નંદરાજતનય ! હા યશોદાંકખેલન ! ॥ ૧૩ ॥

શબ્દાર્થ—હા હ્લાદાત્મક કૃષ્ણ ! હા સદાનંદ સ્વરૂપ ! વૃંદાવનના ભૂષણ ! શ્રીનંદરાયજીના પુત્ર, હા શ્રીયશોદાજીના અંકમાં ખેલનારા.–(૧૩).

**વિવેચન**—હા કૃષ્ણ ! શ્રીકૃષ્ણ નામ ફળરૂપ છે, સર્વ વેદ સ્મૃતિનો સાર છે. તેથી વ્રજભકત શ્રીકૃષ્ણ આ નામનું સ્મરણ, જપ કરે છે. તેજ પ્રમાણે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ પણ પંચાક્ષર, અષ્ટાક્ષરમાં સર્વોપરિ શ્રીકૃષ્ણનું શરણ બતાવ્યું છે. વિરહથી હા કૃષ્ણ કહે, હા સદાનંદ, આપ તો સદા આનંદરૂપ એકરસ છો, માટે અમને આનંદ આપો. હા વૃંદાવન ભૂષણ શ્રીકૃષ્ણ, આપ તો શ્રીવૃંદાવનમાંથી એક ક્ષણ બહાર જતા નથી, કારણ કે તેના ભૂષણ રૂપ છો. હા શ્રીનંદરાયજીના પુત્ર, શ્રી યશોદાજીના અંકમાં ખેલનારા એવા શ્રીકૃષ્ણ, અમને દર્શન આપો.-(૧૩).

**શ્લોક—હા ગોપિકેશ ! હા નાથ ! હા ગોકુલપુરંદર ! ।।**
**હા હા વ્રજજનાર્તિઘ્ન ! હા હા નિઃસાધનાધિપ ! ।। ૧૪ ।।**

**શબ્દાર્થ**—હા વ્રજભકતોના ઇશ ! હા નાથ ! હા ગોકુળના ઇંદ્ર ! હા હા વ્રજજનની અર્તિનું હરણ કરનારા ! હા હા નિઃસાધન જનની અધિક રક્ષા કરનારા !-(૧૪).

**વિવેચન**—હા ગોપીજનના ઇશિ-રાજા, હા નાથ, તમે તો અમારા નાથ છો, માટે અમારી રક્ષા જલદીથી કરો. પંચાધ્યાયીમાં વિરહથી ભકતો કહે છે કે, "હા નાથ ! હા રમણ ! હા પ્રિય ! હા મહાબાહો, કયાં છો ? કયાં છો ? આપની દીનદાસી હું છું, તેને સન્મુખ દર્શન દ્યો. તેવીજ રીતે અહીં કહે છે કે હા નાથ ! હા ગોકુલના પુરંદર ! ઇંદ્ર જેમ એક ક્ષણ પણ ભોગ છોડતો નથી તેમ તમે ગોકુલના ઇંદ્ર હોવા છતાં કેમ બેસી રહો છો ! અમને આનંદ આપો. હે વ્રજજનની આર્તિનું હરણ કરનારા, તમે વ્રજભકતોના સંકટ કદી સહન કરતા નથી, કારણ ઇંદ્રનો યજ્ઞ છોડી જ્યારે ગિરિરાજના પૂજન રૂપ યજ્ઞ કર્યો એટલે ઇંદ્રે સઘળું વ્રજ બોળવા ( ડુબાવવા ) ને મેઘ મોકલ્યા, પણ આપે ગોવર્ધન ઉઠાવી બધાની રક્ષા કરી. અત્યારે ( અમે ) વિરહ સમુદ્રમાં ડુબીએ છીએ, તેનું રક્ષણ કરવામાં આપજ સમર્થ છો, માટે જલદીથી આર્તિ હરો. વળી આપ કેવા છો ? નિઃસાધન ભકતોના અધિપતિ છો, અત્યારે અમે વિરહથી વ્યાકુલ છીએ. દેહ ઇંદ્રિયો, મન, એ સઘળું શિથિલ બની ગયું છે, સાધન કરી અમે રહિત છીએ, નિઃસાધન છીએ, માટે અમને દર્શન દઇ આર્તિ હરો.-(૧૪).

**શ્લોકઃ—હા હા નંદાદિસર્વસ્વ ! હા હાનંગનવાંકુર ! ।।**
**હા નિરાલંબનાલંબ ! હા હાંધલકુટિપ્રિય ! ।। ૧૫ ।।**

**શબ્દાર્થ**—હા નંદરાયજી વગેરેનું સર્વસ્વ ! હા કામદેવના નવીન અંકુર રૂપ ! હા આલંબન ( આશ્રય ) રહિત છે જે તેના આશ્રય રૂપ ! હા આંધળાની લાકડી જેવા પ્રિય !-(૧૫).

**વિવેચન**—નંદ વગેરે ગોપ ગોપી, સખા, ગાય, વિગેરેનું આપજ સર્વસ્વ છો. આપના વિના સર્વ પદાર્થ તુચ્છ છે. એક તમેજ સર્વના જીવનપ્રાણ છો, અને કામદેવ અનંગના નવાંકુર સ્વરૂપ છો. અનંગ રૂપ વૃક્ષમાં નૂતન અંકુર રૂપ આપ પ્રકટયા છો. સાક્ષાત મન્મથના મન્મથ છો. કામદેવ પણ તમને દેખીને મોહિત થયો, તો અમે બધા મોહ પામીએ તેમાં કહેવું શું ? જેને કંઇ પણ આધાર ન હોય તેના તમેજ આધારરૂપ છો.

આમ કહીને એમ જણાવ્યું કે સર્વ ઠેકાણેથી આશ્રય છોડી એક શ્રીકૃષ્ણનો આશ્રય કરે ત્યારે પ્રભુ આનંદનું દાન કરે છે. માટે નિઃસાધનનું સાધન શ્રીકૃષ્ણ છે. વળી જેમ આંધળાને લાકડી પ્રિય છે, તેજ તેનો આધાર છે, તેમજ આપ અમને પ્રિય છો, અમારા આધાર છો. અમે આપને માટેજ બધી ક્રિયાઓ કરીએ છીએ, આવી રીતે સમસ્ત શ્રીસ્વામિનીજીનો વિપ્રયોગ ભાવ દર્શાવે છે.-(૧૫).

**શ્લોકઃ—એવં વિધાનિ સતતં જલ્પિતાનિ મુહુર્મુહુઃ ।।**
**અવગત્ય ચ ભાવેન ભાવનીયાન્યહર્નિશમ્ ।। ૧૬ ।।**

શબ્દાર્થ—એવી રીતે શ્રીસ્વામિનીજી જેમ હંમેશાં જલ્પના કરે છે તે પ્રમાણે વારંવાર તેનો મર્મ જાણીને અહર્નિશ તેની ભાવના કરવી.-(૧૬).

વિવેચન—આવી રીતે હંમેશાં શ્રીસ્વામિનીજી વારંવાર જલ્પના કરે છે, ત્યારે શ્રીઠાકોરજી પધારીને સમસ્ત શ્રીસ્વામિનીજીઓને દર્શન દઈને તેમના મનોરથ પૂર્ણ કરે છે. એટલે આમાં ૬૪ નામ કહ્યાં છે. તેનો અભિપ્રાય એ છે કે પ્રભુ ચારે યૂથના પતિ છે, માટે એક એક યૂથનાં શ્રી સ્વામિનીજી સોળ છે. એટલે સોળ શ્રૃંગારાત્મક રસનો અનુભવ લીલા સહિત આપ કરે છે માટે ચોસઠ નામ કહ્યાં છે. હવે શ્રીહરિરાયજી કહે છે કે જો તમે આવી રીતે શ્રીસ્વામિનીજીના વિરહ ભાવની ભાવના રાતદિવસ કરશો તો શ્રીસ્વામિનીજીની કૃપાથી હૃદયમાં ભાવ સ્થિર થશે, એટલે પ્રભુ પોતાનો અનુભવ કરાવશે. આ સિદ્ધાંત સર્વોપરિ છે.-(૧૬).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત શિક્ષાપત્રનું બારમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## શ્રીહરિરાયજીનું ખિમનોર પધારવું

શ્રીહરિરાયજીની ઇચ્છા ભવિષ્યમાં થનારા ઉપદ્રવની પૂર્વે જ પોતાના ઠાકોરજી શ્રીવિઠ્ઠલનાથજીને ગોકુલથી પધરાવીને મેવાડમાં પધારવાની હતી. એથી આપે શ્રીવિઠ્ઠલનાથજીને ત્યાં પધારવાની પ્રાર્થના કરી. કિંતુ અનેક પ્રાર્થનાઓ કર્યા છતાં શ્રીઠાકોરજીની શ્રીમદ્ ગોકુળ છોડવાની ઇચ્છા જણાઈ નહિ. એથી આપે પ્રભુની ઇચ્છાને જ પ્રાધાન્ય માની શ્રીમદ્ ગોકુલ છોડવાનું મુલત્વી રાખ્યું.

પછી જ્યારે ચૈત્રી વિ. સં. ૧૭૨૬ માં શ્રીમદ્ ગોકુલ અને શ્રીગિરિરાજજીમાં ઔરંગજેબ દ્વારા ઉપદ્રવ શરૂ થયો, અને શ્રીનાથજીના ગુપ્ત પ્રયાણ બાદ તે મંદિર તેમજ શ્રીમદ્ ગોકુલના શ્રી ગોકુલનાથજીના મંદિરની છત બન્ને તૂટયાં ત્યારે શ્રીહરિરાયજીએ પુનઃ શ્રીપ્રભુને મેવાડ પધારવાની પ્રાર્થના કરી.

શ્રીહરિરાયજીની ઉક્ત પ્રાર્થનાથી પ્રભુ શ્રીવિઠ્ઠલનાથજીએ સ્મિત હાસ્ય વડે શ્રીમદ્ ગોકુલ છોડવાની પોતાની ઇચ્છાને પ્રકટ કરી. એથી આપ શીઘ્ર શ્રીઠાકોરજીને પધરાવીને ગુપ્ત રીતિથી મેવાડ પધાર્યા; અને શ્રીનાથજીના પધાર્યા પહેલાં 'ખિમનોર' ગામે બિરાજ્યા. આ સમયે ફક્ત શ્રીદ્વારકાધિશ એકલાજ મેવાડમાં પધારી ચૂકયા હતા. શ્રીવિઠ્ઠલનાથજીનો ખિમનોર પધારવાનો સમય કર્તિકી વિ. સં. ૧૭૨૭ નો પૂર્વાર્દ્ધકાલ છે. શ્રીનાથજી વિ. સં. ૧૭૨૮ માં સિંહાડ પધાર્યા હતા.

# * શિક્ષાપત્ર ૧૩ મું *

હવે તેરમા શિક્ષાપત્રમાં ચારે તરફથી ચિત્તનો રોધ કરી એક પ્રભુના ચરિત્રમાં નિરોધ કરી પૂર્વેના શિક્ષાપત્રમાં કહ્યા પ્રમાણે ભાવના કરવી, એનું નિરૂપણ છે. ઉપર કહેવામાં આવ્યું કે આવી રીતે વિપ્રયોગ કરે તો શ્રીસ્વામિનીજીની કૃપાથી ભાવ સિદ્ધ થાય, પણ આ કાળ મહા કઠણ છે, સત્સંગ નથી, દુઃસંગ બહુજ છે, સર્વની બુદ્ધિ ભ્રષ્ટ છે, વિગેરે વિપ્રયોગના બાધક દોષોને વિચારી વિચારીને દીનતા કરે, તો પ્રભુ પ્રસન્ન થાય તેનુ વિવરણ કરે છે.

**શ્લોકઃ—કાલઃ કરાલઃ સમુપાગતોઽયં મતિં સતાં દ્રાગહરત્ સમસ્તામ્ ।**
**શ્રીવલ્લભાચાર્યસમાશ્રિતાનાંયઃ કાલકાલઃ શરણં સ એવ ॥૧॥**

શબ્દાર્થ—આ કાળ મહા કરાળ (વિકટ) આવ્યો છે, તેથી સમસ્ત સંતપુરુષોની મતિનું પણ હરણ કરે છે. માટે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો આશ્રય કરનારાઓને કળિના કાળસ્વરૂપ પ્રભુજ શરણ છે. (એટલે કે જે શ્રીમહાપ્રભુજીને શરણે આવે તેને કાળ પ્રતિબંધ કરી શકતો નથી).-(૧).

વિવેચન—આ કાળ મહા કરાળ કઠિન છે, તેથી સંતપુરુષોની મતિનો પણ નાશ કરે છે. એટલે કે જીવની શી ગતિ થાય? આ કળિયુગે પોતાના બળથી સર્વ જીવની બુદ્ધિ હરી લીધી છે. અહીં કોઇ કહે કે કોઈ આ કલીકાળના પાશમાંથી છુટી શકે છે? આવી શંકાના સમાધાનમાં શ્રીહરિરાયજી કહે છે કે, શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો આશ્રય તન મન અને ધનથી કરે તેને કાળ બાધક નથી પણ સાધક છે. કારણ શ્રીમહાપ્રભુજી તેને સહાયક છે. તાત્કાલિક ફળ સિદ્ધ થવાની રીત એકાદશ સ્કંધમાં કહી છે, શરીરથી, વાણીથી, મનથી અથવા ઇંદ્રિયોથી કે બુદ્ધિથી અને વળી આત્માથી તેમજ સ્વભાવથી હે જીવ! તું જે જે કરે છે, તે બધું નારાયણના અર્થે કર. આવી રીતે શ્રીઆચાર્યજી દ્વારા પ્રભુને સમર્પીને પછી નિશ્ચિંત થઈ શ્રીઆચાર્યજીનો આશ્રય કરીને જે રહે તેને કાળ બાધા કરતો નથી. આથી દ્વાદશ સ્કંધમાં શ્રીશુકદેવજી કહે છે કે "કલેર્દોષનિધે રાજન્નસ્તિ હ્યેકો મહાન્ગુણઃ । કીર્તનાદેવ કૃષ્ણસ્ય મુકતબંધ પરં વ્રજેત્" હે પરીક્ષિત, દોષના ભંડારરૂપ કળિયુગનો એક મોટો ગુણ છે તે એ કે કલીયુગમાં શ્રીકૃષ્ણનાં કીર્તનથીજ બંધમુકત થઈને જીવ ઇશ્વરને પ્રાપ્ત કરે. જો કે હે રાજા, કળિયુગ દોષનો નિધિ છે, પરન્તુ તેમાં એક મોટો ગુણ છે, તે એ કે શ્રીકૃષ્ણના નામનું કીર્તન કરે છે, તે સર્વ દોષથી છુટી જઇ પ્રભુ મેળવે છે. માટે શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલો ભાવ જે વૈષ્ણવને પ્રાપ્ત થયો, તેને આ કળિયુગ પરમ સુંદર છે.-(૧).

**શ્લોકઃ—ન સેવા ન કથા નૈવ ભાવનં નાપિ સંશ્રયઃ ।**
**નિત્યમુદ્વિગ્નમનસા કથં કાલઃ પ્રયાસ્યતિ ॥ ૨ ॥**

શબ્દાર્થ—જેને સેવા નથી, કથા નથી, ભાવના પણ નથી અને સારી રીતે આશ્રય પણ નથી, એવા હંમેશાં ઉદ્વેગ મનવાળાનો સમય શી રીતે જાય ?–(૨).

વિવેચન—પુષ્ટિમાર્ગની મુખ્ય રીત જે ભગવત્સેવા તે પણ બનતી નથી. તથા શ્રીઆચાર્યજીના ગ્રંથો વગેરેની કથા સાંભળતાં ભગવદ્ધર્મ હૃદયમાં આવે તે કથા પણ સંભળાતી નથી. કોઇ એકલો હોય, દ્રવ્યાદિકની સહાય પણ ન હોય, શરીરથી રોગી હોય તેનાથી ભગવત્સેવા બને નહિ, તો કોઈ ભગવદીય પાસે કથા સાંભળે, પણ જો ભગવદીય ન મળે તો મન રાખી પ્રભુના નામ અષ્ટાક્ષર શરણમંત્રની ભાવના મનમાં વિચારે. તે પણ ન બને તો લૌકિક વૈદિક સુખ દુઃખ સર્વ છોડી છેવટ એક શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો આશ્રય રાખે. આવી રીતે કદી પણ ભગવદ્ધર્મમાં મન ન લગાવે, અને દેહસંબંધી સંસારાગ્નિમાં (સુખદુઃખ કરીને) બળે, આઠે પહોરસુખદુઃખની હાય હાય કરે, તેને આ (કલી) કાળ નડતર કરે છે. અહીં કોઇ કહે કે કળિના દોષ બહુ છે, તો સેવા કે કથાથી શું થાય ? ત્યાં કહે છે કે નવમા સ્કંધમાં દુર્વાસા પ્રતિ ભગવાન શ્રીમુખે કહે છે કે “મારી સેવાથી સાક્ષાત પ્રાપ્ત થએલી એવી સાલોકયાદિ ચાર પ્રકારની મુકિતને પણ મારા ભકતો ઇચ્છતા નથી, કારણ કે તેઓ સેવાથી પૂર્ણ છે, તો પછી કાળાદિકથી નષ્ટ થાય, એવાં રાજ્યાદિકની ઇચ્છા તો કેમજ રાખે. આ વચનમાં ભગવાન કહે છે કે જીવને મારી સેવાથી પ્રાપ્ત જે (૧) સાલોકય (૨) સામીપ્ય (૩) સાયુજ્ય અને (૪) સારૂપ્ય આ ચારેય મુકિતની પણ ઇચ્છા કરતા નથી, એવા જે સેવા કરી પૂર્ણ છે, તેમને કાળ શું કરી શકે ? મારૂં કશું સામર્થ્ય નથી. અને ભગવાનની કથા કેવી છે, ત્યાં કહે છે કે આનંદરસથી સુંદર એવા શ્રીગોવિંદનું માહાત્મ્ય સુણે, અને તેમનું કીર્તન કરે તેથી કૃતાર્થ થાય, તેમાં સંશય નહિ. વળી દ્વિતીય સ્કંધમાં રાજા પરીક્ષિતનું વાકય છે કે, “કર્ણના છિદ્રો વાટે પોતાના ભકતોના ભાવકમલાત્મક હૃદયમાં પધારેલા શ્રીકૃષ્ણ હૃદયના મળને મટાડે છે, જેમ શરદ ઋતુ જળના મેલને સાફ કરે તેમ.” આ વાકયથી શ્રી ઠાકોરજીની કથારૂપ અમૃતનું નિત્ય જે કાનદ્વારા પાન કરે છે, તે કૃતાર્થ છે. તેના કર્ણનાં છિદ્રોદ્વારા શ્રીઠાકોરજીની કથારૂપ અમૃત હૃદયમાં જાય છે, તેથી તેના સઘળા દોષ દૂર થાય છે. કથા કહે, સુણે અને અનુવાદ કરે, આ ત્રણેથી જીવ કૃતાર્થ થાય છે. જેમ ગંગાજળ લાવે, તે લાવનારો પાન કરનારા તથા આસપાસનાં સર્વ પવિત્ર થાય છે, તેવી કથા છે. માટે ભગવદ્ધર્મમાં મન હોય તેને આ કાળ બાધક નથી, બીજા સર્વને બાધક છે.–(૨).

**શ્લોકઃ—સત્સંગો દુર્લભો દુષ્ટસંગઃ સંચિતનાદતે ।**
**અનાયાસેન સંસિદ્ધઃ કા ગતિર્મે ભવિષ્યતિ ॥ ૩ ॥**

શબ્દાર્થ—સત્સંગ દુર્લભ છે, અને દુઃસંગ વિના વિચારે શ્રમ વિના સારી રીતે સિદ્ધ થાય છે, તો મારી શી ગતિ થશે ?–(૩).

વિવેચન—સત્સંગ તો મહા દુર્લભ છે. આ જીવ તો સ્વભાવથીજ દુષ્ટ છે, અને દુષ્ટ સંગ વિના વિચારે આપોઆપ વગર શોધ્યે દશે દિશાથી આવે છે. આથી જીવને ભગવદ્ધર્મમાં મન લગાવવા દેતો નથી. દુષ્ટસંગની ગંધ પણ જ્યારે બાધક છે, તો દશે દિશાથી

દુઃસંગ આવી મળે તો કેવો બાધક થાય તેમાં કહેવું જ શું ? આથી શ્રીગુંસાઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "હું હરિણીના જેવી ચપળ દૃષ્ટિવાળા વ્રજભક્તોના સંગી શ્રીકૃષ્ણનો અંગીકૃત છું, તેથી અન્ય સંબંધની ગંધ પણ મારી કંધરાને (ગળાને:) કાળ સમાન દુઃખરૂપ છે. આવી રીતે અન્ય સંબંધની ગંધથી પણ ગળું કપાય એવી શ્રીપ્રભુની આજ્ઞા છે. જ્યારે મન તો દશે દિશાથી દુષ્ટ સંગ વગર ચિંતને આવી મળે છે, તો મારી હવે શી ગતિ થવાની છે, તેની મને ખબર પડતી નથી એમ શ્રીહરિરાયજી દૈન્યભાવે નિરૂપણ કરે છે.-(૩).

**શ્લોકઃ—સંગ્રાહયિતુમખિલં તૈઃ ક્રીડયિતુમેવ ચ ।**
**શકલીકર્તુમધુના પ્રભોર્બાલચિકીર્ષિતમ્ ॥ ૪ ॥**

**શબ્દાર્થ**—સમગ્ર ચરાચર વસ્તુનો સંગ્રહ કરવાને અને એની સાથે ક્રીડા કરવાને તથા સર્વને જુદા જુદા કરવાને વિ. બાલક્રીડા કરવાની પ્રભુની ઇચ્છા છે. (તે કોણ જાણે).-(૪).

**વિવેચન**—ઉપર કહ્યું કે દુઃસંગથી સંસારી લોક અહંતા મમતાથી ભરેલા છે, તેમને પાસે રાખી એવાં ખીલોનામાં રમું છું. સંસારી સાથે આઠે પહોર મેળાપ છે, તો હું શું કરૂં ? જગતમાં એવાજ માણસો મને મળે છે, તો હે પ્રભુ ? આધુનિક જીવોને તો તમેજ નચાવો છો. કાષ્ટની પુતળીની પેઠે બધાની દોરી આપને હાથ છે. જગતમાં સઘળાં યંત્રરૂપ છે, અને આપ યંત્રી છો, જેવી રીતે વગાડો છો, તેવી રીતે વાગે છે. વળી આપ તો બાળકની પેઠે ક્રીડા કરો છો, સહજમાં અમે તથા સઘળું જગત આપની માયાથી ભમે છે. આવી રીતે કહી શ્રીહરિરાયજી પોતાની ઉપર કૃપા કરવાની પ્રાર્થના દીનતાથી કરે છે.-(૪).

**શ્લોકઃ—હા નાથ ! હા કૃપાનાથ ! ગોપીનાથ ! દયાનિધે ! ।**
**વ્રજનાથ ! રમાનાથ ! નિજનાથ ! જગત્પતે ! ॥ ૫ ॥**

**શબ્દાર્થ**—હા નાથ ! હા કૃપાનાથ ! શ્રીગોપીજનના નાથ, દયાના નિધિ, વ્રજના નાથ, લક્ષ્મીના પતિ, સ્વભક્તોના નાથ, અને જગતના પતિ (અમારી પર દયા કરો એવી પ્રાર્થના આઠમાં શ્લોકમાં છે. ત્યાં સુધી સમસ્ત નામમાં સંબોધનનો સંબંધ છે.)-(૫).

**વિવેચન**—હા નાથ ! અમારા તમે નાથ છો, સ્વામી છો, તેથી આપના વિના અમે કોની પાસે સુખ દુઃખ કહીએ ? હવે આ સંસારદુઃખ સહન કરી શકાતું નથી પોતાના જાણી આપ દયા કરો. હા કૃપાનાથ ! આપ પહેલેથીજ પોતાના જીવો પર કૃપા કરતા આવ્યા છો, તો હવે અમારા પર કૃપા કરો, કારણ કે આપ શ્રીગોપીજનના નાથ છો. ગોપીજનો નિઃસાધન છે, તેમના પર હંમેશાં કૃપા કરી તેમનાં સઘળાં કાર્ય સિદ્ધ કર્યાં, તેવા અમે પણ નિઃસાધન છીએ તેથી અમારા પર કૃપા કરો. વળી આપ વ્રજનાથ છો. કંસસંબંધી અનેક દૈત્યો આવ્યા તે સર્વને આપે માર્યા, અગ્નિથી, જળથી, કાલીયનાગથી, વિષથી આમ સર્વ પ્રકારે આપે આપના વ્રજની રક્ષા કરી, તેવીજ રીતે અમારી રક્ષા કરો. લક્ષ્મીનાથ એવા હે પ્રભુ ! અમારા પર પ્રસન્ન થાઓ. વળી આપ આપના અંતરંગ ભક્તોના નાથ છો, તેથી ભક્ત પ્રસન્ન રહે, સુખી થાય તેજ કરો છો. શ્રીભગવાન દુર્વાસા પ્રતિ નવમાસ્કંધ શ્રીભાગવતમાં કહે છે કે "હે વિપ્ર ! હું પરતંત્ર છું, ભક્તોથી પરાધીન છું, અને મારા પરમપવિત્ર

ભકતોએ મારૂં હૃદય ગ્રહણ કરી લીધું છે. માટે ભકતો મને અત્યંત વહાલા છે. હું ભકતોને આધીન છું, સ્વતંત્ર નથી. હે વિપ્ર, ભકતજન મને બહુ વહાલા છે, હું ભકતોના હૃદયમાં સદાજ રહું છું. આવી રીતે આપ આપના અંતરંગ ભકતોના નાથ છો, માટે દયા કરો. વળી તમે જગતના પતિ છો, સઘળા જગતમાં તમે કરો તેજ થાય છે, માટે અમારા ઉપર કૃપા કરશો, તો આ કાળ અમને પીડાજ નહિં.-(૫).

**શ્લોકઃ—ગોકુલાધીશ! ગોપીશ! વ્રજાધીશ! વ્રજપ્રિય! ।**
**વ્રજાનંદ! નિજાનંદ! ગોકુલાનંદ! ગોપ્રિય! ॥ ૬ ॥**

શબ્દાર્થ—હે ગોકુલના અધીશ, શ્રીગોકુલના ઇશ, હે વ્રજના અધીશ, હે વ્રજ પ્રિય છે જેને એવા, હે વ્રજના આનંદરૂપ અથવા વ્રજમાં છે આનંદ જેનો એવા, હે આપના ભકતોના આનંદ સ્વરૂપ, હે ગાયોના કુળના અથવા ઇંદ્રિયો સમસ્તના આનંદરૂપ, હે ગાયો જેને પ્રિય છે એવા, ( દયા કરો )-(૬).

વિવેચન—હે શ્રીકૃષ્ણ આપ ગોકુલાધીશ એટલે ગોકુળના રાજા છો. સઘળા ગોકુલવાસી તમારાથી શોભિત છે. ગાયોના રક્ષક આપજ છો. ગોપીજનોના ઇશ અને સઘળા વ્રજના રાજા આપજ છો. વળી વ્રજને પ્રિય છો, અને વ્રજ આપને બહુજ પ્રિય છે. દશમ સ્કંધમાં બ્રહ્માજીએ કહ્યું છે કે-" શ્રીનંદરાયજીના વ્રજમાં રહેનારા સર્વનાં અહોભાગ્ય છે. કારણ કે જુઓ જેના સદા આનંદરૂપ ભગવાન પૂર્ણબ્રહ્મ મિત્ર છે " આ વચનથી વ્રજજનો, શ્રીનંદયશોદા અને ગોપગોપીનાં પરમ ભાગ્ય છે કે, જેમના મિત્ર શ્રીકૃષ્ણ પરમાનંદ છે, સઘળા વ્રજને આનંદદાતા છે, અને પોતાના અંતરંગ ભકતોને પણ પોતાના આનંદનું દાન કરે છે. વળી ગાયોનાં કુળ તેમને પણ આનંદદાતા છે, કારણ કે ગાયો આપને બહુ વહાલી છે. આથીજ ભગવદીય ગાય છે કે " આગે ગાય પીછે ગાય, ઇત ગાય ઉત ગાય, ગોવિંદકો ગાયનમેં રહિવોહી ભાવેરી " એવી ગાય આપને પ્રિય છે. એવા શ્રીકૃષ્ણ અમારા પર કૃપા કરો.-(૬).

**શ્લોકઃ—હા કૃષ્ણ! હા દયાસિંધો! હા રાધાવર! સુંદર! ॥**
**દીનેષુ સતતં શ્રીમન્નિજાચાર્યાશ્રિતેષુ ચ ॥ ૭ ॥**

**દુષ્ટેષુ દોષપુષ્ટેષુ ભાગ્યમુષ્ટેષુ મત્પ્રભો! ॥**
**નિઃસાધ્નેપૂન્મતિષુ દયાં કુરુ દયાં કુરૂ ॥ ૮ ॥**

શબ્દાર્થ—હા કૃષ્ણ! હા દયાના સમુદ્ર! હા શ્રીસ્વામિનીજીના પતિ! સુંદર! અમો જે દીન અને શ્રીનિજાચાર્યજીના આશ્રિત છીએ, વળી દુષ્ટ, દોષથી ભરેલા, ભાગ્યહિન, સાધન વગરના તથા અવળી મતિવાળા છીએ તેના ઉપર હે અમારા પ્રભુ, દયા કરો, દયા કરો.-(૮).

વિવેચન—હા કૃષ્ણ! આપ નિઃસાધન ફ્લાત્મક છો, માટે અમારા પર કૃપા કરો. વળી તમે તો કૃપા કરોજ. એવો નિશ્ચય છે, પણ અમને ધીરજ રહેતી નથી, આથી વિજ્ઞપ્તિ કરે છે. આ સંબંધમાં શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે, " અંબુદસ્ય સ્વભાવોઽયં સમયે

વારિસુંચતિ। તથાપિ ચાતકઃ ખિન્નો રટત્યેવ ન સંશયઃ" મેઘનો એવો સ્વભાવ છે કે સમય આવ્યે જળ વરસાવશેજ, તો પણ ચાતકપક્ષી તો વિહ્‌વળ બનીને રટણ કર્યાજ કરે છે. મેઘનો સ્વભાવ છે કે સ્વાતિ નક્ષત્રમાં સમય આવે ત્યારે જળ વરસાવે છે, પરંતુ ચાતક પોતાની રટના વરસ દિન પર્યંત હંમેશાં ચાલુજ રાખે છે, તેવી રીતે શ્રીકૃષ્ણ પોતાના ભક્તો પર અવશ્ય કૃપા કરશેજ, પણ ભક્તે તો આર્તિ કરવી જોઈએ. હે દયાસિંધુ! હવે આપ જલ્દી દયા કરો. કારણ કે જો આપ દયા કરો તો બધું અનુકૂળ થાય, માયા બાધક ન થાય, પણ આપ જ્યાં સુધી દયા કરવામાં ઢીલ કરો છો ત્યાં સુધી માયાથી અમે દુઃખી થઈએ છીએ. શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે છે કે "નાથેઽનુકૂલતાં યાતે સર્વં યાત્યનુકૂલતામ્। તસ્મિંસ્તદ્વિપરિતે તુ સર્વમેવ ભવેત્તથા" (સ્વામી અનુકૂલ હોય, તો બધું અનુકૂલ થાય, અને સ્વામી વિરૂદ્ધ હોય તો બધું વિરૂદ્ધ હોય) હે નાથ, આપની કૃપા હોય તો બધું અનુકૂલ છે, અને આપની અકૃપા થાય તો બધું જગત વિપરીત થાય. માટે આપ જલદી દયા કરો. આપ સ્વામિનીજીના પતિ છો, પરમ સુંદર છો, અને અમો તો બહુ દીન અને દુઃખી છીએ, માટે કૃપા કરો. મારા દોષ જોઈને કૃપામાં ઢીલ કરો છો, પણ હંમેશાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની કાનીથી અમારા ઉપર સદા કૃપા કરો. આવી રીતે દીનતા કરતાં કરતાં પોતાના દોષોની સ્મૃતિ થાય છે. પ્રથમ વિરહથી પ્રભુનાં (લીલાસંબંધી) નામ કહે, તેથી અતિ દીનતા આવે અને પોતાના દોષની સ્ફૂર્તિ થાય.-(૭). વળી હું બહુ દુષ્ટ છું, અનેક પ્રકારની કાયિક, માનસિક, અને વાચિક એ સર્વ પ્રકારે અપાર દુષ્ટતાથી દુષ્ટ છું. ભાગ્યમાં ભગવદ્ધર્મ નથી લખ્યો, બુદ્ધિ નાશ પામી છે, જ્ઞાન શૂન્ય છું. હે મારા પ્રભુ! તમે મારા પ્રભુ છો. એટલોજ ભરોસો છે. તમે તો મારા પ્રભુ છો. હું નિઃસાધન છું. મારાથી એક પણ સાધન બનતું નથી, એવો હું જે દીન છું, તેના પર જલદી દયા કરો. મારા દોષ જોશો નહિં. કોઈ કહે કે પ્રભુ (જીવના) દોષ કેમ ન જુવે? ગુણ દોષ હોય તે જોવા જોઈએ. આવી શંકા કોઈ કરે ત્યાં શ્રી ગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "મારા દોષ બળવાન છે, તોપણ આપની કૃપા આગળ અતિ દુર્બળ છે, કારણ કે કૃપા તો ઈશ્વર ધર્મ છે, અને દોષ તો જીવ ધર્મ છે. અમારી તુચ્છતાથી જે અપરાધ થાય, તેની આપે સહજ ઐશ્વર્ય ભાવથી હે વ્રજનાથ! ગણના ન કરવી જોઈએ." જો કે મારા દોષ બળવાન છે, તોપણ આપની કૃપા આગળ અતિ દુર્બળ છે. આપની કૃપા ઈશ્વર ધર્મ છે, તેના આગળ જીવના દોષ કયાં સુધી ટકી શકે, માટે કૃપા કરો. વળી આપ વ્રજના અધિપતિ છો, નિઃસાધન ફલાત્મક છો, માટે અમારા અપરાધની ગણના કરવી એ આપને યોગ્ય નથી. કારણ કે આપનો સહજ ધર્મ ઐશ્વર્ય એવો છે કે તેની પાસે આવો દોષ મહાક્ષુદ્ર છે. તે કેવી રીતે? પુત્રના ભાવથી, અજામિલે નારાયણ નામ લીધું એટલે કાળના બંધથી છુટયો. એટલે આપ શ્રીકૃષ્ણ દયાળુ છો, તેથી જીવના દોષો જોતાજ નથી, માટે અમારા પર કૃપા કરો.-(૮).

**શ્લોકઃ—નિવર્ત્ય સર્વતશ્ચેતો નિરૂધ્ય ચરિતે હરેઃ।**
**હૃદિકૃત્ય કૃપાવશ્યં સ્થીયતાં સજ્જનૈઃ સહ ॥ ૯ ॥**

શબ્દાર્થ—ચિત્તને સર્વ લૌકિક કાર્યોમાંથી નિવૃત્ત કરીને પ્રભુનાં ચરિત્રમાં નિરોધ કરીને, (પ્રભુની) કૃપાને વશ (આધીન) જે નિરોધ છે, તેને હૃદયમાં સ્થાપન કરીને સજ્જન (પુષ્ટિમાર્ગીય ભક્ત) ની સાથે રહેવું.-(૯).

વિવેચન—હે શ્રીકૃષ્ણ ! આ સંસારમાં દેહસંબંધી અહંતા મમતાથી મારૂં ચિત્ત ફસાઈ રહ્યું છે, તેને આ સંસારમાંથી નિવૃત્ત કરો, સર્વ તરફથી નિરોધ કરી આપનામાં લગાવો. જેમ વ્રજભકતોનાં ચિત્ત દહીં, દૂધ, માખણ, વગેરેમાં હતાં, તેની ચોરી કરી અનેક લીલા કરી આપનામાં આપે લગાવ્યાં, તેજ પ્રમાણે અમારા મનનો નિરોધ કરી આપનામાં લગાવો. આપના હૃદયમાં વિચારો કે આ અમારો છે, તેથી અવશ્ય કૃપા કરવા યોગ્ય છે. આપ સજ્જન ( પુષ્ટિ ભકત ) ના હૃદયમાં હંમેશાં બિરાજો છો, માટે અમારા પર કૃપા કરો.–(૯).

**શ્લોકઃ—અદૃષ્ટદુઃખિતમુખોઽનનુભૂતસુખેતરઃ ॥**
**સ્વદુઃખિતાતિકરુણઃ સ કૃષ્ણઃ શરણં મમ ॥ ૧૦ ॥**

શબ્દાર્થ—(ઉપરના શ્લોકમાં કહ્યું, તેવી રીતે ચિત્તનો નિરોધ કરીને ભકતોની સાથે રહીને શરણની ભાવના કરવી, તે એ શ્લોકથી નિરૂપણ કરે છે) જેણે દુઃખી ભકતોનું મુખ જોયું નથી, અને દુઃખનો અનુભવ કર્યો નથી એવા, અને પોતે દુઃખી ભકત ઉપર અતિશય દયા કરનારા એવા શ્રીકૃષ્ણ મારૂં શરણ ( આશ્રયસ્થાન ) છે.–(૧૦).

વિવેચન—હે શ્રીકૃષ્ણ, તમે આપના જે ભકત દુઃખી હોય, કલેશથી પીડિત હોય તે આપ જોઈ શકતા નથી, ભકત પ્રસન્ન થાય તેમ કરવું આપને ગમે છે. ભકત દુઃખી હોય, કરમાએલું કે ઉતરી ગએલું મુખ હોય તે આપ દેખી શકતા નથી. કારણ કે પ્રાણીમાત્રના આપ સુખદાતા છો, તો ભકતનું દુઃખ તો કેમજ જોઈ શકો ? આ વિચારથી અમને ભારે ચિંતા થાય છે, કે હવે ભકતનો કલેશ આપ સહન કરવા લાગ્યા છો, આથી વિજ્ઞપ્તિમાં શ્રીગુસાંઈજી કહે છે કે " હું મંદભાગ્ય છું, કારણ કે શ્રીગોકુલના ઈશ્વર ( શ્રીકૃષ્ણ ) ભકતનો કલેશ સહન કરી શકતા નહોતા, એવો પોતાનો જે સ્વભાવ તે આપે બદલ્યો છે. તેથી હું એમ સમજું છું કે આ મારાં મંદ ભાગ્ય છે. હે ગોકુલેશ્વર, તમે ભકતનો કલેશ કદી સહન કરી શકતા નથી, તે આપનો સ્વભાવ મારે લીધે હવે ફેરવીને હવે સહન કરો છો, તો હું હવે શું કરૂં ? સર્વ પ્રાણીમાત્રના આપજ સુખ આપનારા છો, અને આપ નિજભકતોને દુઃખી જોઈને અત્યંત કરુણા કરો છો, એવા કરુણા સિંધુ શ્રીકૃષ્ણ મારૂં શરણ છે, એવી શરણની ભાવના કરૂં છું હું બીજું શું કરી શકું ?–(૧૦).

**શ્લોકઃ—અમંદપરમાનંદો નિજાનંદાશ્રયસ્થિતઃ**
**સ્વરૂપાનંદદાતા ચ સ કૃષ્ણઃ શરણં મમઃ ॥ ૧૧ ॥**

શબ્દાર્થ—અધિક ઉત્તમ આનંદ સ્વરૂપ, અને પોતાના આનંદના આશ્રયરૂપ શ્રીમહાપ્રભુજી અથવા વ્રજભકતોમાં બિરાજમાન, અને ( રસાત્મક ) સ્વરૂપના આનંદનું દાન કરનારા એવા શ્રીકૃષ્ણ મારૂં શરણ ( આશ્રય સ્થાન ) છે.–(૧૧).

વિવેચન—હે શ્રીકૃષ્ણ ! આપ આનંદથી પૂર્ણ છો, પરમાનંદ સ્વરૂપ છો, વળી આપના અંતરંગ ભકતોને આનંદ આપનારા છો. જે કોઈ આપનો આશ્રય કરીને રહે છે, તેના

આશ્રયરૂપ આપજ છો; તેને સ્વરૂપાનંદનું દાન કરો છો, દશમ સ્કંધમાં શ્રીનંદરાયજી ઉદ્ધવજી પ્રતિ કહે છે કે "અમારી મનની વૃત્તિઓ શ્રીકૃષ્ણના ચરણારવિંદના આશ્રયવાળી થાઓ, અને વાણી આપના નામનો ઉચ્ચાર કરનારી તથા શરીર આપને દંડવત વગેરે કરવામાં પ્રવૃત્ત રહો" એટલે મન વાણી અને કાયાથી શ્રીકૃષ્ણના ચરણારવિંદનો આશ્રય થાય તેણે બીજું કાર્ય કંઇપણ કરવાનું રહેતું નથી, તેને સર્વ સિદ્ધ થયું જાણવું. માટે જે ભકતને આપનો આશ્રય છે તેને સ્વરૂપાનંદનું દાન કરો છો, એવા જે શ્રીકૃષ્ણ તે મારૂં શરણ (આશ્રય સ્થાન) થાઓ. નવરત્નમાં પણ શ્રીમહાપ્રભુજી કહે છે કે "તસ્માત્સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણ: શરણં મમ" (માટે નિરંતર સર્વાત્મભાવથી શ્રીકૃષ્ણ મારૂં શરણ છે) એમ નિત્ય શ્રીકૃષ્ણની શરણ-ભાવના કર્તવ્ય છે. વળી શ્રીભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે "સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ" સર્વ ધર્મ એટલે સત્વગુણ, રજોગુણ, તમોગુણ અથવા દ્વૈતભાવને છોડીને એક મારેજ શરણે આવ. હું તને સર્વપાપમાંથી મુકત કરીશ, ચિંતા ન કર, વિગેરે અનેક વચનો પ્રમાણ છે. તેથી હે શ્રીકૃષ્ણ! મારાથી કંઇ પણ ધર્મ કાર્ય બની શકતું નથી, એક આપની શરણભાવના કરવાથી ફળ સિદ્ધ થાય એવું જાણી તેજ કરૂં છું.-(૧૧).

ઇતિશ્રીહરિરાયજી કૃત ૧૩ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## — સામ્પ્રદાયિક સાહિત્ય —

શ્રી હરિરાયજીએ સમ્પ્રદાયના એક પણ વિષયને છોડયો નથી. એમણે સમ્પ્રદાયના પ્રત્યેક વિષય ઉપર બહુજ ઉંડો અને ગંભીર વિચાર કર્યો છે અને તેને પરોપકારાર્થે નાના નાના ગ્રન્થોથી પ્રકટ કરેલ છે. આપે જેટલું સાહિત્ય સંસ્કૃતમાં રચ્યું છે એટલુંજ વ્રજભાષા અને ગુજરાતીમાં પણ લખ્યું છે. આપશ્રીમાં આધુનિક સંસ્કૃતજ્ઞોના જેવો વૃથા ઘમંડ ન હતો કે જેથી તેમણે ભાષા સાહિત્યની ઉપેક્ષા કરી હોય. આપની દૃષ્ટિમાં ભાષાસાહિત્ય અત્યંત ઉપયોગી હતું એથીજ આપશ્રીએ તેના ઉપર પણ ગંભીર વિચારો કર્યા છે. આપ એ સારી રીતે જાણતા હતા કે સમ્પ્રદાયના સિદ્ધાંતોની ઉપયોગિતા અને તેની વિશુદ્ધ અને સર્વોચ્ચ ભાવનાઓ પ્રત્યક્ષ દૃષ્ટાંતો દ્વારાજ સિદ્ધ થઇ શકે છે. એથીજ શ્રી હરિરાયજીએ કેવલ સમ્પ્રદાયના આકર ગ્રન્થોનું અધ્યયન કરીને જ સંતોષ માન્યો નહિં કિન્તુ તેને વિશુદ્ધ ભાવનાઓમાં પ્રતિફલિત કરી તેનાં વ્રજભાષામાં ઉપલબ્ધ થતાં વાર્તાત્મક દૃષ્ટાંતો ઉપર પણ વિચાર કર્યો છે, અને તેનો વિસ્તાર પણ કર્યો છે. આપે ભકિતની ત્રિવિધ સંગતિ દ્વારા તેના પરમોચ્ચ વિજ્ઞાનને પોતાના જીવનમાં સિદ્ધ કર્યું હતું. એથીજ આપની સમ્પ્રદાયમાં અનેક ભાવનાઓ અને વાર્તાઓ તેમજ તેના ઉપરના 'ભાવ-પ્રકાશો' પ્રાપ્ત છે.

વાર્તા સાહિત્યને આપે સિદ્ધાંતોના ફલ રૂપે કહેલ છે. કેમકે તેમાં સિદ્ધાંતોનું અનેકવિધ સાક્ષાત પ્રકારનું પ્રતિફલન થયેલું અનુભવાય છે. એથીજ આપે વાર્તા-સાહિત્ય પર પણ બહુજ પ્રકાશ ફેંકયો છે.

# * શિક્ષાપત્ર ૧૪ મું *

હવે ચૌદના શિક્ષાપત્રમાં પ્રભુના ચરણારવિંદમાં ચિત્તને સ્થાપન કરવું, અન્યાશ્રય અને દુઃસંગ ન કરવો, નિવેદન મંત્રનું અનુસંધાન કરવુ અને આપણા આચાર્યશ્રીના ચરણારવિંદનો દૃઢ આશ્રય રાખવો એજ વૈષ્ણવનાં લક્ષણ છે, એવું નિરૂપણ છે. ઉપર કહ્યું કે શરણની ભાવના કરવાથી સર્વ ફળ સિદ્ધ થાય છે. તે ભાવના કેવી રીતે સિદ્ધ થાય એનો ઉપાય કહે છે.

**શ્લોકઃ—શ્રીમત્પ્રભુપદયુગલે સ્થાપ્યં ચેતશ્ચમત્કારિ ।**
**તદનુગ્રહણાદેવ હિ ભવતિ તદીયસ્ય સર્વતઃ સકલમ્ ।૧।**

શબ્દાર્થ—શ્રીઠાકોરજી અને શ્રીગુસાંઈજીના ચરણારવિંદમાં ચમત્કાર યુક્ત ચિત્તને સ્થાપન કરવું, કારણ કે એમના અનુગ્રહથીજ તદીયને સર્વ પ્રકારે સિદ્ધિ થાય.–(૧).

**વિવેચન**—શ્રીસહિત એવા મારા પ્રભુ શ્રીગુસાંઈજી તેમના બેઉ ચરણારવિંદમાં પોતાનું ચિત્ત સ્થાપન કરવું, તે બેઉ ચરણકમળ ચિત્તને પરમચમત્કારી ભક્તિરસનો અનુભવ કરાવે છે. તેમાં ડાબા ચરણના આશ્રયથી પુષ્ટિરસનો અનુભવ થાય છે, અને જમણા ચરણના આશ્રયથી મર્યાદાભક્તિ રસનો અનુભવ થાય છે. શ્રીગુસાંઈજી લલિતત્રિભંગ ગ્રંથમાં કહે છે કે "પુષ્ટિભક્તિને સ્થિર કરીને, મર્યાદાને પુષ્ટિની આશ્રિત કરીને, શ્રીવૃંદાવન ભૂમિમાં પૂર્વે ન થયા હોય તેવા સ્થિત થયા છે." ઈત્યાદિ વચનોથી શ્રીવૃંદાવનમાં લલિત ત્રિભંગી પ્રભુ વેણુનાદ કરે છે, ત્યાં પુષ્ટરૂપ ડાબો ચરણ સ્થિત છે, તેનો આશ્રય મર્યાદા ભક્તિરૂપ જમણો ચરણ વાંકો ( આશ્રિત ) છે, એવા પ્રભુના બેઉ ચરણનો આશ્રય કરી મન લગાડીએ તેથી એમના અનુગ્રહથી તદીયનું સર્વ પ્રકારનું કલ્યાણ સર્વ ઠેકાણે સિદ્ધ થાય છે. આમ કહીને એમ જણાવે છે કે શ્રીકૃષ્ણના બેઉ ચરણકમળમાં મન લગાવે તેનું કલ્યાણ થાય છે. વળી નવમા સ્કંધમાં ભગવાન દુર્વાસાને કહે છે કે "જેઓ સ્ત્રી, ઘર, પુત્ર, લૌકિક સંબંધી પ્રાણ, ધન, આ લોક અને પરલોકને છોડીને મારે શરણે આવે, તેનો ત્યાગ કરવાનો હું ઉત્સાહ (ઈચ્છા) શી રીતે રાખું ?" શ્રીકૃષ્ણને ઘર, સ્ત્રી, પુત્ર પ્રાણાદિ સર્વ સમર્પણ કરી શરણે રહે તેને કદી પણ પ્રભુ છોડતા નથી. શ્રીકૃષ્ણાશ્રયમાં શ્રીઆચાર્યજી કહે છે કે "**શરણસ્થ સમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્**" શરણે આવે તેનો ઉદ્ધાર કરનારા શ્રીકૃષ્ણને હું વિનંતિ કરું છું. આ વાક્યથી શરણસ્થ જીવનો ખાસ ઉદ્ધારજ છે-(૧).

**શ્લોકઃ—અન્યાશ્રયસ્તદીયૈકપદાશ્રયવિરોધકૃત્ ।**
**પ્રભોરુદાસીનતાયાઃ કારણં ત્યજતાંદ્રુતમ્ ।।૨।।**

શબ્દાર્થ—ભગવાનના ચરણકમલનો આશ્રય કરવામાં તદીયોને વિરોધ કરનારો અન્યાશ્રય છે, અથવા તદીયનું સ્થાન જે વ્રજ તેનો આશ્રય એટલે કે નિવાસ તેનો વિરોધ કરનારો

અન્યાશ્રય છે, વળી પ્રભુ ( શ્રીઠાકોરજી તથા શ્રીગુસાંઈજી ) પ્રત્યેની ઉદાસીનતાનું જે કારણ હોય તેનો જલ્દીથી ત્યાગ કરવો.–(૨).

**વિવેચન**—ઉપર કહ્યું કે શ્રીકૃષ્ણના ચરણમાં મન લગાવે, તો સર્વ સિદ્ધ થાય, પણ તેમાં અન્યાશ્રય મહા બાધક છે, તે એવો બાધક છે કે ભગવદીયને પણ ચરણકમળના આશ્રયમાં વિરોધ કરે તો જીવનો શો હિસાબ? તે તો (જીવ) જરૂર પડેજ. માટે અન્ય દેવ, મનુષ્ય, રાજા, એવો કોઈનો આશ્રય ન કરવો. કહે છે કે, "ભગવાનના ચરણારવિંદની રજની સેવા કરનારો મરણથીયે અધિક દુઃખમાં પણ અન્યનો આશ્રય કરે નહિં. જેમકે જે હાથી પર બેઠો હોય તે ગધેડાની સવારી કદી કબુલ ન કરે" ભગવાનના ચરણકમળને છોડી બીજા દેવનો આશ્રય એવો છે, કે હાથીની અસવારી છોડી ગધા પર બેસે. હારિત સ્મૃતિમાં કહ્યું છે કે "અન્ય દેવને નમસ્કાર નહિ કરવા, અન્ય દેવને દેખવા નહિ, અન્ય દેવનો પ્રસાદ ખાવો નહિં, અન્યદેવના મંદિરે જવું નહિં, આવું અનન્ય છે શરણ જેમને તેવા, તેમજ અનન્ય છે સાધન જેમને તેવા અને અન્યનું આરોગેલું ન 'લેનારા જે છે તેઓ સર્વ ઉત્તમ અધિકારી છે. ઇત્યાદી વચનોથી અન્યદેવને નમસ્કાર ન કરે, અન્યદેવનો પ્રસાદ ન લે, અનન્ય પ્રભુને શરણે રહે, અને એક શ્રીકૃષ્ણનીજ સેવા અને સ્મરણ કરે ત્યારે પ્રભુ પ્રસન્ન થાય. અન્યાશ્રય કરે, તેના પર પ્રભુ ઉદાસીન થઈ જાય કે હું આપવા સમર્થ નથી કે અન્યાશ્રય કરે છે? જેમ દામોદરદાસ સંભલવાળાની સ્રીએ જરાક પણ અન્યાશ્રય કર્યો તેથી પુત્ર મ્લેચ્છ થયો. પછી બહુજ ખેદ થયો, માટે ભગવદીય ( વૈષ્ણવ ) અન્યાશ્રયનો જલદીથી ત્યાગ કરે.–(૨).

**શ્લોકઃ—અસત્સંગસ્ય ચ ત્યાગો ભાવબાધકતા યતઃ ।**
**યથા વ્યાઘ્રો બાધકઃ સ્યાચ્છરીરાદેઃ શરીરિણઃ ॥૩॥**

**શબ્દાર્થ**—અસત્ સંગનો ત્યાગ કરવો, કારણ કે અસત્સંગથી ( દુસંગથી ) ભગવદ્-ભાવનો નાશ થઈ જાય છે. જેમ શરીરિ એટલે જે જીવ છે તેના શરીરને જેમ વાઘ બાધક છે, તે શરીરનો નાશ કરે છે તેથી જીવ વાઘથી દૂર રહે છે. તેવોજ અસત્સંગને જાણીને તેનાથી દૂર રહેવું.–(૩).

**વિવેચન**—અન્યાશ્રય છોડે, કારણ કે ભગવદ્ભાવમાં દુસંગ મહા બાધક છે. તેનું લૌકિક દ્રષ્ટાંત કહે છે, જેમ વાઘના આગળ મનુષ્ય જાય તો તેના શરીરને વિઘ્ન થાય, દેહનો નાશ થાય. તેમજ અસત્સંગથી જડભરતને ત્રણ જન્મ લેવા પડયા, દ્વિવિદવાનરને નરકાસરના સંગથી બળદેવજી સાથે લડવું પડયું, માટે અસત્સંગ ( દુસંગ ) મહા બાધક જાણી તેનો તરતજ ત્યાગ કરવો.–(૩).

**શ્લોકઃ—અસત્સંગસ્તથા પ્રોક્તઃ શ્રીમદાચાર્યપંડિતૈઃ ।**
**અધ્યાસઃ સ્વશરીરાદૌ તદીયત્વપ્રકારતઃ ॥૪॥**

**શબ્દાર્થ**—શ્રીમહાપ્રભુજી જે મહાપંડિત છે, તેમણે પોતાના શરીરમાં જે દેહાધ્યાસ છે તેને અસત્સંગ કહ્યો છે, અથવા શરીર વગેરેમાં ( અહંતા મમતાત્મક ) અધ્યાસને

અસત્સંગ કહ્યો છે, અથવા શરીર વગેરેમાં (અહંતા મમતાત્મક) અસાધ્યને અસત્સંગ કહ્યો છે; અને આ શરીર તદીય (ભગવત્સંબંધી) છે, એવી રીતે જાણે તે સત્સંગ છે.-(૪).

વિવેચન—અસત્સંગ મહાદુઃખરૂપ છે, તેથી અમારા આચાર્યજી મહાપ્રભુજી મહાપંડિતે વેદ, પુરાણ, શાસ્ત્ર, શ્રીભાગવત સર્વમાંથી મંથન કરીને શ્રીસુબોધિનીજી આદિ ગ્રંથ પ્રકટ કર્યા છે, તેમાં અન્યાશ્રય અને અસત્સંગ મહા બાધક છે, એવું ઠેકાણે ઠેકાણે નિરૂપણ કર્યું છે, માટે ભગવદીયની સાથે રહીને તેના સંગથી સઘળો અસત્સંગ છુટી જાય, એવી રીતે અન્યાશ્રયથી પણ બચવું.-(૪).

શ્લોકઃ—વિધાય સર્વથા ભીતિં વિધેયેતરયોગતઃ ।
સત્સંગેન સ્વમાર્ગૈકનિષ્ઠત્વેન ચ સર્વથા ॥૫॥

સમર્પણાઽનુસંધાનં વિધેયં મિલિતૈઃ સદા ।
ઇદમેવાઽસ્મદાચાર્યમાર્ગે સાધનમુત્તમમ્ ॥૬॥

શબ્દાર્થ—કર્તવ્ય અને અકર્તવ્યના ભેદ સમજીને, સત્સંગ કરીને અને સર્વથા પુષ્ટિમાર્ગમાંજ એક નિષ્ટા રાખીને અસત્સંગ પ્રત્યે નિશ્ચય ડર રાખીને રહેવું, તેમજ ભગવદીયની સાથે નિવેદનમંત્રનું અનુસંધાન હંમેશા કરવું, એજ આપણા શ્રીઆચાર્યજીના પુષ્ટિમાર્ગમાં ઉત્તમ સાધન છે.-(૬).

વિવેચન—આવી રીતે અસત્સંગનો મહાભય રાખવો. આ સિદ્ધાંત નિશ્ચય મનમાં જાણીયે, કે જીનને તો આજ યોગ્ય છે; આજ કર્તવ્ય છે એમ જાણી જેટલો બને તેટલો ભગવદ્ધર્મ કરે. પણ અસત્સંગ ન કરે. સત્સંગ તેનો કરે કે જે ભગદીયની પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા હોય, તેનોજ સંગ કરે, બીજાનો ન કરે, કારણ કે એતન્માર્ગીય ભગવદીયના સંગથી પોતાના પુષ્ટિમાર્ગની સઘળી રીતિ સિદ્ધ થાય છે, માર્ગમાં પૂર્ણ નિષ્ઠા થાય ત્યારે ભાવ વધે અને બધું સિદ્ધ થાય.-(૫). શ્રીઆચાર્યજી મહાપ્રભુજી દ્વારા શ્રીઠાકોરજીને સર્વ સમર્પણ કર્યું છે. ભગવદીય સાથે મળીને હંમેશાં વિચાર કરે કે મેં શું સમર્પણ કર્યું? હવે હું શું કાર્ય કરૂં છું? તથા કેટલા દિવથી પ્રભુથી વિખુટો પડયો છું? પણ હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કૃપા કરીને પ્રભુનો સંયોગ કરાવ્યો છે, તો હું શી રીતે સેવા સ્મરણ કરૂં? ઈત્યાદિ ભાવ ભગવદીય સાથે મળીને વિચારે. ભગવદીય સાથે દીનતા રાખે, તે જે કૃપા કરીને બતાવે એજ શ્રીઆચાર્યજીના આ પુષ્ટિમાર્ગમાં ઉત્તમ સાધન છે. વળી ભગવદીયની સાથે મળીને નિવેદનનું સ્મરણ કરે. નવરત્ન ગ્રંથમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः" (તાદૃશી ભગવદીયની સાથે મળીને નિવેદનનું સ્મરણ કરે) ભગવદીયનો સંગ સર્વથા (હજારો કામ છોડીને) કરવો, તથા હંમેશાં કરવો, એની પાસેથી નિત્ય નિવેદનનો પ્રકાર સાંભળીને પોતાના મનમાં ભાવ રાખવો. આ સત્સંગજ શ્રીઆચાર્યજીના મહાપ્રભુજીના માર્ગમાં ઉત્તમમાં ઉત્તમ સાધન છે, આથી વિરૂદ્ધ બીજુ સાધન ન કરે.-(૬).

શ્લોકઃ—સ્વાચાર્યચરણદ્વન્દ્વદઢાશ્રયણમાદરાત્ ।
વિધેયં તેન સકલમસ્મિન્માર્ગે ભવિષ્યતિ ॥૭॥

શબ્દાર્થ—આપણા શ્રીઆચાર્યજીના યુગલ ચરણનો દૃઢ આશ્રય આદરપૂર્વક કરવો. તેથી આ પુષ્ટિમાર્ગમાં સર્વ સિદ્ધ થશે.-(૭).

વિવેચન—આપણા શ્રીઆચાર્યજીના ચરણારવિંદનો દૃઢ આશ્રય જે કોઈ પુષ્ટિમાર્ગીય જીવ આદરપૂર્વક કરે, તેને આ સર્વોપરિ પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થાય, માટે દૈવીજીવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણકમળનો દૃઢાશ્રય નિશ્ચય કરવો જોઈએ, તેથી કરીને સર્વ કાર્યો સિદ્ધ થશે.-(૭).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત ચૌદમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## અલૌકિક સામર્થ્ય

શ્રીહરિરાયજી કેવળ વિદ્વાન જ ન હતા, કિંતુ આપશ્રી એક મહાનુભાવ આચાર્ય અને આદર્શ ભકત પણ હતા. એ વાત 'રહસ્યવાર્તા' પુસ્તકના અધ્યયનથી જણાયા વિના નહિં રહે. આપશ્રીએ જે અલૌકિક તત્ત્વને જાણ્યું હતું, તેને અનુભવમાં પણ આણ્યું હતું. એ વાતની એનાથી સારી રીતે પુષ્ટિ થઈ રહે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતે જ્ઞાનનિષ્ઠ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદી અને પુષ્ટિ પુષ્ટિ ભકતો સર્વજ્ઞ હોય છે. "જ્ઞાનનિષ્ઠા તદા જ્ઞેયા સર્વજ્ઞો હિ યદા ભવેત" તથા પુષ્ટ્યાવિમિશ્રાઃ સર્વજ્ઞાઃ એ આચાર્ય વાકયો અત્રે સ્મરણીય છે. શ્રી હરિરાયજીમાં આ ઉભય પ્રકારો સિદ્ધ હતા અર્થાત આપશ્રી જેમ એક આદર્શ બ્રહ્મવાદી હતા તેમ શ્રીહરિના સાક્ષાત્કારને પ્રાપ્ત થયેલ પુષ્ટિ પુષ્ટિ ભકત પણ હતા. એથી આપમાં તે 'સર્વજ્ઞતા' સારી રીતે પ્રકટ થઇ હતી.

શ્રીહરિરાયજી શ્રીમદ્વલ્લભાચાર્યજીના સેવાતત્ત્વને પણ પૂર્ણ રૂપથી પ્રાપ્ત કરી ચૂકયા હતા. એથી આપશ્રીમાં સેવાના ફળ રૂપ અલૌકિક સામર્થ્ય આદિ પરમોચ્ચ સિદ્ધિઓ પણ ફલિત થઈ હતી. અત્રે "સેવાયાઃ ફલત્રયં, અલૌકિક સામર્થ્યં, સાયુજ્યં, સેવોપયોગી દેહો વા વૈકુંઠાદિષુ ।" એ આચાર્ય વાકય જેમ સ્મરણીય છે તેમ ૮૪ વૈષ્ણવોમાંના શેઠ પુરૂષોત્તમદાસ કાશીવાળાનો વૃદ્ધાવસ્થામાં નવીન યુવા શરીરના દૃશ્યનો પ્રસંગ, અને પ્રભુદાસ જલોટા તેમજ કૃષ્ણદાસ મેઘન આદિના અલૌકિક સામર્થ્યના પ્રસંગો પણ દૃષ્ટવ્ય છે.

ઉકત ભકિતયોગ-સેવાતત્ત્વની સિદ્ધિઓથી, જેમ યોગીઓ પોતાના યોગબલે અનેક પ્રકારના ચમત્કારપૂર્ણ પ્રસંગોને ઉપસ્થિત કરી શકે છે, તેમ સેવાનિષ્ઠ આવા ભકતો પણ અનેક પ્રકારના ન સમજી શકાય તેવા પ્રસંગોને વ્યકત કરી શકે છે. શ્રીહરિરાયજીએ રાજકુંવરીને પોતાનામાં માતૃચરણ શ્રીયશોદાજીનાં દર્શન કરાવ્યાં એ પ્રસંગ ઉકત સેવાની સિદ્ધિ રૂપજ છે. અલૌકિક સામર્થ્યને પ્રાપ્ત થયેલા પુરૂષો તો ભગવાનની **સમાન** ઐશ્વર્યવાળા હોય છે. એથી તેમનામાં પણ ભગવાનની સમાન જ વિરૂદ્ધ ધર્માશ્રયત્વ તેમજ તેની સર્વ શકિતઓ પણ રહેલી હોય છેજ.

# * શિક્ષાપત્ર ૧૫ મું *

હવે પંદરમા શિક્ષાપત્રમાં ભગવાનની લીલાઓના અનુસંધાનપૂર્વક ભગવત સ્મરણ કરવું, આનું નિરૂપણ છે. ઉપર કહ્યું કે ભગવદીયનો સંગ કરે, શ્રીઆચાર્યજીના બેઉ ચરણ-કમળનો આશ્રય કરે, તો આ પુષ્ટિમાર્ગીય ફળ સિદ્ધ થાય. હવે શ્રીઆચાર્યજીના ચરણ-કમળનો આશ્રય શી રીતે સિદ્ધ થાય તે આગળના શિક્ષાપત્રમાં કહે છે.

**શ્લોકઃ—યદંગીકૃતજીવાનાં ન દુઃખં લેશતોઽપિ હિ ।**
**સદાનંદઃ સદાનંદતત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૧॥**

**શબ્દાર્થ**—જેનો પ્રભુએ અંગીકાર કર્યો છે, એવા જીવને રંચક પણ દુઃખ નથીજ. સદાનંદ એવા પ્રભુ તે આનંદરૂપ છે, તેનું સ્મરણ સદા કરવું.–(૧).

**વિવેચન**—પોતાનો અંગીકૃત જે જીવ શરણે આવ્યો છે, તેને લગાર પણ દુઃખ થાય, તે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સહન કરી શકતા નથી. પોતાના જીવનાં સકળ દુઃખ દૂર કરી સદા આનંદનું દાન કરે છે.–(૧).

**શ્લોકઃ—યો નિજાનતિસંતપ્તાન્સ્વકૃતે વીક્ષ્ય વિસ્મિતઃ ।**
**પ્રાદુર્ભવત્યચિરતસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૨॥**

**શબ્દાર્થ**—જે પ્રભુ પોતાના માટે અતિ તપ્ત (વિપ્રયોગાર્તિથી તપ્ત) એવા પોતાના ભકતને દેખીને વિસ્મિત થઈ શીઘ્ર પ્રકટ થાય છે, એવા પ્રભુની સ્મૃતિ સદા કરવી. (સદા તેમનું સ્મરણ કરવું)–(૨).

**વિવેચન**—આ જીવ જે દિવસથી પ્રભુથી વિખુટો પડયો છે તે દિવસથી ચોરાશી લાખ યોનિમાં ભમે છે. જન્મમરણથી અનેક પ્રકારનાં દુઃખ પામે છે. સંસારાગ્નિમાં અત્યંત સંતપ્ત છે. જો કે દૈવીજીવ છે, છતાં પોતાનું દાસપણું અને પ્રભુનું સ્વરૂપ ભુલી ગયો છે તેથી સંસારમાં મહા દુઃખી છે. આવી રીતે જીવ પોતાની કૃતિથી દુઃખી થાય છે એ જોઇને શ્રીઠાકોરજી વિસ્મય થયા, અને મનમાં ખેદ પામીને કહ્યું કે અમારા દૈવી જીવ બહુજ દુઃખી છે, આથી કરુણા કરી શ્રીકૃષ્ણ પોતેજ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સ્વરૂપે અગ્નિથી પ્રગટ થઇ પોતાના દૈવીજીવોનાં અનેક ચિરકાળનાં સઘળાં દુઃખ દૂર કર્યાં. એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ભકતવત્સલ પરમ દયાળ છે, તેનું સ્મરણ કરવું જોઈએ.–(૨).

**શ્લોકઃ—ય સ્વતઃ સેવકાનાં હિ પરાશ્રયનિવારકઃ ।**
**કૃપાસરિત્પતિઃ કૃષ્ણસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૩॥**

**શબ્દાર્થ**—જે પોતેજ પોતાના ભકતોનો અન્યાશ્રય નિવારણ કરનારા છે, દયા સાગર છે, એવા શ્રીકૃષ્ણ તેમની હંમેશાં સ્મૃતિ કરવી.–(૩).

વિવેચન—જેવી રીતે શ્રીકૃષ્ણે સર્વ ભકતોનો અન્યાશ્રય છોડાવ્યો, શ્રીગિરિરાજજી દ્વારા આપ આરોગ્યા, અંબિકા પૂજનમાં શ્રીનંદરાયજીને દંડ દઈને છોડાવ્યા, તેવી રીતે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ પોતાના ભકતોને અન્યાશ્રય (અન્ય દેવનું ભજન) છોડાવી એક શ્રીકૃષ્ણનુંજ ભજન બતાવ્યું, સર્વ તરફથી નિવૃત્ત કરી એક શ્રીકૃષ્ણનેજ શરણે કર્યા. શ્રીકૃષ્ણ તો કૃપાના સાગર છે. જેનો અંગીકાર કરે છે તેને પછી કદીજ છોડતા નથી, ભકત પર કૃપાજ કરે છે, આવા શ્રીકૃષ્ણ છે. નવમસ્કંધમાં શ્રીભગવાન દુર્વાસા પ્રતિ કહે છે કે "હે દ્વિજ! હું પરતંત્રની પેઠે ભકતને પરાધીન છું, અને સાધુભકતોએ મારૂં હૃદય વશ કર્યું છે, તેથી ભકતજનો મને પ્રિય છે" ભગવાન કહે છે, હે દ્વિજ દુર્વાસા ! હું તો ભકતને વશ, પરાધીન છું, સ્વતંત્ર નથી, ભકતોએ મને હૃદયમાં ધારણ કરી લીધો છે, એવા ભકતજન મને બહુજ પ્રિય છે એવા કૃપાળુ જે શ્રીકૃષ્ણ તેમની પ્રાપ્તિ પોતાના જીવોને કરાવે એવા શ્રીઆચાર્યજીના ચરણકમળનું સ્મરણ આપણે અહર્નિશ કરવું જોઇએ.-(૩).

**શ્લોકઃ—હૃદયસ્થઃ સમસ્તાનાં ધુનોતિ વિષયાદરમ્ ।**
**દયાદામોદર શ્રીમાઁસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૪॥**

શબ્દાર્થ—જે ભગવાન સર્વ ભકતોના હૃદયમાં બીરાજે છે અને ભકતોનો વિષય પ્રત્યેનો આદર દૂર કરનારા છે તેમજ દયાળુ હોઇ દામોદર થયા છે તેમની સ્મૃતિ સદા કરવી.-(૪)

વિવેચન—શ્રીકૃષ્ણ પ્રાણીમાત્રના હૃદયમાં બિરાજમાન છે તો ભકતોના હૃદયમાં હોય, એમાં શુંજ કહેવું ? પરંતુ જીવ (વિષયાદિ, ખાન પાન, દેહ સંબંધી સંસાર સુખમાં પ્રીતિ રાખી મન ચોંટાડે છે તેથી) હૃદયમાં પ્રભુ છે તેને ભુલી ગયો છે, અને તેથી અનેક વિષયોને લીધે ભ્રમિત છે. વળી પ્રભુ દામોદર છે, તેથી યશોદાજી પર દયા કરીને પોતે બંધાયા એવા શોભાયમાન શ્રીકૃષ્ણને તથા શ્રીઆચાર્યજીને એકરૂપ જાણી તેમનું સ્મરણ વૈષ્ણવે હંમેશાં કરવું જોઇએ.-(૪).

**શ્લોકઃ—યઃ પ્રાણપ્રેષ્ઠગોપીનાં સંગં ગોપયતિ સ્વતઃ ।**
**નિલાયનાદિલીલાભિસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૫॥**

શબ્દાર્થ—ગોપીજન જેમને પ્રાણપ્રિય છે એવા પ્રભુ ગોપીજનો સાથેની ક્રીડા જે અનધિકારી હોય તેનાથી ગુપ્ત રીતે નિલાયનાદિ (છુપી છુપીને ખેલનરૂપ) ક્રીડા કરીને છુપાવે છે, તેમની સ્મૃતિ હંમેશાં કરવી.-(૫).

વિવેચન—વડીલોની સાથે પોતે શ્રીગોપીજનોની રસાત્મકતા છુપાવે છે. જેમકે શ્રીનંદરાયજી, શ્રીયશોદાજી અને બીજા ગોપ જાણે નહિ એવી રીતે વ્રજભકતોને રસદાન કરે છે. ગોપીજન શ્રીઠાકોરજીનાં પ્રાણપ્રિય છે, આથી ઉદ્ધવજીને શ્રીભગવાન કહે છે કે "મારામાં છે મન જેમનું એવાં આ ગોપીજન, તથા મારામાં પ્રાણ છે જેમના એવાં ગોપીજન અથવા હુંજ પ્રાણ છું જેમનો; અને મારે માટે સર્વ દૈહિક ધર્મ જેમણે ત્યાગ કર્યો છે એવાં આ ગોપીજન છે." એટલે જે મારે માટે લોકધર્મનો ત્યાગ કરનારા છે તેમનું પોષણ હું

કરૂં છું. તન, મન, પ્રાણ દેહ પ્રભુ અર્થે અર્પણ કર્યું છે, અને પ્રભુને માટે લોક, વેદ, ધર્મ ત્યાગ કર્યો છે, તેથી ( તેવા ભકતો ) શ્રીકૃષ્ણને પ્રાણ સમાન પ્રિય છે. પ્રભુ કેવા દયાળુ છે તે ત્રીજા સ્કંધમાં ઉદ્ધવજી કહે છે " અહો ! દુષ્ટ પૂતનાએ પ્રભુને મારવાને માટે સ્તન પર વિષ ચોપડીને પાયું, છતાં તે પૂતનાને પણ માતાને યોગ્ય ગતિ મળી, તેથી અન્ય એવો કોણ દયાળુ ( બીજો ) છે કે જેને શરણે જઈએ ?" મતલબ કે આવો પ્રભુ જેવો કોણ દયાળુ છે કે ભગવાનને છોડીને તેને શરણે જઈએ ! પૂતના પોતાના સ્તન પર ઝેર ચોપડીને ધવરાવવા લાગી, એવી રાક્ષસીને પણ શ્રીકૃષ્ણે માતાની જેવી ગતિ આપી, તો જે ભકત દૂધ વગેરે વિવિધ પ્રકારની સામગ્રી આરોગાવે છે એવા વ્રજભકતોને વશ ભગવાન હોય એમાં શું કહેવું ? એવા શ્રીકૃષ્ણ પ્રાણ પ્રેષ્ઠ સર્વથી છુપાવીને ગોપીજનોને રસદાન કરે છે, નિત્ય રાસાદિક લીલા કરે છે, એવા રસાત્મક શ્રીકૃષ્ણનું સ્મરણ સદાજ કરવું જોઈએ.–(૫).

**શ્લોકઃ—ય ઉદ્ધવેન ભકતેન સ્વસ્વરૂપમબોધયત્ ।**
**ગોપિકાનાં હૃદંતસ્થસ્ત સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૬॥**

શબ્દાર્થ—જે પ્રભુ પોતાના ભકત ઉદ્ધવજીને પોતાના સ્વરૂપનો બોધ કરે છે, તેમજ જે ગોપિકાઓના હૃદયની અંદર બીરાજે છે, અથવા ગોપિકાઓના હૃદયમાં રહેલા એવા સ્વરૂપનો ઉદ્ધવજી દ્વારા ગોપીજનોને જેમણે બોધ કર્યો, તેમની સ્મૃતિ કરવી.–(૬).

વિવેચન--શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને નિજભકત જાણ્યા, આથી વિચાર્યું કે ઉદ્ધવજીએ બહુજ સેવા કરી માટે હવે વ્રજલીલાનો અનુભવ થાય તો સારૂં. હવે તે અનુભવ તો શ્રીસ્વામીનીજીને હાથ છે, ભાવાત્મક સ્વરૂપ તો શ્રીસ્વામિનીજીના અને ભકતોના–હૃદયમાં સ્થિત છે. આથી યોગને બહાને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવવા ઉદ્ધવજીને શ્રીભગવાને વ્રજમાં મોકલ્યા. આ વખતે શ્રીગોપીજનોએ શ્રીકૃષ્ણના સખા જાણી પોતાની સઘળી લીલાઓ ઉદ્ધવજીને બતાવી, ત્યારે ઉદ્ધવજીને અનુભવ થયો, એટલે પોતાનો યોગ ભૂલી ગયા અને વંદન કરવા લાગ્યા. " રાસોત્સવમાં ભગવાનના શ્રીહસ્તને ગ્રહણ કર્યા એવા જે કંઠ તેથી પૂર્ણ થયા છે સર્વ મનોરથ જેમના, એવા જે વ્રજભકતો તેમનીપર જે કૃપા થઈ છે, તેવી કૃપા નિરંતર પ્રીતિ-વાળી લક્ષ્મીજી પર પણ નથી થઈ. કમળના જેવી સુગંધી તથા કાંતિ છે જેમની એવી અપ્સરાઓને પણ નથી થઈ, તો બીજાને તો કયાંથી થાય ? વ્રજભકતોએ પતિ પુત્ર, સંબંધી, સઘળું કુટુંબ, તથા વેદ મર્યાદા છોડીને શ્રુતિ જેની ચરણરજ શોધે છે એવા શ્રીકૃષ્ણની પદવી પ્રાપ્ત કરી છે, કારણ કે ( વ્રજભકતો ) શ્રુતિરૂપા છે. તેમની ચરણ રેણુનું સેવન કરે છે, એવું જે વૃંદાવન તેમાં પ્રાણી થવાની પણ મારી યોગ્યતા નથી, તેથી ગુલ્મલતા ઔષધિ પૈકી હું કંઈક થાઉં તો કેવું સારૂં ! જેથી મને પણ આવા વિરહી ભકતોની ચરણ રેણુનો સંબંધ થાય. અર્થાત સાત્વિક, રાજસ, તામસ, જે સ્થાવર છે, તેમાં કોઇક હું થાઉં. જેમનામાંથી હરિકથાનું અમૃત સ્રવે છે અને જે ત્રણ લોકને પવિત્ર કરે છે, એવાં જે વ્રજભકત તેમના ચરણકમળની રજને ક્ષણ ક્ષણ પ્રતિ દંડવત કરૂં છું." આ દશા ઉદ્ધવજીની થઈ. આથી શ્રીગોપીજનના ચરણકમળની રજની આશા કરીને ગુલ્મલતા ઔષધિની પ્રાર્થના

કરી. આ ભાવાત્મક ભગવાન જે વ્રજભકતોના હૃદયમાં બિરાજમાન છે, તે ભાવ સ્વરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે, તેમના ચરણકમળનું સ્મરણ સદા કરે.-(૬).

**શ્લોકઃ—યઃ સ્વમાહાત્મ્યબોધાય પ્રાદુર્ભાવિતવાન્સ્વયમ્ ॥**
**પ્રભુઃ શ્રીવલ્લભાચાર્યાસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૭॥**

**શબ્દાર્થ**—જે પ્રભુએ (પોતાના ભકતોને) પોતાનું મહાત્મ્ય જણાવવાને માટે આપે શ્રીમહાપ્રભુજીને પ્રકટ કર્યા, તેમની સ્મૃતિ સદા કરવી.-(૭).

**વિવેચન**—શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને પોતાના નિજભકત જાણી પોતાનું સ્વરૂપ પોતે નહિં જણાવતાં) ગોપીજનોની પાસે મોકલ્યાં, જયારે ભગવાન કૃપા કરે ત્યારેજ ભગવદીય દ્વારા સ્વરૂપનો અધિક બોધ થાય, તેજ સર્વોપરિ છે. તેમજ દૈવી જીવ સંસારમાં પ્રભુને ભુલી ગયા ત્યારે શ્રીઠાકોરજીએ પોતાના સ્વરૂપનું મહાત્મ્ય જ્ઞાન આપવાને શ્રીમહાપ્રભુજીને પ્રકટ કર્યા એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પૃથ્વી પર પ્રાદુર્ભૂત (પ્રકટ) થયા અને ભૂમિ પર બિરાજી દૈવીજીવોને સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો, એવા શ્રીકૃષ્ણ સર્વ સામર્થ્યયુકત છે, તેમના ચરણકમળનું સદા સ્મરણ કરવું.-(૭).

**શ્લોકઃ—યસ્ય સ્મરણમાત્રેણ સકલાર્તિવિનાશનમ્ ।**
**તત્ક્ષણાદેવ ભવતિ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૮॥**

**શબ્દાર્થ**—જેનું સ્મરણ કરતાં માત્રમાં સર્વેની સર્વ પ્રકારની આર્તિ તુરતજ નાશ પામે છે, તેમની સ્મૃતિ સદા કરવી જોઈએ.-(૮).

**વિવેચન**—એવા શ્રીકૃષ્ણ સ્વરૂપ અને ભાવાત્મ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણારવિંદનું સ્મરણ કરતાં માત્રમાં સકળ આર્તિ તથા સંસારનાં દુઃખ તથા સર્વ દોષનો નાશ થઈ જાય છે, અને તત્કાળ શ્રીઠાકોરજી તે જીવના ઉપર પ્રસન્ન થાય છે, માટે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનો ખાસ ધર્મ છે કે એવા શ્રીમહાપ્રભુજીના ચરણકમળનું સ્મરણ મન લગાવીને અહર્નિશ કરવું, જેવી રીતે વ્રજભકતો રાત દિવસ સ્મરણ કરે છે તેવીજ રીતે કરવું.-(૮).

ઇતિશ્રીહરિરાયજી વિચરિત પંદરમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## શ્રીહરિરાયજીને શ્રીમહાપ્રભુજીનો સાક્ષાત્કાર

શ્રીગોકુલનાથજીના તિરોધાનથી શ્રીહરિરાયજીને આપનો અત્યંત વિપ્રયોગ થયો. આપે ઘણા દિવસ પર્યંત ભોજન પણ ન કર્યાં. ત્યારે વિપ્રયોગના બળે આપને ભગવદાજ્ઞા થઇ કે શ્રી સર્વોત્તમજીનો સતત જપ કરો. શ્રીહરિરાયજીએ તુર્તજ શ્રીસર્વોત્તમજીનો સતત જપ કરવો શરૂ કર્યો. ત્રણ દિવસ અને રાત્રિ પર્યંત તે જપ કરવાથી શ્રીમહાપ્રભુજીએ શ્રીગુસાંઈજી સહિત પોતાનાં દર્શન કરાવ્યાં. એ સમયે શ્રીમદાચાર્યચરણે શ્રીહરિરાયજીને પોતાના પ્રાકટય હેતુને સમજાવતાં નિજાનંદનું દાન કર્યું. ત્યારથી આપ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપાનંદની માનસીમાં વિશેષરૂપથી મગ્ન રહેતા. આ માનસીના પ્રતાપે આપને સર્વજ્ઞતા પ્રાપ્ત થઈ. એ સર્વજ્ઞતાએ આપે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને સમસ્ત વલ્લભવંશ તેમજ સેવકોનાં પણ અલૌકિક સ્વરૂપોને જાણી લીધાં. એના ફલરૂપે આપે પોતાના અંતરંગ સેવકોમાં તે સર્વેનાં અલૌકિક રૂપો અને તેની ભાવનાઓને પ્રકટ કરી છે.

# * શિક્ષાપત્ર ૧૬ મું *

હવે સોળમા શિક્ષાપત્રમાં અહર્નિશ ભગવત્સેવા સ્મરણ કિર્તન કરે તેનો ભગવાન નિરોધ કરે છે, તથા ઐહિક પારલૌકિક સ્વતઃ સિદ્ધ કરે છે. માટે ભકતે કશી ચિંતા ન કરવી, તેનું નિરૂપણ છે. ઉપર કહ્યું તેવી રીતે શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરે, તો પ્રભુ પ્રસન્ન થાય એટલે પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થાય, અને પોતાના દોષ સ્ફુરે તે પ્રકાર કહે છે.

**શ્લોકઃ—સદા સ્વભકતહૃદયાવાસઃ સ્વાચાર્યભાવિતઃ ।।**
**યશોદાઽતિપ્રિયઃ શ્રીમાન્ નંદસુનુર્વ્રજેશ્વરઃ ।।૧।।**
**સ્મરણીયો યથાશકિત સેવનીયસ્તથા પુનઃ ।।**
**તાદૃશૈઃ સહ સંગેન કથનીયશ્ચ સર્વથા ।।૨।।**

શબ્દાર્થ—સદા પોતાના ભકતોના હૃદયમાં બિરાજનારા, આપણા આચાર્યશ્રીના ભાવથી ભાવિત, શ્રીયશોદાજીને અત્યંત પ્રિય, શોભાયમાન, શ્રીનંદરાયજીના પુત્ર, વ્રજેશ્વર સ્મરણ કરવા યોગ્ય છે, તથા પોતાની શકિત પ્રમાણે સેવા કરવા યોગ્ય છે. વળી તાદૃશી ભગવદીયની સાથે મળીને નિશ્ચય ( એમની લીલાની ) વાર્તા કરવી જોઈએ.–(૧–૨).

વિવેચન—શ્રીઠાકોરજી સદા પોતાના ભકતના હૃદયમાં બિરાજે છે, તે કેવા ભકતના હૃદયમાં વસે છે? ત્યાં કહે છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને ભાવથી પ્રસન્ન કર્યા છે. એવા પુષ્ટિમાર્ગીય ભગવદીયના હૃદયમાં પ્રભુ સદા બિરાજે છે. તે પ્રભુ કેવા છે? શ્રીયશોદોત્સંગલાલિત, શ્રીયશોદાજીને અત્યંત પ્રાણપ્રિય, શ્રીમાન ( શોભાયમાન ) નંદસુનુ એટલે શ્રીનંદરાયજીના પુત્ર, એવા કે દશમ સ્કંધમાં નંદમહોત્સવમાં શ્રીશુકદેવજી કહે છે કે "શ્રીનંદરાયજી પોતાને ત્યાં પુત્રનું પ્રાગટય થયું ત્યારે આહલાદયુકત અને મોટા મનવાળા થયા." નંદરાયજીના આત્માથી ઉત્પન્ન થયા એવા શ્રીકૃષ્ણ વ્રજના રાજા છે, તે સદા વ્રજમાંજ ભકતોની સાથે વિહાર કરે છે એવા શ્રીકૃષ્ણ પુષ્ટિમાર્ગમાં સેવ્ય છે. આથી જે એતન્માર્ગીય ભગવદીય (શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ) છે તેના હૃદયમાં બિરાજે છે, તથા શ્રીઠાકોરજીનાં હૃદયમાં ભકત વસે છે. શ્રીભાગવતના નવમ સ્કંધમાં ભગવાન દુર્વાસાને કહે છે કે "સાધુ ( ભકતો ) છે તે મારૂં હૃદય છે, અને હું સાધુનું ( ભકતનું ) હૃદય છું, મારા સિવાય બીજું તે ભકતો જાણતાજ નથી, અને એવા ભકત સિવાય બીજાને હું જાણતોજ નથી." ભગવાન કહે છે કે ભકતના હૃદયમાં હું છું, મારા હૃદયમાં ભકત છે. ભકત મારા સિવાય બીજું જાણતા નથી, તેમ ભકત સિવાય બીજાને હું જાણતોજ નથી. એવા શ્રીકૃષ્ણ છે, અને જે વ્રજમાં સદા વિહાર કરનારા નંદયશોદાજીના પુત્ર છે તેનુંજ સ્મરણ કરવું. કારણ કે એવા ભાવાત્મક પ્રભુ વ્રજભકતોને વશ છે. માટે વ્રજભકતો સહિત સ્મરણ કરવું. અને સેવા પણ એવા ભકતોના ભાવથી કરવી, તથા તાદૃશી ભગવદીય સાથે મળીને શ્રીકૃષ્ણની કથા વાર્તા પણ નિત્ય નિયમ પ્રમાણે કરવી. (૧–૨).

શ્લોકઃ—અહર્નિશ વ્રજાધીશઃ પ્રપંચાસ્મૃતિસાધકઃ ॥
સ્વકીયપક્ષપાતી ચ નિજાસક્ત્યા નિરોધકૃત્ ॥૩॥
સ્મરણીયઃ કૃપાપારાવારો વિદિતરૂપવાન્ ॥
સ એવાસ્મત્સર્વકર્તા ચિંતાણુરપિ નો હૃદિ ॥૪॥

શબ્દાર્થ—અહર્નિશ પ્રપંચની વિસ્મૃતિ કરાવનાર, પોતાના ભક્તોના પક્ષપાતી, અને પોતાનામાં આસક્તિ કરાવીને નિરોધ કરનાર શ્રીવ્રજાધીશ છે. અને કૃપાના સમુદ્ર અને વેણુ ગીતમાં "બર્હાપીડ" આ શ્લોકમાં નટવર રૂપ જણાવ્યું છે, તે રૂપવાળા પ્રભુ સ્મરણીય છે. તે આપણું સર્વ સિદ્ધ કરનારા છે, માટે હૃદયમાં લગાર પણ ચિંતા ન કરવી જોઈએ. (૩–૪)

વિવેચન—સ્મરણ, સેવા, કથાવાર્તા અહર્નિશ એક વ્રજાધીશની કરે, તો આ પ્રપંચ, દેહ સંબંધી લૌકિક વૈદિક, સર્વની વિસ્મૃતિ થાય, એજ (એટલે સ્મરણ, સેવા, કથાવાર્તાજ) પ્રપંચ વિસ્મૃતિનું સાધન તથા પુષ્ટિમાર્ગીય ભગવદ્ધર્મ છે, બીજો નહિં. શ્રીવ્રજાધીશ પોતાના ભક્તોના પક્ષપાતી છે, પોતાના સામર્થ્યથી ભક્તનો સર્વ ઠેકાણેથી નિરોધ સિદ્ધ કરે છે. અને જપ, તપ, યજ્ઞ, હોમ, તીર્થવ્રતાદિક જે મર્યાદા માર્ગનાં સાધન છે, તેમાં પ્રભુ રક્ષા કરતા નથી, પણ ભગવદ્ધર્મમાં પ્રભુ રક્ષા કરે છે. જેમ પ્રહલાદને માટે પ્રભુ સ્તંભમાંથી પ્રકટયા અને ભક્તની રક્ષા કરી, માટે શ્રીકૃષ્ણનું સ્મરણ સેવા વિગેરે મન રાખીને કરવાં. તેમાં કાલાદિક કશું બાધ કરતું નથી. પોતાના ભક્તોના પક્ષપાતી ભગવાન છે, પોતાની આસક્તિનું સામર્થ્ય ભક્તમાં ધરી સર્વ ઠેકાણેથી ભક્તનો નિરોધ કરે છે, એવા શ્રીકૃષ્ણનું સ્મરણ હંમેશાં કરવું જોઈએ. તે શ્રીકૃષ્ણ પરમ કૃપાળુ છે, આવું વેદશાસ્ત્ર શ્રી ભાગવતમાં પણ પ્રસિદ્ધ છે. છઠ્ઠા સ્કંધમાં કહે છે કે " સંકેતથી, હાસ્યથી, અપરાધથી અથવા મશ્કરીમાં પણ વૈકુંઠ (ભગવાન)નું નામ સર્વ પ્રકારનાં પાપનો સર્વથા નાશ કરે છે; એવું ઋષિઓ જાણે છે. વળી અજ્ઞાનથી અથવા જ્ઞાનથી ઉત્તમ યશવાળા ભગવાનનું જે કીર્તન કરે છે તેના સર્વ પાપને અગ્નિ જેમ લાકડાને બાળી મૂકે છે, તેમ ભગવાનનું કીર્તન બાળી દે છે." આ વચનથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી નવરત્ન ગ્રંથમાં કહે છે કે "અજ્ઞાનથી કે જ્ઞાનથી પ્રભુને આધીન પ્રાણવાળા જે ભક્તે આત્મનિવેદન કર્યું છે તેણે લૌકિક વૈદિક ( વિધિ નિષેધાદિકની ) ચિંતા શા માટે કરવી, એટલે કે ન કરવી." ઈત્યાદિ વચનથી જાણવું કે જે સેવા સ્મરણાદિ ભગવદ્ધર્મ જાણીને કરે, અથવા અજાણ્યે કરે તો પ્રભુ કૃપા કરે. આ બાબતમાં શ્રીમહાપ્રભુજીના ચોરાસી વૈષ્ણવોની વાર્તામાં કહ્યું છે કે ગદાધરદાસે શાક લાવવાનું કહ્યું, એટલે માધવદાસ લઈ આવ્યા, આથી માધવદાસને ભક્તિ પ્રાપ્ત થઈ. આવી રીતે પ્રભુ સેવા માની લે છે. આમ પ્રભુની કૃપા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. માટે પ્રભુજ અમને પોતાના જાણી સર્વ કાર્ય સિદ્ધ કરશે એમ જાણી ભગવદીયે લૌકિક વૈદિકની ચિંતા તથા પોતાના ઉદ્ધારની ચિંતા ન કરવી. (૩–૪)

શ્લોકઃ—સતામપ્યસતાં વાઽપિ સ્વકીયાનાં કૃપાનિધિઃ ॥
કરિષ્યતિ સ્વતઃ સર્વમતશ્ચિંતા ન કાઽપિ હિ ॥૬॥

શબ્દાર્થ—સત્ (સાત્વિક) અસત્ (તામસ) અથવા સત્ વ્રજ ભકતો અને અસત્ એટલે આપણે પોતે વિ. એમને શરણે જે જાય અને એમના થાય તેના સર્વ મનોરથ કૃપાના નિધિરૂપ પ્રભુ પોતેજ પૂર્ણ કરશે, માટે નકકી, કશી પણ ચિંતા નથી.–(૫).

વિવેચન—પ્રભુની એવી પ્રતિજ્ઞા છે કે ભકતો પર સદા કૃપાજ કરે છે. તે પ્રતિજ્ઞા સત્ય છે. મન, વાણી અને ક્રિયા એ ત્રણેથી પોતાના અંતરંગ ભકતપર કૃપાજ છે. કૃપાનિધિ એવું પ્રભુનું નામ છે, ત્રિવિધ નામાવલિમાં નામ કહે છે કે "ભકતજનકલ્પવૃક્ષાય નમ:" "ભકતાધિનાય નમ:" ઇત્યાદિ બહુજ વર્ણન છે. તેથી પ્રભુ સ્વતઃ પોતેજ સર્વ સિદ્ધ કરશે, માટે પોતે કંઈપણ ચિંતા ન કરવી.

**શ્લોક:—સત્સંગોઽભાવતો નિત્યમસત્સંગસ્વભાવતઃ ॥**
**વર્તતે વિષયાવેશૈશ્ચક્રાઽરૂઢેવ મન્મતિઃ ॥૬॥**

શબ્દાર્થ—(હવે શ્રીહરિરાયજી વૈષ્ણવોને દીનતાભાવ શીખવવાને માટે પાંચ શ્લોકમાં પોતાની વ્યવસ્થા લખે છે.) સત્સંગનો અભાવ છે અને નિત્ય દુઃસંગનો તો સ્વભાવ છે તેથી વિષયના આવેશે કરીને મારી મતિ ચક્રમાં આરૂઢ હોય તેમ ભમે છે.–(૬).

વિવેચન—હવે શ્રીહરિરાયજી કહે છે કે ઉપર કહ્યું કે ચિંતા ન કરવી જોઇએ, પ્રભુ સર્વ પ્રકારથી રક્ષા કરશે, તો પણ ભગવદિયના સંગનો મને અભાવ છે, વળી જો સત્સંગ હોય તો દુઃસંગ બાધા કરે નહિં. પણ સત્સંગ તો આ સમયમાં દુર્લભ છે, અને અસત્સંગ વગર પ્રયાસે આ કળિકાળમાં એની મેળેજ આવી મળે છે, અને તે હૃદયમાં વિષયાવેશ કરાવે છે. જો કે ભગદ્ધર્માદિક કરૂં છું તો પણ વિષયનો આવેશ હૃદયમાં રહે છે, તે આવેશ જ્યાં સુધી હોય ત્યાં સુધી પ્રભુનો આવેશ થાય નહિં. સંન્યાસ નિર્ણયમાં કહે છે કે "વિષયાક્રાંત દેહવાળાના હૃદયમાં હરિનો આવેશ સર્વથા થાય નહિં." ઇત્યાદિ વચનોથી અસત્સંગથી વિષયનો આવેશ થાય છે, તેથી કરીને મારી બુદ્ધિ ચક્રારૂઢની પેઠે દશે દિશામાં ફરે છે. પ્રભુમાં વિશ્વાસ નથી ચોંટતો, ચિંતાથી સંસારના અનેક દુઃખો આવી પડે છે, તેથી બુદ્ધિ મલીન છે.–(૬).

**શ્લોક:—નૈતસ્મિન્સમયે કોઽપિ સહાયો મમ વર્તતે ॥**
**વિના શ્રીવલ્લભાચાર્યચરણાંબુરુહાશ્રયાત્ ॥૭॥**

શબ્દાર્થ—આ સમયમાં શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદના આશ્રય: વિના મને કોઈની પણ સહાય નથી.–(૭).

વિવેચન—દુઃસંગથી વિષયાવેશને લીધે મન ભમે છે, અનેક દુઃખ પામે છે, ભગવદીય કોઈ મળતા નથી, માટે આ કરાળકાળમાં મને સહાય કરનારો કોણ છે? એક શ્રીવલ્લભાચાર્યજીના ચરણકમળનો આશ્રય કર્યો છે, તેજ મારે સહાય છે, બીજું કોઈ સહાય કરવામાં સમર્થ નથી. આમ કહીને શ્રીહરિરાયજી એમ જણાવે છે કે આ કળિકાળમાં શ્રીઆચાર્યજીના ચરણકમળનો આશ્રય કર્યો છે તેને તો સર્વ ફળની સિદ્ધિ થસે, અને જેમને

શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો આશ્રય નથી તે કોટાનકોટિ સાધન કરે પણ સંગદોષ કાળદોષથી વિષયાવેશી બની ચક્રપર બેઠેલાની પેઠે ભમશે, તેને કશી ફળસિદ્ધિ નથી. માટે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણકમળનો દ્રઢાશ્રય અવશ્ય કરવો.-(૭).

**શ્લોકઃ—તતશ્ચ્યુતા મતિઃ કાલબલાત્ કેવલલૌકિકે ॥**
**નિત્યં સ્થિતા તતો ભીતિર્ભૂયસી જાયતે હૃદિ ॥૮॥**

શબ્દાર્થ—કાળબળે કરીને આશ્રયથી મતિચ્યુત (ભ્રષ્ટ) થઇ છે, અને કેવળ લૌકિકમાં હંમેશાં રહી છે, તેથી કરીને હૃદયમાં બહુજ મોટો ભય લાગે છે.-(૮).

વિવેચન—મેં મારા કાનથી કાળનું દુઃખ સાંભળ્યું છે કે જન્મમરણ જેવું બીજું કોઈ દુઃખ નથી. આવું અનેકવાર મોટાઓના મોઢેથી સાંભળ્યું છે, અને મનમાં પણ કાળનું દુઃખ સમજાય છે, તો પણ આ કાળ એવો કઠિન છે કે બળાત્કારથી સઘળું જ્ઞાન નાશ પામે છે. કેવળ લૌકિક કાર્યજ બની આવે છે. આવી રીતે નિત્ય લૌકિક કાર્યોમાંજ સ્થિતિ છે તેથી કરીને અમારૂં હૃદય વારંવાર બહુજ ભય પામે છે. જેમ પરીક્ષિત રાજાને કાળનો ભય આવ્યો ત્યારે પ્રભુની કૃપાથી શુકદેવજી ભગવદીયે આવી કાળનો ભય નિવૃત્ત કર્યો, તેમજ હવે મારા મનમાં બહુજ ભય થાય છે, તે ભય શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીયના સંગથી દૂર થાય, પણ તે મળવા મને દુર્લભ છે, તેથી ભયથી વારંવાર હૃદય કંપાયમાન થાય છે.-(૮).

**શ્લોકઃ—કિંવા કો વેદ ભગવાન્ કરુણાત્મા ચિકીર્ષતિ ॥**
**ન જાને તેન મે ચેતઃ ખિન્નં ભવતિ સર્વથા ॥૯॥**

શબ્દાર્થ—કરુણાત્મા ભગવાન શું કરવાની ઇચ્છા કરે છે, તે કોણ જાણે ? હું જાણતો નથી, તેથી મારૂં ચિત્ત ખેદયુકત થાય છે.-(૯).

વિવેચન—કરુણાત્મા ભગવાનનો અભિપ્રાય કોણ જાણે ? કોઇથી જાણી શકાતો નથી. કોટાનકોટિ સાધન કરે પણ ભગવાનના હૃદયના અભિપ્રાયનું જ્ઞાન ન થાય, કારણ કે ભગવાનની કરુણા થાય તો બધું જાણી શકાય. મન વચનથી ભગવદ્ધર્મ, સેવાસ્મરણ બની આવે, પણ પ્રભુની કરુણા વિના જરાપણ દૃઢ વિશ્વાસ થતો નથી, તેથી હું મારા ચિત્તમાં નિશ્ચય ખેદ પામું છું. જ્યાં સુધી પ્રભુની કૃપા નથી ત્યાં સુધી સર્વ કાર્યમાં સર્વથા દુઃખજ છે.-(૯).

**શ્લોકઃ—વિશેષઃ પ્રેમજિત્પત્રાદ્બોધ્યઃ સકલોઽપિ હિ ॥**
**અનેનૈવ વયં કિંચિત્સ્વાસ્થ્યં મન્યામહે હૃદઃ ॥૧૦॥**

શબ્દાર્થ—વિશેષ બીજા સમાચાર પ્રેમજી રૂપ પત્રથી અર્થાત્ પ્રેમજી વૈષ્ણવના મુખથી અથવા પ્રેમજીના પત્રથી જાણજો, આ પ્રેમજીથીજ અમારા હૃદયને કંઇક સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે. (૧૦)

વિવેચન--વળી વિશેષ સમાચાર પ્રેમજી વૈષ્ણવની સાથેના પત્રમાં લખીને મોકલ્યા છે, જો આ પત્રથી (અમારા પત્રથી) બોધ ન થાય તો (પ્રેમજીનાં પત્રમાં) જોઇને મન રાખીને વાંચી જોજો. જોકે કરુણાત્મા પ્રભુના અમે છીએ એમ જાણી હૃદયમાં કિંચિત્સ્વાસ્થ્ય (ધીરજ) છે કે પ્રભુ કૃપા કરશેજ, કારણ કે ભગવદ્ધર્મ જાણીને કંઈ કરીએ અથવા અજાણ્યે કશું બની જાય, તો પણ પ્રભુ કૃપા કરે છે. નવરત્ન ગ્રંથમાં આજ્ઞા છે કે, "અજ્ઞાનથી અથવા જ્ઞાનથી જેમણે પ્રભુને આધીન પ્રાણ કરી આત્મનિવેદન કર્યું છે, તેમને લૌકિક કર્તવ્યની ચિંતા શી છે ?" આ નિવેદન તો કોઈ પણ પ્રકારે થયું જ છે, તેથી મનમાં સ્વાસ્થ્ય છે કે પ્રભુ કરુણા કરશેજ. (૧૦)

ઇતિશ્રીહરિરાયજી વિચરિત સોળમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## શ્રીનાથજીનો સાક્ષાત્કાર

—※—

એક સમય સુરતવાળા દશ દિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજ શ્રીનાથજીને અર્થે મોતીની મોજડીઓ તૈયાર કરાવીને પધારતા હતા. તે સમયે શાસ્ત્રાર્થ આદિ કારણોને લઈને રસ્તામાં આપને વિષેશ સમય લાગ્યો. એથી શ્રીનાથજીને ત્યાં ઋતુના ક્રમ અનુસાર મોજડીઓ વડી થઈ ગઇ.

શ્રીપુરુષોત્તમજીએ શ્રીનાથદ્વારા પધારીને શ્રીદાઉજી મહારાજને પોતે સિદ્ધ કરાવેલી મોતીની મોજડીઓ શ્રીનાથજીને ધરાવવાની પ્રાર્થના કરી. શ્રીદાઉજી મહારાજે ગુસાંઈ બાલક જાણી તેમનો મનોરથ પૂર્ણ કરવા રાજભોગ પર્યંત મોજડી ધરાવવાની આજ્ઞા આપી. આજ્ઞાનુસાર મોજડીઓ ધરાવી.

શ્રીપુરૂષોત્તમજીનો મનોરથ હતો કે આ મોજડીઓ ઉત્થાપન પર્યંત રહે, પરંતુ શ્રીદાઉજી મહારાજે અનોસર સમયે વડી કરી લેવાની આજ્ઞા કરી હતી. અતઃ શ્રીપુરુષોત્તમજીએ શ્રીનાથજીના મુખ્યાજી ટોડા વ્યાસને એક સહસ્ર મુદ્રા આપી પોતાના મનોરથને પૂર્ણ કરવાને કહ્યું. એથી ટોડા વ્યાસે શ્રીદાઉજી મહારાજ રાજભોગ આરતિ કરીને પધાર્યા ત્યાર પછી તે મોજડીઓને વડી ન કરતાં શ્રીનાથજીને ધરાવી રાખી.

શ્રીનાથજીને અનોસરમાં તે મોજડીઓ ધરવી ન હતી, તેથી આપે શ્રીહરિરાયજીને રાજભોગ પછી ખીમનોરમાં જણાવ્યું એટલે શ્રીહરિરાયજી શીઘ્ર ખિમનોરથી નાથદ્વારા પધાર્યા અને ચાવીના ઝુમકા આદિ પધરાવી મંદિરમાં પધાર્યા. ત્યાં શ્રી નાથજીને દંડવત કરી મોજડીઓને વડી કરી. પછી તાલામંગલ કરી શ્રીદાઉજી મહારાજની બેઠકમાં પધાર્યા. આપે શ્રીદાઉજી મહારાજને સેવામાં સાવધાન રહેવાની આજ્ઞા કરી. ત્યાર પછી આપ ખિમનોર પધાર્યા.

# * શિક્ષાપત્ર ૧૭મું *

સત્તરમા શિક્ષાપત્રમાં ત્યાગના બે પ્રકાર નિરૂપણ કરીને અત્યાગનું નિરૂપણ તથા જીવનાં સ્વરૂપ નિર્ણયથી માર્ગમાં તેની સ્થિતિની દઢતા અશક્ય છે, માટે આપણા શ્રી આચાર્યજીના ચરણારવિંદનો દઢ આશ્રય કરીને દુઃસંગના અભાવથી તથા અવિશ્વાસના અભાવથી સર્વ ફળની પ્રાપ્તિ થાય છે તેનું નિરૂપણ છે. ઉપર કહ્યું કે ભગવાનના અભિપ્રાયને કોણ જાણે, માટે મનમાં ખેદ થાય છે, તો પણ કરુણાત્મા છે તેથી ફરીને મનમાં કંઈક ધીરજ રહે છે. આથી પ્રભુ કરુણા કરે તો ઉત્તમ મધ્યમ ધર્મ બની શકે. ત્યાં કોઇ કહે ભગવદ્ધર્મ તો એકજ છે, તેમાં ઉત્તમ મધ્યમ શું ? તો કહે છે.

**શ્લોકઃ—યદુક્તમસ્મદાચાર્યૈર્ગૌણમુખ્યવિભેદતઃ ।।**
**ત્યાગો ગૃહધનાદિનામથવા કૃષ્ણયોજનમ્ ।।૧।।**

**શબ્દાર્થ**—આપણા આચાર્યજી મહાપ્રભુજીએ ગૌણ અને મુખ્ય ભેદથી ત્યાગ બે પ્રકારનો સંન્યાસ નિર્ણય ગ્રંથમાં કહ્યો છે, તેમાં ઘર, ધન, વિગેરેનો ત્યાગ બતાવ્યો છે તે ગૌણ ત્યાગ છે, પરંતુ ઘર, ધન, વિગેરેનો (મમતા રહીત) શ્રીકૃષ્ણમાં વિનિયોગ કરવો તે મુખ્ય ત્યાગ છે. (૧)

**વિવેચન**—શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ભક્તિવર્દ્ધિની–આદિ ગ્રંથમાં ત્યાગના ઉત્તમ અને મધ્યમ પ્રકાર કહે છે "અવ્યાવૃત્ત થઈને શ્રીઠાકોરજીની સેવા અને સ્મરણ કરવું. અને વ્યાવૃત્તિ હોય તો પણ શ્રીઠાકોરજીની કથા શ્રવણાદિમાં તેમજ સત્સંગમાં યત્ન પૂર્વક મન લગાવવુ" આ વચનથી શ્રીકૃષ્ણની સેવા, કથા, સ્મરણ અવ્યાવૃત્ત થઈને કરે આ મુખ્ય પ્રકાર અને વ્યાવૃત્તિ પણ કરે, પણ મન પ્રભુમાં રાખે આ ગૌણ પ્રકાર. આથી શ્રીહરિરાયજી કહે છે કે ઘર, ધન, લૌકિક, વૈદિક, સર્વ ત્યાગ કરી પ્રભુનું ભજન કરે. જેમકે ગદાધરદાસ અવ્યાવૃત્ત રહ્યા. છેવટે જલની લોટી ધરી, પદ્મનાભદાસે છોલા ધર્યાં. આ મુખ્ય પ્રકાર. આવુ ન બને તો શ્રીકૃષ્ણને અર્થે બધું લગાવે, રાજ સેવા કરે, તેમાં સઘળું ઘર ધન લગાવે, તો પણ પ્રભુ કૃપા કરે. (૧)

**શ્લોકઃ—વૈરાગ્યપરિતોષાદેરત્યાગોઽપિ નિરૂપિતઃ ।।**
**તથા વિષયભોગસ્ય ત્યાગોઽપિ વિનિબોધિતઃ ।।૨।।**

**શબ્દાર્થ**—વૈરાગ્ય, અને પરિતોષ (સંતોષ)નો અત્યાગ પણ નિરૂપણ કર્યો છે, અને વિષયભોગનો ત્યાગ પણ વિશેષ કરીને નિરંતર બતાવ્યો છે. (૨)

**વિવેચન**—વૈરાગ્ય અને સંતોષનો ત્યાગ કદી પણ ન કરે, કારણ કે વૈરાગ્ય થાય તો સંસારમાં લૌકિક દેહ સંબંધી સુખ દુઃખ હ્રદયમાં બાધા ન કરે, ભગવદ્ધર્મ બન્યા કરે.

અને સંતોષ હોય તો સહજમાં આવી મળે, તેથીજ આનંદ માને, લોભથી પાપાચરણ ન કરે. કારણ કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીસુબોધિનીજી નિબંધાદિ ગ્રંથોમાં કહે છે કે, "ચોરી કરનારો ન હોય તથા પાપી ન હોય તેના દ્રવ્યનો પ્રભુ અંગીકાર કરે" ચોરી કરી પાપ કરી કશું લાવે, તે દ્રવ્ય (અન્ન) પ્રભુ કેવી રીતે આરોગે ? માટે વૈરાગ્ય સંતોષાદિક ધર્મ ન છોડવાં. અને વિષયભોગનો ત્યાગ કરવો, કારણ કે વિષય બહુજ ભોગવવાથી હૃદયમાં વિષયનું ધ્યાન થાય છે. વિષયાવેશ સઘળા દેહમાં થાય તો પ્રભુનો આવેશ ન થાય. આથી સંન્યાસનિર્ણયમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે "વિષયાક્રાંતદેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ" (વિષયથી ભરેલા દેહમાં નિરંતર અથવા નિશ્ચય હરિનો આવેશ ન થાય) માટે વિષયભોગનો પણ અવશ્ય ત્યાગ કરવો. (૨)

**શ્લોકઃ—તથા સત્સંગમાઽત્યાગઃ સર્વત્રૈવ વિશેષતઃ ।।**
**અન્યાશ્રયપરિત્યાગ ઉક્તો બાધકરૂપતઃ ।।૩।।**

શબ્દાર્થ—તેવીજ રીતે સર્વ સ્થાનમાં વિશેષે કરીને સત્સંગનો ત્યાગ ન કરવો, અને અન્યાશ્રય જે મહા બાધક છે તેનો સર્વથા ત્યાગ કરવો. (૩)

વિવેચન—ભગવદીયનો સંગ ન છોડે, સત્સંગ બહુ મોટો છે, સર્વોપરિ કર્તવ્ય છે. શ્રીભાગવત પ્રથમ સ્કંધમાં શૌનકનું વાકય છે કે "ભગવાનના ભકતના સંગની એક ક્ષણ બરાબર સ્વર્ગ અથવા મોક્ષને પણ અમે ગણતા નથી. તો એવા સત્સંગની બરાબર મનુષ્યની આશિષની તુલના તો શી રીતે થાય ?" સત્સંગના સુખ સમાન સ્વર્ગલોક કે અપવર્ગ (મોક્ષ પણ) નથી, માટે ભગવદીયનો સંગ છોડવો નહિં. જ્યાં ભગવદીય હોય ત્યાં જાતે જઈને સર્વ રીતે સંગ કરે, અને અન્યાશ્રયનો સર્વથા ત્યાગ કરે, કારણ કે આ (અન્યાશ્રય) ભગવદ ભાવમાં મહા બાધક છે. દાખલા તરીકે શ્રીનંદરાયજી અંબિકા પૂજન કરવા ગયા ત્યાં સર્પે ગળ્યા, શ્રીગુસાંઈજીની સેવક ડોકરીએ હાકેમને કહ્યું કે તમે મને જીવાડી, આટલું કહેતામાં પ્રભુ અંતર્ધ્યાન થઈ ગયા; દામોદરદાસની સ્ત્રીએ અન્યાશ્રય કર્યો, તો પુત્ર મ્લેચ્છ થયો. માટે અન્યાશ્રયનો સર્વથા ત્યાગ કરવો, કારણ અન્યાશ્રય મહા બાધક છે. (૩)

**શ્લોકઃ—એવં નિરૂપિતૌ ત્યાગાઽત્યાગૌ સર્વત્ર સર્વશઃ ।।**
**ન જીવાઃ સ્વબલાત્કિંચિત્કર્તું શકનુવતે સ્વતઃ ।।૪।।**

શબ્દાર્થ—એવી રીતે સર્વ પ્રકારથી અને સર્વત્ર ત્યાગ અને અત્યાગનું નિરૂપણ કર્યું છે, પણ જીવ પોતાના બળથી કશું કરવાને સમર્થ નથી. (૩)

વિવેચન—આવી રીતે નિરૂપણ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજી વિગેરે ગ્રંથમાં કર્યું છે, તેનો વિચાર કરી ત્યાગ કરવા યોગ્ય હોય તેનો ત્યાગ કરવો અને ત્યાગ કરવા યોગ્ય ન હોય તેનો ત્યાગ ન કરવો. ભગવદ્ધર્મમાં સાધક હોય તેનો ત્યાગ ન કરવાનો વિચાર રાખે. પણ તેમાં જીવનું કંઈ બળ નથી, જીવ ન ત્યાગ કરી શકે, કે ન

રાખી શકે. બ્રહ્માદિ શિવાદિ નારદાદિ આદિ સમર્થ ત્યાગી હોવા છતાં તેમને પણ ત્યાગ વશ નથી તો તુચ્છ જીવનું શું સામર્થ્ય ? જીવનું કર્યું કશું બનતું નથી, જીવ તો માયાને વશ થવાના સ્વભાવથી દુષ્ટ બની રહ્યો છે. (૪)

શ્લોકઃ- અતઃ કથં ભવેન્માર્ગસ્થિતિર્જીવેષુ સર્વથા ।
ફલાશાઽપિ કથં કાર્યા જનૈસ્તત્રાસ્થિતૌ પુનઃ ॥૫॥

**શબ્દાર્થ**—માટે જીવની માર્ગમાં સ્થિતિ સર્વથા શી રીતે થાય ? અને માર્ગમાં સ્થિતિ થયા વગર મનુષ્ય ફળની આશા પણ શી રીતે રાખી શકે ? (૫)

**વિવેચન**—એવી દુષ્ટ ક્રિયા કરનારો દુષ્ટ જીવ છે. તેની આવા સર્વોપરિ પુષ્ટિમાર્ગમાં સ્થિતિ કેવી રીતે થાય ? અષ્ટ પહોર લૌકિક વિષયાદિકમાં પડયો રહે છે એટલે પછી પુષ્ટિમાર્ગમાં શી રીતે સ્થિતિ થાય ? કોઈ રીતે ન થાય તો આ જીવ પુષ્ટિમાર્ગીય ફળની આશા શી રીતે કરે ? આવી રીતે સ્થિતિજ પુષ્ટિમાર્ગમાં નહિં તો ફળ સિદ્ધ કયાંથી થાય ? જીવ તો તુચ્છ અને દુષ્ટ છે, તેનું પણ લૌકિક જેવી રીતે છુટી જાય, તેનો ઉપાય કહે છે. (૫)

શ્લોક —તથાઽપિ શ્રીમદાચાર્યચરણાશ્રયણાદપિ ।
અશક્યમપિ યચ્છક્યં તદ્ભવેત્સર્વથૈવ હિ ॥૬॥

**શબ્દાર્થ**—તો પણ શ્રીમદાચાર્યજી મહાપ્રભુજીના ચરણારવિંદના આશ્રયથી જે અશક્ય છે તે પણ સર્વ રીતે શક્ય છે. (૬)

**વિવેચન**—જો કે જીવ અનેક દોષથી ભર્યો છે, આ જીવથી દોષ છુટી શકતા નથી, એમ છતાં પણ જે જીવે શ્રીમદાચાર્યચરણનો દૃઢાશ્રય કર્યો છે, તેના દોષનો ત્યાગ અશક્ય છતાં પણ શક્ય છે (ન છુટે એવા છતાં છુટી જાય), અને પુષ્ટિમાર્ગીય ફળ સિદ્ધ થાય છે. શ્રી ગુસાંઈજી કહે છે કે, "ચિત્તથી દુષ્ટ, વચનથી પણ દુષ્ટ, કાયાથી દુષ્ટ, ક્રિયાથી દુષ્ટ અને ભજનથી પણ હું દુષ્ટ છું, મારા અપરાધો કેટલા પ્રકારે વિચારવા યોગ્ય છે ? (કયાં સુધી વિચારશો ?) સંસાર સાગરમાં ડુબેલા જીવનો ઉદ્ધાર કરવામાં તત્પર એવા આપના ચરણારવિંદનો હે શ્રીપુરૂષોત્તમ ! હું આશ્રય કરૂં છું. શ્રી આચાર્યજી આજ્ઞા કરે છે કે "શરણસ્થસમુદ્ધારમ્" (શરણે રહે તેનો ઉદ્ધાર કરનારા) "અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ" (અશક્યમાં અથવા સુશક્યમાં, નક્કી સર્વ રીતે પ્રભુજ શરણ છે.) આવી રીતે નિઃસાધન થઈ, શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણકમળનો દૃઢ આશ્રય કરે તેને આ પુષ્ટિમાર્ગનું ફળ અવશ્ય પ્રાપ્ત થશેજ. (૬)

શ્લોકઃ—યદિ દુઃસંગદોષેણ ન ભવેચ્છિથિલં મનઃ ।
યદિ વા કાલદોષેણાઽવિશ્વાસોઽપિ ભવેન્ન હિ ॥૭॥

**શબ્દાર્થ**—ઉપરના શ્લોકમાં કહ્યું કે શ્રીઆચાર્યજીના ચરણારવિંદના આશ્રયથી અશક્ય પણ શક્ય થાય છે. તેમાં જે બાધક ( નડનાર ) છે, તે બાધક ન થાય તો અશક્ય બાબત

પણ શકય બને, તે હવે કહે છે.) દુઃસંગના દોષથી મન શિથિલ ન થાય, અને કાળદોષથી પણ જ્યારે અવિશ્વાસ ન આવે, ત્યારે અશકય બાબત પણ શકય થાય.-(૭).

વિવેચન—ઉપર કહ્યું કે આશ્રયથી નકકી ફલ સિદ્ધ થાય, તેમાં જે દોષ (ફળ) બાધક છે, તેનાથી બચે, તો ફલ સિદ્ધ થાય. એક તો દુઃસંગ થાય તો તે દોષથી ભાવ ઘટી જાય, મન શિથિલ થઈ જાય, તેથી આશ્રય છુટી જાય છે. મૃગના દુઃસંગથી જડભરતના ત્રણ જન્મ થયા, દ્વિવિદવાનર રામભકત હતો, તે નરકાસુરના સંગથી શ્રીબળદેવજી સાથે લડયો. એવા એવા બહુજ જીવ દુઃસંગથી પડયા છે. વળી કાળના દોષથી વિશ્વાસ ન રહે, અને જ્યાં અવિશ્વાસ થયો કે ત્યાં આશ્રય છુટયો. એટલે જીવનું પતન થાય છે.-(૭).

**શ્લોકઃ—"અવિશ્વાસો ન કર્તવ્ય" ઇત્યુકતેઃ સ તુ બાધકઃ ।**
**અયમેવાઽસ્ય માર્ગસ્ય મૂલમાશ્રયસાધકઃ ॥૮॥**

શબ્દાર્થ—અવિશ્વાસ ન કરવો, કારણ કે તે બાધક છે, એવું શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં કહ્યું છે. કારણ કે પુષ્ટિમાર્ગમાં આશ્રય સિદ્ધ કરનાર આ વિશ્વાસ છે, તેજ મૂળ છે. વૃક્ષનું મૂળ મજબુત હોય તો આખું વૃક્ષ સ્થિર રહે, તેમજ વિશ્વાસ દૃઢ હોય તો પુષ્ટિમાર્ગીય ધર્મ—આશ્રય—દૃઢ રહે.-(૮).

વિવેચન—અવિશ્વાસ કરવો નહિં. શ્રીઆચાર્યજી મહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં કહે છે છે કે "અવિશ્વાસ ન કરવો, તે (અવિશ્વાસ) ખાસ બાધક છે. અને બ્રહ્માસ્ત્ર તેમજ ચાતક પક્ષીની ભાવના કરવી." મતલબ કે બ્રહ્માસ્ત્રમાં અવિશ્વાસ આવ્યો તેથી હનુમાનજી જેને લોઢાની સાંકળોમાં બાંધ્યા હતા તે પણ બાંધ્યા ન રહ્યા. અને ચાતકને વિશ્વાસ છે તો વરસાદ જળ આપે છે, એવો વિચાર કરી અને મમતા વગરના થઈ જે પ્રાપ્ત થાય તેનું સેવન કરવું. આ વચન પ્રમાણે અવિશ્વાસ કોઈપણ પ્રકારે ન કરવો. રાવણને અવિશ્વાસ આવ્યો એટલે બ્રહ્માસ્ત્ર છુટી ગયું અને હનુમાનજીએ લંકા બાળી, એથી ઉલટું ચાતકને વિશ્વાસ છે તો વરસાદ મનોરથ પૂર્ણ કરે છે. માટે અવિશ્વાસ આસુરી ધર્મ છે, તે કોઇ પણ પ્રકારે ન કરે. શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં આ મૂળ તત્ત્વ છે, સર્વોપરિ છે. આશ્રય સિદ્ધ કરાવનાર વિશ્વાસજ છે.-(૮).

**શ્લોકઃ—આશ્રયેણૈવ સકલં સિદ્ધિમેતિ ન સંશયઃ ।**
**પૃથક્શરણમાર્ગોકિતરત એવ પ્રભોરપિ ॥૯॥**
**શરણસ્થસમુદ્ધારકૃતવિજ્ઞાપનાદપિ ।**
**વિવેકધૈર્યભકત્યાદિસાધનાભાવવાદતઃ ॥૧૦॥**

શબ્દાર્થ—આશ્રયથીજ સર્વ સિદ્ધ થાય છે. તેમાં સંશય નહિં, તેથીજ "પૃથક્શરણમાર્ગોપદેષ્ટા" એવું નામ શ્રીગુસાંઇજીએ કહ્યું છે. અને વિવેક, ધૈર્ય ભકત્યાદિ સાધનોનો અભાવ હોવાથી શરણમાં રહેલા જીવનો ઉદ્ધાર કરવાની વિજ્ઞપ્તિ કરવી. એટલે આશ્રયથી બધું સિદ્ધ થશે.-(૯-૧૦).

વિવેચન—જે જીવનો પ્રભુમાં દઢ આશ્રય થયો, તેનું બધું કાર્ય નિશ્ચય સિદ્ધ થયું, તેમાં સંશય નહિં. શ્રીકૃષ્ણ ફ્લાત્મક પુષ્ટિપુરુષોત્તમના શરણનો આ પુષ્ટિમાર્ગ, પોતાના દૈવીજીવોને માટે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ ન્યારોજ પ્રકટ કર્યો છે. શ્રીમહાપ્રભુજી કૃષ્ણાશ્રય ગ્રંથમાં આજ્ઞા કરે છે કે "શરણે આવેલા એવા જીવનો ઉદ્ધાર કરનારા (અથવા ઉદ્ધાર થવાને માટે) શ્રીકૃષ્ણને હું વિનંતિ કરૂં છું." આવી રીતે શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણને કહીને પોતાના પુષ્ટિમાર્ગીય સેવકોનું શરણ સિદ્ધ કર્યું. વળી વિવેકધૈર્યાશ્રયમાં પણ કહે છે કે જીવમાં સાધનોનો અભાવ છે, વિવેક, ધૈર્ય અને ભકિત વિગેરેથી રહિત છે, તેવાને પણ શરણે લીધા છે. વિવેકધૈર્યાશ્રયમાં આજ્ઞા છે કે "અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ"(અશક્યમાં અથવા સુશક્યમાં નિશ્ચય હરિજ શરણ છે.) આવી રીતે પુષ્ટિમાર્ગીય શરણ સાધન વગર જીવને સિદ્ધ કર્યું. વળી મર્યાદામાર્ગીય શરણ ભગવદ્‌ગીતામાં ભગવાને બતાવ્યું છે, "સર્વધર્મો સત્વગુણ, રજોગુણ, તમોગુણ વિગેરે) છોડીને મારે શરણે આવ, હું તને સર્વ પાપથી મુકત કરીશ, શોક ન કર." ભગવાન કહે છે કે હે અર્જુન, તું સર્વ ધર્મો છોડીને મારે શરણે આવ, હું તારા સર્વ પાપો દૂર કરીને મુકિત આપીશ. આ મર્યાદાની રીતિ છે, કે પાપ દૂર કરીને ફળ આપે, જ્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તો પોતાનો જીવ જો કે દોષ યુકત અને વિવેક, ધૈર્ય તેમજ આશ્રય રહિત હો તો પણ તેમનું શરણ સિદ્ધ કર્યું છે.-(૧૦).

**શ્લોકઃ—સન્માર્ગવિદ્‌ભિઃ સતતં કૃતપ્રભુપદાશ્રયૈ ।**
**તદુકતવાકયભાવાર્થવિભાવનપરાયણૈઃ ॥૧૧॥**

શબ્દાર્થ—સન્માર્ગને જાણનારા તથા નિરંતર કર્યો છે પ્રભુ (શ્રીકૃષ્ણ તથા શ્રી ગુસાંઇજી)ના ચરણારવિંદનો આશ્રય જેણે એવા અને એમણે કહેલાં વાકય [શ્રીગીતાજી તથ વિજ્ઞપ્તિ વગેરે]નો જે ભાવાર્થ તેની વિશેષ ભાવનામાં તત્પર. (એવા [ભગવદીય]નો સંગ સદા કરવો, આ સંબંધ ત્રીજા શ્લોકમાં મળશે.) (૧૧)

વિવેચન—આ પુષ્ટિમાર્ગમાં જે જીવ શ્રીમહાપ્રભુજી દ્વારા શરણે આવ્યો છે, તેનો પ્રભુના ચરણારવિંદનો આશ્રય આપ શ્રીમહાપ્રભુજી (પોતેજ) નિશ્ચય સિદ્ધ કરશે. પોતાના જીવોને માટે તો આ શરણ માર્ગ પ્રકટ કર્યો છે, માટે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના વાકયથી ભાવના અષ્ટ પ્રહર કરે, કે મારે માટે શ્રીમહાપ્રભુજીએ પ્રતિજ્ઞા કરી શરણ સિદ્ધ કર્યું છે. આવી રીતે વચનોના ભાવમાં આઠે પહોર પરાયણ રહે, દઢ વિશ્વાસ રાખે, શ્રીકૃષ્ણની સન્મુખ કૃષ્ણાશ્રય ગ્રંથનો પાઠ કરે, તો સકળ કાર્ય સિદ્ધ થાય. (૧૧)

**શ્લોકઃ—યથાશકિતસ્વમાર્ગીયપ્રભુસેવાપરૈરપિ ॥**
**વિરુદ્ધકૃતિસંદેહદાહનોદ્યોગતત્પરૈઃ ॥૧૨॥**

શબ્દાર્થ— યથાશકિત આપણા (શ્રીમહાપ્રભુજી પ્રકટિત) માર્ગમાં સેવ્ય પ્રભુની સેવામાં તત્પર એવા, તેમજ વિરૂદ્ધ કૃતિમાં જે સંદેહ થાય તેનું અથવા વિરૂદ્ધકૃતિ અને સંદેહના દહનનો (બાળવાનો) ઉદ્યોગ કરવામાં તત્પર એવાનો સંગ કરવો. (૧૨)

વિવેચન—યથાશકિત પુષ્ટિમાર્ગીય પ્રભુની સેવા બને તેટલી કરે, જેમકે "અકાલે વા સુકાલે વા વિકાલે વા" (સમય વિના, સારા સમયમાં અથવા વિપરીત સમયમાં) આ વાકય

પ્રમાણે ત્રણ વચન શ્રીમહાપ્રભુજી કહે છે. શ્રીભાગવત અષ્ટમસ્કંધમાં બ્રહ્માજી કહે છે "જેમ વૃક્ષના મૂળમાં (જળનું) સિંચન થાય તે મોટાં ડાળાં નાની ડાળીઓ અને પાંદડાં સુધી પહોંચી જાય છે. પરંતુ પાંદડાં અગર શાખામાં (જળનું) સિંચન કરે તો કશું ફળ ન થાય, ઉલટો બગાડ થાય, તેમ વિષ્ણુ (શ્રીકૃષ્ણ)નું આરાધન છે તેમાં સર્વ દેવોનું તથા આત્માનું પણ આરાધન આવી જાય છે, અને અન્યદેવનું આરાધન છે તે તે દેવને અગર તો પ્રભુને પણ પ્રાપ્ત થાય નહિં" ભગવાનની સેવા તે તો વૃક્ષના મૂળમાં જળ સિંચવા જેવું છે. તેથી શાખ પાંદડાં સર્વ લીલાં રહે છે, અને અન્યદેવોની સેવા તો પત્રશાખાની પેઠે છે. માટે પ્રભુની સેવા કરવી એ પુષ્ટિમાર્ગીય ભગવદીયનો મુખ્ય ધર્મ છે. અને પુષ્ટિમાર્ગમાં જે વિરૂદ્ધ (બાધક) છે તેને અગ્નિ જેવું જાણવું, કે આથી હું બળી જઈશ. આવી રીતે ભય રાખી છોડવાનો ઉદ્યમ કરે અને એતન્માર્ગથી વિરુદ્ધ કૃતિનો ત્યાગજ કરે. (૧૨)

**શ્લોકઃ—નિરંતરં સ્વમાર્ગીયસતાં સંગસમન્વિતૈઃ ।।**
**સ્થેયં સંસારવિમુખૈઃ સ્વગુરું પ્રણતૈરપિ ।।૧૩।।**

શબ્દાર્થ—હમેશાં સ્વમાર્ગીય સત્પુરુષોનો સંગ કરીને રહેનારા તથા અહંતા મમતા રૂપ સંસારથી વિમુખ અને આપણા ગુરુ શ્રીમહાચાર્યજીપ્રત્યે અત્યંત દૈન્યભાવવાળા (નમન-પૂર્વક શ્રીમહાપ્રભુજીની આજ્ઞામાં રહેનારા) એવા ભગવદીયની સાથે રહેવું. (૧૩)

વિવેચન—પુષ્ટિમાર્ગીય ભગવદીયનો સંગ નિરંતર કરે. શ્રીભક્તિવર્દ્ધિનીમાં શ્રી આચાર્યજી મહાપ્રભુજી કહે છે કે "સેવામાં અથવા કથામાં જેની આશકતી દૃઢ થાય." સેવાથી પહોંચીને ભગવદીયના મુખથી (ભગવદ્વાર્તા) સાંભળવી, કારણ કે નિરોધલક્ષણમાં આજ્ઞા છે કે "મહત્પુરુષની કૃપાથી કીર્તન જેવું સુખ આપનારૂં સાભળ્યું છે. તેવું (સુખ) લૌકિક સંગથી નથી. મહત્સંગ છે તે સ્નિગ્ધ [ઘીવાળું] ભોજન બરાબર છે, અને લૌકિક સંગ છે. તે [ઘી વિનાના લુખા] રૂક્ષ ભોજન બરાબર છે" ભગવદીયની સાથે ભગવદ્વાર્તા છે તે સ્નિગ્ધ છે, મહાપ્રસાદ ભોજન છે, તેથી સર્વ દોષ નાશ પામે. અને લૌકિક માણસના મોઢાની વાર્તા છે તે લુખું, આસુરી ભોજન છે. માટે સ્વમાર્ગીય વૈષ્ણવનો સંગ કરવો. અને આ લૌકિક સંસારથી વિમુખ [દૂર] રહે, પોતાના શ્રીગુરુને શરણે રહી દીન થઇ શરણ ભાવનામાં રહે. "હે જગતના નાથ ! ગુરૂ ! સંસાર રૂપ અગ્નિથી બળેલો અને કાળરૂપી સાપે કરડેલો એવો હું આપને શરણે આવ્યો છું, તેનું રક્ષણ કરો." આ ભાવથી શ્રીગુરુને શરણે રહે. કારણ કે ગુરુની કૃપા થાય, તોજ પ્રભુ કૃપા કરે, અને ગુરુ અપ્રસન્ન થાય તો પ્રભુ પણ અપ્રસન્ન થાય. કહ્યું છે કે, પ્રભુ અપ્રસન્ન થાય તો ગુરુ રક્ષા કરે, પણ ગુરુ અપ્રસન્ન થાય તો કોઈ રક્ષા ન કરે. માટે ગુરુ પાસે દૈન્યભાવયુક્ત રહે. આવી રીતે વૈષ્ણવ રહે, તેને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની કૃપાથી પુષ્ટિમાર્ગીય ફળનો અનુભવ થાય. (૧૩)

ઇતિ શ્રીહરિરાયજી વિરચિત સત્તરમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

# * શિક્ષાપત્ર ૧૮ મું *

અઢારમા શિક્ષાપત્રમાં ભગવદીયે કેવળ ઉદર પોષણને માટે કાર્ય કર્યા કરવું ઉચિત નથી, પણ વિરહ કરીને સર્વત્ર ભગવત્સ્ફુર્તિ રાખી લીલાતિરિકત સૃષ્ટિને આનંદ રહિત જાણી કોઈ પણ ઉપાય કરી પ્રપંચનું વિસ્મરણ કરી શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપન કરવા. અને શ્રીમદાચાર્યજી તથા શ્રીગુસાંઈજી અને શ્રીસ્વામિનીજી વિગેરેની બરાબર બીજામાં ભગવ-તુલ્ય બુદ્ધિ ન રાખવી, એનું નિરૂપણ છે. ઉપર શરણનો અને સેવાનો પ્રકાર કહ્યો તેમાં આ કાળ બાધક છે, તેની જીવને ખબર નથી, તેનું જ્ઞાન જીવને જે રીતે થાય તેનું નિરૂપણ કરે છે.

**શ્લોકઃ—કાલઃ સ્વકાર્યં કુરુતે ન જાનાતિ જનો યતઃ ।**
**પ્રમાદ્યતિ હરેઃ કાર્યે સ્વાત્મકાર્યેઽતિવિહ્વલઃ ॥૧॥**

**શબ્દાર્થ**—કાળ (સર્વનું આયુષ્ય હરનારો) પોતાનું કાર્ય કર્યા કરે છે, તે જીવ જાણતો નથી, તેથી પ્રભુનાં કાર્ય સેવા વિગેરેમાં પ્રમાદ કરે છે, અને પોતાના (લૌકિક) કાર્યમાં બહુજ વિહ્વળ છે. (આતુર છે.) (૧)

**વિવેચન**—આ કાળ પોતાનું કાર્ય કર્યા કરે છે, ક્ષણે ક્ષણે જીવનું આયુષ્ય હરે છે, છતાં જીવ જાણતો નથી કે મારૂં આયુષ્ય દિવસે દિવસે ઘટે છે. કાળ નિત્ય (આયુષ્ય) ખુટાડયા કરે છે, આ જ્ઞાન જીવને નથી, તેથી સેવાના કાર્યમાં પ્રમાદી બની રહ્યો છે, લૌકિક વૈદિક સંસારનું કાર્ય, દેહ ઇંદ્રિયોનું પોષણ વિષય વિગેરેમાં અને અનેક કાર્યોની ચિંતામાં ડુબેલો છે, તેથી પ્રમાદી છે. તેથી જ્ઞાન થતું નથી કે કાળ સઘળા આયુષ્યનું ભક્ષણ કરે છે. મારી શી ગતી થશે ? મારૂં શું કર્તવ્ય છે ? આ જ્ઞાન થતું નથી. અલૌકિક કાર્યોમાં પ્રમાદી છે અને પોતાના કાર્યમાં વિહ્વળ છે. દેહસંબંધી સંસારના કાર્યમાં તત્પર છે, આત્મસંબંધી ભગવદ્ધર્મ સેવા, સ્મરણ, કીર્તન વાર્તા, કથા, વિગેરે કાર્યો માટે વિહ્વળ થતો નથી. (૧)

**શ્લોકઃ—કેવલૌદરિકત્વં તુ તદીયાનાં ન ચોચિતમ્**
**ન પૂરયેત્ કિમુદરં સેવકાનાં કૃપાનિધિઃ ॥૨॥**

**શબ્દાર્થ**—તદીયે [પુષ્ટિમાર્ગીય ભગવદીયે) કેવળ ઉદરપોષણ માટેજ વ્યાપાર કરવો યોગ્ય નથી, કારણ કે કૃપાનાનિધિ પ્રભુ પોતાના સેવકના ઉદરનું પોષણ શું નહિ કરે ? કરશેજ. (૨)

**વિવેચન**—ઉપર કહ્યું કે લૌકિક કાર્યમાં વિહ્વળ છે, તેમજ કેવળ ઉદર ભરણના કાર્યમાં તત્પર છે. તે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને યોગ્ય નથી. કારણ કે શ્રીકૃષ્ણ તો કૃપાના નિધિ છે,

સઘળા જગતનું ભરણપોષણ કરે છે, તે શું પોતાના સેવકનું પોષણ નહિ કરે ? સેવક ઉપર તો હમેશાં કૃપા કરતાજ આવ્યા છે. આવી રીતે વૈષ્ણવ શ્રીઠાકોરજીનો વિશ્વાસ મનમાં રાખી હમેશાં ભગવદ્ધર્માચરણ કરે. અને વહેવાર વિના ન ચાલે, તો સેવા શિવાયના વખતમાં પહોર એક અથવા ઘડી ચાર વ્યવહાર પણ કરે, અને મનમાં એમ જાણે કે જેટલું મળવાનું હશે તેટલું પહોર એક અથવા ઘડી ચારમાં મળી રહેશે. આ વિચાર વૈષ્ણવ મનમાં રાખે અને પ્રભુનું માહાત્મ્ય વિચારે કે પ્રભુ સર્વ સામર્થ્યયુકતછે સર્વ, સિદ્ધ કરશે. (૨)

**શ્લોકઃ–ચિંતા કાપિ ન કાર્યેતિ પ્રભુવાક્યં વિચિંત્યતામ્ ।**
**અજ્ઞાનિનો જ્ઞાનિનશ્ચ યદિ સ્યાત્સમતા કૃતૌ ॥૩॥**
**તદા તુ સાધનાભાવાત્ કિં વૃત્તં જ્ઞાનતઃ ફલમ્ ॥**

**શબ્દાર્થ**—નવરત્નમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે ચિંતા કશી કરવી નહિ. પરંતુ ઉપર કરેલા વિવરણમાં શ્રીગુસાંઇજી કહે છે કે લૌકિક ચિંતા તો ભગવદીયને હોય નહિ, પરન્તુ પ્રભુને માટે પણ ચિંતા ન કરવી, એવું પ્રભુનું વાક્ય છે, તેનો વિચાર કરવો. અને જ્યારે અજ્ઞાની અને જ્ઞાનીની કૃતિમાં સમાનતા નિરૂપણ કરી છે તો પછી સાધનનો અભાવ હોય તો જ્ઞાનીને પણ સાધનનો અભાવ હોય, તો પછી જ્ઞાનીને શું ફળ થવાનું છે ? (૩)

**વિવેચન**—મનમાં ચિંતા ન કરવી, શ્રી મહાપ્રભુજી નવરત્નમાં કહે છે કે "નિવેદન કર્યો છે આત્મા [આત્મા સંબંધી સર્વ] જેણે એવા વૈષ્ણવે કશી ચિંતા ન કરવી જોઇએ. કારણ કે જે પ્રભુને નિવેદન કર્યું છે એવા પુષ્ટિસ્થ ભગવાન જીવની લૌકિક ગતિ નહિ કરે." ઈત્યાદિ વચનનું ચિંતન રાતદિવસ મનમાં કરે. એમ ન જાણે કે હું તો કશું જાણતો નથી તો પ્રભુ શી રીતે કૃપા કરશે ? પણ એમ વિચારવું કે પ્રભુને જ્ઞાનીભકત અને અજ્ઞાની ભકત બેઉ સમાન છે, તેથી નવરત્ન ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી કહે છે કે "અજ્ઞાનથી અથવા જ્ઞાનથી જેણે આત્મનિવેદન કર્યું છે તેને શી ચિંતા છે ?" આ પ્રમાણે નિવેદન શ્રી આચાર્યજી દ્વારા જ્ઞાનથી થયું હોય અથવા અજ્ઞાનથી, કોઈની દેખાદેખીથી થયું હોય તો પણ ચિંતા ન કરવી. કારણ કે અગ્નિનો એવો સ્વભાવ છે કે જાણે કે અજાણ્યે પણ અડકે તે ભસ્મ થઈ જાય. લૌકિક અગ્નિમાં આટલું સામર્થ્ય છે, આ તો શ્રી તો આચાર્યજી દ્વારા નિવેદન કર્યું છે, તેની લૌકિક ગતિ કદી પણ ન થાય. શ્રી ભાગવતના છઠ્ઠા સ્કંધમાં કહે છે કે "અજ્ઞાનથી અથવા જ્ઞાનથી ગ્રહણ કર્યું એવું જે ઉત્તમ શ્લોક પ્રભુનું નામ છે, તે જેમ અગ્નિ લાકડાને બાળે છે, તેમ પાપને બાળી દે છે." અજ્ઞાનથી અથવા જ્ઞાનથી પ્રભુનું નામ દે તો સકળ દોષ ભસ્મ થઈ જાય, વિગેરે વચનોની ભાવના મનમાં રાખી ચિંતા લગાર પણ ન કરવી, એક પ્રભુનો જ આશ્રય મનમાં રાખવો. અહીં જીવ બુદ્ધિથી ચિંતા થાય કે સાધન કશું નથી તો જ્ઞાનથી શું ફળ થશે ? તેની પણ ચિંતા ન કરવી. જોઈ એ, કદાપિ સાધન નહિ બને તો પણ શ્રીમહાપ્રભુજીના અંગીકારથી નિવેદનનું ફળ સિદ્ધ છે. હવે જ્ઞાનવાળા ભકતને જે વિરહભાવના હોય તે આગળના શ્લોકમાં કહે છે. (૩)

**શ્લોકઃ—વિરહેણ હરિસ્ફૂર્તિ સર્વત્ર ક્લેશભાવનાત્ ॥૪॥**
**લીલાતિરિક્તસૃષ્ટૌ હિ નિરાનંદત્વનિશ્ચયાત્ ।**
**યથા કથંચિદ્વિસ્મૃત્ય પ્રપંચં હૃદયે ન્યસેત્ ॥૫॥**

**શબ્દાર્થ**—જે જ્ઞાનવાળો છે, તેને લીલાતિરિક્ત પદાર્થમાં આનંદ આવતો નથી એમ નિશ્ચય થવાથી તેને સર્વત્ર ક્લેશની ભાવના થાય છે, તેથી વિરહથી હરિની સ્ફુર્તિ થાય છે. અને જેમ તેમ પ્રપંચનું વિસ્મરણ કરીને શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપન કરે છે. (૫)

**વિવેચન**—જ્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી જીવને વિપ્રયોગનું દાન કરે ત્યારે હૃદયમાં વિરહ થાય અને ક્લેશની ભાવના થાય. હરિ સર્વ દુઃખના હરનારનો વિરહ સર્વ ઠેકાણે સ્ફુરે, શ્રીઠાકોરજીના સંબંધ વિના બીજું કશું ન ગમે. વળી ક્ષણે ક્ષણે વિપ્રયોગની ભાવના થાય. આવી રીતે જેને વિપ્રયોગાગ્નિ હૃદયમાં પ્રકટ થાય તેને જ આ પુષ્ટિમાર્ગીય ફળનો અનુભવ થાય છે, લીલાસંબંધ વગરની જે પ્રવાહી સૃષ્ટિ છે તે નિરાનંદ છે, તેને પ્રભુ પોતાના આનંદનું દાન કદી પણ કરતા નથી, તે ચર્ષણીની પેઠે સદા સંસારમાં ભમે છે. તેને આ સંસાર જ સ્વરૂપ છે, તેને ભગવલ્લીલાના સંબંધનો આનંદ નથી મળતો, તે આનંદ રહિત છે એમ નક્કી જાણવું. બીજી ભગવલ્લીલા સંબંધી દૈવીસૃષ્ટિ છે, તે શ્રી મહાપ્રભુજી દ્વારા શરણે આવી, સત્સંગ કરીને એક સાથે જેનો આ પ્રપંચ છુટતો નથી તે થોડે થોડે ક્રમે ક્રમે છોડે છે. અહર્નિશ પોતાના મનમાં વિચાર કરી પ્રભુનું સ્મરણ કરે છે વળી આ જીવને એવું જ્ઞાન હૃદયમાં હોય છે કે અમે પ્રભુના દાસ છીએ, અજ્ઞાનથી પ્રભુને ભુલી ગયા છીએ, અમારો તો ધર્મ એ જ છે કે પ્રભુનું સેવાસ્મરણ કરવું. આવા પ્રકારનું દૈવી જીવને જ્ઞાન થાય છે, આસુરી જીવને નથી થતું. (૫)

**શ્લોકઃ—કૃષ્ણં ગૂઢં સદાનંદં તથા લીલાયુતં સદા ।**
**રસં સ્વસમનામાનં ભક્તભાવાત્મકં પુનઃ ॥૬॥**

**શબ્દાર્થ**—(પ્રથમના શ્લોકમાં કહ્યું કે શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપન કરે, તો તે શ્રીકૃષ્ણ કેવા છે તે હવે નિરૂપણ કરે છે) ગૂઢ, સદાનંદ રૂપ, તથા લીલાયુક્ત, સદા રસરૂપ, પોતાનું નામ જે સચ્ચિદાનંદાત્મક (કૃષ્ણ) છે તેવા સત્ય નામવાળા (બ્રહ્મરૂપ) અને વળી ભક્તના ભાવાત્મક એવા શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપન કરે. (૬)

**વિવેચન**—શ્રીકૃષ્ણ કેવા છે? મહા ગૂઢ સર્વોપરિ છે, જેનો વેદાદિક પણ પાર પામતા નથી, નેતિ નેતિ કહે છે. બુદ્ધિથી અને વાણીથી અગોચર છે અને સદા આનંદરૂપ છે રસરૂપ છે, જેના આનંદની એક એક કણિકામાં સઘળા જગતનો આનંદ છે. આથી શ્રી કૃષ્ણાશ્રયમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે "સર્વ દેવ પ્રાકૃત છે, તેમના આનંદની ગણતરી થાય છે. જ્યારે મનુષ્યના સો આનંદ થાય ત્યારે ગંધર્વનો આનંદ એક થાય એમ ગણતા ગણતા અક્ષર બ્રહ્મ પણ આનંદની ગણત્રીમાં છે, જ્યારે શ્રીકૃષ્ણ તો પૂર્ણાનંદ છે, માટે તે મારી ગતિ થાઓ." અન્ય દેવતાઓ તો પ્રાકૃત છે, તેથી તેમનો આનંદ પણ પ્રાકૃત છે. અક્ષરબ્રહ્મનો આનંદ પણ સઘળા આનંદની ગણત્રીમાં છે, અપાર નથી; અને
(૬)

શ્રીકૃષ્ણ તો પૂર્ણાનંદ છે, તેના આનંદનો પાર નથી. શ્રીકૃષ્ણ સદા આનંદરૂપ છે, તથા હંમેશાં ભકતોની સાથે રસરૂપ લીલાઓમાં મગ્ન છે. ભકતોની સાથે માનાદિક લીલાઓમાં રસ વૃદ્ધિ કરે છે. પોતે રસરૂપ હોઈ પોતાના ભકતો પાસે માન છોડી દે છે, દીન બનીને મનાવે છે. ગીતગોવિંદમાં કહે છે કે, આપના ચરણારવિંદ મારા શિર પર ધરો, આપના પદ પલ્લવ મારા મસ્તકનો શણગાર છે, આવી રીતે ખૂબ દીનતા કરે છે. વળી વ્રજભકતોના ભાવાત્મક છે' શ્રીકૃષ્ણનો રસ વ્રજભકતો ભાવ કરીને અનુભવે છે. (૬)

**શ્લોકઃ—યશોદોત્સંગલાલિતં મુગ્ધભાવસમાવૃતમ્ ॥**
**પ્રપંચવૈરિણં બાધહેતુલૌકિકનાશનમ્ ॥૭॥**

શબ્દાર્થ—શ્રીયશોદાજીના ઉત્સંગમાં શોભાયમાન, મુગ્ધભાવથી અતિ સુંદર, પ્રપંચના વૈરી, અને સેવામાં નડનારાં લૌકિક કારણોનો નાશ કરનારા, (શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપન કરે.) (૭)

વિવેચન—શ્રીકૃષ્ણ કેવા છે ? શ્રીયશોદાજી પોતાના ઉત્સંગમાં લઈ ખિલાવે છે, તે પરમ શોભા આપે છે. મુગ્ધ બાળકની પેઠે શ્રીયશોદાજીના કંઠમાં વિંટળાયેલા છે. પ્રપંચ કે જે દેહસંબંધી સ્ત્રી, પુત્ર, પતિ, ઘર અને લૌકિક વૈદિક કાર્ય છે તેના વૈરી છે. શ્રી જશોદાજી ભૂમિપર પ્રભુને મૂકીને દૂધ ઉભરાતું હતું તે સંભાળવા ગયાં, તે શ્રીઠાકોરજી ન સહિ શકયા. (જાણે મારાથી દૂધ વધારે વહાલું છે એમ જાણી ન સહિ શકયા.) અને દહીંનું માટલું (ગોળી) ફોડી નાંખી તેમાં માખણ હતું તે વાંદરાંને ખવરાવી દીધું. આમ કરીને એમ જણાવ્યું કે મને છોડીને ગૃહકાર્ય કરશે તેનું ગૃહકાર્ય લૌકિક, વૈદિક કશું સિદ્ધ થશે નહિ. જે જે ભકતોએ પ્રભુનો આશ્રય કર્યો છે તે સર્વનો પ્રપંચ નાશ પામ્યો છે. કારણ કે પ્રપંચમાં આસકિત બાધક છે. તેથી કામ, ક્રોધ, મદ, મત્સર, અહંતા, મમતા, માયાકૃત લૌકિક આ સર્વનો (પ્રભુ) નાશ કરનાર છે, પોતાનામાં આસકિતવાળા ભકતનું લૌકિક સર્વ દૂર કરનાર છે. (૭)

**શ્લોકઃ—સ્વપ્રવેશાય કામાદિસર્વદોષનિવારકમ્ ।**
**સ્વાર્થત્યક્તાખિલસ્વીયપરમાર્તિમહોત્સવમ્ ॥૮॥**

શબ્દાર્થ—પોતાનો પ્રવેશ કરવા માટે (હૃદયમાંથી કામાદિ દોષ નિકળે તો પ્રભુનો આવિર્ભાવ થાય તેને માટે) કામાદિ સર્વ દોષોને નિવૃત્ત કરનારા, અને પોતાને (પ્રભુને) માટે ત્યજ્યું છે (લૌકિક વૈદિક) બધું જેણે એવા સ્વીય ભગવદીયની વિપ્રયોગની આર્તિ ઉત્સવ રૂપ છે જેમને એવા (શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપન કરે.) (૮)

વિવેચન—શ્રીકૃષ્ણ જ્યારે ભકતના હૃદયમાં પ્રવેશ કરવાનો વિચાર કરે છે ત્યારે તેજ સમયે તે ભકતના હૃદયનાં કામ, ક્રોધ, મદ, મત્સર વિગેરે સર્વ દોષ દૂર કરે છે. આવું કહીને એમ જણાવે છે કે જ્યાં સુધી ભકતના હૃદયમાં કામાદિ દોષ ભર્યા છે ત્યાં સુધી શ્રીકૃષ્ણ હૃદયમાં નહિ પધારે. જ્યારે દોષ દૂર થાય ત્યારે જાણવું કે પ્રભુ હૃદયમાં નિશ્ચય

પધાર્યા. શ્રીકૃષ્ણ ભક્તના હૃદયમાં પધારીને લૌકિક વૈદિક કાર્ય છોડાવીને પોતાનાં દર્શનની પ્રીતિવાળા ભક્તને વિરહ પ્રગટ થાય તે માટે પરમ આર્તિનું દાન કરે છે, અને આ આર્તિને મહા ઉત્સવરૂપ જાણે છે. વ્રજભક્તોને આ સિદ્ધ છે. જેના હૃદયમાં ભાવાત્મક શ્રીકૃષ્ણ બિરાજે છે તેનાથી ગૃહકાર્ય નથી બની શકતાં, સઘળો વખત વેણુગીત, યુગલગીતાદિનું ગાન કરીને કાઢે છે. રાસપંચાધ્યાયીમાં પ્રભુ અંતર્ધ્યાન થયા, એટલે વ્રજભક્તોને મહા વિરહ થયો ત્યારે ફરી પ્રભુએ પ્રકટ થઈ રસદાન કર્યું. વિરહ ન હોત તો પ્રભુ શી રીતે પ્રકટ થાત ? માટે શ્રીકૃષ્ણમાં વિરહાર્તિ જેટલી વધારે તેટલી મહોત્સવરૂપ છે.-(૮).

**શ્લોક —શ્રીમદાચાર્યહૃદયશેષપર્યંકશાયિનમ્ ॥**
**અનંતભાવરૂપાત્મગોપીરમણતત્પરમ્ ॥૯॥**

**શબ્દાર્થ**—શ્રીમદાચાર્યજીના હૃદયરૂપ શેષશય્યામાં પોઢનારા, અને અનંત ભાવરૂપ સ્વરૂપ છે જેમનું એવા વ્રજભક્તોની સાથે રમણ કરવામાં તત્પર ( એવા શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપન કરે).-(૯).

**વિવેચન**—એવા ભાવાત્મક શ્રીકૃષ્ણ શ્રીઆચાર્યજીના હૃદયમાં ભક્તોની સાથે લીલા કરે છે. જેમ ક્ષીર સાગરમાં શેષશય્યા છે તેમજ શ્રીઆચાર્યજીનું હૃદય શેષશય્યારૂપ છે. ત્યાં શેષશય્યા પર નારાયણ પોઢે છે, અહીં શ્રીકૃષ્ણ ભાવાત્મક રસાત્મક પોઢે છે, ત્યાં લક્ષ્મીજી સંગમાં છે, અહીં અનેક ભાવાત્મક કોટાનકોટિ વ્રજભક્તોની સાથે રમણમાં તત્પર છે. આથી આચાર્યજી પોતાના હૃદયનો ભાવ જણાવવાને દશમસ્કંધ શ્રીસુબોધિનીજીમાં કહે છે કે, " હૃદયરૂપ શેષ પર લીલારૂપ ક્ષીરસાગરમાં પોઢનારા, અને અનેક લક્ષ્મીની લીલાઓથી સેવાયલા, કલાના નિધિરૂપ શ્રીકૃષ્ણને હું પ્રણામ કરૂં છું." આવી રીતે આપણા આચાર્યશ્રીના હૃદયમાં પ્રભુ લીલા કરે છે તેમને ( મંગળાચરણમાં નમસ્કાર કરી શ્રીસુબોધિનીજી પ્રકટ કર્યા છે. આવી રીતે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પોતાના અંતરંગ ભક્તોને પોતાના હૃદયની લીલા પ્રકટ કરી દેખાડે છે. જો ભક્ત આવી રીતે લીલા સહિત શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું સ્મરણ કરે તો અનુભવ થાય.-(૯.

**શ્લોકઃ—મધુપાલિજવોદ્યુક્તરોમાલિસુવિરાજિતમ્ ॥**
**પ્રસન્નવદનાંભોજ કરુણારસવદ્દૃશમ્ ॥૧૦॥**

**શબ્દાર્થ**—ભ્રમરપંક્તિના વેગથી ઉભી થતી રોમાવલીથી અત્યંત શોભિત અને પ્રસન્ન છે મુખકમળ જેમનું એવા, તથા કરુણા ( દયા ) રસવાળી છે દૃષ્ટિ જેમની, ( એવા શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપન કરે )-(૧૦).

**વિવેચન**—શ્રીકૃષ્ણ કેવા છે ? નાભિકમળ પાસે રોમાવલિ છે, તે ભ્રમરની પંક્તિની પેઠે શોભા આપે છે. મુખકમળ અત્યંત પ્રસન્ન છે. વ્રજભક્તોની સાથે અનેક લીલાઓ કરે છે તેનો આનંદ તેમાં ભર્યોજ છે તેથી વદનકમળ અતિપ્રફુલ્લિત છે. વળી કરુણારસથી સંયુક્ત છે, ભક્તોપર કરુણા વરસાવે છે, ભક્તોપર કરુણાદૃષ્ટિ કરી રસપાન કરાવે છે.-(૧૦).

શ્લોકઃ—બર્હિપિચ્છશિરોભૂષં શ્રુંગારરસરૂપિણમ્ ।
એવં વિધાનંતગુણં વિધાયહૃદયે સદા ॥૧૧॥
તસ્ય સેવા પ્રકુર્વીત યાવજ્જીવં સ્વધર્મતઃ ।
ન ફલાર્થં ન ભોગાર્થં ન પ્રતિષ્ઠાપ્રસિદ્ધયે ॥૧૨॥

શબ્દાર્થ—મયૂર પિચ્છનો મુકટ ધારણ કર્યો છે જેમણે એવા અને શ્રુંગાર રસરૂપ એવા, અનંત ગુણથી પૂર્ણ શ્રીકૃષ્ણને હૃદયમાં ધારણ કરીને સ્વધર્મ પૂર્વક જીવે ત્યાં સુધી એમની સેવા કરે, ફળને માટે, ભોગને માટે, અથવા પ્રતિષ્ઠા-પ્રસિદ્ધિને માટે કરે નહિ-(૧૨).

વિવેચન—બર્હિ એટલે જે મોર તેનાં પીછાંનો મુકુટ સંવારીને મસ્તક પર ધર્યો છે. તે શ્રુંગારરૂપ છે. મોર જ્યારે રસદાન કરે છે ત્યારે જેમ નૃત્ય કરે છે તેમ જ શ્રીઠાકોરજી મોરના મુકુટનો શ્રુંગાર કરી ભકતોને રસદાન કરે. તેથી મોર મુકુટનો શણગાર ધરાય છે. તે શ્રુંગાર રસરૂપ છે. આવી રીતે રાસાદિ લીલાઓમાં અનેક જળ સ્થળ લીલ સંયુકત શ્રીકૃષ્ણનું પોતાના હૃદયમાં ધ્યાન કરી દર્શન કરી હૃદયમાં સદા નિત્ય નિયમથી કરી ધારણ કરે. ૧૧. ઉપર કહ્યું એવા શ્રુંગાર રસરૂપ શ્રીકૃષ્ણનું સદા હૃદયમાં માનસી સેવાથી ધ્યાન કરે. પ્રથમ તનુજા વિત્તજા સેવા મન રાખીને કરે, એટલે માનસી સિદ્ધ થાય. સિદ્ધંત મુકતાવલિમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે "કૃષ્ણસેવા સદા કાયા માનસી સા પરા મતા" શ્રીકૃષ્ણની સેવા સદા કરવી, તેમાં માનસી (સેવા) ઉત્તમ છે.) શ્રીકૃષ્ણની સેવા સદા કરે તેને માનસી સેવા સિદ્ધ થાય. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનો એ ધર્મ છે કે શ્રીકૃષ્ણની સેવા સદા કરે. જેમ બ્રાહ્મણ ગાયત્રી ન જપે તો બ્રાહ્મણપણું જતું રહે, તેમ વૈષ્ણવ થઈને પ્રભુની સેવા ન કરે તો વૈષ્ણવતા જતી રહે, માટે શ્રીકૃષ્ણની સેવા પોતાનો ધર્મ જાણીને કરે. કશી લૌકિક, વૈદિક, મોક્ષ વિગેરે ફળની ઈચ્છા રાખીને સેવા ન કરે. હું સેવા કરીશ તો મને વૈષ્ણવ જાણીને કોઈ કશું આપી જાય, આવો લોભ મનમાં ન રાખે. વળી પ્રતિષ્ઠાને માટે પણ સેવા ન કરે. હું સેવા કરીશ તો મારી બડાઈ થશે, લોકો ભલો વૈષ્ણવ જાણશે આવી રીતે પોતાની પ્રસિદ્ધિને માટે પણ સેવા ન કરે. શ્રીભાગવત નવમાસ્કંધમાં ભગવાન દુર્વાસાપ્રતિ કહે છે કે, "મારી સેવાથી પ્રાપ્ત થાય એવા સાલોકયાદિ ચારેય પ્રકારની મુકિત તેને પણ (મારા ભકતો) ચાહતા નથી, કારણ કે સેવા વડે જે પૂર્ણ છે તે, કાળથી નાશ પામે એવાં રાજ્યાદિકની ઈચ્છા તો કેમજ કરે?" ઈત્યાદિ વચનોથી શ્રીભગવાન કહે છે, કે જે ભક્ત મારી સેવાથી પૂર્ણ છે તેને પ્રત્યક્ષ ચાર પ્રકારની મુકિત સાલોકય, સામીપ્ય, સાયુજ્ય, સારૂપ્ય હું આપું તો પણ તે લેતા નથી. એવા નિષ્કામ જે છે. તેમને કાળ વિગેરે કયો પદાર્થ બાધ કરે? આવી રીતે મન રાખીને સેવા કરવી એ વૈષ્ણવનો ધર્મ છે.-(૧૨).

શ્લોકઃ—શ્રીમદાચાર્યમાર્ગેણ નાન્યેનાપિ કદાચન ।
ન કલ્પિતપ્રકારેણ ન દુર્ભાવસમન્વયાત્ ॥૧૩॥

શબ્દાર્થ—શ્રીમદાચાર્યજીએ નિબંધમાં સર્વ નિર્ણયમાં સેવા પ્રકાર નિરૂપણ કર્યો છે તે રીતથી સેવા કરે, અન્યમાર્ગની રીતે કદીએ ન કરે. વળી કલ્પિત પ્રકારથી (ગ્રીષ્મઋતુમાં

આભરણુ ધરવાં, વિગેરે પ્રકારથી) સેવા ન કરે. તેમજ દુર્ભાવ આવી જાય (જેમકે થોડી સમૃદ્ધિમાં આભરણ વસ્ત્રાદિક ઉત્તમ ન મળે તો દુર્ભાવ આવે) તેવી રીતે પણ ન કરે.-(૧૩)

વિવેચન—વૈષ્ણવ સેવા કરે તે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના પુષ્ટિમાર્ગની રીત છે, તે પ્રકારે કરે. ભૂલથી પણ અન્યમાર્ગની રીતથી ન કરે, વા દુર્ભાવથી ન કરે. જેવું લૌકિક કાર્ય છે તેવી સેવા પણ (લૌકિક) છે એવી રીતે અશ્રદ્ધાથી ન કરે. પ્રીતિ પૂર્વક સર્વોપરિ પરમ ફળરૂપ જાણીને સેવા કરે.-(૧૩).

શ્લોકઃ—તત્ત્વં વિદિત્વા પરમં યશોદોત્સંગલાલિતમ્ ॥
શ્રીમદાચાર્યતત્પુત્રાન્ હિત્વાસ્મત્સ્વામિનીરપિ ॥૧૪॥
તત્તુલ્યબુદ્ધ્યા નાશઃ સ્યાત્સર્વથેતિ વિનિશ્ચયઃ ॥
એતાવતી સતી શિક્ષા સંક્ષિપ્તા ધ્રિયતાં હૃદિ ॥૧૫॥

શબ્દાર્થ—શ્રીયશોદાજીના ઉત્સંગમાં બિરાજતા શ્રીકૃષ્ણને પરમત્ત્વ જાણીને શ્રીમદાચાર્યજી, તેમનો વંશ અને વ્રજભક્તોને છોડીને એમની તુલ્ય અન્યમાં બુદ્ધિ રાખવાથી સર્વથા નાશ થાય, એ નિશ્ચય છે. એટલી સત્ય સંક્ષેપ શિક્ષા હૃદયમાં ધારણ કરવી.-(૧૪)-(૧૫)

વિવેચન—વૈષ્ણવ ભગવત્સેવા કરે અને આ ચારે પદાર્થોને પરમતત્ત્વ જાણે. શ્રીયશોદોત્સંગ લાલિત પરમતત્ત્વ છે, આથી શ્રીગુસાંઈજી કહે છે કે "શ્રીયશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણને પરમતત્ત્વ જાણે, તે શિવાય બીજું અથવા તેના જેવું બીજું છે એવું જે કોઈ કહે તેને અસુર જાણવો." આવી રીતે પરમતત્ત્વ શ્રીયશોદોત્સંગ લાલિત તે પહેલું તત્ત્વ, શ્રીઆચાર્યજી મહાપ્રભુજી બીજું તત્ત્વ શ્રીગુસાંઈજી (શ્રીવિઠ્ઠલનાથજી) ત્રીજું તત્ત્વ અને અસ્મત્સ્વામિનીજી (વ્રજભક્ત) ચતુર્થ તત્ત્વ, આ પરમતત્ત્વો પોતાના મનમાં જાણે -(૧૪). ઉપર કહેલા ચારેય તત્ત્વો, શ્રીકૃષ્ણ, શ્રીઆચાર્યજી, શ્રીગુસાંઈજી અને શ્રીસ્વામિનીજી સમાન લૌકિકમાં કોઈ પણ જાણે તેનો તરતજ નાશ થાય. તેને આસુર જાણવો. વાર્તામાં કહ્યું છે કે મીરાંબાઈને ઘેર રામદાસજીએ શ્રીઆચાર્યજીનાં પદ ગાયાં, ત્યારે મીરાંબાઈએ કહ્યું કે શ્રીઠાકોરજીનાં પદ ગાઓ, આવું સાંભળતાંજ રામદાસે કહ્યું કે "દારી રાંડ! આ પદ શું તારા ખસમનું છે?" આજ પછી તારૂં મોઢું નહિ જોઉં એમ કહી ઉઠયા. પછી મીરાંબાઈ બહુ કાલાવાલા કરી વિનતિથી રાખવા લાગી, પણ તેને ઘેર ન રહ્યા, તે ગામજ છોડી દીધું. વળી છીતસ્વામી બીરબલને ત્યાં વર્ષાસન લેવા ગયા હતા ત્યાં ગાયું કે "છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ વેહી તેહી તેહી વેહી કછુ ન સંદેહ." આ સાંભળી બીરબલે કહ્યું કે દેશાધિપતિ આ સંબંધમાં પૂછશે તો શો જવાબ આપશો? આ સાંભળતાંજ છીતસ્વામીએ કહ્યું કે મારે મન તો તું પણ મલેચ્છ છો! આજ પછી તારૂં મોં નહિ જોઉં! આવું કહીને વર્ષાસન છોડીને ચાલી આવ્યા, આવી ટેક વૈષ્ણવે રાખવી. માટે ચારેય તત્ત્વો સમાન લૌકિકમાં કોઈ વસ્તુને જાણે, તેનો નિશ્ચય નાશ થાય. આથી શ્રી હરિરાયજી કહે છે કે આ પ્રકાર જે શિક્ષાપત્રમાં લખ્યો છે તે તમે વિચારીને હૃદયમાં અવશ્ય ધારણ કરજો.-(૧૫).

શ્લોકઃ—અન્યેઽપિ ચોપદેષ્ટવ્યા યદિ સ્યુરધિકારિણઃ ।
મિલન્તિ સ્વેચ્છયા શ્રદ્ધાયુતાઃ પૃચ્છન્તિ ચેત્તદા ॥૧૬॥

શબ્દાર્થ—જો બીજા પણ અધિકારી મળે અને શ્રદ્ધાળુ બનીને પોતાની ઇચ્છાથી પૂછે તો તેને પણ ઉપદેશ કરવો.-(૧૬).

વિવેચન—ઉપરના શ્લોકમાં જે શિક્ષા કહી છે તે બીજા આગળ ન કહેવી. કોઈ આ શિક્ષાના અધિકારી, લાયક હોય તેનાજ આગળ કહેવી, અગર ભગવદિચ્છાથી પોતેજ આવીને પ્રાર્થના કરી શ્રદ્ધાળુ બનીને પૂછે અને ચિત્ત રાખીને સાંભળે તેને કહેવી. પોતાની ઇચ્છાથી બોલાવીને કહેવી નહિં, આ સર્વોપરિ સિદ્ધાંત છે, અધિકારી, પાત્ર વિના રસ ઠરે નહિં, એમ જાણીને બીજાની આગળ કહેવી નહિં-(૧૬).

શ્લોકઃ—જીવતત્પરતા સિદ્ધૌ કૃપાલુસ્તેષુ તુષ્યતિ ।
યથા વિષયિણાં તોષો દૂતિકાસુ તથા હરેઃ ॥૧૭॥

શબ્દાર્થ—જ્યારે જીવની ભગવત્પરતાની સિદ્ધિ થાય છે ત્યારે દયાળુ પ્રભુ પ્રસન્ન થાય છે. જેમ કામી પુરૂષનો સંતોષ દૂતિ ઉપર હોય છે, તેમ હરિને સંતોષ ભગવદ્વાર્તા કરનાર ભકતપર હોય છે.-(૧૭).

વિવેચન--ઉપર કહ્યું તે પ્રકારે આ જીવ ભગવદ્ધર્મમાં તત્પર હોય તો આ પુષ્ટિમાર્ગીય ફળ સિદ્ધ થાય. જેમ પ્રહલાદને હિરણ્યકશિપુએ બહુજ દુઃખ દીધું પણ પ્રહલાદજીએ પોતાની તત્પરતા, ભગવદ્ધર્મ અને પ્રભુનો આશ્રય ન છોડયો, તો શ્રીનરસિંહજીએ પ્રકટ થઈ પ્રતિબંધ દૂર કર્યો અને ફળ સિદ્ધ થયું. તેજ પ્રમાણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પુષ્ટિમાર્ગમાં તત્પર હોય તો ફળ સિદ્ધ થાય. પ્રભુ કૃપાળુ છે, તેથી એવા ભકત પર પ્રસન્ન થાય, જેમ વિષયીને દૂતિમાં પ્રીતી રહે છે તેમજ શ્રીભગવાન પોતાના ભકતની અનન્યતા જોઇને તેના પર બહુજ પ્રસન્ન થાય છે. પ્રસન્ન થઈ સેવકનાં સઘળાં કાર્ય પૂર્ણ કરે છે, સદા કૃપા કરે છે, પ્રતિબંધ દૂર કરી ફળ આપે છે, આ ખાસ સિદ્ધાંત છે.-(૧૭).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત ૧૮મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## નરી નિર્લજતા

ગાયો ન ગોપાલ, મન લાયો ન નિવાર લાજ,
પાયો ન પ્રસાદ સાધુ મંડલીમેં જાયકેં ॥
ધાયો ન ધમક, વૃંદા વિપિનકી કુંજનમેં,
રહ્યો ન શરણ જાય, શ્રીવિઠ્ઠલેશ રાયકે ॥ ૧ ॥
શ્રીનાથજીકો દેખકેં છકયો ન છબીલી છબિ,
સિંઘપોર પર્યો નહિં, સીસહૂ નવાયકેં ॥
કહે 'હરિદાસ' તોહિ, લાજહુ ન આઈ કછુ,
મનુષ જન્મ પાયો, કમાયો કહા આયકેં ॥ ૨ ॥

# * શિક્ષાપત્ર ૧૯ મું *

ઓગણીસમા શિક્ષાપત્રમાં આ કરાળ કળિકાળમાં દુસંગથી સંત પુરુષોની બુદ્ધિનો પણ નાશ થાય છે, તેમાં વળી સત્સંગ તો અત્યંત દુર્લભ છે, તેથી નિરંતર અષ્ટાક્ષર મંત્રનો ઉચ્ચાર કરીને મન એક શ્રીમહાપ્રભુજીનેજ શરણે રાખવું તેનું નિરૂપણ છે. ઉપર કહ્યું તેવી રીતે વૈષ્ણવ તત્પર રહે તો ફળ સિદ્ધ થાય. તેમાં કળિકાળ મહા બાધક છે, તેનાથી બચે તો ફળ સિદ્ધ થાય તે આગળ કહે છે.

**શ્લોકઃ—ઇદાનીં વર્તતે કાલઃ કરાલઃ કલિરીદશઃ ।।**
**યસ્મિન્વિનશ્યતિ મતિઃ સતામપિ કુસંગતઃ ।।૧।।**

**શબ્દાર્થ**—હાલ એવો કરાળ કળિકાળ આવ્યો છે કે જેમાં સત્પુરુષની બુદ્ધિનો પણ દુસંગથી નાશ થઈ જાય છે.-(૧).

**વિવેચન**—અત્યારે જે કાળ ચાલી રહ્યો છે તે મહા કરાળ છે, તેનો પ્રવાહ (કાર્ય) પ્રકટ દેખાય છે. કારણ કે સત્પુરુષોની મતિ પણ કુસંગતથી ભ્રષ્ટ થઈ છે. તો અજ્ઞાનીની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં તો કહેવુંજ શું ? એવો કઠણ કાળ આવ્યો છે-(૧) અહીં કોઈ કહે કે સત્પુરુષની બુદ્ધિ શાથી ભ્રષ્ટ થઈ? તો કહે છે કે-

**શ્લોકઃ—સત્સંગો દુર્લભો યત્ર સતતં સત્પ્રસંગતઃ ।**
**કથાઃ કૃષ્ણચરિત્રૈકયુતા નિત્યં ભવંતિ હિ ।।૨।।**

**શબ્દાર્થ**—સત્સંગ દુર્લભ છે, કે જે સત્સંગને લઈને સત્પુરૂષના સંગથી શ્રીકૃષ્ણનાં ચરિત્રવાળી કથા નિત્ય થાય છે.-(૨).

**વિવેચન**—સત્સંગ બહુજ દુર્લભ છે, મળતો નથી; નિરંતર દુઃસંગથી સારા જીવની બુદ્ધિનો પણ નાશ થયો છે. એક ક્ષણનો પણ ભકતનો સત્સંગ દુર્લભ છે તો હંમેશાં તો કયાંથીજ હોય ? જ્યારે નિરંતર ભગવદીયોનો સત્સંગ હોય, શ્રીકૃષ્ણની કથા શ્રીકૃષ્ણની લીલા પ્રીતિથી સાંભળે, નિત્ય શ્રીકૃષ્ણની સેવા કરે ત્યારે કાર્ય સિદ્ધ થાય. તેમજ જે ભગવદીય પોતે શ્રીકૃષ્ણની સેવા કરતો હોય, કથા-વાર્તા ભગવદ્લીલા સાંભળતો હોય, અને એવો ભગવદીય હોય કે પોતે પણ સેવા કરે, અને બીજાને પણ બતાવે, તેનો સંગ કરવો. જેમ ભીંજેલું વસ્ત્ર હોય તે સુકા કપડાને પણ ભીંજવે તેજ પ્રમાણે પોતે ભગવદ્ધર્મમાં તત્પર હોય અને બીજાને પણ તત્પર કરે એવા ભગવદીનો સંગ કરવો.-(૨).

**શ્લોકઃ—નિજાચાર્યપદાંભોજસેવિનસ્તુ સુદુર્લભાઃ ।।**
**અદંભિનઃ કૃષ્ણસેવાકથાચિંતનતત્પરાઃ ।।૩।।**

**શબ્દાર્થ**—આપણા આચાર્યજીના ચરણકમળનું સેવન કરનારા તેમજ દંભાદિકથી રહિત અને શ્રીકૃષ્ણની સેવા કથાનું ચિંતન કરવામાં તત્પર, એવા ભગવદીય તો દુર્લભ છે.-(૩).

**વિવેચન**—હવે ભગવદિય કેવા હોય? આપણા શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણકમળની સેવામાં રાત દિવસ જેનું મન હોય એવા અનન્ય પુષ્ટિમાર્ગીય ભગવદીય બહુજ દુર્લભ છે. દંભ વગરના હોય, પાંખડી ન હોય, શ્રીકૃષ્ણની સેવામાં તત્પર હોય, શ્રીકૃષ્ણની લીલાઓના ચિંતનમાં તત્પર હોય, કોઈને દેખાડવા માટે સેવા કરતા ન હોય, મનથી શુદ્ધ હોય, એવા ભગવદીયો તો આ વખતમાં બહુજ દુર્લભ છે.-(૩).

**શ્લોકઃ—અહં તુ સર્વથા નિત્યં તથા સત્સંગવર્જિતઃ ॥**
**ક્લિશ્યામિ મનસા નૂનં નિરાનંદેન નિત્યશઃ ॥૪॥**

**શબ્દાર્થ**—હવે શ્રીહરિરાયજી પોતાને સત્સંગ નથી તેનું નિરૂપણ કરે છે, કે હું સર્વ રીતે હંમેશાં એવા ઉત્તમ સત્સંગ વગરનો છું, તેથી મનમાં આનંદ નહિ હોવાથી કલેશ થાય છે.-(૪).

**વિવેચન**—હું કેવો છું? કે સર્વ રીતે નિત્ય સત્સંગ વગરનો છું. મને સત્સંગ મળતો નથી, તેથી મનમાં બહુજ કલેશ થાય છે, કે મને ભગવદીયનો સત્સંગ નથી થતો. જો ભગવદીયનો સત્સંગ થાય તો શ્રીકૃષ્ણ જે સદા આનંદરૂપ છે તેમના આનંદનો અનુભવ થાય. ભગવદીય વિના આનંદ વગરનો હું હંમેશાંજ છું.-(૪).

**શ્લોક—બાષ્પનિઃસરણોપાયં ન પશ્યામિ મહીતલે ॥**
**કો વા મદીયહૃદયદુખં દૂરીકરિષ્યતિ ॥૫॥**

**શબ્દાર્થ**—આંસુ શાંત કરવાનો ઉપાય પૃથ્વીના તળપર હું દેખતો નથી, તેથી મારા હૃદયમાં જે દુઃખ છે તેને દૂર કરી શકે એવો કોણ છે?-(૫).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી દીનતાના આવેશમાં કહે છે કે મેં આ ભૂતળપર વાસ કર્યો, તે શા માટે કર્યો? હરિના શરણનો ઉપાય તો બન્યો નહિં, કારણ કે પૃથ્વી પર આવી હરિનું શરણ ન સ્વીકારે, તેનો જન્મજ વૃથા છે. આ બાબતમાં પ્રહલાદજી શ્રીભાગવત સપ્તમ સ્કંધમાં કહે છે કેઃ—"કુમાર અવસ્થામાં બુદ્ધિમાન મનુષ્યે આ સંસારમાં ભગવદ્ધર્મનું આચરણ કરવું, કારણ કે મનુષ્ય જન્મ દુર્લભ છે. તે નિશ્ચલ ન હોવા છતાં કલ્યાણ કરનારો છે" વળી એકાદશ સ્કંધમાં જનક વિદેહી કહે છે કે, "દેહધારી જીવને આ મનુષ્ય જન્મ દુર્લભ છે અને વળી ક્ષણ ભંગુર છે, તેમાં વળી ભગવદ્ ભકતનાં દર્શન તો દુર્લભ છે" આ વાકય પ્રમાણે મનુષ્ય જન્મ બહુજ ઉત્તમ છે, તેથી કરીને કુમાર અવસ્થામાં પ્રભુનું જ શરણ કરી ભગવાનનું ભજન કરવું ઉચિત છે. કારણ કે ક્ષણમાં નાશ પામી જાય તો અંતકાળ વખતે કશું બને નહિ, અને ફરી આ દેહ મળવો દુર્લભ છે. તેમાં ભગવદ્ધર્મ અને ભગવાનનું દર્શન દુર્લભ છે. તે આ દેહથી બને તેટલાં અવશ્ય કરવાં જોઇએ પણ તે મારાથી તો કશું થતું નથી, તેથી મને ઘણું દુઃખ છે. જેમ

ચિંતામણિ પ્રાપ્ત થવા છતાં તે કોડીને બદલે આપી દઇ પછી ચિંતામણિના ગુણુ સાંભળે, ત્યારે અનેક દુઃખ પામે, (મહા કલેશ થાય) તેમ આ દેહ પ્રાપ્ત કરીને લૌકિકમાં તેનો ઉપયોગ કરે, પ્રભુનું શરણુ ન પ્રાપ્ત કરે, તેનો જન્મ વૃથા છે. શ્રીહરિરાયજી કહે છે, મેં હરિશરણુનો ઉપાય નથી કર્યો તેથી હ્રુદયમાં મહાદુઃખ થાય છે, આ મારા હ્રુદયનું દુઃખ દૂર કરે એવો કોણુ છે?-(૫).

શ્લોકઃ—વ્રજવાસસ્તથા શ્રીમદ્યમુનાદર્શનં ગતમ્ ।।
દૂરે ગોવર્ધનદરિદ્ગૂરે તન્નાથદર્શનમ્ ।।૬।।

**શબ્દાર્થ**—વ્રજમાં વાસ તથા શ્રીયમુનાજીનાં દર્શન તથા શ્રીયમુનાજીનાં સ્વરૂપનું જ્ઞાન તથા શ્રીગિરિરાજજીના સ્વરૂપનું જ્ઞાન અને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન એ સર્વ દૂર ગયું છે-(૬).

**વિવેચન**—હરિશરણુનું કશુંજ સાધન બની આવ્યું નથી, વ્રજવાસ પણુ ન થયો, વ્રજ દેશ છે તે મહા ઉત્તમ છે, પ્રભુ શરણ કરવાનું સ્થળ છે, ત્યાં રહીએ, તો પ્રભુ પોતાનો જાણીને કૃપા કરે, તે પણુ મારાથી ન બન્યું. વળી શ્રીયમુનાજીનાં દર્શન નથી, તે શ્રીયમુનાજી કેવાં છે? તો કહે છે કે દુષ્ટ પ્રાણી અજાણુતાં પણુ એકવાર યમુનાપાન કરે તો તે જીવને યમનો દંડ ન થાય એવો પ્રતાપ છે. જે જીવ યમુનાજીનો આશ્રય કરે, તેને શ્રીયમુનાજી શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ કરાવે, સર્વ કાર્ય સિદ્ધ કરી અલૌકિક દેહ સિદ્ધ કરે, તેવા શ્રીયમુનાજીના દર્શન પણુ નથી, તથા શ્રીગિરિરાજજી પણુ મારાથી દૂર છે. વળી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન પણુ દુર્લભ થયાં છે. આવી રીતે હું પરદેશમાં છું, હવે હું શું કરૂં? અહીં કોઈ કહે કે મનમાં ભાવ કરી વ્રજ, શ્રીયમુનાજી, શ્રીગિરિરાજજી, શ્રીગોવર્ધનનાથજી, એ સર્વનાં દર્શન કરી લ્યો, આટલો ખેદ શા માટે કરો છો? આવી રીતે કોઈ કહે તો કહે છે કે:—

શ્લોકઃ—વિષયાક્રાંતિતો દૂરે ભગવદ્દભાવસંતતિઃ ।।
દેશાંતરસ્થિતસ્યાદ્ય દૂરે સંગઃ સતામપિ ।।૭।।

**શબ્દાર્થ**—વિષયાક્રાંતિથી ભગવદ્દભાવના મનોરથ દૂર રહ્યા, અને હવે દેશાંતરમાં રહું છું એવો જે હું તેને સત્પુરુષનો સંગ પણુ નથી.-(૭).

**વિવેચન**—વિષયાક્રાંતિથી જેનો દેહ ભર્યો રહ્યો હોય તેનાથી ભક્તિભાવ-ભગવદ્દભાવ બહુ દૂર છે. જેનું હ્રુદય શુદ્ધ હોય, અષ્ટ પહોરમાં બીલકુલ લૌકિક સ્ફુરે નહિં, મનમાં ભગવત્સ્મરણુ રહે, તેને ભાવનાથી સઘળી વસ્તુ સિદ્ધ થાય છે પણુ મારામાં તો વિષયાવેશ હોવાથી ભગવદ્દભાવ દૂર છે, અને પરદેશમાં છું, તેથી અનેક પ્રકારની લૌકિક પ્રવાહી સૃષ્ટિનો સંગ છે, ભગવદીયનો સંગ મારાથી દૂર છે, ભગવદીય મળે તો તેની સાથે મળીને ભગવદ્દભાવ વિચારાય, પણુ તે તો મારાથી દૂર છે, તેથી મનમાં બહુજ ખેદ થાય છે.-(૭).

શ્લોકઃ—તદભાવાત્કથા દૂરે તતો વિમુખતા હૃદઃ ।।
એવંવિધસ્ય સતતં શ્રીકૃષ્ણુઃ શરણું મમ ।।૮।।

શબ્દાર્થ—સત્સંગનો અભાવ હોવાથી ભગવદ્‌કથા દૂર છે, તેથી હૃદયની મુખરતા બહિર્મુખતા થઈ છે, એવા પ્રકારનો હું છું છતાં મારો આશ્રય નિરંતર શ્રીકૃષ્ણ છે.-(૮).

વિવેચન—જો ભગવદીય હોય તો શ્રીસુબોધિનીજી વિગેરે ભાવાત્મક કથા કહે, તે સાંભળીને હૃદયમાં ભાવ ઉત્પન્ન થાય. તેવા ભગવદીય મારાથી દૂર રહે છે તેથી ભાવાત્મક કથા પણ મારાથી દૂર છે, તેથી હૃદયમાં મુરખતા (બહિર્મુખતા) છવાઇ રહી છે. આવી રીતે હું સર્વ સાધનથી રહિત છું, અહિં પરદેશમાં સ્થિર છું, મારી આવી સ્થિતિ હોવાથી મારૂં શ્રીકૃષ્ણજ શરણ હો. જ્યારે કશું ન બને ત્યારે શરણની ભાવના કરૂં છું, બીજું હું શું કરૂં ? આથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીકૃષ્ણાશ્રયમાં કહે છે કે: " વિવેક, ધૈર્ય, ભક્તિ વિગેરેથી રહિત છું, અને વિશેષે કરીને પાપમાં આસક્ત અને દીન એવો જે હું તેની ગતિ (આશ્રયસ્થાન) શ્રીકૃષ્ણજ છે " વિવેક ધૈર્ય, ભક્તિ વિગેરે સર્વ ધર્મથી રહિત હોય, પાપાસક્ત હોય, અતિશય દીન હોય, તેજ શ્રીકૃષ્ણનું શરણ કરે, હવે હું સર્વ સાધનથી રહિત છું, તેથી નિરંતર શ્રીકૃષ્ણજ શરણ કર્યું છે.-(૮).

**શ્લોકઃ—કો વેદ કૃષ્ણઃ કિં કર્તા ન જાનેઽહં કૃપાનિધિઃ ।।**
**તથાપિ શ્રીમદાચાર્યશરણં કરવૈ મનઃ ।।૯।।**

શબ્દાર્થ—કોણ જાણે કૃપાનિધિ શ્રીકૃષ્ણ શું કરશે તે હું જાણતો નથી, તો પણ મનથી શ્રીઆચાર્યચરણના સ્વરૂપનું શરણ કરૂં છું.-(૯).

વિવેચન—આમ છતાં શ્રીકૃષ્ણ શું કરનાર છે તે હું જાણતો નથી, અને મારી શી ગતિ કરશે તે જાણી શકાતું નથી, પણ શ્રીઆચાર્યજીની કૃપાથી એટલું તો જાણું છું કે શ્રીકૃષ્ણ દયાનિધિ છે, પોતાના અંતરંગ ભક્તપર ખાસ કૃપા કરેજ છે, આથી હું એક શ્રીઆચાર્યચરણને શરણે મન કરીને રહ્યો છું. તેથી શ્રીકૃષ્ણ પણ કૃપા કરશે અને સઘળું કાર્ય પણ સિદ્ધ થશેજ. આમ કહીને એમ જણાવે છે કે શ્રીમહાપ્રભુજીને શરણે જે જીવ આવ્યો છે તેનાં સઘળાં કાર્ય સિદ્ધ થશે, વ્રજ, શ્રીયમુનાજી, શ્રીગિરિરાજજી, શ્રીજીની સઘળી લીલાનો અનુભવ થશે, પણ જે શ્રીઆચાર્યજીને શરણે આવ્યો નથી, તેને કશું ફળ સિદ્ધ નથી. માટે મેં શ્રીવલ્લભાચાર્યજીને શરણે મન કર્યું છે, તેથી મારા મનને આશ્વાસન છે.-(૯).

**શ્લોકઃ—વિશેષઃ પ્રેમજિત્પત્રાદ્બોદ્ધવ્યઃ સર્વવૃત્તયુક્ ।**
**અનેન કેવલેનૈવ કિંચિત્સ્વસ્થં મનો મમ ।।૧૦।।**

શબ્દાર્થ—સર્વ વૃતાંત સાથે વિશેષ (સમાચાર) પ્રેમજી નામના વૈષ્ણવના પત્રથી જાણજો. આમ કેવળ સમજીને મારૂં મન સ્વસ્થ છે. (કેવળ બોધથીજ મારૂં મન સ્વસ્થ રહે છે.)-(૧૦).

વિવેચન—હવે શ્રીહરિરાયજી લખે છે કે વિશેષ સમાચાર પ્રેમજીના પત્રથી જાણશો. શ્રીમહાપ્રભુજીના શરણથીજ કંઇક મનને આશ્વાસન (સ્વાસ્થ્ય) છે, કે શ્રીમહાપ્રભુજી કૃપા કરીને મારા તરફ જોશે.-(૧૦).

ઇતિ શ્રીહરિરાયજી વિરચિત ૧૯ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

# * શિક્ષાપત્ર ૨૦ મું *

વીસમા શિક્ષાપત્રમાં શરણાગતિ થયા પછી પ્રથમ થએલા દોષોની ચિંતા કરવી નહિ, પણ શરણાગતિ પછીથી સાવધાનતા રાખવી, નિવેદનનું અનુસંધાન કરવું, પ્રભુની સેવા ગુણગાન વિગેરે કરવું. થોડું જાણનારનાં કહેવા ઉપરથી પુષ્ટિમાર્ગમાંથી બુદ્ધિ ચલાયમાન ન કરવી. સદા સત્સંગમાં રહેવું, આપણા આચાર્યશ્રીનાં વચનમાંજ નિષ્ઠા રાખવી, પુષ્ટિમાર્ગીય ભકત સાથેજ રહેવું અને આ માર્ગથી વિરૂદ્ધ હોય તેનો સંગ ન થાય તેમ રહેવું; આવું નિરૂપણ છે. હવે શ્રીગોપેશ્વરજીનો પત્ર આવ્યો છે તેનો પ્રતિ ઉત્તર શ્રીહરિરાયજી લખે છે, સઘળી પુષ્ટિમાર્ગીય રીતિથી રહે તો ફળ સિદ્ધ થાય તેમ લખે છે.

**શ્લોકઃ—સમાચારાઽવગત્યૈવ સંતોષો જનિતો મહાન્ ॥**
**સદોષેપિ હરિર્જીવેઽનુગ્રહં કુરુતે સ્વતઃ ॥૧॥**

**શબ્દાર્થ**—સમાચાર (પત્રના) જાણતાંજ ઘણો સંતોષ થયો છે, કારણ કે દૂષિત જીવપર પણ પ્રભુ ભગવાન પોતેજ કૃપા કરે છે.–(૧).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી કહે છે કે તમારો પત્ર આવ્યો, તે વાંચીને મનમાં સંતોષ થયો છે. કારણ કે ઘરભંગનું ભારે દુઃખ હતું તે તમારૂં દુઃખ નિવૃત્ત થયું, તમારા હૃદયમાં સંતોષ થયો, તેથી અમને પણ સંતોષ થયો છે. હવે જે શિક્ષા કહું છું તે ધારણ કરજો. હરિ જે ભગવાન તે કેવા છે. જીવના દોષોને તો જાણે છે તો પણ પોતે જીવ પર કૃપા કરે છે, જીવ તરફ (જીવના દોષ તરફ) જોતા નથી. શીશુપાલ શ્રીકૃષ્ણની નિંદાજ કરતો, એવો દુષ્ટ હતો તેને પણ (મોક્ષ) ગતિ આપી. ઇંદ્રે જળવૃષ્ટિ કરી દોષ કર્યો તો પણ તેનાપર પ્રસન્ન થયા. એવા શ્રીકૃષ્ણ હંમેશાં કૃપાજ કરે છે. પોતાના પ્રમેય બળથી આ જીવપર અનુગ્રહ કરે છે, માટે શ્રીકૃષ્ણનુંજ ભજન, સ્મરણ અને આશ્રય હંમેશા કરવાં જોઇએ.–(૧).

**શ્લોકઃ—પ્રમેયબલમાસાદ્ય કિમસાધ્યં તદા ભવેત્ ।**
**અતઃ પ્રથમદોષાણાં ચિંતા નૈવ વિધીયતામ્ ॥૨॥**

**શબ્દાર્થ**—પ્રમેય બળ પ્રાપ્ત થાય તો શું અસાધ્ય છે, માટે પ્રથમના દોષોની ચિંતા ન કરવી.–(૨).

**વિવેચન**—આ પુષ્ટિમાર્ગમાં તો પ્રમેય બળથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે, જીવના સાધનથી કશું કાર્ય સિદ્ધ થાય નહિં. અને જીવ કયાં સુધી સાધન કરે? તેનાં સાધનોથી દોષ દૂર નજ થઈ શકે, માટે વૃથા ચિંતા શા માટે કરવી? "જીવાઃ સ્વભાવતો દુષ્ટાઃ" જીવ તો સ્વભાવથી દુષ્ટ છે, પણ પોતાની અજ્ઞાનતાથી પોતાને ઉત્તમ માને છે. માટે જીવના સાધનથી કશું સિદ્ધ ન થાય, પ્રભુ પ્રમેય બળથી સિદ્ધ કરશે, એવું વિચારી ચિંતા ન કરવી.–(૨).

**શ્લોકઃ—સંજાતભગવદ્ભાવમપથ્યમિવ સદ્ગુણમ્ ।**
**લોકનિંદાભવં દુઃખં ન ધર્ત્તવ્યં હિ માનસે ॥૩॥**

**શબ્દાર્થ—**સુંદર ગુણવાળી ઔષધિ હોવા છતાં ખોરાક વિ. લેવામાં પથ્ય (પરેજી) પાળવામાં ન આવે તો ઔષધિનો ગુણ નાશ પામે, તેમ ભગવદ્ ભાવ ઉત્પન્ન થાય તેમાં લૌકિક નિંદાનું દુઃખ થાય તો ભાવનો નાશ થ.ય, માટે લૌકિક દુઃખ મનમાં ન લાવવું-(૩).

**વિવેચન**—લૌકિક ચિંતાથી ભગવદ્ભાવનો નાશ થાય, તેનું દૃષ્ટાંત આપે છે કે જેમ સુંદર ઓસડ ખાય, તેના પર અપથ્ય ખાટું ખારૂં ખાય તો ઓસડનો ગુણ નાશ પામે અને રોગ વધે, તેમ મનમાં ભગવદ્ભાવના થાય, સ્મરણ ભજન કરે, તે સુંદર ઔષધના જેવું છે, પણ લૌકિક ચિંતારૂપ કુપથ્ય કરે, તો ભગવદ્ભાવ ઉલટો જતો રહે. તેથીજ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી નવરત્ન ગ્રંથમાં ચિંતા નિવૃત્ત કરવાને માટે કહે છે કે:—"સમર્પણ કર્યું છે આત્માસંબંધી સર્વસ્વ જેમણે, તેમણે કશી ચિંતા કોઈ દિવસ પણ ન કરવી." જે જીવે નિવેદન કર્યું છે તેણે તો ચિંતા નજ કરવી જોઈએ. અને લૌકિકવાળા નિંદા કરે છે તે પણ મહા દુઃખરૂપ છે, તે પણ મનમાં લાવવી નહિં, કારણ કે લૌકિકમાં અનેક પ્રકારના જીવ છે, તેમનું કહ્યું ન કરીએ તો નિંદા કરે, માટે તે બધું તો સહન કરવુંજ યોગ્ય છે. શ્રીભાગવતમાં નિરૂપણ છે કે ગોપીજનોએ લોકવેદ છોડીને પ્રભુનુંજ ભજન કર્યું આથી ગોપોએ અને તેમનાં માતાપિતાએ નિંદા કરી તે તેમણે મનમાં ન આણી, ત્યારે શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈને રાસલીલાના ફલનું દાન કર્યું. માટે ભગવદીયે લૌકિક નિંદા સહન કરવી એજ પરમ ધર્મ છે.-(૩).

**શ્લોકઃ—અગ્રે તુ સાવધાનત્વં વિધેયં સર્વથા પુનઃ ॥**
**દુઃસંગાદિમહાદોષા નાશયન્ત્યેવ તત્ક્ષણાત્ ॥૪॥**

**શબ્દાર્થ—**આગળ ઉપર હંમેશાં સાવધાન રહેવું, કારણ કે દુઃસંગાદિ મહા દોષ છે, તે તરતજ (દુઃસંગ થતાંજ) ભગવદ્ભાવનો નાશ કરેજ.-(૪).

**વિવેચન—**આગળ સર્વ રીતે સર્વ તરફથી સાવધાન રહેવું, કારણ કે દુઃસંગ મહાન દોષ હોઈ મહા બાધક છે. જન્મોજન્મનો એકઠો કરેલો ભગવદ્ભાવ એક ક્ષણમાંજ દુઃસંગથી નાશ થઈ જાય. શ્રીભાગવતાદિ પુરાણમાં કહે છે કે મોટામોટા ભગવદીયો પણ દુસંગથી પડ્યા છે. માટે તમે દુસંગથી ક્ષણે ક્ષણે સાવધાન રહેજો.-(૪).

**શ્લોકઃ—અસજ્જનકૃતાનિંદા તુષ્ટ્યૈ સત્ત્વવિનિશ્ચયાત્ ॥**
**યતસ્તેષાં ન રોચંતે સંત એવ હિ સર્વથા ॥૫॥**

**શબ્દાર્થ—**દુષ્ટપુરુષે કરેલી જે નિંદા તે ધૈર્યની વિશેષ વૃદ્ધિને માટે કારણ રૂપ હોઈ સંતોષને માટે છે, કારણ અસત્પુરુષને સત્પુરુષ સર્વથા પ્રિય લાગતો નથી, અને સત્પુરુષ છે તે અસત્પુરુષની વાણીમાં પ્રીતિ રાખતો નથી.-(૫).

વિવેચન—અસજ્જન એટલે અવૈષ્ણવ તથા અન્યમાર્ગીય તેમજ બહિર્મુખ નિંદા કરે
તો તે સાંભળીને મનમાં દુઃખ ન લાવવું. મનમાં પ્રસન્ન રહેવું કે આ સત્યજ કહે છે, હું
તો દોષવાનજ છું, આવી રીતે મનમાં વિચારી નિંદાને સહન કરવી. એટલે કે જે સંત
પુરુષો છે તે આવા દુષ્ટોની વાણીમાં કોઈ પણ પ્રકારની રુચિ રાખતા નથી. જેમકે પ્રહલા-
દજીને હિરણ્યકશિપુએ કેવું દુઃખ દીધું અને કેટલી નિંદા કરી, છતાં તે બધું પ્રહલાદજીએ
સહન કર્યું, તેમાં પ્રહલાદજીનું કશું બગડયું નહિ, અને હિરણ્યકશિપુને પ્રભુએ માર્યો.
માટે જે સંત છે તે દુષ્ટોની વાણીમાં કોઈ પણ પ્રકારે મન રાખતા નથી. (મનમાં કંઈ
લાવતા નથી.)–(૫).

શ્લોકઃ—માર્ગવિશ્વાસરહિતાઃ પૂર્વદોષૈકદૃષ્ટયઃ ।
યતો નામૈવ હિ હરેઃ સર્વદોષનિવર્તકમ્ ॥૬॥

શબ્દાર્થ—જે (અસજ્જન છે તે) પુષ્ટિમાર્ગમાં વિશ્વાસ વગરના છે, અને પ્રથમ-
થીજ દોષ દૃષ્ટિવાળા છે, માટે તેમની વાણીમાં રુચિ ન રાખવી. એમને સત્પુરુષો ન રુચે
એ સ્વભાવિક છે, માટે શ્રીહરિનું નામ છે તેજ સર્વ દોષની નિવૃત્તિ કરનાર છે. (માટે
તેમાંજ રુચિ રાખવી).–(૬).

વિવેચન—તે દુષ્ટ શાથી છે કે આ પુષ્ટિમાર્ગમાં વિશ્વાસ વગરના છે, વળી તેનું
કારણ એ કે તેઓ પૂર્વજન્મથી દોષજ દેખે છે. પુષ્ટિમાર્ગનો પ્રકાર સઘળા જગતમાં પ્રસિદ્ધ
છે તે જાણે નહિં, એથી માર્ગમાં શરણે આવવા છતાં પણ પ્રથમની જે દુષ્ટતા છે તેથી
દોષજ જુએ છે. પોતાની કુટિલતા છોડેજ નહિં. કારણ કે તે આસુરી છે, અને તેથી માર્ગમાં
વિશ્વાસ નથી. હંમેશાં દુષ્ટ છે તેથી દુષ્ટતા પ્રકટ કરે છે એમ જાણવું. અને પ્રભુનું નામજ
એવું છે કે જેનું નામ લેતાં માત્રમાં સર્વ દોષ દૂર થાય છે. આ બાબતમાં ષષ્ઠ સ્કંધ શ્રીભાગવતમાં
કહે છે કે, "અજ્ઞાનથી અથવા જ્ઞાનથી ઉત્તમ શ્લોક ભગવાનના નામનું કીર્તન કરે તે એવું છે કે
અગ્નિ જેમ કાષ્ટને બાળી નાખે છે તેમ મનુષ્યમાત્રનાં પાપનો નાશ કરે છે. ૧–વળી સંકેતમાં
બોલેલું, મશ્કરીમાં અથવા ગીતાલાપમાં તેમજ વિકૃત ભાવથી જપેલું, પ્રભુનું નામ
પણ સમગ્ર પાપનો નાશ કરે છે, એવું સંત પુરુષો જાણે છે, ૨–હે પુત્ર (દૂત) પ્રભુનાં
નામનું માહાત્મ્ય જુઓ, તેનાથી અજામિલ પણ મૃત્યુના પાશથી મુકત થઇ ગયો. વળી
અષ્ટ સ્કંધમાં પણ શુક્રાચાર્ય વામન ભગવાનને કહે છે કે, "મંત્રથી, તંત્રથી, અગર દેશ-
કાળને યોગ્ય વસ્તુથી જે ન્યૂન હોય તે સર્વ આપનું નામ કીર્તનજ પૂર્ણ કરે છે. વળી વાકય
છે કે, "જે આ કળિયુગમાં પ્રભુનું નામ જપે છે તથા જપાવે છે, તે હે રાજા! મનુષ્યમાં
ભાગ્યવાન છે, તથા કૃતાર્થ છે. (એમ નકકી સમજવું.) વળી બારમા સ્કંધમાં શુકદેવજીનું
વાકય છે કે, "દોષના ભંડારરૂપ કળિયુગમાં એક મોટો ગુણ છે કે શ્રીકૃષ્ણના કીર્તનથીજ
જીવ (જન્મ–મરણના) બંધનથી મુકત થઈ પર (ઇશ્વર) ને પ્રાપ્ત કરે છે," વળી છઠ્ઠા
સ્કંધમાં વિષ્ણુના દૂતનું વાકય છે કે: 'બ્રહ્મહત્યા કરનારો, પિતૃહત્યા કરનારો, ગૌહત્યા કરનારો,
માતૃહત્યા કરનારો, અને આર્ય (જે પોતાનાથી ઉત્તમ) તેની હત્યા કરનારો એવો પાપી હોય,
નીચ જાતિમાં ઉત્પન્ન થયો હોય, તો પણ પ્રભુના કીર્તનથી તેની શુદ્ધિ થાય." આવી રીતે ઠેકાણે

ઠેકાણે ભાગવદ નામનું માહાત્ય વર્ણવેલું છે, માટે સહજમાં અગર અજાણતાં પણ મુખથી પ્રભુનું નામ લેવાય તો પણ તે નામ સર્વ દોષ દૂર કરે છે.-(૬).

શ્લોકઃ—તદાપિ શ્રીમદાચાર્યવદનાંબુજનિઃસૃતમ્ ॥
તત્પ્રકાશિતમાર્ગસ્ય સર્વસંપાદનક્ષમમ્ ॥૭॥

શબ્દાર્થ—તે ભગવન્નામ કે જે શ્રીમદાચાર્યજીના મુખકમળમાંથી નીકળેલ છે તે, (અષ્ટાક્ષર મંત્ર) શ્રીઆચાર્યજીએ પ્રકટ કરેલા આ ભક્તિમાર્ગમાં સર્વસિદ્ધ કરવાને સમર્થ છે.-(૭).

વિવેચન—જો કે પ્રભુનાં સર્વે નામો ગુણદાતા છે, સંસારદુઃખથી છોડાવે છે તો પણ તેમાં અષ્ટાક્ષર મંત્ર (શ્રીકૃષ્ણઃ શરણં મમ) કે જે શ્રીમદાચાર્યચરણના મુખ કમળથી નીકળેલો છે તેજ પુષ્ટિમાર્ગમાં સ્થિર કરે છે. કારણ કે આ પુષ્ટિમાર્ગ પણ આચાર્યજી મહાપ્રભુજીએ પ્રકટ કર્યો છે, તેથી જે જીવને શ્રીઆચાર્યજીદ્વારા નામ પ્રાપ્ત થયું તેનું સર્વ સિદ્ધ થવાનું. શ્રીગુંસાઈજી પણ વિજ્ઞપ્તિમાં કહે છે કે: "તાતચરણ શ્રીમહાપ્રભુજીએ "શ્રીકૃષ્ણઃ શરણં મમ" આ અષ્ટાક્ષર મંત્ર કહ્યો છે, તેથીજ અમોને આ લોક અને પરલોક સંબંધી કશી ફીકર નથી" વિગેરે વચનોના ભાવથી અષ્ટાક્ષર મંત્રનો જપ વૈષ્ણવ કરે તો તે સર્વ સિદ્ધ કરવામાં સમર્થ છે.-(૭).

શ્લોકઃ—તતોઽપિ બ્રહ્મસંબંધઃ સર્વદોષનિવર્ત્તકઃ
નિર્દોષાઽનંદસેવાઽપિ દોષાઽભાવપ્રસાધિકા ॥૮॥

શબ્દાર્થ—તેથીજ બ્રહ્મસંબંધ સર્વદોષની નિવૃત્તિ કરનારૂં છે. અને આનંદરૂપ ભગવાનની સેવા પણ દોષનો અભાવ (દોષનિવૃત્તિ) સાધી આપે તેવી છે.-(૮).

વિવેચન—ઉપર કહ્યું કે નામથી સર્વ દોષનો નાશ થાય છે, તો જે જીવને બ્રહ્મસંબંધ હોય તેના સર્વ દોષોનો નાશ થાય એ તો સત્ય છે, કારણ કે સર્વ દોષની નિવૃત્તિ માટે તો પ્રભુએ બ્રહ્મસંબંધની આજ્ઞા આપી છે. સિદ્ધાંત રહસ્યમાં પણ શ્રીમહાપ્રભુજી કહે છે કે, "બ્રહ્મસંબંધ કરવાથી સર્વેના સર્વ દોષની નિવૃત્તિ જરૂર થાય છે." વિગેરે વચનોથી સમજવું કે શ્રીઆચાર્યજી દ્વારા જે જીવને બ્રહ્મસંબંધ થયું તેના સર્વે દોષ દૂર થયા. કારણ કે ભગવાન નિર્દોષ છે, એટલે જીવપણ નિર્દોષ થઈ સેવા કરે તો અંગીકાર થાય. માટે શ્રીમહાપ્રભુજી પોતાના જીવને બ્રહ્મસંબંધ કરાવી નિર્દોષ કરીને પછી સેવામાં યોજે છે. આ પ્રભુની સેવા કેવી છે? કે જેમાં દોષ નથી, નિર્દોષ આનંદરૂપ છે, સઘળા દોષ (પ્રતિબંધ) નો નાશ કરનારી છે. અહીં કોઈને શંકા થાય કે બ્રહ્મસંબંધ કરવાથીજ સર્વ દોષોનો નાશ થાય? તો તેનું સમાધાન કરે છે કે દેહ અને જીવના તો સઘળા દોષો બ્રહ્મસંબંધથી નિવૃત્ત થયા, પણ પછી પ્રભુની પ્રાપ્તિમાં પ્રતિબંધરૂપ જે દોષ છે તે સેવાથી જ્યારે દૂર થાય, ત્યારે સ્વરૂપાનંદનો અનુભવ થાય. આ ભાવ વિચારીને બ્રહ્મસંબંધ લઇ અને પ્રભુની સેવા કરે.-(૮).

શ્લોકઃ—ગુણગાનં તુ સર્વેષાં દોષાણાં વિનિવારકમ્ ॥
ગુણગાને જ્ઞાનમાર્ગાદુત્કર્ષઃ પ્રભુણોદિતઃ ॥૯॥

શબ્દાર્થ—ગુણગાન તો સર્વ દોષની નિવૃત્તિ કરનારું છે, તેથી જ્ઞાનમાર્ગથી ગુણગાનમાં ઉત્કર્ષ ( શ્રેષ્ઠત્વ ) પ્રભુએ બતાવેલ છે.-(૯).

વિવેચન—પ્રભુનાં જે ગુણગાન છે તે સઘળા દોષનો નાશ કરનાર છે. તે ગુણગાન બે પ્રકારનાં છે, એક પુષ્ટિમાર્ગીય તથા બીજા મર્યાદા માર્ગીય ગુણગાન. આ બેઉના ભેદ કહે છે. પુષ્ટિમાર્ગીય ગુણગાન જેમ વ્રજભક્ત ગુણગાન કરે છે, શ્રીઠાકોરજીના સંયોગમાં સેવા દર્શન વગેરે કરે છે, અને શ્રીઠાકોરજી ગાયો ચારવા પધારે ત્યારે વિરહથી વેણુગીત, યુગલગીત ગાઈ ગાઈને સંધ્યા પર્યંતનો કાળ વિતાડે છે. તેવીજ રીતે શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં વિરહથી ગુણગાન તથા વિયોગની ભાવના છે, સંયોગ વિપ્રયોગ બેઉ રસનો અનુભવ છે, અને મર્યાદામાર્ગમાં તો કેવળ ગુણગાનજ કરે છે, તેવું અહીં નથી.

શ્લોકઃ—જ્ઞાનં સકલદોષાણાં દાહકં પરિકીર્તિતમ્ ।
તથાપિ ન પ્રભોઃ પ્રાદુર્ભાવે યત્પ્રતિબંધકમ ॥૧૦॥
તન્નિવર્તયિતું શક્તમતો ન્યૂનં નિરૂપિતમ્ ॥
તતઃ સ્વાચાર્યસાંનિધ્યં ક્ષણાદ્ભાવપ્રદાયકમ્ ॥૧૧॥

શબ્દાર્થ—જ્ઞાન છે તે સર્વ દોષોને ભસ્મ કરે છે એવું બતાવ્યું છે, તો પણ પ્રભુના પ્રાદુર્ભાવમાં જે પ્રતિબંધરૂપ છે તેનો નાશ કરવામાં જ્ઞાન સમર્થ નથી, તેથી તેને ન્યૂન કહ્યું છે. તેથી આપણા આચાર્યશ્રીનું સાનિધ્યજ ક્ષણમાં ભાવનું દાન કરે છે.–(૧૦)-(૧૧).

વિવેચન--જ્ઞાનમાર્ગનું ગુણગાન એવું છે કે તેનાથી સંસારના સર્વ દોષ ભસ્મ થઈ જાય છે, પછી હંમેશાં નિર્વિઘ્ન રહે તો મોક્ષની પ્રાપ્તિ થાય, પરન્તુ પ્રભુ પ્રકટ થઈને દર્શન ન દે. આથી જ્ઞાનમાર્ગીય ગુણગાન છે તે ભકિતમાર્ગમાં પ્રતિબંધરૂપ છે. તેનું કારણ એ કે તેમાં પ્રભુના દર્શન નથી, લીલાનો અનુભવ નથી, સ્વરૂપાનંદનો અનુભવ નથી. માટે જ્ઞાન છે તે ભકિતમાર્ગમાં બાધકજ જાણવું-(૧૦). તે જ્ઞાન તમે ન મેળવશો, આપણા પ્રભુની સેવાજ મુખ્ય છે, એમ જાણવું, કારણ કે એ જ્ઞાનમાર્ગ આ ભકિતમાર્ગથી ન્યૂન ( ઓછો ) છે. આ બાબતમાં શ્રીઆચાચાર્યજી મહાપ્રભુજી સંન્યાસનિર્ણયમાં કહે છે કે, "સો જન્મ સુધી જ્ઞાનમાર્ગનું સાધન સિદ્ધ થાય, પ્રતિબંધ ન થાય, તો બ્રહ્માના લોકમાં જાય પછી જ્યારે બ્રહ્માનો લય થાય, ત્યારે તેનો મોક્ષ થાય. માટે જ્ઞાનમાર્ગીયજીવ ભકિતથી ન્યારો છે, માટે તમે પુષ્ટિમાર્ગની રીતિમાં તત્પર રહેજો, શ્રીઆચાર્યજીનો આ પુષ્ટિમાર્ગ કેવો છે, કે એક ક્ષણ પણ શ્રીઆચાર્યજીનું સાનિધ્ય હોય તો ભગવદ્ભાવનું દાન અને સ્વરૂપાનંદનો અનુભવ થાય. માટે પુષ્ટિમાર્ગમાં સર્વોપરિ ફળરૂપ સેવાજ છે કે જેમાં ભગવદ્રસનો અનુભવ થાય. આ ભાવ વિચારીને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ સેવાની જે રીતિ પ્રકટ કરી છે તે રીતે સેવા કરવી, એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ભાવનું દાન કરશે, આજ ખાસ સર્વોપરિ સિદ્ધાંત છે.–(૧૧).

**શ્લોકઃ—તદ્દિદક્ષાઽર્તિતાપાનાં ક્રમાદેવેહ સંભવાત્ ॥**
**તતઃ ઉત્તરભાવસ્ય ભાવનં વહ્નિરૂપતઃ ॥૧૨॥**

**શબ્દાર્થ**—શ્રીકૃષ્ણનાં દર્શનની ઇચ્છા, આર્તિ અને તાપ આ પુષ્ટિમાર્ગમાં અનુક્રમે પ્રકટ થાય છે, માટે વિરહાત્મક ભાવની ભાવના વિપ્રયોગાગ્નિથી થાય છે.–(૧૨).

**વિવેચન**—પુષ્ટિમાર્ગમાં જ્યાં જ્યાં મન રાખીને ભગવત્સેવા કરે ત્યાં ત્યાં શ્રીકૃષ્ણનાં દર્શનનો તાપ ક્રમે ક્રમે વધે, આવી રીતે જ્યારે બહુજ તાપ થાય, ત્યારે તેથી સઘળા દોષો દૂર થઇ જાય, પછી દીનતા આવે, ત્યાર પછી જ્યારે ઉત્તરભાવ ( એટલે વિરહભાવ ) હૃદયમાં સ્થિર થાય, ત્યારે વ્રજભકતના ભાવની ભાવના કરે. જેને માનસી સેવા કહે છે તે સર્વોપરિ છે. વ્રજભકતોનો ભાવ અગ્નિરૂપ છે, તે ભાવ હૃદયમાં થાય તો જાણવું કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી હૃદયમાં પધાર્યા, ભાવાગ્નિસ્વરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે.–(૧૨).

**શ્લોકઃ—ક્ષણેન દોષસંઘસ્ય નાશકં સર્વથા મતમ્ ॥**
**એવં ભૂતે સ્થિતે માર્ગે નૂનં યેષામભાગ્યતઃ ॥૧૩॥**
**અવિશ્વાસસ્તતસ્તેષાં ન ગતિઃ કાપિ વિદ્યતે ॥**
**અતઃ સ્વયં શ્રુતં યદ્વા ભાગ્યાદ્ધૃદિ સમાગતમ્ ॥૧૪॥**
**તદેવ હિ દ્રઢં સ્થાપ્યં સર્વથા જીવનાઽવધિ ।**
**નાલ્પજ્ઞવચનાચ્ચાલ્યા બુદ્ધિરાપાતસુંદરાત્ ॥૧૫॥**

**શબ્દાર્થ**—ઉપર કહેવામાં આવ્યો એવો વિયોગાગ્નિનો ભાવ દોષોના સમૂહનો અવશ્ય નાશ કરનારો છે. એવો જે આ પુષ્ટિમાર્ગ છે તેમાં જેનું અભાગ્ય હોય તેને અવિશ્વાસ આવે, તેથી એવા અવિશ્વાસુની કોઈ પણ ગતિ નથી. માટે આપણે સાંભળેલો અથવા ભાગ્યથી હૃદયમાં પ્રગટ થયો હોય તે વિયોગાગ્નિનો ભાવ, જીવન પર્યંત ( હૃદયમાં ) દ્રઢતા પૂર્વક સ્થાપન કરવો, કોઈ જ્ઞાનીનાં વચનો ઉપરથી સુંદર જણાતાં હોય છતાં તેનાથી બુદ્ધિને ચલાયમાન ન કરવી. ( અવિશ્વાસ નહિ લાવવો ).–(૧૩)–(૧૪)–(૧૫).

**વિવેચન**—લગાર પણ ભાવરૂપ અગ્નિ હૃદયમાં આવે, તો તે ક્ષણમાં સઘળા દોષોનો સર્વ રીતે સંપૂર્ણ નાશ કરે છે. માટે આ રીતે પુષ્ટિમાર્ગ સર્વોપરિ છે. આવો વ્રજભકતોનો ભાવાત્મક આ પુષ્ટિમાર્ગ છે માટે આ રીતે પુષ્ટિમાર્ગ સર્વોપરિ છે. આવો વ્રજભકતોનો ભાવાત્મક આ પુષ્ટિમાર્ગ છે તેમાં નિર્ભાગી કે અભાગીને અવિશ્વાસ આવે. મતલબ કે અવિશ્વાસ હોવાથીજ પુષ્ટિમાર્ગીય ફળ સિદ્ધ થતું નથી.–(૧૩) જે જીવને આ પુષ્ટિમાર્ગમાં અવિશ્વાસ છે તેની કયાંએ ગતિ નથી. ગમે તેવો જીવ હોય પણ અવિશ્વાસ સર્વને બાધક છે. હવે એ અવિશ્વાસ કેવો હોય? એક તો પોતાના મનમાં સ્વકલ્પિત વિચાર ઉઠે કે આ પુષ્ટિમાર્ગમાં મને કશું સિદ્ધ થાય એવું દેખાતું નથી. બીજું કોઈ જ્ઞાનમાર્ગીય ( કર્મકાંડી ) સિદ્ધાંત વિરૂદ્ધ કહે તે સાંભળે, પણ અન્યમાર્ગીય ( જ્ઞાનમાર્ગીય કે કર્મમાર્ગીય ) આ પુષ્ટિમાર્ગ સાંખી શકતા નથી માટે તેનો સંગપણ બાધક છે, કારણ કે તેના સંગથી માર્ગની નિંદા સાંભળીને અવિશ્વાસ આવે. ત્રીજું એ કે પુષ્ટિમા-

ર્ગનું ફળ સર્વોપરિ છે, તે પ્રારબ્ધમાં ન હોય, જીવજ પ્રવાહી હોય, મર્યાદામાર્ગીય હોય, પુષ્ટિ (જીવ) ન હોય તો આ ફળ કયાંથી પામે ? તેને અવિશ્વાસ આવે. ચોથું એ જે હૃદયમાં અનેક પ્રકારના લૌકિક વૈદિક બાબતોના તરંગો ઊઠે, આથી વિશ્વાસ છુટી જવાથી અન્ય ક્રિયાઓ પણ કરવા લાગે. પાંચમું એકે કોઈ બહિર્મુખના સમાગમથી દુઃસંગને લઈને અવિશ્વાસ આવે. આ પ્રમાણે પાંચ પ્રકારનાં કારણોથી ફળ કોઈ પણ પ્રકારે સિદ્ધ ન થાય.-(૧૪). ઉપર કહ્યા એવા પ્રકારના દોષોથી અવિશ્વાસ હૃદયમાં દઢ થઇ જાય, તો તે અવિશ્વાસ સર્વરીતે જીવને બાધકજ છે. જેમ જળ અગ્નિનો નાશ કરે છે, તેમ દુઃસંગદોષ ભાવનો નાશ કરે છે. અલ્પજ્ઞાનવાળા જીવનાં ચતુરાઈ ભર્યાં વચનનોથી બુદ્ધિ ચલાયમાન ન કરવી. અલ્પબુદ્ધિવાળો, બુદ્ધિહીન જીવ અજ્ઞાનતાથી નિંદા દુર્વચન (મર્યાદા છોડીને) બોલે, છતાં એવા અજ્ઞાનીની સાથે વાદ વિવાદ કોઈ પણ પ્રકારે કરવો નહિં.-(૧૫).

**શ્લોકઃ—સર્વ્વનિશ્ચયતઃ સંગઃ સાધકો નહિ સંશયાત્ ।**
**યત્ર વૈ વિપરિતૈત્ર કૃતિસ્તત્ર ભ્રમઃ કથમ્ ॥૧૬॥**

**શબ્દાર્થ—**વિવેક અને ધૈર્ય વિગેરેના નિશ્ચય સાથે સંગ છે, તે સર્વ સિદ્ધ કરનાર છે, તેમાં સંશય નથી. જ્યાં (માર્ગથી) વિપરીત કૃતિ છે, ત્યાં ભ્રમ (વૈષ્ણવતાનો આભાસ પણ) કયાંથી હોય.-(૧૬).

**વિવેચન—**માટે એવો નિશ્ચય મનમાં રાખવો કે આ જીવને સત્સંગજ ભગવદ્ધર્મનો સાધક છે એમાં કંઈ પણ શંકા નથી. આથી શ્રીભાગવત પ્રથમ સ્કંધમાં શૌનકનું વાક્ય છે કે, "ભગવદ્ભક્તના સંગની ક્ષણ બરાબર સ્વર્ગની કે મોક્ષની તુલના નથી, ત્યાં મનુષ્યની આપેલી આશિષનો શો હિસાબ ?" વળી એકાદશ સ્કંધમાં ભગવદ્વાકય છે કે "હે ઉદ્ધવ! મને યોગ વશ કરી શકતો નથી, સાંખ્ય નહિં, ધર્મ નહિં, સ્વાધ્યાય નહિં, તપ તેમજ ત્યાગ નહિં, વળી ઇષ્ટાપૂર્ત (કુવા, ધર્મશાળા, મઠ વિગેરે બંધાવવાં તે) નહિં, દક્ષિણા, વ્રત, યજ્ઞ, વેદ, તીર્થ, નિયમ, તેમજ યમ, આમાંના કોઈ પણ સાધનથી હું મળી શકતો નથી, જેવી રીતે સર્વ સંગનો નાશ કરનાર સત્સંગ મને વશ કરી શકે છે" વિગેરે વચનોથી સમજવાનું કે જીવને સત્સંગજ પ્રભુ વશ કરવાનું મોટું સાધન છે. માટે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે સત્સંગ અવશ્ય કરવો જોઈએ. અને પુષ્ટિમાર્ગીય રીતિથી જેની વિપરીત ક્રિયા હોય તેમાં વૈષ્ણવપણાનો અભાસ પણ કયાંથી હોય, માટે પુષ્ટિમાર્ગીથી વિપરીત કૃતિવાળાનો સંગ સર્વથા ન કરવો.-(૧૬).

**શ્લોકઃ—તત્ર ભ્રાંતાઃ પરં મૂઢાસ્તત્સંગઃ ખલુ બાધકઃ ॥**
**અતઃ સત્સંગસહિતસ્તિષ્ઠેત્સર્વત્ર સર્વદા ॥૧૭॥**

**શબ્દાર્થ—**આમાં (પુષ્ટિમાર્ગમાં) જેને ભ્રમ છે તે અત્યંત મૂઢ છે, તેનો સંગ મહા બાધક છે, માટે સત્સંગ સાથે સર્વ જગાએ હંમેશાં રહેવું જોઈએ.-(૧૭).

**વિવેચન—**જે જીવ ભ્રાંત છે, આ પુષ્ટિમાર્ગ પર વિશ્વાસ વગરનો છે, તે મહામૂઢ અજ્ઞાની છે. માટે ખલ (દુષ્ટ) નો સંગ મહા બાધક છે. તેથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે જ્યાં

જવું ત્યાં હંમેશાં સર્વ સ્થાનમાં પુષ્ટિમાર્ગીય ભગવદીયના સત્સંગમાં રહેવું, આથી દુઃસંગથી બચાય, માટે ગમે તેમ કરીને સત્સંગ કરતા રહેવું. આ બાબતમાં નવરત્ન ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે, " ખાસ કરીને તાદૃશીય ભગવદીયની સાથેજ નિવેદનનું સ્મરણ કરવું. માટે સત્સંગ છે, તે ભાવની વૃદ્ધિ કરનાર હોવાથી પુષ્ટિમાર્ગીય ભગવદીયે હંમેશાં કરવો જોઈએ.-(૧૭).

**શ્લોકઃ—સેવાં કુર્વન્સદાચારો ધર્મમાર્ગસ્થિતોऽપિ ચ ॥**
**અવિરૂદ્ધવચોવકતા હ્યવિરૂદ્ધકૃતિપ્રિયઃ ॥૧૮॥**

શબ્દાર્થ—સેવા કરનારો, સદાચાર વાળો, અને ધર્મ માર્ગ પ્રમાણે રહેનારો હોય અને અવિરૂદ્ધ વચન કહેનારો તથા અવિરૂદ્ધ કૃતિને પ્રિય કરીને રહેનારો હોય તેનો સંગ કરવો.-(૧૮).

વિવેચન—પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ શ્રીમહાપ્રભુજીદ્વારા નિવેદન કરીને પુષ્ટિમાર્ગની રીતિ પ્રમાણે આચારસહિત પ્રભુસેવા કરે. આચાર છે તે વૈષ્ણવનો પ્રથમ ધર્મ છે. માટે આચાર વિચાર રાખીને ખાસા, સેવકી, છોવાવું, સખડી, પ્રસાદી, જુઠણ, વગેરે બાબતોનું જ્ઞાન રાખવું, ધર્મમાં તત્પર રહેવું, અને પાપાચરણ ન કરવું, તેમજ પુષ્ટિમાર્ગને અનુસરતાં વચન કહેવાં, તેમજ જો કોઈ પુષ્ટિમાર્ગ પ્રમાણે શિક્ષા આપે તેની માની લેવી, પુષ્ટિમાર્ગને અનુસરતી ક્રિયા પ્રમાણેની રીતની સેવાનેજ મનમાં પ્રિય જાણવી.-(૧૮).

**શ્લોકઃ—સ્વાચાર્યમાત્રવાક્યૈકનિષ્ઠઃ સતતભાવુકઃ ।**
**તદીયજનસંસૃષ્ટઃ સર્વસંગવિવર્જિતઃ ॥૧૯॥**

શબ્દાર્થ—આપણા આચાર્યશ્રીનાં વચન-નિબંધ, શ્રીસુબોધિનીજી, તેમજ ષોડષગ્રંથ વગેરેમાં નિષ્ઠાવાળો, નિરંતર ભાવવાળો હોય એવા વૈષ્ણવના સંગમાં રહેવું, અને બીજા સર્વનો સંગ છોડી દેવો.-(૧૯).

વિવેચન—એક આપણા આચાર્યશ્રીનાં વચનોમાં નિષ્ઠા રાખવી, એઓશ્રીએ કરેલા શ્રીસુબોધિનીજી, નિબંધ વગેરે પુષ્ટિમાર્ગીય ગ્રંથો કહેવા અને સાંભળવા, તેમાં જે ક્રિયા-ભાવ બતાવ્યો છે, તેમાંજ મન રાખીને તે પ્રમાણે રહેવું, અને જે ભગવદીય શ્રીમહાપ્રભુજીનાં વચન પ્રમાણે ચાલે છે, શ્રીમહાપ્રભુજીનાં વચનોમાં જેના પૂર્ણ શ્રદ્ધા છે, એવાનોજ સંગ રાખવો. એવા ન હોય તે સર્વનો ત્યાગ કરવો. જો એવો ભગવદીય મળે તો સંગ કરવો, ન મળે તો સર્વ સંગ છોડીને ભગવત્સેવા સ્મરણ માર્ગની રીતિ પ્રમાણે કરવું, પણ અન્ય ( માર્ગીય ) નો સંગ કદાપિ ન કરવો. આવી રીતે વૈષ્ણવ રહે, તો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની કૃપાથી પુષ્ટિમાર્ગીય ફળ પ્રાપ્ત થાય.-(૧૯).

ઇતિ શ્રીહરિરાયજી વિરચિત વીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

# * શિક્ષાપત્ર ૨૧ મું *

હવે એકવીસમા શિક્ષાપત્રમાં લૌકિક વ્યાવૃતિ છોડીને પણ સેવા કરવી તેવી બુદ્ધિ દઢ થાય તો સેવા થાય. ભગવદીય સાથે નિરંતર નિવેદનના ચિંતનથીજ બુદ્ધિ દઢ થાય. વિપરીત વાર્તા સાંભળવાથી ચિત્ત ખેદ પામે, તેની પ્રભુ ઉપેક્ષા કરે છે. આ કાળ છે તે સત્પુરુષની બુદ્ધિનું પણ હરણ કરે છે, માટે પુષ્ટિમાર્ગીય ભગવદીયની સાથે રહેવું, તેનું નિરૂપણ છે. ઉપર કહ્યું તે પ્રકારે વૈષ્ણવ રહે તો ફળ સિદ્ધ થાય. પણ કળિકાળના દોષથી ભકિતમાર્ગનો ભાવ અને સત્સંગ તિરોભૂત થઈ ગયો છે, તેનું પરિણામ શું આવે છે તે બતાવે છે.

**શ્લોક —ભકિતમાર્ગસ્તિરોભૂતસ્તથા સંગઃ સતામપિ ।।**
**તતો ભાવસ્ય શૈથિલ્યં તદભાવેઽખિલં વૃથા ।।૧।।**

**શબ્દાર્થ**—ભકિતમાર્ગ તિરોભૂત થઈ ગયો છે, તેમજ સતપુરુષનો સંગ પણ તિરોભૂત થઈ ગયો છે, તેથી ભાવની શિથિલતા થઈ છે, હવે જો ભાવનો નાશ થાય તો સઘળું વૃથા છે.–(૧).

વિવેચન—આ મહાન કઠિન કાળ છે, જેમાં ભકિતમાર્ગ તિરોભૂત થઈ ગયો છે, અને પુષ્ટિમાર્ગીય ભગવદીયનો સંગ પણ તિરોભૂત થઈ ગયો છે. તેથી પુષ્ટિમાર્ગીય ભાવ પણ શિથિલ થઈ ગયો છે, આથી ભાવ વિનાનું બધું વૃથા છે. કારણ કે આ પુષ્ટિમાર્ગમાં ભાવજ મુખ્ય છે. ભાવાત્મક માર્ગ છે, જેટલી ક્રિયા દેખાય છે તે સર્વ ભાવાત્મકજ છે. તે ભાવ તો પુષ્ટિમાર્ગમાં સ્થિત હોય અને ભગવદીયનો સંગ હોય તોજ જણાય, નહિ તો કેવી રીતે જણાય? ભકિતમાર્ગમાં તો અષ્ટપ્રહર કેવળ પ્રભુનુંજ સુખ વિચારે, પોતાના દેહ સંબંધી સુખ લગાર પણ ન વિચારે, આવી રીતે સેવા કરવી તો દુર્લભ છે, તેથી ભાવ શિથિલ થઈ ગયો છે, અને ભાવ વિના બધું વૃથા છે.–(૧).

**શ્લોકઃ—ભકિતમાર્ગીયતાભાવ[illegible]ાત્રં હિ કર્મવત્ ।**
**તત્રાપિ ન મનઃ સ્થૈર્યં વિક્ષેપાદ્વ્યવહારતઃ ।।૨।।**

**શબ્દાર્થ**—ભકિતમાર્ગીયતાનો અભાવ (ભગવદ્ ભાવનો) હોય તો આ સેવા પણ ક્રિયામાત્ર, કર્મકાંડ જેવી છે, તેમાં પણ (લૌકિક) વ્યવહારને લીધે વિક્ષેપ થવાથી મનની સ્થિરતા નથી.–(૨).

**વિવેચન**—ભકિતમાર્ગની રીતિ એવી છે, કે આઠ પહોર ભાવમાં રહે, તે કયાં છે? પણ કર્મવત ક્રિયા છે. જેમ કર્મમાર્ગીય કર્મ કરે ત્યાં સુધી પ્રયોજન, પછી કશું નહિં, તેમજ સેવા સમયે ન સંયોગનું સુખ મળ્યું કે સેવાના અનોસરમાં ન વિયોગનું સુખ

મળ્યું. આથી સેવા તો કર્મમાર્ગની પેઠે ક્રિયામાત્ર છે, તે પણ વળી કર્મમાર્ગની પેઠે મન લગાડીને તો નથીજ, કારણ કે સેવામાં પણ મન એકાગ્ર નથી, અનેક પ્રકારના વ્યવહારના તરંગ મનમાં ઉઠે છે, તેથી કરીને મન સ્થિર નથી, પણ વિક્ષેપ પામે છે. આમ હોવાથી સેવા કર્મવત્ ક્રિયામાત્ર છે, ભગવત્સેવા ભાવપૂર્વક બનતી નથી.–(૨).

**શ્લોકઃ—વ્યાવહારોઽપ્યસિદ્ધશ્ચેદ્વિશેષક્ષોભકો મતઃ ॥**
**તદ્ભાવે તુ ગાર્હસ્થ્યપ્રકારૈઃ સેવનં કુતઃ ॥૩॥**

શબ્દાર્થ—વ્યવહાર પણ જ્યારે સિદ્ધ થતો નથી ત્યારે વિશેષ ક્ષોભ એટલે ગભરાટ થાય છે, કારણ કે જો વ્યવહાર સિદ્ધ ન હોય તો ગૃહસ્થાશ્રમના પ્રકારથી સેવા શી રીતે બને ?–(૩).

વિવેચન—ભગવત્સેવામાં વ્યવહારના તરંગ ઉઠે છે, તે વ્યવહાર પણ સિદ્ધ ન થાય તો મનમાં બીજો અધિક ક્ષોભ (ગભરાટ) થાય છે, ધીરજ છુટી જાય છે. આવી સ્થિતિમાં ગૃહસ્થનો ભાવ કેવી રીતે રહે ? અને ભગવત્સેવા પણ કેવી રીતે બને ? આ પુષ્ટિમાર્ગ તો ભાવાત્મક સર્વોપરિ છે, અને જીવ તુચ્છ છે, આ કાળ પણ મહા કઠિન છે, સેવા કરતાં કરતાં પણ વ્યવહારનું સ્મરણ સ્વતઃ (આપોઆપ) કાળના દોષથી થાય છે. આ વ્યવહાર સિદ્ધ ન થાય તો ધીરજ કેવી રીતે રહે ? મનમાં અત્યંત દુઃખ પામે, અને લૌકિક ચિંતા હોય તો મનમાં ભગવદ્ભાવ શી રીતે રહે ? વળી ગૃહસ્થાશ્રમમાં તો સઘળું (લૌકિક, વૈદિક, કુટુંબનું પોષણ વિગેરે સર્વ) માથે છે. તે કરવું અને વળી ભગવત્સેવા કરવી શી રીતે બને? મન તો ચિંતાએ આવીને પકડયું છે, અહીં કોઈ કહે કે વ્યવહાર ન કરો, પ્રભુ તો સર્વ સામર્થ્યવાન છે, લૌકિક વૈદિક સર્વ કાર્ય સિદ્ધ કરશે, તમે ભગવત્સેવાં મન રાખીને કરો. આવી રીતે કોઈ કહે, ત્યાં આગળ કહે છે.–(૩).

**શ્લોકઃ—વ્યાવૃત્યભાવપક્ષસ્તુ બુદ્ધ્યદાર્ઢ્યાત્સુદુર્લભઃ ।**
**બુદ્ધિદાર્ઢ્યં તુ સતતં નિવેદનવિચિંતનૈઃ ॥૪॥**

શબ્દાર્થ—વ્યાવૃત્તિ ન કરવાની બાબતમાં (લૌકિક વૈદિક છોડવાની બાબતમાં) બુદ્ધિની દ્રઢતા નથી રહેતી, તેથી અત્યંત દુર્લભ છે, અને બુદ્ધિની દ્રઢતા તો નિરંતર નિવેદનના વિશેષ ચિંતનથી થાય.–(૪).

વિવેચન—વ્યાવૃત્તિ બંધ શી રીતે કરે ? કદાપિ વ્યાવૃત્તિ છોડીને ભગવત્સેવા કરે તે તો સર્વોપરિ છે, પણ એવી શ્રેષ્ઠ બુદ્ધિ નથી. આવી રીતે આ સમયમાં પ્રભુનો પૂર્ણ વિશ્વાસ તો દુર્લભ છે, માટે પૂર્ણ વિશ્વાસ વિના વ્યાવૃતિ છોડી દે તો બહુજ દુઃખ પામે, શ્રીઠાકોરજીમાં દોષ બુદ્ધિ આવી જાય. હું એમના આશ્રયે સેવા કરૂં છું, છતાં પ્રભુ મારૂં લૌકિક પણ સિદ્ધ કરતા નથી. આ પ્રમાણે બને તો અનર્થ થાય, અને દાસભાવ જતો રહે માટે વ્યાવૃતિ કેમ છોડાય ? આવી ઉત્તમ બુદ્ધિ પણ નથી, અને પૂર્ણ વિશ્વાસ તો દુર્લભ છે. અહીં કોઈ કહે, કે બુદ્ધિ ઉત્તમ હોય, અને પૂર્ણ વિશ્વાસ જેવી રીતે થાય તે પ્રમાણે

કાર્ય કરો. ત્યાં કહે છે કે બુદ્ધિ ઉત્તમ અને વિશ્વાસ પૂર્ણ તો ત્યારેજ થાય કે જ્યારે આઠ પહોર નિવેદનનું ચિંતન થાય. અષ્ટાક્ષર અને શરણની ભાવના કરે, ગદ્યમાં શું નિવેદન કર્યું છે? હવે કેવી ક્રિયા કરું છું? કેટલા દિવસથી ભુલ્યો છુ? શ્રીઆચાર્યજી મહાપ્રભુજી દ્વારા સંબંધ થયો છે, તે પ્રભુ કેવા છે? જીવ કેવો છે? જીવે કેવી રીતે દાસત્વ કરવાનું છે? આવી રીતે વિચાર કરે તો બને. પંચાક્ષરમાં પ્રભુજ ગતિ છે, આવી રીતે નિવેદનનું ચિંતન કરે, અને બુદ્ધિ બહુ ઉત્તમ હોય તો દ્દઢ વિશ્વાસ પણ આવે. હવે નિવેદનના ચિંતનનો પ્રકાર કહે છે.

**શ્લોકઃ—તત્રાપિ સહભાવસ્તુ સતામેવ નિરૂપિતઃ ।**
**તે દુર્લભા દૂરગાશ્ચ તતો બુદ્ધિર્ન તાદશી ॥૫॥**

**શબ્દાર્થ**—તેમાં (નિવેદનના ચિંતનમાં) પણ સત્પુરુષ (ભગવદીય) નોજ સંગ નિરુપણ કર્યો છે, તેવા ભગવદીય દુર્લભ અને દૂર રહે છે, તેથી એવી ઉત્તમ બુદ્ધિ થતી નથી.-(૫).

**વિવેચન**—નિવેદનનું ચિંતન પોતાની બુદ્ધિથી બની શકતું નથી. નવરત્ન સ્તોત્રમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી નિરૂપણ કરે છે, કે "નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ" (નિવેદનનું સ્મરણ તો ખાસ તાદશી ભગવદીય સાથેજ કરવું.) માટે નિવેદનનું ચિંતન ભાવપૂર્વક તાદશી પુષ્ટિમાર્ગીય ભગવદીય સાથે મળીને કરે તો ભાવ સિદ્ધ થાય. અહીં કોઈ કહે કે ભગવદીય સાથે મળીને નિવેદનનું ચિંતન તો કરી લઈએ, પણ પુષ્ટિમાર્ગીય ભગવદીય મળવા બહુજ દુર્લભ છે. અને કોઈક છે તે દૂર છે, તેમનો સંગ કેવી રીતે થાય? એવા ભગવદીયના સંગ વિના ઉત્તમ બુદ્ધિ કેવી રીતે થાય?-(૫).

**શ્લોક—સ્થિતાપિ શીર્યતે નિત્યં પોષકાભાવતો મમ ।**
**ખિન્નં ચ જાયતે ચિત્તં વાર્તાશ્રવણતોઽન્યથા ॥૬॥**

**શબ્દાર્થ**—મારી બુદ્ધિ સ્થિત છે, (અથવા સ્થિતોપિ એવો પાઠ હોય તો ભાવ સ્થિત છે) તોપણ પોષણ કરનાર ન હોવાથી શિથિલ થાય છે, અને અન્ય વાર્તા સાંભળીને ચિત્ત ખેદયુકત થાય છે.-(૬).

**વિવેચન**—ભાવ વધારે ને વધારે વધે તે તો બહુ દુર્લભ છે, [illegible]કંઈક ભાવ આગળનો હૃદયમાં રહેલો છે તે પણ ક્ષીણ (ઓછો) થતો જાય છે, દિવસે [illegible]સે ઘટતો જાય છે. કારણ કે પોષણ કરનાર મળતું નથી. ભગવદીયનો મેળાપ થાય તો ભાવનું પોષણ થાય, ભાવ વધે. સત્સંગ વિના ભાવ શિથિલ થઇ જાય છે. ઉલટું લૌકિક મનુષ્યોનો સંગ આવી વળગ્યો છે તેથી અનેક પ્રકારની લૌકિક વાર્તા કહેવી પડે છે, અને અન્યથા લૌકિક વાર્તા સાંભળવાથી ચિત્તને મહા ખેદ થઈ રહ્યો છે, હંમેશાં અન્યવાર્તા અને અન્યશ્રવણ મારા કાનમાં થાય છે, તે હું કોને કહું? આ પ્રમાણે મનમાં ખેદ થાય છે.-(૬).

શ્લોકઃ—શ્રુતોત્તમપ્રકારાશ્ચ ભગવન્માનસા અપિ ॥
અસ્મદીયા લૌકિકેષુ પ્રતિષ્ઠામાત્ર સાધકાઃ ॥૭॥
ચિત્તવ્યયં પ્રકુર્વંતિ વૃથા દેહં ચ તદ્ગતમ્ ॥
ભગવન્માર્ગનિષ્ઠા તુ લોકનિષ્ઠાવિરોધિની ॥૮॥

શબ્દાર્થ—ભગવાનમાં મનવાળા અને જેમણે ઉત્તમ પ્રકારે શ્રવણ કર્યું છે, તેઓ પણ લૌકિકમાં પ્રતિષ્ઠા સિદ્ધ કરનારા થઈ ગયા છે. (૭) ચિત્તને અન્ય જગાએ લઈ જાય છે, અને દેહને નકામો તેમાં (સેવામાં) રાખે છે, કારણ કે ભગવન્નમાર્ગની નિષ્ઠા છે, તે લૌકિક નિષ્ઠાથી વિરુદ્ધ છે. (૮)

વિવેચન—આવી રીતે હું મનમાં દુખી છું, ભગવદ્ભાવ દિવસે દિવસે શિથિલ થઈ જાય છે. હું મારા કાનથી ઉત્તમ પ્રકારે (મારી પ્રસંશા) સાંભળું છું. કોઈ કહે છે કે આઠ પહોર એનું મન પ્રભુમાં લાગેલું રહે છે, વિગેરે ઘણી વડાઈ હું મારા કાનથી સાંભળું છું, તેથી કરીને શું સિદ્ધ થયું ? લૌકિકમાં ફક્ત પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થઈ. લૌકિકમાં આ ફળ થયું, બીજું કંઈ દેખાતું નથી. પણ આ પ્રતિષ્ઠાથી મારૂં કાર્ય શું સિદ્ધ થયું ? આ પ્રતિષ્ઠા તો ભગવદ્ભાવમાં બાધક છે. (૭) તેનું આગળ નિરૂપણ કરે છે કે જો આ ચિત્ત પ્રભુના ચરણારવિંદમાં ન લાગે, અને આ મનુષ્ય દેહ તથા ઇંદ્રિયો ભગવાનમાં રોકાય નહિં, તો તે સર્વ વૃથા છે. એકાદશ સ્કંધમાં રાજા જનક કહે છે કે, "દુર્લભો માનુષો દેહો દેહિનાં ક્ષણભંગુરઃ" (દેહધારી જીવનો આ મનુષ્યદેહ દુર્લભ છે, અને ક્ષણમાં નાશ થઈ જાય એવો છે) તે વૃથા જાય છે. વળી સપ્તમ સ્કંધમાં પ્રહલાદજી કહે છે કે "બુદ્ધિમાને કુમાર અવસ્થામાં આ સંસારમાં ભગવદ્ધર્મનું આચરણ કરવું, કારણ કે મનુષ્યજન્મ મહા દુર્લભ છે, પણ તે નિશ્ચલ નથી, તો પણ પુરુષાર્થ આપનાર તો છે.) વિગેરે વચનોથી સમજાય છે, કે મનુષ્ય દેહ મહા દુર્લભ છે, ક્ષણમાં તેનો નાશ છે, તેથી પ્રભુની સેવા, દર્શન, વિગેરે જે પરમ દુર્લભ છે, તે બને તો સારૂં. આ કુમાર અવસ્થા ભગવદ્ધર્મ આચરવા યોગ્ય છે, ભગવદ્વિનિયોગ વિના દેહયૌવન સર્વ વૃથા છે. વળી પ્રભુના માર્ગની નિષ્ઠા છે, તે લૌકિક નિષ્ઠાની વિરોધી છે. કારણ કે પોતાની વડાઈ સાંભળીને આનંદ માને તો મદ આવે અને પ્રભુ હૃદયમાંથી જતા રહે. માટે આ લૌકિકની વડાઈ છે તે ભગવદ્ધર્મમાં ખાસ બાધક છે. (૮)

શ્લોકઃ—સંસારવૈરી કૃષ્ણોઽપિ મૂઢાનેતાનુપેક્ષતે ॥
કાલઃ સતામપિ હરત્યસૌ સંપ્રતિ સન્મતિમ્ ॥૯॥

શબ્દાર્થ—સંસાર (અહંતા મમતાત્મક)ના વૈરી શ્રીકૃષ્ણ પણ આવા મૂઢ અને સંસારાસક્તની ઉપેક્ષા કરે છે, અને વળી આ કાળ અત્યારે સત્પુરુષોની પણ સુંદર મતિનું હરણ કરે છે. (૯)

વિવેચન—સંસાર વૈરી આવું શ્રીકૃષ્ણનું નામ છે. જ્યાં શ્રીકૃષ્ણ હૃદયમાં આવે, ત્યાં સંસાર નાશ કરે. તેનાથી લૌકિક દેહ સંબંધી સર્વથા ન બને. પણ આ જીવ અજ્ઞાની છે,

એટલે શ્રીકૃષ્ણની ઈચ્છા પણ કરે છે, અને સંસારની પણ અપેક્ષા (કામના) રાખે છે. પણ જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી શ્રીકૃષ્ણ ક્યાં? જ્યારે શ્રીકૃષ્ણ કૃપા કરશે ત્યારે (અહંતા મમતાત્મક) સંસારનો નાશ થશે. પણ કાળ દોષથી પ્રભુનું જ્ઞાન થતું નથી એવો કઠિન કાળ આવ્યો છે. સત્પુરૂષોની મતિ એટલે બુદ્ધિ તેને પણ હરી લે છે, અને તેથીજ જીવ વારંવાર સંસારની અપેક્ષા રાખે છે, જો કે સંસારને તુચ્છ જાણે છે, અને ભગવાનના ગુણજ સંસારનો નાશ કરનારા છે તે પણ જાણે છે, તોપણ આ કાળે કરીને સત્પુરુષોની બુદ્ધિ પણ હીન થઈ ગઈ છે, (તેથી સંસારની અપેક્ષા રાખે છે.)-(૯).

**શ્લોકઃ—કાલદોષનિરાકર્તા ન સંગોઽસ્તિ સતામપિ ।**
**અતઃ સ્થેયં સાવધાનૈઃ સમસ્તૈર્માર્ગવર્તિભિઃ ॥૧૦॥**

**શબ્દાર્થ**—કાળ દોષનો નાશ કરે એવો સત્પુરુષનો સંગ (પણ પ્રાપ્ત) નથી તેથી સર્વે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ સાવધાન થઈને રહેવું.-(૧૦).

વિવેચન—હવે શ્રીહરિરાયજી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને શિક્ષા (બોધ) આપે છે કે સાવધાન રહેવું. કાળદોષનું નિવારણ હું પણ કરી શકતો નથી, કારણ કે સત્સંગ મળતો નથી. જો ભગવદીયનો સંગ કરોતો કાળ દોષ બાધા કરે નહિં. પણ સત્સંગ તો મહા દુર્લભ છે, માટે ક્ષણ ક્ષણમાં સાવધાન રહેજો. આ પુષ્ટિમાર્ગ સર્વોપરિ છે તે માર્ગમાં તમે રહેલા છો, માટે દુઃસંગથી બચજો, ભગવદીયનો સત્સંગ કરો, અને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણકમળમાં ચિત્ત રાખો.-(૧૦).

ઇતિશ્રીહરિરાયજી વિચરિત ૨૧ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## ⟶ બિરદ-બલ ⟵

**યહ મેરી કૃતિ દેખિકેં, નરક હસતહે મોય,**
**નાથ રાવરે બિરદ બલ, પાંવ પસારૂં સોય.**

—પ[illegible]ત

**જીવાઃ સ્વભાવતો દુષ્ટાઃ**—જીવ તો સ્વભાવથી દુષ્ટ છે [illegible]લે તેની કૃતિ પણ દુષ્ટજ હોય, પરંતુ એ દુષ્ટતાએ પણ માઝા મૂકી છે. [illegible]ી આવી ભયંકર કૃતિઓ જોઈને નરક એટલે યમરાજા પણ હસે છે [illegible]ને મનમાં વિચારે છે જે આટલી હદે દુષ્ટતા કયારેય જોઈ નથી! આવા જીવની શું ગતિ થશે? વ્યાસદાસજી દૈન્યપૂર્વક વિનંતિ કરે છે જે, આટલી હદે મારી દુષ્ટતા છે છતાં હે નાથ! આપનું બિરદ એવું છે જે જીવના દોષ લક્ષમાં ન લેતાં કેવળ કૃપાજ કરવી, અને તેથીજ હું નિશ્ચિંત છું, મને યમ-દ્વારનો ડર નથી.

# * શિક્ષાપત્ર ૨૨ મું *

હવે બાવીસમા શિક્ષાપત્રમાં આ પુષ્ટિમાર્ગમાં પોતાનો ભાવ છે, તે સાધન છે, અને ભાવાત્મક ભગવાન છે તે પ્રમેય અને ફળરૂપ છે, માટે નિધિરૂપ ભાવની રક્ષા કરવી અને ભાવની વિરૂદ્ધ હોય તેનો ત્યાગ કરવો. હરિકૃષ્ણ નામના વૈષ્ણવનું ચિત્ત બહુ શુદ્ધ છે માટે તેની ઉપર કૃપા રાખીને તેનો સંગ કરવો, એનું નિરૂપણ છે. ઉપર કહ્યું કે સત્સંગ વિના આ જીવ કાળદોષ દૂર કરી શકતો નથી, માટે સર્વે વૈષ્ણવોએ સાવધાન રહેવું, કારણ કે આ ભાવાત્મક માર્ગ છે. આ પ્રકાર આગળ કહે છે.

શ્લોકઃ—ભાવોઽત્ર સાધનં માર્ગે પ્રમેયં ભગવાન્ હિ સઃ ।
પ્રમાણં કૃષ્ણસેવાદૌ ( સેવાદિઃ ) સ એવ ચ ફલં પુનઃ ॥

શબ્દાર્થ—આ પુષ્ટિમાર્ગમાં ભાવ છે તે સાધન છે, અને પ્રમેય તેજ ભગવાન છે. પ્રથમ શ્રીકૃષ્ણની સેવા પ્રમાણરૂપ હોય છે, અને પછી તેજ ફળરૂપ બને છે. અથવા શ્રીકૃષ્ણની સેવા વિગેરે જે કાર્યો છે, તે પ્રમાણરૂપ છે અને તેજ ફળરૂપ છે.–(૧).

વિવેચન—આ પુષ્ટિમાર્ગમાં ભાવ એજ સર્વોપરિ સાધન છે અને ભગવાનનું પ્રમેય બળ ફળ છે. શ્રીઠાકોરજી પણ ફલાત્મક, ભાવરૂપ, પ્રમેયરૂપ છે. આ પુષ્ટિમાર્ગમાં એવું પ્રમાણ નથી કે આટલી સેવાથી ફળ થાય. જ્યારે પ્રમેય બળ વિચારે તેજ સમયે ફળદાન થાય. માટે શ્રીકૃષ્ણની સેવા તેજ પ્રમાણ અને તેજ ફળરૂપ છે. જ્ઞાનમાર્ગ તથા કર્મમાર્ગમાં સાધન તથા ફળ જુદાં જુદાં છે. ફળ મેળવ્યા પછી સાધન કરે એવો આ પુષ્ટિમાર્ગ નથી. અહીં તો સાધનમાં પણ શ્રીકૃષ્ણની સેવા અને ફળ પણ શ્રીકૃષ્ણની સેવા છે. માટે ફળરૂપ જાણી સેવા કરવી જોઇએ. શ્રીકૃષ્ણની સેવા કરતાં શ્રેષ્ઠ બીજુ ફળ કયું છે? આ બાબતમાં નવમસ્કંધમાં ભગવાન કહે છે કે, “ મારી સેવાથી પ્રાપ્ત થતી સાલોક્યાદિ ચાર પ્રકારની મુક્તિને પણ મારી સેવાથી પૂર્ણ એવા મારા ભક્તો ઇચ્છતા નથી, તો કાળથી નાશ પામે એવાં રાજ્યાદિકને તો કેમજ ઇચ્છે ” જે ભક્તોને મારી સેવામાં વિશ્વાસ છે, તેઓ ચારેય પ્રકારની મુક્તિને પણ ઇચ્છતા નથી. સેવાથી પૂર્ણ હોઈ તેઓ મુક્તિને પણ બાધક જાણી ઇચ્છતા નથી. માટે પ્રમાણ પણ કૃષ્ણસેવા અને ફળ પણ કૃષ્ણસેવાજ છે.–(૧).

શ્લોકઃ—તસ્માત્સ એવ સંરક્ષ્યો નિધિરૂપસ્તુ સર્વથા ।
યત્તદ્વિરૂદ્ધં તત્સર્વં જ્ઞાત્વા જ્ઞાત્વા નિવર્તયેત્ ॥૨॥

શબ્દાર્થ—માટે આ નિધિરૂપ ભાવનુંજ સર્વ રીતે સર્વ સાધનોથી રક્ષણ કરવું. અને બીજું જે એથી વિરુદ્ધ હોય તે સર્વ સમજી સમજીને દૂર કરવું.–(૨).

**વિવેચન**—માટે નિધિરૂપ શ્રીકૃષ્ણ છે, તેમજ નિધિરૂપ ભાવને જાણી લૌકિક દુઃસંગથી નિધિનું અવશ્ય રક્ષણ કરવું. આ પુષ્ટિમાર્ગને જે અનુકૂળ હોય તેનો સંગ્રહ અને પ્રતિકૂળ હોય તેનો ત્યાગ કરવો, એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.-(૨).

**શ્લોકઃ—હરિકૃષ્ણે યથાપૂર્વં સ્નેહઃસ્થાપ્યો વિશેષતઃ ।**
**ગોષ્ઠી ચ તાદૃશૈ. (તાદૃશી) કાર્યા ધ્રુવમસ્મત્પ્રયત્નતઃ ॥**

**શબ્દાર્થ**—હરિકૃષ્ણ નામના વૈષ્ણવ પર પ્રથમની પેઠે વિશેષતાથી સ્નેહ સ્થાપન કરજો, અને ગોષ્ઠી (સ્નેહસહિત વાર્તા) પણ તેવાઓની સાથે પોતાના પ્રયત્નપૂર્વક કરવી.-(૩).

**વિવેચન**—હરિકૃષ્ણ વૈષ્ણવમાં પ્રથમની પેઠે સ્નેહ સ્થાપન કરજો. એવા પુષ્ટિમાર્ગીય તાદૃશી વૈષ્ણવ હોય, તેમની સાથે ભગવદ્વાર્તા પ્રયત્નપૂર્વક સાથે મળીને કરવી અને પુષ્ટિમાર્ગીનો ભાવ વિચારવો જેથી અવશ્ય ભગવદ્ભાવ હૃદયમાં સ્થિર થાય. માટે ભગવદીયનો સત્સંગ અવશ્ય કરવો.-(૩).

**શ્લોક —એતસ્યાંતઃ સ્થિતિઃ પ્રાયઃ સમીચીનાવલોકયતે ।**
**નાન્યચ્ચ લૌકિકં ચિત્તે વિચાર્યમિહ સર્વથા ॥૪॥**

**શબ્દાર્થ**—એની (હરિકૃષ્ણની) ઘણું કરીને અંતઃસ્થિતિ. (અંતર્મુખતા) વિશેષ દેખવામાં આવે છે, માટે એનો સંગ કરવો, અને ચિત્તમાં આ સંસારનું કંઈ પણ લૌકિક કોઈ પણ રીતે નજ વિચારવુ.-(૪).

**વિવેચન**—ભગવદીય સાથે નિત્ય ગોષ્ઠી કરતાં કરતાં અંતઃકરણમાં ભાવની સિદ્ધિ થાય, ત્યારે હૃદયમાં ભગવાન સદા બિરાજે છે. તેનું દર્શન થાય ત્યારે આ જીવનું ચિત્ત કોઇ પણ રીતે લૌકિકમાં ન લાગે. નાના પ્રકારના લૌકિક વિચાર, મિથ્યાધ્યાન, મિથ્યા કાર્ય મિથ્યાવાણી એ સર્વ ખાસ કરીને છુટી જાય.-(૪).

**શ્લોકઃ—વિશેષસ્તુ સમગ્રેઽપિ ભાંડાગારિકપ ત્રતઃ ॥**
**વિજ્ઞેયઃ સર્વથા શીઘ્રં લિખ્યતાં તદુત્તરમ્ ॥૫॥**

**શબ્દાર્થ**—વિશેષે બીજા બધા સમાચાર ભંડારીના પત્રથી જાણશો, અને એનો ઉત્તર જલદીથી જરૂર લખજો.-(૫).

**વિવેચન**—વિશેષ સમાચાર ભંડારીના પત્રથી જાણશો, પત્ર વાંચીને બરાબર જલદીથી જવાબ લખશો.-(૫).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત બાવીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

# * શિક્ષાપત્ર ૨૩ મું *

હવે તેવીસમા શિક્ષાપત્રમાં લૌકિક દુઃખ હૃદયમાં ન લાવવું, અલૌકિકમાં ચિંતા ન કરવી, બહિર્મુખતા ન રાખવી, બહિર્મુખતાની નિવૃત્તિના પ્રકાર શ્રીભાગવતનો પાઠ તથા અર્થશ્રવણ, વૈષ્ણવની સાથે નિવેદનનું સ્મરણ, સદા ભગવાનનું નામ ગ્રહણ, તથા સદા શરણ-ભાવના, અષ્ટાક્ષરનું ઉચ્ચારણ રાખવું, પંચાક્ષર મંત્રથી તદીયપણાની ભાવના કરવી, વૈરાગ્ય અને સંતોષ રાખવો, આનું નિરૂપણ છે. ઉપર કહ્યું કે ભગવદીયો જોડે વાર્તા કરવાથી ભાવ સિદ્ધ થાય, તો હૃદયનાં પ્રભુને દેખે, ત્યારે વિચારમાં ચિત્ત ન જાય. પરંતુ હૃદયમાંથી ચિંતા ન છૂટે ત્યાં સુધી હૃદયમાં ભાવ શી રીતે આવે? તે સર્વ પ્રકાર આગળ નિરૂપણ કરે છે.

**શ્લોકઃ—સર્વતઃ શ્રુતસિદ્ધાંતાઃ કથં મુહ્યંતિ લૌકિકે ।**
**અલૌકિકે તુ ચિંતા યા વિષયાભાવતો ન સા ॥૧॥**

શબ્દાર્થ—શ્રીહરિરાયજી લખે છે કે આપે તો બધો સિદ્ધાંત સાંભળ્યો છે, છતાં લૌકિકમાં જે ચિંતા છે તે તો વિષયના અભાવના કારણે નથી.–(૧).

વિવેચન—હવે શ્રીહરિરાયજી લખે છે કે તમે શ્રુતિ, સ્મૃતિ, વેદ, પુરાણ, શ્રીભાગવત સર્વના સિદ્ધાંતને જાણો છો, તો આ લૌકિકમાં મોહ શાથી પામો છો? આ તમને ઉચિત નથી. હવે હું તમને સિદ્ધાંત કહુ છું તે ચિત રાખીને સાંભળો. જ્યાં સુધી અલૌકિક વિષય હૃદયમાં જતા નથી ત્યાં સુધી અલૌકિક ભાવ હૃદયમાં રહેતો નથી માટે ક્ષણ ક્ષણમાં ચિંતા થાય છે, જ્યારે હૃદયમાંથી વિષય દૂર થાય ત્યારે ચિંતા થતી નથી, આથી આપણા પુષ્ટિ-માર્ગમાં લૌકિક અલૌકિક એક પણ ચિંતા ન કરવી જોઈએ.–(૧).

**શ્લોકઃ—યતઃ સર્વસમર્થોઽસ્મત્પ્રભુઃ સર્વં કરોતિ હિ ॥**
**પિતેવ ( પતિવત્ ) નિજદાસાનામૈહિકં પારલૌકિકમ્ ॥૨॥**

શબ્દાર્થ—આપણા પ્રભુ સર્વ સમર્થ છે, તેથી પિતાની પેઠે અથવા પતિની પેઠે પોતાના દાસોનું લૌકિક અને પારલૌકિક બેઉ સિદ્ધ કરશે.–(૨).

વિવેચન—શ્રીકૃષ્ણ આપણા પ્રભુ સર્વ સામર્થ્યયુકત છે. શ્રીગુંસાઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "ઈશ્વર એવા જે તેમાં કરવાનું, ન કરવાનું, અને વિપરિત કરવાનું સામર્થ્યવાન દેખ્યું છે તેથી મને સંશય નથી" શ્રીકૃષ્ણ કર્તું, અકર્તું, અન્યથાકર્તું સર્વ સામર્થ્યવાન છે, તે પ્રભુ લૌકિક, અલૌકિક, સર્વ સિદ્ધ કરશે માટે ભગવદીયે ચિંતા ન કરવી જોઈએ. અહીં દૃષ્ટાંત કહે છે, જેમ લૌકિકમાં પોતાના પિતા પુત્રની રક્ષા કરે અને સ્વામી નિજદાસની રક્ષા કરે તેમ પ્રભુ પોતાના નિજ દાસોનું લૌકિક અલૌકિક સર્વ સિદ્ધ કરશે એમ નિશ્ચય જાણવું–(૨).

શ્લોકઃ—અત એવાસ્મદાચર્યવચનં વૈ વિરાજતે ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ॥૩॥

શબ્દાર્થ—આથીજ ભગવાન પુષ્ટિમાર્ગમાં પ્રકટ બિરાજમાન છે, તે લૌકિક ગતિ સર્વથા નહિં કરે, આ શ્રીમહાપ્રભુજીનું વચન પ્રકટ બિરાજમાન છે.–(૩).

વિવેચન—પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે ચિંતા ન કરવી જોઈએ, એવું આપણા આચાર્યશ્રીનું વચનામૃત બિરાજમાન છે. નવરત્ન ગ્રંથના પ્રથમ શ્લોકમાં લખ્યું છે, તે વચનથી આ હકીકત સિદ્ધ છે. વળી પુષ્ટિમાર્ગમાં ભગવાન સાક્ષાત બિરાજમાન છે, તે પોતાના નિવેદનીય (અંગીકૃત) જીવની લૌકિક ગતિ કદી પણ નહિં કરે આવો વિશ્વાસ વૈષ્ણવે મનમાં રાખવો. આ પુષ્ઠિમાર્ગ સમાન બીજો કોઈ માર્ગ નથી, કે જેમાં શરણે આવ્યા પછી લૌકિક ગતિ કદી પણ થતી નથી. ત્યાં કોઈ કહે કે વૈરાગ્ય હોય તો લૌકિક ગતિ ન થાય, પણ લૌકિકમાં રહે સઘળું લૌકિક કાર્ય કરે, તેની લૌકિક ગતિ કેમ ન કરે? ત્યાં કહે છે.–(૩).

શ્લોકઃ—મર્યાદામાર્ગવૈરાગ્યાદ્યભાવેઽપિ ગતિઃ સતામ્ ॥
ચિંતાસંતાનહંતારોઽપ્યાચાર્યપદરેણવઃ ॥૪॥

શબ્દાર્થ—પુષ્ટિમાંર્ગીય વૈષ્ણવમાં મર્યાદામાર્ગીય વૈરાગ્ય, વિગેરે સાધનોનો અભાવ હોય તો પણ સત્પુરુષની ઉત્તમ ગતિ થાય; વળી ચિંતાના વિસ્તારને મટાડનારી શ્રીઆચાર્યજીના ચરણારવિંદની રજ પણ (પોતાનાપર) બિરાજમાન છે.–(૪).

વિવેચન—મર્યાદામાર્ગની એવી રીતિ છે કે જ્ઞાન વૈરાગ્યમાં ગતિ થાય, જેટલું સાધન જીવ કરે, તેટલી ઉત્તમ ગતિ તેને મળે, જ્ઞાનમાર્ગથી સત્યલોક (બ્રહ્માના લોક) માં જાય છે. મર્યાદામાર્ગ (પ્રમાણમાર્ગ) ની આ રીતિ છે, અને આ પુષ્ટિમાર્ગમાં પ્રમેયથી ફળ છે, સાધનથી ફળ નથી. શ્રીભાગવત એકાદશ સ્કંધમાં ભગવાન કહે છે, " કેવળ ભાવથીજ ગોપીજનો, ગાયો, મૃગ, પક્ષી અને અન્ય જે મૂઢ બુદ્ધિવાળા નાગ, સિદ્ધ વિગેરે શ્રમ વિના મને પ્રાપ્ત થયા " વ્રજમાં શ્રીકૃષ્ણભગવાન નિઃસાધનજનોના સ્વામી છે, તેથી પ્રભુ પોતાના પ્રમેય બળથી ફળદાન કરે છે. આ પુષ્ટિશ્રીકૃષ્ણ બિરાજે છે તે સાધનની અપેક્ષા રાખતા નથી. પોતે પ્રમેય બળથી જ દાન કરે છે. માટે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે લૌકિક અલૌકિક ચિંતા પણ કદી ન કરવી. નવરત્ન ગ્રંથમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે "જેમણે પોતાના આત્માને નિવેદન કર્યો છે, (સમર્પણ કર્યો છે) તેમણે કંઈપણ ચિંતા કદીપણ કરવી ન જોઇએ" નિવેદન કર્યું છે તે જીવે સર્વથા ચિંતા ન કરવી. આ બાબતમાં શ્રીગુસાંઈજીએ નવરત્ન ગ્રંથની ટીકામાં મંગળાચરણ કર્યું છે જે "જેના ચરણકમળની રેણુ પોતાના અંગીકૃત ભકતોની ચિંતાના વિસ્તારનો નાશ કરનારી છે, તે આપણા આચાર્યશ્રીને વારંવાર પ્રણામ કરૂં છું" શ્રીમહાપ્રભુજીના ચરણની રેણુના પ્રતાપથી સઘળી ચિંતા આપોઆપ નાશ પામે છે, એવા શ્રીઆચાર્યજીના ચરણકમળને વારંવાર નમસ્કાર કરૂં છું.–(૪).

શ્લોકઃ—અતસ્તદીયાઃ કિં ભ્રાન્તાશ્ચિંતા વિદધતે જનાઃ ॥
જ્ઞાનિનોઽપિ ન વૈ દુઃખં ચિત્તો દધતિ લૌકિકમ્ ॥૫॥

**સેવારસાદિરહિતાશ્ચિત્રં ભકતાઃ કથં તથા ॥**
**યૈઃ સ્વરૂપસ્ય સેવાયાં દર્શનસ્પર્શનાદિકમ્ ॥૬॥**
**અનુભૂતં સદા તેષાં ચિત્તં દુઃખયુતં કથમ્ ॥**
**પરમાનંદસંબંધે દુઃખં તિષ્ઠતિ નૈવ હિ ॥૭॥**

**શબ્દાર્થ**—આથી શ્રીમહાપ્રભુજીને શરણે આવેલા એવા ભગવદીયજનો શા માટે ભ્રમમાં પડે છે? કેમ ચિંતા કરો છો? સેવા સુખના અનુભવ વગરના એવા જ્ઞાનીઓ પણ ચિત્તમાં લૌકિક દુઃખ લાવતા નથી, તો સેવા સુખના અનુભવવાળા એવા જે તમો તે ચિત્તમાં લૌકિક દુઃખ શા માટે ધરો છો? આશ્ચર્ય જેવું છે કે જેમણે સ્વરૂપની સેવામાં દર્શન ચરણસ્પર્શાદિકનો અનુભવ કર્યો છે, તેમનું ચિત્ત ખેદયુકત શાથી થાય છે? કારણ કે પરમાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણના સંબંધમાં નકકી દુઃખ રહેતુંજ નથી.–(૫–૬–૭).

**વિવેચન**—આવા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ શ્રીમહાપ્રભુજીના સેવક અંતરંગ થઈને ચિંતા શા માટે કરો છો? કારણ કે જે જ્ઞાનમાર્ગીય જીવ છે, તે પણ લૌકિક દુઃખ મનમાં ધરતા નથી. લૌકિક દુઃખાગ્નિ તેમના ચિત્તને દહન કરી શકતો નથી, તો આ તો પુષ્ટિમાર્ગ છે, જેમાં શ્રીમહાપ્રભુજીદ્વારા પ્રભુની સાથે સંબંધ થયો છે, છતાં અજ્ઞાનતાથી ચિત્તમાં વ્યગ્ર છો, તેવી ચિંતા કંઈ પણ ન કરવી, પ્રભુ સર્વ સામર્થ્યવાન છે.–(૫) એવા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ શ્રીકૃષ્ણની સેવાના રસ વિના કેમ રહે છે? જ્ઞાનીને સેવારસનું જ્ઞાન પણ નથી તો પણ ચિંતા કરતા નથી, તો આ તો સાક્ષાત શ્રીકૃષ્ણના સ્વરૂપની સેવા કરે છે, દર્શન કરે છે, ચરણસ્પર્શ કરે છે, તો પણ ચિત્તમાં ભગવદ્રસના અનુભવ સિવાય કેમ રહે છે? તેથી એમ જણાય છે, કે ચિંતા મનમાં ભરી છે, માટે રસનો અનુવ થતો નથી.–(૬). પુષ્ટિમાર્ગ એવો છે કે જેમાં ભાવાત્મક સર્વ પદાર્થોનો અનુભવ છે. તેને ચિતમાં દુઃખ કેમ થાય છે? કારણ એ છે કે લૌકિક ચિંતાથી અજ્ઞાનતાથી દુઃખી છે, ભાવાત્મક રસનો અનુભવ નથી થતો. શ્રીકૃષ્ણ પરમાનંદરૂપ ફલાત્મકનો સંબંધ શ્રીઆચાર્યજીદ્વારા થયો છે, એવા નિવેદનવાળા વૈષ્ણવના હૃદયમાં દુઃખ કેમ રહી શકે છે? કારણ એ છે કે અજ્ઞાનતાથી લૌકિક ચિંતાથી દુઃખી થાય છે.–(૭).

**શ્લોકઃ—પિત્રાદયસ્તુસર્વેઽપિ સંબંધાદ્દુઃખહેતવઃ (સમ્બંધાયસ્વહેતવઃ) ॥**
**બહિર્મુખજનસ્યૈવ બાહિર્મુખ્યં તતસ્ત્યજેત્ ॥૮॥**

**શબ્દાર્થ**—પિતા, સ્ત્રી, પુત્રાદિક, સર્વે બહિર્મુખ જનોનો જે સંબંધ તેજ દુઃખના કારણરૂપ છે, (અથવા સંબંધને લીધે બહિર્મુખતાથી એમ મનાય છે કે કાર્ય સિદ્ધ થાય છે તે ઉપરનાં સંબંધીઓને લીધે સિદ્ધ થાય છે.) આવી બહિર્મુખતાનો ત્યાગ કરવો.–(૮)

**વિવેચન**—લૌકિક પિતા છે, તે પોતાના પુત્રને સર્વસ્વ આપી દે છે, તેથી પ્રિય લાગે છે. પરન્તુ આ પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણની સાથે સાક્ષાત સંબંધ થયો છે, ત્યાં સર્વ વસ્તુ સિદ્ધ થાય છે, તો પણ અજ્ઞાનતાથી ચિંતા કરીને પિતા વિગેરેની સાથે લૌકિક સ્વાર્થને માટે સ્નેહ કરી બહિર્મુખતા કરે છે. પોતાનો શ્રીકૃષ્ણની સાથે થયેલો સંબંધ વિચારે, તો બહિર્મુખતા નાશ પામે.–(૮).

શ્લોકઃ—બહિર્મુખસ્ય બાધંતે દોષાદૈહિકમાનસાઃ ।
ક્ષીણધાતોરિવાર્ત્તસ્ય રોગા વાતિકપૈત્તિકાઃ ॥૯॥

શબ્દાર્થ—જેમ ક્ષીણધાતુ રોગી હોય, તેને વાયુનો અને પિત્તનો રોગ પીડા કરે, તેમ બહિર્મુખને દેહ સંબંધી અને મનસંબંધી દોષ પિડા કરે છે.-(૯).

વિવેચન—વૈષ્ણવને બહિર્મુખનો સંગ બાધક છે, આવા સંગથી દૈહિક દોષ, માનસ દોષ નક્કીજ લાગુ પડે છે. તે બાબતમાં દ્દષ્ટાંત કહે છે કે રોગી હોય તેમજ તેની ધાતુ ક્ષીણ થઈ ગઈ હોય તેને વાયુ પિત્ત એ સર્વે આવીને જેમ પકડે છે. તેવી રીતે બહિર્મુખનો સંગ જેને થાય તેને બધા દોષો બાધા કરે છે-(૯)

શ્લોકઃ—તન્નિવૃતિસ્તુ સંપાદ્યા સતાં સંગેન સેવયા ।
શ્રીભાગવતપાઠેન તદર્થં શ્રવણાદપિ ॥૧૦॥

શબ્દાર્થ—એની (દુઃસંગની) નિવૃત્તિ તો સત્પુરૂષોના સંગથી તથા તેમની સેવાથી સંપાદન કરવી, અને શ્રીભાગવતના પાઠથી તથા તેના અર્થ શ્રવણથી પણ બહિર્મુખતાની નિવૃત્તિ કરવી.-(૧૦).

વિવેચન—જેમ રોગી સુંદર ઓસડ ખાય તો તેનો રોગ જાય, તેમજ તાદ્દશીય ભગવદીયનો વૈષ્ણવ સંગ કરે, તેની સેવા કરે, તો બહિર્મુખતા જાય. ભગવદીયના સંગથી દૈહિક, માનસિક સર્વ દોષ દૂર થાય છે. ત્યાં કોઈ સંદેહ કરે કે તાદ્દશીય વૈષ્ણવ મળવા દુર્લભ છે, તે ન મળે તો શું કરે ? ત્યાં કહે છે કે શ્રીભાગવતનો પાઠ કરે, શ્રીભાગવત શ્રીકૃષ્ણનું જ સ્વરૂપ છે તેથી શ્રીભાગવતનો પાઠ કરે. શ્રીભાગવતનો અભ્યાસ જો ન હોય તો પુષ્ટિમાર્ગીય ભગવદીયના મુખથી કથા-વાર્તા શ્રવણ કરે તો સર્વ દોષ જાય.-(૧૦).

શ્લોકઃ—નિવેદનસ્મરણતઃ સદ્ભિઃ સહ કથાદિભિઃ ।
સદા નામગ્રહણતઃ સદા શરણભાવનાત્ ॥૧૧॥

શબ્દાર્થ—નિવેદનના સ્મરણથી, સત્પુરુષની સાથે કથાદિક કરીને, સદા ભગવન્નામ ગ્રહણ કરીને અને સદા શરણની ભાવના કરવાથી ચિંતા નિવૃત્ત થાય છે. આનો ચૌદમા શ્લોકમાં સંબંધ છે.-(૧૧).

વિવેચન—જો શ્રીભાગવત શ્રવણ કરવાની સવડ ન બની આવે તો અહર્નિશ નિવેદનનું સ્મરણ કર્યા કરે, તથા સદા ભગવદીયના મુખથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ગ્રંથોની કથા સાંભળે. તે પણ ન બને તો હંમેશાં શ્રીકૃષ્ણના નામનું સ્મરણ કરે. પરન્તુ નામસ્મરણ પણ આ જીવને દુર્લભ છે, આથી શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં શ્રીગોવર્ધનનાથજીને કહે છે, કે "આપનું ઉચ્ચારણ કરવાની યોગ્યતા પણ જીવમાં નથી. કારણ કે આપનું નામ તો મહા અલૌકિક છે, અને જીવની લૌકિક વાણીથી તે કેવી રીતે લેવાય" તેથી નામ પણ જો ન લઈ શકાય તો શરણની ભાવના રાખે. આ બાબતમાં વિવેકધૈર્યાશ્રયમાં

શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે, "આ લોકમાં તથા પરલોકમાં ખાસ હરિજ શરણ છે. દુઃખમાં, હાનિમાં તથા પાપમાં તથા ભયમાં તેમજ કામનાઓ અપૂર્ણ રહે ત્યાં, તથા ભકત-કૃતદ્રોહમાં, ભકતને દ્રોહ થઈ જાય ત્યાં, ભકિતના અભાવમાં, અને ભકત અતિક્રમ કરે ત્યાં તેમજ અશકયમાં તથા સુશકયમાં સર્વથા હરિજ શરણ છે" વિગેરે વચનો અનુસાર શરણની ભાવના કરવી.–(૧૧).

**શ્લોકઃ—અષ્ટાક્ષરમહામંત્રકીર્તનેન વિશેષતઃ ।**
**પંચાક્ષરેણ મંત્રેણ તદિયત્વવિભાવનાત્ ॥૧૨॥**

**શબ્દાર્થ—**અષ્ટાક્ષર મહામંત્રનું કીર્તન કરીને અને ખાસ કરીને પંચાક્ષર મંત્રે કરીને તદીયપણાની વિશેષ ભાવના કરવાથી ચિંતા નાશ પામે.–(૧૨).

**વિવેચન—**અષ્ટાક્ષર મહામંત્ર છે, "**શ્રીકૃષ્ણઃ શરણં મમઃ**" આ મંત્રનું આઠે પહોર દ્રવિત હ્રદયથી કીર્તન કરે તો સર્વ સિદ્ધ થાય. આ બાબતમાં દ્વાદશ સ્કંધમાં શ્રીશુકદેવજી કહે છે. 'હે રાજન !' જો કે કળિયુગ દોષનો ભંડાર છે; પરન્તુ તેમાં એક મોટો ગુણ છે કે શ્રીકૃષ્ણના નામનું કીર્તન જો કરે તો આ કાળના બંધ નાશ પામે છે." માટે અષ્ટાક્ષર મંત્રનું કીર્તન કરે, તથા પંચાક્ષરની ભાવના તદીય થઈને તદીયની સાથે મળીને કરે તો ચિંતા નાશ પામે. શ્રીઆચાર્યજી મહાપ્રભુજી નવરત્ન ગ્રંથમાં કહે છે કે, "નિવેદનં તું સ્મર્તવ્યં સર્વથા તાદ્રશૈર્જનૈ:" (સર્વથા તાદશીય વૈષ્ણવજનની સાથે નિવેદનનું સ્મરણ કરવું.) ભગવદીયના સંગ વિના પંચાક્ષરની ભાવના પ્રકટ ન થાય, માટે નિવેદનના સ્મરણમાં ભગવદીયની અપેક્ષા છે.–(૧૨).

**શ્લોકઃ—વૈરાગ્યપરિતોષાભ્યાં કૃષ્ણસન્નિહિતસ્થિતેઃ ।**
**લૌકિકકલેશજૌદાસ્યાત્પુત્રાદ્યનનુરાગતઃ ॥૧૩॥**

શબ્દાર્થ—વૈરાગ્ય તથા સંતોષે કરીને શ્રીકૃષ્ણ (ભગવત્સ્વરૂપ) ના સન્નિધાનમાં રહેવાથી, લૌકિકકલેશથી ઉત્પન્ન થયેલી ઉદાસીનતાથી, અને પુત્રાદિક વિગેરેમાં અપ્રીતિથી, ચિંતા નિવૃત્ત થાય છે.–(૧૩).

વિવેચન—સંસાર (આ દેહ સંબંધી લૌકિક પદાર્થ) માં વૈરાગ્ય રાખવો. સંસારમાં વૈરાગ્ય થાય તો આ લૌકિક સુખદુઃખ મનને પીડા ન કરે. માટે વૈરાગ્ય રાખે અને જે આવી મળે તે વડે સંતોષ પામે (સ્વભાવિક રીતે આવી મળે તેમાં સંતોષ રાખે) તો મનમાં વિક્ષેપ ન થાય. અને જ્યાં શ્રીકૃષ્ણ બિરાજતા હોય તથા પુષ્ટિમાર્ગની રીતિ પ્રમાણે સેવા થતી હોય, તેની પાસે સ્થિતિ હોય તો દર્શન સેવા બની આવે. આથી ભકિતવર્ધિનીમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે, "અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિંત ન દુષ્યતિ" "સમીપમાં અથવા દૂર, જેમ ચિત્તમાં દોષ ન આવે, તેમ રહે" નિકટ રહીને સેવા કરે તો ચિત્તના સઘળા દોષોનો નાશ થાય. પરન્તુ બહુજ પાસે રહેવાથી મનમાં દોષ આવે તો નેક દૂર રહે, પણ હંમેશાં સેવા અને દર્શન બને તેટલાં કરે. લૌકિક કલેશથી પોતાના મનને વિક્ષેપ ન પમાડે, કલેશ ન કરે, દેહ સંબંધી પુત્ર, સ્ત્રી, બંધુ, કોઈમાં પણ અનુરાગ ન રાખે.–(૧૩).

**શ્લોકઃ—ગૃહવિત્તાદ્યનાસક્ત્યા તદીયેષ્વતિરાગતઃ ।**
**નવરત્નસ્ય પાઠેન સર્વચિંતા નિવર્તતે ॥૧૪॥**

**શબ્દાર્થ**—ગૃહ અને ધનાદિકમાં આસક્તિ ન રાખવાથી અને તદીય વૈષ્ણવપર અતિ સ્નેહ રાખવાથી, અને નવરત્ન સ્તોત્રનો પાઠ કરવાથી લૌકિક અલૌકિક સંબંધી સઘળી ચિંતા નાશ પામે છે.-(૧૪).

**વિવેચન**—ઘર ધન ઇત્યાદિમાં આસક્તિ (મોહ) ન રાખે, એ સઘળાં ચિંતાનાં મૂળ છે માટે તેમાં પ્રીતિ ન કરે. પુષ્ટિમાર્ગીયમાં પ્રીતિ રાખે, અને નવરત્ન ગ્રંથનો પાઠ નિત્યનિયમ પ્રમાણે કરે, તો મનમાંથી સઘળી ચિંતા નાશ પામે. ચિંતા મટાડવા માટે ગોવિંદદવેવૈષ્ણવના નિમિત્તે એતન્માર્ગીય સર્વને માટે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ નવરત્ન ગ્રંથ પ્રકટ કર્યો છે. માટે નવરત્નના પાઠથી સર્વ ચિંતા દૂર થાય.-(૧૪).

**શ્લોકઃ—એવં નિવૃત્તવૈમુખ્યં જનં દુઃખં ન બાધતે ।**
**અતસ્તન્માત્રયત્નૈસ્તુ ભવિતવ્યંભવાદૃશૈઃ ॥૧૫॥**

**શબ્દાર્થ**—ઉપર કહ્યું તેવી રીતે જેની બહિર્મુખતા ગઈ છે એવા વૈષ્ણવજનને દુઃખ બાધા કરતું નથી. માટે બહિર્મુખતાની નિવૃત્તિ માટેજ યત્ન છે જેનો એવા ભગવદીયના સંગમાં રહેવું-(૧૫).

**વિવેચન**—ઉપર સઘળા ભગવદ્ધર્મ બતાવ્યા છે, તેનાથી બહિર્મુખતા નિવૃત્ત થશે, તેનું સઘળું દુઃખ દૂર થશે, તે મનમાં પરમ સુખ પામશે. આવી રીતે દુઃખની નિવૃત્તિના અનેક યત્ન કરવા જોઈએ. આવા યત્ન ભાવ વધારનાર છે. જેના ભાગ્યમાં જલદી ફળદાન છે તેનાથી ભાવ વૃદ્ધિ થાય એવા યત્નો બની આવશે.-(૧૫).

**શ્લોકઃ—દુઃખેન ન વૃથા નેયઃ કાલઃ પરમદુર્લભઃ ।**
**કૃષ્ણસેવાનુકૂલસ્તુ નિજાચાર્યાશ્રયાશ્રિતૈઃ ॥૧૬॥**
**દ્રુતં હેયા વૃથા ચિંતા પ્રાપ્તાઽપિ નિજદોષતઃ ।**
**ચિત્તોદ્વેગં વિધાયાપીત્યેતદ્વચનચિંતનાત્ ॥૧૭॥**

**શબ્દાર્થ**—આપણા આચાર્યશ્રીના આશ્રયવાળાનો આશ્રય કરનાર અથવા આપણા આચાર્યશ્રીના દૃઢ આશ્રયવાળા ભગવદીયના આશ્રિત એવા વૈષ્ણવે ભગવત્સેવામાં અનુકૂળ એવો આ સમય જે પરમ દુર્લભ છે, તે લૌકિક કલેશમાં ન ગુમાવવો-(૧૬) અને પોતાના દોષથી પ્રાપ્ત થએલી એવી વૃથા ચિંતા નવરત્ન ગ્રંથનાં વચનનાં ચિંતનથી જલદી ત્યાગ કરવી.-(૧૭).

**વિવેચન**—આ સમય પરમ દુર્લભ છે, વારે વારે આવો સમય મળતો નથી, આ મનુષ્ય દેહ શ્રીકૃષ્ણની સેવાને અનુકૂળ છે, તેને લૌકિક ચિંતામાં વૃથા ન ગુમાવવો, કારણ કે આ દેહથી શ્રીકૃષ્ણની સેવા બને છે. અન્ય યુગોમાં આ પુષ્ટિમાર્ગીય સેવા નહોતી, માટે

આ સમય બ્રહ્માદિકને પણ દુર્લભ છે. શ્રીઆચાર્યજીદ્વારા બ્રહ્મસંબંધ અન્ય યુગોમાં કયાં છે? શ્રીઆચાર્યજી મહાપ્રભુનો આશ્રય પછી કયાં? અને શ્રીઆચાર્યજીના આશ્રયવાળા તાદૃશીય અંતરંગ સેવકોનો આશ્રય પણ કયાં છે? આવી રીતે મનમાં વિચારીને આ સમય પરમ દુર્લભ જાણી દુઃખ કલેશમાં કે લૌકિકમાં મન લગાડીને ખોવો નહિં. ભગવદીયનો આશ્રય તથા આપણા શ્રીવલ્લભાચાર્યજીનો આશ્રય કરી શ્રીકૃષ્ણની સેવા અવશ્ય પ્રેમપૂર્વક કરવી જોઈએ. કારણ કે આ દેહ અને આ કાળ સેવાને અનુકૂળ છે. એમ જાણી એક ક્ષણ પણ સેવા વિના ન રહે.–(૧૬). જલદીથી ચિંતાનો ત્યાગ કરે, એક ચિંતાથી અનેક દોષ આવી પડે છે. તેથી નવરત્નનાં વચનોનું ચિંતન કરી નિશ્ચય પૂર્વક ચિંતાનો ત્યાગ કરવો. નવરત્ન ગ્રંથમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે, "ચિત્તને ઉન્દ્વેગ થાય ત્યારે પણ તે દૂર કરીને હરિ ભગવાન જે જે કરશે તે તે તેની લીલાજ છે એમ જાણીને ચિંતાનો તુરતજ ત્યાગ કરવો." આ વચનથી તરતજ ચિંતાનો ત્યાગ કરી, આગળ ભગવદ્ધર્મ કહ્યા તેમાં પ્રવૃત્ત થઇ ભગવત્સેવા, સ્મરણ અને તાદૃશીય ભગવદીયનો સંગ મન લગાડીને કરે, અને વળી નવરત્ન ગ્રંથનું નિત્ય ચિંતન કરે, પાઠ કરે, ભાવ વિચારે, તો ચિંતા દૂર થાય.–(૧૭).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત ત્રેવીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાનો ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## પુષ્ટિમાર્ગનું સ્વરૂપ

સર્વ સાધન રાહિત્યં ફલાપ્તૌ યત્ર સાધનં
ફલં વા સાધનં યત્ર, પુષ્ટિમાર્ગ: સ કથ્યતે
અનુગ્રહેણૈવ સિદ્ધિર્લૌકિકી યત્ર વૈદિકી
ન યત્નાદન્યથા, વિઘ્ન: પુષ્ટિમાર્ગ: સ કથ્યતે
લોકવેદ ભયાભાવો યત્ર ભાવાતિરેકત:
સર્વઆવકતા સ્ફૂર્તિ: પુષ્ટિમાર્ગ: સ કથ્યતે
સંબંધ: સાધનં યત્ર ફલં સંબંધ એવહી
સોપિ કૃષ્ણેચ્છયા જાત: પુષ્ટિમાર્ગ: સ કથ્યતે
ફલે ચ સાધનેચૈવ સર્વત્ર વિપરીત:
ફલભાવ: સાધનસ્ય પુષ્ટિમાર્ગ: સ કથ્યતે

શ્રી હરિરાયજી વિરચીત પુ. મા. લક્ષણાનિ એ સ્તોત્રમાંથી ઉદ્ધૃત—

# * શિક્ષાપત્ર ૨૪ મું *

હવે ચોવીસમા શિક્ષાપત્રમાં ભગવત્કૃપાજ કારણ છે, માટે આપણા આચાર્યશ્રીનો દૃઢ આશ્રય રાખવો. અવતાર દશામાં જેમ શ્રી યમુનાજી વિગેરે ભગવત્સંબંધ કરાવનાર છે, તેમજ અનવતાર દશામાં શ્રીમદાચાર્યવર્ય ભગવત્સંબંધ કરાવનાર છે. જેમ સર્વને મારનારો સાપ અમૃતપાન કરનારને સૂંઘવા માટે પણ શકિતમાન નથી, તેમ સર્વની બુદ્ધિનો નાશ કરનારો આ કરાળકાળ શ્રીમદાચાર્યશ્રીનો આશ્રય કરનારને કશું પણ કરવાને શકિતમાન નથી; માટે આપણે તો સંપત્તિમાં અને વિપત્તિમાં પણ શ્રીઆચાર્યચરણનો પ્રકટિત અષ્ટાક્ષર મંત્રજ સાધન અને સાધ્ય છે, તેનું નિરૂપણ છે. ઉપર કહ્યું કે ચિંતા ત્યજે, ભગવત્સેવાદિ ધર્મ કરે, તે બાબતમાં જીવનું શું સામર્થ્ય છે? જીવ તો કાળના દોષથી ગ્રસિત છે, માટે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો દૃઢ આશ્રય થાય તો પ્રભુ કૃપા કરે. તે આશ્રય શી રીતે થાય તે હવે કહે છે.

શ્લોકઃ—ભકિતમાર્ગે કૃપામાત્રં કારણં પરમુચ્યતે ।
તેનૈવ માર્ગે સકલં સિદ્ધિમેતિ ન સંશયઃ ॥૧॥

શબ્દાર્થ—ભકિતમાર્ગમાં કૃપા એજ ઉત્તમ કારણ છે, (ભગવાનના) અનુગ્રહથીજ સકળ સિદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે, તેમાં સંશય નથી.-(૧).

વિવેચન—આ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો આ પુષ્ટિમાર્ગ છે, તેમાં કૃપાજ મુખ્ય કારણ છે. સાધનથી ફળ નથીજ. કૃપાથીજ ફળ સિદ્ધ છે. તે (કૃપા) થીજ આ પુષ્ટિમાર્ગમાં આવેલા જે વૈષ્ણવ છે તેને સકળ ફળ સિદ્ધજ છે. કદાપિ તે જીવથી સાધન નહિ બને તો પણ શું થયું! પુષ્ટિમાર્ગમાં સ્થિતિ તો થઈ છે, નિવેદન તો કર્યું છે, તેથી પ્રમેયબળથી વિના સાધને એનું બધુંજ સર્વ રીતે શ્રીકૃષ્ણ સિદ્ધ કરશેજ એમાં સંશય નહિં.-(૧).

શ્લોકઃ—સા તુ સ્વાચાર્યશરણાગતૌ તૈર્જ્ઞાપિતઃ પ્રભુઃ ।
યદૈવ કુરુતે કૃષ્ણસ્તદા ભવતિ સર્વથા ॥૨॥

શબ્દાર્થ—આવી કૃપા તો આપણા શ્રીઆચાર્યશ્રીને શરણે જાય, અને એઓશ્રીએ જણાવેલા એવા પ્રભુ શ્રીકૃષ્ણ જ્યારે કૃપા કરશે, ત્યારેજ નકકી થશે.-(૨).

વિવેચન—પુષ્ટિમાર્ગમાં આવીને આપણા આચાર્યશ્રીને શરણે જીવ આવી રહે તો શ્રીઆચાર્યજી તે જીવને શ્રીકૃષ્ણને સોંપશે. ત્યારે સર્વ રીતે તે જીવ પર શ્રીઠાકોરજી કૃપા કરશે.-(૨).

શ્લોક—અતસ્તદાશ્રયો જીવૈર્દૃઢ એવ વિધીયતામ્ ।
યથાવતારલીલાયાં તાસાં શ્રીયમુના મતા ॥૩॥
યથા વા હરિદાસો હિ પુલિંદીનાં ગિરિર્મતઃ ।
યથા વાગ્નિકુમારાણાં વ્રતે કાત્યાયની મતા ॥૪॥
પ્રાદુર્ભૂતઃ સ્વયં કૃષ્ણો યથા સ્વપ્રાપણે મતઃ ।
યથા વા દૈન્યભાવાત્મા પ્રાદુર્ભાવે સ્વયં મતઃ ॥૫॥
તથા પરોક્ષે જીવાનાં પુષ્ટિસંબંધસિદ્ધયે ।
શ્રીમદાચાર્યસંબંધો નાન્યદસ્તિ હિ સાધને ॥૬॥

શબ્દાર્થ—આથી જીવે શ્રીઆચાર્યજીનો દૃઢ આશ્રય કરવો. કારણ કે જેમ અવતાર લીલામાં કુમારિકાઓને માટે શ્રી યમુનાજી છે.–(૩). અથવા જેમ પુલિંદીજીને ભગવદ્ભકત ગિરિરાજજી છે, અને અગ્નિકુમારોને જેમ વ્રતમાં કાત્યાયની છે, અને આ બધાં પ્રભુનો સંબંધ કરાવનાર છે.–(૪). અને જેમ શ્રીકૃષ્ણની પ્રાપ્તિમાં શ્રીકૃષ્ણ પોતેજ પ્રકટ થયા છે, અને જેમ રાસપંચાધ્યાયીમાં પ્રાદુર્ભાવમાં વ્રજભકતોને દૈન્યભાવ દાન કરનાર આપજ છે.–(૫) તેવીજ રીતે પરોક્ષમાં જીવોને પુષ્ટિસંબંધની સિદ્ધિને માટે શ્રીમદાચાર્યજીદ્વારા સંબંધજ સાધન છે, અન્ય સાધન નથી.–(૬).

વિવેચન—માટે આ પુષ્ટિમાર્ગીય જીવે શ્રીવલ્લભાચાર્યજીના ચરણકમળનો દૃઢ આશ્રય કરવો, તેથી ફલ પ્રાપ્ત થાય. જેમ અવતાર દશામાં શ્રીયમુનાજીદ્વારા કુમારિકાઓને પ્રભુ પ્રાપ્ત થયા તેમજ અત્યારે શ્રીઆચાર્યજીદ્વારા જીવને પ્રભુનો સંબંધ થયો છે, માટે મુખ્ય શ્રીમહાપ્રભુજીનો આશ્રયજ છે. આ વખતમાં તો એક શ્રીમહાપ્રભુજીજ દ્વાર છે. વળી જેમ અવતાર લીલામાં હરિદાસ (ગિરિરાજજી) પરમભકત છે, તેમના સંગથી પુલિંદીજીને ભકિતની પ્રાપ્તિ થઈ, લીલાની પ્રાપ્તિ થઇ, વળી અગ્નિકુમારિકાઓને કાત્યાયનીના વ્રતના મિસથી શ્રીયમુનાજી દ્વારા સિદ્ધિ પ્રાપ્ત થઈ, પુલિંદીજીની સેવા શ્રીગિરિરાજદ્વારા પ્રભુએ અંગીકાર કરી, કુમારિકાઓની સેવા શ્રીયમુનાજીદ્વારા અંગીકાર કરી, તેવીજ રીતે હાલ શ્રીઆચાર્યજીદ્વારા વૈષ્ણવોની સેવા પ્રભુ અહીં અંગીકાર કરે છે.–(૪). અને શ્રીકૃષ્ણની પ્રાકટ્ય દશામાં સ્વયંપ્રભુ પોતાની પ્રાપ્તિ કરાવે છે. ફળ પ્રકરણરાસપંચાધ્યાયીમાં અતિશય દીનતાની ભાવનાથી આપજ પ્રભુ પ્રકટયા. ત્યાં કહે છે કે "એવી રીતે (ગોપીકા ગીતથી) ઉત્કૃષ્ટ ગાન કરતાં, અને વિચિત્ર પ્રકારે વિલાપ કરતાં શ્રીકૃષ્ણનાં દર્શનની લાલસાવાળાં ગોપીજનો હે પરીક્ષિત! વિપ્રયોગ પ્રકટ જણાય તેવા સ્વરથી રૂદન કરવા લાગ્યાં. તેઓની મધ્યમાંથી હાસ્યયુકત છે મુખકમળ જેમનું એવા, પીતાંબર ધારણ કરનારા, વનમાળાવાળા, અને સાક્ષાત કામદેવના પણ કામદેવ જેવા સ્વરૂપે પ્રભુ પ્રકટ થયા." આવી રીતે દીનતાથી પ્રભુ પ્રકટ થયા.–(૫). પ્રાકટ્ય દશામાં જેમ શ્રીયમુનાજીથી, શ્રીગિરિરાજજીથી અને સ્વયં પ્રભુથી અને દીનતાથી જેમ સર્વ સિદ્ધ છે, તેમજ હાલ પરોક્ષદશામાં પુષ્ટિસંબંધ થયો છે તેથી સિદ્ધ છે. કારણ કે આ કળિયુગમાં બીજું સાધન (શ્રીમહાપ્રભુજી સિવાય) છે નહિં. માટે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સંબંધથી નિવેદન થાય તેજ સાધન છે. અન્ય સાધન છેજ નહિ, એક શ્રીમહાપ્રભુજીના સંબંધથીજ પ્રભુ ફળદાન કરે છે.–(૬).

**શ્લોકઃ—અત એવોકતમાચાર્યૈઃ સ્તોત્રે કૃષ્ણાશ્રયાભિધે ।**
**શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ॥૭॥**

શબ્દાર્થ—આથીજ શ્રીમદાચાર્યજી શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્રમાં આજ્ઞા કરે છે કે, "શરણમાં રહેલા જીવના ઉદ્ધારના કારણરૂપ એવા શ્રીકૃષ્ણને હું વિનંતિ કરૂં છું."–(૭).

વિવેચન—અમારા શ્રીમદાચાર્યશ્રી શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથમાં શ્રીકૃષ્ણને જીવને માટે વિજ્ઞપ્તિ કરે છે કે જીવ શરણે આવ્યો તેનો ઉદ્ધાર કરો, અને પ્રતિજ્ઞા કરી જીવને વિશ્વાસ આપી ધીરજ આપે છે કે ઉદ્ધાર થશે; ચિંતા ન કરશો. તે હવે પછીના શ્લોકમાં કહે છે.–(૭).

**શ્લોકઃ—વિશ્વાસાર્થં વરમદાદિતિ શ્રીવલ્લભોઽબ્રવીત્**
**અતો નાન્યપ્રકારેણ ફલં સ્વહૃદિ ચિંત્યતામ્ ॥૮॥**

શબ્દાર્થ—વૈષ્ણવોને વિશ્વાસ માટે શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથમાં છેવટ આપે આજ્ઞા કરી છે કે, શ્રીકૃષ્ણની સંનિધાનમાં શ્રીકૃષ્ણાશ્રયનો જો પાઠ કરે તો તેને શ્રીકૃષ્ણનો આશ્રય સિદ્ધ થાય. આવી પ્રતિજ્ઞા આપે કરી છે, તેથી બીજા કોઈ પણ પ્રકારે પોતાના હૃદયમાં ફળનો વિચાર કરવો નહિં.–(૮).

વિવેચન—શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પ્રથમ શ્રીકૃષ્ણને (ઉપરના શ્લોકમાં લખ્યું તે પ્રકારે) વિજ્ઞપ્તિ કરીને હવે પોતાના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને કહે છે કે, "આ કૃષ્ણાશ્રય ગ્રંથનો પાઠ શ્રીકૃષ્ણની સન્મુખ કરવાથી શ્રીકૃષ્ણ આપણો આશ્રય અવશ્ય સિદ્ધ કરશે, આ મારી પ્રતિજ્ઞા છે." આવી રીતે શ્રીમહાપ્રભુજીએ પ્રતિજ્ઞા કરી છે. જેમ ચીરહરણમાં શ્રીઠાકોરજી ભકતોને કહે છે કે શરદઋતુમાં રાસ કરી તમારો મનોરથ પૂર્ણ કરીશ. આવું કહ્યું એટલે ભકતોને વિશ્વાસ આવ્યો. નહિં તો શરદ ઋતુ સુધી વિશ્વાસ રહત નહિં. તેવીજ રીતે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પ્રતિજ્ઞા કરી પોતાના અંતરંગ સેવકોને વિશ્વાસ આપે છે, માટે એક શ્રીઆચાર્યજી મહાપ્રભુજીદ્વારા ફળ સિદ્ધ છે, બીજી રીતે ફળનું ચિંતન કરવું નહિં.–(૮).

**શ્લોકઃ—વિશ્વાસેન યથાપ્નોતિ ચાતકઃ સ્વાતિજં જલમ્ ।**
**તથા ચેત્કૃષ્ણજલદઃ સ્વાનન્દં વર્ષયિષ્યતિ ॥૯॥**

શબ્દાર્થ—વિશ્વાસે કરીને જેમ ચાતકપક્ષી સ્વાતિનું જળ પામે છે, તેમજ શ્રીકૃષ્ણ જે ઘનશ્યામ છે તે પોતાનો આનંદ વર્ષાવશેજ.–(૯).

વિવેચન—વિશ્વાસથી ચાતક સ્વાતિના જળની અપેક્ષા રાખે છે. પૃથ્વીપર કૂવા, તળાવ, નદી, સમુદ્ર પર્યંત જલના ભર્યાં છે, તેમાં આશા નથી રાખતું. આ વિશ્વાસથી ઘન પણ ચાતકનો વિશ્વાસ પૂર્ણ કરે છે. તે રીતેજ જે વૈષ્ણવને એક શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય મનમાં થયો છે, બીજા અવતારો તથા બીજા દેવતાઓની ફળની આશા નથી રાખતા, તેમને જલદ (ઘનશ્યામ) રૂપ શ્રીકૃષ્ણ પોતાનો આનંદ વરસાવશેજ. આનંદનું દાન અવશ્ય કરશે.–(૯).

**શ્લોકઃ—એવં વિશ્વાસસદ્ભાવે સર્વમેવ ભવિષ્યતિ ।**
**યતઃ પરિવૃઢોઽસ્માકં સર્વં કર્તું ક્ષમો મતઃ ॥૧૦॥**

શબ્દાર્થ—એવો વિશ્વાસ હોય તો બધુંજ સિદ્ધ થશે, કારણ કે આપણા સ્વામી પ્રભુ સર્વ કરવામાં સમર્થ છે.–(૧૦).

વિવેચન—આવી રીતે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ શુદ્ધ ભાવથી વિશ્વાસ રાખે, તેનું સર્વ સિદ્ધ થાય. તેથી શ્રીહરિરાયજી કહે છે કે એવા અમારા પ્રભુ સર્વ કરવામાં સામર્થ્યવાળા છે, તેથી કૃપા કરશેજ. (૧૦)

**શ્લોકઃ—સ હિ સ્વતઃ સમર્થત્વાન્ન સાધનમપેક્ષતે ।**
**કાલકાર્યં વિલોકયાત્ર તદીયાનાં વિશેષતઃ ॥૧૧॥**
**નિઃસાધનત્વસંસ્ફૂર્ત્યા દૃઢઃસ્યાત્તત્પદાશ્રયઃ ।**

શબ્દાર્થ—આપણા સ્વામી પ્રભુ પોતેજ સમર્થ છે તેથી સાધનની અપેક્ષા રાખતા નથી. તેથી કાળના કાર્યને જોઈને તદીય વૈષ્ણવોએ વિશેષે કરીને નિઃસાધનપણાની બરાબર સ્ફૂર્તિ રાખવી, જેથી કરીને એમના ચરણારવિંદનો દૃઢ આશ્રય થાય.–(૧૧).

વિવેચન—શ્રીકૃષ્ણ પોતેજ સર્વ સમર્થ છે, કર્તું અકર્તું અન્યથા કર્તું સર્વ સમર્થ છે. તે પોતાના ભકતના સાધનની અપેક્ષા રાખતા નથી. અમુક આટલું સાધન કરે તો આ ફળ થાય, આવું તો અન્ય દેવતાઓમાં છે. જે જેટલું સાધન કરે, તેટલું લૌકિક ફળ આપવું એવું શ્રીકૃષ્ણમાં નથી. આ કાળની કૃતિ મહા કઠિન અને વિપરીત ધર્મવાળી જોઈને પોતાના તદીયપર પ્રભુ સાધન વગરજ કૃપા કરે છે. જેમ વ્રજ ભકતોએ રાસપંચાધ્યાયીમાં અંતર્ધ્યાન સમયે અનેક સાધનો કર્યાં, લીલા કરી, પણ પછી નિઃસાધન થઈ ગુણગાન કર્યાં, ત્યારે પ્રભુ ભકતોનો દૃઢ આશ્રય જાણીને પ્રકટ થયા. તેવીજ રીતે જ્યારે વૈષ્ણવ મનથી નિઃસાધન થાય, દીનતા પૂર્વક દૃઢ આશ્રય રાખે, તો પ્રભુ કૃપા કરે.–(૧૧).

**શ્લોકઃ—અસુરાણામવિશ્વાસસ્તથા તત્સંગિનામપિ ॥**
**મતિમોહો મહાદોષનિધાનં સંભવિષ્યતિ ॥૧૨॥**

શબ્દાર્થ—આસુરી જીવોનેજ પ્રભુમાં અવિશ્વાસ હોય છે, તેજ પ્રમાણે અસુરોના સંગીને પણ પ્રભુમાં અવિશ્વાસ છે, તેથી તેમાંના કોઈનો પણ સંગ થાય તો મતિમોહરૂપ મહાદોષના ભંડારનો ખાસ સંભવ છે.–(૧૨).

વિવેચન—જેના મનમાં અવિશ્વાસ છે, તે તદ્દન આસુરી છે. તેનો જો કોઈ સંગ કરે, તેનામાં પણ અવિશ્વાસરૂપ આસુરાવેશ થાય. માટે તેમનો સંગ સર્વથા ન કરવો. આ જીવની મતિને મોહ થયો છે, તેથી દોષરૂપ બની ગયો છે. તેથી નિઃસાધનતા આવતી નથી.

અહંતા એ મહા દોષ છે, પોતે એમ જાણે છે કે હુંજ કરૂં છું. આ અજ્ઞાનરૂપ દોષ કદી પણ દૂર ન થાય.-(૧૨).

**શ્લોકઃ—યથા પૂર્વકથાં શ્રુત્વા ભગવત્પાદસેવિનામ્ ।।**
**સ્વાસ્મિન્દૈન્યસમુત્પત્તિસ્તથા સાધનનાશનમ્ ।।૧૩।।**

**શબ્દાર્થ**—ભગવાનના ચરણારવિંદનું સેવન કરનારાઓની પહેલાંની (પ્રહલાદજી વિગેરેની) કથાઓ સાંભળીને જેમ પોતાનામાં દીનતાની ઉત્પત્તિ થાય છે અને સાધનનો નાશ થાય છે.-(૧૩).

**વિવેચન**—જ્યારે પૂર્વજો-પ્રથમના ભક્તો પ્રહલાદજી તેમજ વ્રજભક્તો વિગેરે જે શ્રીભાગવતમાં કહ્યા છે તે, તેમજ પુષ્ટિમાર્ગીય શ્રીમહાપ્રભુજીના સેવક ચોરાશી વૈષ્ણવની વાર્તા વિગેરે કથા સાંભળીને મનમાં વિચારે કે પ્રથમ આવી રીતે સેવા કરી છે અને હું શું કરૂં છું, આવી રીતે દીનતા રાખે અને ભગવત્સેવા કરે તો નિઃસાધન થાય અને સર્વ દોષ દૂર થાય. માટે કથા શ્રવણ એ મુખ્ય સેવાની પોષક વસ્તુ છે, શ્રીમહાપ્રભુજી ભક્તિવર્ધિનીમાં કહે છે કે "સેવાયાં વા કથાયાં" સેવા અને કથા બેઉ કર્તવ્ય છે. ભગવત્સેવા જો પ્રીતિથી કરે અને ભગવદીયના મુખથી કથા સાંભળે તો દીનતા આવે અને તેથી અહંતારૂપ (હું સાધન કરૂં છું) આ દોષનો નાશ થાય.-(૧૩).

**શ્લોક—તદીયાનાં સર્વમારિત સદા તદ્ભાવભાવિનામ્ ।**
**ઇતરેષાં કાલિકાનાં કાલેન નિખિલં જગત્ ।।૧૪।।**

**શબ્દાર્થ**—હંમેશાં એવા ભગવદ્ ભાવથી જે ભક્ત પૂર્ણ છે, તેનેસર્વ સિદ્ધ છે. અને જે કાળને વશ છે તેનું સર્વ કાળે કરી ગયેલું છે.-(૧૪).

**વિવેચન**—જે તદીય છે, તે ભગવદ્ ભાવથી ભાવિત હોય છે. તેઓ જે ભાવથી સેવા વગેરે કરે, તે ભાવમાં બીજો પણ લાગે, તો ફળ સિદ્ધ થાય. માટે શ્રવણ આવશ્યક છે. ગોપીકા ગીતમાં કહ્યું છે કે "સંસારથી તપ્ત કે વિયોગાગ્નિથી તપ્તના જીવનરૂપ, કવિજનોએ પ્રશંસા કરેલું, પાપ (મદ) ને મટાડનાર, સાંભળતા માત્રમાં કલ્યાણ કરનાર, લક્ષ્મીયુક્ત, અને સર્વત્ર વ્યાપ્ત, એવા આપની કથારૂપ અમૃતનુ પાન કરાવનારા જે છે, તેઓ બહુજ સંપત્તિ દેનારા અજન (ભગવદ્રુપ), અથવા જન્માદિ દોષથી રહિત છે" માટે શ્રવણથી સર્વ દોષ દૂર થાય અને ભગવદ્ભાવ વધે. અને આ ભાવ વગરના જે છે તેમનાં સઘળાં સાધન આ કરાળ કાળ ખાઈ જાય છે. કારણ કે કાળ સર્વનો સંહાર કરનાર છે, તે સર્વ જગતને ખાય છે.-(૧૪).

**શ્લોકઃ—યતઃ કાલસ્તદ્વિભૂતિઃ "કાલઃ કલયતામહમ્" ।।**
**મુખ્યાધિકાર્યપિ હરેરિચ્છાશક્તિસ્વરૂપવાન્ ।।૧૫।।**
**તદંતરંગદાસેષુ ન તાત્સામર્થ્યમિષ્યતે ।।૧૬।।**

શબ્દાર્થ—આ કાળ છે, તે ભગવાનની વિભૂતિ છે, કારણ કે ગીતામાં વિભૂતિના અધ્યાયમાં ભગવાને કહ્યું છે, કે સંખ્યા કરનારાઓમાં કાળ છે તે હું છું. માટે આ કાળ મુખ્ય અધિકારી ઈચ્છા શકિતરૂપ છે, તોપણ પ્રભુના અંતરંગ સેવકો પર તેની સત્તા કે સામર્થ્ય નથી.–(૧૫)–(૧૬).

વિવેચન—કાળ પ્રભુની વિભૂતિ છે, ને આ કાળદોષથી મહામલિન સૃષ્ટિ આ કાળમાં લીન થાય છે. આ કાળ પ્રભુનો મુખ્ય અધિકારી છે, પ્રભુની ઈચ્છાશકિતનું રૂપ છે. આથી બ્રહ્માદિકને પણ છોડતો નથી, એવા સમર્થ કાળનું પણ સામર્થ્ય શ્રીકૃષ્ણના અંતરંગ ભકત પર ચાલતું નથી, તેથી ભકતને કાળ બાધા કરી શકતો નથી.–(૧૬).

**શ્લોકઃ—સ હિ સર્પો યથાન્યેષાં મારકોપિ નહિ ક્ષમઃ ॥**
**પીતામૃતં જનં જાતુ સ્પ્રષ્ટુમાઘ્રાતુમેવ ચ ॥૧૭॥**
**તથા કાલોઽપિ મનુજં મહાપુરુષસંસ્થિતમ્ ॥**
**ભકિતપીયૂષપાતારં ન કિંચિત્કર્તુમીશ્વરઃ ॥૧૮॥**

શબ્દાર્થ—જેમ સાપ અન્યને મારનારો છે, તે પણ અમૃતનું પાન કરનારને કદીપણ સ્પર્શ કરવામાં કે સૂંઘવામાં પણ સમર્થ નથી–(૧૭). તેમ કાળ પણ મહાપુરુષ (શ્રીઆચાર્યજી) નો આશ્રય કરનાર તેમજ ભકિતરૂપ અમૃતનું પાન કરનાર મનુષ્યને કશું કરવાને શકિતમાન નથી.–(૧૮).

વિવેચન—આ કાળરૂપ સાપ સર્વ જગતને ખાઈ જાય છે, પણ શ્રીકૃષ્ણના ચરણામૃત તથા અધરામૃતનું પાન જેણે કર્યું છે એવા ભકતને સ્પર્શ કરતો નથી તેમજ સૂંઘી પણ શકતો નથી. આથી શ્રીગુસાંઈજી સપ્તશ્લોકીમાં કહે છે કે, "પાપના સમૂહરૂપ અંધકારથી ઘેરાયેલો, કાળ રૂપી સર્પથી પકડાએલો, જગદ્રૂપ વિષય સાગરમાં પડેલો, અને પોતાના ધર્મથી વિમુખ, એવા જીવને (શ્રીઆચાર્યજીના) કૃપાકટાક્ષરૂપ ચંદ્રે ઉદિત થઈ દયારૂપ અમૃતથી એક ક્ષણમાં અમર કરી દીધો, તેમનું ચરણકમળ મારૂં શરણ થાઓ" આવી રીતે શ્રીમહાપ્રભુજીના ચરણામૃતનું પાન જે કોઈ પણ જીવે કર્યું છે તેને કાળરૂપી સર્પ સ્પર્શ કરી શકતો નથી. તેમજ સુંઘી શકતો પણ નથી.–(૧૭). મહાપુરુષ સર્વમાં ઉત્તમ શ્રીઆચાર્યજી તથા પુષ્ટિમાર્ગીય ભગવદીયનો આશ્રિત જે મનુષ્ય થઇ રહ્યો છે અને પુષ્ટિભકિતરસનું પાન કરે છે તેને કાળદોષ લગાર પણ બાધા કરી શકતો નથી. કાળ જેમ ઈશ્વરની આજ્ઞામાં રહે છે તેવીજ રીતે ભગવદીયથી પણ ડરે છે. પ્રભુ પણ ભગવદીયને બાધા કરી શકતા નથી તો કાળનું શું ગજું? વાર્તામાં આ વાત પ્રસિદ્ધ છે, કે પ્રભુદાસે દહીંને બદલે મુકિત આપી, જો ભકિત માગી હોત તો ભકિત આપત, તેને કાળ શું કરી શકે?–(૧૮).

**શ્લોકઃ—તદીયૈઃ સર્વકાર્યેષુ ન કાલશ્ચિંત્યતાં હૃદિ ॥**
**"તથૈવ તસ્ય લીલેત" વચનાત્સૈવ ચિંત્યતામ્ ॥૧૯॥**

શબ્દાર્થ—જે તદીય છે, તેમણે દરેક કાર્યમાં હૃદયમાં કાળનું ચિંતન કરવું નહિં, કારણ કે નવરત્ન ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "જે જે ભગવાન કરશે, તે બધી તેનીજ લીલા જાણીને ચિંતા છોડવી" આ વચનાનુસાર પ્રભુની લીલાનુંજ ચિંતન કરવું–(૧૯)

વિવેચન—જે તદીય છે, તે સર્વદા ભગવદ્ ધર્મમાં નિપુણ છે, તેણે કાળની ચિંતા ન કરવી, તેણે કોઈ પણ કાળમાં ચિંતા કરવી ન જોઈએ, આ બાબતમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે, "સર્વત્ર તેની લીલા છે એમ જાણીને શીઘ્ર ચિંતાને તજે." આ વચનનું ચિંતન હૃદયમાં કરીને ચિંતા ન કરવી. સઘળી શ્રીકૃષ્ણની લીલાજ જાણવી.-(૧૯),

શ્લોકઃ—સર્ગાદિલીલાકર્તૃત્વાત્ કિં ચિત્રં તાદૃશિ પ્રભૌ ।।
વિવેકોઽપ્યયમેવાત્ર સ હિતં વૈ વિધાસ્યતિ ।।૨૦।।
સ્વકીયાનાં વિજેચ્છાતસ્તતશ્ચિંતાત્ર કા ભવેત્ ।।૨૧।।

શબ્દાર્થ—શ્રીભાગવતમાં કહી એવી સર્ગાદિક લીલા કરવાનું સામર્થ્ય જેનામાં છે એવા પ્રભુ વિશે આશ્ચર્ય શું છે? પ્રભુ પોતાની ઇચ્છા અનુસાર પોતાના ભકતનું હિતજ કરશે, એ પણ અહીં વિવેક છે, તેથી ચિંતા શી હોય?-(૨૦)-(૨૧).

વિવેચન—શ્રીભાગવતમાં સર્ગ વિસર્ગાદિ દશવિધ લીલા કહી છે, એ પ્રકારે જગતમાં પ્રભુની સઘળી લીલાજ જાણે. આ રીતે જેના મનમાં હોય તેને વિવેકી કહેવાય. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી વિવેક ધૈર્યાશ્રયમાં કહે છે કે, "હરિ પોતાની તથા પોતાના ભકતની ઇચ્છાથી સર્વ કરશે આ વિવેક જાણવો." સર્વ કાર્યમાં નિજેચ્છા માને એજ વિવેક. આવી રીતે ભગવાનના સ્વકીય ભકત છે તે સર્વ કાર્યમાં ભગવદિચ્છાજ જાણે છે.-(૨૦-૨૧)

શ્લોકઃ—ભવંતઃ શ્રુતસદ્વાર્તાઃ સત્સંગકૃતયોઽપિ હિ ।।
પ્રભુપાદૈકગતયસ્તેષાં કા પરિદેવના ।।૨૨।।

શબ્દાર્થ—તમે એવા છો કે સદ્વાર્તા (ભગવદીયોની વાર્તા) સાંભળી છે, અને વળી સત્સંગ કરનારા છો, તથા પ્રભુના ચરણારવિંદમાંજ એક આસકિત વાળા છો, તો એવા તમને શી ચિંતા છે?-(૨૨).

વિવેચન—તમે તો પ્રભુના સંબંધી છો, ભગવદ્ભાવ સાંભળો છો, ભગવદ્વાર્તા સાંભળો છો, વળી સત્સંગ પણ બહુજ કરો છો, માટે તમારે કોઈ પ્રકારની ચિંતા નહિંજ કરવી જોઇએ. વળી પ્રભુ શ્રીકૃષ્ણ તથા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તેમના ચરણકમળમાં પ્રીતિવાળા તમે છો, તો પરિવેદના (ચિંતા) નજ કરવી જોઈએ.-(૨૨).

શ્લોકઃ—ધર્મસંસ્થાપનાર્થાય યસ્ય પ્રાકટ્યમુચ્યતે ।।
સ હિ ધર્મવ્યતિકરં સ્વકૃતં સહતે કથમ્ ।।૨૩।।

શબ્દાર્થ—ધર્મનું સ્થાપન કરવાને માટે જેનું પ્રાકટ્ય સર્વત્ર કહ્યું છે, તે જો કોઈ સ્વકૃતિથી ધર્મનો વ્યતિક્રમ (નાશ) કરે તે શી રીતે સહન કરે?-(૨૩).

વિવેચન—ધર્મનું સ્થાપન કરવાને માટે શ્રીમહાપ્રભુજીનું અને શ્રીગુસાંઇજીનું પ્રાકટ્ય છે, તે ઉચિત છે. પ્રભુએ સદા ધર્મની રક્ષા કરી છે. તેથી ભગવદીય ગાય છે કે "ચહું જુગ વેદ વચન પ્રતિ પાર્યો! ધર્મગ્લાનિ ભઈ જબહી જબ તબ તબ તુમ વપુ ધાર્યો!

કલિયુગ શ્રીવલ્લભ ગ્રહ પ્રકટે માયાવાદ નિવાર્યો ।। માનિકચંદ પ્રભુ વિઠ્ઠલ પુરુષોતમરૂપ નિહાર્યો." આવી રીતે શ્રીવિઠ્ઠલ પુરુષોતમસ્વરૂપ છે; ધર્મસ્થાપના માટે પ્રાકટ્ય છે, માટે જે કોઈ વેદધર્મનું ઉલ્લંઘન કરે, પોતાના મનને ફાવે તેવી ક્રિયા કરે, એવા ઉન્મત્ત થાય તો તે પ્રભુને નગમે-(૨૩).

**શ્લોકઃ—બ્રહ્મણ્યો ધેનુપ્રેશો વેદધર્મૈકપાલકઃ ।।**
**સ કથં સહતે કૃષ્ણસ્તદ્વિરોધં જનૈઃ કૃતમ્ ।।૨૪।।**

**શબ્દાર્થ**—શ્રીકૃષ્ણ બ્રાહ્મણની રક્ષા કરનારા છે, ધેનુ અને બ્રાહ્મણના ઇશ છે, અને વેદધર્મના ખાસ પાલક છે, તે શ્રીકૃષ્ણ ગાય, બ્રાહ્મણ અને વેદધર્મ એમનો વિરોધ જે માણસો કરે તેમને કેમ સહન કરી શકે? (તેમનાં કાર્ય કેમ સાંખી શકે).-(૨૪).

**વિવેચન**—પ્રભુ બ્રહ્મણ્ય છે, ધેનુ બ્રાહ્મણ અને વેદધર્મના પાલક છે, એવા ભગવાનથી બહિર્મુખ જીવની (તેમની સાથે વિરોધ કરનાર મનુષ્યની) વિરૂદ્ધ કૃતિ શ્રીકૃષ્ણ કેમ સહન કરે. ?-(૨૪).

**શ્લોકઃ—પરમાનંદસંદોહો દયાલુઃ સુતરામપિ ।।**
**સ કથં સહતે કૃષ્ણો દયાભાવં જનેષ્વપિ ।।**
**અતોઽત્ર યદિદં જાતં તત્સ્વદોષેણ સર્વથા ।।૨૫।।**

**શબ્દાર્થ**—શ્રીકૃષ્ણ પરમાનંદના સમૂહ છે, અને નિરંતર દયાવાળા છે. તેઓ મનુષ્યમાં દયાનો અભાવ કેમ સહન કરે? તેથી અહીં જે બન્યું છે, તે પોતાના (જીવના) દોષથી નિશ્ચય બન્યું છે.-(૨૫).

**વિવેચન**—શ્રીકૃષ્ણ પરમાનંદસ્વરૂપ છે, પરમદયાળુ છે. કોઈનું દુઃખ દેખી શકતા નથી, પ્રાણીમાત્રના આનંદદાતા છે. તેઓ પોતાના અંગીકૃત ભક્તનાં દુઃખ કેમ સહન કરે? કદી સહન ન કરે. માટે વૈષ્ણવ ભગવદીયનું એ લક્ષણ છે કે લૌકિક વૈદિક કશું કાર્ય સિદ્ધ ન થાય, કોઈ પણ બાબતની હાનિ થાય, ત્યાં આપણે પોતાનો દોષ વિચારવો. દેહસંબંધી વિગેરે દુઃખોમાં પોતાનોજ દોષ જાણવો.-(૨૫).

**શ્લોકઃ—નિર્દોષપૂર્ણગુણતા હરૌ નિત્યં વિરાજતે ।।**
**કદાચિત્સ્વપ્રભોર્દોષો નાનેયઃ સર્વથા હૃદિ ।।૨૬।।**

**શબ્દાર્થ**—હરિમાં નિર્દોષપૂર્ણગુણપણું બિરાજે છે, તેથી કોઈ પણ સમયે પ્રભુનો દોષ કોઈ પણ રીતે મનમાં ન લાવવો.-(૨૬).

**વિવેચન**—પ્રભુમાં લગાર પણ દોષ ન વિચારવો. પ્રભુ તો ભલુંજ કરે છે. મનમાં આવો નિશ્ચય રાખવો કે શ્રીકૃષ્ણ સદાજ નિર્દોષ છે, સકળ ગુણો વડે પૂર્ણ છે, એવા શ્રીકૃષ્ણ સર્વ દુઃખનું હરણ કરનાર છે. વળી તેમાં નિર્દોષ પૂર્ણ ગુણ સદા બિરાજે છે. માટે કદી પણ કોઇ પ્રકારનો દોષ સર્વથા મનમાં ન લાવવો.-(૨૬).

શ્લોક —કે વા વયં વરાકા યદુદ્ધવાદ્યા અપિ પ્રભો: ।।
શ્રુતવંતો વિસદ્દશીં લીલાં પશ્ચાત્સ્થિતા અપિ ।।૨૭।।

**શબ્દાર્થ**—અરે ! ઉદ્ધવાદિ ભકત પણ પ્રભુની વિપરીત ( પ્રભાસમાં આસુરવ્યામોહની) લીલા સાંભળીને પછી પૃથ્વી પર રહ્યા તો આપણે તુચ્છ જીવ કોણ માત્ર ?-(૨૭).

**વિવેચન**—શ્રીહરિરાયજી કહે છે કે હું આપને વિશેષ શું કહું ? મહા તુચ્છ છું, ઉદ્ધવાદિક મોટા ભકતની પણ આવી ગતિ છે કે જેમણે ભગવાનની લીલા જાતે દેખી, સાંભળી, અનુભવી, તે ઉદ્ધવ પણ આપણા પ્રભુનો અંતર્ધ્યાન સમય સાંભળીને પછી પણ પ્રભુ વિના સ્થિર રહ્યા, તો હવે મારે શું કહેવું ?-(૨૭).

શ્લોક:—કુંતીવદીદ્રશં ભાગ્યં કસ્ય ભાગ્યવતો ભવેત્ ।।
સદ્યઃ પ્રાણવિમોકોઽત્ર શ્રીકૃષ્ણવિરહેણ હિ ।।૨૮।।

**શબ્દાર્થ**—શ્રીકૃષ્ણના વિરહથી જલદી અહીંજ પ્રાણ નીકળી જાય એવું કુંતાજીની બરાબર કયા ભાગ્યશાળીનું ભાગ્ય હોય ?-(૨૮).

**વિવેચન**—કુંતાજી મહાન ભકત અને પરમ ભાગ્યવાન છે. શ્રીકૃષ્ણ અંતર્ધ્યાન થયા એવું સાંભળતાંજ વિરહથી પોતાના પ્રાણ તત્કાળ છોડી દીધા. માટે કુંતાજી મહા ભાગ્યવાન ભકત હતાં.-(૨૮).

શ્લોક:—અસ્માકં તુ પ્રભુર્નિત્યમક્ષતાવ્યાહતોઽધુના ।
વિરાજતે તતો દુઃખં ન વિધેયં મનસ્યપિ ।।૨૯।।

**શબ્દાર્થ**—આપણા પ્રભુ તો અખંડિત સદાજ, નિત્ય બિરાજમાન છે, માટે મનમાં પણ દુઃખ ન લાવવું જોઈએ.-(૨૯).

**વિવેચન**—આપણા પ્રભુ તો નિત્ય પ્રત્યક્ષ બિરાજમાન છે, શ્રીમહાપ્રભુજીદ્વારા જેમનો સંબંધ થયો છે, તે પ્રભુ સદા ઘરમાં બિરાજમાન છે, માટે મનમાં દુઃખ ધારણ નજ કરવું.-(૨૯).

શ્લોક:—ભવદ્ભિર્મિલિતૈઃ સર્વૈરિયં શિક્ષા વિચાર્યતામ્ ।
તતઃ સંદેહજાનં યદ્બુદ્ધિસ્થં તદ્વ્યપોહ્યતામ્ ।।૩૦।।

**શબ્દાર્થ**—શ્રીહરિરાયજી લખે છે કે તમે સઘળા ભગવદીયો સાથે મળીને આ શિક્ષા વિચારશો, તો તેથી બુદ્ધિમાં જે સંદેહ હશે તે દૂર થઈ જશે.-(૩૦).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી કહે છે કે આ શિક્ષા કે જે મેં તમને લખી મોકલી છે, તેનો સઘણા પુષ્ટિમાર્ગીય ભગવદીયો સાથે મળીને વિચાર કરજો. તેથી મનની ચિંતારૂપ સઘળા સંદેહો દૂર થઈ જશે અને બુદ્ધિને સુંદર પોષણ મળશે.-(૩૦).

**શ્લોકઃ—અસ્માકં સાધનં સાધ્યં "શ્રીકૃષ્ણઃ શરણં મમ" ।।**
**સંપત્સ્વાપત્સ્વપિ સદા સ્વાચાર્યચરણોદિતમ્ ।।૩૧।।**

શબ્દાર્થ—અમારી સંપત્તિમાં (સુખમાં) તથા આપત્તિમાં (દુઃખમાં) સદા આપણા શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે, "શ્રીકૃષ્ણઃ શરણં મમ" આ અષ્ઠાક્ષર મંત્ર તે સાધન અને તેજ ફળરૂપ છે.–(૩૧).

વિવેચન—અમારે તો સાધન અને ફળ એક "શ્રીકૃષ્ણઃ શરણં મમ" એજ છે, શ્રીઆચાર્યજીએ આ અષ્ટાક્ષર મંત્ર પ્રકટ કરી શ્રીકૃષ્ણનાજ શરણની સિદ્ધિ આપી છે તેથી અમારે તો એક શ્રીકૃષ્ણનોજ આશ્રય હૃદયમાં છે. શ્રીકૃષ્ણનુંજ શરણ મન, વચન અને કર્મથી, તેમજ એજ સાધન તથા સાધ્ય જાણીએ છીએ. વળી સંપત્તિ (સુખ) માં પણ શ્રીકૃષ્ણનું શરણ છે અને આપત્તિ (દુઃખ )માં પણ એક શ્રીકૃષ્ણનુંજ શરણ છે. આપણા આચાર્યશ્રીએ આ મંત્ર પ્રકટ કર્યો છે આથી શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે, "પિતૃ-ચરણ શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણઃ શરણં મમ મંત્ર પ્રકટ કરીને શ્રીકૃષ્ણનું શરણ બતાવ્યું છે તેથીજ આ લોક તથા પરલોક સંબંધી સઘળામાં અમોને નિશ્ચિંતતા છે" ઈત્યાદિ વચનાનુસાર અષ્ટાક્ષરમંત્રજ અમારૂં સાધન તથા સાધ્ય (ફળ) છે.–(૩૧).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત ચોવીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## —: શ્રીહરિરાયજીનું પ્રાકટ્ય :—

આપનું પ્રાકટ્ય વિ. સં. ૧૬૪૭ (એકમતે ૧૬૪૫) ના ગુર્જર ભાદ્રવદ ૫ ના દિવસે શ્રીગોકુલમાં થયું હતું. આપશ્રીના પ્રાકટ્ય વિષે સમ્પ્રદાયમાં નીચેની આખ્યાયિકા પ્રસિદ્ધ છે.

એમ કહેવાય છે કે, આપના પિતા શ્રીકલ્યાણરાયજીનાં પ્રથમ વહુજી ગત થયા પછી આપે લગ્ન ન કરવાનો નિર્ધાર કર્યો હતો. એ વાત શ્રીવિઠ્ઠલેશના ચતુર્થ પુત્ર શ્રીગોકુલેશને ગમી નહિ. એથી આપશ્રીએ શ્રીકલ્યાણરાયજીને દ્વિતીય લગ્ન કરવાનો આગ્રહ કર્યો અને આપે એ પણ આજ્ઞા કરી કે, આપ–શ્રીકલ્યાણરાયજીના હૃદયમાં શ્રીગુસાંઈજીના સંયોગ રસરૂપ તાંબુલ–ચર્વિત–ની અખંડ સ્થિતિ રહેલી છે. અતઃ તે વ્યર્થ ન જાય એ માટે આપને દ્વિતિય લગ્ન કરવું આવશ્યક છે. "શ્રીગુસાંઈજીનું તે ચર્વિત આપને ત્યાં પુત્રરૂપથી પ્રકટ થનાર છે, અને તે દ્વારા સમ્પ્રદાય તેમજ અનેકાનેક દૈવી જીવોને સ્વરૂપલાભ થશે."

શ્રીકલ્યાણરાયજીએ શ્રીગોકુલેશના તે વચનને માન્ય કરી દ્વિતીય લગ્ન કરવાની હા પાડી. ત્યારે શ્રીગોકુલેશ એક સજાતીય વ્યકિતને ત્યાં પધાર્યા અને તેમની વયપ્રાપ્ત કન્યાની માંગણી કરી. પ્રથમ તો તે સજાતીય ભટ્ટજીએ શ્રીકલ્યાણરાયજીના અદ્ભુત ત્યાગનું વર્ણન કરતાં તેમની સાથે પોતાની કન્યાનું લગ્ન કરવાની ના પાડી, પરન્તુ જયારે શ્રીગોકુ-લેશે તે ભટ્ટજીને એ કન્યાથી અત્યંત પ્રતાપી પુત્રો થશે એમ વરદાન આપ્યું ત્યારે તેમણે તે કન્યાનું શ્રીકલ્યાણરાયજીથી લગ્ન કર્યું. પછી આ કન્યાનું નામ "શ્રીજમનાવહુજી" રાખવામાં આવ્યું.

લગ્ન પશ્ચાત્ સમયાનુસાર વિ. સં. ૧૬૪૭ માં શ્રીકલ્યાણરાયજીને ત્યાં શ્રીહરિરાયજીનું પ્રથમ પ્રાકટ્ય થયું. ત્યારપછી વિ. સં. ૧૬૪૯ માં શ્રીગોપેશ્વરજીનું અને વિ. સં. ૧૬૫૧ માં શ્રીવિઠ્ઠલેશનું પ્રાકટ્ય થયું હતું.

# * શિક્ષાપત્ર ૨૫ મું *

હવે પચીસમા શિક્ષાપત્રમાં ફલાત્મક શ્રીમદાચાર્યશ્રીના બેઉ ચરણકમળને હંમેશાં હૃદયમાં ધારણ કરવા, એટલે ફળનો સંશયજ નહિ રાખવો, ત્યારપછી જો સંશય રાખે તો તેને આસુરી જાણવો. સુબોધિનીજી વિગેરે ગ્રંથો બિરાજતા છતાં મનુષ્ય ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થતો નથી તેથી એમ જણાય છે કે (ભક્તિમાર્ગની પ્રવૃત્તિમાં) પ્રભુની કૃપાજ સાધન છે. કૃપા વિના સાધન બની શકતાં નથી. આ બાબતનું નિરૂપણ આ શિક્ષાપત્રમાં છે. ઉપર કહ્યું કે ચિંતા નહિં કરવી, અષ્ટાક્ષર પરમગતિ છે. વળી કોટાનકોટિ સાધન કરે, સઘળા ધર્મ હોય છતાં શ્રીઆચાર્યજીના ચરણકમળનો આશ્રય સિદ્ધ ન થાય તો કશું સિદ્ધ થાય નહિં. માટે જેવી રીતે શ્રીઆચાર્યજીના ચરણકમળનો આશ્રય સદા દૃઢ થાય તે આ શિક્ષાપત્રમાં બતાવે છે.

**શ્લોકઃ—શ્રીવલ્લભપદાંભોજભજનાદરણાદપિ ।।**
**દયાપરઃ કદાચિત્તં ન જહાતિ જનં હરિઃ ।।૧।।**

શબ્દાર્થ—શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળના ભજનમાં આદર રાખવાથી કૃપાળુ પ્રભુ કોઈ દિવસ એ જીવને છોડતાજ નથી.–(૧).

વિવેચન—જે વૈષ્ણવ શ્રીઆચાર્યજીના ચરણારવિંદનું ભજન આદરપૂર્વક કરે છે, એક તેમાંજ અનન્ય ભાવ રાખે છે, જેમકે સૂરદાસજીએ ગાયું કે "ભરોસો દૃઢ ઇન ચરણન કેરો, શ્રીવલ્લભ નખચંદ્ર છટા બિન, સબ જુગમાં હી અંધેરો." શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણારવિંદની સેવામાં સદા જે વૈષ્ણવ આદર કરે છે, તેના પર પ્રસન્ન થઈ પોતે કૃપા પણ કરે છે, અને પોતાના સ્વરૂપાનંદનું દાન પણ કરે છે.–(૧).

**શ્લોકઃ—કૃપાકટાક્ષસંપાતપક્ષપાતપરો હરિઃ ।।**
**ક્ષમતે તત્કૃતં દોષલક્ષમપ્યક્ષમં સ્વતઃ ।।૨।।**

શબ્દાર્થ—શ્રીમહાપ્રભુજીનાં કૃપાકટાક્ષ જેના પર સારી રીતે ઢળી પડયાં છે, તેનો પક્ષપાત કરનારા શ્રીહરિ તે જીવના કરેલા લાખો દોષો કે જે અક્ષમ્ય હોય છતાં પણ પ્રભુ તે સહન (ક્ષમા) કરે છે.–(૨)

વિવેચન—જે વૈષ્ણવના ઉપર આપ શ્રીમહાપ્રભુજી કૃપાકટાક્ષ કરે છે, તેનો પક્ષપાત શ્રીઠાકોરજી કરે છે. પદ્મનાભદાસજી છોલા ધરતા હતા તે શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રીતિપૂર્વક શ્રીઠાકોરજી આરોગતા. આવી રીતે આપ શ્રીમહાપ્રભુજી કૃપાકટાક્ષ કરીને જેને ભક્તિરસનું દાન કરે છે તેનો શ્રીકૃષ્ણ સદાજ પક્ષપાત કરે છે. વળી તે વૈષ્ણવથી લક્ષાવધિ અપરાધ થઈ જાય તો પણ શ્રીકૃષ્ણચંદ્ર સર્વ અપરાધ ક્ષમા કરીને આપ કૃપાજ કરે છે.–(૨).

**શ્લોકઃ—યદીય હૃદયે શ્રીમદાચાર્યચરણદ્વયમ્ ॥**
**ત એવ શરણં દોષશતાવૃત્તિમતો મમ ॥૩॥**

**શબ્દાર્થ**—સેંકડો દોષોની પરંપરાવાળો હું છું છતા જેના હૃદયમાં શ્રીમહાપ્રભુજીના બેઉ ચરણ બિરાજે છે તેજ મારૂં શરણ છે.–(૩).

**વિવેચન**—જે પુષ્ટિમાર્ગીય ભગવદીયના હૃદયમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનાં બેઉ ચરણ કમળ બિરાજે છે તેના સેંકડો અપરાધો હોય, તો પણ પ્રભુ તેનો નાશ કરી પ્રતિબંધ દૂર કરે છે.–(૩).

**શ્લોકઃ—યદંગુલિનખાનંદચંદ્રશૈત્યં સદા હૃદિ ।**
**તાપં હરતિ ભકતાનાં તદાનંદ પદાંબુજમ્ ॥૪॥**

**શબ્દાર્થ**—આંગળીઓના નખરૂપચંદ્રની શીતળતા જેમાં છે, તે આનંદ સ્વરૂપ ભગવાનના ચરણારવિંદ સદાજ ભકતના હૃદયમાં બિરાજી તાપનું હરણ કરે છે.–(૪).

**વિવેચન**—શ્રીમહાપ્રભુજીના ચરણકમળની દશઆંગળીઓ પરમ સુંદર છે, તેઓને દશ નખચંદ્ર છે, તે એક નખચંદ્રની છટા (તેજ) આગળ કોટાનકોટિ ચંદ્રમાની કળાપણ લજ્જા પામે છે. (ઝાંખી પડી જાય છે)એવા નખચંદ્ર ચરણારવિંદ જે વૈષ્ણવે હૃદયમાં ધારણ કર્યા છે, તે ભકતના હૃદયમાં ત્રણ પ્રકારના તાપ (અધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક તેમજ કાયિક, વાચિક અને માનસિક) તાપ દૂર થાય છે, અને અનેક જન્મના દોષરૂપ તથા શ્રીકૃષ્ણની પ્રાપ્તિમાં પ્રતિબંધરૂપ બધાં પાપ દૂર થાય છે. એવાં શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળ છે, તે સેવકોને હંમેશાં આનંદનું દાન કરે છે.–(૪).

**શ્લોકઃ—અસ્તુ વસ્તુશત લોકે વેદે ચ પરિકીર્તિતમ્ ॥**
**ફલત્વેન નિજાચાર્યચરણાબ્જદ્વયં મમ ॥૫॥**

**શબ્દાર્થ**—લોકમાં તથા વેદમાં કહી એવી સેંકડો વસ્તુઓ હોય, પણ મારે તો ફળ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનાં બેઉ ચરણકમળજ છે.–(૫).

**વિવેચન**—લોકમાં અને વેદમાં બતાવેલા એવાં વસ્તુરૂપ પદાર્થ બહુજ છે. વળી સત્યલોક (બ્રહ્મલોક) સઘળા જ્ઞાનમાર્ગીયોને તથા મર્યાદામાર્ગીયોને સર્વોપરિ ફળરૂપ છે. પણ અમારા પુષ્ટિમાર્ગમાં બ્રહ્મલોક તે શું? ચાર પ્રકારના મોક્ષ પણ તુચ્છ છે, એવો આ પુષ્ટિમાર્ગ છે, જેમાં શ્રીકૃષ્ણના અધરામૃતનું પાનજ પરમ ફળરૂપ છે, પરંતુ તે સાધન કરીને પ્રાપ્ત થઈ શકે નહિં. એક શ્રીમહાપ્રભુજીના બેઉ ચરણકમળજ જેને ફળરૂપ છે, તેનેજ શ્રીકૃષ્ણના અધરામૃતની સિદ્ધિ છે.–(૫).

**શ્લોકઃ—ન કર્મવેદવિહિતં ફલં જનયતિ ધ્રુવમ્ ॥**
**યતો બહિર્મુખં ચિતં જાયતેઽન્યશ્રુતેર્હરેઃ ॥૬॥**

શબ્દાર્થ—વેદોક્ત કર્મ નિશ્ચળ (અવિનાશી) ફળ ઉત્પન્ન કરતાં નથી. વળી ભગવાનથી ઈતર પ્રકારના શ્રવણથી ચિત્ત બહિર્મુખ થાય છે.-(૬).

વિવેચન—વેદમાં બતાવેલાં અનેક પ્રકારનાં કર્મ છે. જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ, કર્મમાર્ગ, ઉપાસનામાર્ગ, અનેકવ્રત, સંયમ, નિયમ, ઈત્યાદિ અનેક સાધન છે, પરંતુ તેથી આ પુષ્ટિમાર્ગનું ફળ જાણી શકાતું નથી. કારણ કે પુષ્ટિમાર્ગ કેવળ વ્રજભક્તોનો ભાવાત્મક સર્વોપરિ છે અને તે શ્રીમહાપ્રભુજીની કૃપાવડેજ પ્રાપ્ત થઈ શકે છે, સાધનથી સિદ્ધ થઈ શકતો નથી. બહિર્મુખના ચિત્તમાં તથા શ્રવણમાં શ્રીહરિની કથારૂપ અમૃત અને ભગવદ્ધર્મ સુહાતો નથી-(૬).

શ્લોકઃ—જ્ઞાનં તુ (મુક્તિ) ભક્તિહેતુત્વાત્સા નૈવ ફલરૂપિણી ॥
યતો જીવસ્ય દાસત્વહેતુભેદનિવર્તિકા ॥૭॥

શબ્દાર્થ—જ્ઞાન તો મર્યાદા ભક્તિ ઉત્પન્ન કરનાર હોવાથી કોઈકવાર ફળરૂપ છે, પણ તે મર્યાદાભક્તિ ફળરૂપ નથી. કારણ કે તે મર્યાદાભક્તિ ભગવાન સ્વામી અને જીવ દાસ છે એ પ્રકારના ભેદને મટાડનારી છે. અથવા જ્ઞાન તો મુક્તિને આપવાવાળું છે, પરંતુ તે મુક્તિ ફળરૂપ નથી. કારણ કે મુક્તિ જીવના દાસત્વના કારણરૂપ સ્વામી સેવકના ભેદને મટાડનારી છે.-(૭).

વિવેચન—શાસ્ત્રમાં એવું કહ્યું છે કે જ્ઞાન છે તે ભક્તિનો હેતુ છે, તેથી જ્ઞાન પ્રાપ્ત થયા પછી ભક્તિ પ્રાપ્ત થાય છે. પરંતુ તે તો મર્યાદામાર્ગીય ભક્તિ છે, જેમાં ધર્મ, અર્થ કામ, અને મોક્ષ એ ફળ છે. તેમાં પ્રથમ જ્ઞાનજ મુખ્ય છે અને તે પછી મર્યાદાભક્તિ પ્રાપ્ત થાય છે. આ જ્ઞાન અને મર્યાદા ભક્તિ બેઉ પુષ્ટિમાર્ગીય ફળના વિરોધી છે. કારણ કે તેમાં દાસત્વ નથી રહેતું. જ્યારે પુષ્ટિમાર્ગમાં તો જીવનું દાસત્વ મુખ્ય છે. જીવ સેવક છે અને પ્રભુ સ્વામી છે. આવી રીતે પ્રભુની સેવા કરતો હોય, તેના ભાવનો જ્ઞાન નાશ કરે છે, તેથી જીવનમાં સેવક ભાવ રહેતો નથી.-(૭).

શ્લોકઃ—મર્યાદાભક્તિરપ્યેષા તાવદેવ ફલાત્મિકા ॥
યાવન્ન જાયતે (જ્ઞાયતે) પુષ્ટિભક્તિઃ સકલમૂર્દ્ધગા ॥૮॥

શબ્દાર્થ—આ મર્યાદાભક્તિ પણ "સકળ શિરોમણિ પુષ્ટિભક્તિ" ઉત્પન્ન ન થઈ હોય અથવા જાણવામાં આવે નહિં ત્યાં સુધીજ ફલાત્મક છે.-(૮).

વિવેચન—આ મર્યાદા ભક્તિના જ્ઞાનમાં 'અહં' બ્રહ્મ માને છે, એટલે કે હું પણ બ્રહ્મ છું. તેથી કરીને પ્રભુ સાથેનો સેવક ભાવ છુટી જાય છે. તેથી આ પુષ્ટિમાર્ગજ શિરોમણિ છે, જે જ્ઞાન અને મર્યાદા માર્ગની ભક્તિની પર હોઇ શિરોમણીરૂપ બિરાજે છે.-(૮).

શ્લોકઃ—પુષ્ટિભક્તિર્હરેરસ્ય તત્ત્વસ્મત્પ્રભવઃ સ્વયમ્ ।
ત એવ સંશ્રિતાઃ સંતઃ ફલરૂપા ભવંતિ હિ ॥૯॥

**શબ્દાર્થ**—હરિ ભગવાનનું મુખારવિંદ છે તે પુષ્ટિભક્તિ છે, અને તે મુખારવિંદ તો આપણા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપ છે. માટે તેમનોજ શ્રદ્ધાપૂર્વક આશ્રય કરે, તો આ [ પુષ્ટિભક્તિ ] ફળરૂપ થાય.–[૯].

**વિવેચન**—આ પુષ્ટિમાર્ગ છે, તેમાં શ્રીઠાકોરજીએ રાસાદિ લીલા કરી ભક્તોને સુધાદાન આપ્યું, તેજ શ્રીકૃષ્ણના મુખારવિંદ રૂપ શ્રીવલ્લભાચાર્યજી [ આ કળયુગમાં પુષ્ટિભક્તિને માટે ] પ્રકટયા છે. તે શ્રીમહાપ્રભુજી સ્વયં ભગવાન, શ્રીકૃષ્ણચંદ્રના મુખારવિંદરૂપ પ્રકટયા છે. માટે શ્રીઆચાર્યજીના ચરણકમળના દૃઢ આશ્રયવાળા જે ભક્તો છે, તેમનેજ ફળસિદ્ધિ છે.–[૯].

**શ્લોકઃ—તદુત્તરં ન કર્તવ્યમનુભૂતેઃ પરં કિમુ ।**
**યથા લોકે ફલે પ્રાપ્તે ન ભોગાદધિકા કૃતિઃ ॥૧૦॥**

**વિવેચન**—તેનો ઉત્તર [ આ કથનના સંબંધમાં તર્ક ] નહિં કરવો, કારણ કે અનુભવથી બીજું શું વિશેષ છે? [ આ બાબત અમે સાક્ષાત અનુભવથી કહીએ છીએ ] જેમ લોકમાં ફળ પ્રાપ્ત થાય તો તેનો ભોગ કરવા ઉપરાંત વિશેષ કૃતિ નથી.–[૧૦].

**શબ્દાર્થ**—માટે ઉત્તર એટલે પુષ્ટિમાર્ગથી વિરૂદ્ધ વિચાર [ જ્ઞાન, કર્મ, વેદ, મર્યાદાભક્તિ, વિગેરે વિરૂદ્ધ ધર્મને અનુસરીને પુષ્ટિમાર્ગ સંબંધી વિચાર ] નહિ કરવો જોઈએ. જેમ લૌકિક ફળ પ્રાપ્ત થયા પછી તેનો ભોગ કરવો એજ કર્તવ્ય છે, અન્ય ક્રિયા તેથી અધિક નથી, તેમજ પુષ્ટિમાર્ગનો અનુભવ થયા પછી બીજું કંઈ તેથી અધિક જાણવું નહિ.–[૧૦].

**શ્લોકઃ—તસ્માત્ફલં નિજાચાર્યપદાંભોજદ્વયં સદા ।**
**હૃદિ ધાર્યં નૈવ કાર્યં સંશયાયિતમાનસમ્ ॥૧૧॥**

**શબ્દાર્થ**—માટે ફળરૂપ આપણા આચાર્યશ્રીનાં બેઉ ચરણકમળ હૃદયમાં ધારણ કરવા, તે બાબતમાં મનમાં સંશય લાવવોજ નહિ.–[૧૧].

**વિવેચન**—પુષ્ટિમાર્ગીય સેવા વિગેરે ભગવદ્ધર્મ કરી આપણા આચાર્યશ્રીના બેઉ ચરણકમળને પોતાના હૃદયમાં ધારણ કરવા. મનમાં જરા પણ સંશય રાખવો નહિ, શ્રી ગીતાજીમાં કહે છે કે, "સંશયાત્મા વિનશ્યતિ" (સંશયરૂપ અંતઃકરણ હોય તે નાશ પામે છે.) સંશયથી ફળનો નાશ થઈ જાય, માટે સંશય ન રાખવો. (૧૧)

**શ્લોકઃ—અત્ર સંશયમાપન્નાઃ સર્વથા હ્યાસુરામતાઃ ॥**
**દૈવા અપિ તેઽપિ હરિણા પાતિતાઃ કરાત્ ॥૧૨॥**

**શબ્દાર્થ**—આમાં જેને સંશય થાય તે જીવને સર્વથા આસુરીજ જાણવો. પ્રથમ દૈવીસૃષ્ટિમાં ઉત્પન્ન થયો હોય તો પણ પ્રભુએ પોતે થઈને તેને (સંસારમાં) નાખ્યો છે. ( એમ જાણવું ) (૧૨)

વિવેચન—શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં સંશય હોય તથા પુષ્ટિમાર્ગમાં સંશય હોય તેને સર્વથા અસુરજ જાણવો. દૈવી જીવ હોય અથવા આસુરી હોય, જેને અવિશ્વાસ હોય તેને શ્રીઠાકોરજી પોતાના શ્રીહસ્તથી સંસારમાં નાખી દે છે. તેનો અંગીકાર કદી પણ ન કરે. વિવેકધૈર્યાશ્રયમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે, "અવિશ્વાસો ન કર્તવ્ય: સર્વથા બાધકસ્તુ સ: ।" (અવિશ્વાસ કરવો નહિં, કારણ કે તે સર્વથા બાધક છે.) માટે અવિશ્વાસ મહા બાધક છે. (૧૨)

શ્લોક:—અહો મહચ્ચિત્રમિદમવતીર્ણે હરૌ ભુવિ ।।
વિદ્યમાને ભાગવતે વિવૃતાવપિ સર્વથા ।।૧૩।।
સત્યાં ભુવિ સુબોધિન્યાં સત્સુ સત્સુ કવચિત્કવચિત્ ।।
ગ્રંથેષુ વિદ્યમાનેષુ સર્વાર્થજ્ઞાપકેષ્વપિ ।।૧૪।।
તથાપિ ન પ્રવર્તંતે જના ભકિતપથે પુનઃ ।।
પ્રાયઃ કૃપૈવ હરિણા કારણત્વેન રક્ષિતા ।।૧૫।।

શબ્દાર્થ:—આ મહાન આશ્ચર્ય છે કે પૃથ્વી પર પ્રભુ પ્રકટ થયા છે, શ્રીભાગવતજી વિદ્યમાન છે, તેનું વિવરણ પણ સર્વથા વિદ્યમાન છે. (૧૩) શ્રીસુબોધિનીજી પણ પૃથ્વી પર વિદ્યમાન છે, કોઈ કોઇ સ્થાનમાં સંતપુરુષો (ભગવદીયો) પણ વિદ્યમાન છે, અને સઘળા અર્થને સમજાવે એવા ગ્રંથો પણ વિદ્યમાન છે. (૧૪) તો પણ માણસો ભકિતમાર્ગમાં પ્રવૃત્ત થતા નથી ! તેથી એમ જણાય છે કે પ્રભુએ પોતાની કૃપાજ તેમાં કારણભૂત રાખી છે. (૧૫)

વિવેચન—શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે કે મારા મનમાં મોટું આશ્ચર્ય થાય છે કે આ જગતમાં શ્રીકૃષ્ણના મુખારવિંદ રૂપ શ્રીમહાપ્રભુજી પ્રકટયા છે, એઓશ્રીનું નિષ્કલંક કુળ ભૂમિ ઉપર બિરાજમાન છે, અને વળી શ્રીભાગવતજી પણ વિદ્યમાન છે, શ્રીભાગવતજીની ટીકા પણ બિરાજમાન છે, તો પણ જીવ સર્વથા પુષ્ટિમાર્ગમાં પ્રવૃત્ત થતો નથી, આથી મને મહા આશ્ચર્ય થાય છે. [૧૩] શ્રીસુબોધિનીજી નિબંધાદિ ભૂમિપર બિરાજમાન છે. કોઈ કોઈ સ્થાનમાં શ્રીસુબોધિનીજી નિબંધાદિના વકતા [સમજાવનાર] સત્પુરુષો પણ બિરાજમાન છે, અને શ્રીગુસાંઈજીના તથા શ્રીમહાપ્રભુજીના નાના મોટા ગ્રંથો પણ વિદ્યમાન છે, તે ગ્રંથ કેવા છે કે સર્વ પુષ્ટિમાર્ગીય ભાવના જણાવનારા છે, આ ગ્રંથો દ્વારા પુષ્ટિમાર્ગની સઘળી રીતિ જાણી શકાય છે, આવી રીતે સઘળી વસ્તુ વિદ્યમાન છે.–(૧૪). વળી ઉપર કહ્યા તે સઘળા પદાર્થો પ્રકટ બિરાજમાન છે તોપણ જીવો આ પુષ્ટિમાર્ગમાં પ્રવૃત્ત થતા નથી તેનું કારણ એ છે કે એક શ્રીહરિની કૃપાજ તેમાં કારણ છે. સઘળા પદાર્થ હોય અને શ્રીહરિની કૃપા હોય તોજ માર્ગનો સિદ્ધાંત જાણી શકાય. શ્રીહરિની કૃપા વિના જીવ પુષ્ટિ ભકિતમાર્ગમાં પ્રવૃત્ત થતો નથી. માટે આ પુષ્ટિમાર્ગ તો કેવળ પ્રમેય માર્ગ છે, તેથી શ્રીહરિની કૃપા તથા પ્રમેય બળ વિના તે ( માર્ગ ) માં શી રીતે ગતિ થાય ?–(૧૫).

**શ્લોકઃ—મૂર્છિતેંદ્રિયવૃત્તીનામુદ્ભવો નાસુમંતરા ।।**
**તથા કૃપાં વિના સર્વસાધનાનાં ન ચોદ્ભવઃ ।।૧૬।।**

શબ્દાર્થ—જે ઈંદ્રિયોની વૃત્તિ મુર્છિત છે, તેની ઉત્પત્તિ ( જાગૃતિ ) પ્રાણ વિના હોતી નથી, તેજ પ્રમાણે કૃપા વિના સર્વ સાધનોની ઉત્પતી હોતી નથી.–(૧૬).

વિવેચન—શ્રીમહાપ્રભુજીની કૃપા વિના કશું સિદ્ધ ન થાય. સઘળી ઇંદ્રિયો મૂર્છિત થાય, નિષ્પ્રાણ થાય તો પછી પ્રાણ વિના તેનું કશું કાર્ય થાય નહિં, પણ જ્યારે પ્રાણ આવે ત્યારે સઘળી ઇંદ્રિયોમાં ચૈતન્ય આવે અને પોતપોતાના કાર્યમાં તત્પર થાય. તેવીજ રીતે જ્યાં સુધી શ્રીકૃષ્ણની કૃપા ( પ્રાણરૂપ ) નથી હોતી ત્યાં સુધી સઘળાં સાધન ( ઇંદ્રિયરૂપ ) થી કંઇ સાર્થક થાય નહિં. પરંતુ જ્યારે શ્રીકૃષ્ણ કૃપા કરે ત્યારેજ આ પુષ્ટિમાર્ગમાં પ્રવૃત્ત થઈ સેવાદિક કરે અને ભાવ સિદ્ધ થાય, આ નિશ્ચય છે.–(૧૬).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત પચીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## રહસ્ય વાર્તા

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલેશની જેમ શ્રીહરિરાયજી પણ સ્વ-અંતરંગ સેવકોની સાથે શયનોત્તરકાલે, ભગવત્કથા વંચાયા બાદ એકાંતમાં સમ્પ્રદાયના અનેક રહસ્યોને " વાર્તાઓ " રૂપથી પ્રકટ કરતા. તે સમયે હરજીવનદાસ પ્રેમજીભાઈ આદિ કૃપાપાત્ર ભગવદીયોની સાથે વિઠલનાથ ભટ્ટ જેવા આપના સજાતીય ભાવુક પુરૂષો પણ ઉપસ્થિત રહેતા હતા.

ઉકત વાર્તાઓ, લીલાભાવના, શ્રીમહાપ્રભુજી આદિની પ્રાકટ્ય ભાવનાઓ, શ્રીનાથજીની ભૂતલની લીલાભાવનાઓ, અને શ્રીવલ્લભકૂલના સ્વરૂપોની ભાવનાઓ, આજ પણ સમ્પ્રદાયમાં ઉપસ્થિત છે.

શ્રીહરિરાયજીએ ઉકત ભાવનાઓમાંથી ઘણીખરીને તો સ્વહસ્તે સંસ્કૃત તેમ જ વ્રજભાષામાં ગદ્ય-પદ્ય રૂપથી લખી છે. તેમાં સંસ્કૃતની સેવાભાવના ( સહસ્રીભાવના ) અને ચરણચિન્હવર્ણન, તેમજ ભાષાનાં ઉલ્લાસ, નિત્યલીલા, આદિ મુખ્ય છે.

ભગવદ્ભાવનાઓ વિશુદ્ધ અને ઉચ્ચ હૃદયમાં જ પ્રભુકૃપાએ સ્ફુરાયમાન થાય છે. એથી તે સિદ્ધ પુરૂષોની પ્રસાદી છે, શ્રીહરિરાયજીની ઉકત ભાવનાઓ સંપ્રદાયની માનસી સેવામાં પરમ ઉપયોગી છે.

# * શિક્ષાપત્ર ૨૬ મું *

છવીસમા શિક્ષાપત્રમાં માતા જેમ બાળકની રક્ષાને માટે ડાકણ વગેરેના સંબંધથી બીએ છે તેમ ભાવની રક્ષાને માટે દુઃસંગથી બીવું, જેમ વ્યભિચારિણી સ્ત્રી, પરપુરૂષ સાથે પોતાનો સ્નેહ છે તે પોતાના સર્વ સંબંધીઓથી ગુપ્ત રાખે છે તે પ્રમાણે ભગવત્સેવામાં પ્રતિબંધક જે પોતાના સંબંધી વિ. હોય, તેમનાથી પોતાનો ભાવ ગુપ્ત રાખવો. જેમ દૂતીનાં વચન અને સંગ તેવી સ્ત્રીને પ્રીતિકર લાગે છે, તેમ ભકતનાં વચન અને સંગ ભાવની વૃદ્ધિ કરે છે. વળી જેમ વ્યભિચારિણી સ્ત્રીનું ચિત્ત હંમેશાજ ગૃહાદિકમાં ઉદાસીન રહે છે તેજ પ્રમાણે આપણા ચિત્તને ગૃહાદિકમાં ઉદાસીન રાખવું, વિ. બાબતનું નિરૂપણ છે. ઉપર કહ્યું કે પુષ્ટિમાર્ગીય સઘળો પદાર્થ પ્રકટ છે પણ શ્રીકૃષ્ણની કૃપા વિના જીવ પ્રવૃત્ત થતો નથી. અહીં કોઈ કહે કે શ્રીકૃષ્ણ કૃપા ન કરે તો જીવ શું કરશે ? ત્યાં કહે છે કે—

**શ્લોકઃ—સ્વકીયાનામૈહિકં યદથવા પારલૌકિકમ્ ॥**
**અકરોત્કુરૂતે કર્તા પ્રભુરેવ ન સંશયઃ ॥૧॥**

**શબ્દાર્થ—**સ્વકીય ભકતનું જે લૌકિક અથવા પારલૌકિક છે તે પ્રભુએ કર્યું છે, પ્રભુ કરે છે, અને પ્રભુ કરશેજ એમાં કંઈજ સંશય નથી.-(૧).

**વિવેચન—**શ્રીકૃષ્ણ પરમકૃપાળુ છે, પોતાના અંતરંગ ભકતના આલોક અને પરલોક બેઉ સિદ્ધ કરે છે, આલોક સિદ્ધ કરે છે એટલે વિષયાદિક સિદ્ધ કરે છે એમ ન જાણવું, પરંતુ આલોકમાં સ્ત્રી, પુત્ર, ધન, સર્વ દૈવી કરે છે, કે જેથી ભગવત્સેવા વિગેરેમાં તેઓ વિરોધ ન કરે, આવી રીતે લૌકિક સિદ્ધ કરે છે. અને અલૌકિકમાં લીલાનો અનુભવ અને સ્વરૂપાનંદનું દાન એજ સિદ્ધ કરે છે. ત્રિવિધ લીલા નામાવલિમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે, "ભક્તસર્વદુઃખનિવારકાય નમઃ" ભકતનાં લૌકિક અલૌકિક સર્વ દુઃખ દૂર કરીને બધાંજ કાર્યો સિદ્ધ કરે છે, તેમાં સંશય ન રાખવો.-(૧).

**શ્લોકઃ—તથાપિ કુરુતે જીવઃ પ્રયત્નં નિજદોષતઃ ॥**
**અજ્ઞાનાત્કરુણાવાર્દ્ધિઃ ક્ષમતે તાદૃશં સ્વતઃ ॥૨॥**

**શબ્દાર્થ—**તોપણ જીવ પોતાના દોષથી અને અજ્ઞાનથી પ્રયત્નો કરે છે, પરંતુ એવા જીવ પર કૃપાના સમુદ્ર પ્રભુ પોતેજ ક્ષમા વરસાવે છે.-૨.

**વિવેચન—**આવી રીતે શ્રીકૃષ્ણ લૌકિક સર્વ કાર્યો સિદ્ધ કરે છે, તોપણ જીવ પોતાના મનમાં અનેક પ્રકારનાં સાધન કરે છે જીવ બુદ્ધિની અજ્ઞાનતાથી અનેક પ્રયત્નો કરે છે, છતાં એવા અજ્ઞાની જીવ ઉપર પણ શ્રીકૃષ્ણ કૃપાનિધિ કૃપા કરે છે, અને તેના સઘળા અપરાધો

પોતે ક્ષમા કરે છે. અંતઃકરણ પ્રબોધમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે, "પ્રભુ સત્ય સંકલ્પ છે, તેથી અન્યથા નહિજ કરે." શ્રીકૃષ્ણ સત્ય સંકલ્પ છે, તેથી શ્રીમહાપ્રભુજીદ્વારા જેનો અંગીકાર કર્યો છે. તેની અન્યથા ગતિ કરશેજ નહિં; છતાં જીવ અજ્ઞાનતાથી ભુલે છે, પણ પ્રભુ કેમ ભુલશે !–(૨).

**શ્લોકઃ—અવિરૂદ્ધં પ્રકુરુતે વિરૂદ્ધં વારયત્યપિ ।।**
**દાસેષુ કૃષ્ણો બાલેષુ પિતેવ કુરુતે હિતમ્ ।।૩।।**

**શબ્દાર્થ**—શ્રીકૃષ્ણ પોતાના ભકતોને ગમતુંજ કરે છે, અને વિરૂદ્ધનું હાનીકર્તા હોય તે દૂર કરે છે. જેમ બાળકનું હિતજ પિતા કરે છે. તેમ ભકતનું હિતજ શ્રીકૃષ્ણ કરે છે.–(૩).

**વિવેચન**—આ પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવા વિગેરેમાં અનુકુળતા કરાવે છે, અને અનેક સાધન પ્રયત્ન વિગેરે જે પુષ્ટિમાર્ગથી વિરૂદ્ધ છે તેનાથી નિવૃત્ત કરે છે. એવા શ્રીકૃષ્ણ શ્રીમહાપ્રભુજીની કાનીથી સર્વતઃ રક્ષા કરે છે. જેમ પિતા બાલકનું ભલુંજ કરે છે, બાળક અજ્ઞાનપણાથી દોષ કરે, પણ પિતા દોષનો વિચાર કરતા નથી તેમ ભગવાન ભકતનું ભલું જ કરે છે. આ બાબતમાં સંન્યાસ નિર્ણયમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે, "આ ભકિતમાર્ગમાં હરિ ભગવાન પણ બાધા (પ્રતિબંધ) કરવામાં સમર્થ નથી, ત્યાં બીજાનું શું સામર્થ્ય, જો એમ ન હોય તો માતા બાળકને સ્તનપાન કરાવીને પોષણ ન કરે" માતા જેમ પુત્રનું વારંવાર પોતાના સ્તનથી પોષણ કરે છે, તેમજ જે જીવ શ્રીમહાપ્રભુજી દ્વારા શરણે આવ્યો છે તેને પ્રભુ બાધા (પ્રતિબંધ) કરતા નથી. ઉલટું જેવી રીતે ભકિત વધે અને ભકતનું કલ્યાણ હોય તેજ પ્રભુ કરે છે, પોતે એવા કૃપાળું છે.–(૩).

**શ્લોક—ન જાનંતિ નિજાજ્ઞાનાત્તત્કૃતિં સ કૃતઘ્નતઃ**
**કવ દોષરાશિર્જીવોઽયં કવ હરિર્ગુણવારિધિઃ ।।૪।।**

**શબ્દાર્થ**—જીવ પોતાની અજ્ઞાનતાથી કૃતઘ્ન છે તેથી પ્રભુની કૃતિને જાણતો નથી. કારણ કે દોષનો ભંડાર આ જીવ કયાં ? અને ગુણસાગર પ્રભુ કયાં ?–(૪).

**વિવેચન**—આવી રીતે પ્રભુ કરે છે પરંતુ જીવ પોતાની અજ્ઞાનતાથી તે જાણતો નથી, તેથી જીવ કૃતઘ્ન છે. ઉપકારને જાણતો નથી, એવા દોષના સમૂહથી ભરેલો જીવ છે. હરિ (શ્રીકૃષ્ણ) ગુણના નિધિ છે જ્યારે જીવ દોષનો નિધિ છે.–(૪).

**શ્લોકઃ—કથમન્યોન્યસંબંધઃ સ્યાત્તમસ્તેજસોરિવ ।**
**તથાપિ દોષરાશિનાં દાહનેન નિવેદનાત્ ।।૫।।**
**સ્વાચાર્યદ્વારકા-તુસ્યાદ્યોગ્યતા હરિયોજને ।।**
**અતઃ સ્વાચાર્યચરણૌ સ્થાપ્યૌ હૃદિ નિરંતરમ્ ।।૬।।**

**શબ્દાર્થ**—( ભગવાન ગુણસાગર છે અને જીવ દોષનો સાગર છે તેથી અંધારાની અને તેજની પેઠે જીવનો અને ભગવાનનો અન્યોઅન્ય સંબંધ શી રીતે થાય ? તો પણ આપણા આચાર્યશ્રીદ્વારા નિવેદન કર્યું છે તેથી દોષનો સમૂહ બળી ગયો છે, તેથી કરીને હરિભગવાનના સંબંધની યોગ્યતા થઈ છે. તેથી આપણા આચાર્યશ્રીનાં યુગલ ચરણકમળ નિરંતર હૃદયમાં સ્થાપન કરવા.-(૫)-(૬),

**વિવેચન**--ઉપર કહ્યું એવા શ્રીકૃષ્ણનો અને જીવનો પરસ્પર સંબંધ શાથી થાય? જેમ અંધારાની સાથે સૂર્યનો સંબંધ કેવી રીતે થાય ? જ્યાં તેજ હોય ત્યાં અંધારું શી રીતે આવી શકે ? તો પછી આ જીવ કેવા પ્રકારે શ્રીકૃષ્ણને મળે ? ત્યાં કહે છે કે બીજો કોઈ ઉપાય નથી, પરંતુ જીવ ભગવાનને બધું નિવેદન કરે તોજ સર્વ દોષ દૂર થાય. આ બાબત ચોરાસી વૈષ્ણવની વાર્તામાં પ્રસિદ્ધ છે કે શ્રીમહાપ્રભુજીને જ્યારે ચિંતા થઇ, એટલે શ્રીકૃષ્ણે આજ્ઞા કરી કે જીવને સમર્પણ કરાવો, નિવેદનથી જીવના સઘળા દોષો દૂર થશે. એટલે જીવના દોષો નિવેદનથી નિશ્ચય દૂર થાય છે.–(૫). એવા દોષરૂપ જીવને આપણા શ્રીમહાપ્રભુજી દ્વારા નિવેદન થાય એટલે તેના સઘળા દોષોનો નાશ થાય, અને શ્રીકૃષ્ણની સેવામાં યોગ્યતા થાય, બીજો કોઈ ઉપાય નથી. તેથી શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળ પોતાના હૃદયમાં સ્થાપન કરવાં એજ યોગ્ય છે. એટલે કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનો પરમ ધર્મ એજ છે કે શ્રી મહાપ્રભુજીનાં ચરણકમળ હૃદયમાં સ્થાપન કરવાં, એનાથી સર્વ ફળ સિદ્ધ થાય છે–(૬).

**શ્લોકઃ—યથા બાલકરક્ષાયૈ ડાકિનીતો બિભેતિ હિ ॥**
**માતા તથૈવ ભેત્તવ્યં દુઃસંગાદ્ભાવરક્ષકૈઃ ॥૭॥**

**શબ્દાર્થ**:--માતા જેમ બાળકની રક્ષાને માટે ડાકણથી બીએ છે, તેજ પ્રમાણે ભાવની રક્ષા કરવાની ઈચ્છાવાળાએ દુઃસંગથી ડરવું.–(૭).

**વિવેચન**—બાળકની રક્ષા માતા કરે છે. ડાકિણી બાળકનો ઘાત કરે છે તેથી બાળકની રક્ષાને માટે ડાકણથી માતા ભયભીત રહે છે, અને તેનાથી છુપાવી રાખે છે, તેજ પ્રમાણે પુષ્ટિમાર્ગીય ભગવદીય દુઃસંગરૂપ ડાકણથી ડરપે, પોતાના ભગવદ્ભાવરૂપી બાળકની રક્ષાને માટે ડાકણરૂપ દુઃસંગનો ત્યાગ કરે.મતલબ કે વૈષ્ણવને દુઃસંગ બહુજ બાધક છે, દુઃસંગથી ભાવનો નાશ થઈ જાય આવું જાણીને જીવ દુઃસંગથી અહર્નિશ બીતો રહે તો ભાવની વૃદ્ધિ થાય.–(૭).

**શ્લોકઃ—સમસ્તેભ્યો નિજસ્નેહં ગોપાયતિ યથાસતી ॥**
**તથૈવ ભગવદ્ભાવગોપનં ક્રિયતાં જનૈઃ ॥૮॥**

**શબ્દાર્થ**—જેવી રીતે અસતી ( વ્યભિચારિણી ) સ્ત્રી પોતાના આશક પરનો પોતાનો સ્નેહ છે તે બધાથી છુપાવે છે, અને જેમ સતી ( પતિવ્રતા ) સ્ત્રી પોતાના પતિ પર જે સ્નેહ છે તે બધાથી છુપાવી રાખે છે, તેમજ ભગવદ્ભક્તોએ ભગવદ્ભાવને છુપાવી રાખવો.–(૮).

વિવેચન—પોતાના હૃદયમાં જે સ્નેહ (ભગવદ્ભાવ) છે તે સર્વના આગળ ગુપ્ત રાખવો, કોઈના આગળ કહેવો નહિં. જેમ સતી (પતિવ્રતા) સ્ત્રી પોતાના હૃદયનો અભિપ્રાય પોતાના પતિ આગળજ કહે છે, બીજા કોઈના આગળ કોઈ રીતે ન કહે, તેજ પ્રમાણે પુષ્ટિમાર્ગીય ભક્તે પોતાનો ભાવ સર્વના આગળ ગુપ્ત રાખવો. આવી રીતે દાસ રહે તો આ કળિયુગમાં ધર્મ રહે, નહિં તો બાધકજ થાય.-(૮).

શ્લોકઃ—દૂતિકાલાપસંસર્ગે યથા વર્દ્ધયતે રતિમ્ ॥
સ્વૈરિણી ભક્તસંસર્ગે ભાવવૃદ્ધિં તથા નયેત્ ॥૯॥

શબ્દાર્થ—જેમ સ્વૈરિણી (વ્યભિચારિણી) સ્ત્રી દૂતિકાની સાથે બોલવામાં તેમજ એનો સંસર્ગ કરવામાં પ્રીતિ રાખે છે, તેમ ભક્તના સંસર્ગમાં આવી ભાવની વૃદ્ધિ કરવી.-(૯).

વિવેચન—જેમ દૂતિના આલાપ કે અનેક વચનથી વ્યભિચારિણી સ્ત્રીની રતિ વધે છે, તેમજ વૈષ્ણવને તાદૃશી ભગવદીય મળે તો ભગવાનમાં ભાવ વધે. આ વાત પ્રસિદ્ધજ છે કે દૂતિ અનેક પ્રકારનાં વિષય સંબંધી વચન કહે તેથી કામ વધે, જાર સાથે પણ પ્રીતિ વધે, તેમજ ભગવદીય ભગવાનની કથા એવી ભાવાત્મક કહે કે તેથી હૃદયમાં ભગવદ્ભાવ પ્રકટ થઈ જાય. માટે પુષ્ટિમાર્ગીય ભગવદીય હોય તેનો સંગ અવશ્ય કરવો જોઈએ.-(૯).

શ્લોકઃ—અસત્યા સર્વદા ચિત્તં ગૃહ ઉચ્ચાટિતં યથા ॥
તથૈવ ભાવનાદૌ તુ ચેતઃ સ્થાપ્યં તદાશ્રિતૈઃ ॥૧૦॥

શબ્દાર્થ—જેમ વ્યભિચારિણી (અસતી) સ્ત્રીનું પોતાનું ચિત્ત હંમેશા ઘરમાંથી દૂર હોય છે, તેજ પ્રમાણે ભગવદાશ્રિતોએ ગૃહાદિકમાંથી ચિત્તને ખેંચીને પ્રભુમાં સ્થાપન કરવું.-(૧૦).

વિવેચન—જેમ વ્યભિચારિણી (અસતી)નું ચિત્ત પોતાના ઘરમાં ન ચોંટે, સદાજ ઉંચું ને ઉંચુંજ મન રહે, પર પુરૂષમાં લાગ્યું રહે, તેવીજ રીતે ભગવદીયનું ચિત્ત શ્રીઠાકોરજીના સ્વરૂપમાં લગાવવું. એક શ્રીઠાકોરજીનાજ ચરણારવિંદનો આશ્રય જેણે કર્યો છે એવા ભગવદિયે પોતાનું મન ગૃહદેહ સંબંધી લૌકિક વૈદિકમાં ન લગાડવું, એક પ્રભુની વાર્તા અને પ્રભુની સેવામાંજ લગાડવું.-(૧૦).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત ૨૬ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.



# * શિક્ષાપત્ર ૨૭મું *

સત્તાવીસમા શિક્ષાપત્રમાં શ્રીભગવાનનું વિસ્મરણ કરાવે એવા દોષોનું નિરૂપણ છે. હવે સર્વની બુદ્ધિનો નાશ કરનારો કાળ આવ્યો છે, સાધન પણ સિદ્ધ નથી થતાં, સેવામાં પણ ત્રણ પ્રકારના પ્રતિબંધ છે, તોપણ શ્રીમહાપ્રભુજીના ચરણકમળના આશ્રયથી ફળની પ્રાપ્તી થશે. માટે ફળમાં નિરાશા રાખવી નહિં, વિ. નિરૂપણ છે. ઉપર કહ્યું કે ભકત જે પ્રભુનો આશ્રિત છે તેનું ચિત્ત લૌકિકમાં લાગતું નથી, પરંતુ ફળમાં જે અનેક બાધક છે, તેને તજીએ તો ફળ પ્રાપ્ત થાય. હવે શું બાધક છે? કેવી રીતે તે તજાય? તેનું આગળ નિરૂપણ કરે છે.

**શ્લોકઃ—નિજાચાર્યપદાંભોજયુગલાશ્રયણં સદા ।।**
**વિધેયં તેન નિખિલં ફલં ભાવિ વિનાશ્રમમ્ ।।૧।।**

**શબ્દાર્થ**—આપણા શ્રીમહાપ્રભુજીના બેઉ ચરણારવિંદનો આશ્રય સદા કરવો, તેથી કરીને શ્રમ વિના સર્વ ફળ પ્રાપ્ત થશે.-(૧).

**વિવેચન**—પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે આપણા શ્રીમદાચાર્યશ્રીના બેઉ ચરણકમળનો આશ્રય કરવો કે જેથી વિના શ્રમે ફળ સિદ્ધ થાય. વિના સાધન પ્રભુ કૃપાથી સર્વ ફળ સિદ્ધ થાય -(૧).

**શ્લોકઃ—ધનં ગૃહં ગૃહાસક્તિઃ પ્રતિષ્ઠા લોકવેદયોઃ ।।**
**કર્માદિનિષ્ઠા મનસઃ સ્વર્ગાદિફલકાંક્ષિણમ્ ।।૨।।**

**શબ્દાર્થ**—ધન, ઘર, ઘરમાંની આસક્તિ, લોકવેદમાં પ્રતિષ્ઠા, કર્માદિકમાં મનની નિષ્ઠા, અને સ્વર્ગાદિક ફળની ઈચ્છા, આ સર્વ પ્રભુને ભુલાવનારાં છે, તે બાબત અગિઆર શ્લોક સુધી છે -(૨).

**વિવેચન**—પુષ્ટિમાર્ગીય ફળમાં બાધક ચાળીસ દોષ છે. તે મુખ્ય ચાળીસ દોષો તજીએ તો ફળ સિદ્ધ થાય. તેથી કહે છે કે પ્રથમ ધન છે તેજ મહા દોષ છે. ધનમદથી આ જીવ આંધળો થઈ જાય છે, કોઈને ગણતો નથી. તેથી ધનને પ્રભુમાં નિવેદન કરી ભગવત્સેવામાં વાપરવું, જેથી પ્રભુ પોતાનો દાસ જાણે.-(૧). બીજું ઘર, મનમાં એમ જાણે કે આ ઘર મેં બનાવ્યું છે, મારા બાપનું છે, આ પ્રકારની મમતા બાધક છે, તે છોડવી.-(૨). ત્રીજું ઘરમાં આસક્તિ, આઠે પહોર ઘરના કાર્યમાં આસક્તિ રહે, આ કરવુંજ છે, તે કરવું છે, એવી આસક્તિ બાધક છે.-(૩). ચોથું લૌકિક વૈદિક પ્રતિષ્ઠા, જો હું લૌકિકમાં કશું ઓછું કાર્ય કરીશ તો મારી આબરૂ જશે. અમુક પાંચ ખર્ચશે, ત્યાં હું દશ ખર્ચીશ, કે જેથી મારી બડાઈ થશે. અને વૈદિક શ્રાદ્ધ, વ્યાહ, યજ્ઞ, વિગેરેમાં હું સર્વથી બધું સારૂં કરૂં છું, આવી પ્રતિષ્ઠા બાધક છે.-(૪). કર્માદિકમાં નિષ્ઠા, સંધ્યા, તર્પણ, વ્રત, નિયમ, વિગેરેમાં નિષ્ઠા પણ બાધક છે.-(૫). મનમાં સ્વર્ગાદિક ફળની ઈચ્છા થાય, કે હું સ્વર્ગમાં જઈ નાના પ્રકારના ભોગ વિલાસ કરીશ, એ પણ બાધક છે. [ ૨ ]

**શ્લોકઃ—લૌકિકે પરમા પ્રીતિર્વિરૂદ્ધવિષયેષણા ॥**
**અવિરૂદ્ધે તથાસક્તિર્વિષયૈર્ભોગભોજનમ્ ॥૩॥**

શબ્દાર્થ—લૌકિકમાં બહુ પ્રીતિ, (ભક્તિથી) વિરૂદ્ધ વિષયની ઇચ્છા (લૌકિકથી) અવિરૂદ્ધમાં આસક્તિ, વિષયના હેતુરૂપ સુંદર ભોજન. (તે બાધક છે.)–(૩).

વિવેચન—લૌકિક જે દેહસંબંધી સ્ત્રી, પુત્રાદિકમાં પ્રીતિ તે ભક્તિમાં બાધક છે.–(૭). ભક્તિથી વિરુદ્ધ જે લૌકિક વિષય તેની ઇચ્છા તે ફળમાં બાધક છે.–(૮). લૌકિકથી અવિરૂદ્ધ એટલે લૌકિકમાં અનુકુળ વિષયમાં આસક્તિ તે પણ બાધક છે.–(૯). વિષય ભોગને માટે સારૂં સારૂં ખાવું તે પણ બાધક છે. ભગવત્સેવા થઈ શકે તે માટે વૈષ્ણવ મહાપ્રસાદ લે છે તે ભાવ નહિં, પણ વિષય ભોગાર્થ સારૂં પૌષ્ટિક ભોજન, ઘી વિગેરેનું ભોજન કરવું તે પણ બાધક છે.–(૧૦)–(૩).

**શ્લોકઃ—દેહાભિમાન કુલજો વિદ્યાદિવિહિતોઽપિ ચ ॥**
**ભગવત્સેવના ભાવસહિતં દેહપોષણમ્ ॥૪॥**

શબ્દાર્થ—દેહનું અભિમાન, કુળનું અભિમાન, વિદ્યા વિગેરેથી ઉત્પન્ન થએલું એવું અભિમાન, પ્રભુસેવાનો અભાવ છતાં દેહનું પોષણ–(તે બાધક છે).–(૪).

વિવેચન—દેહાભિમાન એ કે મદથી કોઈને પણ ગણે નહિં, દેહને સુંદર કર્યા કરે, ચોટી નિત્ય સમારે, પોતાનો દેહ જોઈને મનમાં ફુલે, આ બાધક છે.–(૧૧). કુળનો મદ એ કે હું મોટા કુળમાં છું, અને બીજા મારાથી નીચ છે, મારા બરાબર કોઈ નથી, આવું માનવું તે ભૌતિકમાં બાધક છે.–(૧૨). વિદ્યાનો મદ જેમ કે હું બહુ ભણ્યો છું, મને ષટ્શાસ્ત્રનું જ્ઞાન છે, બીજા સર્વ મૂર્ખ છે, આવો વિદ્યાનો મદ બાધક છે, આ મદથી દીનતા સિદ્ધ થતી નથી.–(૧૩). ભગવત્સેવા ન કરતાં લૌકિક વૈદિક અનેક કાર્યમાં દિવસ વિતાડે છે, ભગવત્સેવામાં મન ન રાખે, આ વસ્તુ પણ ભક્તિમાં બાધક છે. જેમ બ્રાહ્મણ ગાયત્રી ન જપે, તો બ્રાહ્મણપણું નાશ પામે, તેવીજ રીતે વૈષ્ણવ થઈને ભગવત્સેવા ન કરે તો વૈષ્ણવપણું જતું રહે. આ બાધક છે–(૧૪). દેહનું પોષણ કરે, લગાર પણ ટાઢ, તાપ, સહન કરે નહિ, અનેક ઔષધિથી તથા ખાનપાનથી દેહનું પોષણ કરે તે બાધક છે. દેહની રક્ષા તો પ્રભુની સેવા માટે કરવાની છે, તે ભાવ તો છે નહિં, કેવળ લૌકિક માટે દેહનું પોષણ કરે, તે બાધક છે.–(૧૫)–(૪).

**શ્લોકઃ—અસત્સંગઃ સદા દુષ્ટકૃષ્ણાનુચ્છિષ્ટભક્ષણમ્ ॥**
**નિવેદનાનુસંધાનત્યાગઃ શરણવિસ્મૃતિઃ ॥૫॥**

શબ્દાર્થ—અસત્પુરુષના સંગથી સદા દુષ્ટતા બની રહે, શ્રીકૃષ્ણને ભોગ ધર્યા વિનાના દુષ્ટ અન્નનું ભક્ષણ, નિવેદનમંત્રના અનુસંધાનનો ત્યાગ, શરણની વિસ્મૃતિ, બાધક છે–[૫].

વિવેચન—અસત્સંગ એટલે મહાદુષ્ટ બહિર્મુખોનો સંગ, તેવાઓની પાસે એક ક્ષણ પણ બેસે તો ભગવદ્ભાવનો નાશ થઈ જાય. તેવાઓનો સંગ સદા કરે તેથી બહિર્મુખતા

થાય તે બાધક છે.-[૧૬]. અને શ્રી કૃષ્ણનો ઉચ્છિષ્ટ મહાપ્રસાદ છોડીને અસમર્પિત ખાય, આ મહા બાધક છે, પદ્મપુરાણમાં કહે છે કે, 'હરિ પરમાત્માને અર્પણ કર્યા વિના જે ખાય છે, તેના પિતૃ પિતામહાદિક બહુ વર્ષ સુધી નરકમાં પડે છે. અવૈષ્ણવનું અન્ન, પતિતનું તથા વિષ્ણુ ભગવાનને અર્પણ નહિ કરેલું એવું અન્ન કુતરાના માંસ બરાબર છે." વળી કુર્મપુરાણમાં કહ્યું છે કે "ગોવિંદ નિમિત્તે અર્પણ કર્યા વગર ધર્મ રહિત જે ખાય છે, તે અન્ન કુતરાની વિષ્ટા સમાન છે, અને જળ મદિરા સમાન છે" આ વાકય પ્રમાણે અસમર્પિતથી બુદ્ધિ ભ્રષ્ટ થાય, તેથી તે મહા બાધક છે.-[૧૭]. નિવેદનનું અનુસંધાન નહિં કરવાથી, મેં સમર્પણ કર્યું છે તેનું તથા પંચાક્ષરનો શો અભિપ્રાય છે, તેનું જ્ઞાન થતું નથી. આ બાધક છે.-[૧૮]. શ્રીકૃષ્ણના શરણની વિસ્મૃતિ તેમજ અષ્ટાક્ષર મંત્ર "શ્રીકૃષ્ણ: શરણંમમ" ની વિસ્મૃતિ મહા બાધક છે.-[૧૯]-[૬].

**શ્લોકઃ—દેવાંતરાશ્રયસ્તેભ્યઃ પ્રાર્થનાપિ ફલાર્થિતઃ ।**
**ભગવચ્ચિત્તરહિતા વ્યાવૃત્તિરપિ લૌકિકી ॥૬॥**

**શબ્દાર્થ**—અન્યદેવનો આશ્રય, ફળની ઈચ્છાથી અન્યદેવની પ્રાર્થના કરવી, ભગવાન માંથી ચિત્તને દૂર કરે એવી લૌકિક વ્યાવૃત્તિ (આ પણ બાધક છે)-[૬].

**વિવેચન**—બીજા દેવનો આશ્રય મહા બાધક છે. સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનો આશ્રય છોડીને અન્યદેવનો આશ્રય કરે, તેને આ પુષ્ટિમાર્ગીય ફળ સિદ્ધ થતું નથી. હરિત સ્મૃતિમાં કહ્યું છે કે, "અન્ય દેવને નમસ્કાર ન કરવો, અન્ય દેવનાં દર્શન ન કરવાં, અન્ય દેવનો પ્રસાદ પણ ન ખાવો, અને અન્ય દેવના મંદિરમાં ન જવું" આવી રીતે અનન્ય રહે તો ફળ સિદ્ધ થાય. શ્રી ગુસાંઇજી કહે છે કે, "ભગવાનના ચરણકમળની રજનું સેવન કરનારો, મરણ પર્યંત સંકટ આવી પડે તો પણ અન્યનો આશ્રય કરવાનું ઉચિત ધારતો નથી. જેમ હાથીની સવારી પર બેસનારો રાસભ (ગધેડા)ની સવારી પાસ કરતો નથી તેમ. વળી અન્ય સંબંધની ગંધ પણ કંધરા (ગ્રીવા) ને બાધા કરે છે" આવી રીતે અન્ય દેવનો આશ્રય બાધક છે (૨૦). અન્ય દેવ ઇંદ્રાદિક, શિવાદિક, બ્રહ્માદિક, ગણેશ, સૂર્ય, આ દેવો પાસે ફળની આશા તે પણ બાધક છે. શ્રીકૃષ્ણ સર્વ સામર્થ્ય યુક્ત છે, તેમને છોડીને અન્ય દેવો કે જે સદા પરાધીન છે, તેમની પાસે ફલાકાંક્ષી કરવી તે પુષ્ટિમાર્ગમાં મહા બાધક છે.-(૨૧). ભગવાનના ચરણારવિંદ પાસે વૈરાગ્ય, લૌકિક વૈદિક કાર્ય, મનમાં અસંભાવના, વિપરીત ભાવના, મિથ્યાધ્યાન, આ સૌ પુષ્ટિમાર્ગના ફળમાં બાધક છે.-(૨૨). આઠ પહોર લૌકિક વ્યાવૃતિ કરી લૌકિક આવેશ થાય, એટલે કે આઠે પહોર આ પ્રમાણે લૌકિક કાર્ય કરવું તે બાધક છે.-(૬).

**શ્લોકઃ—ગુરૂદ્રોહતદીયેભ્યોઃ સ્વસ્યાધિક્યવિભાવનમ્ ।**
**અત્યંતદેહસામર્થ્યમિંદ્રિયાણાં ચ પોષણમ્ ॥૭॥**

**શબ્દાર્થ**—ગુરુનો દ્રોહ, પુષ્ટિમાર્ગીય ભગવદીયોથી પોતાની અધિકતાની ભાવના, દેહનું બહુ સામર્થ્ય, ઈંદ્રિયોનું પોષણ. (આ પણ બાધક છે.)-૭.

વિવેચન—ગુરુનો દ્રોહ કરે તો ગુરુ અપ્રસન્ન થાય તે બાધક છે. પ્રભુ અપ્રસન્ન થાય તો ગુરુ રક્ષા કરે, પણ ગુરુ અપ્રસન્ન થાય તો રક્ષા કરવામાં કોઈ સમર્થ નથી. (૨૪) પુષ્ટિમાર્ગીય ભગવદીયોને પોતાનાથી ન્યૂન જાણે, પોતાને અધિક જાણે તે પણ બાધક છે. (૨૫) દેહમાં અત્યંત સામર્થ્ય હોય તેથી કોઈને ગણે નહિ, અહંકાર થાય, તથા મહા વિષયી થાય, તે પણ બાધક છે. (૨૬) પોતાની ઇંદ્રિયનાં પોષણમાં તત્પર રહે. ઇંદ્રિયોને તો વિષયભોગજ પ્રિય છે, અને ઇંદ્રિયોના પોષણથી વિષયાવેશ પણ વધેજ. (૨૭)–(૭).

શ્લોકઃ—ગૃહેષ્વભિરતિર્ભાર્યાપુત્રાદિષુ મનોગતિઃ ।
કૃષ્ણાનુભાવરહિતદેશે સતતં સંસ્થિતિઃ ॥૮॥

શબ્દાર્થ—ઘર વગેરેમાં પ્રીતિ, સ્ત્રી પુત્રાદિકમાં મન લાગ્યું રહે, અને શ્રીકૃષ્ણની કથા–સેવા–કીર્તનાદિ વિનાના સ્થાનમાં નિરંતર રહેવાનું થાય, (આ પણ બાધક છે.) (૮)

વિવેચન—ગૃહાદિકમાં અને લૌકિક કાર્યમાં આઠે પહોર પ્રીતિ. (૨૮) સ્ત્રી પુત્રાદિકમાં મન કરીને પ્રીતિ, એટલે કે દેહ સંબંધી સ્ત્રી પુત્રાદિક છે તેમાં મન રહે, તેમના દુઃખથી દુઃખી થાય, તેમના સુખથી સુખી થાય, આ પુષ્ટિફળમાં બાધક છે. (૨૯) શ્રીકૃષ્ણનો અનુભવ [કથા–વાર્તા] વગરના દેશમાં રહેવું એ બાધક છે. શ્રીગોવર્ધનનાથજી તથા સાતેય સ્વરૂપનાં મંદિર તથા શ્રીવલ્લભકુળનાં મંદિર, તથા પુષ્ટિમાર્ગીય તાદશીયને ત્યાં રાજસેવા, અને વ્રજ એટલી જગાઓ વૈષ્ણવના અનુભવ માટેની છે. ઉત્સવ કે ભગવદ્વાર્તા વિના જીવને કોઈપણ અનુભવ ન થાય. ૩૦–(૮).

શ્લોકઃ—હર્ષશોકૌ લોકલાભસ્તદભાવકૃતૌ તથા ॥
સ્વાતંત્ર્યભાવનં સ્વસ્ય જીવસ્વાભાવિકો હઠઃ ॥૯॥

શબ્દાર્થ—લોકમાં લાભ અને હાનિ થાય, તેવી કૃતિમાં હર્ષ શોક થાય, અને પોતાની સ્વતંત્રતાની ભાવના અને જીવની સ્વભાવિક હઠ. [આ બાધક છે]. (૯)

વિવેચન—આ લૌકિકમાં હરખ શોક થાય, દેહ સંબંધી કુટુંબ, દ્રવ્ય, અને લૌકિક કાર્ય સારૂં થાય તો સુખ માને, હરખ થાય, અને હાનિ થાય તો દુઃખ પામે અને શોકાતુર થાય. આ સંસાર રૂપી વૃક્ષને બે ફળ છે સુખ અને દુઃખ. કોઈ વાર દુઃખ થાય, કોઈવાર સુખ થાય. તેમાં મન રહે તો તે બાધક છે. [૩૧] દ્રવ્યાદિક લાભમાં લોભ થાય કે આટલું દ્રવ્ય તો થયું, હવે બીજું થાય તો ઠીક, કુટુંબ વધે તો ઠીક, ઇત્યાદિ લોભ પણ પુષ્ટિમાર્ગમાં બાધક છે. [૩૨] પોતાની સ્વતંત્રતાની ભાવના મનમાં રાખે, દાસપણું ભૂલી જાય, આપણ બાધક છે. [૩૪]–[૯]

શ્લોકઃ—અધિકારઃ પાપરતિઃ પક્ષપાતો દુરાત્મનામ્ ॥
હૃદયક્રૂરતા દીનજનોપેક્ષાક્ષમા પુનઃ ॥૧૦॥

શબ્દાર્થ—અધિકાર, પાપમાં પ્રીતિ, દુરાત્મા [દુષ્ટ]નો પક્ષપાત, હૃદયમાં ક્રૂરતા, દીનજનની ઉપેક્ષા, તેમજ અક્ષમા. [આ પણ બાધક છે.] [૧૦]

**વિવેચન**—મોટો અધિકાર લે તો અનેક જીવનું ભલું ભુંડું કરવું પડે, તે બાધક છે. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજી અને નિબંધમાં કહે છે કે, નારાયણે બ્રહ્માજીને શ્રીભાગવત સંભળાવ્યું પણ તે બ્રહ્મા સૃષ્ટિ કરવાના અધિકાર વાળા છે, તેથી બ્રહ્માજીને અનુભવ ન થયો. પછી બ્રહ્માએ નારદજીને સંભળાવ્યું પણ નારદજીને તો સઘળે ફરવું છે, એક મન નથી. તેથી તેમને પણ અનુભવ ન થયો. પછી નારદજીએ વેદવ્યાસને કહ્યું, પણ વ્યાસજી વેદપુરાણના અધિકારી છે, તેથી તેમને પણ અનુભવ ન થયો, પછી વ્યાસજીએ શુકદેવજીને સંભળાવ્યું. હવે શુકદેવજીને તો કોઈ વાતનો અધિકાર સત્તા નથી, તેથી અનુભવ થયો. તેથી અધિકાર છે, તે ફળમાં બાધક છે. [૩૬] જે જીવ પાપમાં પ્રીતિ વાળો છે તેને ઈષ્ટ કે અનિષ્ટની પરીક્ષા નથી હોતી, તે પણ ફળમાં બાધક છે. [૩૬] ખોટા [દંભી] મનુષ્ય અને ચોરી વિગેરે દુષ્ટકર્મ કરનાર હોય તેનો પક્ષપાત કરે, સાચાનું જુઠું કરે, તેને ફળમાં બાધક થાય. [૩૭] હૃદયથી ક્રૂર હોય, કોઈનું ભલું ન વિચારે, મહા છળ કપટ રાખે, તે બાધક છે. [૩૮] કોઈ દીન મનુષ્ય હોય, તે આવીને શરણે થાય, તેની ઉપેક્ષા કરે, તે પુષ્ટિમાર્ગમાં બાધક છે. [૩૯] વળી ક્ષમા ન હોય, વગર કારણે ક્રોધ કરે, ભ્રુકુટી ચઢેલી રહે, સહન ન થાય, આ પુષ્ટિમાર્ગમાં બાધક છે. [૪૦][૧૦]

**શ્લોકઃ—એતે ચાન્યે ચ બોદ્ધવ્યા દોષા વિસ્મારકા હરેઃ ॥**
**સાવધાની ભૂય દાસૈઃ કૃષ્ણસ્ય સ્થેયમાદરાત્ ॥૧૧॥**

**શબ્દાર્થ**—આ ઉપર કહ્યા તે, અને તે સિવાય બીજા જે જે દોષો છે, તે સર્વ હરિને ભુલાવનાર છે, માટે શ્રીકૃષ્ણના દાસોએ (ભગવાનના ચરણમાં) આદર પૂર્વક સાવધાન થઈને રહેવું. (૧૧)

**વિવેચન**—આ ચાલીસ દોષો કહ્યા તે અને બીજા અનેક દોષો છે, તેમાં આ ચાલીસ દોષો મુખ્ય છે. આ દોષો પ્રભુનું વિસ્મરણ કરાવનારા છે, આ દોષો જેનામાં હોય તેનાથી હરિને ઓળખી શકાય નહિં. તેથી શ્રી હરિરાયજી કહે છે, કે ઉપર કહ્યા તે સઘળા દોષોથી સર્વ વૈષ્ણવોએ સાવધાન રહેવું, (આ દોષોથી ડરતા રહેવું.) આ દોષોની નિવૃત્તિના નવગુણ કહે છે, શ્રીકૃષ્ણના ચરણારવિંદમાં અત્યંત (પ્રીતિ) આદર રાખવો. એનેજ સર્વસ્વ જાણવું. (૧૧)

**શ્લોકઃ—ભગવન્માર્ગમાત્રસ્થૈસ્તન્માર્ગફલકાંક્ષિભિઃ ॥**
**વિરક્તૈરન્યતઃ કૃષ્ણગુણાસક્તાંતરાત્મભિઃ ॥૧૨॥**
**સ્વાચાર્યશરણં યાતૈસ્તદ્વિશ્વાસસમન્વિતૈઃ ॥**
**પરિત્યક્તાખિલૈઃ સ્થેયં સદા તદ્દર્શનોત્સુકૈઃ ॥૧૩॥**

**શબ્દાર્થ**—ભક્તિમાર્ગમાં રહેનારા, આ માર્ગના ફળની ઈચ્છાવાળા, અન્યથી (બીજી બાબતોથી) વિરક્ત, અને શ્રીકૃષ્ણના ગુણમાં આસક્તિ યુક્ત ચિત્ત જેમનું એવા (૧૨) તેમજ શ્રીમહાપ્રભુજીના શરણાગત, તેમનામાં વિશ્વાસ યુક્ત હોઇ સર્વનો પરિત્યાગ કરનારા, અને સદા તેમનાં દર્શનમાં ઉત્સાહવાળા એવા થઇને વૈષ્ણવે રહેવું. (૧૩)

વિવેચન—આ કાળદોષથી કંઈ કાર્ય કરીએ તે પ્રભુ સંબંધી હોય, તેમાં પણ અવળીજ સ્ફુરણા થાય છે. એક ક્ષણમાં કશું વિચારે, તો બીજી ક્ષણમાં કશું બીજું સ્ફુરે. આવી રીતે સારાં કાર્યોમાં અનેક પ્રતિબંધ આવે છે. કેવળ પ્રભુનું પ્રતાપબળજ મનમાં આવે છે, કે શ્રીકૃષ્ણ સર્વોપરિ હોઈ સર્વકાર્ય સિદ્ધ કરનાર છે. તેમનો પ્રતાપ દશે દિશામાં પ્રકટ છે. વેદ, પુરાણ, શ્રીભાગવત, ગીતાજી વિગેરે સર્વ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. એવા શ્રીકૃષ્ણ મારા પ્રસિદ્ધ પતિ છે, તો પછી અમને શો ડર છે ? આવી રીતે પ્રભુનું પ્રતાપબળ પણ મનમાં આવે છે, પણ પ્રભુએ પોતાનું આવું બળ સમેટી લીધું છે, તેથી વિશ્વાસ છુટી જાય છે, અને લૌકિક સુખદુઃખ આવે છે. (૧૫)

**શ્લોકઃ—સાધનાનિ ન સિદ્ધ્યંતિ કાલદોષાદ્દુરાત્મનઃ ।।**
**પ્રતિબંધશ્ચ કાલાદિકૃતઃ પ્રત્યહમેધતે ।।૧૬।।**

**શબ્દાર્થ**—કાળદોષથી મહા દુષ્ટ છે આત્મા જેમનો, એવાઓનું સાધન સિદ્ધ થતું નથી. અને કાળાદિકથી ઉત્પન્ન થતા દોષો ( પ્રતિબંધો ) દિવસે દિવસે વધતા જાય છે.-(૧૬).

વિવેચન—જે સાધનથી મનમાં દુર્વાસના ન થાય, ભગવત્કાર્ય થાય, તેવા સાધન કરો, એવું કોઈ કહે, ત્યાં કહે છે કે સાધન સિદ્ધ નથી થતાં, એટલે ફળ તો મહા દુર્લભ છે, કારણ કે, કાળાદિક દોષો તો દિવસે દિવસે વધતાજ જાય છે.-(૧૬).

**શ્લોકઃ—ઉદ્વેગઃ પ્રતિબંધો વા ભોગશ્ચાપિ પ્રજાયતે ।**
**પ્રતિબંધસેવનં તૈઃ પ્રયાશા કા ફલસ્ય હિ ।।૧૭।।**

**શબ્દાર્થ**:—ઉદ્વેગ અથવા પ્રતિબંધ અને ( શરીરાદિકના ) ભોગો ઉત્પન્ન થાય છે, આ ત્રણે (સેવામાં) પ્રતિબંધક છે, તેમનું સેવન કરવાથી ફળની આશા શી રાખવી ? અથવા આ ત્રણ જે પ્રતિબંધક છે તેમના સેવનથી બીજા કયા સારા ફળની આશા રાખી શકાય-(૧૭).

વિવેચન—શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સેવા ફળમાં નિરૂપણ કરે છે કે, "ઉદ્વેગઃ પ્રતિબંધો વા ભોગો વા સ્યાત્તુ બાધકઃ" (ઉદ્વેગ પ્રતિબંધ અને ભોગ આ ત્રણે બાધક છે.) તેમાં મનમાં પ્રથમ ઉદ્વેગ થાય, તો મન સેવામાં ન લાગે. પછી પ્રતિબંધ થાય તો વળી પાછું મન શરીરાદિકના ભોગમાં જાય. ભોગથી વિષયાવેશ થઈ જાય, એટલે પ્રભુ અપ્રસન્ન થાય, આવી રીતના પ્રતિબંધથી જ્યારે પ્રભુની સેવા ન બની આવે, એટલે પુષ્ટિમાર્ગીય ફળની આશા ક્યાંથી કરીએ! આ માર્ગમાં તો પ્રભુની સેવાજ ફળ છે, તે જો ન થઇ તો આગળ શું ફળ થવાનું છે?-(૧૭).

**શ્લોકઃ—તથાપિ શ્રીમદાચાર્યચરણાશ્રયણાન્મમ ।।**
**નિવર્તતે નિરાશં સન્ન મનઃ ફલલબ્ધિતઃ ।।૧૮।।**

**શબ્દાર્થ**—તો પણ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણકમળના આશ્રયને લઈને મારું મન ફલપ્રાપ્તિમાં નિરાશ થતું નથી.-(૧૮).

# * શિક્ષાપત્ર ૨૮ મું *

હવે અઠ્ઠાવીસમા શિક્ષાપત્રમાં પોતાની દીનતાના આવિર્ભાવ સાથે ભગવાનની પ્રાર્થનાનો પ્રકાર નિરૂપણ કરે છે. ઉપર કહ્યું કે સર્વ સાધનથી રહિત તથા સેવાથી રહિત છું, તો પણ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણાશ્રયથી ફળ સિદ્ધ થશે. તે કેવી રીતે સિદ્ધ થશે તે આગળ કહે છે, આશ્રયથી દીનતા સ્ફુરે, તે ફળરૂપ છે. તે દીનતાનું પણ વર્ણન કરે છે.

**શ્લોકઃ—કદા નંદાત્મજઃ સ્વેષુ કૃપાદષ્ટિં કરિષ્યતિ ।।**
**પ્રતીક્ષયૈવાસ્મદાદિમનઃ શ્રાન્તં સહેંદ્રિયૈઃ ।।૧।।**

**શબ્દાર્થ**—શ્રીનંદરાયજીના પુત્ર પોતાના ભકતોપર કયારે કૃપાદષ્ટિ કરશે ? આ પ્રમાણે પ્રતીક્ષા (વિલંબ) કરવાથીજ અમો સર્વનું મન ઈંદ્રિયો સાથે શ્રાંત (શિથિલ) થઈ ગયું છે.-(૧).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી વિજ્ઞપ્તિ કરે છે કે નંદાત્મજ શ્રીકૃષ્ણ છે, આમ કહીને નંદરાયજીના પુત્ર કહે છે. વાસુદેવના નથી કહેતા, કારણ કે આ પુષ્ટિમાર્ગમાં નંદકુમારજ સેવ્ય છે. શ્રીશુકદેવજી નંદમહોત્સવના અધ્યાયમાં કહે છે કે, "શ્રીનંદરાયજીના આત્માથી પુત્ર ઉત્પન્ન થયા ત્યારે બહુ આનંદિત થઈ ગયા, અને મોટા મનવાળા થયા." આ વાકયથી નંદરાયજીના આત્માથી પ્રકટયા એવા શ્રીકૃષ્ણ ભાવાત્મક પુષ્ટિપુરૂષોત્તમ મને પોતાનો અંગીકૃત, નિજભકત જાણી, પોતાની કૃપાદષ્ટિ કયારે કરશે ? આમ પ્રતીક્ષા (વિલંબ) કરતાં કરતાં અમારાં તથા અમારાં સંબંધીઓનાં મન પણ ઇંદ્રિયો સાથે શિથિલ થઈ ગયાં છે. આ બાબતમાં શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે, "હે નાથ ! હું જેવી છું તેવી પણ એક આપના ચરણકમળનીજ દાસી છુ, તેથી કોઇ પણ રીતે આપના મુખારવિંદનું જલદીથી મને દર્શન કરાવો.-(૧).

**શ્લોકઃ—કરુણાવારિધિઃ સ્વીયનિધિઃ સર્વાધિકઃ પ્રભુઃ ।।**
**ઉપેક્ષતે કુતઃ સ્વીયાનિતિ ચિંતાતુરં મનઃ ।।૨।।**

**શબ્દાર્થ**—દયાના સમુદ્ર, આપણા નિધિરૂપ, સર્વથી અધિક એવા પ્રભુ પોતાના અંગીકૃત ભકતની ઉપેક્ષા કેમ કરે છે? એથી મન ચિંતાતુર રહે છે.-(૨).

**વિવેચન**—હે શ્રીકૃષ્ણ ! આપ કેવા છો ? કરુણાના નિધિ છો અને સર્વે પ્રાણીમાત્રના અને સર્વ જગતના પ્રભુ છો. તેમાંય આપના જે અંગીકૃત છે, તેના તો સર્વસ્વ નિધિ રૂપ છો, આવા પ્રભુ પોતાના ભકતોની ઉપેક્ષા કેમ કરે છે ? આ ચિંતાથી મનમાં આતુર (દુઃખી) થયો છું. આ બાબતમાં શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "હા નાથ ! જીવનના અધીશ ! કમળદલ લોચન ! જેવું યોગ્ય લાગે, તેવું કરો; એવી તમારો જે હું તેની

પ્રાર્થના છે" હે નાથ ! કમળલોચન, હું આપને શી પ્રાર્થના કરૂં ? આપની કૃપાથીજ જીવું છું. આવો વિપ્રયોગ ઉચિત છે તેથી હું પ્રાર્થના કરૂં છું. આપ સર્વજ્ઞ છો, સર્વે જાણો છો. (૨)

**શ્લોકઃ—નિજાનંદનિમગ્નસ્ય ભવેદ્યદ્યપિ વિસ્મૃતિઃ ।।**
**ભક્તાર્થમવતીર્ણસ્ય કૃપાલોરુચિતા ન સા ।।૩।।**

**શબ્દાર્થ**—આપ આનંદમાં મગ્ન હો, ત્યારે તો વિસ્મૃતિ હોય, પણ ભક્તોને માટે પ્રકટ થએલા એવા આપ આમ ભૂલી જાઓ તે યોગ્ય નથી. (૩)

**વિવેચન**—હે કૃષ્ણ, આપ આપના આનંદમાં હંમેશાં મગ્ન રહો છો, તેથી જો કે સંસારાદિ ભાવની વિસ્મૃતિ છે, તો પણ આપના ભક્તોને માટે આપ અવતાર લ્યો છો, તેથી આપ પરમકૃપાળુ છો. આથી આપના જે ભક્તો સંસારમાં છે, તેમની વિસ્મૃતિ નહિંજ કરો, કૃપા કરીને અંગીકાર કરશોજ. આ બાબતમાં શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "જીવોમાં જે આપના અંગીકારરૂપ અધિકાર છે, તેથી હે પ્રભુ ! હે દયાના સાગર ! આ જીવના સંબંધમાં વિચાર કરવો યોગ્ય નથી, માટે કૃપા કરો" હે નાથ ! આપનો અંગીકૃત જીવ છે, તે આપના અધિકાર યોગ્ય છે, છતાં અહીં લૌકિક સંબંધથી આપને ભૂલ્યો છે, કૃપા કરવા યોગ્ય નથી, તો પણ આપ કૃપાના સમુદ્ર છો માટે અમારા પર કૃપા કરોજ. (૩)

**શ્લોકઃ—કં પ્રાર્થયેયુસ્તે દીના વિહાય નિજનાયકમ્ ।**
**તદેકશરણા નિત્યં વિમુક્તાઃ સર્વસાધનૈઃ ।।૪।।**

**શબ્દાર્થ**—સર્વ સાધનથી રહિત અને હંમેશાં આપજ જેમનું શરણ છો એવા દીન ભક્તો, પોતાના પતિ [આપ]ને છોડીને કોની પ્રાર્થના કરે ? (૪)

**વિવેચન**—હે નાથ ! હું આપની શી પ્રાર્થના કરૂં ? હું દીન છું. આપને જ હું મારા નાયક (પતિ) જાણું છું, આપ વિના હું બીજા કશાને જાણતો નથી. અને હું સર્વ સાધનથી રહિત છું તેથી હંમેશાં આપને જ શરણે છું, આપનો જ ભરોસો છે, સાધન હોય તો તો કશી પ્રાર્થના ન કરૂં, પણ તે તો છે નહિં, આથી આપનો આશ્રય કરી આપને જ શરણે છું, આ બાબતમાં શ્રી મહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં કહે છે કે "અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ" (અશક્ય અવસ્થામાં અથવા સુશક્ય અવસ્થામાં સર્વથા હરિજ શરણ છે) આ વાક્યનો વિચાર કરવાથી બીજો ઉપાય મને સૂઝતો નથી, માટે આપને શરણે છું. (૪)

**શ્લોકઃ—મન્નાથ ! પ્રાર્થયે નૂનં ભવામિ વિરહાકુલઃ ।।**
**દર્શનં સ્પર્શનં વાપિ દેહિ વેણુસ્વરશ્રુતમ્ ।।૫।।**

**શબ્દાર્થ**—હે મારા નાથ ! હું આપના વિરહથી વ્યાકુળ થયો છું, તેથી હું પ્રાર્થના કરૂં છું, કે (સેવામાં) દર્શન, સ્પર્શ અને શ્રુતિને (કર્ણને) વેણુનો નાદ સંભળાવો.-(૫).

વિવેચન—હે શ્રીકૃષ્ણ, તમે મારા નાથ છો, અને અતિ વિરહથી હું આકુળ વ્યાકુળ થયો છું. આ સંસારના કાર્યમાં તત્પર છું, અને આપની સેવા અને ભગવદ્ધર્મથી રહિત છું, તેથી સંસારાગ્નિથી પીડિત છું. શ્રીગુસાંઇજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "તમારા દર્શન ન થતાં હોય એવો જે આપનો ભક્ત છે તેનું જીવન, હે નાથ ! કમનસીબ વિધવાના જોબનની પેઠે વ્યર્થ છે" આથી શ્રી હરિરાયજી કહે છે કે મને દર્શન આપો, અને શ્રીઅંગનો સ્પર્શ કરાવો. મતલબ કે સેવા કરાવો એટલે તેમાં દર્શન અને ચરણ સ્પર્શ થાય. વળી વેણુનાદ કરી વેણુદ્વારા અમારા હૃદયમાં સુધા રેડો, એટલે અમને સુખ થાય. વિરહાગ્નિથી વ્યાકુળ છું, તે દુઃખ કેવળ દર્શનથી જ દૂર નહિં થાય, માટે આવી રીતે સુખ આપો. (૫)

શ્લોકઃ—નિજાચાર્યાશ્રિતાનસ્માન્યદિ કૃષ્ણ ! પ્રહાસ્યસિ ।।
ગમિષ્યતિ હરે ! નાથ ! પ્રતિજ્ઞૈવ તદા તવ ।।૬।।

શબ્દાર્થ—આપણા આચાર્યશ્રીનો આશ્રિત એવો હું તેનો, હેશ્રીકૃષ્ણ ! જો આપ ત્યાગ કરશો, તો હે નાથ ! હે હરિ ! આપની જ પ્રતિજ્ઞા જુઠી પડશે. (૬)

વિવેચન—આપણા શ્રીમહાપ્રભુજીના આશ્રિત પુષ્ટિ ભકતને આપ જો ખોટો જાણી અથવા દૂષિત જાણીને છોડશો, તો આપની પ્રતિજ્ઞાનો જરૂર ભંગ થશે, માટે કૃપા કરો. કારણ કે આપે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પાસે પ્રતિજ્ઞા કરી છે કે જેને બ્રહ્મસંબંધ કરાવશો, તેના સઘળા દોષો દૂર થશે, અને તેનો અંગીકાર હું કરીશ. આ બાબતમાં સિદ્ધાંતરહસ્યમાં આજ્ઞા છે કે " બ્રહ્મસંબંધ કરવાથી જીવ અને દેહના સર્વ દોષોની અવશ્ય નિવૃત્તિ થાય છે, આ દોષો પાંચ પ્રકારના છે." ઇત્યાદિ વચનોથી આપ અમારા દોષ જોશો તો આપની પ્રતિજ્ઞા જશે. માટે આપની પ્રતિજ્ઞાને લીધે શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીનો આશ્રિત જાણી મારાપર કૃપા કરો.–(૬).

શ્લોક —વયં તુ સર્વથા દુષ્ટાઃ સ્વધર્મવિમુખા અપિ ।।
ત્વમસ્મદીયાન્મા ધર્માન્ ગૃહાણ ગુણપૂરિતઃ ।।૭।।

શબ્દાર્થ—અમે તોસર્વરીતે દુષ્ટ છીએ, વળી સ્વધર્મથી વિમુખ છીએ. આમ છતાં પણ આપ સર્વ ગુણથી પૂર્ણ છો, માટે અમારા ધર્મોને ગ્રહણ કરશો નહિ ( અમારા જેવા થશો નહિં ).–(૭).

વિવેચન—અમે સર્વ રીતે દુષ્ટ છીએ. બાળપણથીજ દુષ્ટ આચરણ કરીએ છીએ. આપણા પુષ્ટિમાર્ગથી વિમુખ છીએ, કદી પણ પુષ્ટિમાર્ગીય રીતિથી ભાવપૂર્વક સેવા કરી નથી, તેથી અમારા સ્વધર્મથી અમે વિમુખ છીએ. અને હે નાથ ! આપ કેવા છો ? સર્વ ગુણથી પૂર્ણ છો, માટે આપના અંગીકૃત જીવોના ધર્મની અપેક્ષા રાખશો નહિં. ( જીવના જેવા ન બનશો ) અવગુણી એવા અમો તેમના ઉપર કેવળ પ્રમેય બળથી કૃપા કરો. આ બાબતમાં શ્રીગુસાંઇજી વિજ્ઞપ્તિમાં કહે છે, કે " જો કે અમારા દોષો બહુજ બળવાન છે, તોપણ આપની કૃપા આગળ તે અતિ દુર્બળ છે, કારણ કે આપની કૃપા તો ઈશ્વર ધર્મ છે, અને દોષ છે તે જીવ ધર્મ છે." આથી ઈશ્વર આગળ જીવ ધર્મ તુચ્છ છે, માટે કૃપા કરો.–(૭).

**શ્લોકઃ—કૃપાલો! પાલનીયાનાં ગુણદોષવિચારણા ॥**
**ન કાર્યા સ્વીયશરણવિહિતં વરણં યદિ ॥૮॥**

શબ્દાર્થઃ—હે કૃપાળુ! આપના શરણના કારણે અમારૂં વરણ કરવા યોગ્ય છે, તેથી પોષણ આપવા યોગ્ય જે જીવ છે એના ગુણ દોષની વિચારણા કરવી યોગ્ય નથી.–(૮).

વિવેચન—હે નાથ! આપ કૃપાળુ છો માટે પાલન કરો. અમારા ગુણ દોષનો વિચાર કરશો નહિં, કારણ કે અમે આપના છીએ. શ્રીઆચાર્યજી દ્વારા અમારો ધર્મ આપનાથી થયો છે, એટલે કે અમારૂં વરણ (અંગીકાર) થયો છે, તે આપના કાર્યને માટે થયો છે. પણ આપની સેવા ટહેલ મારાથી નથી બની શકી, ઉલટા અનેક અપરાધ અને દોષો થયા છે. તેથી મારા (અપરાધ) સામું જોશો નહિં. આપે મારો અંગીકાર કર્યો છે, માટે કૃપા કરો. શ્રીગુસાંઇજી કહે છે કે, "જીવમાં આપની અંગીકૃતિ રૂપ જે અધિકાર છે, તેથી (તે યોગ્ય હોય અથવા દોષ વડે જીવ અયોગ્ય હોય તો પણ) તેનો વિચાર કરવા યોગ્ય નથી" માટે હે કૃપાનિધિ, કૃપા કરો. મારા અનેક દોષોનો વિચાર ન કરશો, આપ કૃપાનિધિ છો, તો કૃપા કરો.–(૮).

**શ્લોકઃ—અશ્રાંતોઽપિ હરે! દોષગણનાયાં મમ પ્રભો! ।**
**શ્રમમેષ્યસિ ગોપીશ! તતો વિસ્મર સર્વથા ॥૯॥**

શબ્દાર્થ—હે હરિ! આપને શ્રમ લાગતો નથી તો પણ હે પ્રભો! મારા દોષોની ગણના કરવામાં આપ શ્રમ પામશો (દોષો બહુ હોવાથી ગણતાં ગણતાં થાકી જશો) તેથી હે ગોપીજનોના ઇશ! સર્વથા તે દોષો તદ્દન વિસરી જાઓ.–(૯).

વિવેચન—હે નાથ! આપ કોઈ વાતમાં હારો કે થાકો નહિં, આપને કોઈ કાર્યમાં શ્રમ ન પડે, એક ક્ષણમાં ફાવે તે કરો, એવા સામર્થ્યયુક્ત છો, છતાં પણ મારા દોષોની ગણના આપ કરશો તો આપ હારી એટલે થાકી જશો. મારા દોષો અપાર છે, માટે હે ગોપીપતિ!! (આ સંબોધન કહીને એમ જણાવે છે, કે તમે ગોપીપતિ છો, વિના સાધને ગોપીજન પર કૃપા કરી, તેમ અમારી પર કૃપા કરો.) સર્વથા અમારા દોષોને વિસરી જાઓ, શ્રીગુસાંઇજી વિજ્ઞપ્તિમાં કહે છે, કે "હે વ્રજના અધિપતિ! નિઃસાધનના ફલાત્મક! અમારા અપરાધની ગણના કરવી આપને ઉચિત નથી, કારણ કે આપ સહજૈશ્વર્યવાળા છો તેથી આપના આગળ અમારા દોષો ક્ષુદ્ર છે, માટે કૃપા કરો.–(૯).

**શ્લોકઃ—દીનેષુ ગુણલીનેષુ (હીનેષુ) તાવકીનેષુ મત્પ્રભો! ॥**
**પરાધીનેષુ કરુણા કરણીયૈવ સર્વથા ॥૧૦॥**

શબ્દાર્થ—હે મારા પ્રભુ, આપના ભકતો જે દીન, સંસારના ગુણોમાં લીન, અથવા ગુણ વગરના, અને વળી પરાધીન છે, તેમના ઉપર હંમેશાં કૃપા કરવીજ યોગ્ય છે.–(૧૧).

વિવેચન—હે નાથ! હું અત્યંત દીન છું, દુઃખી છું, કારણ કે માયાના ગુણથી સંસારાદિમાં લીન છું, વળી પરાધીન છું, આવા દોષોથી હું દીન છું, તો પણ તમારો છું,

માટે સર્વથા મારા પર કૃપા કરો. શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે, કે "હે સુંદર ! મને કાળ કર્મને આધીન કરશો તો તે પણ અયોગ્ય છે, કારણ કે હું આપનો છું, અને આપે મારો અંગીકાર કર્યો છે" હે સુંદર ! હે શ્રીકૃષ્ણ, હું કાળને આધીન છું, તો પણ આપનો છું, માટે આપનો જાણી કૃપા કરો (૧૦)

શ્લોકઃ—નિઃસાધના ગતધના મનોદીનાઃ સુદુઃખિતાઃ ॥
નિજાચાર્યાશ્રિતાઃ શોકલોભમોહભયાકુલાઃ ॥૧૧॥
ભવંતિ તે કૃપાપાત્રં મહોદાર ! દયાનિધે ! ॥
પ્રયચ્છ કરુણાં તેભ્યો દત્તં પાત્રેઽક્ષયં ભવેત્ ॥૧૨॥

શબ્દાર્થ—નિઃસાધન, જેનું ધન નાશ પામ્યું છે એવા, અને મનમાં દીન બની ગએલા, અત્યંત દુઃખી, આચાર્યશ્રીના આશ્રિત, શોક, મોહ, લોભ અને ભયથી વ્યાકુળ (૧૧) એવા જે છે, તે આપની કૃપાને યોગ્ય છે. માટે હે મહોદર ! દયાના નિધિરૂપ! એવાઓ પર કૃપા કરો, કારણ કે પાત્ર એટલે લાયકને આપેલું દાન અક્ષય થાય છે. (૧૨)

વિવેચન—હું નિઃસાધન છું, મારામાં કોઈ સાધન નથી, ભાવરૂપી ધન પણ નાશ પામ્યું છે. આથી કરીને અતિ દીન છું, બહુજ દુઃખી છું. વળી આપણા આચાર્યશ્રીનો આશ્રિત છું અને શોક, લોભ, મોહ, ભય, આવા માયાના ગુણોથી વ્યાકુળ છું. (૧૧) ઉપર કહ્યા એવા ભાવવાળા હોય તો તે પ્રભુના કૃપાપાત્ર થાય છે. તેથી શ્રીહરિરાયજી કહે છે કે હું પણ તેવો છું, આપનો કૃપાપાત્ર છું, આપ મહોદાર, દયાના નિધિ છો, માટે દયા કરો. પાત્રમાં દીધેલું દાન અક્ષય થાય છે. હું તો દયા કરવા યોગ્ય છુ, માટે દયા કરો (૧૨)

શ્લોકઃ—સંસારદાવદગ્ધાનાં જીમૂતજલકાંક્ષિણામ્ ॥
ન નીલજલદાનંતજલદાનં વિના સુખમ્ ॥૧૩॥

શબ્દાર્થ:—સંસારરૂપી દાવાનળથી બળી રહેલાને, અને મેઘના જળની ઈચ્છાવાળાને શ્યામ મેઘના અત્યંત જળના દાન વગર સુખ ન થાય. (૧૩)

વિવેચન—હવે લૌકિક દ્દષ્ટાંત કહે છે કે વનમાં દાવાનળ પ્રગટે તો વનના બધા જીવ બળતા હોય, તેમને શીતળ કરવાને મેઘજળ વરસે, એજ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. જોકે જળ વડે નદી, સમુદ્ર, વિગેરે અનેક ભરેલાં છે, પણ વનમાં લાગેલા દાવાનળને જલ પ્રદાન કરે તોજ હોલવાય, તેવીજ રીતે આ માયાસંબંધી અહંતા મમતા રૂપ આ દાવાનળમાં જે બળે છે, તેને નીલમેઘરૂપ શ્રીગોવર્ધનનાથજી પોતાના આનંદ સ્વરૂપ અનંત જળનું દાન કરે (મહા કૃપા કરે) તોજ આ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને સુખ થાય, બીજો કોઈ ઉપાય નથી. (૧૩)

શ્લોકઃ—યે મયાંગીકૃતાઃ સર્વે ત્વત્સેવાર્થે ગૃહસ્થિતાઃ ॥
ત એવ ભાવનાશાય ભવન્તિ કરવૈ કિમુ ॥૧૪॥

**શબ્દાર્થ**—આપની સેવાને માટે ઘરમાં રહેલા એવા સર્વે (પદાર્થો)નો મેં અંગીકાર કર્યો છે, પણ તેઓ પણ ભાવનો નાશ કરવામાં તત્પર થાય છે, એટલે હવે હું શું કરૂં ? (૧૪)

**વિવેચન**—મેં જે સેવક કર્યા છે, તેમનો પ્રભુ પાસે પ્રાર્થના કરી અંગીકાર કરાવ્યો, એવા અંગીકૃત સેવકો બહુજ કર્યા છે. આ સેવકો કરવાનું કારણ એ છે કે મારાથી ગૃહસ્થાશ્રમમાં સેવા બનતી નથી, તેથી આપણા ઘરમાં રહેલા બધાને સેવક કરી સેવા રીતિ બતાવી છે. તે મારા સેવકો આપની સેવા સારી રીતે કરશે, એટલે મને સુખ થશે, આમ જાણી મને પોતાને સહાય થાય માટે મેં ગૃહસ્થો (ઘરમાં રહેલા)નો અંગીકાર (સ્વીકાર) કર્યો છે, આ ગૃહસ્થો (ઘરમાં રહેલા) ભગવાનની સેવામાં ભાવ નાશ થાય એવું ઉલટું કૃત્ય કરે છે, તેથી હવે હું શું કરું ? (૧૪)

**શ્લોકઃ—બહિર્મુખાઃ પ્રકુર્વંતિ સ્વસંબંધં બહિર્મુખમ્ ।।**
**સહાયતાભ્રમાદેવ ન હાતુમહમુત્સહે ।।૧૫।।**

**શબ્દાર્થ**—(તે સર્વે) બહિર્મુખ છે, તેઓ દુઃસંગથી મને પણ બહિર્મુખ કરે છે. અથવા બહિર્મુખ પોતાના સંબંધને બહિર્મુખ કરે છે, આમ છતાં તેઓ સેવામાં સહાય કરશે, એવા ભ્રમથી જ હું તેમનો ત્યાગ કરવાની ઈચ્છા કરતો નથી. (૧૫)

**વિવેચન**—જે જીવ સ્વભાવથી બહિર્મુખ છે, તે પોતાના સંબંધથી સઘળા જીવોને બહિર્મુખ બનાવે છે, આમ છતાં મેં ભ્રમથી મને સહાય કરશે એમ જાણ્યું, આથી અંગીકાર કર્યો. પણ તેઓ તો ઉલટાજ ચાલે છે, ભગવત્સેવા કરતા નથી, તો પણ તેઓ સેવા કરશે એવા ભ્રમના લીધે તેમને છોડવાનો ઉત્સાહ હું કરતો નથી, (૧૫)

**શ્લોકઃ—સહાયભ્રમમુત્પાદ્ય વંચયન્તિ યથા જનમ્ ।।**
**માર્ગસ્થિતં તથા નાથ ! વંચિતોઽહં ગૃહસ્થિતૈઃ ।।૧૬।।**

**શબ્દાર્થ**—જેમ ઠગ પુરુષ માર્ગમાં રહેલા મનુષ્યને સહાયનો ભ્રમ ઉત્પન્ન કરીને ઠગે છે; તેમ હે નાથ ! હું ઘરમાં રહેલા માણસોથી ઠગાયો છું–(૧૬).

**વિવેચન**—મેં ભ્રમથી મને સહાય થાય માટે સેવક કર્યા, તેમાં ઉલટો ઠગાયો છું હે નાથ ! માર્ગમાં રહેલા માણસને જેમ કોઈ ઠગે, તેમ ઘરમાંના માણસોથી હું ઠગાયો છું.–(૧૬).

**શ્લોકઃ—યથાંધકૂપપતિતં મંડૂકા દુઃસ્વરૈર્જનમ્ ।।**
**વ્યથયંતિ તથા મહ્યં દુર્વચોભિર્ગૃહસ્થિતાઃ ।।૧૭।।**

**શબ્દાર્થઃ**—જેમ અંધારામાં કુવામાં પડેલા માણસને દેડકાં દુષ્ટ (અપ્રિય) સ્વરથી પીડે છે, તેમ મને ઘરમાં રહેલા માણસો દુર્વચનથી પીડે છે.–(૧૭).

વિવેચન—લૌકિક દૃષ્ટાંત કહે છે કે જેમ અંધારા કુવામાં પડયો હોય, તેને દેડકાં ભયંકર સ્વરથી બોલે તેથી બીક લગાડે છે, તેમ ઘરમાં રહેલા અનેક લોકોનાં દુર્વચન સાંભળીને મને મહા ભય થાય છે. ઘરમાં રહેલા એવા માણસોના અનેક પ્રકારનાં વચન સાંભળીને મારા મનમાં પીડા થાય છે–(૧૭).

શ્લોકઃ—કિયત્પર્યંતમેવં હિ મદુપેક્ષાં કરિષ્યસિ ।
ત્યક્તો વા દોષસાહિત્યાદ્વિમુખોઽહં દયાલુના ॥૧૮॥

શબ્દાર્થ—કેટલા દિવસ સુધી આવી રીતે મારી ઉપેક્ષા કરશો ? અથવા ખરેખર હું દૂષિત છું, અને વિમુખ છું, તેથી દયાળુ પ્રભુએ ત્યાગ કર્યો છે ?–(૧૮).

વિવેચન—માટે હે નાથ! એવો દુઃખી હું છું તેથી મારી ઉપેક્ષા કરશો ? કે મને દુષિત જાણીને ત્યાગ કરશો ? આમ છતાં પણ હું એમ જાણું છું કે આપ દયાળુ છો, તેથી ત્યાગ તો કદી નહિંજ કરો. શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "મારૂં ચિત્ત પણ દુષ્ટ છે, કારણ આપનામાં ચોટતું નથી. વાણી પણ મિથ્યા ભાષણથી દુષ્ટ છે, કાયા પણ આપની સેવા નથી કરતી માટે દુષ્ટ છે, ક્રિયા પણ લૌકિક કરીએ છીએ તેથી દુષ્ટ છે, જ્ઞાન પણ દુષ્ટ છે, ભજન પણ નિષ્કપટતાથી નથી થતું, માટે હે નાથ! અમારા દોષ કયાં સુધી વિચારશો ?" માટે કૃપા કરો.–(૧૮).

શ્લોકઃ—ત્યક્તઃ કુત્ર ગમિષ્યામિ ન મેઽસ્તિ શરણં ક્વચિત્ ।
નાવમારોપ્ય દીનં સ્વં મધ્યેધારં ન ભજ્જય ॥૧૯॥

શબ્દાર્થ—આપ ત્યાગ કરો તો હું કયાં જાઉં ? મારૂં શરણુ કોઇ પણ સ્થળે નથી. આપના (આ) દીનજનને નાવમાં બેસાડીને મધ્ય ધારમાં ન ડુબાવો.–(૧૯).

વિવેચન—હે નાથ ! આપ ઈશ્વર છો. કર્તું અકર્તું અન્યથાકર્તું, સર્વ સામર્થ્યયુક્ત છો, તેથી એમ જાણો કે મારા શરણને યોગ્ય આ નથી, આવા વિચારે મારો કદાપિ ત્યાગ કરો, તો હું કયાં જાઉં ? અમારે આપના વિના બીજું કોઈ પણ સ્થાન નથી, આપના શરણ વિના બીજું કશું અમે જાણતા નથી. માટે આપ જો ત્યાગ કરશો તો મારી શી દશા થશે? જેમ નાવમાં બેસાડીને મધ્ય દરિઆની વચમાં નાવ છોડી દે, તો તેઓ શું કરે ? ત્યાં તો નાવિક સહાય કરે તોજ પાર ઉતરાય, બીજો ઉપાય નથી, તેમજ હું આપના પુષ્ટિમાર્ગ રૂપી નાવમાં બેઠો છું, હવે આપના મનમાં આવે તેમ કરો.–(૧૯).

શ્લોકઃ—નિજાચાર્યકુલે જન્મ કિમર્થં વિહિતં મમ ॥
વિહિતં ચેન્મયિ સદા દોષપીને કૃપાં કુરુ ॥૨૦॥

શબ્દાર્થ—આપના અંગીકૃત આચાર્યકુલમાં મારો જન્મ શા માટે કર્યો? જો કર્યો તો દોષથી ભરેલો જે હું તેના ઉપર કૃપા કરો.–(૨૦).

વિવેચન--આપ મારો ત્યાગ કરશો તો આપના પર અમારૂં શું ચાલવાનું છે? પણ હું કહું છું કે (આપના) શ્રી આચાર્યજી શ્રી વલ્લભાચાર્યજીના કુલમાં મારો જન્મ કેમ કર્યો? આપ પ્રથમ જાણતા નહિતા કે હવે છોડી દ્યો છો? હું તો સદા દોષોથી ભરેલો જ છું, માટે કૃપા કરોજ.-(૨૦).

**શ્લોકઃ—અસંગઃ સર્વથા દૂયેઽસત્સંગસહિતોઽપ્યહમ્ ॥**
**યથારણ્યે પરિત્યક્તઃ કાંદિશીકો મૃગાદનૈઃ ॥૨૧॥**

શબ્દાર્થ—હું અસંતોના (દુષ્ટજનોના) સહવાસવાળો છું, આથી તેમનો કોઈ પણ રીતે સંગ ન લાગે તેમ રહું છું, તો પણ ખેદ પામું છું. જેમ વનમાં ત્યજાએલો અને દિગ્મૂઢ (મગજ ફરી ગયેલો તેથી દિશા ભૂલેલો) પુરૂષ મૃગાદન જે સિંહ વિગેરેથી ભય પામે, તેમજ હું અસત્સંગથી ડરૂં છું.-(૨૧).

વિવેચન--અસત્સંગે મને બધી દિશાઓથી ઘેર્યો છે, આ વાતનું મને ભારે દુઃખ છે. થોડો પણ દુઃસંગ હોય તો બુદ્ધિ બગડે, જ્યારે મને તો સર્વ તરફથી દુઃસંગ પીડે છે, તેથી સુંદર બુદ્ધિનો પણ નાશ થયો છે. અને સત્સંગથી સર્વ વાતે સંતોષ થાય, પરંતુ તેવો સત્સંગ તો મારાથી બહુજ દૂર છે.-તેથી હું એકલો છું, દુઃસંગથી ઘેરાએલો છું; તેથી બહુજ ડરૂં છું, કે મારી શી દશા થશે? જેમ ઘોર વનમાં એકલો કોઈ પડે અને સિંહની ગર્જના સાંભળે, પછી બાવરો બની જાય. દિશા સૂઝે નહિં એટલે કઈ દિશાએ જાય? તેમજ મને પણ કઈ દિશાએ જવું તેની સૂઝ પડતી નથી, તેથી ગભરાઉં છું-(૨૧).

**શ્લોકઃ—જાતપક્ષા ખગાઃ સ્વીયજનનીં ચ ત્યજંતિ હિ ॥**
**યથા તથા કરાલેઽસ્મિન્ કાલેઽહં ભગવજ્જનૈઃ ॥૨૨॥**

શબ્દાર્થ—જેમ પાંખો ફુટેલાં પક્ષી પોતાની માતાને છોડી દે છે, (પછી માતા વગરના થાય છે) તેમ હું ભગવાનના જે ભક્ત તેમનો વિયોગી થયો છું. (ભગવદ ભક્તો મને છોડીને ચાલ્યા ગયા છે.) (૨૨)

વિવેચન—મારી શી દશા છે? જેમ ખગ એટલે પક્ષી છે, તેનાં બચ્ચાને જ્યારે પાંખો આવે ત્યારે તે બચ્ચાં પોતાની માતાને ત્યજીને અનેક વનમાં ઉડી જાય છે. તેવી રીતે અમારી પાસે ભગવદીયો જે કથા વાર્તા કરતા હતા, તેઓ આ કરાળ કાળમાં મન છોડીને જતા રહ્યા છે, હવે હું શું કરૂં? (૨૨).

**શ્લોકઃ—ચિંતાપારાવારે પતિતસ્યાત્રૈવ મગ્નસ્ય ॥**
**એતજ્જલવડવાગ્નિઃ શરણં શ્રીવલ્લભાચાર્યાઃ ॥૨૩॥**

શબ્દાર્થ—ચિંતારૂપી સમુદ્રમાં પડેલો અને તેમાંજ ડુબેલો એવો જે હું તેનું, તે જળનું શોષણ કરનાર વડવાનલ રૂપ શ્રીમહાપ્રભુજીજ શરણ છે. (૨૩)

વિવેચન—ભગવદીયના સંગ વગર મારા હૃદયમાં એવી ચિંતા છે કે જેનો પાર નથી. હું ચિંતારૂપી સમુદ્રમાં ડુબી ગયો છું. અહીં દ્રષ્ટાંત કહે છે કે જેમ અતી ગહેરા પાણીના સમુદ્રમાં જે ડુબેલો હોય તેને એક વડવાનળ અગ્નિજ સહાય કરનાર છે, કારણ એક ક્ષણમાં સઘળું પાણી તે શોષી લે છે. તેવીજ રીતે હું આ સંસારરૂપી ભવ સાગરમાં ચિંતારૂપી સમુદ્રમાં પડયો છું, તેમાં એક શ્રીવલ્લભાચાર્યજીજ શરણ છે, એજ ઉપાય છે. શ્રીમહાપ્રભુજી અલૌકિક અગ્નિરૂપ છે, તે એક ક્ષણમાં સઘળી ચિંતા તથા સંસારના બધા દુ:ખનો નાશ કરશે, આજ ઉપાય છે (૨૩).

**શ્લોકઃ—હા કૃષ્ણ ! હા નંદસૂનો ! હા યશોદાપ્રિયાર્ભક ।।**
**હા ગોપિકાહૃદાધાર ! ધારયસ્વ કરેણ મામ્ ।।૨૪।।**

શબ્દાર્થ—હા શ્રીકૃષ્ણ! હા શ્રીનંદરાયજીના પુત્ર! હા શ્રીયશોદાજીના પ્રિયપુત્ર! હા શ્રીગોપીજનના હૃદયના આધાર! હું ચિંતારૂપી સમુદ્રમાં ડુબેલો છું તેથી મને શ્રીહસ્તથી પકડી લો. (૨૪).

વિવેચન—ઉપર કહ્યા પ્રમાણે શ્રીહરિરાયજી દીનતા કરે છે. આ પ્રમાણે દીનતા કરતાં કરતાં વિપ્રયોગાત્મક અગ્નિ હૃદયમાં પ્રકટ થયો, તેથી અત્યંત વિરહથી દેહનું અનુસંધાન ભૂલીને બોલ્યા, કે હા કૃષ્ણ ! (આ ફલાત્મક નામ શ્રુતિના ભાવથી છે) [૧] હા નંદસૂનુ ! શ્રી નંદરાયજીના પુત્ર, જેમ નંદરાયજીએ આમારૂં પાલન કર્યું; તેમ તમે પાલન કરો. (આ બીજું નામ કુમારિકાઓના ભાવથી છે) [૨] હા યશોદાજીના પ્રાણ પ્રિય પુત્ર! આ શ્રીયમુનાજીના ભાવથી છે. [૩] પછી કહે છે કે હા ગોપીજનના પ્રાણધાર! આ શ્રી મુખ્ય સ્વામિનીજીના ભાવથી છે. (૪) આ ચારે નામ દઈને કહ્યું, કે એવા હે પ્રભુ, અમે વિપ્રયોગના સમુદ્રમાં પડયા છીએ, તેમનો આપના શ્રીહસ્તથી ઉદ્ધાર કરો (૨૪).

ઇતિશ્રીહરિરાયજી વિચરિત ૨૮ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

---

## શ્રીહરિરાયજીની મનિષા

ભૂલ જિન જાય મન અનત મેરો
રહો નિશદિવસ શ્રીવલ્લભાધિશ પદ
કમલસોં, લાગ બિનમોલકો ચેરો

અન્ય સંબંધતે અધિક ડરપત રહોં,
સકલ સાધનહુતેં કર નિવેરો,
દેહ નિજગેહ, યહલોક પરલોકલોં,
ભજો સીતલ ચરણ છાંડ, અરૂઝેરો.

ઇતની માગત મહારાજ કરજોર કેં
જે સો હું તે સો, કહાંઉ તેરો
'રસિક' શિર કર ધરો, ભવદુ:ખ પરહરો,
કરો કરૂણા મોહિ, રાખ નેરો.

# * શિક્ષાપત્ર ૨૯-મું *

હવે ઓગણત્રીસમા શિક્ષાપત્રમાં બુદ્ધિનો નાશ કરનારો આ સમય આવ્યો છે તેથી સત્સંગ, શ્રીકૃષ્ણ સ્મરણ અને શરણાગતિરૂપ સાધનથી બુદ્ધિ સ્થિર રાખવી તેમ કહે છે. એવું ન કરે તો સર્વકૃતિ વ્યર્થ છે. તેમજ શ્રીમહાપ્રભુજીએ (બુદ્ધિ પ્રેરક શ્રીકૃષ્ણના ચરણ કમળ પ્રસન્ન થાઓ એમ પ્રાર્થના કરી) ગાયત્રીનો અર્થ બતાવ્યો છે. આથી શ્રીકૃષ્ણનું સ્મરણ અને શરણાગતિથી જ પ્રભુ બુદ્ધિ સ્થિર રાખશે એવું નિરૂપણ છે. ઉપર કહ્યું તેવી રીતે દીનતાથી વિપ્રયોગ પ્રકટ થાય એટલે ભગવદ્ધર્મ સિદ્ધ થાય. એવી બુદ્ધિ કેવી રીતે સ્થિર રહે, તે હવે કહે છે.

**શ્લોકઃ—બુદ્ધિનાશકકાલોઽયં સર્વેષાં સમુપાગતઃ ।।**
**અતો હિ સર્વથા ગોપ્યં બુદ્ધિરત્નં સુબુદ્ધિભિઃ ।।૧।।**

શબ્દાર્થ—સર્વની બુદ્ધિનો નાશ કરનારો આ સમય આવ્યો છે, તેથી બુદ્ધિશાળીઓએ પોતાની બુદ્ધિરૂપી રત્ન છુપાવી રાખવું. ( તેનું રક્ષણ કરવું. ) (૧).

વિવેચન—આ વર્તમાન કળિકાળમાં સર્વ બુદ્ધિનો નાશ થયો છે. કારણ કે આ કળિયુગમાં અનેક ધર્મ થયા છે, તેથી વિચારે કે આ ધર્મ ન થયો તો તેથી શું બગડી ગયું, બીજો ધર્મ કરીશું. એવી રીતે બુદ્ધિ ધર્મથી ભ્રષ્ટ થઈ જાય, માટે જે બુદ્ધિથી ધર્માચરણ થાય છે તે તો કાળે હરી લીધી છે. તેથી ધર્મનું સ્વરૂપ નહિં સમજી શકવાથી ઉત્તમ ધર્મનો નાશ થયો છે. કુબુદ્ધિથી વિપરીત આચરણ કરવા લાગ્યા છે. તેથી કહે છે કે તમે સાવધાન રહેજો, આ કાળ સર્વની બુદ્ધિનું હરણ કરનારો આવ્યો છે. માટે જે બુદ્ધિમાન વૈષ્ણવ છે, તેમણે પોતાનું બુદ્ધિરૂપ રત્ન યત્નપૂર્વક સાચવી રાખવું, કોઈને ન બતાવવું. કારણ કે રત્નની સંભાળ ન રહે તો ચોર લઇ જાય, માટે બુદ્ધિરૂપ રત્ન સત્સંગ–સ્મરણરૂપ યત્ન કરીને સાચવશે તેનુંજ રહેશે. (૧)

**શ્લોક —સત્સંગકૃષ્ણસ્મરણશરણાગતિસાધનૈઃ ।।**
**તદભાવે કૃતિઃ સર્વા યતો વૈયર્થ્યમેતિ હિ ।।૨।।**

શબ્દાર્થ—સત્સંગ, શ્રીકૃષ્ણનું સ્મરણ, અને શરણાગતિરૂપ સાધનથી બુદ્ધિની રક્ષા કરવી. જો એવી રીતે રક્ષા ન કરે, તો સર્વ કૃતિ વ્યર્થ થઈ જાય.–(૨).

વિવેચન—હવે શ્રીહરિરાયજી બુદ્ધિના રક્ષણનો ઉપાય કહે છે, કે સદા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના સત્સંગમાં રહેવું, અને પોતાના મનમાં ધ્યાન કરી શ્રીકૃષ્ણના શરણની ભાવના સદા મનમાં રાખવી. શ્રીકૃષ્ણાશ્રયમાં અષ્ટાક્ષર કહ્યો છે, તેવા શરણની ભાવના કરવી. કારણ કે ભાવ વિના ક્રિયા કરે તે સર્વ વ્યર્થ છે. જેમ રાખમાં ઘી હોમે તેનું શું ફળ? તેમજ ભાવ વિના જે કરે તે સર્વ વ્યર્થ છે.–(૨).

**શ્લોકઃ—અત એવોક્તમાચાર્યૈઃ સ્વકીયકરુણાત્મભિઃ ।**
**બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ॥૩॥**

શબ્દાર્થ—સ્વકીય જનની ઉપર કૃપા કરીને શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે બુદ્ધિના પ્રેરક શ્રીકૃષ્ણના ચરણકમળ પ્રસન્ન થાઓ.–(૩).

વિવેચન—અહીં કોઈ કહે કે આ બુદ્ધિરત્નના રક્ષણનો પ્રકાર તમેજ કહો છો કે કોઇ પણ સ્થાને સાંભળ્યો છે? ત્યાં કહે છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીમુખથી કહે છે, કે "બુદ્ધિના પ્રેરક શ્રીકૃષ્ણના ચરણારવિંદની પ્રસન્નતાથી સુંદર બુદ્ધિ થાય છે." માટે મન વચન અને કર્મથી શ્રીકૃષ્ણને શરણે જે કોઈ રહેશે તેની બુદ્ધિ સુંદર થશે, બીજાની નહિં થાય–(૩).

**શ્લોકઃ—ઉપકારોઽપિ ગાયત્ર્યા ધ્યાનહેતુરયં મતઃ ॥**
**ગીતાયાં હરિણાપ્યુક્તમર્જુનં પ્રતિ મોદતઃ ॥૪॥**
**"દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાંતિ તે" ॥**
**બુદ્ધિસ્થૈર્યં હૃદિસ્થૈર્યં હરેરિતિ ન સંશયઃ ॥૫॥**

શબ્દાર્થ:—બુધ્ધિ પ્રેરક શ્રીકૃષ્ણના ચરણકમળની પ્રસન્નતાની પ્રાર્થના રૂપ આ ઉપકાર પણ ગાયત્રીના ધ્યાનમાં કારણરૂપ છે, ગીતાજીમાં શ્રીકૃષ્ણે અર્જુન પ્રતિ કહ્યું છે કે આ બુધ્ધિયોગ હું આપું છું, જેથી તેઓ મારી પ્રાપ્તિ કરે. બુધ્ધિની સ્થિરતા થાય ત્યારે હૃદયમાં પણ સ્થિરતા થાય, એમાં સંશય નહિં.–(૫).

વિવેચન—બ્રાહ્મણના બાળકને ગાયત્રી આપે છે તેના ત્રીજા પાઠમાં બુદ્ધિની પ્રેરણારૂપ અર્થ છે. તેથી ભગવાન સુંદર બુદ્ધિ કરે છે, આ નિશ્ચય ઉપકાર છે, કારણ કે ગાયત્રીના ઉપદેશથી વેદોના કર્મની યોગ્યતા થાય છે, તેવીજ રીતે બુદ્ધિપ્રેરક શ્રીકૃષ્ણની કૃપાથી વૈષ્ણવની બુદ્ધિ નિર્મળ થાય, તો તે પણ પ્રભુનો ઉપકાર છે. કારણ કે બુદ્ધિ નિર્મળ થાય, તો શ્રીઠાકોરજીનું ધ્યાન થાય, આ પ્રમાણે ગીતાજીમાં પણ શ્રીભગવાન અર્જુન પ્રતિ કહે છે.–(૪) બીજા અધ્યાયમાં બુદ્ધિની સ્થિરતાનો પ્રકાર કહ્યો છે, તે પ્રકારે બુદ્ધિ સ્થિર થાય તો ભગવાન હૃદયમાં સ્થિર થાય, અને બુદ્ધિની સ્થિરતા જતી રહે તો પ્રભુ પણ હૃદયથી જતા રહે, આમાં કંઈ પણ સંશય નહિં. ગીતાજીમાં એક આખો અધ્યાય બુદ્ધિ યોગનો ભગવાને કહ્યો છે. કારણ કે બુદ્ધિ સુંદર હોય તોજ ધર્મ, જપ, તપ, દાન, વ્રત, મર્યાદામાર્ગીય સાધન, કર્મમાર્ગનાં સાધન, જ્ઞાનમાર્ગનાં સાધન, યોગ માર્ગનાં સાધન, પુષ્ટિમાર્ગીય સાધન વિ. બધું બને. સુંદર બુદ્ધિ વગર કંઈ કાર્ય સિદ્ધ થાય નહિં (૫).

**શ્લોકઃ—તન્નાશ એવ ગીતાયાં સર્વનાશો નિરુપિતઃ ॥**
**અતો બુદ્ધિઃ સુસંરક્ષ્યા ભાવભાવનકારણમ્ ॥૬॥**

શબ્દાર્થ—બુદ્ધિનો નાશ થાય તો સર્વનો નાશ એમ ગીતાજીમાં નિરૂપણ કર્યું છે, તેથી સર્વ ભાવની ઉત્પત્તિના કારણ રૂપ બુધ્ધિની સારી રીતે રક્ષા કરવી (૬).

વિવેચન—બુદ્ધિનો શા કારણે નાશ થાય અને બુધ્ધિનાશથી આત્માનો નાશ થાય છે. વિ. બાબતો ભગવાન ગીતાજીના બીજા અધ્યાયમાં કહે છે "ભગવાન કહે છે કે હે અર્જુન! જીવ વિષયમાં પ્રવૃત્ત થાય છે, તેથી વિષયના ધ્યાનથી દુઃસંગ (સંસારીનો સંગ) થાય છે. આથી અનેક પ્રકારની વિષયની કામના પ્રકટ થાય. તેમાં કંઈ પણ વિઘ્ન આવે એટલે ક્રોધ થાય, ક્રોધથી મોહ થાય, મોહથી સ્મૃતિ–ભ્રમિત થાય, એટલે અજ્ઞાનતા થાય, અજ્ઞાનતાથી લૌકિક સંસારીને પોતાના જાણે તેમનું પાલન કરવા માટે ખોટી ક્રિયા કરે. આવી રીતે સ્મૃતિના ભ્રમથી બુદ્ધિનો નાશ થાય, અને બુધ્ધિના નાશથી આત્માનો નાશ થાય છે. બુધ્ધિ છે તે ભગવદ્ ભાવનામાં કારણભૂત છે, માટે બુધ્ધિની રક્ષા કેવી રીતે કરવી આ બાબત આગળના શ્લોકમાં કહે છે–(૬).

**શ્લોકઃ—પ્રસાદભક્ષણૈર્નિત્યં સેવનાકરણૈરપિ ।**
**સત્સંગેન સદા કૃષ્ણકથા શ્રવણકીર્તનૈઃ ॥૭॥**

**શબ્દાર્થ**—મહાપ્રસાદના સેવનથી હંમેશાં પ્રભુની સેવા કરવાથી, સત્સંગથી તથા હંમેશાં શ્રીકૃષ્ણની કથા–શ્રવણ અને કીર્તનથી બુધ્ધિની રક્ષા કરવી.–(૭).

વિવેચન—ઉપર કહ્યું કે બુધ્ધિની રક્ષા કરે તો સર્વ કાર્ય સિધ્ધ થાય, તો તે બુધ્ધિની રક્ષા શી રીતે કરવી તે સંબંધમાં કહે છે કે અસમર્પિત વસ્તુમાં પોતાનું મન ન જવા દેવું, હંમેશાં મહાપ્રસાદનું ભોજન કરે, શ્રીકૃષ્ણની સેવા નિત્ય કરે, દુઃસંગનો ત્યાગ કરે, શ્રીકૃષ્ણની કથાનું શ્રવણ કરે, અને શ્રીકૃષ્ણની લીલાઓ તથા કૃષ્ણ નામનું કીર્તન કરે તો બુધ્ધિ નિર્મળ રહે અને પ્રભુ હૃદયમાં પધારે. (૭).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત ઓગણત્રીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## ચેંટીપેં ચઢાઈ?

.˙. કવિત .˙.

વારવાર બિનતિ, સુનિયે જુ સુઘરનાથ,
મેરે દોષ ગિનવેમેં, રાવર ન બડાઈ હે.
પાપી પાખંડી હોં, તો હુ તિહારો જુ,
હસે વે લોગ થોક, બિરદસોં લડાઈ હે.
અતિ કરૂણાકી તો સંત મીલ સાખ દેત,
હા નાથ! કેસી હોત ચેંટીપેં ચઢાઈ હે.

—વ્યાસદાસજી

## મેન–મૂરતકી મોહિની

.˙. કવિત .˙.

દેસ તજે, ભેષ તજે, સકલ સંદેશ તજે.
નગર નરેસ તજે, નેક ન અલસાયે હે.
લેન તજે, દેન તજે, પતિસંગ સેન તજે,
જા દિનતેં "મેન મૂરતિ" નેનન દરસાયે હે.
ભવન તજે સુવન તજે, ઉંચે અવન તજે,
અનત ગવન તજે, હિતૂ દરસાયે હે,
લોક–કુલ લાજ તજે, રાવરે ચરન ભજે,
હા નાથ! દીનકોં કેસે તરસાએ હે.

—વ્યાસદાસજી

# * શિક્ષાપત્ર ૩૦ મું *

હવે ત્રીસમા શિક્ષાપત્રમાં જેમ કર્મકાંડની સિદ્ધિમાં દેશ વગેરે છ સાધનો (કારણ ભૂત) છે, તેમ પુષ્ટિમાર્ગીય ફળ સિદ્ધિમાં પણ દેશાદિ છ સાધનો છે, આ સાધનોનું પણ સાધન સત્સંગ છે, આનું નિરૂપણ છે. ઉપર બુદ્ધિની રક્ષાનો પ્રકાર કહ્યો, પણ કાળ દોષ પણ બહુ બળવાન છે, તે ન લાગે તો બુદ્ધિ સુંદર રહે તે પ્રકાર પણ કહે છે.

**શ્લોકઃ—સ્મર્તવ્યઃ સર્વદા કૃષ્ણો વિસ્મર્તવ્યં જગ પુનઃ ॥**
**પ્રપંચસ્મરણે કૃષ્ણસ્મૃતિર્નૈવ ભવેદિતિ ॥૧॥**
**પ્રયતેત તતો જીવસ્તદભાવાય સર્વથા ॥**
**કૃષ્ણાર્થતાભાવનેન ગૃહાદેર્વિસ્મૃતિર્ભવેત્ ॥૨॥**

**શબ્દાર્થઃ—**સર્વદા શ્રીકૃષ્ણ સ્મરણ કરવા યોગ્ય છે, અને જગત વિસ્મરણ (ભૂલી જવા) યોગ્ય છે. પ્રપંચનું સ્મરણ રહે ત્યાં સુધી શ્રીકૃષ્ણની સ્મૃતિ ન થાય તેથી પ્રપંચની વિસ્મૃતિને માટે જીવ સર્વથા યત્ન કરે. વળી શ્રીકૃષ્ણને માટે સર્વ ક્રિયાની ભાવના કરવાથી ગૃહાદિકની વિસ્મૃતિ થાય (૨).

**વિવેચન—**સદા સર્વદા શ્રીકૃષ્ણનું નામ સ્મરણ કરવા યોગ્ય છે. આ બાબતમાં આઠમા સ્કંધમાં શ્રીશુકદેવજી કહે છે કે, "હે રાજા ! કળિયુગમાં હરિનામનું જે સ્મરણ કરે છે અને સ્મરણ કરાવે છે તે મનુષ્યોમાં ભાગ્યવાન અને અવશ્ય કૃતાર્થ છે" આ વચન પ્રમાણે કળિયુગમાં શ્રીકૃષ્ણનું સ્મરણ કરે તે બડભાગી (મહા ભાગ્યશાળી) છે. વળી આ જગતમાં સંસારને ભૂલવો જોઇએ કારણ કે જ્યાં સુધી જગતમાં દેહ સંબંધી અનેક પદાર્થ, કુટુંબ ઘર, ઈત્યાદિમાં મન લાગી રહ્યું છે ત્યાં સુધી શ્રીકૃષ્ણના ચરણકમળમાં મન ન લાગે. માટે જગતની વિસ્મૃતિ રાખવી. અને પ્રપંચમાં પણ એમ જાણવું કે બધી બાબતોનું કારણ શ્રીકૃષ્ણજ છે. આવા પ્રપંચમાં પણ શ્રીકૃષ્ણનું માહાત્મય વિચારે, કે પ્રપંચના કર્તા અને સંહાર કરનારા પણ પ્રભુજ છે. આવી રીતે પ્રપંચના પણ કારણરૂપ શ્રીકૃષ્ણનુંજ સ્મરણ કરવા યોગ્ય છે. (૧) શ્રીકૃષ્ણમાં ભાવ રાખી આવો પ્રયત્ન હંમેશાં અવશ્ય કરવો. અને શ્રીકૃષ્ણના ચરણારવિંદમાં ભાવના થાય તે માટે ઘર વિગેરેની તથા અહંતા મમતાની નિવૃત્તિ કરવી, અને તે માટે પ્રયત્ન કરવો. વળી શ્રીકૃષ્ણમાં ભાવની વૃદ્ધિ કરે તેવું ગ્રહણ કરવું, અને તેમાં બાધક હોય તેનો ત્યાગ કરવો. સઘળી ક્રિયા શ્રીકૃષ્ણને અર્થે કરવી. આમ કરવાથી ગૃહાદિકની વિસ્મૃતિ થાય (૨).

**શ્લોકઃ—અથવા બાધકત્વેન ત્યાગભાવનયા પુનઃ ॥**
**અખંડાદ્વૈતભાવેન કામાદ્યાવશેતો હરૌ ॥૩॥**
**પ્રાપંચિકપદાર્થેષુ લીલાસૃષ્ટિત્વભાવનાત્ ॥**

**શબ્દાર્થ**—અથવા (ઘર વગેરેમાં) બાધક હોવાના કારણે ત્યાગની ભાવના કરવી. પછી અખંડ એટલે શુધ્ધાદ્વૈત ભાવની ભાવના કરવી, તેમજ કામાદિકના આવેશમાં તેમજ સઘળા પ્રપંચ પદાર્થોમાં પણ પ્રભુની લીલાસૃષ્ટિની ભાવના રાખવી, એટલે ગૃહાદિની વિસ્મૃતિ થાય.

**વિવેચન**—શ્રીકૃષ્ણની સેવામાં સ્ત્રી પુત્રાદિક તેમજ દેશ બાધક હોય, તો તેમનો ત્યાગ કરવાની મનમાં ભાવના રાખવી. અને શ્રીકૃષ્ણને સર્વત્ર અખંડ અદ્વૈત (સર્વ ઠેકાણે, સર્વ રીતે, શ્રીકૃષ્ણજ સર્વોપરિ બિરાજમાન છે એવી રીતે) જાણી સર્વ ઠેકાણે શ્રીકૃષ્ણનીજ ભાવના કરવી. અને કામાદિકનો આવેશ પણ પ્રભુમાંજ કરવો. જેમ લૌકિક–સંસારી કામાદિનો આવેશ ઘર, કુટુંબ, વિગેરેમાં કરી તેમાં અષ્ટ પ્રહર મચ્યો રહે છે તેવીજ રીતે વૈષ્ણવ શ્રીઠાકોરજીની સેવામાં મચ્યો રહે. જેમકે હવે આ વાગો જોઈશે, આ સામગ્રી જોઈએ, કારણ કે આ ઉત્સવ આવે છે, વિગેરે. આવી રીતે મન શ્રીકૃષ્ણમાં લગાવે. (૩) આ પ્રપંચના પદાર્થોમાં લીલા સૃષ્ટિની ભાવના કરે, તેમાં મુખ્ય વિચાર એવો છે કે શ્રી કૃષ્ણની સેવાનાં જે પદાર્થ ઉપયોગી થાય તેને સ્વરૂપાત્મક જાણે. તે એવી રીતે કે સર્વ પદાર્થ શ્રીકૃષ્ણની લીલા સંબંધી છે. વળી જે પદાર્થ સેવામાં ઉપયોગી ન હોય તે માયા સંબંધી આસુરી છે. આવી રીતે વિચાર મનમાં રાખવો.—॥

**શ્લોકઃ—કૃષ્ણસન્નિહિતો દેશઃ કાલઃ સત્સંગહેતુકઃ ॥૪॥**
**દ્રવ્યં સર્વસ્વમેવાત્ર કર્તાભિમતિવર્જિતઃ ॥**
**મંત્રાઃ શ્રીકૃષ્ણનામાનિ ગુણલીલાસમન્વિતાઃ ॥૫॥**
**કર્માણિ કૃષ્ણસેવૈવ સર્વસાધનસંગ્રહઃ ।**
**એતચ્છટ્કસ્ય ભક્તૌ હિ સત્સંગઃ સાધનં મતમ્ ॥૬॥**

**શબ્દાર્થ**—જ્યાં કૃષ્ણ બિરાજતા હોય તે દેશ–(૧). સત્સંગના કારણરૂપ સમય–(૨). પોતાનું સર્વસ્વ (ઠાકોરજી) એજ દ્રવ્ય–(૩). કર્તાપણાના અભિમાનનો ત્યાગ,–(૪). શ્રી કૃષ્ણનાં નામ તે ગુણ અને લીલાયુકત મંત્ર–(૫). સર્વ સાધનો વડે શ્રીકૃષ્ણની સેવા કરવી તેજ કર્મ–(૬). ભક્તિમાર્ગમાં (દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ) આ છ પદાર્થોના સાધનરૂપ સત્સંગ છે–(૬).

**વિવેચન**—જ્યાં શ્રીકૃષ્ણ બીરાજતા હોય તે ઉત્તમમાં ઉત્તમ દેશ જાણવો. વળી ભગવદીયનો સંગ થાય તેજ સમયને મહા ઉત્તમ જાણવો. આ બાબતમાં પ્રથમ સ્કંધમાં શૌનક કહે છે કે "ભગવાનના સંગી ભકતના સંગની બરાબર સ્વર્ગની કે મોક્ષની તુલના પણ કરી શકાતી નથી, ત્યાં મનુષ્યની આશિષ (સિદ્ધિ) જે રાજ્યાદિક તે તેની બરાબરી કયાંથી જ કરી શકે?" આ વાકય પ્રમાણે સ્વર્ગ અને મોક્ષ પર્યંત સુખ પણ સત્સંગની બરાબર નથી. સત્સંગ જ્યારે મળે તે કાળને ઉત્તમ જાણવો. અને દ્રવ્યાદિકમાં સઘળા પદાર્થ ઘર વગેરે સર્વ આવી જાય તેમાં મમત્વ રાખવું અને હુંજ સર્વ વસ્તુનો કર્તા છું આવું અભિમાન રાખવું તે બાધક છે. સર્વ કાર્યમાં પોતાને કર્તા જાણે છે, તે બાધક છે.

માટે મમત્વ અને અહંકાર ન રાખવો. જે મંત્રોમાં શ્રીકૃષ્ણનું નામ છે તેજ સર્વોપરિ મંત્ર જાણવો. (જેમકે "શ્રીકૃષ્ણઃ શરણં મમ" આજ મહામંત્ર છે.) વળી પ્રભુના અનેક ગુણો છે, અનેક લીલા છે, માટે અન્યના ગુણગાન કરવા કરતાં શ્રીકૃષ્ણનું ગુણગાન કરવું, તેની ભાવના કરવી, આજ મહામંત્ર છે. અષ્ટમસ્કંધમાં શુક્રાચાર્યજી કહે છે કે "મંત્રથી, તંત્રથી, દેશ-કાળ અને દ્રવ્યથી જે અપૂર્ણ રહ્યું હોય, તે સર્વ આપના નામના કીર્તનથી પૂર્ણ થાય છે." આવી રીતે જેણે શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું તે બધું કરી ચુકયો. શ્રી ગુસાંઇજી કહે છે કે "હે હરિ! આપના નામનો અર્થ જે વેદ કહે છે, તેવોજ ઉચ્ચાર હું સદા કરૂં છું, અને તેનો અર્થ તેજ પ્રમાણે થાઓ. બીજી રીતે કદી નહિં." શ્રીકૃષ્ણનું નામ સર્વ વેદ શ્રુતિનો સાર છે, તે શ્રીકૃષ્ણની કૃપાથીજ લઇ શકાય, નહિં તો ન લઈ શકાય. માટે મંત્રજ શ્રીકૃષ્ણનું નામ છે.-(૫). અને શ્રીકૃષ્ણની સેવા છે તેજ ઉત્તમોત્તમ કાર્ય છે. શ્રીકૃષ્ણની સેવા કરી એટલે સર્વ સાધન થઇ ચુકયું. અષ્ટમ સ્કંધમાં બ્રહ્માજી કહે છે કે, "જેમ વૃક્ષના મૂળમાં જળ સિંચે, તો સર્વ ડાળાં તથા પાંદડાં લીલાં થાય, તેમજ શ્રીકૃષ્ણની સેવાથી સર્વલોક સંતુષ્ટ થાય" માટે સઘળાં કર્મોમાં મુખ્ય અને સર્વ સાધનના સંગ્રહરૂપ શ્રીકૃષ્ણની સેવાજ છે. આ છ પદાર્થો હૃદયમાં ધારણ કરે તો સાતમા ધર્મી સ્વરૂપ શ્રીકૃષ્ણ હૃદયમાં પધારે. પછી કદી બહાર ન જાય. શ્રીકૃષ્ણ, શ્રીજી, સાતે સ્વરૂપ, વલ્લભકુળ, જ્યાં બિરાજમાન હોય, તે દેશ ઉત્તમ દેશ જાણવો.-(૧). જેટલી ઘડી સત્સંગ થાય તેટલીજ ઘડી સુંદર સમય જાણવો.-(૨). દ્રવ્યાદિક પ્રભુના ઉપયોગમાં આવે તેજ ઉત્તમ જાણવાં.-(૩). કર્તાપણાનું અભિમાન છોડવું.-(૪). શ્રીકૃષ્ણનું નામ સર્વોપરિ જાણવું. શ્રીકૃષ્ણની લીલાજ સર્વોપરિ જાણે.-(૫). સર્વ કાર્યોમાં શ્રીકૃષ્ણની સેવા તેજ સર્વોપરિ કાર્ય જાણવું.-(૬). આ છ પદાર્થ સર્વોપરિ છે. આ છ પદાર્થની પ્રાપ્તિ માટે સર્વોત્તમ ભગવદીયનો સંગ થાય એજ સાધન છે, બીજું કંઈ પણ સાધન નથી. માટે સત્સંગ મળ્યો તો બધાં સાધન થઈ ચુકયાં એમ જાણવું.-(૬).

**શ્લોકઃ—કૃષ્ણસાન્નિધ્યદેશે તુ યતાસ્તિષ્ઠંતિ સાધવઃ ।**
**કાલઃ પ્રસંગ હેતુસ્તુ મિલિતૈસ્તૈરુદેતિ હિ ॥૭॥**

**શબ્દાર્થ—**જેમ શ્રીકૃષ્ણ બિરાજતા હોય તે સ્થાનમાં સાધુ પુરુષો રહે છે, તેમજ સત્પુરુષોના સમાગમથી સત્સંગના કારણરૂપ ઉત્તમ સમય ઉદિત થાય છે.-(૭).

**વિવેચન—**પુષ્ટિમાર્ગીય ભગવદીયો શ્રીકૃષ્ણ બિરાજતા હોય તે સ્થાનમાં રહે છે. જ્યાં શ્રીકૃષ્ણ બિરાજે ત્યાં ભગવદીયો પણ દર્શન અને સેવાને માટે રહે છે. ત્યાં આગળ કાળનું સામર્થ્ય ચાલતું નથી. માટે જ્યાં શ્રીગોવર્ધનનાથજી, સાત સ્વરૂપ, તેમજ શ્રીવલ્લભકુળનું મંદિર હોય ત્યાં રહેવું એટલે ત્યાં ભગવદીયો મળે, અને સર્વ કાર્ય સિદ્ધ થાય, અને ઉપર દેશની તથા કાળની ઉત્તમતા બતાવી તે પણ સિદ્ધ થાય.-(૭).

**શ્લોકઃ—સર્વસ્યોપયોગોઽપિ સિદ્ધયેત્સદ્બુદ્ધિદાતૃભિઃ ॥**
**અભિમાનનિવૃત્તિસ્તુ તદાશ્રયવતામિહ ॥૮॥**

શબ્દાર્થ--સુંદર બુદ્ધિ પ્રદાન કરનાર ભગવદીયોના સંગથી ( દ્રવ્યાદિ ) સર્વસ્વનો ઉપયોગ પણ સિદ્ધ થાય, તેથી દ્રવ્યની ઉત્તમતા થઈ. અને એમના આશ્રય વાળાને (સંગમાં રહેનાર.ને) અભિમાનની નિવૃત્તિ અહીંજ થાય; આથી કર્તાપણાની નિવૃત્તિ થઈ. (૮)

વિવેચન--એવા પ્રભુ અને ભગવદીય જ્યાં બિરાજતા હોય ત્યાં સર્વ પદાર્થોનો ઉપયોગ સિદ્ધ થાય છે. તાદ્દશીયના સત્સંગથી સર્વ પ્રકારે બુધ્ધિ શુદ્ધ થાય છે, અને પ્રભુનો આશ્રય સિદ્ધ થાય. આમ થાય તો અજ્ઞાનતાથી જે અભિમાન થયું હોય તે દૂર થાય, મતલબ કે ભગવદીયનો આશ્રય કરે તો સર્વ સિદ્ધ થાય (૮).

**શ્લોકઃ—કૃષ્ણનામસ્વરુપાદિજ્ઞાનં તુ તત એવ હિ ॥**
**ભગવત્સેવનં વાપિ પુરુષાર્થસ્તદૈવ હિ ॥૯॥**

શબ્દાર્થ—શ્રીકૃષ્ણનું નામ તેમજ સ્વરૂપાદિકનું જ્ઞાન પણ તેમજ થાય, આ મંત્ર સિદ્ધ થયો. અને પુરુષાર્થરૂપ શ્રીકૃષ્ણની સેવા પણ ત્યારેજ સિદ્ધ થાય, આ ઉત્તમ કર્મ સિદ્ધ થયું. આ પ્રમાણે ભકિતમાર્ગમાં દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ આ છ પદાર્થોની સિદ્ધિનો ઉપાય ત્રણ શ્લોક વડે બતાવ્યો છે (૯).

વિવેચન—શ્રીકૃષ્ણના નામનું તેમજ શ્રીકૃષ્ણના સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે શ્રીકૃષ્ણની સેવાને પરમ પુરુષાર્થરૂપ, ફળરૂપ, સર્વોપરિ જાણે. આવી રીતે જ્યારે શ્રીકૃષ્ણ કૃપા કરે ત્યારેજ તે જાણી શકાય. સિદ્ધાંત મુકતાવલિમાં કહે છે કે "કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરામતા" શ્રીકૃષ્ણનની સેવા સદા કરે, ફળરૂપ જાણી મન રાખીને કરે તો શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય, અને પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવે, એટલે માનસી સિદ્ધ થાય. માટે સેવાને પરમ પુરુષાર્થ જાણી પ્રભુની સેવા કરવી. (૯).

**શ્લોક —યદા તથાવિધાઃ સંતો દ્દશ્યન્તે સેવનોદ્યતાઃ ॥**
**અતઃ સત્સંગ એવાસ્મિન્માર્ગે સર્વસ્ય સાધનમ્ ॥૧૦॥**

શબ્દાર્થઃ--જ્યારે તેવા પ્રકારની સેવામાં સત્પુરુષની તત્પરતા દેખાય, ત્યારે ઉપર કહેલા પદાર્થો સિદ્ધ થાય. તેથી આ પુષ્ટિમાર્ગમાં તો સત્સંગજ સર્વનું સાધન છે. (૧૦).

વિવેચન—ઉપર કહ્યું કે જ્યારે શ્રીકૃષ્ણની સેવામાં રમી રહેલા એવા ભગવદીય મળે તો સર્વ સિધ્ધ થાય અને પ્રભુ કૃપા કરે. હવે શ્રીહરિરાયજી કહે છે કે આપણા આ પુષ્ટિમાર્ગમાં તો સત્સંગજ ખાસ સર્વોપરિ સાધન છે. તેથીજ નવરત્ન ગ્રંથમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે "હંમેશાં તાદ્દશીય ભગવદીયો સાથે મળીને નિવેદનનું સ્મરણ કરવું" માટે ભગવદીયનો સંગ અવશ્ય કરવો.-(૧૦).

**શ્લોકઃ—તદભાવે સર્વથૈવ ન કિંચિદિહ સિદ્ધયતિ ।**
**તસ્માત્પ્રયત્નઃ કર્તવ્યઃ સત્સંગાય સુબુદ્ધિભિઃ ॥૧૧॥**

શબ્દાર્થ—સત્સંગ ન મળે તો આ માર્ગમાં કશું સિદ્ધ ન થાય, માટે સુંદર બુદ્ધિવાળા થઈ સત્સંગને માટે યત્ન કરવો જોઈએ.-(૧૧).

વિવેચન—ઉપર કહ્યા એવા ભગવદીયનો ભાવ સહિત સત્સંગ થાય તો સર્વ સિદ્ધ થાય. એવા ભગવદીયના સંગ વિના કશુંજ સિદ્ધ થાય નહિ, માટે સર્વથા પ્રયત્ન કરીને પણ ભગવદીયનો સંગ કરવો જોઈએ. સત્સંગ કરે તેજ વૈષ્ણવ સુબુદ્ધિવાળો છે. એકાદશ સ્કંધમાં ભગવાન કહે છે કે "હે ઉદ્ધવ! મને યોગ વશ કરી શકતો નથી, ન સાંખ્ય કે ધર્મ, ન સ્વાધ્યાય, તપ, દાન, તેમજ કુવા, ચોતરા, વિગેરે, વળી ન દક્ષિણા વ્રત, યજ્ઞ, વેદ, તીર્થ, નિયમ, યમ, આ સર્વેમાં કંઈ પણ મને વશ કરવાને સમર્થ નથી, માત્ર સર્વસંગની નિવૃત્તિ કરનારો સત્સંગ મને વશ કરે છે." આવી રીતે અનેક પ્રકારે સાધન કરવાથી પ્રભુ પ્રસન્ન કે વશ થતા નથી, માત્ર સત્સંગથી વશ થાય છે, માટે સત્સંગનો પ્રયત્ન પુષ્ટિમાર્ગીયોએ અવશ્ય કરવો જોઈએ.-(૧૧).

**શ્લોકઃ—અત એવોકતમાચાર્યૈર્હરિસ્થાને તદીયકૈઃ ॥**
**અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્ત ન દુષ્યતિ ॥૧૨॥**

**શબ્દાર્થ**—આથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ભકિતવૃદ્ધિની ગ્રંથમાં કહે છે કે "હરિના સ્થાનમાં, ભગવદીયના સંગમાં, સમીપમાં અથવા દૂરમાં, જેમ ચિત્ત દૂષિત ન થાય તેમ રહેવુ."-(૧૨).

વિવેચન—અમારા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ભકિતવર્દ્ધિનીમાં કહે છે કે "હરિના સ્થાનમાં, ભગવદ્ધર્મ પરાયણ ભગવદીયોની સાથે, સમીપમાં અથવા દૂરમાં, ચિત્ત દોષ યુકત ન થાય, તેમ રહેવું." આ વાકયથી હરિનું સ્થાન એટલે જ્યાં શ્રીઠાકોરજી બિરાજતા હોય ત્યાં ભગવદીયો સાથે મળીને સેવા કરવી. જેમ બને તેમ ચિત્તમાં કોઈ પ્રકારનો દોષ ન આવે એવી રીતે રહેવું. બહુ નિકટમાં રહેવાથી જો ચિત્તમાં દોષ આવે તો નેક દૂર રહેવું, જેથી દર્શન સેવા નિત્ય બની આવે. ચિત્તમાં દોષ ન આવે તેવી રીતે ભગવદીયો સાથે મળીને, પ્રભુ બિરાજતા હોય, તે સ્થળમાં રહેવું-(૧૨).

**શ્લોકઃ—ચિત્તદોષે કથં સેવા ચેતસ્તત્પ્રવણં ભવેત્ ।**
**અતો વિચારઃ કર્તવ્યઃ સર્વથૈકત્ર વાસકૃત્ ॥૧૩॥**

**શબ્દાર્થ**—ચિત્તમાં દોષ આવે તો તેમાં તદ્રુપ થવાય તેવી સેવા શી રીતે બને? માટે સર્વથા એક સ્થળમાં (હરિસ્થાનમાં ભગવદીય હોય ત્યાં) નિવાસ થાય એવો વિચાર કરવો જોઈએ.-(૧૩).

વિવેચન—જ્યારે ચિત્તમાં અનેક પ્રકારના દોષો ઉત્પન્ન થાય, ત્યારે સેવા કયાંથી બને? શ્રીમહાપ્રભુજી સિદ્ધાંત મુકતાવલિ ગ્રંથમાં કહે છે કે, "પ્રભુમાં એકાગ્ર ચિત્ત થાય, તે સેવાને માનસી કહેવાય. તેની સિદ્ધિને માટે તનુજા તથા વિત્તજા સેવા છે." તનુજા તથા વિત્તજા સેવા મન રાખીને કરે તો માનસી સેવા સિદ્ધ થાય. જેમ નદીનો પ્રવાહ રાત દિવસ એક ધારો, અહર્નિશ, એક રસ ચાલે છે. તેવીજ રીતે વૈષ્ણવનું ચિત્ત અહર્નિશ, એક રસ ભગવત્સેવામાં નિમગ્ન રહે તો માનસી સિદ્ધ થાય. તનુજા વિત્તજા સેવા કરતાંજ જો ચિત્તમાં દુષ્ટતા આવે તો આગળ માનસી ફળરૂપ સેવા કયાંથી સિદ્ધ થાય? માટે શ્રીઆચાર્યજીનાં વચનામૃતોનો વિચાર કરવો.-(૧૩).

શ્લોકઃ—બુદ્ધ્યા વિચાર્ય મત્પ્રોક્તં નિધાય હૃદિ સર્વથા ।
સ્વાર્થસંપત્તયે કાર્યો વાસ એકત્ર તત્પરૈઃ ॥૧૪॥

શબ્દાર્થ—મેં કહ્યું તે પ્રમાણે બુદ્ધિથી વિચારીને સર્વથા હૃદયમાં તેનું સ્થાપન કરી સ્વાર્થની પ્રાપ્તિને માટે તત્પર એવા ( ભગવદીય) નો સંગ કરી તેમની સાથે રહેવું-(૧૪).

વિવેચન—એકાંતમાં બેસીને પોતાની બુદ્ધિથી વિચાર કરવો. તેમ ન બને તો ભગદીયોની સાથે મળીને વિચાર કરવો. શ્રીઆચાર્યજી ભક્તિવર્ધિનીમાં કહે છે કે, "બાધની સંભાવના હોય, તો અકાંતે વાસ કરવો નહિં, હરિ તો સર્વ રીતે રક્ષા કરશે, એમાં સંશય ન રાખવો" આ વાક્ય પ્રમાણે શ્રીમહાપ્રભુજીનાં વચનામૃતોનો વિચાર હૃદયમાં સર્વ રીતે કરવો. અહીં કોઈ કહે કે અનેક સુખ દુઃખ આવે તેમાં કયા પ્રકારે વિચાર કરે? અહીં શ્રી મહાપ્રભુજી કહે છે કે હરિ ભગવાન સર્વ રીતે પોતાના ભક્તની રક્ષા કરશેજ, માટે આવી ચિંતા કોઈ રીતે ન કરવી. એકાંતમાં બેસીને પોતાની સુંદર બુદ્ધિથી પોતાના ચિત્તમાં વિચાર કરી દર્શન સમયે દર્શન અને સેવા સમયે સેવા કરવી; અને દર્શન કે સેવા ન હોય ત્યારે એકાંતમાં ભગવદીયો સાથે મળીને વિપ્રયોગ ભાવ રાખી લીલા સંબંધી વિચાર કરવો. આવી રીતે વૈષ્ણવ રહે તો સઘળાં કાર્ય સિદ્ધ થાય.

ઇતિશ્રીહરિરાયજી વિરચિત ૩૦ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## સાત બાલકોની ભાવના

શ્રીહરિરાયજીએ સાત બાલકોની ભાવનાને પણ પ્રગટ કરી છે. આપ શ્રીમહાપ્રભુજીનો "સુધા" સ્વરૂપે, શ્રીગુસાંઈજીનો "વેણુ" સ્વરૂપે અને સાત બાલકોનો "વેણુના સાત છિદ્રો રૂપથી" નિરંતર અનુભવ કરતા. આ ભાવના પદ્મનાભદાસાદિ ભક્તોના પદોના આધારે આપે કરી છે.

વેણુનાં સાત છિદ્રોમાં શ્રીગિરિધરજીની આપે પ્રથમ અને મુખ્ય અધરથી સંબંધિત રહેતા છિદ્રરૂપે ભાવના કરી છે. એથી તેમને ધર્મી રૂપે કહ્યા છે. આપની આ ભાવના શ્રીગોકુલનાથજીની ભાવનાને અનુસાર હતી. જ્યારે શ્રીગિરિધરજીએ લીલા કરી ત્યારે આપનાં પાદુકાજીને શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીનાં પાદુકાજીની સાથે એક પલંગડી ઉપરજ પધરાવી શ્રીગિરિધરજીના ધર્મીપણાને પ્રગટ કર્યું હતું. અન્ય ૭ બાલકોમાં ઐશ્વર્યાદિ ક્રમશઃ ૭ ધર્મોની શ્રીહરિરાયજીએ ભાવના કરી છે.

શ્રીહરિરાયજીએ જીવ અન્યાશ્રય ન કરે એતદર્થ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને સાત બાલકોમાં નવગ્રહની પણ ભાવના કરી છે. એમાં આપે "ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ" એ નામના આધારે શ્રીમહાપ્રભુજીને સૂર્યરૂપથી, શ્રીગુસાંઈજીને "પિતૃવંશોદધિવિધુઃ" તથા "શ્રી વિઠ્ઠલનાથ ચંદ ઉગ્યો જગમેં" એ વચનોને અનુસાર ચંદ્રરૂપથી અને સાત બાલકોમાં મંગલ, બુધ. ગુરૂ, શુક્ર. શનિ, રાહુ અને કેતુ, એ પ્રકારની ભાવના કરી છે.

અને જે જીવને જે ગ્રહ નડતો હોય તેના નિવારણ અર્થે તે ગ્રહરૂપ તે તે બાલકના નામનો જપ કરવો એમ પણ આપે આજ્ઞા કરી છે. એથી જીવને અન્યાશ્રય ન થાય.

# * શિક્ષાપત્ર ૩૧ મું *

હવે એકત્રીસમા શિક્ષાપત્રમાં સાક્ષાત તથા પરંપરાથી એમ વરણ બે પ્રકારે છે. તેમાં લીલાસ્થ ભક્તોમાં સાક્ષાત અને આધુનિક ભક્તોમાં શ્રીઆચાર્યજીદ્વારા પરંપરાથી વરણ છે. લીલાસ્થ ભક્તોમાં પણ શ્રુતિરૂપામાં સાક્ષાત અને અગ્નિકુમારીકામાં (ઋષિરૂપામાં પરંપરાથી (મર્યાદા પુરુષોત્તમદ્વારા) વરણ છે. આત્મીયપણાથી અને દાસપણાથી એમ બે પ્રકારનાં વરણ છે. તેમાં અવતાર દશામાં આત્મીયપણાથી અને અનવતાર દશામાં દાસપણાથી વરણ છે. દાસપણામાં પણ મર્યાદા અને પુષ્ટિ એવા બે ભેદ છે. તેમાં મર્યાદા રીતથી વરણમાં સાધન નિષ્ઠાથી ફળ છે, અને પુષ્ટિમાં અનુગ્રહથી ફળ છે. પુષ્ટિમાં મર્યાદાપુષ્ટિ અને પુષ્ટિપુષ્ટિ એવા બે ભેદ છે. આપણે તો શ્રીમહાપ્રભુજીના અનુગ્રહથી મર્યાદા સહિત પુષ્ટિમાં અંગીકૃત થયા છીએ, તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની આજ્ઞારૂપ મર્યાદા છે, તેજ આપણને હિતકારી છે. આપણા પ્રભુ પુષ્ટિ પુરૂષોત્તમ છે, તે આ લોક તથા પરલોક સંબંધી સઘળી ચિંતા (પોતાના ભક્તની) રાખે છે, માટે નિશ્ચિંત રહેવું. આ માર્ગમાં ભગવાનની આર્તિ કરી સેવા, ગુણગાન, કથા શ્રવણાદિક કરવાથી મુખ્ય ફળ પ્રાપ્ત થાય, અને આર્તિ વિના ન્યૂન ફળ થાય, માટે આર્તિ સદાજ રાખવી. તે આર્તિ શી રીતે સિદ્ધ થાય? તેને માટે સાધન બતાવ્યું છે, અને તેનું નિરૂપણ છે. ઉપર કહ્યું કે પ્રભુના સ્થાનમાં ભગવદીયોની સાથે રહેવું અને સેવા કરવી, અને એકાંતમાં બેસીને ચિત્તમાં વિચાર કરવો. ત્યાં પોતાના મનમાં સાધનની ભાવના ન કરવી, કારણ કે આ માર્ગ નિઃસાધન ફલાત્મક છે, તે આગળ કહે છે.

**શ્લોકઃ—નિઃસાધનફલે માર્ગે બલં નૈવોપયુજ્યતે ।**
**સાધનાનામતો નાયમાત્મેત્યેષોદિતા શ્રુતિઃ ॥૧॥**

**શબ્દાર્થ**—નિઃસાધનના ફળરૂપ આ માર્ગમાં સાધનનું બળ ઉપયોગી નથી, આથી શ્રુતિમાં કહ્યું છે કે આ આત્મા પ્રવચન વગેરેથી મેળવી શકાતો નથી, જેનું પ્રભુ વરણ કરે છે, તેજ પ્રાપ્ત કરી શકે છે.-(૧).

**વિવેચન**--આ પુષ્ટિમાર્ગ સાધન સાધ્ય નથી, કૃપા સાધ્ય છે. પોતાના બળથી કોટાનકોટિ સાધન કરે તેથી સિદ્ધ નથી. તેથી શ્રુતિમાં સાધનનો નિષેધ બતાવે છે. "નાયમાત્માપ્રવચનેન લભ્યઃ" વિગેરે વચનોથી પરમાત્મા પ્રવચનથી કે બુદ્ધિથી અથવા બહુ સાંભળવાથી પ્રાપ્ત થઈ શકતા નથી, પરન્તુ પ્રભુ જેનું વરણ કરે છે, તેજ પ્રાપ્ત કરી શકે છે. આથી પ્રભુના વરણ વિના બીજાં સાધનબળથી પ્રભુની પ્રાપ્તિ આ માર્ગમાં નથી.-(૧).

**શ્લોકઃ—કિંતુ સર્વસ્ય મૂલં હિ હરેર્વરણમુચ્યતે ॥**
**યથૈવ વૃણુતે કૃષ્ણસ્તથા તિષ્ઠતિ વૈ જનઃ ॥૨॥**

શબ્દાર્થ-પરન્તુ પ્રભુનું વરણ છે તે સર્વનું મૂળ કહ્યું છે. શ્રીકૃષ્ણ જેવું વરણ કરે છે, તેવો જીવ બની જાય છે.-(૨).

વિવેચન—પુષ્ટિમાર્ગમાં આ સિદ્ધાંત છે કે સર્વનું મૂળ પુષ્ટિમાર્ગનું ફળ પ્રભુનું વરણ છે, જીવના સાધનથી સાધ્ય નથી, જે જીવનું જેવું વરણ પ્રભુ કરે તે પ્રમાણે આ જીવ પુષ્ટિમાર્ગમાં સ્થિર થાય છે. માટે જીવના સાધનથી કંઇ સાધ્ય નથી, આ વાતમાં પણ પ્રભુ બે પ્રકારે વરણ કરે છે, તે આગળ કહે છે.-(૨).

શ્લોકઃ—વરણં તુ દ્વિધા સાક્ષાત્પારંપર્યવિભેદતઃ ।
લીલાસ્થતેષુ વૈ સાક્ષાદન્યેષ્વસ્તિ પરંપરા ॥૩॥

શબ્દાર્થ— સાક્ષાત અને પરંપરા આ પ્રમાણે બે પ્રકારનું વરણ છે. લીલાસ્થિત ભકતોમાં સાક્ષાત વરણ છે, અને અન્યમાં પરંપરા છે.

વિવેચન—વરણ બે પ્રકારનું છે, એક સાક્ષાત અને બીજું પરંપરાથી. આ બે પ્રકારના ભેદ છે. શ્રીકૃષ્ણની લીલા સ્થિત સૃષ્ટિમાં સાક્ષાત વરણ છે, અન્યમાં પરંપરાથી છે.-(૩).

શ્લોકઃ—આચાર્યદ્વારકં તત્ર વરણં ન હરેઃ સ્વતઃ ।
લીલાસ્થેષ્વપિ ભકતેષુ વૃતેર્દ્વૈવિધ્યમીક્ષ્યતે ॥૪॥
સાક્ષાચ્છ્રુતિષુ હરિણા વરણં વહ્નિસૂનુષુ ।
પરંપરાપ્રકારેણ મર્યાદાપુરુષોત્તમાત્ ॥૫॥

શબ્દાર્થ—શ્રીઆચાર્યદ્વારા પ્રભુનું વરણ છે તે સ્વતઃ નથી, પણ પરંપરાથી છે. લીલા-સ્થિત ભકતોમાં પણ બે પ્રકારનું વરણ જોવામાં આવે છે.-(૪). શ્રુતિ રૂપામાં સાક્ષાત વરણ કર્યું છે, અગ્નિકુમારમાં ( ઋષિરૂપામાં ) પરંપરાથી મર્યાદા પુરુષોત્તમ ( શ્રીરામચંદ્રજી ) દ્વારા વરણ વરણ છે.-(૫).

વિવેચન—શ્રીઆચાર્યજી દ્વારા જે જીવનું વરણ છે તે સ્વતઃ નથી. વળી શ્રીકૃષ્ણની લીલા સૃષ્ટિના ભકતોનું વરણ બે પ્રકારનું છે. સાક્ષાત પણ છે, અને પરંપરા પણ છે.-(૪). શ્રીકૃષ્ણાવતારમાં શ્રુતિરૂપાનું વરણ છે, તે ભગવાને પોતે કર્યું છે. અગ્નિસૂનું જે સોળ હજાર અગ્નિકુમારો તેમનું વરણ પરંપરા મર્યાદાપુરુષોત્તમ શ્રીરામચંદ્રજી દ્વારા છે. આવી રીતે લીલા સૃષ્ટિમાં પણ સાક્ષાત અને પરંપરા એમ બે પ્રકારે વરણ છે.-(૬).

શ્લોકઃ—અન્યથાપ્યત્ર ભેદોઽસ્તિ દાસતાત્મીયતાદિભિઃ ॥
આત્મીયત્વેનાવતારે દાસત્વેનાન્યદા વૃતિ ॥૬॥

શબ્દાર્થ— બીજી રીતે પણ વરણમાં દાસત્વ અને આત્મિયપણાથી એવા ભેદ છે, અવતાર દશામાં આત્મીયતાથી વરણ છે, અને અનવતાર દશામાં દાસપણાથી વરણ છે-(૬).

વિવેચન—સાક્ષાત્ અને પરંપરા આ બે ભેદ ઉપરાંત વરણના બીજા પણ બે ભેદ છે. એક દાસભાવથી અને એક આત્મીય ભાવથી. અવતાર દશામાં ભગવાનનો સંબંધ થાય ત્યારે આત્મીયતાથી અને અનવતાર દશામાં દાસભાવ થાય ત્યારે વરણ થાય.-(૬).

**શ્લોકઃ—દાસત્વેપ્યસ્તિ ભેદો હિ મર્યાદાપુષ્ટિ ભેદતઃ ।।**
**અતો ન જીવ સ્વાતંત્ર્ય દાસત્વાદ્ધિ નિસર્ગતઃ ।।૭।।**

શબ્દાર્થ—દાસભાવમાં પણ બે રીતિ છે, એક મર્યાદા અને બીજી પુષ્ટિ, આ બે ભેદ છે. દાસધર્મ તો જીવમાં સ્વાભાવિક રીતે છે, તેથી જીવ સ્વતંત્ર નથી. દાસધર્મથી પ્રભુનો સંબંધી છે, તેથી દાસત્વ ધર્મ સર્વથી અધિક છે.-(૭).

વિવેચન—દાસભાવમાં પણ બે પ્રકાર છે. એક મર્યાદા અને બીજો પુષ્ટિ. દાસત્વ ધર્મ જીવમાં સહજ છે તેથી તે કારણ પ્રભુનો સંબંધ જીવને થાય છે. તેથી દાસત્વ ધર્મ સર્વથી અધિક છે.

**શ્લોકઃ—યથા કૃતિસ્તથા સર્વં કૃષ્ણસ્તસ્ય કરોતિ હિ ।**
**મર્યાદાયાં વૃતો તસ્ય ભવેત્સાધનનિષ્ઠતા ।।૮।।**
**પુષ્ટાવનુગ્રહે દૃષ્ટિસ્તયૈવ સકલં પુનઃ ।**
**વયં ત્વનુગ્રહાચાર્યૈઃ પુષ્ટૌ મર્યાદયા સહ ।।૯।।**
**અંગીકૃતિસમર્યાદે સર્વેપ્યંગીકૃતાઃ સ્વતઃ**
**અતસ્તદુક્તમર્યાદાસ્થિતિર્હિ હિતકારિણી ।।૧૦।।**

શબ્દાર્થ—જે જીવનું જેવું વરણ છે, તેવું શ્રીકૃષ્ણ કરે છે, જેનું મર્યાદામાં વરણ છે, તેની સાધનોમાં નિષ્ઠા હોય છે.-(૮). પુષ્ટિમાં જેનું વરણ છે, તેની દૃષ્ટિ અનુગ્રહમાં હોય છે. તે દૃષ્ટિથી સર્વ સિદ્ધ થાય છે. આપણો અંગીકાર તો મર્યાદા સહિત છે. શ્રીઆચાર્યજીએ પુષ્ટિમાં મર્યાદાપૂર્વક પોતેજ સર્વનો અંગીકાર કર્યો છે, માટે તેમનાં વચનામૃતોની મર્યાદા પ્રમાણે વર્તવું તે આપણને હિતકારી છે.-(૯-૧૦).

વિવેચન—જેવી જેની વૃત્તિ એટલે વરણ છે, તેજ પ્રમાણે શ્રીકૃષ્ણ ફળ આપે છે. આ બાબતમાં પુષ્ટિપ્રવાહમર્યાદામાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે "ભગવાનના મનથી પ્રકટ થઈ તે પ્રવાહી સૃષ્ટિ. તેનું ફળ આ સંસાર. વચનમાંથી પ્રકટ થઇ તે મર્યાદા સૃષ્ટિ વેદમાર્ગમાં કર્મમાર્ગીય થઈ, તેનું ફળ સત્યલોક એટલે મોક્ષ, અને ભગવાનના શ્રીઅંગમાંથી પ્રકટ થઈ તે પુષ્ટિ સૃષ્ટિ ભગવત્સેવામાં મગ્ન બની. તેને સ્વરૂપાનંદનો અનુભવ પ્રભુ આપે છે. જે જીવનું વરણ પ્રભુએ મર્યાદામાં કર્યું છે તે જીવની નિષ્ઠા સાધનોમાં હોય છે. તે જીવ એમ વિચારે છે કે ફલાણું સાધન કરૂં તો ફળ મળે.-(૮). પુષ્ટિમાં જે જીવનું વરણ ભગવાને કર્યું છે તે જીવ પ્રભુના અનુગ્રહની ઇચ્છા કરે છે, સર્વ કર્મ કરે, ભગવદ્ધર્મ પણ કરે, પણ મનમાં સાધનનું બળ ન લાવે, નિઃસાધનપણાથી એમ જાણે કે પ્રભુ કૃપા કરશે તોજ મારૂં કાર્ય સિદ્ધ થશે. આવી રીતે સર્વ કાર્યમાં પ્રભુનો અનુગ્રહજ

દેખે. આપણો તો અનુગ્રહરૂપ શ્રીઆચાર્યજીએ પુષ્ટિમાં મર્યાદા સહિત અંગીકાર કર્યો છે. (૯) શ્રીગુસાંઇજી શ્રીસર્વોત્તમજીમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું નામ કહે છે, "અંગીકૃતૌ સમર્યાદ:" આ વાકયથી પુષ્ટિમાર્ગીય સર્વ જીવોનો અંગીકાર પોતે જાતે મર્યાદાપૂર્વક કર્યો છે, તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે રહેવું તેમાં હિત છે–(૧૦).

શ્લોકઃ—પુષ્ટિપ્રભુત્વાદસ્માકં લૌકિકી પારલૌકિકી ।
સર્વા ચિંતા હરેરેવ નિશ્ચિતત્વં વિભાવ્યતે ॥૧૧॥

શબ્દાર્થ—આપણી આ લોક સંબંધી સઘળી ચિંતા પુષ્ટિપ્રભુ હરિનેજ છે, તેથી નિશ્ચિતપણું વિચારવું–(૧૧)

વિવેચન—આપણા પ્રભુ પુષ્ટિ છે, આથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવની લૌકિક વૈદિક ચિંતા દૂર કરશે, આવું મનમાં જાણીને નિશ્ચિતતાની ભાવના રાખવી, ચિંતા ભગવદ્ભાવમાં બાધક છે–(૧૧).

શ્લોકઃ—અત એવોકતમાચાર્યૈર્નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥
નોપેક્ષતે નિજાનાર્તબંધુઃ શ્રીગોકુલેશ્વરઃ ॥૧૨॥

શબ્દાર્થ—આથી શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ નવરત્ન ગ્રંથમાં કહ્યું છે કે પોતાની અને પોતાના ભકતની ઇચ્છા પ્રમાણે પ્રભુ કરશે, એટલે દીનબંધુ શ્રીગોકુલેશ્વર પોતાના ભકતની ઉપેક્ષા કરતા નથી–(૧૨).

વિવેચન—ઉપર કહ્યા પ્રમાણે નિશ્ચિંત થઇ બધા કાર્યમાં પ્રભુની ઇચ્છા જાણે, આ બાબતમાં શ્રીઆચાર્યજી નવરત્નગ્રંથમાં કહે છે કે પ્રભુ શ્રીકૃષ્ણ કેવા છે ? સર્વના આત્મા છે, અને સર્વના ઈશ્વર સર્વોપરિ છે. સર્વના અંતઃકરણને જાણે છે, પોતાની નિજ ઇચ્છાથી વગર માગ્યે બધું સિદ્ધ કરશે. આર્ત એટલે દુઃખી અથવા દીનબંધુ શ્રીગોકુલેશ્વર (શ્રીકૃષ્ણ) પોતાના જીવની ઉપેક્ષા કરશે નહિં. અહીં કોઈ કહે કે પ્રભુ સ્વતંત્ર છે, કર્તું, અકર્તું અન્યથા કર્તું સમર્થ છે, તેથી જયારે તેની વિપરીત ઇચ્છા હોય ત્યારે પ્રાર્થના કરવી કે ન કરવી, ત્યાં કહે છે–(૧૨)

શ્લોકઃ—હરીચ્છા વિપરીતાઽપિ દાસદુઃખાવલોકનાત્ ॥
અનુકંપાનિધાનત્વાદ્ધરેર્વિપરિવર્તતે ॥૧૩॥

શબ્દાર્થ—પ્રભુની ઇચ્છા વિપરીત હોય, તો પણ દાસનું દુઃખ જોઈને પ્રભુ કૃપાનિધિ છે, તેથી વિપરીત લાગે છતાં અને વિપરીત હોય તે પણ અનુકૂળ કરે છે–(૧૩).

વિવેચન—પ્રભુની ઇચ્છા વિપરીત જોવામાં આવે, તો અજ્ઞાનતાથી તે વિપરીત દેખાય છે. જેમ નારદજીની ઇચ્છા પરણવાની થઈ, પણ ભગવાને ઇચ્છા પુરી ન કરી, આથી નારદજી બહુજ દુઃખ પામ્યા, પણ ભગવાને કૃપા કરીને સમજાવ્યા અને દુઃખ દૂર કર્યું. આવી રીતે જીવ લૌકિક ઇચ્છા રાખે, તે ભગવાન પૂર્ણ ન કરે, આ વખતે જીવ અજ્ઞાનતાથી

દુઃખ માને છે. અથવા પ્રભુની વિપરીત (દુઃખ દેવાની) ઈચ્છા હોય, તો પણ દુઃખ સહન કરે, જેમ પ્રહલાદજીને હરિણ્યકશિપુએ બહુજ દુઃખ દીધું, તે પ્રહલાદે ભગવદિચ્છા માની સહન કર્યું, આથી પ્રભુએ દૈત્યને મારીને દુઃખ દૂર કર્યું. તેજ પ્રમાણે પ્રભુ વિપરીત ઈચ્છા પરીક્ષાને માટે બતાવે, તો પણ સહન કરે, તો પ્રભુ સર્વના આત્મા છે, આપ સઘળું જાણે છે, આથી દાસનું દુઃખ જોઈને, આપ હૃદયમાં દયાળુ છે તેથી, જે પ્રકારનો દાસનો મનોરથ છે, તેવી રીતે આપ પ્રભુ વર્તે છે. જેવી રીતે દાસનું સુખ સધાશે, તેવી રીતે આપ વર્તશે-(૧૩).

શ્લોકઃ—આર્તિમાત્રમતઃ સ્થાપ્યં પ્રાર્થના ન વિધીયતામ્ ॥
કૃપાલુરેવ ભવિતા નિજાર્તજનશર્મદઃ ॥૧૪॥

શબ્દાર્થ—આથી ફકત આર્તિ રાખવી, પ્રાર્થના કરવી નહિં. પોતાના આર્તજનને સુખ દેનારા પ્રભુ કૃપાળુજ બની જશે-(૧૪).

વિવેચન—આ પુષ્ટિમાર્ગમાં માત્ર આર્તિજ રાખવી જોઇએ, કે મારાથી પ્રભુની સેવા ટહેલ બનતી નથી, મનુષ્ય જન્મ સઘળો આમજ વીતી ગયો, આવી રીતે આર્તિ કરવી. અને લૌકિક અલૌકિક કશા ફળની પ્રાર્થના ન કરવી. કારણ કે શ્રીકૃષ્ણ તો પરમ દયાળુ છે, આથી પોતાના જીવની આર્તિ જોઈને કૃપા કરેજ છે. આ બાબતમાં નિરોધ લક્ષણમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે "વિરહ આર્તિરૂપ અને કલેશયુકત પોતાના જીવને જોઈને પ્રભુ કૃપાળુ બની જાય છે, સર્વ પ્રાણીમાત્રના હૃદયમાં સદા આનંદરૂપ ભગવાન બીરાજે છે તે પ્રકટ થઇ પોતાના સેવકને સુખ દે છે, માટે પુષ્ટિમાર્ગમાં આર્ત એ મુખ્ય છે, તે આર્તિ કેવી રીતે કરે તે આગળ કહે છે-(૧૪).

શ્લોકઃ—આર્ત્યૈવ ક્રિયતે યત્તુ સેવાગુણકથાદિકમ્ ।
તદેવાસ્મત્પ્રભૂક્તેસ્મિન્માર્ગે પ્રવિશતિ ધ્રુવમ્ ॥
અન્યથા ક્રિયમાણં તુ કૃષ્ણસાયુજ્યસાધકમ્ ।
ન મુખ્યફલસંબંધસ્તતો ભવિત નિશ્ચિતમ્ ॥૧૬॥

શબ્દાર્થ—આર્તિથી સેવા ગુણ કથા વિગેરે જે કરે છે, તે આપણા પ્રભુએ સ્થાપન કરેલા આ પુષ્ટિમાર્ગમાં નિશ્ચય પ્રવેશ કરે છે. (૧૫) બીજી રીતે કરે તો શ્રીકૃષ્ણની સાયુજ્યતા મળે છે, આથી મુખ્ય ફળનો સંબંધ થતો નથી, આવો નિશ્ચય છે-(૧૬).

વિવેચન—આર્તિ કરી ભગવાનની સેવા કરે, સંયોગમાં સંયોગનાં પદ, અનોસર એટલે સંયોગ નહોય ત્યારે વિપ્રયોગનાં પદ ગાય, કાનથી સુબોધિનીજી વિગેરે કથા સાંભળે, મન રાખીને શ્રીકૃષ્ણની લીલાનું સ્મરણ કરે, આવી રીતે પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવ સ્થિર રહે તો તેને આ પુષ્ટિમાર્ગનું ફળ જરૂર પ્રાપ્ત થાય. અહીં કોઈ કહે કે વેદશાસ્ત્રમાં અનેક સાધનો કહ્યાં છે તેનાથી ફળ બતાવે છે, અને તમે તો સાધનથી ફળ નથી મળતું પણ કૃપાથી મળે છે, એમ કહો છો તે શું ? ત્યાં કહે છે કે (૧૫) આ પુષ્ટિમાર્ગીય સેવા વિ. નો ભાવ ન જાણે અને કેવળ સાધન જાણી સેવા કરે તો શ્રીકૃષ્ણની સાયુજ્ય મુકિત પ્રાપ્ત થાય. અનેક

સાધન કરવાથી મુક્તિ મળે, પણ આ પુષ્ટિમાર્ગીય મુખ્ય ફળનો સંબંધ કદીજ ન થાય, એમ નક્કી સમજવું-(૧૬).

**શ્લોકઃ—તદાર્તિપ્રાપ્તિરેતેષાં તદ્રૂપાચાર્યસેવનાત્ ॥**
**તત્કૃપાતસ્તદુદિતં વચોવૃંદવિચારણાત્ ॥૧૭॥**
**નિવેદનાનુસંધાનાત્ સદા સત્સંગભાવનાત્ ॥**
**અન્યથા ન ભવેદેવં સ્વકૃતાનંતસાધનૈઃ ॥૧૮॥**

શબ્દાર્થ—ઉપર કહ્યું તે આર્તિની પ્રાપ્તિ કેવી રીતે થાય? ત્યાં કહે છે કે વિપ્રયોગાગ્નિ સ્વરૂપ શ્રી આચાર્યજીના સેવનથી, એમની કૃપાથી, અને એમના વચનામૃતોના અવગાહનથી થાય. (૧૭) વળી નિવેદનના અનુસંધાનથી, અને સદા સત્સંગ મળે તો પ્રાપ્ત થાય, બીજી કોઇ રીતે પોતાના અનંત સાધનોથી પણ થાય નહિં-(૧૮)

વિવેચન—વિપ્રયોગાત્મક આ પુષ્ટિમાર્ગીય આર્તિની પ્રાપ્તિને માટે વિપ્રયોગાગ્નિ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળની (અત્યંત પ્રીતિથી) સેવા કરીએ. વળી શ્રીમહાપ્રભુજીનાં વચનામૃત સુબોધિનીજી, નિબંધ વગેરે નાના મોટા ગ્રંથોનો વિચાર અહર્નિશ કરીએ, તો શ્રી આચાર્યશ્રીની કૃપાથી આર્તિ થાય. (૧૭) નિવેદનનું અનુસંધાન આઠે પહોર રાખીએ, સદા પુષ્ટિમાર્ગીય ભગવદીયનો સંગ તથા નિત્ય નિયમપૂર્વક નિવેદનનો વિચાર કરીએ તો આર્તિ થાય. નવરત્નમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે તાદૃશી વૈષ્ણવની સાથે સર્વથા નિવેદનનું સ્મરણ કરવું જોઈએ" તેમ કરવાથી આર્તિ થાય, બીજી રીતે કોટાનકોટિ સાધન કરે, પણ આર્તિ સિદ્ધ થાય નહિ. જો આર્તિ ન થઇ તો ફળની આશાજ શી રાખવી? (૧૮)

**શ્લોક —યે ભાવં વર્દ્ધયન્ત્યેવ દૃઢં વચનવર્ષણે ॥**
**સંગોઽપિ તેષાં કર્તવ્યો નાન્યેષામિતિ નિશ્ચયઃ ॥૧૯॥**

શબ્દાર્થ—જે ભગવદીય દિવ્ય વચનની વૃષ્ટિ કરીને દૃઢ ભાવની વૃદ્ધિ કરે, તેનો સંગજ કરવો, બીજાનો સંગ ન કરવો, એવો નિશ્ચય છે (૧૯).

વિવેચન—ઉપર કહ્યું તેવી રીતે ભાવની વૃદ્ધિ કરે, શ્રીઆચાર્યજીના ગ્રંથો સુબોધિનીજી આદિ નાના મોટા ગ્રંથો છે તે મન રાખીને સાંભળાવે, વચનની વર્ષા કરે, તેનોજ સંગ કરવો. લૌકિક વૈદિકમાં મન ન રાખીએ, પોતે પણ ગ્રંથોનો પાઠ કરીએ, તો આર્તિ સિદ્ધ થાય, એમ નિશ્ચય જાણવું. (૧૯).

**શ્લોકઃ—તદ્દુર્લભત્વે બાધિર્યં મૂકત્વં વા સ્વં મતમ્ ॥**
**વાચઃ પ્રભૂણાં વદને દુર્જનાનાં ભવંતિ ન ॥૨૦॥**

શબ્દાર્થ—એવા ભગવદીયો મળવા દુર્લભ હોય, તો બહેરાપણું અથવા મુંગાપણું ઉત્તમ છે, કારણ કે દુર્જનના મુખમાંથી પ્રભુના ગુણગાન વાળી વાણી નીકળે નહિં (૨૦).

વિવેચન—ઉપર કહ્યા એવા ભગવદીયનો તો સંગ મળવો આ કાળમાં બહુજ દુર્લભ છે. બીજાં સાધન ન બને, તો મૂંગા રહેવું, અથવા બહેરા જેવા બની રહેવું. લૌકિકમાં ન

કોઈનું સાંભળવું; અને ન કોઈને કહેવું. એ આ સમયમાં શ્રેષ્ઠ મત છે. દુર્જનોના મુખમાંથી ભગવન્નામ ન નીકળે, માટે તેવાના મોઢાની વાણી સાંભળવામાં ફળ નથી. માટે દુષ્ટજનનો સંગ ન કરવો, તેવાઓની વાણી ન સાંભળવી. દુર્જન (બહિર્મુખ) ભગવદ્વાર્તા ભગવત્કથા કરે તે અને અન્યમાર્ગીયના મુખથી કોઈપણ વાર્તા સર્વથા ન સાંભળવી. તે કેવી રીતે બાધક થાય છે તે આગળ કહે છે. (૨૦).

**શ્લોક—મ્લેચ્છાનામિવ ગાયત્રી તતઃ શ્રવણતઃ કિમુ ॥**
**તત્સધર્માસ્તત્રવર્ણા અનુભાવતિરોહિતાઃ ॥૨૧॥**

**શબ્દાર્થ**—જેમ મ્લેચ્છના મુખમાં ગાયત્રી હોય તે સાંભળવાથી શું ફળ થાય, કારણ કે એના મુખની ગાયત્રીમાં અનુભવ (દૈવી પ્રભાવ) ન હોવાથી તેના અક્ષર મ્લેચ્છના જેવા બની જાય છે (૨૧).

**વિવેચન**-- જેમ મ્લેચ્છના મોઢાથી ગાયત્રી સાંભળવાથી કશું ફળ નથી થતું, ઉલટું નુકસાન થાય છે, કારણ કે આ અસુરનો ધર્મ દુષ્ટ છે, આ દુષ્ટના સંગથી ગાયત્રીના વર્ણ એટલે અક્ષર તેમાંથી આધ્યાત્મિક પણું અને આધિદૈવિક પણું બેઉ તિરોભૂત થઈ જાય છે. કેવળ આધિભૌતિકપણુંજ રહે છે, તેથી તે ફલરૂપ થતી નથી, તેજ પ્રમાણે અવૈષ્ણવના મોંથી સાંભળેલી કથા વાર્તા પણ ફળરૂપ થતી નથી, ઉલટી બાધક થાય છે. જેમ ગંગાજળ સુંદર છે, પણ નીચજ્ઞાતિ ( ચાંડાલાદિક) ના પાત્રમાં હોય, તો તે જળના સંસર્ગથી પ્રાયશ્ચિત કરવું પડે, અગર અડકે તો ન્હાવું પડે, આવી રીતે પાત્રનો ભેદ છે.-(૨૧).

**શ્લોકઃ—અત. ફલં ન શ્રવણાદોષઃ પ્રત્યુત જાયતે ।**
**સાવધાનતમૈઃ સ્થેયમીદ્રક્ શ્રવણકીર્તનાત્ ॥૨૨॥**

**શબ્દાર્થ**--આથી તેની ( અવૈષ્ણવ ) પાસેથી કથા વાર્તા સાંભળવાથી ફળ થતું નથી, ઉલટું દોષ લાગે છે, માટે એવા અવૈષ્ણવના મુખથી શ્રવણ અને કીર્તન ન સંભળાય તે માટે સાવધાન રહેવું-(૨૨).

**વિવેચન**--એવો દુષ્ટ બહિર્મુખ અન્યમાર્ગીય હોય તેના મોઢાથી ભગવદ્ધર્મ સાંભળવાથી કશું ફળ થતું નથી. ઉલટું દોષ થવાથી પ્રાયશ્ચિત કરવું પડે. માટે જે પુષ્ટિમાર્ગીય હોય, માર્ગની રીત પ્રમાણે ક્રિયા કરતો હોય, આવું સુંદર પાત્ર, ભગવદીય હોય તો તેના મુખથી ભગવદ્ વાર્તા, કીર્તન વિ. કરાવે, તો ભકિતમાર્ગમાં પ્રવેશ થાય. આ પુષ્ટિમાર્ગ મહા દુર્લભ છે. હવે પુષ્ટિમાર્ગીય ભગવદીયનાં લક્ષણ કહે છે.-(૨૨).

**શ્લોકઃ—નિરપેક્ષાઃ કૃષ્ણજના નિજાચાર્યપદાશ્રિતાઃ ।**
**શ્રીભાગવતતત્ત્વજ્ઞા દુર્લભા એવ ભૂતલે ॥ ૨૩॥**
**અતઃ શરણં માત્રં હિ કર્તવ્યમખિલં તતઃ**
**યદુકતં તાત ચરણૈરિતિ વાકયાદ્ભવિષ્યતિ ॥૨૪॥**

**શબ્દાર્થ**--કોઈ પણ જાતની અપેક્ષા વગરના, આપણા શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદનો આશ્રય કરનારા, અને ભાગવતનું તત્ત્વ જાણનારા, એવા ભગવદીય ભૂતળમાં દુર્લભ છે.-(૨૩). માટે માત્ર શરણ ભાવનાજ રાખવી જોઈએ. “ શ્રીગુસાંઇજીનું વિજ્ઞપ્તિમાં કથન છે કે તાતચરણ શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે શ્રીકૃષ્ણ મારાં આશ્રયનું સ્થાન છે, તેથી હું નિશ્ચિંત છું.” આ વાકયથી સર્વ સિદ્ધ થશે.-(૨૪).

**વિવેચન**—પુષ્ટિમાર્ગીય ભગવદીય કેવો હોય ? જેને કશી અપેક્ષા નહિ હોય, હૃદયમાં પૂર્ણ કામ હોય, લૌકિક વૈદિક કશી ઈચ્છા ન હોય, ચાર મુકિત પર્યંત પણ અપેક્ષા ન હોય, એવો નિરપેક્ષ હોય, એક શ્રીકૃષ્ણનોજ સેવક હોય, અન્યદેવ અથવા પ્રભુના અન્ય અવતાર તે સર્વમાંથી એક કૃષ્ણમાંજ અનન્યભાવ હોય, અને આપણા શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો આશ્રય દૃઢ મનમાં હોય તથા શ્રી ભાગવતનું તત્ત્વ જે શ્રીસુબોધિનીજી તથા નિબંધ વિગેરેનું જ્ઞાન હોય, એવા ભગવદીય મળે, તો તેનોજ સંગ કરવો જોઈએ. આ સમયમાં એવા ભગવદીય મળવા કઠણ છે, મહા દુર્લભ છે. માટે એવા ન મળે તો અન્યનો સંગ ન કરીએ.-(૨૩). જો એવા ભગવદીય ન મળે, તો શરણ મંત્ર અષ્ટાક્ષર મંત્ર (શ્રીકૃષ્ણ:શરણં મમ) તેનો જપ કરીએ, શરણની ભાવના કરીએ તો તેથી કરીને સકળ કાર્ય સિદ્ધ થાય. તે શરણ મંત્ર પણ શ્રીઆચાર્યદ્વારા શરણે આવે તો સિદ્ધ થાય. આ બાબતમાં શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે “ અમારા તાતચરણ શ્રીમહાપ્રભુજીએ ઉપર કહેલો નામ મંત્ર પ્રકટ કર્યો છે, તેથી કરીને આ લોક અને પરલોકનાં સર્વ કાર્યમાં અમને કોઈ પ્રકારની ચિંતા નથી.” વિગેરે વચનોથી વિચારીને શ્રીમહાપ્રભુજીનું શરણ સ્વીકારી અષ્ટાક્ષરની ભાવના કરીએ તો નિશ્ચય સકળ કાર્ય સિદ્ધ થાય.-(૨૪).

શ્લોકઃ—તથા નિધેયં કૃપયા યથા ગોવર્દ્ધનેશ્વરઃ ।
દર્શયત્યચિરાદેવ નિજં રૂપં તદાશ્રિતૈઃ ॥૨૫॥

**શબ્દાર્થ**--એમના આશ્રિત ભકતોનું એજ કર્તવ્ય છે કેશ્રીગોવર્દ્ધનનાથજી કૃપાકરીને જલદીજ દર્શન દે.-(૨૫).

**વિવેચન**--આ સઘળો ભગવદ્ધર્મ ઉપર કહ્યો તે કયારે સિદ્ધ થાય. જ્યારે શ્રીગોવર્ધનનાથજી કૃપા કરે, તો થાય. પોતાનો આશ્રિત જાણી પોતાના અંગીકૃત ભકતપર પ્રસન્ન થઈને સ્વરૂપાનંદનું દાન કરે, તોજ સર્વ કાર્ય સિદ્ધ થાય. આથી જાણાય છે કે આ માર્ગ સાધન સાધ્ય નથી પણ કૃપા સાધ્ય છે. જેમ ગિરિરાજજીનાં સંબંધથી પુલિંદીજી ઉપર કૃપા કરી તેમ શ્રીમહાપ્રભુજીના સંબંધથી શ્રીજી કૃપા કરે તો સર્વ સિદ્ધ થાય.-(૨૫).

ઇતિ શ્રીહરિરાયજી વિરચિત એકત્રીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

# * શિક્ષાપત્ર ૩૨ મું *

હવે બત્રીસમા શિક્ષાપત્રમાં કામાદિ દોષવાળા હૃદયમાં પ્રભુનો કદી પણ આવેશ થતો નથી, અને દીનતા યુક્ત હૃદયમાં ક્ષણ માત્રમાં પ્રભુ પ્રવેશ કરે છે, તેનું નિરૂપણ છે. ઉપર કહ્યું કે શ્રીજીની કૃપા હોય તો સર્વ કાર્ય સિદ્ધ થાય, તેથી પંચપર્વા અવિદ્યાનો નાશ થાય, અને વિદ્યા સિદ્ધ થાય, અને શ્રીકૃષ્ણ ભગવાન હૃદયમાં બિરાજે. તે અવિદ્યા પાંચ શ્લોકથી બતાવે છે, અને વિદ્યા પણ પાંચ શ્લોકથી બતાવે છે. એવા આ શિક્ષાપત્રમાં દશ શ્લોક છે. હવે પ્રથમ અવિદ્યાનો પ્રકાર કહે છે, કારણ કે અવિદ્યા જાય તો વિદ્યા હૃદયમાં આવે, જેમ શ્રીકૃષ્ણાવતારમાં શ્રીકૃષ્ણે ભક્તોની અવિદ્યા દૂર કરી એટલે હૃદયમાં નિષ્પ્રપંચ વિદ્યા સ્થિત થઈ, તેનું વર્ણન શ્રીસુબોધિનીજીમાં છે. તેને અનુસાર શ્રીહરિરાયજી વર્ણન કરે છે.

**શ્લોકઃ—કામાવિષ્ટે ક્રોધયુતે સંસારાસક્તિસંયુતે ।**
**લોભાભિભૂતે સતતં ધનાર્જનપરાયણે ॥૧॥**

**શબ્દાર્થ**—કામના આવેશવાળા, ક્રોધવાળા, સંસારમાં આસક્તિવાળા, લોભી, હંમેશા ધન એકઠું કરવામાં તત્પર, એવા હૃદયમાં કદી પણ પ્રભુનો આવેશ થતો નથી, એ પ્રમાણે પાંચેય શ્લોકમાં સંબંધ છે.—(૧)

**વિવેચન**—અવિદ્યાના આટલા દોષ જેના હૃદયમાં હોય તેના હૃદયમાં ભગવાન કદી પણ પધારે નહિં.—(૧). કામાદિ વિષયોમાં આવેશ થાય તેના હૃદયમાં. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી સંન્યાસ નિર્ણયમાં કહે છે કે " વિષયના આવેશવાળા હૃદયમાં પ્રભુનો આવેશ સર્વદા થતો નથી." વિગેરે વચનોથી કામને દુષ્ટ જાણવો, હવે કામાદિક ન હોય, પણ હૃદયમાં જો ક્રોધ ભરેલો રહે, તો તે ચંડાળનું સ્વરૂપ છે. જ્યાં ચંડાળરૂપ ક્રોધ હૃદયમાં આવે, ત્યાં ભગવાન શી રીતે પધારે ? માટે ક્રોધ બાધક છે. વળી આ સંસારમાં લૌકિક કુટુંબી દેહ સંબંધી તેમજ ઘર વિગેરેનાં ભરણ પોષણમાં આઠે પહોર આસક્ત રહે તેના હૃદયમાં ભગવાન ન પધારે. વળી જીવ લોભથી ભરેલો છે, દ્રવ્યાદિકને માટે વિશ્વાસઘાત, ચોરી વિગેરે કરે છે, દ્રવ્યનેજ પોતાનું સર્વસ્વ જાણ્યું છે, આઠે પહોર ધન મેળવવામાં મન રહે, દેહ સંબંધી લોભ રહે, એવાના હૃદયમાં ભગવાન ન રહે. અને ધન મેળવવાના ઉપાયમાં પરાયણ છે. પોતાનો ધર્મ ( વૈષ્ણવતા ) ધનને માટે જણાવે છે. ધનને માટે અનેક વાતો કરે, આઠે પહોર ધનમાંજ મન રાખે, તેના હૃદયમાં ભગવાન ન રહે.—(૧).

**શ્લોકઃ—દયાવિરહિતે રૂક્ષે નિત્યં સંતોષવર્જિતે ।**
**શોકાકુલે ભયાક્રાંતે વિષયધ્યાનતત્પરે ॥૨॥**

**શબ્દાર્થ**—દયા વગરના, સ્નેહ વગરના, હંમેશાં જેનામાં સંતોષ નથી એવા, શોકથી વ્યાકુળ, ભયભીત રહેલા, અને વિષયના ધ્યાનમાં તત્પર, એવા હૃદયમાં પ્રભુ ન પધારે.—(૨).

વિવેચન—દયા વગરના અને અનેક જીવની જે હિંસા કરે છે, કોઈને દુઃખી દેખી પ્રસન્ન રહે છે, લગાર પણ દયા મનમાં છે નહિં, તેના હૃદયમાં પ્રભુ ન રહે. સ્નેહથી જે રહિત છે, ભગવદીય વૈષ્ણવમાં જેનો લગાર પણ પ્રેમ નથી, ગમે તેટલી ભગવદ્વાર્તા સાંભળે તો પણ ભગવદ્રસથી હૃદય દ્રવીભૂત ન થાય, એવા લુખા સુકા હૃદયમાં ભગવાન ન બીરાજે. હંમેશાં જે સંતોષ વગરનો છે, આઠે પહોર હાય હાય કરે, આ કાર્ય ન થયું, આજ તો કશું ન કમાયો, હવે શી રીતે કામ ચાલશે, આવી રીતે હંમેશાં સંતોષ વગરનો છે, તેના હૃદયમાં ભગવાન ન રહે. હંમેશાં શોકથી વ્યાકુળ રહે, સ્ત્રી પુત્રાદિકના શોક અથવા ગૃહાદિકમાં શોક, જેમકે શી રીતે નિર્વાહ કરીશું, આવી રીતે બાળપણથી વૃદ્ધાવસ્થા સુધી શોક કરીને વ્યાકુળ રહે. હંમેશાં ભયથી હૃદયમાં કંપાયમાન રહે, રાજ ડર, કાળ ડર, ચોરાદિકનો ડર, જ્ઞાતિ સંબંધી તથા દેહ સંબંધીઓના ડર, વિગેરે લૌકિક ભયનો હૃદયમાં આવેશ રહે, તેના હૃદયમાં ભગવાન કદી પણ ન રહે. વિષયાદિકનાં સાધનમાં તત્પર રહે, દેહથી વિષય સિદ્ધ ન થાય તો મનમાં અનેક વિચાર કરે, કોઇ મને વૈષ્ણવ જાણે તો ઠીક. ખાનપાન મળે, સુંદર કપડાં પહેરવાનાં મળે, એવો વિચાર કરે, વળી પરસ્ત્રીને મળવાનો વિચાર કરે, તેની પ્રાપ્ત ન થાય તો દુઃખ પામે, એ પ્રમાણે વિષયના ધ્યાનમાં તત્પર રહે, તેના હૃદયમાં ભગવાન ન રહે.–(૨).

**શ્લોકઃ—અહંકારયુતે ક્રૂરે દુષ્ટક્ષૈકપોષકે ।**
**જ્ઞાનમાર્ગસ્થિતે સર્વસામ્યચિંતનભાવિતે ॥૩॥**

શબ્દાર્થ—અહંકારી, ક્રૂર એટલે ઘાતકી, દુષ્ટના પક્ષનું સમર્થન કરનારો, જ્ઞાનમાર્ગમાં સ્થિતિ કરનારો અને પ્રભુને દેવની સમાન જાણીને એ પ્રમાણે ચિંતન કરનારો હોય, તેના હૃદયમાં ભગવાન ન પધારે.–(૩).

વિવેચન—સદા અહંકારમાં રહે કે મારા સમાન બીજો કોઈ નથી, હું બહુજ સમજુ છું, મારામાં બહુ વૈષ્ણવતા છે, હું સેવા સ્મરણ બહુજ કરૂં છું, હું અનેક મનોરથ કરૂં છું, હું સઘળા કુટુંબનું પાલન કરૂં છું, બધાં મારી આજ્ઞામાં રહે છે, આવો મનમાં અહંકાર રાખે, તેના હૃદયમાં ભગવાન ન રહે. ક્રૂર હૃદય હોય, બીજાનું ભુંડું વિચારે, મનમાં એમ વિચારે કે મારો દાવ આવશે તો દુઃખ દઇશ, આવી રીતે ક્રૂર નજર રહે, આડો ચાલે, વાંકુંજ બોલ્યા કરે, એવા ક્રૂરના હૃદયમાં ભગવાન ન બીરાજે. કોઈ દુષ્ટ કર્મ કરે ( ચોરી, અન્યાય, કોઈનું ભુંડું કરે,) તેવાનો પક્ષ કરે, તેના હૃદયમાં ભગવાન ન રહે. જ્ઞાનમાર્ગમાં સ્થિતિ હોય તેનામાં સ્વામિસેવક ભાવ ન આવે, સર્વ ગુણથી ભરેલા ભગવાનના સ્વરૂપનું જ્ઞાન નથી, ભગવાનને નિરાકાર જાણે છે, તેના હૃદયમાં ભગવાન ન પધારે. ભગવાનને બ્રહ્મા, મહાદેવ, ગણેશ, ઇંદ્ર વિગેરે દેવોની સમાન જાણી ચિંતન કરે, એટલે સર્વનો સમાન આશ્રય કરે, બધા દેવની પાસે ફળની ઇચ્છા કરે, આવી રીતે અન્યાશ્રય કરે, તેના હૃદયમાં ભગવાન ન બીરાજે–(૩).

**શ્લોકઃ—લૌકિકે સન્મુખે કૃષ્ણજનવૈમુખ્યસંયુતે ।**
**કૃષ્ણલીલાદોષદૃષ્ટૌ તથા કર્મજડેઽપિ ચ ॥૪॥**

શબ્દાર્થ—લૌકિકમાં સન્મુખ રહે, શ્રીકૃષ્ણના જન, વૈષ્ણવો તેનાથી વિમુખ રહે, તેમજ, શ્રીકૃષ્ણની લીલામાં દોષ દ્રષ્ટિવાળો હોય, તથા કર્મમાં જડની પેઠે આસક્ત રહે, તેના હૃદયમાં ભગવાન ન રહે.-(૪)

વિવેચન—લૌકિકમાં સન્મુખ રહે, આઠે પહોર મિથ્યા ક્રિયા, મિથ્યા ધ્યાન, મિથ્યા ભાષણ, એવી રીતે લૌકિકમાં મગ્ન રહે, તેના હૃદયમાં ભગવાન ન રહે. ભગવદીયોથી વિમુખ રહે, ભગવદીયોની નિંદા કરે, ભગવદીયોને દુઃખ દે, એવાના હૃદયમાં ભગવાન ન રહે. શ્રીકૃષ્ણની લીલાઓ આનંદ યુકત છે, નિર્દોષ છે, જેવા ભગવાન આનંદમય અને નિર્દોષ છે, તેવી તેની લીલાઓ છે. તેમાં દોષ દ્દષ્ટિ કરે, જેમ કે પ્રભુ કામાદિ દોષથી પરસ્ત્રીઓને વશ છે, આવી રીતે દોષ દ્દષ્ટિવાળાના હૃદયમાં ભગવાન ન રહે. વળી કર્મજડ કે જે કર્મમાર્ગમાં તત્પર રહે, અને પ્રભુની સેવા છોડી કર્મનેજ મુખ્ય જાણી શ્રાદ્ધાદિક, સંધ્યાદિકમાં તત્પર રહે, ભગવદ્ધર્મમાં પ્રીતિ ન રાખે, એવાના હૃદયમાં ભગવાન ન બીરાજે.-(૪).

શ્લોકઃ—આચાર્યવિમુખે નિત્યમસદ્વાદવિભૂષિતે ।।
એતાદશે ચ હૃદયે હરિર્નાવિશતે કવચિત્ ।।૫।।

શબ્દાર્થ—શ્રીઆચાર્યશ્રીથી વિમુખ, નિત્ય ખોટા વાદેથીજ વિભૂષિત, મિથ્યાવાદમાં પ્રીતિવાળા એવા હૃદયમાં કદી પણ પ્રભુનો આવેશ થતો નથી.-(૫)

વિવેચન—પુષ્ટિમાર્ગના સર્વોપરિ શ્રીમહાપ્રભુજી છે, તેમના ચરણકમળથી વિમુખ હોય એવાના હૃદયમાં શ્રીકૃષ્ણ ન બીરાજે. સુંદર ભગવત્કથા ભગવદ્વાર્તા વિગેરેમાં દોષ દેનારા હોય, ખોટા વાદ કરતો ફરે, લૌકિક વાર્તામાં પ્રસન્ન રહે, એવાના હૃદયમાં ભગવાન ન બીરાજે. ઉપર પ્રમાણે આ બાવીસ અવિદ્યાના દોષો બતાવ્યા, એ જેના હૃદયમાં હોય, તેના હૃદયમાં ભગવાન કદી પણ ન રહે, પ્રભુનો આવેશ પણ કદી ન થાય. માટે વૈષ્ણવે આ બાવીસ દોષોથી બચીને રહેવું, આ દોષોથી બીવું, હવે જે ગુણો વડે વૈષ્ણવોના હૃદયમાં શ્રીકૃષ્ણ બિરાજે, તે કહે છે.-(૫)

શ્લોકઃ—દીને શુદ્ધે નિષ્પ્રપંચે લીલાચિંતનતત્પરે ।।
સ્વાચાર્યશરણે નિત્યં સર્વકામવિવર્જિતે ।।૬।।

શબ્દાર્થ—દીન, શુદ્ધ, પ્રપંચ વગરના, શ્રીકૃષ્ણની લીલામાં તત્પર, સ્વાચાર્યનો દૃઢ આશ્રય કરનાર, હંમેશા કોઈ પ્રકારની કામના વગરના, એવા હૃદયમાં ભગવાન તત્ક્ષણ પ્રવેશ કરે છે.-(૬).

વિવેચન—દીન હોય, કોઈ કશું કહે, નિંદા કરે, તો પણ સહન કરે, ત્યાં ભગવાન બીરાજે. શ્રીગુસાંઈજી કહે છે કે "આચાર્યચરણૈરુકતં દૈન્યં ત્વત્તોષસાધનમ" (શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં કહ્યું છે કે પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન એક દીનતાજ છે.) માટે દીન હોય તેના હૃદયમાં ભગવાન બિરાજે, અને શુદ્ધ હૃદય હોય, મનમાં કપટ, છળ ન હોય, શુદ્ધ ભાવથી પ્રભુનું સ્મરણ ભજન કરે, તેના હૃદયમાં ભગવાન બિરાજે.

લૌકિક પ્રપંચ વગેરેથી રહિત હોય, કોઈપણ દેહના સંબંધમાં મન ન રાખે, એક પ્રભુમાંજ મન રાખે. કશા પ્રપંચમાં આસક્તિ ન રાખે, તેના હૃદયમાં પ્રભુ બિરાજે. શ્રીકૃષ્ણની લીલાઓ, બાળ લીલા, દાન લીલા, રાસ લીલા, ઇત્યાદિ અનેક લીલાઓ જે આનંદરૂપ છે તેના ચિંતનમાં તત્પર રહેવું. નિરોધ લક્ષણમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "ભગવાનના ગુણો ચિત્તમાં પ્રવેશ કરે એટલે હૃદયમાં જે અનેક દોષો છે તે સર્વ નિવૃત્ત થાય" માટે લીલામાં જેનું ચિત્ત તત્પર રહે તેના હૃદયમાં પ્રભુ બિરાજે છે. આપણા પુષ્ટિમાર્ગના આચાર્ય શ્રીવલ્લભાચાર્યજીના ચરણકમળનો આશ્રય અહર્નિશ ચિત્તમાં રાખવો. વળી શ્રી મહાપ્રભુજીના ચરણકમળની રજ જેણે પોતાનું સર્વસ્વ ધન જાણ્યું છે, તેને શ્રીકૃષ્ણના અધરામૃતના સ્વાદની સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે, એવાના હૃદયમાં શ્રીકૃષ્ણ બિરાજે છે. અને લૌકિક વૈદિક, દેહ સંબંધી સર્વ કામનાથી જે વર્જિત છે, પ્રભુ વગર કોઈપણ વસ્તુમાં મનની આસક્તિ નથી, એવા અનન્ય વૈષ્ણવના હૃદયમાં પ્રભુ બિરાજે છે.–(૬).

શ્લોકઃ—વ્રજશ્રીચરણાંભોજરેણુપ્રાપ્ત્યભિલાષુકે ॥
ગુણગાનપરે કૃષ્ણનામાર્થપરિભાવુકે ॥૭॥

શબ્દાર્થ--વ્રજભક્તોનાં ચરણારવિંદની રજની પ્રાપ્તિમાં જેની અભિલાષા છે એવા, ગુણગાનમાં તત્પર, શ્રીકૃષ્ણ આ નામનો જે અર્થ છે, તેનો યથાર્થ ભાવ સમજનાર, એવા હૃદયમાં પ્રભુ ક્ષણમાં પધારે.–(૭).

વિવેચન--વ્રજભક્તોના ચરણકમળની રજની પ્રાપ્તિમાં રાત દિવસ અભિલાષા રહે, કે મને વ્રજભક્તોની ચરણકમળની રજની પ્રાપ્તિ ક્યારે થાય એવોજ મનોરથ રહે ત્યાં ભગવાન પધારે. જેમ ઉદ્ધવજી ભ્રમરગીતના અધ્યાયમાં કહે છે કે, આસામહો ચરણરેણુ જુષામહં સ્યાં વૃંદાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ । વિગેરે. મતલબ કે, આ વ્રજભક્તોના ચરણની રજનુ સેવન કરનાર વૃંદાવનનાં જે ગુલ્મ, લતા અને ઔષધિ ( તામસ, રાજસ અને સાત્વિક )છે. તેમાં હું કંઈક થાઉં, કારણ કે વ્રજભક્તોએ કોઇથી ત્યાગ ન થાય એવાં પોતનાં સગા સબંધી અને વેદમાર્ગને છોડીને શ્રુતિઓ જેનું શોધન કરે છે, એવા શ્રીકૃષ્ણની પદવીને ભજવા લાગ્યાં છે. શ્રીનંદરાયજીના વ્રજની સ્ત્રીઓની ચરણકમળની રજને હું વારંવાર વંદન કરૂં છું કે જેમની ભગવદ્ કથાનું ગાન ત્રણ લોકોને પણ પવિત્ર કરે છે." આ વિગેરે વચનોથી ભાવ વિચારે તેના હૃદયમાં શ્રીકૃષ્ણ બિરાજે. વળી શ્રીકૃષ્ણનાં લીલા સંબંધી ગુણ-ગાન કરે, આ બાબતમાં દ્વાદશસ્કંધમાં શુકદેવજી કહે છે કે," હે રાજા, દોષના ભંડારરૂપ આ કળિયુગમાં એક મોટો ગુણ છે કે શ્રીકૃષ્ણનાં કીર્તનથીજ જીવ તમામ પ્રકારના બંધનથી મુક્ત થઈ શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરે છે." આ વિગેરે વચનો પ્રમાણે ગુણગાન કરે, તેના હૃદયમાં પ્રભુ બિરાજે. અને કીર્તન ન આવડે તો શ્રીકૃષ્ણ આ નામનો અર્થ વિચારીને અનુભવ કરે. છઠ્ઠા સ્કંધમાં કહે છે કે, " વિષ્ણુના દૂતો યમના દૂતોને કહે છે કે અજ્ઞાનથી અથવા જ્ઞાનથી ઉત્તમ શ્લોક ભગવાનનું નામ આર્તિયુક્ત થઈને સારી રીતે દે, તો તે, અગ્નિ જેમ કાષ્ટનું દહન કરે છે તેમ પુરૂષના પાપોનો નાશ કરે છે. યમરાજા પોતાના દૂતોને કહે છે કે હે પુત્રા! હરિના નામનું મહાત્મ્ય તો જુઓ, જેથી કરીને અજામિલ પણ મૃત્યુના પાસમાંથી મુક્ત થયો." વળી આઠમાં સ્કંધમાં કહે છે કે " હે રાજા, આ કળિયુગમાં હરિના નામનું પોતે સ્મરણ કરે અને બીજાને કરાવે તે મનુષ્ય બહુ ભાગ્યશાળી છે, અને કૃતાર્થ (પૂર્ણ) છે." આ વિગેરે વચનોથી શ્રીકૃષ્ણના નામના અનુભવથી ભગવાન હૃદયમાં બિરાજે છે.–(૭).

**શ્લોકઃ—અનન્યેઽનન્યસેવૈકનિષ્ઠાતત્પરતાં ગતે ।**
**ભગવદ્ધર્મનિરતે વિરક્તે ગુણસંગિનિ ॥૮॥**

**શબ્દાર્થ**—અનન્ય ભાવવાળા હોય, અનન્ય ભકતોની સેવામાં જેની શ્રદ્ધા પૂર્વક તત્પરતા હોય, ભગવદ્ ધર્મમાં જેની પ્રીતિ હોય, વિરકત હોય, અને ભગવદ્‌ગુણગાનનો સંબંધ હોય, એવાના હૃદયમાં પ્રભુ પધારે.–(૮).

**વિવેચન**—એક શ્રીકૃષ્ણમાંજ અનન્ય ભાવવાળો હોય, શ્રીકૃષ્ણનીજ સેવા કરે, શ્રીકૃષ્ણનું સ્મરણ કરે, શ્રીકૃષ્ણની કથાનું શ્રવણ કરે, શ્રીકૃષ્ણનુંજ ગુણગાન કરે, મન વાણી અને કર્મથી પુષ્ટિમાર્ગીય ધર્મમાં અનન્ય હોય, તેવા હૃદયમાં ભગવાન પધારે. આ બાબતમાં હારિત સ્મૃતિમાં કહે છે "અનન્યઆશ્રયવાળા, તેવીજ રીતે અનન્ય સાધન કરનારા, તેમજ અન્ય દેવોનો પ્રસાદ નહિં લેનારા, એવા ભકતો (ભકિતમાર્ગમાં) અધિકારી છે, અન્ય દેવને નમસ્કાર ન કરે, અન્ય દેવનાં દર્શન ન કરે, અન્યનો પ્રસાદ પણ ન લે, તેમજ અન્ય દેવના સ્થાનમાં પણ ન જાય એવા જે અનન્ય હોય, તેના હૃદયમાં શ્રીકૃષ્ણ બિરાજે. વળી અનન્ય પુષ્ટિમાર્ગીય જે વૈષ્ણવ છે, તેનામાં પુરેપુરી નિષ્ઠા રાખી તેવા ભગવદીયનો સંગ કરે, તેની સેવા કરે, તો ભગવાન બિરાજે. આ બાબતમાં ભગવદીય ગાયછે કે "એક ભરોસો હરિભકતનકો દૂજો નંદકિશોરકો" તેમજ ભકિતવર્ધિનીમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે, "ભગવત્પરાયણ ભગવદિયોની સાથે પ્રભુના સ્થાનમાં (ભગવન્મંદિરમાં અથવા મંદિરની પાસે) રહેવું." તદીયોની સાથે તત્પર રહે તેના હૃદયમાં પ્રભુ બિરાજે. વળી ભગવદ્ધર્મમાં રતિ હોય, આ પુષ્ટિમાર્ગીય ધર્મમાં પ્રીતિ હોય,. સાધનાદિકમાં મન ન રાખે, તો ભગવાન બિરાજે. આ બાબતમાં નવરત્ન ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે ગુરુની આજ્ઞા પ્રમાણે પુષ્ટિમાર્ગમાં સ્થિતિ કરીને સેવા કરવી અને પ્રભુની ઈચ્છાથી તેમાં બાધ થાય ત્યાં તથા સંસારાદિકમાં સાક્ષિવત રહે, જેમ જળમાં કમળ રહે છે તેમ રહે. આવી રીતે ભગવદ્ધર્મમાં પ્રીત હોય, તેના હૃદયમાં પ્રભુ બિરાજે. વળી લૌકિકથી વિરકત હોય, સર્વ પ્રભુને સમર્પણ કર્યું હોય, ત્યાં ભગવાન બિરાજે. આ બાબતમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સિદ્ધાંત રહસ્યમાં કહે છે કે વૈષ્ણવે પહેલેથીજ સર્વ કાર્યમાં ભગવાનને સર્વ વસ્તુ સમર્પી વિરકત થઇને રહેવું, તેના હૃદયમાં પ્રભુ બિરાજે. વળી પ્રભુના ગુણનો સંગ કરે, એટલે પ્રભુનુંજ સ્મરણ કરે, તેના હૃદયમાં પ્રભુ બિરાજે.–(૮).

**શ્લોકઃ—કૃષ્ણાર્તિભાવસંયુકતે સરસેઽન્યરસાતિગે ।**
**અચંચલે કૃષ્ણલીલાચંચલે દર્શનાકુલે ॥૯॥**

**શબ્દાર્થ**—શ્રી કૃષ્ણની આર્તિ તથા ભાવથી ભરેલા, ભકિતરસથી તરબોળ, અન્ય ધર્મના રસનો ત્યાગી. ભગવદ્ ધર્મમાં સ્થિર, શ્રી કૃષ્ણની લીલામાં ચંચળ (લીલામાં આકુળ વ્યાકુળ) અને શ્રી કૃષ્ણનાં દર્શન માટે આતુર એવા હૃદયમાં ભગવાન ક્ષણમાં પધારે.–(૯).

**વિવેચન**—શ્રી કૃષ્ણમાં આર્તિ થવાથી પ્રભુ કૃપા કરે, નિરોધ લક્ષણમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "ભગવાન ભકતને આર્તિકલેશ યુક્ત જોઇને કૃપાળુ બને છે, અને સર્વના આનંદ

દાતા પ્રભુ હૃદયમાંથી બહાર પ્રકટ થઈ દર્શન દે છે" પછી પોતાનો અનુભવ કરાવે છે, માટે આર્તિ તો પુષ્ટિમાર્ગીય ફળ છે. જ્યાં આર્તિ ત્યાં પ્રભુ પધારે. શ્રી કૃષ્ણમાં નિવેદન કરવાથી ભાવ આવે. જેમ લૌકિકમાં સ્ત્રીનો વિવાહ થાય, એટલે પતિમાં ભાવ પ્રકટ થાય; કે આ મારો પતિ છે, તેમજ શ્રીમહાપ્રભુજીદ્વારા નિવેદન થયા પછી શ્રીકૃષ્ણમાં ભાવ થાય, સર્વસ્વ શ્રીકૃષ્ણનુંજ જાણે. આ ભાવ આવે તો હૃદયમાં ભગવાન પધારે. ભગવત્સ્વરૂપરસમાં રસિક થાય, અને અન્યમાર્ગીય રસ તથા વિષયાદિક રસથી રહિત બને, પુષ્ટિમાર્ગમાં એક શ્રી કૃષ્ણના અધરામૃતના સ્વાદનો રસજ ઇચ્છે, એવા વૈષ્ણવના હૃદયમાં પ્રભુ પધારે. અચંચળ એટલે સ્થિર બુદ્ધિ હોય, અન્ય માર્ગના સંગથી, દુઃસંગથી, વિષયાદિકના સંગથી બુદ્ધિ ચલાયમાન ન થાય એવો પુષ્ટિમાર્ગમાં દૃઢ થાય તેના હૃદયમાં પ્રભુ પધારે. વળી શ્રીકૃષ્ણની નાના પ્રકારની લીલા રસમાં અતિ ચંચળ એટલે ક્ષણ ક્ષણમાં લીલા રસમાં મગ્ન થાય ત્યાં પ્રભુ પધારે. આ બાબતમાં સિદ્ધાંત મુકતાવલીમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "ચેત: તત્પ્રવણં સેવા" આ માનસી સેવા કે જેના વડે ચિત્ત (નદીના પ્રવાહની પેઠે) રાત દિવસ પ્રભુની લીલામાં લાગેલું રહે, આવા પ્રકારનું જેનું ચિત્ત પ્રભુની લીલાઓમાં ચંચળ હોય, તેના હૃદયમાં પ્રભુ પધારે. વળી શ્રીકૃષ્ણનાં દર્શન માટે મન વારંવાર વ્યાકુળ થાય, આ બાબતમાં એકાદશ સ્કંધમાં જનક રાજા કહે છે કે "જીવને મનુષ્ય દેહની પ્રાપ્તિ થવી દુર્લભ છે, તેમાં વળી પ્રભુને પ્રિય એવા ભકતનાં દર્શન દુર્લભ છે." તેથી ભગવદ ભકતનાં દર્શન દુર્લભ જાણવાં. વળી ભગવાનનાં દર્શનમાં ક્ષણે ક્ષણે વ્યાકુળ થાય તે ભાવ કુંભનદાસજીનો છે, કે એકજ દર્શનના અંતરાયમાં ગાયું કે "કેતે દિન વ્હેજુ ગયે વિનુ દેખે" (આપનાં દર્શન વિના કેટલાય દિવસ વીતી ગયા !) આવી આર્તિ દર્શનમાં હોય તેના હૃદયમાં પ્રભુ પધારે–(૯).

શ્લોક —મનોરથશતાક્રાંતે સર્વૌદાસીન્યસંયુતે ॥
એતાદૃશે તુ હૃદયે હરિરાવિશતે ક્ષણાત્ ॥૧૦॥

શબ્દાર્થ—શ્રીકૃષ્ણની સેવામાં અનેક મનોરથવાળા, વળી લૌકિક વૈદિકમાં ઉદાસીનતા એટલે અપ્રીતિવાળા એવા હૃદયમાં તો ક્ષણમાં પ્રભુ પધારે–(૧૦).

વિવેચન—જેમ વ્રજભકતો શ્રીઠાકોરજીને સુખ દેવાને માટે નાના પ્રકારના મનોરથો કરતા, વાગા, વસ્ત્ર, આભૂષણ, સામગ્રી ( તન મન અને ધનથી ) પ્રભુને સમર્પતાં, જેમ પુષ્ટિમાર્ગમાં શ્રીવલ્લભકુળ શ્રીકૃષ્ણને સર્વસ્વ વિનિયોગ કરાવે છે, તેમ વૈષ્ણવને તન, મન અને ધનથી પ્રભુમાંજ અનેક મનોરથો ઉદ્ભવે, જો દ્રવ્યાદિક ન હોય તો મનથી પણ (માનસી સેવામાં) નાના પ્રકારના મનોરથો થાય, આવા ભકતના હૃદયમાં પ્રભુ બિરાજે. અને લૌકિક વૈદિક દેહ સંબંધી કાર્યમાં સર્વ ઠેકાણે પોતાના મનને ઉદાસીન રાખે, લૌકિકમાં સાક્ષીવત રહે, સંસારના સુખ દુઃખમાં મન ઉદાસીન રહે, તો પ્રભુ હૃદયમાં પધારે. હવે શ્રીહરિરાયજી કહે છે કે આ બાવીસ ગુણ વિદ્યારૂપ જો વૈષ્ણવના હૃદયમાં આવે, તો તેના હૃદયમાં શ્રીકૃષ્ણ પધારે અને સ્વરૂપાનંદનો અનુભવ કરાવે. જેમ વ્રજભકતોની પંચપર્વા અવિદ્યા દૂર થઈ અને વિદ્યા સિદ્ધ થઈ, ત્યારે શ્રીકૃષ્ણ હૃદયમાં બિરાજ્યા, તેમજ વૈષ્ણવ બાવીસ દોષ ત્યજીને બાવીસ ગુણ ગ્રહણ કરે, તો તેજ ક્ષણે શ્રીકૃષ્ણ હૃદયમાં પધારે–(૧૦).

ઇતિ શ્રીહરિરાયજી વિરચિત બત્રીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

# * શિક્ષાપત્ર ૩૩ મું *

હવે તેત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે માર્ગમાં સર્વનું કારણ ભગવદિચ્છાજ છે, આથી જે પ્રતિકૂળ હોય તેનો નાશ હરિપ્રત્યે દીનતાથી થાય. કારણ કે દીન જન પ્રત્યે પ્રભુ તેની ઈચ્છાને અનુકૂળ કરે છે. જો ભગવદ ઈચ્છા અનુકૂળ થઈ તો સેવકને શું દુર્લભ છે? લૌકિકમાં પણ દીનના ઉપર સર્વને દયા આવે છે, એમ જાણીને દીનતા રાખવી, તેજ સાધન છે. અભિમાન અને મન દીનતાનાં વિરોધી છે, તેનો ત્યાગ કરવો. એ ન બને તો આપણા આચાર્યશ્રીનો દૃઢ આશ્રય રાખવો, અને એમના નિબંધ, શ્રીસુબોધિનીજી અને ષોડશ ગ્રંથનું અવલોકન કરવું, તથા દુઃસંગથી દૂર રહેવું. તેથી સઘળા દોષો દૂર થાય છે, વિગેરે નિરૂપણ છે. ઉપર વિદ્યા અવિદ્યાના પ્રકાર કહ્યા તેમાં વ્રજભક્તોની અવિદ્યા પણ પ્રભુએજ નિવૃત્ત કરી અને વિદ્યા સિદ્ધ કરી, તેમાં ભક્તોનું સામર્થ્ય નથી. પ્રભુએજ સામર્થ્ય આપ્યું તો સઘળા પ્રતિબંધ તોડીને પ્રભુની પાસે રાસમાં આવ્યાં અને અનુભવ કર્યો, તેમજ અહીં પુષ્ટિમાર્ગમાં પણ પ્રભુ જ્યારે કૃપા કરે ત્યારેજ ફળ પ્રાપ્તી થાય તે હવે કહે છે.

**શ્લોકઃ—અસ્મિન્માર્ગે પ્રભોરિચ્છામાત્રં સર્વત્ર કારણમ્ ।**
**સૈવ ચાવરણં યાવત્પ્રતિકૂલાફલે નિજે ॥૧॥**

શબ્દાર્થ—આ પુષ્ટિમાર્ગમાં સર્વ કાર્યમાં માત્ર પ્રભુની ઇચ્છાજ કારણરૂપ છે, તેજ (પ્રભુની ઇચ્છા) જ્યાંસુધી આપણા ફળમાં પ્રતિકૂળ હોય ત્યાંસુધી આવરણ છે–(૧).

વિવેચન—અમારા શ્રી વલ્લભાચાર્યજીના પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણની ઈચ્છાજ સર્વ કાર્યમાં કારણ છે. આપની ઈચ્છા જ્યાં સુધી પ્રતિકૂળ છે એટલે કે પોતાનું ફળ આપવામાં વલંબની ઈચ્છા છે, ત્યાં સુધી આવરણ છે. માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, કોઇ વર્ણ હોય, તેમજ હીન એટલે નીચ જાતિ મ્લેચ્છ, ચંડાળ, મલાહ વિગેરે હોય, સર્વ ધર્મથી રહિત હોય, તેવાને પણ ફળ આપવાની પ્રભુની જો ઈચ્છા હોય તો તેઓ પણ આ પુષ્ટિમાર્ગમાં શરણે આવે અને અવશ્ય ફળની પ્રાપ્તિ કરે. અને જેને ફળ આપવામાં પ્રતિકૂળ ઈચ્છા હોય, તે આ પુષ્ટિમાર્ગીય ધર્મથી વિમુખ હોય, તેને ફળ ન મળે. માટે પ્રભુની ઈચ્છાજ મુખ્ય છે, વાર્તામાં પણ આ વસ્તુ પ્રસિદ્ધ છે કે, અલિખાન અને તેની બેટી ભગવાનની ઈચ્છાથી ચાચા હરિવંશજી દ્વારા શ્રીગુસાંઈજીને શરણે આવ્યાં. માટે આ માર્ગમાં શ્રીકૃષ્ણની ઇચ્છાજ મુખ્ય કારણ છે.–(૧).

**શ્લોકઃ—તદાવરણનાશસ્તુ દૈન્યાદેવ હરૌ કૃતાત્**
**સ દીનેષુ નિજામિચ્છામનુકૂલાં કરોતિ હિ ॥૨॥**

શબ્દાર્થ—આ આવરણનો નાશ પ્રભુ પ્રત્યેની દીનતા રાખવાથી થાય, કારણ કે ભગવાન દીન ભક્તો પ્રત્યે પોતાની ઈચ્છા અનુકૂળ કરે છે.–(૨).

વિવેચન--હરિની પ્રત્યે જ્યારે દીનતા આવે ત્યારે આવરણનો નાશ થાય, ભગવાનનો સંબંધ થયો તેથી પ્રભુની સેવામાં અંગીકાર થયો. દીનતાથી દાસભાવ પણ થયો, આથી પ્રભુની ઇચ્છા આપોઆપ ભકતને અનુકૂળ થાય, એટલે પ્રભુ જાણે કે હવે તો આજીવ મારોજ થયો, તેથી તેને ન છોડાય. જ્યારે પ્રભુ અનુકૂળ થયા એટલે સર્વ સિદ્ધ થાય, તે આગળ કહે છે.-(૨).

**શ્લોકઃ—તદાનુકૂલ્યે દાસાનાં કિં ફલં દુર્લભં મતમ્ ॥**
**કૃપા ચ જાયતે દીને લોકસિદ્ધનિદર્શનાત્ ॥૩॥**

શબ્દાર્થ--પ્રભુની ઇચ્છા અનુકૂળ થઇ પછી સેવકને શું ફળ દુર્લભ છે? કારણ કે દુનીઆમાં પણ દીનપર દયા આવે છે એવું દેખીએ છીએ. ( માટે દીનતા આવે તો પ્રભુની કૃપા થાય.)-(૩).

વિવેચન--જો પ્રભુની ઇચ્છા અનુકૂળ થઈ તો સઘળું ફળ સિદ્ધ થયું, એમાં સંદેહ નહિં. શ્રીકૃષ્ણની કૃપાનું કારણ એક દીનતાજ છે. લૌકિકમાં પણ એવું બને છે કે, કોઈ વેરી હોય, તેણે કંઈ પણ બગાડયું હોય, નુકશાન કર્યું હોય પણ આવીને શરણે પડે કે હું તમારો છું, હવે ફાવે તે કરો, એમ કહે તો તેના ઉપર કૃપાજ કરે, તે માર્યો ન જાય. તેમજ અનેક જન્મથી જીવ ભૂલો પડયો છે, તે શ્રીઆચાર્યજી દ્વારા પ્રભુને સર્વ સમર્પણ કરી દીન થઈને કહે, કે હું શ્રીકૃષ્ણનો દાસ છું, તો પ્રભુ પ્રસન્ન થાય અને કૃપા કરેજ. માટે દીન થઇ એક શ્રીકૃષ્ણના શરણનીજ ભાવના રાખે. આ બાબતમાં શ્રીભાગવત એકાદશ સ્કંધમાં પિંગળાનું વાકય છે કે, " સંસારરૂપ કુવામાં પડેલા, અને વિષયથી મીચાઇ ગયાં છે નેત્ર જેનાં, અને કાળરૂપી સર્પે જેને ગળ્યો છે, એવા આત્માનું બીજો કોણ પ્રભુ સિવાય રક્ષણ કરવા સમર્થ છે? " વળી પરુરવાએ કહ્યું છે કે, "પુંશ્ચલી એટલે વ્યભિચારિણી સ્ત્રીએ જેનું ચિત્ત હરી લીધું છે, એવા ચિત્તને આત્મારામના ઈશ્વર અધોક્ષજ ભગવાન વિના બીજો કોણ છોડાવવા સમર્થ છે?" તેમજ વ્યાસજી કહે છે કે, " સર્વ ધર્મથી રહીત એવા ઘોર કળિયુગમાં જન્મેલા મનુષ્યોમાં, ભગવત્પરાયણ મનુષ્યોજ કૃતાર્થ છે, તેમાં સંશય નહિ" આવી રીતે પિંગળા, પુરુરવા, વિગેરે તેમજ દ્રૌપદી, ગજેંદ્ર આદિ જે આર્તિપૂર્વક શરણે આવ્યાં છે તે સર્વનો ઉદ્ધાર પ્રભુએ કર્યો છે. માટે કેવળ પ્રભુના આશ્રયથી અને દીનતાથીજ પ્રભુની કૃપા થાય છે.-(૩).

**શ્લોકઃ—અતો દૈન્યં હિ માર્ગેऽસ્મિન્પરમં સાધનં મતમ્ ।**
**અભિમાનો મદશ્ચાપિ સતતં તદ્વિરોધિનૌ ॥૪॥**
**તૌ વિજ્ઞાય પ્રયત્નેન પરિત્યાજ્યૌ ફલાર્થિભિઃ ।**
**દૌષ્ટ્યં સમસ્તેંદ્રિયાણાં સાધનૈરેવ નાશયેત્ ॥૫॥**

શબ્દાર્થ—માટે આ પુષ્ટિમાર્ગમાં દીનતાજ પરમ સાધન ગણાય છે. અભિમાન અને મદ આ બેઉ હંમેશાં દીનતાનાં વિરોધી છે.-(૪). એમને ઓળખીને પુષ્ટિમાર્ગીય ફળની ઇચ્છાવાળાએ યત્ન પૂર્વક તેનો ત્યાગ કરવો અને ઇંદ્રિયોની બધા પ્રકારની દુષ્ટતાનો (આ) સાધન કરીને નાશ કરવો.-(૫).

વિવેચન—પુષ્ટિમાર્ગમાં મોટામાં મોટું સાધન દીનતા જ છે, દીનતાભાવ સિદ્ધ થવાને માટે સર્વ સમર્પણ છે. એટલે કે જેને દીનતા સિદ્ધ થઈ, તેને આ પુષ્ટિમાર્ગનું ફળ સિદ્ધ જ થયું. આ બાબતમાં શ્રીગુસાંઇજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "જેવી છું તેવી પણ આપના ચરણકમળની કિંકરી (દાસી) છું, માટે આપની જાણીને કૃપા કરીને મારાં નેત્રોને આપના મુખનાં જલદીથી દર્શન કરાવો" વળી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે "દૈન્યં તત્તોષસાધનમ્" આ પ્રમાણે દીનતાજ સર્વોપરિ સાધન છે. અભિમાન અને મદ એ બેઉ આ પુષ્ટિમાર્ગના ફળમાં વિરોધી છે. શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રયમાં આજ્ઞા કરે છે કે "સ્વામિને આધીન છું, એવી ભાવનાથી સર્વ પ્રકારનું અભિમાન છોડી દેવું." જે સ્વતંત્ર હોય તે અભિમાન કરે, દાસને અભિમાન હોય નહિં, સ્વામીની આજ્ઞા માગી સઘળું કાર્ય કરવું જોઈએ. અભિમાન કરે તો દાસભાવ જતો રહે, માટે અભિમાન મહાબાધક છે. તેજ પ્રમાણે મદ પણ બાધક છે, પુષ્ટિમાર્ગના ફળમાં વિરોધી છે.–(૪). લૌકિક સુખથી સઘળાં અલૌકિક સાધનોનો નાશ થાય છે, અને ઇંદ્રિયો પણ દુષ્ટ બની જાય છે. તેને અલૌકિકમાં લગાવે તો દુષ્ટતા મટી જાય. નિરોધલક્ષણમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "સંસારના આવેશથી દુષ્ટ એવી ઇંદ્રિયોના હિતને માટે આપણા સ્વામી શ્રીકૃષ્ણની સર્વ વસ્તુ છે, માટે તેમાં ઇંદ્રિયોને જોડવી" આથી ઇંદ્રિયોની દુષ્ટતા દૂર થાય છે. સઘળી ઇંદ્રિયોની આસક્તિ લૌકિકમાં હોય તો તેને દુષ્ટ જાણવી. પ્રભુમાં આસક્તિ કરવાથી દુષ્ટતા મટે.–(૫).

**શ્લોકઃ—અથવાશ્રયમાત્રેણ નાશયિષ્યતિ મત્પ્રભુઃ ।**
**નિજાચાર્યાશ્રિતાનાં તુ દોષા વહ્નિસ્વરૂપતઃ ॥૬॥**
**સંબંધમાત્રતો ભસ્મભવન્તિ ક્ષણમાત્રતઃ ।**

શબ્દાર્થ—ઉપર કહ્યું કે ઇંદ્રિયોની દુષ્ટતા સાધન કરી નિવૃત્ત કરે, પણ તેમ ન બની શકે તો પોતાના સ્વામીનો આશ્રય કરવો. તે આશ્રય માત્રથી આપણા સ્વામી સર્વ દોષોનો નાશ કરશે. કારણ કે આપણા શ્રીઆચાર્યશ્રીના દૃઢ આશ્રયવાળાના તો અગ્નિ સ્વરૂપથી (શ્રીમહાપ્રભુજી અગ્નિસ્વરૂપ છે તેથી) સંબંધ માત્રથી ક્ષણ માત્રમાં દોષ માત્ર ભસ્મ થઈ જાય છે.–(૬).

વિવેચન—દૃઢ આશ્રય રાખવો, અન્યાશ્રયથી ફળનો નાશ થાય. આ બાબત દામોદરદાસ સંભલવારાની વાર્તામાં પ્રસિદ્ધ છે, કે તેમની સ્ત્રીએ સહેજજ અન્યાશ્રય કર્યો તેથી પુત્ર મલેચ્છ થયો. અન્યાશ્રય એવો બાધક છે. આ બાબતમાં શ્રીગુસાંઇજી કહે છે કે, "અન્ય સંબંધની ગંધ પણ હોય તો ગળું કાપે," પ્રભુથી અન્યાશ્રય સહન નથી થતો. શ્રીનંદરાયજી અંબિકા પૂજન કરવા ગયા ત્યાં સુદર્શન સર્પ નંદરાયજીને ગળી ગયો, પછી પ્રભુને શરણે જઈ પ્રાર્થના કરી એટલે છુટયા. માટે અન્યાશ્રય મહા બાધક છે, એટલે શ્રીમહાપ્રભુજીના આશ્રિતના તો અગ્નિના સંબંધથી લાકડાની પેઠે, અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજીના સંબંધ વડે સઘળા દોષો ક્ષણમાત્રમાં ભસ્મ થઇ જાય છે.–(૬).

**શ્લોકઃ—અતઃ સ્વાચાર્યમાત્રૈકશરણૈસ્તત્પરાશ્રિતૈઃ ॥૭॥**

શ્લોકઃ—તદ્ગ્રંથાર્થવિબોધાર્થવિહિતાતિપ્રયત્નકૈઃ ।
દુઃસંગવર્જિતૈઃ સંગસંપ્રાપ્ત્યાશાયુતૈરપિ ॥૮॥
સ્થૈર્યં સેવાપરૈરન્યાશ્રયત્યાગવિચક્ષણૈઃ ।
કામલોભાદિદોષૈકપરિત્યાગેચ્છુભિઃ સદા ॥૯॥

**શબ્દાર્થ**--આથી આપણા આચાયશ્રીના આશ્રયવાળા, તેમજ શ્રીમહાપ્રભુજીના ચરણકમળમાં મનવાળા એવા ભગવદીયના આશ્રિત.–(૭). એમના ગ્રંથો ( શ્રીસુબોધિનીજી નિબંધ વગેરે ) ના અર્થ જાણવાના પ્રયત્ન કરનારા, દુઃસંગથી રહિત, સત્સંગની પ્રાપ્તિની આશાવાળા.–(૮). સેવામાં ચતુર, અન્યાશ્રયના ત્યાગમાં વિચક્ષણ, કામ લોભ વગેરે મુખ્ય દોષના ત્યાગની ઇચ્છાવાળા, એવા થઈને હંમેશાં રહેવું.–(૯).

**વિવેચન**--શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો દૃઢ આશ્રય કરે, શ્રીમહાપ્રભુના ચરણકમળના દૃઢ આશ્રયવાળા ભગવદીય હોય તેમનો આશ્રય કરે.–(૭). વળી પુષ્ટિમાર્ગીય ગ્રંથો, શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી વગેરેના કરેલા શ્રીસુબોધિનીજી, નિબંધ, વિદ્વન્મંડન, ટિપ્પણીજી, શ્રીસર્વોત્તમજી, વિગરે ગ્રંથો તેમના ભાવનો બોધ થવાથી આશ્રય સિદ્ધ થાય. સર્વોત્તમસ્તોત્રમાં શ્રીગુસાંઈજી કહે છે કે, " કૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિરત્ર ન સંશયઃ " શ્રીકૃષ્ણના અધરામૃતનું દાન નિશ્ચય થાય તેમાં સંશય નહિ. માટે શ્રીસર્વોત્તમજી વિગેરે સઘળા ગ્રંથોનો પાઠ અવશ્ય કરવો જોઈએ તેથી સર્વ પ્રકારનું સુંદર જ્ઞાન થાય, દીનતા આવે, અને આશ્રય સિદ્ધ થાય. વળી દુઃસંગનો ત્યાગ કરવો, સત્સંગની પ્રાપ્તિ માટે યત્ન કરવો. આ બાબતમાં શ્રીભાગવત પ્રથમસ્કંધમાં કહે છે કે, " ભગવાનના સંગી ભક્તોનો લવમાત્ર પણ સંગ થાય તો તેની બરાબર સ્વર્ગનું સુખ પણ નથી, તેમ મોક્ષ પણ નથી, તો મૃત્યુલોકનાં સુખનો શો હિસાબ ? " આવી રીતે સત્સંગની બરાબર બીજું સુખ નથી, માટે સત્સંગ કરીએ તો સર્વ સિદ્ધ થાય.–(૮). શ્રીકૃષ્ણની સેવામાં સ્થિતિ કરીએ, કારણ કે આ પુષ્ટિમાર્ગમાં પરમ ફળરૂપ શ્રીકૃષ્ણની સેવાજ છે. સેવા સમાન બીજું કશું નથી. આ બાબતમાં શ્રીભાગવત નવમસ્કંધમાં શ્રીભગવાન દુર્વાસાને કહે છે કે "મારી સેવા અને દર્શન વડેથી પૂર્ણ છે તેને સાલોક્યાદિ ચતુર્વિધ મુક્તિની પણ ઇચ્છા નથી રહેતી." એવા જે ભગવદીય સેવામાં પૂર્ણ છે તે ચાર પ્રકારની મુક્તિની પણ ઇચ્છા નથી કરતા. આવી રીતે શ્રીકૃષ્ણની સેવામાં સ્થિતિ કરે, અને અન્યાશ્રય ન કરે, દેવતા વિગેરેનો (દ્રવ્ય વગેરેની ઇચ્છા માટે) લગાર પણ આશ્રય ન હોય તો તત્કાળ ફળની પ્રાપ્તિ થાય. માટે અન્યાશ્રય છોડવામાં તત્પર રહેવું. વળી કામાદિક વિષયોનો તથા લોભનો ત્યાગ કરવો, કારણ કે કામાદિક વિષયમાં તત્પર રહેવાથી શ્રીઠાકોરજીનો આવેશ હૃદયમાં ન થાય, હૃદયમાંથી શ્રીઠાકોરજી અંતર્ધ્યાન થઈ જાય. વળી લોભથી સંસારમાં આસક્તિ થાય, પાપપુણ્યનો વિચાર ન રહે, તદ્દન પોતાના સ્વાર્થને જ વશ રહે, એવા લોભી તથા કામીના હૃદયમાં પ્રભુ ન પધારે. માટે કામ તથા લોભનો સદા ત્યાગ કરે તો ફળરૂપ દીનતા સિદ્ધ થાય. (૯).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત ૩૩ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

# * શિક્ષાપત્ર ૩૪ મું *

હવે ચોત્રીસમા શિક્ષાપત્રમાં, શ્રીકૃષ્ણજ સદા સેવ્ય છે, એજ ફળ છે, તેમાં મુખારવિંદની ભકિતથી પ્રભુ આપજ સ્વાભાવિક પ્રાપ્ત થાય. અને ચરણારવિંદની ભકિતથી ધર્મદ્વારા ધર્મ વિશિષ્ઠ પ્રભુ પ્રાપ્ત થાય. ચરણાત્મક ભકિતથી સાયુજ્ય ફળ થાય અને મુખારવિંદની ભકિતથી શ્રીભગવાનના અધરામૃતના સેવનરૂપ ફળ થાય. આવી રીતે પુષ્ટિભકતની અવસ્થા અને સાધનનું નિરૂપણ તથા સર્વાત્મભાવનું નિરૂપણ છે. જેમ મંત્રશાસ્ત્રોમાં મંત્રના બીજ વિના કશું કાર્ય સિદ્ધ થાય નહિં, તેમ આ પુષ્ટિમાર્ગમાં દૈન્ય વિના કશું સિદ્ધ ન થાય. પુષ્ટિમાર્ગની પ્રાપ્તિ તો શ્રીમદાચાર્યજીના ચરણાદવિંદની કૃપાથી થાય, માટે તેમનોજ આશ્રય કરવો, આ નિરૂપણ છે. ઉપર નિરૂપણ કર્યું કે ગ્રંથના બોધથી, સત્સંગથી અને સેવાથી દીનેતા સિદ્ધ થાય, એવું નિરૂપણ કર્યું, આવી રીતે સેવાના બે પ્રકાર છે, એક મુખારવિંદની ભકિત તે સર્વોપરિ છે, અને એક ચરણકમળની ભકિત છે, તે બેઉ ભક્તિનો પ્રકાર કહે છે.

**શ્લોકઃ—શ્રીકૃષ્ણઃ સર્વદા સેવ્યઃ ફલં પ્રાપ્ય સ્વતસ્તુ સઃ ॥**
**મુખારવિંદ ભકત્યૈવ સાક્ષાત્સેવૈકરૂપયા ॥૧॥**

**શબ્દાર્થ**—સાક્ષાત સેવારૂપ મુખારવિંદની ભકિત છે, તેથીજ આપોઆપ પ્રાપ્યફળ શ્રીકૃષ્ણ છે, તે સર્વદા સેવ્ય છે–(૧).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી કહે છે કે આ પુષ્ટિમાર્ગમાં સદા સર્વદા શ્રીકૃષ્ણજ સેવ્ય છે. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી ચતુઃશ્લોકીગ્રંથમાં કહે છે કે "સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ:" સર્વદા સર્વભાવથી વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણનીજ સેવા કરવી જોઈએ, અમારો એજ ધર્મ છે, બીજો નહિ" અને અમારા પુષ્ટિમાર્ગમાં જે કોઈ સ્થિત છે, તેનો પણ એજ ધર્મ છે. શ્રીકૃષ્ણની સેવાજ કર્તવ્ય છે, અન્ય સાધન બીજા કોઈ કાળમાં ન કરવું જોઇએ, તેથી કરીનેજ પુષ્ટિમાર્ગીય ફળની પ્રાપ્તિ આપોઆપ સિદ્ધ થાય. કારણ કે મુખારવિંદની ભકિત છે તે સાક્ષાત્સ્વરૂપ સેવાથી સિદ્ધ થાય છે. જેમાં દર્શન, સ્પર્શ, સર્વાંગ સુખનો અનુભવ છે, તેથી સ્વરૂપ સેવામાં સાક્ષાત્કાર છે. આ મુખારવિંદભકિત કહી, તે સર્વોપરિ છે.–(૧).

**શ્લોકઃ—ચરણાત્મકભકત્યા તુ ધર્મસેવાત્મરૂપયા ॥**
**ધર્મદ્વારા તદ્વિશિષ્ટઃ પ્રભુઃ પ્રાપ્યો ન સંશયઃ ॥૨॥**

**શબ્દાર્થ**—ધર્મસેવારૂપ ચરણાત્મક ભકિતથી ધર્મવિશિષ્ઠ પ્રભુ પ્રાપ્ત થાય, તેમાં સંશય નહિ.–(૨).

**વિવેચન**—ચરણાત્મક ભકિત ધર્મ સેવા રૂપ છે. જેમ આગળ બ્રહ્મા, શિવજી, નારદ, સનકાદિક મુનિ વગેરે સર્વ કરતા આવ્યા છે તેજ રીતે મર્યાદા યુકત ધર્મવત કરવી. આ

ધર્મદ્વારા ભકિત છે તેથી પ્રભુની પ્રાપ્તિ છે તેમાં સંશય નહિં. ત્યાં કોઈ સંદેહ કરે કે ઉપર મુખારવિંદની ભકિત કહી અને બંને પ્રકારની ભકિતથી પ્રભુની પ્રાપ્તિ બતાવી છે તો બેઉ એક થઇ ત્યારે શ્રીમહાપ્રભુજીએ પ્રકટ થઈ મુખારવિંદની જે ભકિત પ્રકટ કરી તેમાં શી અધિકતા બતાવી ? આવો કોઈ સંદેહ કરે તો આગળ કહે છે, કે–(૨).

**શ્લોકઃ—તત્ર સાયુજ્યસંબંધો ન લોભામૃતસેવનમ્ ।।**
**મુખારવિંદભકતૌ તુ સાક્ષાત્તત્સેવનં મતમ્ ।।૩।।**

**શબ્દાર્થ**—મુખારવિંદની ભકિતમાં સાક્ષાત સંબંધ છે, લોભાત્મક અધરામૃતનું સેવન નથી, અને મુખારવિંદની ભકિતમાં તો સાક્ષાત તેનુંજ સેવન છે. (૩).

**વિવેચન**—મુખારવિંદની ભકિત એટલે પુષ્ટિભકિત અને ચરણારવિંદની ભકિત એટલે મર્યાદા ભકિત. આ બેના ફળમાં બહુજ ભેદ છે, તે કહે છે. ચરણાત્મક મર્યાદા ભકિતથી સાયુજ્યમુકિતની પ્રાપ્તિ છે. તેમાં લોભાત્મક અધરામૃતનું સેવન નથી. અને મુખારવિંદની ભકિત છે તે તો પ્રભુની સાક્ષાત્સેવારૂપ છે, તેમાં સાક્ષાત પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ છે, માટે મુખારવિંદરૂપ પુષ્ટિભકિત સર્વોપરિ છે, અને ધર્મરૂપ ચરણાત્મક ભકિત મર્યાદા ભકિત છે, એવી રીત બેઉમા મોટું તારતમ્ય છે. તેથી ન્યારી ન્યારી કહેવામાં આવી છે.–(૩)

**શ્લોકઃ—એતાદૃક્ફલિકા ભકિતર્ભવેત્ કેવલપુષ્ટિતઃ ।।**
**તત્રાપિ મુખરૂપાસ્મદાચાર્યાનુગ્રહાત્પુનઃ ।।૪।।**

**શબ્દાર્થ**—લોભાત્મક અધરામૃતના સેવનરૂપ ફળ સિદ્ધ કરનારી ભકિત કેવળ પુષ્ટિથીજ થાય, તેમાં પણ ( શ્રીકૃષ્ણના ) મુખારવિંદરૂપ આપણા આચાર્ય શ્રી મહાપ્રભુજીના અનુગ્રહથી સિદ્ધ થાય–(૪).

**વિવેચન**—જેમાં અધરામૃતની પ્રાપ્તિ છે એવી ભકિત તો મુખારવિંદરૂપ પુષ્ટિ ભકિત છે. તે મુખારવિંદરૂપ શ્રીમહાપ્રભુજી છે, તેથી મુખારવિંદની ભકિત આપણા શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની કૃપાથી સિદ્ધ થાય. કારણ કે મુખારવિંદની ભકિત શ્રીસ્વામિનીજી છે. તે શ્રીસ્વામિનીજીની વિપ્રયોગભાવાત્મક પુષ્ટિભકિત શ્રીમહાપ્રભુજીએજ પ્રકટ કરી છે, તેથી શ્રીમહાપ્રભુજી જ્યારે અનુગ્રહ કરી આ મુખારવિંદની ભકિતનું દાન કરે, ત્યારે સિદ્ધ થાય–(૪).

**શ્લોકઃ—અત એતદ્ભકિતમદ્ભિઃ શ્રીમદાચાર્યસંશ્રયઃ ।।**
**પ્રથમં સર્વથા કાર્યસ્તત એવાખિલં ભવેત્ ।।૫।।**

**શબ્દાર્થ**—માટે આ (મુખારવિંદની) ભકિતની ઇચ્છાવાળાઓએ પ્રથમ શ્રીમદાચાર્યજીનો આશ્રય સંપૂર્ણપણે કરવો જોઈએ. તેથી કરીનેજ સર્વ સિધ્ધ થાય.–(૫)

**વિવેચન**—એવી આ મુખારવિંદની ભકિત સિધ્ધ થવાનું સાધન એક શ્રીમહાપ્રભુજીનોજ આશ્રય છે, માટે પ્રથમ સર્વ રીતે એજ કાર્ય કરવું જોઈએ. જો શ્રીમહાપ્રભુજીને શરણે આવી નામનિવેદન કરી પછી પોતાના મનમાં દઢતા કરી શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો આશ્રય કરે તો એવા વૈષ્ણવનાં સર્વ કાર્ય સિદ્ધ થાય, તેમાં જરાપણ સંશય ન

રાખવો. માટે મુખારવિંદની ભકિતમાં એક શ્રીમહાપ્રભુજીનોજ આશ્રય સાધન છે, બીજું કોઇ નહિં.-(૫).

**શ્લોકઃ—અતઃ પરં તુ તદ્ભકતેરવસ્થાસાધનાદિકમ્ ।**
**નિરૂપ્યતે સ્વતોષાય તત્કૃપાતો હૃદિ સ્થિતમ્ ॥૬॥**

**શબ્દાર્થ**—ઉપર જે બે પ્રકારની ભકિતનું નિરૂપણ કર્યું છે તે ભકિતની અવસ્થા અને સાધનાદિક, એમની (શ્રીમહાપ્રભુજીની) કૃપાથી અમારા હૃદયમાં સ્થિત છે, તે અમારા પોતાના અથવા સ્વકીય ભગવદીયોના સંતોષને માટે નિરૂપણ કરૂં છું.-(૬).

**વિવેચન**—ઉપર ચરણાત્મકભકિત તથા મુખારવિંદરૂપ ભકિતનું નિરૂપણ કર્યું તેમાં પુષ્ટિભકિતમાં કેવળ શ્રીઆચાર્યશ્રીનો આશ્રય બતાવ્યો છે. ત્યારપછી તેનાં સાધન વિગેરે કરવાં જોઈએ તે અમારા પોતાના મનને સંતોષ આપવા માટે અમારા તદીય (પુષ્ટિમાર્ગીય) ભકતોના સંતોષને માટે નિરૂપણ કરૂં છુ. આ વસ્તુનું શ્રીમહાપ્રભુજીએ અમોને દાન કર્યું છે, અને તેમની કૃપાથી અમારા હૃદયમાં જે સ્થિર રહ્યું છે તેનું નિરૂપણ કરૂં છું.-(૬).

**શ્લોકઃ—યથા મર્યાદયા ભકતૌ બ્રહ્મભાવસ્તુ સાધનમ્ ।**
**તથા સર્વાત્મભાવેઽત્ર સાધનત્વેન બુધ્યતામ્ ॥૭॥**

**શબ્દાર્થ**—જેમ મર્યાદામાર્ગમાં બ્રહ્મભાવ છે તે સાધન છે, તેમ આ પુષ્ટિમાર્ગીય ભકિતમાં સર્વાત્મભાવ છે, તે સાધનરૂપ જાણવો.-(૭).

**વિવેચન**—જેમ મર્યાદાભકિતમાં બ્રહ્મભાવ છે તેજ સાધન છે, સઘળું બ્રહ્માંડ બ્રહ્મમય છે, પોતાને પણ બ્રહ્મ માને છે, અને તે બ્રહ્મ સર્વ સ્થાને છે, આવી રીતે બ્રહ્મભાવ (અક્ષરબ્રહ્મનું જ્ઞાન) મર્યાદા ભકિતનું સાધન છે, તેમજ આ પુષ્ટિમાર્ગમાં સર્વાત્મભાવ તેજ સાધન છે. જેમ સર્વાત્મભાવ વ્રજભકતોનું સાધન છે, તેમ સર્વાત્મભાવ અહીં પણ સાધન છે, આવો નિશ્ચય બુદ્ધિપૂર્વક સમજશે.-(૭).

**શ્લોકઃ—વસ્તુતસ્તુ ફલં ચૈવ ફલં સ્યાત્તત્પ્રવેશતઃ ।**
**તત્સ્વરૂપં તુ સર્વેષાં દેહાંતઃકરણાત્મનામ્ ॥૮॥**
**યેન ભાવેન ભગવત્યાત્મભાવો હિ જાયતે ।**
**યસ્માદ્ ભાવાત્સ્વદેહાદ સકલં સ્યાત્તદર્થકમ્ ॥૯॥**

**શબ્દાર્થ**—વસ્તુતઃ તો આ સર્વાત્મભાવ ફળરૂપજ છે, કારણ કે સર્વાત્મભાવનો અંદર પ્રવેશ થાય, તો ફળ સિદ્ધ થાય. તેનું સ્વરૂપ તો એવું છે કે દેહ, અંતઃકરણ, આત્મા, એ સર્વ પ્રેમપૂર્વક ભગવાનમાં આત્મભાવવાળા થાય, એ ભાવથી આપણાં દેહાદિક સર્વ પ્રભુ માટેજ ઉપયોગી બની જાય.-(૮-૯).

**વિવેચન**—મર્યાદામાર્ગમાં જેમ તત્ત્વ તરીકે અક્ષર બ્રહ્મજ ફળરૂપ છે, તેમાં પ્રવેશ થયા પછી માયાના ગુણમાં ન આવે, તેમજ પુષ્ટિમાર્ગીય ભગવદીયનો પ્રભુની લીલારૂપ ફળમાં

પ્રવેશ છે, ત્યાં સ્વરૂપાત્મક રસનો અનુભવ છે. નેત્રથી દર્શન, અંતઃકરણથી પ્રભુની લીલાનો અનુભવ, સર્વ ઇંદ્રિયો, મન, પ્રાણ, એ સર્વની પ્રભુમાં તત્પરતા, બ્રહ્મસંબંધના ગદ્યાર્થ મંત્રમાં જે પ્રમાણે કહ્યું છે, તે પ્રકારે મુખ્ય ફળનો અનુભવ પુષ્ટિમાર્ગીય ભકતને થાય. આવી રીતે મર્યાદા અને પુષ્ટિનાં ન્યારાં ન્યારાં ફળ કહ્યાં, તેમાં પુષ્ટિભકિત સર્વોપરિ છે.–(૮). ઉપર કહ્યું તેવી રીતે ભાવ જે રીતે ભગવાનમાં વધે, તેવો ઉપાય કરતાં રહેવું. હવે પ્રભુમાં ભાવ થયો કયારે જાણીએ ? જ્યારે દેહાદિક, ઇંદ્રિયો, મન એ સર્વ પ્રભુના ઉપયોગમાં આવે. તન, મન અને ધન ત્રણે પ્રભુમાં લાગે એટલે દેહાદિક સર્વની ક્રિયા ભગવદર્થે થાય. આ બધું તનુજા, વિત્તજા બે પ્રકારની સેવાથી સિદ્ધ થાય.–(૯).

શ્લોક —ન દેહાદ્યર્થસિદ્ધ્યર્થં ભગવાનપ્યપેક્ષતે ॥
યતો દેહાદિરક્ષાપિ પ્રભુલીલોપયોગત ॥૧૦॥
ન સ્વાર્થબુદ્ધ્યા સ્વાર્થેઽપિ ભગવાનેવ યત્ર હિ ॥
યેન ભાવેનાનિમિત્તા પ્રીતિર્ભવતિ વૈ હરૌ ॥૧૧॥

શબ્દાર્થ—દેહાદિક અને અર્થની સિદ્ધિને માટે ભગવાનની અપેક્ષા ન રાખવી. દેહાદિકની રક્ષા પણ પ્રભુની લીલામાં ઉપયોગી થવાની ભાવનાથી છે; સ્વાર્થ બુદ્ધિથી નથી. જ્યાં સ્વાર્થ પણ ભગવાનજ છે ત્યાં આવા ભાવને લીધે પ્રભુમાં નિર્હેતુક પ્રીતિ થાય છે.(૧૦-૧૧)

વિવેચન—ભગવાનની સેવા પણ દેહાદિકની સિદ્ધિને માટે, અગર તો દેહ સંબંધી કુટુંબ, દ્રવ્યાદિકની કામનાને માટે ન કરે, પોતાનો ભોગ કે સુખ કશું પણ ન વિચારે, કેવળ ભગવાનનીજ અપેક્ષા રાખે કે પ્રભુ કેવી રીતે સુખી થાય ? મારા કોઇ અપરાધથી રખેને પ્રભુને દુઃખ થાય, આવી રીતે પ્રભુનું સુખ વિચારે. તથા ભગવાનનાં દર્શનની તથા સ્વરૂપાનંદના અનુભવની અપેક્ષા રાખે , દેહાદિકનાં ભોગ સુખ ન વિચારે. મહાપ્રસાદ લે તેમાં પણ એવો ભાવ રાખે, કે પ્રભુની સેવામાં સામર્થ્ય આવે, ઇંદ્રિયો વગેરે શિથિલ ન થઈ જાય, તેવો ભાવ રાખે. જ્યારે શ્રીગુસાંઇજી પરદેશ પધારતા ત્યારે વિરહથી કૃશ (સુકાઇ) થઇ જતા, અને જ્યારે પરદેશથી શ્રીજીદ્વારા પધારતા ત્યારે બહુજ પ્રીતિ રહિત સુંદર મહાપ્રસાદ આરોગતા તેનો ભાવ એવો હતો કે જો શ્રીગોવર્ધનનાથજી અમને કૃશ દેખશે, તો આપના મનમાં દુઃખ થશે, તે ઠીક નહિં, પ્રભુ અમને જોઇ સુખ પામે તોજ ઠીક, માટે સારી રીતે રહેવું. આજ ભાવથી વ્રજભકતોએ પણ પોતાના દેહની રક્ષા કરી છે. તેમાં પોતાનું સુખ વિચાર્યું નથી. આવી રીતે દેહાદિકની રક્ષા પ્રભુની સેવાનો વિચારી રાખીને કરવી.–(૧૦)

કશું લૌકિક વૈદિક ફળસિદ્ધ થશે, તથા પ્રભુની સેવાથી કૃતાર્થ થઇશ, આવી સ્વાર્થ બુદ્ધિથી ભગવત્સેવા ન કરવી. કારણ કે ભગવાન નિજેચ્છા પ્રમાણે સર્વ કાર્ય સિદ્ધ કરશે, શ્રીઆચાર્યજી મહાપ્રભુજી નવરત્ન ગ્રંથમાં કહે છે કે "સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાત: કરિષ્યતિ" [પ્રભુ સર્વના ઇશ્વર છે, સર્વના આત્મા છે, (તેથી સર્વ જાણે છે) તેથી પોતાની ઇચ્છાથીજ દાસના સર્વ મનોરથ સિદ્ધ કરશે.] માટે પ્રભુની સેવામાં સ્વાર્થ બુદ્ધિ ન રાખે, અને ગૌણ ભાવથી ક્રિયાવત સેવા પણ ન કરે. ભાવ યુકત થઈ, પ્રીતિપૂર્વક કરે, કારણ કે

ભગવાનને જે પ્રેમપૂર્વક ભોગ ધરે તેજ પ્રિય લાગે છે. જેમ પદ્મનાભદાસજીના છોલા ચણા (છોડાં સિવાયના સેકેલા ચણા) પ્રભુપ્રીતિપૂર્વક આરોગતા, માટે સેવા પ્રીતિથી કરવી. (૧૧).

**શ્લોકઃ—ન ફલાકાંક્ષણં યત્ર લૌકિકાનાં યથા ધને ॥**
**તદભાવે યથા લોકા દુખેન સૂસ્ત્યજન્તિ હિ ॥૧૨॥**

**શબ્દાર્થ**—અહીં ફળની ઇચ્છા નથી, જેમકે લૌકિકમાં ધનમાં પ્રીતિ છે, અને તે ધનનો નાશ થાય તો જેમ દુઃખી થાય છે તેમ પ્રભુમાં પ્રીતિ રાખે, તે એટલી બધી કે પ્રભુની સેવાના અભાવમાં પ્રાણ ત્યાગ સમાન દુઃખ થાય (૧૨).

**વિવેચન**—પ્રભુની સેવા કરીને કંઈ પણ ફળની આકાંક્ષા એટલે ઇચ્છા ન રાખે, કારણ કે ફળની કામના રાખે, તો પુષ્ટિમાર્ગીય મુખ્ય ફળનો નાશ થાય, માટે કામના ભાવમાં બાધક છે, એવું જાણી ફળની આકાંક્ષા ન કરે. લૌકિકમાં ધન મુખ્ય છે, ધનને માટે સુખદુઃખ સહન કરે છે, પ્રાણ ત્યાગ કરે એવી ધનમાં પ્રીતિ છે, તેવીજ સેવામાં રાખે. (૧૨).

**શ્લોક—સર્વત્યાગસ્તુ સહજો યત્ર લૌકિકવેદયોઃ ॥**
**નૈરપેક્ષ્યં સ ભાવસ્તુ સર્વભાવો નિગદ્યતે ॥૧૩॥**

**શબ્દાર્થ**—જેમાં લૌકિક વૈદિકનો સર્વ ત્યાગ સહજ હોય, અને જ્યાં નિરપેક્ષતા હોય તે ભાવને સર્વ ભાવ કહેવાય છે.–(૧૩)

**વિવેચન**—ભગવાનમાં સહજ પ્રીતિ કરી સર્વ ત્યાગ સહેજમાંજ કરી લૌકિક વૈદિક કશું ઇચ્છે નહિ. શ્રીમહાપ્રભુજી ચતુશ્લોકીમાં કહે છે કે, "જો સર્વાત્મભાવથી શ્રીગોકુલાધીશ પ્રભુ હૃદયમાં ધારણ કર્યા તો તેથી અધિક બીજું લૌકિક તથા વૈદિકથી પણ શું છે, તે કહો." આ પ્રમાણે સર્વના આત્મા શ્રીકૃષ્ણ છે. તેમનેજ હૃદયમાં ધારણ કરે, તેમનીજ સેવા કરે, અને લૌકિક વૈદિક કશાની ઇચ્છા ન કરે, નિરપેક્ષ થઈને રહે અને સર્વાત્મભાવથી એક પ્રભુમાંજ મન રાખે.–(૧૩).

**શ્લોકઃ—તથાત્ર દૈન્યમેવૈક માર્ગે ન શ્રવણાદિકમ્ ॥**
**દૈન્યેનૈવ ચ સંતુષ્ટઃપ્રાદુર્ભૂતઃ ફલં દદૌ ॥૧૪॥**

**શબ્દાર્થ**—[જેમ સર્વાત્મભાવ રાખવો] તેમ આ માર્ગમાં દીનતાજ એક મુખ્ય છે, શ્રવણાદિક સાધનબળ મુખ્ય નથી, દીનતાથીજ (વ્રજભક્તોને) પ્રસન્ન થયા હતા, અને પ્રકટ થઈને ફળ આપ્યું હતું.–(૧૪).

**વિવેચન**—આ પુષ્ટિમાર્ગમાં એક દીનતાજ સાધન છે, તેનાથી અભિમાનનો નાશ થાય એટલે દોષ નિવૃત્ત થાય. જ્યાં દીનતા સિદ્ધ થઈ, ત્યાં શ્રીઠાકોરજી પ્રકટ થઈ દર્શન આપે. જેમ રાસપંચાધ્યાયીમાં વ્રજભક્તો ગુણગાન કરી નિઃસાધન થયા, દીન બની રૂદન કર્યું, ત્યારે પ્રભુ તરતજ પધાર્યા, માટે જ્યાંસુધી શ્રવણાદિક સાધનનું બળ મનમાં રહે, ત્યાંસુધી દીનતા ન આવે, જ્યારે સાધનનું બળ મટે, ત્યારે દીનતા આવે, એટલે પ્રભુ પ્રસન્ન થાય અને સ્વરૂપાનંદનો પ્રકટ અનુભવ કરાવે.–(૧૪).

**શ્લોકઃ—તદેવાત્ર હિ સંસેવ્યં યેન દૈન્યં પ્રસિદ્ધ્યતિ ।।**
**યદ્દૈન્યનાશકં તદ્ધિ વિરોધી સકલં મતમ્ ।।૧૫।।**

**શબ્દાર્થ**—જે રીતે દીનતા સિધ્ધ થાય, તે પ્રમાણે આ માર્ગ સારી રીતે ગ્રહણ કરવો. જે દીનતાનો નાશ કરનાર છે, તે બધું વિરોધી છે.–(૧૫).

**વિવેચન**—દીનતા વિના ફળ સિધ્ધ ન થાય, જે સાધનથી દીનતા સિધ્ધ થાય, તેજ કરે. જે દીનતાનો નાશ કરે તે સર્વ પુષ્ટિમાર્ગમાં વિરોધી છે, આવો નિશ્ચય મનમાં જાણી અન્યમાર્ગીય ક્રિયાનું આચરણ ન કરવું.–(૧૫).

**શ્લોક.—એતન્માર્ગાંગીકૃતૌ હિ હરિર્દૈન્યં વિવર્દ્ધયેત્ ।।**
**મદાદજનકં દુષ્ટં નાશયત્યપિ (નાશયિત્વાપિ) લૌકિકમ્ ।।૧૬।।**

**શબ્દાર્થ**—આ માર્ગમાં અંગીકાર થાય, તો ભગવાન નિશ્ચય દીનતાની વૃધ્ધિ કરે છે. મદાદિકની ઉત્પત્તિ કરનાર દુષ્ટ જે લૌકિક છે, તેનો પણ નાશ કરે છે, અથવા મદાદિકને ઉત્પન્ન કરનાર જે દુષ્ટ લૌકિક તેનો નાશ કરીને પણ આ માર્ગમાં અંગીકાર થાય અને દીનતાની વૃધ્ધિ થાય છે.–(૧૬).

**વિવેચન**—એતન્માર્ગીય જે ભકત છે તે આ પુષ્ટિમાર્ગમાં આચાર્યશ્રી દ્વારા શરણે આવ્યો છે. તે ભકતની દીનતા પ્રભુજ વધારે છે. અને મદ ( અભિમાન ) આપણા મનમાં હોય, તે દુષ્ટ એટલે લૌકિક વધારનાર છે, ફળમાં પ્રતિબંધક છે, તેનો ભગવાન નાશજ કરે છે. આ વાત રાસપંચાધ્યાયીમાં પ્રસિધ્ધ છે કે ભગાવાને વેણુનાદ કરી વ્રજભકતોને બોલાવી રાસ કર્યો, આથી વ્રજભકતોને મદ થયો, એટલે ભગવાન અંતર્ધ્યાન થયા. ભગવાન અંતર્ધ્યાન થયા પછી જયારે અત્યંત દીનતા આવી એટલે પ્રભુ પ્રકટ થયા, તેજ પ્રમાણે આ પુષ્ટિમાર્ગમાં ભગવાન દીનતા સિધ્ધ કરે છે. પોતાના ભકતની દીનતા વધારે છે, અને મદને દૂર કરે છે. જ્યાં જ્યાં લૌકિકમાં આસકિત છે, તે સર્વમાંથી છોડવાને દૈન્ય સિધ્ધ કરે છે, અને પછી કૃપા કરે છે.–(૧૬).

**શ્લોકઃ—સ્વાંગીકૃતેર્હિ નિર્વાહઃ પ્રભુણૈવ વિધિયતે ।।**
**જીવાઃ સ્વભાવદુષ્ટા હિ પ્રચલેયુઃ કથં તથા ।।૧૭।।**
**અતો દંડપ્રદાનેન પિતેવાચરતિ પ્રભુઃ ।।**
**દંડોઽપ્યનુગ્રહત્વેન મંતવ્યસ્તુ તદાશ્રિતૈઃ ।।૧૮।।**

**શબ્દાર્થ**—જેઓનો પ્રભુએ અંગીકાર કર્યો છે, તેઓનો નિર્વાહ પ્રભુથીજ થાય છે, જીવ સ્વભાવથીજ દુષ્ટ છે, તેથી ત [ભાવ પ્રમાણે] તે કેવી રીતે ચાલે ? (૧૭).

તેથી પિતાની પેઠે દંડ દઈને પણ પ્રભુ હિતજ કરે છે. માટે એમના આશ્રયવાળાને કંઇ દંડ (શિક્ષા) થાય, તો પણ અનુગ્રહ જાણવો. (૧૮).

**વિવેચન**—પોતાના અંગીકૃત જીવનો નિર્વાહ પ્રભુ પોતેજ કરે છે, પણ જીવ એમ નથી જાણતો. કારણ કે તે સ્વભાવથી દુષ્ટ છે, શ્રીઆચાર્યજી મહાપ્રભુજી બાલબોધમાં લખે

છે કે "જીવાઃ સ્વભાવતો દુષ્ટાઃ" ( આ જીવ સ્વભાવથીજ દુષ્ટ છે ) શ્રીઠાકોરજી પોતાના અંગીકૃત જીવનો નિર્વાહ આગળથી કરતા આવ્યા છે, કરે છે, અને કરશેજ. જીવને તો એક ક્ષણમાં દુઃસંગ લાગે; તો ભાવનો નાશ થઇ મન એક ક્ષણમાં અન્ય સ્થાને જાય. આથી પ્રભુ નિર્વાહ કરે તો થાય. (સાચવે તો સચવાય). (૧૭).

જેમ અજ્ઞાની બાળકની રક્ષા માતપિતા કરે છે, અગ્નિજળાદિથી બચાવે છે, તેમ અંગીકૃત ભકતથી ભૂલ થઈ જાય, તો જીવ ફરી તે કામ ન કરે તે સારૂં પ્રભુ તેને દંડ દે છે. માટે દુઃખમાં ભગવદીયે પોતાના મનમાં અનુગ્રહ માનવો અને પ્રભુનો આશ્રય ન છોડવો, શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "આપ મને પોતાનો માનીને દંડ દેતા હો તો મને પ્રિય જ છે, એટલે કે ગમે તેવી રીતે અને ગમે ત્યારે મને આપનો માનીને દંડ દેજો" શ્રીગુસાંઇજી કહે છે કે અમને પોતાના જાણીને દંડ઼ દ્યો તો અમે સુખી છીએ, જ્યાં ત્યાં ચુક પડે ત્યારે સુખેથી દંડ દેજો. વિગેરે વચનોથી પ્રભુ પિતાની પેઠે પોતાના ભકતને દંડ આપે તો દુઃખ ન ગણતાં તેને અનુગ્રહ જાણી શ્રીમહાપ્રભુજીનો આશ્રન ન છોડવો.(૧૮).

**શ્લોકઃ—દંડદાન સ્વકીયેષુ પરકીયે હ્યુપેક્ષણમ્ ॥**
**આર્તિરેવાત્ર સતતં ભાવ્યા કૃષ્ણપરોક્ષતઃ ॥૧૯॥**

શબ્દાર્થ—પ્રભુ પોતાના ભકતને દંડ દે છે, અને પરકીય (અન્યના) જીવ હોય તેની ઉપેક્ષા કરે છે. (જેમ લૌકિકમાં પોતાનો હોય તેની રક્ષા કરે છે અને પારકો હોય તેની ઉપેક્ષા કરે છે.) અહીં શ્રીકૃષ્ણ પરોક્ષ છે માટે હંમેશાં આર્તિ અવશ્ય કરવી જોઈએ.(૧૯).

વિવેચન—જેને પ્રભુ પોતાનો કરે છે તેને દંડ દે છે, અને બીજી જે સંસારાસકત પ્રવાહી સૃષ્ટિ છે તેની ઉપેક્ષા કરે છે, તેને દંડ દેતા નથી. ઉલટું લૌકિક આપીને લૌકિકમાં આસકિત કરાવે છે. રાસપંચાધ્યાયીમાં આર્તિને વધારવા માટે પ્રભુ અંતર્ધ્યાન થયા, પુષ્ટિમાર્ગમાં 'ટેરો' પણ પ્રભુ પ્રત્યેની આર્તિ વધારવાને માટે છે, તે વખતે સ્વરૂપાનંદનો અનુભવ કરાવતા નથી, આર્તિ દેખે તો કરાવે. માટે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે અવશ્ય આર્તિ કરવી.–(૧૯).

**શ્લોકઃ—અત્ર ભકતાર્તિદૃષ્ટ્યૈવ મુદિતો હિ હરિર્ભવેત્ ।**
**સંગો ભાવવતામેવ ભાવવૃદ્ધિર્યતો ભવેત્ ॥૨૦॥**

શબ્દાર્થ—આ પુષ્ટિમાર્ગમાં પ્રભુ ભકિતની દૃષ્ટિમાં આર્તિ જોઈને પ્રસન્ન થાય છે, માટે ભાવવાળા ભગવદીયનોજ સંગ કરવો કે જેથી ભાવની વૃદ્ધિ થાય.–(૨૦).

વિવેચન—જેમ જેમ ભકત આર્તિ અને કલેશ કરે છે તેમ તેમ ભગવાન તે ભકતને જોઇને પ્રસન્ન થાય છે, આથી ભગવદીયનો સત્સંગ હોય તો જલદીથી ભાવની વૃદ્ધિ થાય, માટે ભગવદ ભકતનો સત્સંગ કરવો.–(૨૦).

**શ્લોકઃ—વ્યાઘ્રસ્યાગ્રે યથા દેહી તથા દુઃસંગતો બિભેત્ ।**
**દુઃસંગ એવ ભાવસ્ય નાશકઃ સર્વથા મતઃ ॥૨૧॥**

શબ્દાર્થ—જેમ વાઘની પાસે પ્રાણી બીએ છે, તેમજ દુઃસંગથી ડરવું, કારણ કે દુઃસંગજ ભાવનો સર્વ રીતે નાશ કરનારો માન્યો છે.–(૨૧).

**વિવેચન**--જેમ વાઘની પાસે શરીરનો નાશજ થાય, તેમજ દુઃસંગથી ભાવનો નાશ થાય છે, માટે જેમ વાઘથી ડરીને ચાલે છે તેમ પોતાના ભગવદ્‌ભાવની પણ રક્ષા કરે તો ભાવ રહે.-(૨૧).

**શ્લોકઃ—દુઃસંગતશ્ચ્યુતાઃ સર્વે શ્રુતા હિ ભારતાદયઃ ।।**
**દુઃસંગાન્નજદોષાભ્યામભૂદ્‌ભીષ્મો બહિર્મુખઃ ।।૨૨।।**

**શબ્દાર્થ**--દુસંગથીજ ભરતાદિક બહિર્મુખ થયા છે, એવું આપણે સાંભળીએ છીએ. વળી દુઃસંગ અને અન્નદોષથી ભીષ્મ બહિર્મુખ થયા, મતલબ કે પ્રભુની સાથે લડવાને તૈયાર થયા.-(૨૨).

**વિવેચન**--અનેક જીવો દુસંગને લઈને ભગવદ્‌ ધર્મથી પડયા છે, તેનું શ્રીભાગવતજીમાં વર્ણન છે. મૃગના દુઃસંગથી ભરતજીને ત્રણ જન્મનો અંતરાય પડયો, અને ભીષ્મપિતામહ મહાનુભાવી ભગવદીય હતા, પણ દુર્યોધન દુષ્ટનું અન્ન ખાધું, તેના દોષથી પ્રભુની સાથે લડવાને માટે તૈયાર થયા. માટે આવી રીતે દુઃસંગથી જીવ પ્રભુથી અવશ્ય વિમુખ થઈ જાય છે, એટલે કે આવા મોટા ભગવદીયો દુઃસંગથી પડયા છે, તો આધુનિક જીવોની શી ગુંજાશ છે.-(૨૨).

**શ્લોકઃ—લૌકિકાભિનિવેશાત્તુ મનો નિષ્કાસનં સદા ।।**
**અલૌકિકસ્તુ તદ્‌ભાવસ્તેનાપિ ચ વિનશ્યતિ ।।૨૩।।**

**શબ્દાર્થ**—લૌકિક આવેશમાંથી તો હમેશા મનને કાઢવું, કારણ અલૌકિક ભાવ લૌકિક આવેશને લીધે મટી જાય છે,-(૨૩).

**વિવેચન**--જ્યાં જ્યાં લૌકિકમાં મન લાગી રહ્યું છે ત્યાં ત્યાં સઘળે દુઃસંગ જાણવો, માટે લૌકિક આવેશ જ્યાં જ્યાં થાય, અથવા જેના સંગથી થાય, તે સર્વનો ત્યાગ કરવો. જ્યાં જે વસ્તુમાં લૌકિકાવેશ આવે, ત્યાં ભગવદ્‌ભાવ નાશ પામે. માટે સર્વ લૌકિક પ્રકારથી ભગવદ્‌ભાવની રક્ષા ક્ષણક્ષણમાં કર્યા કરે, તોજ ભાવ રહે.-(૨૩).

**શ્લોકઃ—વૈરાગ્યપરિતોષૌ ચ હૃદિ ભાવ્યૌ નિરંતરમ્ ।।**
**તદભ્યાસાત્તુ મનસઃ કદાચિન્નિર્ગતિસ્તતઃ ।।૨૪।।**

**શબ્દાર્થ**—વૈરાગ્ય અને સંતોષ મનમાં હંમેશાં રાખવો; એવા અભ્યાસથી લૌકિકાસક્તિમાંથી કોઈ દિવસ પણ મન નીકળશેજ.-(૨૪).

**વિવેચન**--દુઃસંગ દોષના નાશને માટે વૈરાગ્ય અને સંતોષ એ બેઉ હંમેશાં હૃદયમાં ધારણ કરવા. સર્વ લૌકિક વિષય અને દેહ સંબંધી પદાર્થમાં વૈરાગ્ય રાખવો, અને સહજમાં જે આવી મળે તેટલામાંજ મનને સંતોષ આપવો. આવો અભ્યાસ જ્યારે રાખે, ત્યારે દુઃસંગથી બચે.-(૨૪).

**શ્લોકઃ—કામાભાવાય વૈરાગ્યં ચિન્ત્યં ચેતસિ સર્વથા ।।**
**પારતોષસ્ત્વલાભાય ભક્તૌ તાવેવ બાધકૌ ।।૨૫।।**

**શબ્દાર્થ**—કામના અભાવને માટે ચિત્તમાં વૈરાગ્યનું ખાસ ચિંતન કરવું, અને લાભના અભાવમાં સંતોષ રાખવો, કારણ કે ભક્તિમાં આ બેઉ બાધક છે.-(૨૫).

વિવેચન—મનમાં દૃઢ વૈરાગ્ય હોય તો તેથી કામાદિક વિષયનો અભાવ (નાશ) થાય છે, અને સંતોષથી લોભનો નાશ થાય છે. આ બેઉ દોષ ભક્તિમાર્ગમાં ભગવદ્ભાવના બાધક છે, માટે કામના ત્યાગ માટે વૈરાગ્ય અને લોભના ત્યાગ માટે સંતોષ રાખવો.-(૨૫).

**શ્લોકઃ—કામેન્દ્રિયવૈમુખ્યં લોભે પાષંડસંભવઃ ॥**
**ક્રોધસ્તુ મધ્યપાતિત્વાન્મહાબાધક ઇષ્યતે ॥૨૬॥**

**શબ્દાર્થ**—કામાદિકથી ઇંદ્રિયોની વિમુખતા થાય છે, અને લોભથી પાખંડનો સંભવ થાય (મતલબ કે જે લોભી હોય તે દ્રવ્યને માટે અનેક પાખંડ કરે) અને ક્રોધ તો (કામ ક્રોધ અને લોભ આ ત્રણેની) વચ્ચે રહેલો છે, તેથી મહા બાધક છે.-(૨૬)

વિવેચન—કામ પ્રકટ થવાથી અને વિષયાદિક કરવાથી સઘળી ઇંદ્રિયો શ્રીભગવાનથી તથા ભગવદ્ધર્મથી બહિર્મુખ થઇ જાય. ઇંદ્રિયોને વિષયાવેશ થાય. અને લોભ હૃદયમાં હોય તો તેથી પાખંડ પ્રકટ થાય છે. આ બાબતમાં સન્યાસનિર્ણયમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે "પોતે કાળે કરીને વિષયાક્રાંત અને પાખંડી થઈ જાય" વિગેરે વચનો પ્રમાણે કામ અને લોભ મહા બાધક છે. તેમાં વચ્ચે ક્રોધ છે. કામાદિક પૂર્ણ ન થાય તો ક્રોધ આવે, તેજ પ્રમાણે લોભનો અર્થ સિદ્ધ ન થાય તો પણ ક્રોધ થાય. આથી જણાય છે કે ક્રોધ ઉત્પન્ન થવાનું કારણ કામ અને લોભ છે. ક્રોધથી પછી મોહ થાય, આ બધું દોષરૂપ પ્રકટ થાય એટલે આઠે પહોર લૌકિકાવેશ લૌકિકનું ધ્યાન હૃદયમાં રહે અને તેથી દીનતાનો નાશ થાય.-(૨૬).

**શ્લોક—યતો માર્ગીયસર્વસ્વદૈન્યભાવવિનાશકઃ ॥**
**દૈન્યં સર્વેષુ કાર્યેષુ કૃષ્ણસેવાકથાદિષુ ॥૨૭॥**
**બીજં યથા મંત્રશાસ્ત્રે તદ્યુક્તમખિલં ભવેત્ ॥**
**તદભાવે ન સેવાદિ સકલં પુષ્ટિસાધકમ્ ॥૨૮॥**

**શબ્દાર્થ**—આ પ્રમાણે ક્રોધ પુષ્ટિમાર્ગમાં સર્વસ્વરૂપ દીનતાનો નાશ કરનારો છે, (તેથી મહાબાધક છે એ પ્રમાણે પૂર્વના શ્લોકમાં સંબંધ છે.) શ્રીકૃષ્ણની સેવા અને કથા વગેરે સર્વ કાર્યમાં દીનતા બીજરૂપ છે. જેવી રીતે મંત્રશાસ્ત્રોમાં બીજ યુકત મંત્ર ફળ દેનારો થાય છે, તેમ આ પુષ્ટિમાર્ગમાં સેવાદિક સર્વ દીનતા યુકત હોય તો ફળ દેનારાં થાય છે. દીનતાનો અભાવ હોય, તો સેવાદિક વિ. પુષ્ટિ ( ભગવદનુગ્રહ )નાં સિદ્ધ કરનારાં થાય નહિ. (૨૭-૨૮).

વિવેચન—આ પુષ્ટિમાર્ગનું સર્વસ્વ દીનભાવ છે. તેનો નાશ કરનારો ક્રોધ છે, માટે તેનો ત્યાગ નિશ્ચય કરવો, અને સર્વ કાર્ય વિષે દૈન્યભાવ રાખવો, આ દીનતા પ્રાપ્ત થવાનો ઉપાય કહે છે. શ્રીકૃષ્ણની તનુજા વિત્તજા સેવા પ્રીતિથી કરવી. વળી શ્રીકૃષ્ણની કથા

શ્રી સુબોધિનીજી વિગેરે હંમેશાં સાંભળ્યા કરવી. આ પ્રમાણે સેવા કથાનો નિયમ નિત્ય બરાબર રાખે તો હૃદયમાં દીનતા રહે.-(૨૭).

મંત્રનું મૂળ બીજ છે. મંત્ર શાસ્ત્રમાં કહ્યું છે કે બીજ સહિત મંત્રથી સર્વ સિદ્ધ પ્રાપ્ત થાય, તેજ પ્રમાણે સેવામાં દૈન્યભાવ છે તે પુષ્ટિમાર્ગનું સાધન છે. દીનભાવ સહિત સેવા કરે તો પુષ્ટિમાર્ગનું અખિલ ફળ સિધ્ધ થાય.-(૨૮).

**શ્લોકઃ— તસ્માદ્રક્ષેત્પ્રયત્નેન દૈન્યં ભક્તિયુતો નરઃ ।।**
**દૈન્યેન ગોપિકાઃ સિદ્ધાઃ કૌંડિન્યોઽપિ પરોક્ષતઃ ।। ૯।।**

**શબ્દાર્થ**—એટલા માટે ભક્તિભાવવાળા નરે (જીવે) પ્રયત્ન કરીને દીનતા રાખવી, કારણ કે ગોપીજન દીનતાથી સિદ્ધિવાળાં થયાં, અને કૌંડિન્યઋષિ પણ પરોક્ષ રીતે દીનતાથી સિદ્ધ થયા.-(૨૯),

**વિવેચન**—વૈષ્ણવે યત્ન કરીને પણ દીનતાની રક્ષા કરવી, પુષ્ટિમાર્ગીય ભગવદીયની આજ યોગ્યતા છે. અહીં દૃષ્ટાંત કહે છે કે દીનતાથીજ ગોપીજનોને સિદ્ધિ પ્રાપ્ત થઈ, અને પ્રભુ મળ્યા. અને દીનતાપૂર્વક કૌંડિન્ય બ્રાહ્મણે 'અનંત' 'અનંત'ની રટના કરી, તેથી તેને સિદ્ધિ પ્રાપ્ત થઇ, આ બાબતમાં શ્રી મહાપ્રભુજી સંન્યાસનિર્ણયમાં કહે છે કે "કૌંડિન્ય ઋષિ અને ગોપીજન ભક્તિમાર્ગના ગુરૂ છે, અને સાધન પણ તેમણે કર્યું તેજ છે. ભાવનાથી ભાવ સિદ્ધ થાય છે, અન્ય સાધને નથીજ" માટે પુષ્ટિમાર્ગનાં ગુરુ ગોપીજન અને મર્યાદા માર્ગના ગુરુ કૌડિન્ય ઋષિ છે, એમના ભાવથી ભાવ વિચારી દીનતા રાખવી, એજ ભક્તિમાર્ગમાં સાધન છે એમ જાણવું.-(૨૯).

**શ્લોકઃ— ફલમત્ર હરેર્ભાવો વિરહાત્મા સદા મતઃ ।**
**રસાત્મકત્વાત્તદ્રૂપે સર્વલીલાસમન્વિતઃ ।।૩૦।।**
**સ્વરૂપે તસ્ય સતતં સાક્ષાત્કારો વિશેષતઃ ।**
**યુગપત્સર્વલીલાનામનુભૂતિઃ પ્રજાયતે ।।૩૧।।**

**શબ્દાર્થ**—વિરહાત્મક સ્વરૂપમાં રસાત્મકપણું છે, તેથી સર્વ લીલા સહિત પ્રભુનો જે સદા વિરહાત્મક ભાવ તેજ અહીં ફળરૂપ માન્યો છે.-(૩૦).

આ (વિરહાત્મક) ભાવનાથી સ્વરૂપમાં નિરંતર વિશેષ સાક્ષાત્કાર થાય છે, કારણ કે એકકાલાવચ્છિન્ન સર્વ લીલાનો અનુભવ થાય છે. "સાક્ષાત્કારે" એવો પાઠ હોય તો આ (વિરહાત્મક) ભાવનાથી સાક્ષાત સ્વરૂપમાં નિરંતર વિશેષતાથી એકકાલાવચ્છિન્ન સર્વ લીલાનો અનુભવ થાય છે.-(૩૧).

**વિવેચન**—આ પુષ્ટિમાર્ગમાં હરિમાં ભાવ રહે, તેજ ફળરૂપ છે. વિરહાત્મક મન બની જાય. સંયોગના અનુભવમાં અંતઃકરણગામી પ્રભુ નથી હોતા, બહારની સર્વ ઇંદ્રિયોથી દેહનો વિનિયોગ પ્રભુમાં છે; અને વિપ્રયોગમાં અંતઃકરણમાં બધું સિદ્ધ થાય છે, માટે વિપ્રયોગભાવ હૃદયમાં રાખવો. પુષ્ટિમાર્ગમાં આજ સિદ્ધિ છે, કારણ કે સંયોગમાં તો જ્યાં

સુધી દર્શન થાય ત્યાં સુધીજ સુખ છે, અને વિપ્રયોગમાં રસાત્મક પુરુષોત્તમનો સર્વ લીલા સંયુકત અનુભવ સર્વ ઠેકાણે થાય છે. માટે વિપ્રયોગભાવ સર્વોપરિ છે કે જેમાં સર્વ ઠેકાણે પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. તે આગળ કહે છે.-(૩૦).

વિપ્રયોગલીલાના ભાવમાં મગ્ન થાય તેને સર્વ ઠેકાણે સાક્ષાત લીલા સહિત સ્વરૂપનાં નિરંતર દર્શન થાય છે. સંયોગથી અધિક વિપ્રયોગમાં સુખ છે, માટે યુગપત એટલે એક કાલમાં સર્વ લીલાઓનો અનુભવ કરવો. મનથી વ્રજભકતોનો ભાવ વિચારવો, પ્રભુ ગોચરણ કરવા પધારતા ત્યારે વ્રજભકતો વિપ્રયોગની જે ભાવના કરતા, તે ભાવ વિચારવો, અને પછી સંધ્યા સમયે પ્રભુ વનથી પાછા પધારતા, ત્યારે વ્રજભકતો જે ભાવના કરતાં તે ભાવ વિચારવો. આવી રીતે વિપ્રયોગમાં બેઉ લીલાના રસનો અનુભવ થાય છે.-(૩૧).

**શ્લોકઃ—એવં વિજ્ઞાય મનસા પુષ્ટિમાર્ગં વિભાવયેત્ ।**
**પ્રાપ્તિઃ શ્રીવલ્લભાચાર્યચરણાબ્જપ્રસાદતઃ ॥૩૨॥**
**અતઃ સ એવ સતતં સર્વભાવેન સર્વથા ।**
**સુધિભિઃ કૃષ્ણરસિકૈઃ શરણીક્રિયતાં સદા ॥૩૩॥**

શબ્દાર્થ—એમ જાણીને મનથી પુષ્ટિમાર્ગની ભાવના કરવી, એટલે શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદના પ્રતાપથી (ફળની) પ્રાપ્તિ થાય. (પ્રાપ્ત એવો પાઠ હોય તો એવી રીતે સમજીને શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદના પ્રતાપબલથી પ્રાપ્ત થએલો જે 'પુષ્ટિમાર્ગ' તેની ભાવના કરવી કરવી.)-(૩૨). એટલે કે નિરંતર સર્વભાવ કરીને ખાસ શ્રીકૃષ્ણના રસને જાણનારા અથવા શ્રીકૃષ્ણજ પોતે રસરૂપ છે તેમાં મગ્ન બુદ્ધિવાળા છે, તેમનું શ્રીમહાપ્રભુજીજ સદા (આશ્રયસ્થાન) શરણ છે.-(૩૩).

**વિવેચન**—ઉપર જે વિપ્રયોગ આર્તિનો પ્રકાર કહ્યો તેનો અનુભવ જે રીતે થાય તે કહે છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પોતના મનમાં ભાવના કરે, કોઇને કહે નહિં. આવી રીતે ભાવના કરતાં કરતાં શ્રીમહાપ્રભુજીના ચરણકમળના પ્રસાદથી પુષ્ટિમાર્ગીય ફળની પ્રાપ્તિ નિશ્ચય થાય છેજ. આ બાબતમાં શ્રીગુસાંઇજી શ્રીસર્વોત્તમજીમાં કહે છે કે, " અનેક ભકતોને સારી રીતે, પ્રેમપૂર્વક ચરણારવિંદની રજરૂપ ધન સેવન કરવા યોગ્ય છે." આવી રીતે જે પુષ્ટમાર્ગીય ભગવદ્ભકત શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણકમળની રજને પોતાનું સર્વસ્વ ધન માને છે તેમને શ્રીકૃષ્ણાધરામૃતના ફળની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ઉપર કહ્યું તેવી રીતે નિરંતર સર્વ ભાવથી સર્વ રીતે શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો આશ્રય રાખવો, અને વિપ્રયોગની ભાવના હંમેશાં સંપૂર્ણ પ્રેમથી કરવી. પોતાના મનમાંનાં કપટ છળનો ત્યાગ કરી હૃદયથી શ્રીકૃષ્ણચંદ્રને શરણે રહેવું, તથા તાદ્રશી ભગવદીયે શ્રીકૃષ્ણના રસમાં મગ્ન થઇ શ્રીમહાપ્રભુજીના ચરણકમળને શરણે રહેવું. આમ દીનતાપૂર્વક નિઃસાધન થઇને રહે તેને પુષ્ટિમાર્ગીય ફળની પ્રાપ્તિ નિશ્ચય થાય છેજ.

ઇતિશ્રીહરિરાયજી વિરચિત ૩૪ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

# * શિક્ષાપત્ર ૩૫ મું *

હવે પાંત્રીસમા શિક્ષાપત્રમાં ભગવદીયને વિજાતીયનો સંગ અને સજાતીયનો સંગ ન મળે તે મહાદુઃખદાયક છે. જે ભગવાનનો દ્વેષ કરનારો હોય છે, તે તક્ષક (સાપ) જેવો છે. જેમ બ્રાહ્મણના પુત્રે મોકલેલો એવો તક્ષક નાગ મહા ભગવદીય પરીક્ષિતને કરડયો, તેમ ભગવાનનો દ્વેષી દુષ્ટ કર્મ કરનારો, દુર્વચનથી ભગવદીયોને દુઃખ દે છે. તેમાં પ્રભુનો દ્વેષી જે દુષ્ટ કર્મ કરનારો છે તે આધિભૌતિક અનધિકારી છે, તે સારી ક્રિયા અને વચનોથી અધિકારી બને છે. બીજો જ્ઞાન શૂન્ય, અજ્ઞાનિ તથા વિપરીત જ્ઞાનવાળો છે, તે અધ્યાત્મિક અનધિકારી કહેવાય છે, તે પણ યથાર્થ તત્ત્વબોધથી શુદ્ધ થાય છે. પણ પ્રીતિ રહિત જે મહા દુષ્ટ છે, તે કોઈ પણ ઉપાયથી સાધ્ય થતો નથી. જેમ જન્મથી નપુસંક હોય તે કોઇ પણ ઔષધથી પુરૂષ ન બને, તેમ જેનામાં પ્રીતિ હોતી નથી તેને આસુરી જાણવો, તેના સંગથી આસુરાવેશ થાય. માટે ભક્તિમાર્ગમાં રહેનારાએ તેનો ત્યાગ કરવો એવું નિરૂપણ છે. ઉપર વિપ્રયોગ ભાવ સર્વોપરિ કહ્યો, તેનું સાધન પણ કૃપા છે, પણ દુઃસંગાદિ અનેક પ્રતિબંધ છે, તેનાથી બચે તો સિદ્ધ થાય, આથી જે દોષ પુષ્ટિમાર્ગમાં બાધક છે તે કહે છે.

**શ્લોક**—તદીયાનાં મહદ્દુઃખં વિજાતીયેન સંગમઃ ।
સંભાષણં સજાતીયૈસ્સંગો ભાષણં ચ ન ॥
તદેતદુભયં જાતં મમૈવાદ્ય સ્વભાગ્યતઃ ॥૧॥

**શબ્દાર્થ**—બહિર્મુખ સાથે સંગ તથા ભાષણ અને ભગવદીયનો સંગ નથી, તે ભગવદીયને મોટું દુઃખ છે, શ્રી હરિરાયજી કહે છે કે આ બેઉ મારા ભાગ્યયોગે મને હાલ પ્રાપ્ત થયા છે.–(૧).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી કહે છે કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને એક મોટું દુઃખ એ છે કે વિજાતીયનો (અન્યમાર્ગીયનો) સંગ થયો છે, તેથી મારા મનમાં મહા દુઃખ છે. જેમ વ્રજભક્તોને કથા વાર્તામાં પ્રતિબંધ કરનારાનો સંગ દુઃખદાઈ છે, અને સઘળા ભક્તો મળે ત્યારે સુખથી મળીને લીલા વાર્તા કરી પરમાનંદ પામે છે. ત્યાં કોઇ લૌકિક મનુષ્ય આવે તો આ વાર્તા બંધ કરવી પડે, અને મહા દુઃખ થાય, તેજ પ્રમાણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરસ્પર ભગવદ્વાર્તા કરતા હોય ત્યાં એક પણ અન્યમાર્ગીય તથા બહિર્મુખ આવે તો તેનાથી દુઃખ થાય, જ્યારે મને તો દશેય દિશાથી વિજાતીયોનો સંગ વિગેરે પ્રાપ્ત થયું છે તેથી કરીને હું બહુજ દુઃખી છું. સંભાષણ તો સજાતીય વૈષ્ણવ સાથે જોઇએ, તેતો પ્રાપ્ત નથી. અન્યમાર્ગીયના સંગે અષ્ટ પ્રહર બોલવું પડે છે, આ મને પરમ દુઃખ છે, તે દૂર થઇ શકતું નથી, આ દુઃખ મારા નસીબમાં આવ્યું છે. એક તો ભગવદીયનો સંગ જોઈએ, તે તો મળતો નથી અને બીજું અન્યમાર્ગીય વિજાતીયનો સંગ ન જોઈએ, તે તો અષ્ટ પહોર સામો આવે છે. આ બેઉ મને પ્રાપ્ત છે. જે પુષ્ટિમાર્ગમાં વિરોધી છે તે બેઉ મારા નસીબ જોગે આવી મળ્યા છે.–(૧).

શ્લોકઃ—દુઃખાંતરં તુ જ્ઞાનેન ભક્ત્યા વાપિ નિવર્તતે ।
લૌકિકવિષયપ્રાપ્ત્યા નહિ દુઃસંગજં ક્વચિત્ ॥૨॥

શબ્દાર્થ—બીજું દુઃખ હોય તે તો જ્ઞાનથી અથવા ભકિતથી નિવૃત થાય છે, લૌકિક વિષય નહિ મળવાને લીધે થયેલું દુઃખ વિષયની પ્રાપ્તિ થાય તેથી નિવૃત્ત થાય છે, પરંતુ દુઃસંગથી ઉત્પન્ન થયેલું દુઃખ કોઈ વખત નિવૃત્ત નથી થતું.–(૨).

વિવેચન—બીજું દુઃખ તો જ્ઞાન અથવા ભકિતથી નિવૃત્ત થાય છે. લૌકિક વિષયાદિકની પ્રાપ્તિનું દુઃખ થાય તે તો વિષય મળવાથી નિવૃત્ત થાય છે. પણ તે દુઃખથી દુઃસંગ દુઃખ છે તે મોટું છે, કે જે કશાથી નિવૃત્ત નથી થતું. આ બાબતમાં શ્રી ભાગવતમાં કહ્યું છે કે વિષય કરતાં વિષયીનો સંગ છે તે મહા બાધક છે, કારણ કે તેના સંગથી આઠે પહોર વિષયમાં ધ્યાન રહે. વિષયાવેશ હોય એવા વિષયના સંગી બહિર્મુખનો સંગ મને થયો છે, તેથી કરીને મહાદુઃખ છે (એમ શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે.)–(૨).

શ્લોક—દુષ્ટાનાં દુર્વચોબાણૈર્ભિન્નં મર્માણિ મદ્વપુઃ ।
ન ક્વાપિ લભતે સ્વાસ્થ્યં સમાહિતમપિ સ્વતઃ ॥૩॥

શબ્દાર્થ—દુષ્ટ જનનાં દુર્વચનરૂપ બાણોથી મર્મમાં ભેદાએલું એવું મારૂં શરીર તેનું સ્વતઃ સમાધાન થયું છે, તો પણ કોઈ પણ સ્થાને સ્વસ્થતા પ્રાપ્ત થતી નથી.–(૩).

વિવેચન—દુષ્ટનાં દુર્વચનરૂપી બાણો સારા શરીરના મર્મ સ્થળોને વિંધે છે, તેથી કરીને ભારે પીડ છે. એવો દુઃસંગ મળ્યો છે, કે તેથી મને જરા પણ ધીરજ રહેતી નથી, મારાથી ધીરજ રખાતી નથી.–(૩).

શ્લોકઃ—ઇદાનીં તુ જનાઃ પ્રાયો દુઃસંગપદવીં ગતાઃ ।।
શુદ્ધં મનઃ કલુષિતું ક્ષણેનાતિવિચક્ષણાઃ ॥૪॥

શબ્દાર્થ—વિશેષ કરીને હાલ તો મનુષ્યો દુઃસંગથી વ્યાપ્ત થયા છે, તેથી શુદ્ધ મનને એક ક્ષણમાં મલીન કરવામાં અતિ વિચક્ષણ (ચતુર) છે.–(૪).

વિવેચન—પોતાનું હિત જાણી શકાતું નથી, હિત તો માત્ર ભગવદીયના સંગથી થાય, અને આઠે પહોર દુઃસંગથી અહિત થાય. મને તો અષ્ટ પહોર દુઃસંગ છે તેથી મને મારૂં હિત સમજાતું નથી. શ્રીભાગવતમાં કહ્યું છે, તેમજ શ્રી મહાપ્રભુજી તથા શ્રી ગુસાંઈજી આજ્ઞા કરે છે કે વૈષ્ણવજન દુઃસંગથી નિશ્ચય દુઃખ પામે. તે દુઃસંગ મને આવી મળ્યો છે, તેથી દુઃખ પામું છું. અહીં કોઈ કહે કે તમે શા માટે દુઃખ પામો છો, આજ્ઞાની હોય તે દુઃસંગથી દુઃખ પામે, તમે તો અનેક શાસ્ત્રો જાણો છો, માટે દુઃસંગ તમને શું કરી શકે? આમ કોઈ કહે તો કહે છે કે શુદ્ધ મન તથા સુંદર બુદ્ધિ હોય તેનું પણ ચિત્ત દુષ્ટ પાપીના સંગથી એક ક્ષણમાં ભ્રષ્ટ થઈ જાય છે, એવો આ દુઃસંગ બાધક છે. શ્રી ગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "હું વ્રજભકતોના સંગી જે શ્રીકૃષ્ણ તેમનો અંગીકૃત છું, તેથી અન્યાશ્રયની ગંધ પણ મારી ગ્રીવાને બાધ કરે છે" (નાશ કરે છે.) આવી રીતે જરા પણ અન્યસંબંધ થાય તો ગળું કપાય. આ વાત ચોરાસી વૈષ્ણવની વાર્તામાં પ્રસિદ્ધ છે. સંભલવાળા

દામોદરદાસની સ્ત્રીએ સહેજ અન્યાશ્રય કર્યો તો તેથી પુત્ર મ્લેચ્છ થયો. માટે દુષ્ટના સંગથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. તેવો દુઃસંગ મને મળ્યો છે તેથી હું દુઃખ પામું છું. અહિં કોઇ કહે કે એવા દુઃસંગને જલદીથી છોડી દ્યો તો સુંદર બુદ્ધિ રહેશે, આવી રીતે કહે ત્યાં કહે છે.–(૪).

શ્લોકઃ—ગૃહસ્થિતસ્ય વ્યાવૃત્તિયુતસ્ય ન હિ તાદશામ્ ।
સંગો વારયિતું શક્યો વ્યાવૃતેર્વિનિરોધતઃ ।
અવ્યાવૃત્તૌ ન વિશ્વાસદૃઢાર્યં યેન તથા કૃતિઃ ॥૫॥

શબ્દાર્થ—ગૃહસ્થાશ્રમમાં રહેલા મનુષ્યને વ્યાવૃત્તિવાળા મનુષ્યોનો સંગ થાય છે, અને વ્યાવૃત્તિ બંધ પડી જાય તેથી તેમનો સંગ છોડી શકાતો નથી. અને અવ્યાવૃત્તિમાં વિશ્વાસની દૃઢતા નથી, તેથી એવી કૃતિ થાય છે.–(૫).

વિવેચન—ગૃહસ્થ દશામાં વ્યાવૃત્તિ વિના કેમ ચાલે? પરદેશમાં સાથે માણસ જોઇએ, હવે તેમનો ત્યાગ કરીએ તો પછી મનુષ્ય વગર તો ચાલે નહિં. હવે જો (બીજા) રાખીએ છીએ તો એમનાથી પણ બહિર્મુખ પ્રાપ્ત થાય, છતાં ગૃહસ્થ સ્થિતિ છે તેથી મનુષ્યો તો વ્યાવૃત્તિને માટે રાખવાજ પડે. જ્યારે અવ્યાવૃત્તિ થાય ત્યારે દુઃસંગ છુટે. અહીં કોઈ કહે કે તમે મોટા છો; સર્વ સામર્થ્ય યુકત છો, વ્યાવૃત્તિ છોડી દ્યો એટલે દુઃસંગ છુટી જશે. આવી રીતે કોઈ કહે ત્યાં કહે છે કે ખોટા માણસોનો ત્યાગ કરી આપણે ઘરમાં બેસી રહીએ તો દુઃસંગ ક્યાંથી આવે? પણ વ્યાવૃત્તિ જોઈએ તેથી દુઃસંગ ન છુટે. ત્યારે હવે મનુષ્ય તો જોઈએ, કારણ કે જ્યાં પરદેશમાં જઈએ, ત્યાં નિત્ય નૂતન મનુષ્યોનો મેળાપ થાય, તેમનું સમાધાન કરવું જોઈએ. એટલે દુઃસંગ શી રીતે છુટે? માટે દુઃસંગ છોડવામાં વ્યાવૃત્તિ વિરોધી છે. વ્યાવૃત્તિ ન કરવી, અવ્યાવૃત્ત રહેવું, તે તો સર્વોપરિ ઉત્તમ છે. શ્રી આચાર્યજી મહાપ્રભુજી ભકિતવર્ધિનીમાં કહે છે કે, "અવ્યાવૃત્ત થઇને સેવા કરીને અને કથા શ્રવણાદિકથી શ્રીકૃષ્ણને ભજવા" પરંતુ આ માટે તો દૃઢ વિશ્વાસ અને ધીરજ જોઈએ. હવે ધીરજ તો છુટી જાય છે અને દૃઢ વિશ્વાસ નથી તેથી અવ્યાવૃત્ત થવાતું નથી, માટે શું કરીએ?

શ્લોક.—ભગવદ્દ્વેષિતાં યાતઃ સ તુ તક્ષક એવ હિ ।
યથા વિપ્રાર્ભકવચઃ પ્રેરિતઃ ક્રોધમૂર્છિતઃ ॥૬॥
અદશત્સ સમાગત્ય મહાભકતં પરીક્ષિતમ્ ।
તથા દુર્જનવાક્યૈકપ્રેરિતો હ્યતિતામસઃ ॥૭॥
અવજ્ઞયા દુર્વચનૈરધિક્ષેપેણ મામયમ્ ।
દુષ્કર્મા ભૌતિકો દુષ્ટઃ સ સાધ્યઃ સાત્ક્રયોકિતભિઃ ॥૮॥

શબ્દાર્થ—શ્રીભગવાનનો દ્વેષ કરનારો તો તક્ષકજ છે. જેમ ક્રોધથી (મુર્છિત) જ્ઞાન રહિત થયેલા એવા બ્રાહ્મણના બાળકે એટલે શ્રુંગી ઋષિએ મોકલેલો તક્ષક નાગ આવીને મહા ભકત પરીક્ષિત રાજાને ડસ્યો, તેજ પ્રમાણે દુર્જનનાં વચનથી મોકલેલો એવો

અતિ તમોગુણી અને દુષ્ટ કર્મ કરનારો પુરૂષ નિંદા, દુર્વચન અને તિરસ્કાર કરીને મને ડસે છે. પરંતુ આવો દુષ્ટ સારી ક્રિયા અને વાણી વડે કરીને સાધ્ય છે.–(૬–૭–૮).

વિવેચન—ઉપર વ્યાવૃત્તિમાં દુઃસંગ દોષ થાય તે કહ્યા. હવે કાળદોષ કહે છે. ભગવદ્દ્વેષી જે છે, તેનાથી ધર્મની રક્ષા કરે. આ કાળ ભગવદ્ધર્મમાં મહા બાધક છે. જેમ બ્રાહ્મણના બાળકે ક્રોધ કરીને પરીક્ષિત રાજાને શાપ આપ્યો. આ કાર્ય કાળના દોષથી થયું-(૬) રાજા પરીક્ષિત ભગવદ્દભકત હોઇ ભગવદ્ધર્મમાં ચતુર છે છતાં જેની રક્ષા ભગવાને ગર્ભમાં કરી છે, તેને કળિકાળના દોષથી દુર્બુદ્ધિ ઉત્પન્ન થઈ, કે હું રાજા આવ્યો છું તેનું કશું સન્માન ન કર્યું, આવી દોષ બુદ્ધિ પરીક્ષિતને થઇ, તથા ક્રોધ ચડયો. અને તેથી મરેલો સાપ લઈને શમીક ઋષિના ગળામાં ભેરવી દીધો. આ વાત એમના પુત્ર શ્રુંગી ઋષિએ જાણી, એટલે ક્રોધ કરીને "તક્ષક સર્પ સાતમે દિવસે ખાઈ જશે" એવો શાપ દીધો. આ બધું કાર્ય કાળના દોષથી થયું. નહિં તો મહાભકત પરીક્ષિતની એવી દુર્બુદ્ધિ કેમ થઈ? અને બાળકે એવો શ્રાપ કેમ દીધો ? પરન્તુ આ બધું કાળદોષથી થયું છે. તેજ પ્રમાણે દુર્જનનાં વચન સર્પ સમાન છે, તેથી તામસના આવેશમાં અન્યથા બોલે, તે કાળદોષ જાણવો.–(૭).

હવે શ્રીહરિરાયજી કહે છે કે આ કળિકાળમાં જીવ દુષ્ટ થઈ ગયા છે, તેમાં ત્રણ પ્રકારના દુષ્ટ છે. આધિભૌતિક, આધ્યાત્મિક, અને આધિદૈવિક. તેમાં આધિદૈવિક દુષ્ટોનો કદી પણ સંગ ન કરવો. આ ત્રણે દુષ્ટ કેવી રીતે જાણવા? તેને માટે ન્યારાં ન્યારાં લક્ષણો કહે છે. અનેક દુર્વચન કહે, અજ્ઞાનતાથી અવજ્ઞા કરે, દુર્વચનથી પોતાના મનને વિક્ષેપમાં નાખે, બીજાઓના મનમાં પણ વિક્ષેપ કરે, અને શરીરથી દુષ્ટ કર્મ કરે, પાપાચરણ કરે, તે ભૌતિક દુષ્ટ જાણવો; આવા દુષ્ટને સારા ભગવદીયનો જ્યારે સંગ થાય ત્યારે ભગવત્સેવાદિ સર્વ કરે, કઠિન બોલવું પણ છુટી જાય, મનનો વિક્ષેપ પણ જાય. ભગવદીયોના સંગથી ભૌતિક દુષ્ટને ભકિત જલદી પ્રાપ્ત થાય.–(૮).

**શ્લોકઃ—આધ્યાત્મિકો જ્ઞાનશૂન્યો હ્યન્યથા જ્ઞાનવાનપિ ।**
**કષ્ટસાધ્યઃ કદાચિત્સ તત્ત્વબોધેન શુદ્ધ્યતિ ॥૯॥**

શબ્દાર્થ—જ્ઞાનશૂન્ય અને અન્યથા (વિપરીત) જ્ઞાનવાળો આધ્યાત્મિક દુષ્ટ જાણવો. તે પણ કષ્ટ વડે સાધ્ય (સમજી શકે તેવો) બને છે. તે કોઇક દિવસ પણ તત્ત્વબોધથી શુદ્ધ થાય છે.–(૯).

વિવેચન—આધ્યાત્મિક દુષ્ટ જ્ઞાનથી શૂન્ય હોઇને સઘળું કાર્ય અજ્ઞાનતાથી કરે. તેને કોઇ જ્ઞાનવાન મોટો ભગવદીય મળે, અને બહુ દિવસ સત્સંગ થાય, બહુજ મહેનત અને પરિશ્રમ લઇ સત્પ્રાણી ભગવદીય અનેક રીતે સમજાવીને બોધ કરે, ત્યારે આધ્યામિક દુષ્ટ ઘણા દિવસે શુદ્ધ થાય.–(૯).

**શ્લોકઃ—પ્રીતિશૂન્યો મહાદુષ્ટઃ સ ન સાધ્યઃ કથંચન ।**
**યથા નપુંસકો નૈવ હ્યૌષધૈઃ પુરુષો ભવેત્ ॥૧૦॥**

**યથા ત્રિદોષગ્રસ્તો ન કથંચિદપિ જીવતિ ।**
**પ્રીતિશૂન્યો નીરસશ્ચ ન તથા શ્રવણાદિભિઃ ॥૧૧॥**

શબ્દાર્થ—જે પ્રીતિ શૂન્ય છે, તે મહાદુષ્ટ કોઈપણ ઉપાયથી સુધરતો નથી, જેમ નપુંસક હોય, તે કોઈપણ ઓસડથી પુરુષ ન થાય. વળી જેમ ત્રિદોષવાળો હોય તે કોઇ રીતે જીવે નહિ, તેમ પ્રીતિ વગરનો, નીરસ શ્રવણાદિકથી પણ સાધ્ય (વશ) થતો નથી.—(૧૧).

વિવેચન—જે પ્રીતિ શૂન્ય છે તે મહાદુષ્ટ, આધિદૈવિક દુષ્ટ, અસાધ્ય જાણવો. કરોડ કલ્પસુધી સત્સંગ કરે પણ કોઇ પ્રકારે જ્ઞાન તેના હૃદયને ન અડે. કેવળ પ્રવાહી—આસુરી મન શ્રીભગવાનમાં અને ભગવદ્ધર્મમાં કદી પણ ન લાગે. તેનું લૌકિક દૃષ્ટાંત કહે છે નપુંસક હોય તેને કોટિ ઔષધ ખવરાવીએ, પણ કોઈ પ્રકારે પુરુષ ન બને, તેનામાં પુરુષાર્થ ન આવે. તેજ પ્રમાણે આધિદૈવિક મહાદુષ્ટને ભગવત્સંબંધી જ્ઞાનનો સ્પર્શ ન થાય.—(૧૧).

વળી ત્રિદોષ (વાત, પિત અને કફ) થી ગ્રસાએલો રોગી જેમ જીવે નહિં, તેને કંઈ પણ ઔષધ અસર ન કરે તેમ પ્રીતિશૂન્ય, નીરસ, (ભકિત રહિત) જે મહાદુષ્ટ છે, તે કેટલીએ ભગવાનની કથાઓ સાંભળ્યા કરે, પણ લગાર પણ હૃદય ભગવાન તરફ ન વળે. તેને પ્રવાહ આસુરી જીવની પેઠે જાણવો. પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "ચર્ષણી જીવ સર્વ માર્ગમાં જલદીથી આવે, પણ એની રૂચી કોઇપણ સ્થાનમાં ન લાગે" એ પ્રમાણે પ્રવાહી આસુરી જીવની પેઠે જન્મોજન્મ સંસારાસકિતમાં પડયો રહે, તેને પ્રભુની પ્રાપ્તિ ન થાય. કૃષ્ણદાસજી પણ ગાય છે કે "ગુણપ્રતાપ દેખિયત અપને ચખ, અશ્મસાર જ્યોં ભિદે ન તોય." જેમ અશ્મસાર (કાળા પત્થર) ને લઈને હજાર વર્ષ સુધી જળમાં બોળી રાખે, તો પણ જળ આ પત્થરને ન ભેદે, જ્યારે કાઢે ત્યારે સુકો ને સુકોજ, તેમ આધિદૈવિક મહા દુષ્ટ આ પુષ્ટિમાર્ગનો પ્રતાપ જોઈને ગુણ પણ સાંભળે, પરંતુ કદી પણ ભગવદ્ધર્મનો તેના હૃદયમાં લગાર પણ આવેશ ન થાય.—(૧૧)

**શ્લોકઃ—પ્રાયઃ સ આસુરો જીવો યસ્મિન્પ્રીતેરસંભવઃ ॥**
**તાદૃશૈર્નિત્યસંગેન ભવેદાસુરભાવવાન્ ॥૧૨॥**

શબ્દાર્થ—જેનામાં પ્રીતિનો અસંભવ હોય તેને ઘણું ખરૂં આસુરી જીવ જાણવો. આસુરી જીવનો હંમેશાં સંગ હોય તો આસુરી ભાવવાળા થઈ જવાય.—(૧૨).

વિવેચન—ઉપર કહ્યો એવો પ્રીતિશૂન્ય મહા દુષ્ટ હોય તેને આસુરી જીવ જાણવો. તે જીવમાં પ્રીતિની સંભાવના પણ નથીજ, માટે એવાનો સંગનો ત્યાગ કરવો. ભગવદીયના સંગ વિના નિત્ય આસુરભાવ થાય. જો નિત્ય તાદૃશીનો સંગ થાય તો આસુરભાવ નિવૃત્ત થાય. માટે હંમેશાં ભગવદ્ ભકતોના સંગમાં રહેવું.—(૧૨).

**શ્લોકઃ—દુષ્કર્મા કર્મદુષ્ટઃ સ્યાત્ જ્ઞાનદુષ્ટોઽન્યથાદૃશિઃ ।**
**પ્રીતિશૂન્યો ભકિતદુષ્ટસ્તત્તન્માર્ગગતસ્ત્યજેત્ ॥૧૩॥**

**શબ્દાર્થ**—દુષ્ટ કર્મ કરનારો કર્મ દુષ્ટ હોય, વિપરીત દૃષ્ટિવાળો જ્ઞાન દુષ્ટ હોય, અને પ્રીતિશૂન્ય ભક્તિ દુષ્ટ હોય, એમને ભક્તિમાર્ગમાં રહેનારે ત્યજી દેવા.–(૧૩).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી કહે છે કે દુષ્ટકર્મ કરનારો હોય, તે કર્મ દુષ્ટ ભૌતિક દુષ્ટ જાણવો, અને અન્યથા (વિપરીત) જ્ઞાનવાળો જ્ઞાન દુષ્ટ અધ્યાત્મિક દુષ્ટ જાણવો. તે સત્સંગ થવાથી ભગવદ્ધર્મમાં આવે. અને જે પ્રીતિ શૂન્ય આધિદૈવિક દુષ્ટ છે, તે આસુરી જાણવો. એવાનો તો વૈષ્ણવોએ સર્વથા ત્યાગ કરવો. તો ભગવદ્ધર્મ રહે આ નિશ્ચય છે. એવા આસુરીના થોડાક વખતના સંબંધથી પણ બુદ્ધિનો નાશ થાય અને અન્યાશ્રય થાય, જે આ પુષ્ટિમાર્ગમાં મહા બાધક છે.–(૧૩).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત ૭૫ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## "જન્મ વૈફલ્ય નિરૂપણાષ્ટક"

નાશ્રિતો વલ્લભાધીશો, ન ચ દૃષ્ટા સુબોધિની ॥
નારાધિ રાધિકા નાથો, વૃથા તજ્જન્મ ભૂતલે ॥૧॥
ન ગૃહીતં હરેર્નામ, નાત્માદખિલમર્પિતમ્ ॥
ન કૃષ્ણ સેવા વિહિતા, વૃથા તજ્જન્મ ભૂતલે ॥૨॥
ન લીલા ચિંતનં, નૈવ દીનતા વિરહાવધરે: ॥
ન વા કૃષ્ણાશ્રય: પૂર્ણો, વૃથા તજ્જન્મ ભૂતલે ॥૩॥
ન નીતા વાર્તયા ઘસ્રા: સાધનો નૈવ સેવિતા: ॥
ન ગોવીંદ ગુણા ગીતા, વૃથા તજ્જન્મ ભૂતલે ॥૪॥
ન કૃષ્ણરૂપસૌંદર્યે, મનો નૈવ વિરાગિતા ॥
ન દુ:સંગ પરિત્યાગો, વૃથા તજ્જન્મ ભૂતલે ॥૫॥
ન ભક્તિ: પુષ્ટિમાર્ગીયા, ન નિ:સાધનતા હૃદિ ॥
ન વિસ્મૃતિ: પ્રપંચસ્ય, વૃથા તજ્જન્મ ભૂતલે ॥૬॥
ન ધર્મપરતા નૈવ, ધર્મમાર્ગે મનોગતિ: ॥
ન ભક્તિર્જ્ઞાન વૈરાગ્યે, વૃથા તજ્જન્મ ભૂતલે ॥૭॥
ન નિજસ્વામિ વિરહ પરિતાપો ન ભાવના ॥
ન દૈન્યં પરમં યસ્ય, વૃથા તજ્જન્મ ભૂતલે ॥૮॥

—શ્રી હરિરાયજી.

# * શિક્ષાપત્ર ૩૬ મું *

હવે છત્રીસમા શિક્ષાપત્રમાં ભકિતમાર્ગીય વૈષ્ણવે ચિંતા ન કરવી જોઈએ. જેમ બુહારી (સાવરણી) થી કચરો કાઢીને ઘર સાફ કર્યું હોય તો તેમાં ઘરધણી રહે. તે પ્રમાણે ચિંતા વિગેરેથી રહિત ચિત્તમાં પ્રભુ પધારે. જો ચિત્તમાં ચિંતાદિક હોય તો તેમાં પ્રભુનો આવેશ ન થાય. નવરત્ન ગ્રંથમાં પણ શ્રીમહાપ્રભુજીએ "ચિંતા નહિં કરવી" એવું નિરૂપણ કર્યું છે. વળી ધર્મમાર્ગના નિયમ પ્રમાણે કર્મકરનારજ કલિયુગમાં લિપ્ત થાય છે. આવા સંસર્ગનો આપણને બહુ બાધ નથી, પણ અવૈષ્ણવની સંગે રહેવું નહિ. તો પણ લૌકિકનો સંકોચ રાખવો, અને લૌકિકની નિવૃત્તિમાં યત્ન રાખવો. પોતાના મનને મોહ પમાડે એવી ચિંતા ન કરવી. આવી ચિંતાથી આયુષ્ય વ્યર્થ જાય છે, માટે ભગવચ્ચરણારવિંદમાં મન સ્થાપન કરવું. આ શરીર સંબંધીની અહંતા મમતા છોડી દેવી. પ્રતિબંધની નિવૃત્તિ માટે હરિના શરણની ભાવના રાખવી. હરિજ બધુ સિદ્ધ કરશે. આપણે તો શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે નિવેદનનું અનુસંધાન માત્ર રાખવું એવું નિરૂપણ છે.

**શ્લોકઃ—નૈવ ચિંતા પ્રકર્તવ્યા લૌકિકીભકિતમાર્ગગૈઃ ॥**
**ચિત્તે ચિંતાતુરે કૃષ્ણઃ કથમાવિશતે ત્રિગુણઃ ॥૧॥**
**યથા ગૃહે ગૃહપતિઃ શુદ્ધે સમ્માર્જનાદિભિઃ !**
**સ્વસ્થાસ્તષ્ઠત્યન્યથા તુ પરાવર્તેત સર્વથા ॥૨॥**

શબ્દાર્થ—ભકિતમાર્ગીય વૈષ્ણવે લૌકિક ચિંતા ન કરવી. કારણ કે જેમ ઘરનો માલીક ઘરને લીંપી ઝાડીને શુદ્ધ રાખ્યું હોય તેમાં સ્વસ્થ થઈને રહે, નહિં તો સર્વથા પાછો ફરે, તેમ ચિંતાતુર ચિત્તમાં સકલ ગુણ પૂર્ણ પ્રભુ કેમ પ્રવેશ કરે ?

વિવેચન—હવે શ્રીહરિરાયજી સર્વ પુષ્ટિમાર્ગીયને શિખામણ આપે છે કે, હે સઘળા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો, તમારે લૌકિક ચિંતા કરવી ન જોઈએ. કારણ કે જેનું ચિત્ત ચિંતાથી વ્યાકુળ થાય તેના હૃદયમાં સકળ ગુણ યુકત પ્રભુ કેવી રીતે આવીને બિરાજે ? ચિંતા સઘળા દોષોની માતા છે, જ્યાં ચિંતા આવી ત્યાં સઘળા દોષો આવે. એટલે સકળ ગુણ યુકત પ્રભુ કેવી રીતે પધારે ? શ્રીમહાપ્રભુજી નવરત્ન સ્તોત્રમાં કહે છે કે, "નિવેદન કરનારા જીવે કોઈપણ સમયે કશી ચિંતા કરવી નહિં." આપણા સઘળા પદાર્થ પ્રભુને નિવેદન કર્યા પછી ચિંતા શા માટે કરવી ? સર્વકરણ સમર્થ ભગવાન ધણી માથાપર છે, માટે લૌકિક ચિંતા ન કરવી.—(૧). હવે લૌકિક દૃષ્ટાંત કહે છે. જેમ લૌકિકમાં ઘરનો ધણી ઘરને શુદ્ધ કરી સમાર્જન કરી સઘળો કચરો બહાર કાઢી ચોકખુ સુંદર ઘર બનાવી તેમાં રહે છે, તેમ શ્રીકૃષ્ણ જે વૈષ્ણવનું હૃદય રૂપ ઘર શુદ્ધ દેખે, ચિંતાનો દોષ જેના હૃદયમાં નથી, તે વૈષ્ણવના હૃદયમાં પ્રભુ પધારે છે. કારણ કે જે લૌકિક ચિંતા છે તે શ્રી કૃષ્ણના ચરણની

વિસ્મૃતિ કરાવનાર છે. ચિંતા થઈ એટલે લૌકિક આવેશ હ્રુદયમાં આવે. માટે શ્રીમહાપ્રભુજી દ્વારા નિવેદન કર્યા પછી સઘળી ચિંતા, કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર વિ. ને કાઢીને પોતાનું હ્રુદય શુદ્ધ કરી શાંત ચિત્ત કરી, એક શ્રીકૃષ્ણનોજ આશ્રય કરીને રહીએ તો તેવું શુદ્ધ હ્રુદય દેખીને પ્રભુ પ્રસન્ન થઈને પધારે અને કૃપા કરીને પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવે.–(૨).

શ્લોક—ઉક્તં ચ પ્રભુભિસ્તસ્માન્નવરત્ને કૃપાલુભિઃ ।
અતોऽન્યવિનિયોગેऽપિ ચિન્તા કા સ્વસ્ય સોऽપિ ચેત્ ॥૩॥

શબ્દાર્થ—આથી શ્રીમહાપ્રભુજીએ નવરત્ન ગ્રંથમાં કહ્યું છે કે પુત્ર, સ્ત્રી આદિને માટે દ્રવ્યાદિકનો વિનિયોગ થાય તો તે પણ આપને નિવેદિત છે, તો અન્યના વિનિયોગમાં પણ ચિંતા શા માટે કરવી ?–(૩).

વિવેચન—અહીં કોઇ કહે કે અન્ય વિનિયોગ થાય છે, આથી પ્રભુની સેવા ટહેલ ન બને, તો તો ચિંતા કરવી જોઈએ. અહીં શ્રીહરિરાયજી કહે છે કે અમારા શ્રીમહાપ્રભુજી પરમકૃપાળુ છે. નવરત્ન ગ્રંથમાં નિરૂપણ કર્યું છે કે આપણાથી સ્ત્રી પુત્રાદિમાં વિનિયોગ થાય, તો પણ ચિંતા ન કરવી, કારણ કે તે પણ પ્રભુને નિવદીત થયેલાં છે, માટે ચિંતા છોડી એક પ્રભુનો દ્રઢાશ્રય હ્રુદયમાં રાખવો.–(૩).

શ્લોકઃ—ધર્મમાર્ગવિચારેऽપિ કલૌ કર્તૈવ લિપ્યતે ।
ન સંસર્ગકૃતો દોષસ્તથા કલિયુગે ભવેત્ ॥૪॥

શબ્દાર્થ—ધર્મમાર્ગના વિચારમાં પણ કળિયુગમાં કર્તા લિપ્ત થાય છે, બીજા યુગમાં જેવો સંસર્ગનો દોષ છે, તેવો કળિયુગમાં સંસર્ગનો દોષ નથી.–(૪).

વિવેચન—ધર્મમાર્ગની રીતે વિચારે તો, ધર્મશાસ્ત્રમાં પણ સર્વ ઠેકાણે કહે છે કે કળિયુગમાં તો દોષ કરે તેજ લિપ્ત થાય છે. સંસર્ગનો દોષ કળિયુગમાં સર્વથા ન લાગે. માટે સંબંધીઓનો દોષ આપણને ન લાગે એવી મર્યાદા છે. માટે સગા સંબંધી ભક્તિની રીતિ છોડી અન્યાશ્રય કરે તો પણ તેને સમજાવીને અન્યાશ્રય છોડાવે, પોતે ચિંતા ન કરે. તેઓ ન માને તો એમ જાણે કે જે એ કરે છે, તેજ ભોગવશે એમ વિચારી પોતે પોતાના ધર્મમાં સાવધાન રહે.–(૪).

શ્લોકઃ—યુગાંતરે તથૈવાય પંચમત્વેન ગણ્યતે ॥
યદ્યપ્યુક્તં નિજાચાર્યૈઃ સ્થેયં નાવૈષ્ણવૈઃ સહ ॥૫॥
તથાપિ લોકસંકોચઃ કર્તવ્યસ્ત્વગ્રદર્શનૈઃ ॥
મનઃ સ્થાપ્ય તન્નિવૃત્તૌ સમયે તન્નિવર્તનમ્ ॥૬॥

શબ્દાર્થ—તેજ પ્રમાણે બીજા યુગમાં પણ (કલિયુગ પાંચપણાથી ગણાય છે) આપણા આચાર્યજીએ કહ્યું છે કે અવૈષ્ણવની સાથે કદી ન રહેવું.–(૫). તો પણ આગળ શી રીતે વર્તવામાં સારૂં થાય, એવો વિચાર કરનારાએ લોક સંકોચ રાખવો, અને તેની નિવૃત્તિમાં મન રાખવું, અને સમય આવે ત્યારે નિવૃત્ત થઈ જવું.–(૬).

**વિવેચન**—યુગાંતર એટલે સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કળિયુગ આ ચારેય યુગ આવે છે, તેમાં આ ચાલતો કળિયુગ છે તે પાંચમો છે, ઉત્તમમાં ઉત્તમ છે, આ ચારે યુગમાં નથી, કારણ કે આ યુગમાં શ્રીમહાપ્રભુજી પૂર્ણ પુરુષોત્તમનું પ્રાકટ્ય છે. આ બાબતમાં શ્રીગુસાંઇજી સપ્તશ્લોકીમાં કહે છે કે **"માયાવાદરુપી મદોન્મત્ત હાથીના ગર્વને તોડવાને માટે શ્રીઠાકોરજીના મુખરૂપી ચંદ્રરાજથી પ્રકટ થઈ એવી શ્રીભાગવત રૂપ દુર્લભ સુધા તેનાં વર્ષણથી (વૃષ્ટિથી) તેમજ વેદનાં વચનોથી, શ્રીરાધાવલ્લભ (શ્રીકૃષ્ણ) ની સેવાથી અને તે સેવાનો યોગ્ય એવો પ્રેમ સહિત ઉપદેશ આપનાર શ્રીમહાપ્રભુજી સમાન કોઇ થશે નહિં, થયો નથી, અને છે પણ નહિં.** (૧) ચંદ્ર તો એક છે, તેનો રાજા કેમ સંભવે ? એવી શંકા થાય તો તેનું સમાધાન એવું છે કે શ્રીઠાકોરજીની વાણીરૂપ શ્રુતિરૂપા ભકતો અનેક છે, તે ચંદ્રરૂપ છે. તેના ભાવાત્મક આપ છે, માટે ચંદ્રરાજ કહે છે. (૨) યુગલગીતમાં ઇંદ્ર, શિવ અને બ્રહ્મા તેમને પણ આ રસનું તત્વજ્ઞાન નથી એવું નિરૂપણ છે, ત્યાં દુર્લભતાનું સ્પષ્ટ વર્ણન છે. (૩) વૃષ્ટિથી જેમ બીજ ઉત્પન્ન થાય છે; તેમજ આ સુધાની વૃષ્ટિ કર્ણદ્વારા હૃદયમાં પહોંચે ત્યારે ભાવરૂપ અંકુર ઉત્પન્ન થાય. (૪) વેદ (શ્રુતિ) પ્રતિપાદન કરે છે કે "અક્ષણ્વતાં ફલમિદં ન પરં વિદામઃ" આ શ્લોકમાં વ્રજભકતોએ નિરૂપણ કર્યું. આ વચન પ્રમાણે પ્રભુની સેવા પ્રકટ કરી છે. (૫) **નથી થયો એમ** શા માટે ? વ્રજભકતો તો સર્વોપરિ છે, આવી શંકા થાય તેનું સમાધાન એવું છે કે વ્રજભકતોમાં પણ લૌકિક આવેશમાં શ્રી ગિરિરાજ ધારણ કરવામાં પોતાની રક્ષા કરવા માટે પ્રાર્થના કરી તેથી ન્યૂનતા આવી છે. નહિં તો પ્રભુ પોતેજ રક્ષા કરવાનો વિચાર કરત, એવું પ્રેમનું સ્વરૂપ નિરૂપણ કર્યું છે, માટે નથી થયો એવું કહ્યું, છતાં વ્રજભકતો ગુરુકોટિમાં પણ છે. વળી વધાઇમાં કહ્યું છે કે **"એસી ભઈ, ન વ્હેહે કબહૂ, જેસી અબ નિધિ પાઇ"** આ ભાવથી એવું મનમાં જાણવું કે એવો કળિયુગ કદી પણ નથી આવ્યો અને આગળ આવશે પણ નહિં કે જે કળિયુગમાં દૈવી સૃષ્ટિના ઉદ્ધારને માટે શ્રીઆચાર્યજીએ પધારી પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો છે. તેથી આ યુગ અન્યયુગથી જુદોજ છે એમ જાણવું. અને આપણા આચાર્યજી કહે છે તે પ્રમાણે અવૈષ્ણવની સાથે ન રહેવું.–(૫).

તો પણ હવે કોઇ વાર લોક સંબંધી સંકોચ આવી પડે બહુજ દુઃખ થાય, તો તે વખતે તેમાં સ્થિતિ થાય. છતાં તેના દોષને લીધે બહુ કલેશ ન કરવો, પણ પોતાના મનને સ્વાધીન રાખવું. સમય આવ્યે તેને છોડી દેવું અને આપણા પુષ્ટિમાર્ગની રીતિ પ્રમાણે સેવા અને સ્મરણમાં મનને જોડવું.–(૬).

**શ્લોકઃ—તત્કાલં તત્પ્રયત્ને તુ રોગસ્યેવોદ્ભવો ભવેત્ ॥**
**અતઃ કાર્યં શનૈરેવ પ્રતિબંધનિવર્તનમ્ ॥૭॥**

**શબ્દાર્થ**—જેમ રોગ થયો હોય અને તેનું મૂળ એટલે કારણ શોધ્યા શિવાય તરતજ તેને દબાવવાનો પ્રયત્ન કરે તો તે વખતે તો રોગ દબાઇ જાય, પણ ફરી તે રોગ ઉત્પન્ન થાય. તે પ્રમાણે જે પ્રતિબંધ આવે તેને તેજ વખતે (વગર સમજે) નિવૃત્ત કરવાનો યત્ન કરે તો ફરી તે પ્રતિબંધ આવીને નડે છે, માટે ધીમે ધીમે પ્રતિબંધોનું નિવારણ કરવું–(૭).

વિવેચન—કુટુંબ લૌકિકાદિકના સંકોચ જેવું આવી પડે, તો તે સમયે તેમની સાથે મળીને ચાલવું, કારણ કે તત્કાળ તેનું નિવારણ કરવામાં રોગની પેઠે તે ફરી ઉત્પન્ન થાય. માટે ધીમેથી સમજીને નિવૃત્તિ કરવી, પણ મન તેમાં લગાવવું નહિં. આવી રીતે વૈષ્ણવે રહેવું.-(૭).

**શ્લોકઃ—વૃથા ચિંતા ન કર્તવ્યા સ્વમનોમોહકારણમ્ ॥**
**યથા સચ્છિદ્રકલશાંજલં સ્રવતિ સર્વશઃ ॥૮॥**
**તથાયુઃ સતતં યાતિ જ્ઞાયતે ન ગૃહસ્થિતૈઃ ॥**
**એવં હિ ગચ્છત્યાયુષ્યે ક્ષણં નૈવ વિલંબયેત્ ॥૯॥**
**ભગવચ્ચરણે ચેતઃ સ્થાપનેઽતિ વિચક્ષણઃ ॥**

**શબ્દાર્થ**—પોતાના મનના મોહના કારણ રૂપ વૃથાચિંતા ન કરવી, કારણ કે જેમ અનેક કાણાવાળા કળશમાંથી (પાત્રમાંથી) ચારે તરફથી જળ ટપકી જાય છે, તેમ આયુષ્ય ચાલ્યું જાય છે, તેની ગૃહસ્થાશ્રમીને ખબર પણ પડતી નથી. આવી રીતે આયુષ્ય ખુટી જાય છે, માટે તેમાં શ્રીભગવાનના ચરણારવિંદમાં ચિત્ત સ્થાપન કરનારમાં અતિ ચતુર એવા વૈષ્ણવે ક્ષણ માત્ર પણ વિલંબ કરવો નહિં.-(૯).

**વિવેચન**—નકામી ચિંતા કોઈ પણ પ્રકારની નહિજ કરવી, કારણ કે મનને મોહ થાય અને મોહનું કારણ એક વૃથા ચિંતાજ છે, આવું નકકી સમજવું. આ બાબતમાં દ્દષ્ટાંત કહે છે કે જેમ કળશના તળીઆમાં છિદ્ર પડવાથી સઘળું જળ કળશમાંથી ચુઈ જાય છે, તેજ પ્રમાણે વૃથા ચિંતાથી મનને મોહ ઉત્પન્ન થાય છે, અને ભગવદ્ધર્મ બની શકતો નથી. આવો પરમ ઉત્તમ આ મનુષ્ય દેહ છે, તેનું સઘળું આયુષ્ય વૃથા વીતિ જાય છે. રાજા જનકે શ્રી ભાગવતમાં કહ્યું છે કે, "મનુષ્ય દેહ છે તે મહા દુર્લભ છે, છતાં ક્ષણમાં નાશ પામે એવો છે. તેમાં પણ વૈકુંઠ ભગવાનના પ્રિય એવા ભકતનાં દર્શન તો મહા દુર્લભ છે." આથી આ મનુષ્ય દેહ પામીને પ્રભુનો આશ્રય કરે તો તેનું ફળ પ્રાપ્ત થાય, પણ જીવ વૃથા ચિંતા કરીને સંસારમાં પડે છે.-(૮). ઉપર કહ્યું તેવી રીતે આ મનુષ્ય દેહનું આયુષ્ય ક્ષણ-ક્ષણમાં ચાલ્યું જાય છે. માટે એવો વિચાર હંમેશાં રાખે કે આ ગૃહસ્થાશ્રમમાં તો મને સર્વ બહિર્મુખ દુઃસંગીજ મળ્યાં છે, બધાં ભગવદ્ધર્મમાં હંમેશાં નડશેજ. આવી રીતે, પ્રતિબંધ હોય તો તેજ વખતે તેનો ત્યાગ કરવો, એક ક્ષણ પણ વિલંબ ન કરવો. શ્રી ભાગવત સપ્તમ સ્કંધમાં પ્રહ્લાદજી બાળકોને કહે છે કે, "આ ભગવદ્ધર્મનું કુમાર અવસ્થાથીજ આચરણ કરવું જોઈએ, કારણ કે મનુષ્ય દેહ મહા દુર્લભ છે, તેનો નિશ્ચય નથી કે કયારે નાશ થશે ! ક્ષણમાં નાશ થઈ જાય. માટે કુમાર અવસ્થાથીજ ભગવદ્ધર્મ કરવો જોઈએ" આમ વિચારીને પ્રતિબંધ રૂપ ગૃહ કુટુંબનો તત્કાળ ત્યાગ કરવો જોઈએ, એક ક્ષણ પણ વિલંબ ન કરવો. કારણ કે દુઃસંગથી મન ફરી જાય તો સંસારમાં આસકિત થઈ જાય; માટે તેજ ક્ષણે તેમનો જલદીજ ત્યાગ કરવો.-(૯). ઉપર કહ્યા પ્રમાણે પ્રતિબંધને છોડીને ભગવાન શ્રીકૃષ્ણના ચરણારવિંદની સ્મૃતિ જ્ઞાની તથા મર્યાદામાર્ગીય ભકત પણ કરે છે, માટે વિચક્ષણ થઈને બધું કરવું, એવું કહેવાનું કારણ એ છે કે પુષ્ટિમાર્ગની રીતિ પ્રમાણે નિત્ય શ્રીકૃષ્ણની સેવા વિગેરે કરી સર્વ ઇંદ્રિય, દેહ, મન બધું ભગવાનના ચરણારવિંદમાં લગાવવું.-(૧૦).

**શ્લોકઃ—શરીરં પ્રાકૃતં તદ્ધિ હ્યનિત્યં સર્વથા મતમ્ ॥૧૦॥**
**તત્સંબંધોપ્યવિદ્યાતસ્તતોઽહંમમતાત્મકઃ ।**
**સંસારસ્તત્કૃતઃ સર્વસંબંધોઽપિ મૃષા મતઃ ॥૧૧॥**
**તત્સંબંધકૃતં દુઃખં નહિ મંતવ્યમુત્તમૈઃ ।**
**પ્રતિબંધનિવૃત્યર્થં હરિં શરણમાવ્રજેત્ ॥૧૨॥**

**શબ્દાર્થ**—શરીર પ્રાકૃત છે અને તે પણ ખાસ કરીને અનિત્ય છે.–(૧૦). એનો સંબંધ પણ અવિદ્યાથી છે, એથીજ અહંતા મમતાત્મક સંસાર થયો છે, અને તેનાથી થયેલો સંબંધ પણ ખોટો છે.–(૧૧). માટે આ સંબંધથી થએલું દુઃખ ઉત્તમ વૈષ્ણવે ગણવું નહિં, તેમજ પ્રતિબંધની નિવૃત્તિ માટે હરિનું શરણ કરવું.–(૧૨).

**વિવેચન**—હરિના ચરણારવિંદમાં મન ક્યારે લાગે? જ્યારે પોતાના શરીરને પ્રાકૃત જાણે. આ દેહનો એક દિવસ નાશ થશે, એમ જાણે.–(૧૦). જીવ અને દેહનો સંબંધ કોઈ પણ કાળમાં નથી, જીવ તો ચોરાશી લાખ યોનિમાં પડયો છે, ત્યાં કોઈપણ શરીર સાથે તેનો સંબંધ નથી થયો, કારણ કે આ દેહ પ્રાકૃત પાંચ તત્ત્વનો બન્યો છે, એ પાંચતત્ત્વ પણ પ્રાકૃત છે. હવે જેનું કારણ પ્રાકૃત હોય તેનું કાર્ય પણ પ્રાકૃત હોય છે. જ્યારે જીવ સદા એકરસ અખંડ છે. તેને અગ્નિ ન બાળે, શસ્ત્રો છેદે નહિં, એવો નિત્ય છે, પણ તેને અવિદ્યા લાગી છે, તેથી દેહ મારો છે એમ માને છે, અને તેથી જીવને અહંતાં મમતા લાગી છે. અને આજ પ્રમાણે અહંતા મમતાથી સઘળો સંસાર બંધાયો છે, આવો લૌકિક સંબંધ સઘળો જુઠો છે, છતાં અજ્ઞાનતાથી અહંતા મમતાત્મક અવિદ્યાને વશ થઈ પોતાનો છે તેમ માને છે.–(૧૧).

માટે આ લૌકિક સંબંધ મિથ્યા છે, તેમાં મન ન રાખવું. જે ઉત્તમ ભગવદીય છે તે આ લૌકિક સંબંધ ને ઉત્તમ જાણે નહિં. અહંતા મમતા રૂપ પ્રતિબંધની નિવૃત્તિને માટે હરિને શરણે જાય છે. જ્યાં જ્યાં અહંતા મમતા છે ત્યાં ત્યાં સર્વ પ્રભુને સમર્પણ કરી હરિને શરણે જાય છે, એટલે આ પ્રતિબંધ દૂર થાય છે. આ બાબતમાં નવમા સ્કંધમાં શ્રી ભગવાન દુર્વાસા પ્રતિ કહે છે કે "જે ભકતો સ્ત્રી, ગૃહ, પુત્ર, સ્નેહીવર્ગ, પ્રાણ, દ્રવ્ય તેમજ આ લોક છોડીને મારે શરણે આવે છે, તેમને છોડવાનો પ્રયત્ન હું શી રીતે કરૂં?" વળી દશમ સ્કંધમાં કહ્યું છે કે "કાયાથી, વાણીથી, મનથી, ઇંદ્રિયોથી, અથવા બુદ્ધિથી તેમજ આત્માથી અથવા તેના સંબંધવાળા સ્વભાવથી જે જે હું કરૂં છું, તે સર્વ નારાયણને એટલે શ્રી પૂર્ણ પુરુષોત્તમને સમર્પણ કરૂં છું" આ પ્રમાણે બધું પ્રભુને સમર્પણ કરવું, (વળી એકાદશસ્કંધમાં કહ્યું છે કે "જે ઇષ્ટ કર્યું, દાન કર્યું, જપ કર્યા, તપ કર્યું, તેમજ વ્રત કર્યાં તે, અને આપણાં પ્રિય સ્ત્રી, ગૃહ, પુત્ર, પ્રાણ, તે બધું પર (પ્રભુ)ને નિવેદન કરવું" વિગેરે વચનો પ્રમાણે શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રભુને બધું સમર્પણ કરવું અને એક પ્રભુનોજ આશ્રય કરવો.–(૧૨).

**શ્લોકઃ—ભકતદુઃખાસહિષ્ણુસ્તં તદૈવ હિ નિવર્તયેત્ ॥**
**અશકયે હરિરેવાસ્તીત્યેવમેવ પ્રભોર્વચઃ ॥૧૩॥**

શબ્દાર્થ—(જ્યારે પ્રભુનો આશ્રય કરે ત્યારે) ભકતનું દુઃખ પ્રભુ સહન કરી શકતા નથી. એવા પ્રભુ તેજ વખતે પ્રતિબંધને અવશ્ય દૂરકરે છે. કારણ કે આપણાથી કશું ન બને ત્યાં પ્રભુ રક્ષક છે આવું શ્રીમહાપ્રભુજીનું વચનામૃત છે.-(૧૩).

વિવેચન—ઉપર કહ્યું કે પ્રતિબંધની નિવૃત્તિ માટે સર્વ પદાર્થ સ્ત્રી, પુત્રાદિક પ્રભુમાં નિવેદન કરે, પ્રભુને શરણે જાય. પણ તેમાં સઘળુ કુટુંબ દુઃખ દે, જ્ઞાતિ દુઃખ દે, તથા એકલો મૂકે. રોગાદિક દુઃખ થાય, દ્રવ્યાદિકની હાનિ થાય, નેત્રાદિક અંગનો ભંગ થાય, તથા રાજા દંડ દે, તથા ખાનપાનાદિકનો સંકોચ હોય. વળી એકલો હોય તો સહાયતા કોણ કરે, આવી બાબતોમાં સંદેહ થાય ત્યાં શ્રીહરિરાયજી કહે છે કે ભગવદ્ ભકતે બધું છોડીને પ્રભુને શરણે જવું, ત્યાં કોઈ દુઃખ આવે તે સહન કરે. અને ભકતનું દુઃખ તો શ્રીઠાકોરજી સહન કરી શકતા નથી, તેથી ભકતનું દુઃખ દેખે છે કે તરતજ તે દુઃખ દૂર કરે છે. વિવેકધૈર્યાશ્રયમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે "આપણાથી કંઈ ન બની શકે ત્યારે હરિજ રક્ષક છે. અને આશ્રયથી સર્વ સિદ્ધ થાય છે તેમજ અશકય તથા સુશકય અવસ્થામાં સર્વથા હરિજ શરણ છે." આવી રીતે હરિની શરણભાવના રાખે તો પ્રભુ સર્વતઃ રક્ષા કરેજ. પ્રહલાદજીએ હરિની શરણ ભાવના રાખી અને દુઃખ સહન કર્યું તો પ્રભુએ પ્રતિબંધ દૂર કર્યા અને ભકતની રક્ષા કરી, માટે સર્વ ત્યજીને પ્રભુના શરણની ભાવના રાખવી. આ બાબતમાં શ્રીભગવાન અર્જુન પ્રતિ કહે છે કે "સર્વ ધર્મને છોડીને એક મારેજ શરણે આવ, હું તને સર્વ પાપથી મુકત કરીશ શોક ન કર" આવી રીતે પ્રભુને શરણે જાય ને પ્રભુનો આશ્રય કરે તેની પ્રભુ રક્ષા કરે છે. અને ભકિતવર્ધિનીમાં પણ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે, "બાધની સંભાવના હોય ( જો એકાંતમાં રહેવામાં કશું બાધક થશે એવી શંકા થાય)તો એકાંતમાં રહેવું યોગ્ય નથી. હરિ સર્વ તરફથી રક્ષા કરશે તેમાં સંશય ન રાખવો" માટે સર્વ પ્રકારે હરિનોજ આશ્રય કરવો.-(૧૩).

શ્લોક—યાવચ્છકિત: પ્રકર્તવ્યો હ્યુપાયસ્તન્નિવર્તને ॥
પ્રતિકૂલે ચ તત્ત્યાગપર્યંતં વિહિતં પુનઃ ॥૧૪॥

શબ્દાર્થ—પ્રતિબંધની નિવૃત્તિને માટે પોતાની શકિત પ્રમાણે ઉપાય કરવો, અને (સ્ત્રી, પુત્રાદિક આદિ) પ્રતિકૂળ હોય તો તેમનો ત્યાગ કરવો. એવું શ્રીમહાપ્રભુજી નિબંધમાં કહે છે, "સ્ત્રી પુત્રાદિક ઉદાસીન રહેતા હોય ( સેવા ન કરે ) તો પોતે સેવાદિક સર્વ કરે, અને પ્રતિકૂળ હોય અર્થાત સેવામાં વિરુદ્ધ પડે તો ઘરને છોડે"-(૧૪).

વિવેચન—આવી રીતે વૈષ્ણવ પ્રતિબંધની નિવૃત્તિ પૂર્વક હરિશરણના ઉપાયમાં રહે. પ્રતિબંધના ત્યાગમાં મન રાખે. જો કોઈ કુટુંબી, સ્ત્રી, પુત્ર, માતા પિતાદિ પ્રતિકૂળ હોય તો તેમનો ત્યાગ કરીને એકલો સેવા કરે, પછી તેને પ્રસાદી વસ્ત્ર અને મહાપ્રસાદ આપી પોષણ કરે. જો કેવળ પ્રતિબંધ રૂપ હોય, ભગવદ્ધર્મમાં દ્વેષ રાખે, તો તેનો ત્યાગ કરે. કારણ કે ભગવાન આત્મ સંબંધી જન્મ જન્મના પ્રભુ છે. અને દેહ સંબંધી સ્ત્રી પુત્રાદિક છે તેમનો તો જ્યાંસુધી દેહ છે ત્યાંસુધી સંબંધ છે. દેહ છુટે એટલે સ્ત્રી પુત્રાદિકનો સંબંધ પૂરો થાય છે. માટે દેહ સંબંધને માટે આત્મ સંબંધ ન છોડવો.-(૧૪).

શ્લોકઃ—સર્વથા સ્વસ્ય ચાશક્તૌ હરિરેવ હિ રક્ષકઃ ।
સ્વકીયચિંતાં કુરુતે કર્તા સ ચ કરિષ્યતિ ॥૧૫॥

શબ્દાર્થ--પોતાની સર્વથા અશક્તિમાં હરિજ રક્ષક છે, તે પોતાના ભકતની ચિંતા કરતા આવ્યા છે, કરે છે, ને કરશે.-(૧૫).

વિવેચન—જો જીવ અશક્ત હોય તો તેના રક્ષક પ્રભુજ છે, (સર્વ દુઃખ હર્તા) તે પોતાના અંતરંગ ભકતની ચિંતા આગળથી કરતા આવ્યા છે, અત્યારે કરે છે અને ભવિષ્યમાં પણ કરશે. ત્રણે કાળમાં ભકતને ભૂલતા નથી. આ બાબતમાં સન્યાસ નિર્ણયમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે, "પોતાના બાળક પુત્રને સ્તનપાન ખૂબ પ્રેમપૂર્વક ન કરાવે એવું માતા કદી પણ ન કરે" ક્ષણક્ષણમાં બાળકની રક્ષા કરેજ છે. તેમ ભગવાન પણ ભકતની ચિંતા ન કરે, એવું બનેજ નહિં. જેવી રીતે ભકતનું ભલું થાય તે બધુંજ આપ કરે છે એમ નિશ્ચય જાણવું.-(૧૫)

શ્લોકઃ—સ્વયં કિમર્થં કર્તવ્યા પીતરીવ શિરઃસ્થિતે ।
ન ત્યક્ષ્યતિ કૃપાપૂર્ણઃ સેવકં સર્વદાશ્રિતમ્ ॥૧૬॥

શબ્દાર્થ--પિતાની પેઠે શ્રીઠાકોરજી આપણી ઉપર બિરાજે છે, તો આપણે શા માટે ચિંતા કરવી? કારણ કે કૃપાસાગર એવા પ્રભુ શરણે આવેલા ભકતોને સર્વથા નહિં છોડે.-(૧૬).

વિવેચન--પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે ચિંતા શા માટે કરવી? કારણ કે શ્રીઆચાર્યશ્રી તથા શ્રીકૃષ્ણ માથે ધણી બિરાજે છે, તેને શી ચિંતા છે? લૌકિકમાં જેમ બાળકને માથે પિતા બેઠા હોય, તે બાળકને શી ચિંતા હોય? આ લૌકીક છે, અને શ્રીકૃષ્ણ તો ઈશ્વરના પણ ઈશ્વર છે, સર્વ સામર્થ્ય યુક્ત છે, એવા પ્રભુ પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવને માથે બિરાજે છે. જેની કૃપા દૃષ્ટિ સદા એક રસ ભકત પર છે, તેથી વૈષ્ણવે કોઈ બાબતમાં ચિંતા ન કરવી. એક પ્રભુનો દૃઢ આશ્રય રાખવો.-(૧૬).

શ્લોકઃ—આચાર્યશરણં તસ્ય ચિંતાલેશોઽપિ નૈવ હિ ।
તસ્માચ્છ્રીવલ્લભાચાર્ય ચરણાબ્જદ્વયાશ્રિતૈઃ ॥૧૭॥
ન કાપિ ચિંતા કર્તવ્યા કૃષ્ણસેવાં વિના પુનઃ ।
નિવેદનાનુસંધાનચિંતામાત્રં વિધીયતામ્ ॥૧૮॥

શબ્દાર્થ—જેમને શ્રીઆચાર્યજીનો આશ્રય દૃઢ છે તેમણે કંઈ પણ ચિંતા ન કરવી. શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળના આશ્રયવાળા ભકતોએ બીજી ચિંતા ન કરતાં નિવેદનના અનુસંધાનની જ ફકત ચિંતા રાખવી.-(૧૭-૧૮).

વિવેચન--જે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને શરણે છે, જેને નામ મંત્ર (અષ્ટાક્ષર મહામંત્ર) મળ્યો છે, તેણે ચિંતા લેશ પણ ન કરવી. શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે,

"તાતચરણ (શ્રીમહાપ્રભુજીએ) શ્રીકૃષ્ણઃ શરણં મમ એ મંત્ર આપ્યો છે તેથી આ લોક તથા પરલોકના ફળાદિકમાં નિશ્ચિંતતા છે" વિગેરે વચનથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે ચિંતા ન કરવી જોઈએ.-(૧૭). ચિંતા કંઈ પણ ન કરવી એવું કહ્યું, તો જીવ ભગવદ્ધર્મની ચિંતા પણ નહિં કરે અને ભગવદ્ધર્મ પણ નહિં કરે. કારણ કે પ્રથમ જીવનું ભગવદ્ધર્મમાં મનજ નથી, અને તમે ચિંતા પણ ન કરવાનું કહો છો, તો ભગવદ્ધર્મ નહિં કરે તો તેની શી ગતિ? આવો સંદેહ થાય ત્યાં કહે છે કે શ્રીકૃષ્ણની સેવાની ચિંતા તો અવશ્ય કરવી જોઇએ. અને લૌકિક વૈદિક ફળની તથા પોતાનાં ઉદ્ધારની ચિંતા ન કરવી. શ્રીકૃષ્ણની સેવા વિના તો આ પુષ્ટિમાર્ગ સર્વોપરિ છે છતાં તેને ફળની પ્રાપ્તિ ન થાય, માટે આવી ચિંતા તો અવશ્ય કરવી જોઈએ. તેથી શ્રીકૃષ્ણની સેવા કરે, નિવેદનનું અનુસંધાન અહર્નિશ રાખે, કે હું કેટલાય કાળથી પ્રભુને ભૂલ્યો છું, હવે શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભગવાનનો સંબંધ થયો છે, હું દાસ છું, મારૂં હવે શું કર્તવ્ય છે,-મેં સર્વ સમર્પણ કર્યું છે, તેથી તેમાં મારી સત્તા કોઈ પ્રકારની નથી, સર્વ પ્રભુનું છે, આવી રીતે નિવેદનનું અનુસંધાન રાખવું.-(૧૮).

**શ્લોકઃ—લોકે સ્વાસ્થ્યં તથા વેદે ઇતિ શ્રીમત્પ્રભોર્વચઃ ।**
**સ્મૃત્વા શીઘ્રં હૃદિસ્થા સા નિવર્ત્યા સેવનાર્થિભિઃ ॥૧૯॥**

**શબ્દાર્થ**—શ્રીઆચાર્યજી મહાપ્રભુજી નવરત્નમાં કહે છે કે શ્રીહરિ લોકમાં તથા વેદમાં સ્વસ્થતા કરશે નહિ, આ વાકયનું સ્મરણ કરીને પ્રભુની સેવાનોજ અર્થ (ભાવ) જેને છે, તેવા વૈષ્ણવે હૃદયમાં રહેલી એવી ચિંતાનો જલદી ત્યાગ કરવો.-(૧૯).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી કહે છે કે અમારા પ્રભુ શ્રીવલ્લભાચાર્યજી નવરત્નસ્તોત્રમાં કહે છે કે, "શ્રીકૃષ્ણ પોતાના ભકતની લૌકિક તેમજ વૈદિકમાં સ્થિતિ નહિ કરે." અજ્ઞાનતાથી કોઇ લૌકિકવૈદિકમાં મન રાખે તો પ્રભુ તે કાર્ય સિદ્ધ નહિં કરે. માટે વૈષ્ણવે તત્કાળ લૌકિક વૈદિકની ચિંતા ન કરવી અને પ્રભુનો ગુણ માનવો કે આમાં કંઈ મારૂં અનિષ્ટ હશે માટે પ્રભુએ સિદ્ધ ન કર્યું. મનમાં ચિંતા ન કરવી કે આ મારૂં બગાડ્યું, હવે હું શું કરૂં? એવી ચિંતા ન કરવી. પ્રભુનો ગુણજ માનવો, મારા પર પ્રભુ પ્રસન્નજ છે એમ માનવું. જેમ સંતદાસજી શ્રીમહાપ્રભુજીના સેવક હતા, તે પ્રથમ બહુ ધનવાન હતા, પછી બધું દ્રવ્ય જતું રહ્યું, પછી વીસ ટકાની પુંજીમાં (અઢી પૈસામાં) નિર્વાહ કરતા, ને પ્રસન્ન રહેતા. નારાયણદાસે સો મહોર મોકલાવી તે પણ ન રાખી. માટે પ્રભુની ઇચ્છા પ્રમાણે ચાલવું. આવી રીતે વૈષ્ણવે પ્રભુનો ગુણજ માનવો.-(૧૯).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત ૩૬ મું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

# * શિક્ષાપત્ર ૩૭મું *

હવે સાડત્રીસમા શિક્ષાપત્રમાં પોતાની નિઃસાધનતાની ભાવના કરવી તેનું નિરૂપણ છે. ઉપર કહ્યું તે પ્રમાણે ચિંતા ન કરવી, અને જ્યારે નિઃસાધન થવાય ત્યારે ફળ પ્રાપ્તિ થાય. તે નિઃસાધનતાની ભાવનાનો પ્રકાર હવે નિરૂપણ કરે છે.

**શ્લોકઃ—ન શુદ્ધભાવો નૈવાસ્તિ સર્વભાવો ન દીનતા ।**
**નાજ્ઞાપરત્વં વિશ્વાસો ન ચાસ્તિ પરમાદરઃ ॥૧॥**

શબ્દાર્થ—શુદ્ધભાવ છે નહિ–(૧). સર્વાત્મભાવ નથી–(૨). દીનતા નથી–(૩). શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરવામાં તત્પરતા નથી–(૪). પુષ્ટિમાર્ગમાં વિશ્વાસ નથી–(૫). વળી પ્રભુમાં આદર નથી–(૬). ( એવો સાધન રહિત હું છું તો મારી શી ગતિ થશે ? )–(૧).

વિવેચન—હવે શ્રીહરિરાયજી કહે છે કે જીવ નિઃસાધન હોય તો પ્રભુ નકકી ફળનું દાન કરે છે. પણ મારામાં નિઃસાધનતા નથી. પ્રથમ તો શુદ્ધ ભાવ હોય તો પ્રભુ કૃપા કરે, તેવો શુદ્ધ ભાવ નથી. મનમાં કપટ, છળ, ઈર્ષ્યા, ઈત્યાદિ ભરાઇ રહ્યું છે, તેથી શ્રીકૃષ્ણમાં શુધ્ધભાવ નથી. અને સર્વાત્મભાવ પણ પ્રભુમાં નથી કે જે શ્રીમહાપ્રભુજી ચતુઃશ્લોકીમાં કહે છે "સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ" ( સર્વદા સર્વભાવથી વ્રજના પતિ (શ્રીકૃષ્ણ) ભજન કરવા યોગ્ય છે. ) એવા વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણ છે તેમનું ભજન સેવા હંમેશાં સર્વભાવથી કરવી જોઈએ, તે મારાથી બનતી નથી. દેહથી કરૂં છું, પણ ઇંદ્રિય તથા મન લાગતું નથી. મનમાં વિચાર થાય છે, પણ દેહથી બનતું નથી. મન વાણી અને કર્મ સર્વાત્મ ભાવવાળાં નથી થતાં ભલે બીજું કશું ન બને તો દીનતા કરવી એટલે પ્રભુ પ્રસન્ન થાય. આ બાબતમાં શ્રી ગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "અમારા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીસુબોધિનીજી વિગેરેમાં કહે છે કે પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન માત્ર દીનતાજ છે." તે દીનતા તો મારામાં છે નહિ, વળી જે પ્રકારની શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની આજ્ઞા શાસ્ત્રમાં છે તે પ્રમાણે બને તો પણ પ્રભુ પ્રસન્ન થાય, તે પુષ્ટિમાર્ગીય રીતિ છે. તે અનુસાર આજ્ઞા પાલન પણ મારામાં નથી. વળી આ પુષ્ટિમાર્ગમાં ચાતક પક્ષીની પેઠે વિશ્વાસ રાખે તો તે સર્વોપરિ છે, વિશ્વાસ વિના કશું સિદ્ધ થાય નહિ. તે વિશ્વાસ તો મારામાં છે નહિં. વળી પ્રભુમાં આદર પણ નથી. આદર ( પરમ પ્રીતિ ) હોય તો પ્રભુ વિના બીજી જગાએ મન ચોંટે નહિ, પણ પ્રભુમાં આદર નથી.–(૧).

**શ્લોક—ન સત્સંગો નૈવ સેવા ન નિવેદનસ્મૃતિઃ ।**
**નાશ્રયો ન વિવેકો હિ ધૈર્યં ન શરણસ્થિતિઃ ॥૨॥**

શબ્દાર્થ—સત્સંગ નથી, સેવા નથી, નિવેદનનું સ્મરણ નથી, વળી આશ્રય નથી, ધૈર્ય તથા વિવેક પણ નથી, તેમજ શરણમાં સ્થિતિ એટલે દ્રઢાશ્રય પણ નથી.–(૨).

વિવેચન—બીજાં સાધન ન હોય પણ સત્સંગ હોય તો તેથી પુષ્ટિમાર્ગીય ફળનો અનુભવ થાય. પણ મને તો પુષ્ટિમાર્ગીય સત્સંગ પણ નથી. સત્સંગથી આઠ પહોર મન ભગવત્સેવામાં લાગે તો ફળરૂપ માનસી સેવા સિદ્ધ થાય. પણ મારાથી તો તનુજા કે વિત્તજા સેવા પણ નથી બનતી, ત્યાં માનસી તો પરમ દુર્લભ છે આ માર્ગમાં તો સેવા મુખ્ય છે. જેમ બ્રાહ્મણ ગાયત્રી ન ભણે તો બ્રહ્મત્વ જાય, તેમ વૈષ્ણવ સેવા ન કરે તો વૈષ્ણવતા જાય. તો મારામાં તો સેવા પણ નથી. વળી નિવેદનનું અનુસંધાન આ પુષ્ટિમાર્ગમાં સર્વથા જોઈએ. નવરત્નમાં શ્રીમહાપ્રભુજી કહે છે "નિવેદનનું સ્મરણ તાદ્રશી ભગવદીયના સંગમાં હંમેશાં કરવું જોઈએ." પણ મને તો નથી તાદ્રશીનો સંગ કે નથી નિવેદનની સ્મૃતિ. એક પ્રભુનોજ આશ્રય મનમાં રાખવો એજ પરમ સાધન છે. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રયમાં કહે છે કે "અશકયમાં હરિજ શરણ છે, તેથી બધું આશ્રયથી સિદ્ધ થાય." આવી રીતે શ્રીકૃષ્ણનો દ્રઢ આશ્રય પણ નથી. હવે વિવેક જોઈએ. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે, "હરિ ભગવાન, પોતાની તથા પોતાના ભકતની ઈચ્છા પ્રમાણે બધું કરશે આવું સમજવું, તે વિવેક." મનમાં વિચાર થાય કે પ્રભુ સર્વ કરે છે, જીવનું કર્યું કશું બનતું નથી, આવો વિવેક વૈષ્ણવને જોઈએ તે નથી. વૈષ્ણવે દુઃખ સુખમાં ધૈર્ય રાખવું જોઈએ. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રયમાં કહે છે કે, "મૃત્યુ સમાન સંકટ આવે અથવા મૃત્યુ થઈ જાય ત્યાં સુધી આધ્યાત્મિકાદિ ત્રણ પ્રકારનાં દુઃખ આવે તો તે સહન કરવાં તે ધૈર્ય. તક્ર એટલે છાશની પેઠે, જડ ભરતની પેઠે અને વ્રજ ભકતોની પેઠે અથવા ગોપની સ્ત્રીની વાર્તા શ્રીગોકુલોત્સવજી કૃત ટીકામાં છે તે ગોપસ્ત્રીની પેઠે અથવા દેહની પેઠે ભાવના કરવી.) (૧) તક્રવત્ એટલે છાશ વલોવવાનું દુઃખ સહન કરે છે તો સાર રૂપ માખણ નીકળે છે, પછી છાશમાં જેમ મમત્વ રહેતું નથી તેમ દેહ તથા દેહના સંબંધમાં મમતા રાખવી નહિં. (૨) જડવત એટલે જડ ભરતને ભદ્રકાળી પાસે મારવાને લઈ ગયા, તે પણ સહન કર્યું, આથી તેમના તેજથી ભદ્રકાળીની મૂર્તિ ભિન્ન થઇને અંદરથી દેવી નીકળી, અને જડભરતને મારનારાઓને મારી નાખ્યા. (૩) ગોપભાર્યા—વ્રજભકતોએ લૌકિક વૈદિક તજ્યું, તેમાં જે જે દુઃખ આવ્યું, તે તે સહન કર્યું. અથવા શ્રીગોકલોત્સવની ટીકામાં ગોપભાર્યાનો પ્રસંગ છે કે રાજાને મારીને પતિ પાસે ગઈ ત્યાં તો પતિને સાપ કરડયો, તે જોઇ પરદેશમાં ગઇ ત્યાં પ્રારબ્ધ યોગથી વેશ્યા થઈ, ત્યાં પુત્રની સાથેજ પતિની માફક સમાગમ થયો. આથી બળવા સારૂં ચિતામાં પડી, પછી અહીં ગોપની સ્ત્રી થઈ. આટલા દુઃખો તેણે સહન કર્યાં. (૪) દેહવત્—જીવ અહંતા મમતાથી ભરેલો છે. દેહ પરત્વે અહંતા—મમતા ખૂબ છે તે છોડવામાં દુઃખ થાય તે સહન કરવું. આવી રીતે આધ્યાત્મિક વિગેરે ત્રણ પ્રકારનાં દુઃખો વૈષ્ણવે સહન કરવાં, એટલે ધીરજ જોઈ પ્રભુ પ્રસન્ન થાય. પ્રહલાદજીની પેઠે ટેક જોઈએ, પણ મારામાં તેવું ધૈર્ય પણ નથી. વળી હરિના શરણમાં સ્થિતિ થાય. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રયમાં કહે છે કે, "આ લોકમાં અને પરલોકમાં, સર્વથા હરિજ શરણ છે. દુઃખમાં તથા હાનિમાં તથા પાપમાં, ભયમાં, કામાદિ પૂર્ણ ન થાય તેમાં, તથા ભકત દ્રોહ કરે અથવા ભકતોનો દ્રોહ થઈ જાય તેમાં, ભકિતના અભાવમાં, ભકત અતિક્રમ કરે અથવા ભકતનો અતિક્રમ થઈ જાય તેમાં, અશકયમાં તથા સુશકયમાં, વિ. સર્વ અવસ્થામાં હરિજ શરણ છે" આવી રીતે શરણ ભાવના રાખવી. શ્રીકૃષ્ણાશ્રયમાં કહ્યું છે કે "શરણમાં રહેનારા જીવના ઉદ્ધાર માટે અથવા ઉદ્ધાર કરનારા શ્રીકૃષ્ણને હું વિનંતિ કરૂં છું."

માટે આપને શરણે જઇને રહે તો પ્રભુ ઉદ્ધાર કરે. આ બાબતમાં ભગવાન અર્જુન પ્રતિ કહે છે "સર્વ ધર્મને છોડીને મને મુખ્ય જાણી મારે શરણે આવ; હું તને સર્વ પાપથી મુકત કરીશ, શોક ન કર" આવી રીતે પ્રભુને શરણે જાય તો પ્રભુ કૃપા કરે, પણ હું તો શરણમાં પણ સ્થિત નથી.-(૨).

**શ્લોકઃ—ન માહાત્મ્યપરિસ્ફૂર્તિઃ સ્નેહસ્તુ ન હિ કુત્રચિત્ ।**
**આસકિતવ્યસનાદીનાં કથાપિ ખલુ દુર્લભા ॥૩॥**

**શબ્દાર્થ**—માહાત્મ્યની સ્ફૂર્તિ નથી, કોઈ ઠેકાણે સ્નેહ નથી, આસકિત અને વ્યસનાદિની તો વાતજ દુર્લભ છે.-(૩).

**વિવેચન**—શ્રીકૃષ્ણના માહાત્મ્યની સ્ફૂર્તિ હૃદયમાં થાય તો પણ પ્રીતિ થાય, પ્રભુના પ્રમેય બળથી ગાય, ગોપી એવા નિઃસાધનોને ફળ સિદ્ધિ થઇ છે, અજામિલને પુત્ર નામના ભાવથી તાર્યો છે, અવિદ્યા રૂપ પૂતનાને એક ક્ષણમાં મારી ભકતોની અવિદ્યા દૂર કરી છે. આ માર્ગમાં સ્ત્રી શુદ્રાદિકનો ઉદ્ધાર શ્રીમહાપ્રભુજીએ કર્યો છે. રંચક કૃપા દૃષ્ટિથી પણ ભકતનું સર્વ કાર્ય સિદ્ધ થાય છે, તો મને શો ડર છે? આવી રીતે માહાત્મ્યની સ્ફૂર્તિ પણ નથી, ચિત્તમાં સ્નેહ હોય તે પ્રભુ પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન છે, કારણ કે પ્રથમ પ્રભુમાં સ્નેહ થાય, પછી આસકિત થાય, પછી વ્યસન થાય તો અનુભવ થાય. પણ શ્રીકૃષ્ણના ચરણકમળમાં પ્રેમ પણ નથી. આસકિત વ્યસનાદિકની તો વાત કરવી પણ દુર્લભ છે. એટલે પ્રેમ આસકિત અને વ્યસન તો કયારે થાય? આ બાબતમાં ત્રિવિધ લીલા નામાવલિમાં કહે છે કે, "બાળલીલાનાં નામોના પાઠથી શ્રીકૃષ્ણમાં પ્રીતિ થાય છે, પૌઢ લીલાનાં નામોના પાઠથી આસકિત થાય છે, અને રાજલીલાના નામોના પાઠથી શ્રીકૃષ્ણનાં ચરણારવિંદમાં વ્યસન થાય. તેથી ભકિતની પ્રાપ્તિની ઇચ્છાવાળાએ હમેશા ત્રણે નામોનો જપ કરવો." માટે ત્રણે નામોના પાઠ મન ચોંટાડીને કરીએ, તો નિશ્ચય પુષ્ટિ ભકિતની પ્રાપ્તિ થાય. વળી ભકિતવર્દ્ધિનીમાં કહે છે કે, "જેમાં પ્રેમ, આસકિત અને વ્યસન થાય તેને શાસ્ત્રમાં બીજ કહ્યું છે." પણ મારામાં તો બીજ જ નથી ત્યાં સ્નેહ, આસકિત, અને વ્યસનાદિકની કથા પણ દુર્લભ છે.-(૩).

**શ્લોકઃ—ભકિતમાર્ગપ્રવેશો ન ધર્મમાર્ગે ન ચ સ્થિતિઃ ॥**
**દેશાદિશુદ્ધભાવો ન કાલદોષાન્ન વૈદિકમ્ ॥૪॥**

**શબ્દાર્થ**—ભકિતમાર્ગમાં પ્રવેશ નથી, વળી ધર્મમાર્ગમાં પણ સ્થિતિ નથી, દેશાદિ પણ શુદ્ધ ભાવવાળાં નથી, કાળદોષથી વૈદિક (સિદ્ધ) નથી.-(૪).

**વિવેચન**—આ પુષ્ટિમાર્ગ સર્વોપરિ છે તેમાં મારો પ્રવેશ પણ નથી, કારણ કે શ્રીમહાપ્રભુજીના ભકિતમાર્ગમાં બ્રહ્માદિક શિવાદિકનો પ્રવેશ નથી. આ બાબતમાં ગોપાળદાસજી શ્રીવલ્લભાખ્યાનમાં ગાય છે કે "એવો માર્ગ શ્રીવલ્લભ વરનોરે જ્યાં નહિ પ્રવેશ વિધિ હરનોરે." આવો શુદ્ધ માર્ગ છે તેમાં પ્રવેશ થાય એવું એક પણ સાધન મારામાં નથી, તેથી મારા મનમાં એમ જાણું છું, કે આ સર્વોપરિ ભકિતમાર્ગમાં દોષરૂપનો પ્રવેશ નથી.-(૧૮. વળી લોક ધર્મમાં પણ સ્થિતિ નથી. માટે મારા મનમાં એમ જાણું છું કે આ અલૌકિક ભકિતમાર્ગ છે, તેમાં સ્થિતિ ન થઇ તો લૌકિકમાં તો સ્થિતિ થાય, પણ હું

લૌકિક ગૃહાદિકમાં પણ સ્થિત નથી.–(૧૯). દેશાદિક શુદ્ધતાનો પણ આશ્રય નથી. કેટલાક જીવ શુદ્ધ દેશ (તીર્થો) નું સેવન કરે છે, એવા તીર્થોનો પણ આશ્રય નથી. (૨૦) વૈદિક ધર્મ પણ કાળદોષથી સિધ્ધ થતાં નથી. કર્મમાર્ગથી સ્વર્ગાદિક ફળ શાસ્ત્રોમાં કહ્યાં છે, પણ કાળ-દોષથી વૈદિક ધર્મ સિધ્ધ નથી. આ બાબતમાં સંન્યાસનિર્ણયમાં શ્રીમહાપ્રભુજી કહે છે, "સુતરાં કલિદોષાણાં પ્રબલત્વાત્" (હાલ કળિના દોષોની પ્રબળતાથી એવી સ્થિતિ છે) વળી શ્રીકૃષ્ણાશ્રયમાં કહ્યું છે કે, "સર્વ કર્મ અને વ્રતાદિ નાના પ્રકારના વાદથી નષ્ટ થયાં છે, અને પાખંડનોજ મુખ્ય પ્રયત્ન થાય છે, તેથી શ્રીકૃષ્ણજ મારી ગતિ છે." આવી રીતે કળિકાળના બળના કારણે મર્યાદા માર્ગનાં સાધન બધાં નષ્ટ થયા છે, તેથી હું વૈદિક કાર્યમાં પણ નથી.–(૪).

**શ્લોકઃ—ન ચ વ્યાવૃત્તિરાહિત્યં વ્યાવૃત્તૌ ન હરૌ મનઃ ।**
**ન ત્યાગશ્ચાપિ સેવાર્થં સ્વતંત્રસ્ય તુ કા કથા ॥૫॥**

**શબ્દાર્થ**—વ્યાવૃતિ વગર ચાલતું નથી, અને વ્યાવૃતિ કરતાં હરિમાં મન લાગતું નથી. વળી સેવાને માટે ત્યાગ પણ નથી, તો મનને પોતાને વશ કરીને સ્વતંત્ર થવાની તો વાતજ શી?–(૫).

**વિવેચન**—હું અવ્યાવૃત્ત પણ નથી. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી ભક્તિવર્ધિનીમાં કહે છે કે "અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ" (અવ્યાવૃત્ત થઈને પૂજા (સેવા) અને શ્રવણાદિ કરીને શ્રીકૃષ્ણને ભજવા જોઈએ) આવી રીતે અવ્યાવૃત્ત થઈને ભગવદ્ધર્મ (સેવા) કરવો જોઈએ તથા કથા સાંભળવી જોઈએ, પણ હું તો અવ્યાવૃત્ત પણ નથી. વ્યાવૃત્તિમાં પણ હરિમાં ચિત્ત વૃત્તિ જોઈએ. તે બાબતમાં શ્રીમહાપ્રભુજી ભક્તિવર્દ્ધનીમાં કહે છે કે, "વ્યાવૃત્તોऽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્સદા" વ્યાવૃત્તિમાં પણ હરિમાં ચિત્ત રાખીને કથા શ્રવણાદિનો યત્ન કરવો જોઈએ). આવી રીતે વ્યાવૃત્તિ દરમ્યાન પણ હરિમાં ચિત્ત રહેતું નથી. જેવી રીતે સંતદાસજી કોડી વેચતા, પણ ચિત્ત પ્રભુમાં રાખતા, કોઈની સાથે બોલતા પણ નહિ. વળી ભગવત્સેવાને માટે દેહથી, ઇંદ્રિયોથી, અને મનથી લૌકિક વૈદિકનો ત્યાગ થઈ શકતો નથી. જો ત્યાગ ન હોય તો સેવાજ ન બને. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી સેવા ફળમાં કહે છે કે, "ઉદ્વેગઃ પ્રતિબંધો વા ભોગો વા સ્યાત્તુ બાધકઃ" (ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ, આ ત્રણ સેવામાં બાધક છે.) જે બાધક હોય તેનો ત્યાગ કરવો. 'સેવાફળમાં' શ્રીમહાપ્રભુજી કહે છે કે, "બાધકાનાં પરિત્યાગો ભોગે પ્યેકં તથા પરમ્" (બાધકનો પરિત્યાગ કરવો, ભોગમાં પણ લૌકિક ભોગનો ત્યાગ કરવો.) ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ (સુંદર ખાનપાન) તેનો ત્યાગ પણ સેવાને માટે થતો નથી. વળી હું સ્વતંત્ર પણ નથી, દેહ ઇંદ્રિયોને વશ છું. કારણ કે વિષયાદિ ભોગનો ત્યાગ નથી થતો, પછી સ્વતંત્રતાની તો વાતજ શી? આવી રીતે મનથી સર્વ ઠેકાણેથી (લૌકિક–વૈદિકથી) સ્વતંત્ર થઈને પ્રભુનું શરણ નથી.–(૫).

**શ્લોક—ન કૃષ્ણવિરહસ્ફુર્તિઃ સંયમો ન ચ વાગ્દશો ।**
**નૌદાસીન્યમભક્તેષુ નાનાસક્તગૃહાદિષુ ॥૬॥**

**શબ્દાર્થ**—શ્રીકૃષ્ણના વિરહની સ્ફૂર્તિ નથી, વાણી અને મનનો ( અને દૃષ્ટિનો ) સંયમ ( નિરોધ ) નથી, અભકતોમાં ઉદાસીનતા નથી, ગૃહાદિકમાં અનાસકિત નથી.–(૬).

**વિવેચન**—શ્રીકૃષ્ણના વિરહની સ્ફૂર્તિ નથી, કારણ કે શ્રીકૃષ્ણના વિરહની સ્ફૂર્તિ સર્વ લૌકિક વૈદિકની વિસ્મારક (ભૂલાવનારી) છે તે કયાં છે? વિરહથી દૈન્ય આવે. જેમ રાસપંચાધ્યાયીમાં પ્રભુ અંતર્ધ્યાન થયા ત્યારે મુખ્ય ભકતોને વિરહ થયો, એટલે દીનતાથી કહ્યું કે, "હા નાથ! રમણ! પ્રિય! કયાં છો? કયાં છો? હે મહારાજ! હે સખે! હું આપની દાસી છું, તેને સન્નિધાન બતાવો. મતલબ કે દર્શન આપો" ત્યારબાદ સર્વ વ્રજ-ભકતો રૂદન કરવા લાગ્યાં, એવી દીનતા આવી ત્યારે પ્રકટ થયા. માટે આ પુષ્ટિમાર્ગમાં કેવળ વિપ્રયોગજ ફળરૂપ છે. પણ આવાં ફળરૂપ વિપ્રયોગની પણ પ્રાપ્તિ નથી. વળી વાણીનો અને નેત્રનો સંયમ પણ નથી. આ બાબતમાં શ્રીભાગવતમાં કહ્યું છે કે, "જે નેત્રો પ્રભુનાં દર્શન કરતાં નથી, તે નેત્રો મોરનાં પીછાંના ચાંદલા જેવા છે. અને જે જીભ ઉરૂગાય ( બહુ જાણે એવા ભગવાન ) ની કથાનું ગાન કરતી નથી, તે જીભ દેડકાંની પેઠે નકામું બોલનારી છે" આ બેઉ મહા બાધક છે. કારણ કે વાણીનો નિરોધ ન હોય તો મુખરતા દોષ થાય, અને નેત્રથી દોષો જોવાથી નેત્ર દોષરૂપ થઈ જાય છે. આથી વાણી અને નેત્રોનો અવશ્ય નિરોધ જોઇએ, પણ તે નથી. તેમજ ભગવાનના જે ભકત નથી, તેમનામાં ઉદાસીનતા જોઈએ અને ભગવદીયમાં સ્નેહ જોઈએ. કારણ કે ભગવદીયના સંગથી પુષ્ટિમાર્ગનું ફળ સિદ્ધ થાય છે, આ નિશ્ચય સિદ્ધાંત છે. પણ ભગવદિયોમાં સ્નેહ નથી, અને અભકતમાં ઉદાસીનતા નથી. તેથી આ માર્ગમાં આવેશ શી રીતે થશે? વળી ગૃહાદિક કાર્યોમાં મનથી આસકિત રહે તે પણ મહા બાધક છે. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી ઠેકાણે ઠેકાણે દૂષણ આપે છે. અને ભાગવતમાં પણ સર્વ ઠેકાણે પ્રસિદ્ધ છે, કે ગૃહાદિક લૌકિક કાર્યમાં આસકત છે, તેને ભગવદ્ધર્મ દુર્લભ છે. માટે ગૃહાદિકમાં અનાસકિત જોઇએ, મતલબ કે આસકિત ન જોઈએ, પણ તે નથી. હું તો ઉલટો ગૃહાદિકમાં આસકત છું.–(૬).

**શ્લોક**—નાહંકારાદિરાહિત્યં ન સ્વધર્મપરિગ્રહઃ।
નાન્યધર્મનિવૃત્તિશ્ચ કિં કરિષ્યતિ મત્પ્રભુઃ ॥૭॥
મયિ દોષનિધાને તુ સર્વસદ્ગુણવર્જિતે ।
નિઃસાધનત્વમેવં હિ સ્વસ્ય નિત્યં વિભાવયેત્ ॥૮॥

**શબ્દાર્થ**—અહંકારાદિકનો અભાવ પણ મારામાં નથી, પોતાનો ધર્મ જે ભકિતમાર્ગ તેનો અંગીકાર પણ મેં વાસ્તવિક રીતે કર્યો નથી. વળી અન્ય ધર્મની નિવૃત્તિ પણ નથી, ઉપર કહેલા સઘળા દોષોના ભંડારરૂપ અને એક પણ સદ્ગુણ વગરનો હું છું, તેના પર મારો પ્રભુ શું કરશે? આ પ્રમાણે હંમેશાં પોતાના નિઃસાધનપણાની ભાવના કરવી.–(૭-૮).

**વિવેચન**—અહંકાર ભકિતમાર્ગમાં બાધક છે. વિવેકધૈર્યાશ્રયમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "સ્વામી શ્રીકૃષ્ણના આધીનપણાની ભાવનાથી અંહકારનો ત્યાગ કરવો." જે સ્વતંત્ર હોય તે અહંકાર કરે, દાસનો ધર્મ નહિં. જો દાસ થઇને અહંકાર કરે તો દાસ ધર્મ જતો રહે, માટે દાસે તો પોતાના સ્વામી શ્રીકૃષ્ણના આધીનપણાની ભાવના કરવી. પણ હું તો

અહંકારથી રહિત નથી. વળી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે પોતાનો ધર્મ બરાબર ગ્રહણ કરવો જોઈએ, દૃઢતા જોઇએ. જેમ છિતસ્વામીને બીરબલે કહ્યું કે તમે પદમાં શ્રીગુસાંઈજીને શ્રી ઠાકોરજીનું સ્વરૂપ કરીને ગાઓ છો, પણ દેશાધિપતિ પૂછશે તો શો જવાબ દેશો ? આટલું સાંભળતાંજ છિતસ્વામીએ કહ્યું કે મારા મનથી તો તું પણ મ્લેચ્છ છે, જા, આજ પછી તારૂં મોઢું નહિ જોઉં. એમ કહીને વરષાસન પણ છોડીને ચાલ્યા ગયા. આવી રીતે પોતાના ધર્મમાં દૃઢતા જોઇએ. કામ, ક્રોધ, મદ, મત્સર તેનાથી રક્ષા કરવી જોઇએ. પણ હું તો કોઈ રીતે સ્વધર્મનું પાલન કરી શકતો નથી. વળી આ પુષ્ટિમાર્ગથી અન્ય ધર્મ જેટલા છે તે બધા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને બાધક છે, પણ તે અન્ય ધર્મોથી પણ હું નિવૃત્ત નથી. આ પ્રમાણે બત્રીસ દોષવાળો હું છું, તો હે મારા સ્વામી શ્રીકૃષ્ણ ! તમે મારા સ્વામી છો તે શું કરશો ? ત્યાગ કરશો કે અંગીકાર કરશો ? તેની મને ખબર પડતી નથી. (૭) હવે શ્રીહરિરાયજી કહે છે કે ઉપર જે દોષો કહ્યા તે બત્રીસ છે એમ ન સમજવું, પણ હું તો દોષોનો ભંડાર છું. દોષો અપાર છે, ગણતાં ગણતાં તેનો પાર ન આવે એટલા દોષો છે. વળી સારા ગુણો તો મારામાં છે નહિ. એક પણ ઉત્તમ ગુણ નથી, તો પ્રભુ શું કરશે ? આ પ્રમાણે નિઃસાધનતાની ભાવના હંમેશાં કરવી. કારણ કે નિઃસાધન થવાય તો તેના પર દયા કરી પ્રભુ તેના હૃદયમાં પધારી અનુભવ કરાવે.-(૮).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત સાડત્રીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

## —: શ્રી વલ્લભ વંશની ભાવના :—

એક વાર શ્રીહરિરાયજીએ શ્રીમહાપ્રભુજીના વંશના બાલકોની ભાવના વિઠ્ઠલનાથ ભટ્ટ આગળ પ્રકટ કરી હતી. તેમાં આપે આજ્ઞા કરી હતી કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પોતાના વંશમાં પૂર્વોકત ત્રિગુણાત્મક ધર્મો વડે મિશ્ર અને શુદ્ધ રૂપોથી વારંવાર પ્રકટ થયે જાય છે, એવું શ્રીવલ્લભ (ગોકુલેશ)નું વચન છે. અતઃ સ્વવંશ દ્વારા શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી જ તિલક, માલા અને મુદ્રા આદિને ધારણ કરી સ્વરૂપ સેવા, પૂજા આદિ વેદ પ્રમાણોનું રક્ષણ કરે છે.

શ્રી હરિરાયજીનાં આ વચનોથી આજ પર્યંત શ્રીવલ્લભકુલમાં એ ભાવના પ્રચલિત છે કે ત્રીજી પેઢીએ તે જ બાલક ધર્મરૂપથી પુનઃ પુનઃ પધારે છે. એથી નામ પણ ઘણું કરીને તે જ પ્રકારનાં રાખવામાં આવે છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી સાક્ષાત પુરૂષોત્તમના ભાવથી ભાવિત છે. એમને માટે અનેક પુરાણોમાં, અનેક સંહિતાઓમાં અને અનેક ઉપનિષદાદિમાં પણ પુરુષોત્તમ, અગ્નિ, આદિના ઉલ્લેખો પ્રાપ્ત છે. અતઃ તેમને ત્યાં કોઈ સાધારણ પુરૂષનો અવતાર સંભવે જ નહિ. તેથી પોતે જ પોતાના પૂર્વોકત ત્રિવિધ અલૌકિક ધર્મોના પ્રાકટ્યો કરી સ્વવંશથી ભૂતલ ઉપર ભકિતનો પ્રચાર કરે છે. સ્વવંશની એ વાત પણ પંચરાત્ર તેમજ પુરાણાદિમાં પ્રસિદ્ધ છે. શ્રી ગુસાંઈજીએ પણ એ વાતને "ભુવિભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વય કૃસિતાઃ તે જ સ્વવંશ સ્થાપિતા શેષ સ્વમાહાત્મ્ય સ્મયાપહ" આદિ નામોથી સ્પષ્ટ કરી છે. પોતાના કુલને શ્રીકૃષ્ણે આત્મસાત કરેલું છે એથી તે નિર્દોષ છે એ વાતને પણ શ્રીગુસાંઈજીએ જ "અસ્મત્કુલં નિષ્કલંકં શ્રીકૃષ્ણેનાત્મસાત્ કૃતમ," આદિ વચનોથી સ્પષ્ટ કરી છે. શ્રીરઘુનાથજીએ "સ્વાનુરૂપસુતપ્રસુ" થી વંશ પરંપરાને પણ તેજ પ્રકારે સ્પષ્ટ કરેલ છે.

કે, "કૃષ્ણો રસાત્મકો નિત્યં, ગોપિકામંડલે સ્થિતઃ। યમુનાપુલિનાંતસ્થવૃંદાવનવિરાજિતઃ (૧) નિત્યગાનરસાવિષ્ટો, વિશિષ્ટોઽક્ષરતઃ ક્ષરાત, ભાવૈકગમ્યેઃ, સર્વત્ર પ્રસિદ્ધઃ પુરુષોત્તમઃ ॥૨॥ આ પ્રમાણે બેઉ શ્લોકમાં જુદો પાઠ પણ છે. તે પ્રમાણે અર્થ—શ્રીકૃષ્ણ રસાત્મક છે, નિત્ય ગોપિકાઓનાં વૃંદમાં વિરાજિત છે, શ્રીયમુનાજીના પુલિનની પાસે શ્રીવૃંદાવન શોભે છે,–૧. હંમેશાં ગાનરસથી આવેશવાળા છે, ક્ષર તથા અક્ષરથી શ્રેષ્ઠ છે, ભકતોના ભાવથી ગમ્ય છે, અને સર્વત્ર પ્રસિદ્ધ પુરુષોત્તમ છે. જેમ શ્રીકૃષ્ણ રસાત્મક છે તેમ શ્રીયમુનાજી પણ રસાત્મક છે. તેજ પ્રમાણે શ્રીયમુનાજીનો પુલિન પણ રસાત્મક છે, પુલિનની મધ્યે શ્રીવૃંદાવન છે તે પણ રસાત્મક છે, ત્યાં ભકતસહિત શ્રીકૃષ્ણ બિરાજમાન છે. શ્રીયમુનાષ્ટકમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે, "તટ પર રહેલા એવા નવિન વનના પ્રકટ સુગંધીદાર પવનના મકરન્દથી સુર અને અસુરથી પૂજાએલાં એવાં, સ્મર પિતા શ્રીકૃષ્ણના જેવી શોભાને ધારણ કરનારાં એવાં શ્રીયમુનાજીને હું નમન કરૂં છું." (સૂર અને અસૂર એટલે શુદ્ધ ભાવનાવાળા અને માન ભાવવાવાળા ભકતો.) આવી રીતે શ્રી યમુનાજીના તટપર શ્રીવૃંદાવનમાં પ્રભુ બિરાજીને બેઉ પ્રકારની લીલા કરે છે. પ્રથમ સ્થલ ક્રીડા કરે, તેમાં શ્રમ થવાથી જળ ક્રીડા કરે છે. આવી રીતે સદા સર્વદા બિરાજમાન છે. આ રીતે સ્મરણ કર્તવ્ય છે. "શ્રીવૃંદાવનમાં બિરાજમાન અને શ્રીગોપિકાઓનાં વૃંદમાં ક્રીડા કરનારા એવા શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું; શ્રીવૃંદાવનમાં હંમેશાં શ્રીયમુનાજીના તટ પર ગાન રાસાદિક લીલા વ્રજભકતોની સાથે અત્યંત રસાવિષ્ટ થઈને કરે છે. નિત્ય લીલાના બે પ્રકાર છે, એક અવતાર લીલા બીજી મૂળ લીલા; તેમાં અવતાર લીલામાં પ્રમાણ પ્રમેય, સાધન અને ફળ આ ક્રમ છે. તે શ્રી ભાગવતમાં બતાવ્યા છે. પ્રથમ શ્રીઠાકુરજીના પ્રાકટ્ય પહેલાં શાસ્ત્રમાં કહ્યું છે તેવું તપ પ્રમાણની રીતે કરે તો પ્રભુ પ્રકટ થઈ, પ્રમેય બળ જણાવી વરદાન આપે. આ વાત વાસુદેવ દેવકીજીને ત્યાં વ્યૂહ રૂપે પ્રકટ થઈને જણાવી, અને શ્રીનંદ યશોદાજીને ત્યાં વિપ્રયોગાત્મક ભાવરૂપ પ્રકટ થયા. ત્યાં જન્મોત્સવથી પ્રમાણ લીલાના ક્રમથી માખણચોરી, રીંગણલીલા, ઈત્યાદિ અનેક લીલાઓ કરી સુખ આપ્યું. વ્રજમાં પ્રમેયબળ પ્રકટ કરી અનેક લીલાઓ વેણુગીત પર્યંત કરી. પછી પ્રભુ મેળવવાની કામનાથી કુમારીકાઓએ કાત્યાયનીનું વ્રત કર્યું, ત્યાંથી લઇને શ્રીગોવર્ધનોત્સવ તથા વ્યાપિ વૈકુંઠ અક્ષર ધામનાં દર્શન કરાવ્યાં, ત્યાં સુધી સાધન તરીકે જણાવ્યાં. પછી રાસ પંચાધ્યાયીથી યુગલ ગીત પર્યંત ફળ જણાવ્યાં. અવતાર દશામાં આ ક્રમ છે. અને મૂળ લીલામાં સદા નિત્યલીલા છે, તે ક્ષર જે દેહાદિક તત્ત્વ, અને અક્ષર જે સર્વત્ર વ્યાપક બ્રહ્મ, એ બેઉથી પુરૂષોત્તમ શ્રેષ્ઠ છે. શ્રીગીતાજીમાં કહે છે કે, "હું ક્ષરથી અતીત છું, અક્ષરથી પણ ઉત્તમ છું; આથી લોકમાં તથા વેદમાં પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ છું." આ પ્રમાણે અર્જુન પ્રતિ ભગવાન કહે છે. એટલે કે **ભાવ વડે જે જણાય છે તે સાધન બળથી જાણી શકાતું નથી.**–(૨). એવા રસાત્મક પ્રભુનો અવતાર એક વિરાટ સ્વરૂપ છે; તેને શ્રી ગીતાજીમાં તથા શ્રીભાગવતમાં "પુરુષ" કહે છે. આ બ્રહ્માંડ એનું અંગ (વિરાટ) છે. અપાર મસ્તક, અપાર ભુજા, અપાર ચરણ તથા આકાશમાં મસ્તક છે, પાતાળેચરણ, અને વૃક્ષાદિક રોમાવલિ છે. આ બ્રહ્માંડનું મૂળ પ્રભુનો એ આદ્ય અવતાર છે. તે બધું અર્જુનને બતાવ્યું ત્યારે તેણે યુદ્ધ કર્યું. એવા વિરાટ સ્વરૂપના અંશાવતાર મત્સ્યકુર્માદિક છે. તે જેટલાં કાર્ય હોય તેટલાં કરે છે. ભગવાનનું મહાત્મ્ય સમજાય તેટલું કાર્ય કરવા માટે આ અવતારો છે. જ્યારે સમુદ્રમંથન વખતે મંદરાચળ

ડુબવા લાગ્યો, ત્યારે કચ્છપરૂપ થઈને તેને ધારણ કર્યો. વળી (૧) વામનજી, (૨) નૃસિંહજી, (૩) શ્રીરામચંદ્રજી, અને (૪) ચતુર્વ્યુહ ભગવાન જે વસુદેવજીને ત્યાં પ્રકટ થયા, આ ચારેય અવતારો ભકતનો ઉદ્ધાર કરનારા છે, તેથી એ ચારેયની જયંતીઓ ભકતજનો માને છે, બીજા અવતારોની નહિં. ધર્મ શાસ્ત્ર મર્યાદામાં પણ આ પ્રમાણે છે. આવી રીતે પૃથ્વીપર અનેક અવતાર થાય છે, અને વિવિધ લીલા કરીને પ્રભુ ભકતોને માટે પોતાનું માહાત્મ્ય પ્રકટ કરે છે.–(૩).

**શ્લોકઃ—અક્ષરં ધામવૈકુંઠં વ્યાપિવૈકુંઠસંજ્ઞકમ્ ।**
**બ્રહ્માનંદસ્તત્રલક્ષ્મીઃ પૂર્ણાનંદો હરિઃ સ્વયમ્ ॥૪॥**
**રમાવૈકુંઠવાસી તુ વિભૂતિર્યસ્ય વૈષ્ણવી ।**
**રમા તુ પાલિકા તત્ર શક્તિરિત્યવગમ્યતામ્ ॥૫॥**

**શબ્દાર્થ**—વ્યાપિ વૈકુંઠ છે નામ જેનું એવું અક્ષર ધામ વૈકુંઠ છે, ત્યાં બ્રહ્માનંદ છે તે લક્ષ્મી છે, અને આપ પૂર્ણાનંદ હરિ છે.–(૪). વળી રમા વૈકુંઠવાસી વિષ્ણુ છે, તે (પૂર્ણાનંદ હરિની) વિભૂતિ છે, જેની વૈષ્ણવી રમા (લક્ષ્મી) તે શકિત છે. તે વૈકુંઠમાં પાલન કરનારી છે, એમ જાણવું. (લક્ષ્મીજીની પ્રાર્થનાથી જે વૈકુંઠલોક પ્રકટ કર્યો તેને "રમાવૈકુંઠ" કહે છે)–(૫).

**વિવેચન**—અક્ષર ધામ છે તે વ્યાપિ વૈકુંઠ છે, તેમાં પ્રભુ બિરાજે છે. તે લોકાલોક પર્વતથી પણ આગળ જ્યાં અર્જુનને લઈ જઈને દર્શન કરાવ્યાં હતાં, તે સર્વનું મૂળ છે, તેનું નામ વ્યાપી વૈકુંઠ છે. તે વ્યાપિવૈકુંઠ સર્વમાં વ્યાપક છે, તેની અંદર પ્રભુ બિરાજે છે અને લીલાનો અનુભવ થાય છે, તેમ વ્યાપિવૈકુંઠ સર્વમાં છે. તોપણ જુદો અનુભવ થાય છે. તેમાં પ્રભુનાં દર્શન (ભીતર) થાય છે. તેમજ અક્ષર સર્વમાં વ્યાપક છે, અને સર્વથી ન્યારો છે. તેની અંદર (ભકતને) પ્રભુનો અનુભવ થાય છે. જેમ ૐકાર સર્વથી ન્યારો છે અને સર્વ વેદોનું મૂળ છે, અને સર્વમાં રહેલો છે, તેમ વ્યાપિવૈકુંઠ છે. તેથી જ્ઞાનીની દૃષ્ટિ વ્યાપિવૈકુંઠ સુધી પહોંચે છે. તે સર્વ ઠેકાણે વ્યાપક માને છે. તેથી એનો દાસ ભાવ છુટી જાય છે. અને ભકતને "સર્વ ઠેકાણે વ્યાપક" છે તે વાતનો તેમજ ભગવાન સર્વથી ન્યારા છે તેનો પણ અનુભવ થાય છે. તેથી વ્યાપક હોવા છતાં ન્યારો અનુભવ થાય એમ માને છે. અને વળી પોતાને દાસ જાણે છે. એવા અક્ષર ધામ વૈકુંઠમાં બ્રહ્માનંદરૂપ લક્ષ્મી છે, તેથી અક્ષર-બ્રહ્મની ઉપાસના કરનારા બ્રહ્માનંદરૂપ લક્ષ્મીજીમાં આસકત છે. તેને પૂર્ણાનંદ પ્રભુનો પૃથક અનુભવ થતો નથી. તેને બ્રહ્માનંદ જ મોક્ષ છે. (૪). વળી એક રમા વૈકુંઠ છે, ત્યાં સનકાદિકે જયવિજય ને શાપ આપ્યો. આ વૈકુંઠ અક્ષર ધામની વિભૂતિ છે, ત્યાંના સ્વામી વિષ્ણુ છે, તે પૂર્ણાનંદ હરિની વિભૂતિ છે. ત્યાંની લક્ષ્મી તે પાલિકા શકિત છે. પુરુષોત્તમની બાર શકિતઓ છે. તેમાં આ એક પાલિકા શકિત છે. આવી રીતે જ્યાં જેવા પ્રભુ બિરાજે છે, ત્યાં તેવીજ લક્ષ્મી પણ બિરાજે છે. શ્રીકૃષ્ણાવતાર તો સર્વનું મૂળ રૂપ છે, તે પ્રકાર હવે આગળ કહે છે.–(૫).

શ્લોકઃ—મૂલભૂતસ્યાવતારે મૂર્તિવ્યૂહોભિધીયતે ।
પ્રદ્યુમ્નો વાસુદેવશ્ચાનિરૂદ્ધોઽનંત એવ ચ ॥૬॥
વ્યૂહં વિરચ્ય યસ્તત્ર સ્થાપ્યતે પ્રાપ્યતે ન સઃ ।
તથૈવૈરાવૃતઃ કૃષ્ણો નાવતારેઽવગમ્યતે ॥૭॥

શબ્દાર્થ—મૂળભૂત (શ્રીકૃષ્ણ) ના અવતારમાં અથવા અવતારરૂપ વ્યૂહ સ્વરૂપ આપ કહેવાય છે તેમના નામ પ્રદ્યુમ્ન, વાસુદેવ અનિરૂદ્ધ અને સંકર્ષણ વ્યૂહ છે.–(૬). આ વ્યૂહને રચીને તેમાં જે બીરાજે છે તે અન્યને પ્રાપ્ત થતા નથી, તે પ્રમાણે આ વ્યુહે કરીને આવૃત્ત પ્રભુ શ્રીકૃષ્ણની અવતારમાં ગમ્ય નથી.–(૭).

વિવેચન—હવે વસુદેવજીને ત્યાં પ્રકટ છે, તેને કહે છે કે સર્વ અવતારોનું મૂળ તે છે. તે મૂર્તિ તો એક છે, અને ચતુર્વ્યૂહ પ્રકટ થયા છે, તેથી ચતુર્ભુજ પ્રકટયા છે. તે વ્યૂહનાં નામ કહે છે. પ્રદ્યુમ્ન, વાસુદેવ, અનિરૂદ્ધ, અને સંકર્ષણ. તેમનાં કાર્યો અનુક્રમે આ પ્રકારે છે. સંકર્ષણ વ્યૂહ તે દુષ્ટોનો નાશ કરવા માટે, (૨) વાસુદેવ વ્યૂહ મોક્ષ આપવાને માટે, (૩) પ્રદ્યુમ્ન વ્યુહ વંશવૃદ્ધયર્થ, અને (૪) અનિરૂદ્ધ વ્યુહ ભકતની રક્ષાને માટે ઇત્યાદિ અનેક કારણો છે, એ ચારેય યુથમાં પુરુષોત્તમ બિરાજે છે, તેમનો જન્મ (અવતાર) નથી, પણ પ્રાગટય–આવિર્ભાવ છે. શ્રીભાગવતમાં કહે છે "જનના નિવાસરૂપ, અથવા જન છે નિવાસનું સ્થાન જેનું, દેવકીજીને ત્યાં જન્મનો વાદ (નામ) માત્ર છે જેનો, યદુકુળના સર્વ મોટા યાદવ છે સભા જેની, પોતાના શ્રીહસ્તથી અધર્મનો નાશ કરનારા, સ્થાવર જંગમનાં દુઃખનો નાશ કરનારા, વ્રજની તથા પુરની (શહેરની) સ્ત્રીઓનો હાસ્ય યુકત મુખારવિંદથી કામદેવ વધારનાર શ્રીકૃષ્ણ, સર્વથી શ્રેષ્ઠ બિરાજે છે." વિગેરે વચનોથી દેવકીજીના ઉદરથી જન્મ તે કથનમાત્ર છે. જેમ પૂર્વ દિશાથી સૂર્ય અને ચંદ્ર પ્રકટે છે, એવી રીતે જાણવું. (૬). આવી રીતે ચતુર્વ્યુહ રચીને પોતે શ્રીકૃષ્ણ અંદર સ્થાપનાની માફક બિરાજમાન છે. અહીં કોઇ કહે કે શ્રીકૃષ્ણ સહિત ચતુર્વ્યુહ છે, તેથી ચતુર્વ્યુહનું પૂજન કરીએ, એટલે શ્રીકૃષ્ણનું પૂજન થયું ગણાય આવી રીતે કોઈ સંદેહ કરે ત્યાં કહે છે કે, વ્યુહથી આવૃત્ત શ્રીકૃષ્ણ છે તો પણ આ ચારે વ્યુહ અવતારોની ઉપાસના–પૂજાથી શ્રીકૃષ્ણના સ્વરૂપની ખબર પડે નહિં, કારણ કે પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સર્વમાં છે, અને સર્વથી ન્યારા પણ છે. અને વ્યુહ છે તે પુરુષોત્તમની આજ્ઞાને આધીન છે. જેટલી પ્રભુની આજ્ઞા છે, તેટલું કાર્ય કરીને પછી પોતાના ધામમાં પધારે છે. (૧–સંકર્ષણ રૂપ. ૨–વાસુદેવરૂપ. ૩–પ્રદ્યુમ્નરૂપ. આ ચાર વ્યુહનાં ઉપર બતાવેલાં ચાર કાર્ય મુખ્ય છે, બીજાં અનેક છે. વૃંદાવનનાં જે સ્થાવર હતાં, તેમને પણ વેણું દ્વારા સુધાપાન કરાવ્યું, આથી તેમનું જડત્વનું દુઃખ મટયું. ગામડાંની અને શહેરની–સ્ત્રીઓને રસનો સમાન અનુભવ ન થાય, પણ અહીં તો ગામડાની સ્ત્રીઓને વિશેષ અનુભવ થયો.–પૂર્વ દિશામાં સૂર્ય અને ચંદ્ર પ્રકટે છે, તેમાં દિશાનો સંબંધ નથી, માત્ર માર્ગ સૂચન છે, તેજ પ્રમાણે દેવકીજીથી જન્મ નથી, પણ પ્રભુનું પ્રાકટય છે).

શ્રીકૃષ્ણ તો નિત્ય લીલા વિનોદ કરે છે. આથી વ્યુહની પૂજાથી તો સ્વર્ગ લોક તથા સારૂપ્ય, સામીપ્ય, સાયુજ્ય અને સાલોકય આ ચાર પ્રકારની મુકિત પ્રાપ્ત થાય છે, મુખ્ય

ફળરૂપ ભક્તિ–રસની પ્રાપ્તિ નથી. માટે સર્વોપરિ શ્રીકૃષ્ણજ છે. તેનીજ સ્વતંત્ર રીતે જુદી ભક્તિ કરવી, મિશ્રિત ભક્તિથી ફળમાં ન્યુનતા પ્રાપ્ત થાય છે. જીવ હવે સત્સંગ વિના શ્રીકૃષ્ણના માહાત્મ્યને જાણતો નથી, તે કહે છે.–(૭).

**શ્લોકઃ—અત એવ જના ભ્રાન્તાઃ પ્રાકૃતં તં વદન્તિ હિ ।**
**અંશકાર્યં મૂલરૂપે કલ્પયંત્યજ્ઞતાં ગતાઃ ॥૮॥**

શબ્દાર્થ—આથીજ જીવ ભ્રાંતિમાં પડી જાય છે ને તેથી શ્રીકૃષ્ણને પ્રાકૃત કહે છે, અને અજ્ઞાનતાને પ્રાપ્ત થયેલો જીવ અંશ સ્વરૂપના કાર્યને ફળરૂપ સમજે છે.–(૮).

વિવેચન—અંશ જે ચતુર્વ્યૂહ છે, તે જગતમાં અનેક લીલા કરે છે. મથુરામાંથી નાશી જઈ પછી કંઈ સોચ વિચાર કરે છે, કોઇની ટેહલ કરે છે, કોઈ કોઈને મળીને અનેક પ્રકારના વિચાર કરે છે, આ લીલા જોઈને કેટલાક જીવો જે અજ્ઞાની છે, તે મૂઢ મોહને વશ થઈને પ્રાકૃતની પેઠે શ્રીકૃષ્ણને જાણે છે. અવતાર દશામાં પણ કોઈક ભગવદીયો પ્રભુને જાણતા હતા અને કોઈ જાણતા પણ નહોતા, તો પછી કળીના જીવની તો શી વાત ? કારણ કે અંશાવતારની લીલાનું કાર્ય જોઈ સર્વ કોઈ કહેતા કે શ્રીકૃષ્ણે આ કાર્ય કર્યું. આ પ્રમાણે અજ્ઞાનતાથી મિથ્યા કલ્પના કરી મૂળરૂપ શ્રીકૃષ્ણનું નામ કહે છે, તેથીજ સર્વનો નાશ થયો. એક ઉદ્ધવજી ભક્ત હતા, તે શાપથી બચી ગયા. માટે શ્રીકૃષ્ણની ભક્તિ થવી દુર્લભ છે. શ્રીકૃષ્ણને તો કેવળ આનંદમય, રસાત્મક લીલા કર્તા જાણવા. બીજા કાર્યોમાં જેવું કાર્ય તેવી વ્યૂહની લીલા જાણવી. આ ભાવ દઢ રહે તો શ્રીકૃષ્ણમાં પ્રીતિ પ્રકટ થાય. હવે આ કૃષ્ણ કેવા છે તે હવે પછીના શ્લોકમાં કહે છે.–(૮).

**શ્લોકઃ—કૃષ્ણસ્તુ કેવલં લીલાં કરોતિ રસરૂપિણીમ્ ।**
**ભૂભારહરણં ચક્રે કલાભ્યામેવ સર્વથા ॥૯॥**

શબ્દાર્થ—શ્રીકૃષ્ણ તો કેવળ રસ રૂપ લીલાજ કરે છે, અને ભૂભાર હરણ તો સર્વથા કળા (અંશાવતાર) વડે કરીનેજ કર્યું છે.–(૯).

વિવેચન—શ્રીકૃષ્ણ તો સદા સર્વદા વ્રજભક્તોની સાથે રસરૂપ લીલા કરે છે, તે કહેતાં પાર આવે નહિં. જે નિજજન શ્રીમહાપ્રભુજીના અંતરંગ ભક્ત છે, તેમણે આ લીલા મનમાં અનુભવ કરવા યોગ્ય છે. માટે ( માનાદિ, વિહારાદિ ) ભગવદ લીલાને રસરૂપ લીલા કહી છે. આ પ્રમાણે શ્રીકૃષ્ણ સદા સર્વદા વૃંદાવનમાં બિરાજે છે. અને પૃથ્વીપર દૈત્ય રાક્ષસોનાં પાપ થાય છે, તે ભૂભારહરણને માટે શ્રીકૃષ્ણ કલાવતાર ધારણ કરીને દુષ્ટોને મારીને દેવતાની રક્ષા કરે છે. આવી રીતે વ્રજમાં નિત્ય એક રસ લીલા છે, અને અંશાવતારે કરીને સૃષ્ટિનું કાર્ય પણ કરે છે.–(૯).

**શ્લોક.—પરમાનંદદાનં તુ સ્વરૂપેણેતિ નિશ્ચયઃ ।**
**વ્રજસ્થ એવ સતતં પુરસ્થો વા કૃપાપરઃ ॥૧૦॥**
**તત્રાપિ રૂપભેદેન ક્રીડતિ સ્મ તથા રસઃ ॥**
**ધર્મિમાત્રં સ્વમર્યાદારહિતં કેવલં વ્રજે ॥૧૧॥**

શબ્દાર્થ—વ્રજમાં બિરાજે છે તે નિત્ય પરમાનંદનું દાન કરે છે, અને મથુરામાં બિરાજે છે તે જ્યારે કૃપા કરે ત્યારે ફળ સ્વરૂપ (રસાત્મક સ્વરૂપ) પરમાનંદનું દાન કરે છે, આ નિશ્ચય છે,-(૧૦). તેમાં પણ રસરૂપ પ્રભુ ભેદે કરીને ક્રીડા કરે છે, પોતાની મર્યાદા રહિત કેવળ ધર્મિ સ્વરૂપ ફકત વ્રજમાં બીરાજે છે.-(૧૧).

વિવેચન--પરમાનંદનું દાન તો સદા વ્રજમાં લીલા કરનાર શ્રીકૃષ્ણથીજ થાય, અને મધુપુરી તથા દ્વારિકામાં બિરાજમાન સ્વરૂપની કૃપા બહુ થાય તો કોઈવાર પરમાનંદનું દાન થાય, નહિં તો તે સ્વરૂપથી મોક્ષની પ્રાપ્તિ થાય, કારણ કે વ્રજમાં સ્થિત છે તે નિરંતર આનંદરૂપ લીલા કરે છે, અને મધુપુરીમાં સ્થિત છે તે વ્યુહ સહિત છે, તેથી જે જીવ મથુરાના શ્રીકૃષ્ણનો આશ્રય કરે છે તેને પુરીના સ્વરૂપ દ્વારા તેવું ફળ મળે છે. એ સ્વરૂપ મર્યાદા સહિત છે, તેથી મર્યાદામાર્ગીય રસનું દાન કરે છે. આ બાબતમાં શ્રીભગવાન ગીતાજીમાં કહે છે કે, "જીવ જે ભાવથી જે સ્વરૂપનો આશ્રય કરે તેને તેવું ફળ સિદ્ધ થાય છે. પ્રભુ તેજ ભાવથી તે જીવને ભજે છે. તેવાંજ ફળની પ્રાપ્તિ થાય." આવી રીતે શ્રીકૃષ્ણ અનેક રૂપ ધરી જગતમાં ઠેકાણે ઠેકાણે ક્રીડા કરે છે. જ્યાં જેવું સ્થળ છે, ત્યાં તેવું સ્વરૂપ છે, ત્યાં તેવોજ રસ છે. વ્રજમાં કેવળ મર્યાદા રહિત, ધર્મિરૂપ, લોક-વેદાતીત, રસાત્મક સ્વરૂપ સદા વિહાર કરે છે.-(૧૧).

**શ્લોકઃ—સર્વધર્મવિશિષ્ટં તુ સમર્યાદં પુરે મતમ્ ।।**
**ઉચ્છૃંખલા તુ યા લીલા કેવલૈન વ્રજે કૃતા ।।૧૨।।**
**પરમાનંદરૂપા સા બાલલીલાદિભેદતઃ ।।**
**સર્વત્ર રસલીલાત્વં ગૂઢભાવેન વર્ણિતમ્ ।।૧૩।।**

શબ્દાર્થ--સર્વ ધર્મ યુકત મર્યાદા સહિત સ્વરૂપ તો મધુપુરી અને દ્વારિકામાં માન્યું છે. અને બીજી જે ઉછ્રંખલ એટલે મર્યાદા રહિત લીલા છે, તે કેવળ રસાત્મક સ્વરૂપથી વ્રજમાં કરી છે.-(૧૨). તે બાલલીલાદિ ભેદવાળી અને પરમાનંદ રૂપ છે, સર્વત્ર ગૂઢભાવથી રસલીલાનું વર્ણન કર્યું છે.-(૧૩).

વિવેચન—સર્વ ધર્મ સહિત મર્યાદાયુકત સ્વરૂપ શ્રીમથુરાજી તથા દ્વારિકામાં બીરાજે છે, અને ઉચ્છલિત સ્વરૂપ પુષ્ટિ પુરુષોત્તમ વ્રજમાં (ઉછૃંખલ લીલાયુકત) બિરાજે છે. માટે મધુપુરી અને દ્વારિકાના સ્વરૂપમાં તથા વ્રજના સ્વરૂપમાં જે ભેદ છે તેવો ફળમાં પણ ભેદ છે. માટે વ્રજસ્થ સ્વરૂપની ભાવના કરવી.-(૧૨). વ્રજમાં શ્રીયશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ પરમાનંદ રૂપ છે. બાલલીલા, પૌગંડ લીલા, કિશોરલીલા, આ સઘળી લીલાઓ સર્વ ઠેકાણે રસરૂપ છે, તેનું શ્રીગુસાંઈજી ગૂઢભાવથી ગ્રંથોમાં વર્ણન કરે છે, તે ભાવ પ્રમાણે સઘળી લીલાઓનો અનુભવ કરવો. તે ગૂઢભાવ વર્ણનમાં ન આવે, પણ અંતરંગ ભકતોએ મનમાં અનુભવ કરવા યોગ્ય છે. આવું રસાત્મક સ્વરૂપ વ્રજમાં બિરાજે છે.-(૧૩).

**શ્લોકઃ—કામરૂપતયા કૃષ્ણે વયો ન હિ નિયામકમ્ ।**
**એતાદશે મૂલરૂપે મૂલલીલાસમન્વિતે ।।૧૪।।**

**ચિત્તં નિરંતરં સ્થાપ્ય સૈવ સેવા સ્વમાર્ગગા ॥**
**તત્સિદ્ધ્યર્થં શરીરેણ વિત્તેનાપિ વિધીયતામ્ ॥૧૫॥**

**શબ્દાર્થ**—શ્રીકૃષ્ણમાં કામરૂપપણાથી અવસ્થા નિયામક નથી. એવા મૂળ લીલા યુકત મૂળ સ્વરૂપમાં ચિત્ત નિરંતર સ્થાપન કરવું, તેજ આપણા માર્ગની સેવા છે. તેની સિદ્ધિને માટે શરીરથી અને ધનથી પણ સેવા કરવી.–(૧૪–૧૫).

વિવેચન—વ્રજમાં શ્રીકૃષ્ણ કોટિકામરૂપ વ્રજભકતોને સુખ આપવા માટે પ્રકટ્યા છે, તેથી સાક્ષાન્મન્મથ મન્મથ સ્વરૂપ છે. એ પ્રમાણે રાસપંચાધ્યાયીમાં કામદેવના પણ કામદેવ કહ્યા છે. તેમાં અવસ્થાનો ( વયનો ) નિયમ નથી. જન્મતાંજ આનંદનું રસદાન કર્યું છે. તે બાબતમાં શ્રી ભાગવતમાં કહ્યું છે, "મનુષ્યના નિવાસ રૂપ (સર્વમાં બીરાજતા) અને શ્રીદેવકીજીથી જન્મ લીધો છે તે માત્ર કથન છે જેનું, ઉત્તમ યાદવ કુળ જેની સભા રૂપ છે, પોતાનાં હાથેથી અધર્મનો નાશ કરનારા, સ્થાવર જંગમનાં દુઃખનું નિવારણ કરનારા, હાસ્ય યુકત મુખારવિંદથી વ્રજના તથા મધુપુરી અને દ્વારકાની સ્ત્રીઓના કામની વૃદ્ધિ કરનારા પ્રભુ સર્વથી અધિકતાથી બિરાજે છે. આવી રીતે વ્રજવનિતાના કામની વૃદ્ધિ કરે છે. વળી શ્રીગુંસાઈજી પલનામાં પણ કહે છે કે "માનિનીમાનહરણમ્" શ્રીયશોદાજીના આગળ પલનામાં ઝુલે છે, અને સ્વામિનીજીનું માન પણ છોડાવે છે. (માન હરે છે.) આવી રીતે બાલલીલામાં પણ એક કાલાવચ્છિન્ન અનેક લીલા કરે છે, એવું વિરૂદ્ધધર્માશ્રય સ્વરૂપ વ્રજમાં છે. એવા મૂળ સ્વરૂપ શ્રીકૃષ્ણ મૂળ લીલા સહિત વ્રજમાં છે. જેમ મૂળરૂપ શ્રીકૃષ્ણ સદા એક રસ છે. એમ કહીને એવું જણાવે છે કે જેમ શ્રીકૃષ્ણ નિત્ય છે તેમ શ્રીકૃષ્ણની લીલા પણ નિત્ય છે.–(૧૪). ઉપર કહ્યા એવા શ્રીકૃષ્ણ સર્વના મૂળ રૂપ રસાત્મક છે, તેમને નિરંતર પોતાના ચિત્તમાં સ્થાપન કરવા. તેમજ રસાત્મક સેવા આપણા માર્ગમાં છે, માટે ચિત્તમાં નિરંતર એવા પ્રભુનો લીલા સહિત અનુભવ કરે, તે માનસી સેવા જાણવી. તેની સિદ્ધિને માટે શરીરથી તથા વિત્તથી સેવા નિત્યનિયમ પૂર્વક કર્તવ્ય છે. આ બાબતમાં શ્રીમહાપ્રભુજી સિદ્ધાંત મુકતાવલીમાં કહે છે કે "શ્રીકૃષ્ણની સેવા સદા કરવી, તેમાં માનસી સેવા ઉત્તમ માની છે. ચિત્ત પ્રભુમાં લીન થાય તેને સેવા જાણવી. તેની સિદ્ધિને માટે તનુજા વિત્તજા સેવા કરવી," આ પ્રમાણે શ્રીકૃષ્ણની તનુજા વિત્તજા સેવા નિત્ય નિયમ પૂર્વક કરે તો માનસી સેવા સિદ્ધ થાય. આ પુષ્ટિમાર્ગની રીતિ છે.–(૧૫).

**શ્લોકઃ—નિવેદનાનુસંધાનં વિધેયં તાદૃશૈઃ સહ ॥**
**સત્સંગ એવ કર્તવ્યો વિશ્વાસ સ્થાપ્યતાં દૃઢઃ ॥૧૬॥**

**શબ્દાર્થ**—નિવેદનનું અનુસંધાન તાદૃશી ભગવદીય સાથે કરવું, સત્સંગ પણ અવશ્ય કરવો, દૃઢ વિશ્વાસ પણ રાખવો.–(૧૬).

વિવેચન—એ પ્રમાણે શ્રીકૃષ્ણમાં ભાવ પ્રકટ થવા માટે સર્વાત્મભાવથી પુષ્ટિમાર્ગીય તાદૃશી ભગવદીય સાથે મળીને નિવેદનનું અનુસંધાન કરવું, એટલે કે સત્સંગ પણ નિત્ય નિયમ પ્રમાણે કરવો. ને ભગવદીયનાં વચનપર પોતાના મનમાં ચાતક પક્ષીની પેઠે દૃઢ વિશ્વાસ રાખવો. એથી શ્રીકૃષ્ણના સ્વરૂપાનંદનો અનુભવ થાય.–(૧૬).

**શ્લોકઃ—કૃષ્ણઃ કૃપાપરાધીનો દીનાનામનુપેક્ષકઃ ॥**
**સ્વકીયાનામનન્યભાવાત્કરિષ્યત્યવનં સ્વતઃ ॥૧૭॥**

**શબ્દાર્થ—**શ્રીકૃષ્ણ કૃપાળુ હોવાના કારણે પરાધીન છે, તે દીન જનોની ઉપેક્ષા કરતા નથી. તેથી પોતાના ભકતોની અનન્ય ભાવથી સ્વતઃ પોતેજ રક્ષા કરશે.–(૧૭).

**વિવેચન—**શ્રીકૃષ્ણ કેવા છે ? કૃપા કરીને ભકતને આધીન છે. આથી ભગવદીય ગાય છે કે "ભકત વિરહ કાતર કરૂણામય ડોલત પાછે લાગે" એવા શ્રીકૃષ્ણ પ્રસિદ્ધ છે. અર્જુનનો રથ હાંકયો; પાંડવોના આજ્ઞાકારી થયા, અને વ્રજભકતોથી તો એક ક્ષણ પણ જુદા રહેતા નથી. આવી રીતે શ્રીકૃષ્ણ કૃપાળુ હોવાના કારણે પોતાના ભકતોને આધીન છે. માટે પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી દ્વારા શરણે આવે, નિઃસાધન અને, દીનતાથી રહે, એવા ભકતની ઉપેક્ષા કદી પણ આપ કરતા નથી. અને જેમ સંસારાસકત જીવ લૌકિક વૈદિકમાં મહા દુઃખ પામે છે, તેની ઉપેક્ષા પ્રભુ કરે છે, પરંતુ પોતાના અંતરંગ ભકતો પ્રત્યે અન્યથા ભાવ કદી પણ કરતા નથી. સદાય ભાવની રક્ષા કરતા આવ્યા છે, કરે છે, અને કરશે જ. એવા કૃપાળુ શ્રીકૃષ્ણ છે.–(૧૭).

**શ્લોકઃ—ધર્મમાર્ગપ્રવૃત્તિસ્તુ ચિત્તશુદ્ધયા યથા હરૌ ॥**
**મતિઃ સ્યાન્નૈવ પાષણ્ડે તદર્થં સર્વથૈષ્યતે ॥૧૮॥**

**શબ્દાર્થ—**ધર્મ માર્ગની પ્રવૃત્તિ તો ચિત્ત શુદ્ધિથી હરિમાં મતિ થવા માટે અને પાખંડમાં મતિ ન રહે તેને માટે છે.–(૧૮).

**વિવેચન—**ધર્મમાર્ગમાં પ્રવૃત્ત થવાથી ચિત્ત શુધ્ધ થાય છે અને તેથી હરિમાં શુધ્ધ ભાવ થાય છે, પાખંડમાં મતિ ન થાય તેને માટેજ ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ છે–(૧૮).

**શ્લોક—માર્ગપ્રવર્તકાચાર્યચરણેષુ નિરંતરમ્ ॥**
**વિશ્વાસઃ સુદૃઢઃ કાર્યસ્તતઃ સર્વં ફલિષ્યતિ ॥૧૯॥**
**વિશેષો ગોવર્ધનદાસપત્રાજ્જ્ઞેયઃ કિમધિકમ્ ॥**

**શબ્દાર્થ—**આ પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીઆચાર્યજીના ચરણકમળમાં દૃઢ વિશ્વાસ રાખવો, તેથી બધું ફળરૂપ થશે. વિશેષ ગોવર્ધનદાસના પત્રથી જાણજો, વધારે શું લખવું.–(૧૯).

**વિવેચન—**આ પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીમહાપ્રભુજી છે. તેમના ચરણકમળનો દૃઢ આશ્રય કરવો. જે વૈષ્ણવના મનમાં દૃઢ આશ્રય થશે, તેનું સઘળું કાર્ય નિશ્ચય સિધ્ધ થશે, તેમાં સંદેહ નહિ. આ સર્વોપરિ સિદ્ધાંત છે કે શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો દૃઢ વિશ્વાસ રાખવો. વિશેષ સમાચાર ગોવર્ધનદાસના પત્રથી જાણજો.–(૧૯).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત આડત્રીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

॥૧૭॥

ોની ઉપેક્ષા કરતા
ા.-(૧૭).
ાથી ભગવદીય ગાય
પ્રસિદ્ધ છે. અર્જુ-
ક ક્ષણ પણ જુદા
ે આધીન છે. માટે
નતાથી રહે, એવા
ા લૌકિક વૈદિકમાં
ભકતો પ્રત્યે અન્યથા
છે, અને કરશે જ.

૧૮॥

થવા માટે અને

ેથી હરિમાં શુદ્ધ
છે.-(૧૮).

॥૧૯॥

ઢ વિશ્વાસ રાખવો,
લખવું.-(૧૯).
મળનો દૃઢ આશ્રય
સિદ્ધ થશે, તેમાં
નો દૃઢ વિશ્વાસ

કૃત વ્રજભાષાની

# * શિક્ષાપત્ર ૩૯ મું *

હવે ઓગણુચાળીસમા શિક્ષાપત્રમાં કહ્યું છે કે, સત્સંગ કરીને હંમેશાં મન સ્થિર કરવું. પ્રથમ જે નામ નિવેદનનો મંત્ર મળ્યો છે તેના અર્થનું અનુસંધાન કરવું. બુદ્ધિ સ્થિર રાખીને ભગવત્સેવા કરવી. વૈષ્ણવનું સમાધાન છે તેજ ભગવત્સેવા છે, પ્રભુમાં પ્રપત્તિ વધે તેજ કરવું. પ્રભુ દુરારાધ્ય છે, પણ સેવાથી વશ થાય છે, માટે ભગવત્સેવા કરનારા ભકતો ભાગ્યવાન છે, તેનું નિરૂપણ છે. આગળના શિક્ષાપત્રમાં પુષ્ટિમાર્ગમાં સેવ્ય રસાત્મક શ્રીકૃષ્ણ સ્વરૂપનું વર્ણન કર્યું છે તેમની સેવા કરવી અને ભગવદીયનો સંગ કરવો તેમ કહ્યું છે, તે પ્રકાર હવે કહે છે.

**શ્લોક—સત્સંગેન પ્રભૌ ચિત્તં સ્થાપનીયં નિરંતરમ્ ॥**
**પૂર્વં શ્રુતાનામર્થાનામનુસંધાનમાદરાત્ ॥૧॥**

શબ્દાર્થ—સત્સંગ વડે નિરંતર પ્રભુમાં ચિત્ત રાખવું. અને પ્રથમ સાંભળેલો નામ મંત્ર અને તેના અર્થનું અનુસંધાન પ્રીતિ પૂર્વક કરવું.-(૧).

વિવેચન—હવે શ્રીહરિરાયજી કહે છે કે સત્સંગ કરી પ્રભુ જે કૃષ્ણ, તેમનામાં ચિત્તને નિરંતર સ્થાપન કરવું, નવરત્ન ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે, "નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈ:" આવી રીતે નિવેદનનું સ્મરણ તાદૃશીય ભગવદીયની સાથે મળીને કરે તો ચિત્તમાં ભગવાન નિરંતર નિશ્ચય બીરાજે. આ બાબતમાં શ્રીકૃષ્ણ પોતે શ્રીમુખથી ઉદ્ધવજીને કહે છે કે "હું કોઈ સાધનોથી વશ થતો નથી. યોગ, સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ તેમજ ઈષ્ટાપૂર્ત, દક્ષિણા, વ્રત, યજ્ઞ, છંદ તીર્થ, નિયમ, યમ ઇત્યાદિ કોઈ સાધનો મને વશ કરી શકતાં નથી, પણ સત્સંગ મને વશ કરે છે." માટે સત્સંગ મોટો પદાર્થ છે. માટે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે હંમેશાં સત્સંગ કરવો. વળી શ્રીવલ્લભકુળદ્વારા અષ્ટાક્ષર મંત્ર સાંભળ્યો છે, તેનું અર્થ સહિત અનુસંધાન પ્રીતિ પૂર્વક કરવું. શ્રીકૃષ્ણનું જે નામ છે, તે સઘળાં વેદશાસ્ત્રોનો સાર અને પરમ રસાત્મક છે, એવા શ્રીકૃષ્ણને હું શરણે છું, આ નામ શ્રીઆચાર્યજી દ્વારા પ્રાપ્ત થયું છે, આવી રીતે ભાવના કરી ભગવન્નામમાં પરમ આદર રાખવો, આઠે પહોર સ્મરણ કરવું.-(૧).

**શ્લોક—ભગવત્સેવનં સમ્યગ્વિધેયમિતિ નિશ્ચય: ॥**
**વૈષ્ણવાદિસમાધાનં કૃષ્ણસેવૈવ સર્વથા ॥૨॥**
**યત: પ્રભૌ પ્રપત્તિર્હિ વર્દ્ધતે કાર્યકારણમ્ ॥**
**સેવયૈવ હિ સંતુષ્ટ: સુખસેવ્ય: પ્રભુર્ભવેત્ ॥૩॥**

શબ્દાર્થ—ભગવાનની સેવા સુંદર રીતે કરવી, આ નિશ્ચય રાખવો, વૈષ્ણવાદિકનું સમાધાન છે તે પણ શ્રીકૃષ્ણની સેવાજ છે, (શ્રીકૃષ્ણની સેવા છે, તે કારણ છે, અને

પ્રપત્તિની વૃદ્ધિ છે, તે કાર્ય છે.) કાર્ય કારણ ભાવથી નિશ્ચય પૂર્વક પ્રભુમાં પ્રપત્તિ (શરણ-ભાવના વધે છે; તેથી સેવાથી સંતોષ પામનારા પ્રભુ સુખ સેવ્ય થાય.-(૩).

વિવેચન—સારી રીતે અત્યંત પ્રીતિ પૂર્વક તથા જે પ્રકારની પુષ્ટિમાર્ગની રીતિ છે. તે પ્રકારે ભગવત્સેવા કરવી. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનો સેવા એજ પરમ ધર્મ છે. આ બાબતમાં નવમા સ્કંધમાં ભગવાન કહે છે કે "મારી સેવાથી સાક્ષાત્કાર થયો છે જેને એવો ભકત સાલોકયાદિક ચાર પ્રકારની મુકિતને ઇચ્છતો નથી, કારણ કે જે સેવાથી પૂર્ણ છે, તે કાળાંતરે નાશ પામે એવા સ્વર્ગાદિક કે રાજ્યાદિકની ઇચ્છા કેમ કરે ?" વળી ત્રીજા સ્કંધમાં કહે છે કે "દુષ્ટ પૂતનાએ જેમને મારવાને માટે કાળકૂટ વિષ સ્તનપાનમાં પાયું તો પણ તેને માતાની ગતિ આપી, તે પ્રભુના સિવાય બીજો કોણ દયાળુ છે કે તેને શરણે જઇએ!" વળી અષ્ટમ સ્કંધમાં બ્રહ્માજી કહે છે કે, "જેમ વૃક્ષના મૂળમાં જળનું સિંચન થાય તે છોટી મોટી સર્વ ડાળીઓને તૃપ્તિ આપે છે, તેમ વિષ્ણુનું આરાધન છે તે સર્વ દેવતાઓને તથા આત્માને સંતોષકારક છે." વિગેરે વચનો પ્રમાણે ભાવ વિચારી ભગવત્સેવા સર્વોપરિ મુખ્ય ધર્મ જાણી પ્રીતિ પૂર્વક નિત્ય નિયમ પ્રમાણે કરવી, અને મહાપ્રસાદ તથા પ્રસાદી વસ્ત્રોથી બને તેટલું વૈષ્ણવનું સમાધાન કરવું. જેમ પ્રીતિપૂર્વક ભગવત્સેવા કરીએ, તેમજ પ્રીતિપૂર્વક મહાપ્રસાદી વસ્તુથી તાદૃશીય વૈષ્ણવનું સમાધાન કરવું. આવી રીતે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ રહે તો પ્રભુ કૃપા કરે, (૨) પ્રભુની પ્રાપ્તિને માટે દીનતા પૂર્વક પ્રાર્થના કરે તો પ્રભુને દયા આવે, એટલે કૃપા કરે ત્યારે ભકિતની વૃદ્ધિ થાય. આ બાબતમાં શ્રીગુસાંઇજી વિજ્ઞપ્તિમાં કહે છે કે "જે દીનતાથી આપની કૃપા પ્રાપ્ત થાય તે દૈન્ય મારામાં જરા પણ નથી, માટે હે રાધાપતિ ! એવી કૃપા કરો કે જે કૃપાથી દીનતા પ્રાપ્ત થાય. પતિના સંગમ વિના સર્વ મનોરથ વ્યર્થ છે, માટે હે સખી, નિર્લજપણાની સિદ્ધિને માટેજ હું જીવું છું, હું ચિત્તથી દુષ્ટ છું, વચનથી પણ દુષ્ટ છું, ક્રિયાથી દુષ્ટ છું, કાયાથી દુષ્ટ છું, જ્ઞાનથી દુષ્ટ છું, ભજનથી દુષ્ટ છું, એવી રીતે સર્વ પ્રકારે હું દુષ્ટ છું, માટે મારો અપરાધ કેટલા પ્રકારે વિચારશો ? હું જે વિજ્ઞપ્તિમાં કહું છું, તે મારી ઉકિત વિજ્ઞપ્તિરૂપે કે અપરાધમાં કે પાખંડમાં, કે શેમા ગણાશે, હું મૂઢ બુદ્ધિવાળો હોવાથી જાણતો નથી. વળી મારા દોષો બહુ બળવાન છે તો પણ આપની કૃપા આગળ અતિ દુર્બળ છે. કારણ કે કૃપા છે તે ઈશ્વર ધર્મ છે, અને દોષ છે તે જીવ ધર્મ છે. ઈશ્વર ધર્મ આગળ જીવ ધર્મ અતિ દુર્બળ છે. વળી આપનાં દર્શન વગરનો જે આપનો ભકત છે તેનું જીવન હીન ભાગી યુવાન વિધવાના જીવની પેઠે વ્યર્થ છે." આવી રીતે અનેક ભાવથી પ્રભુ પ્રાપ્તિને માટે દીનતા પૂર્વક પ્રાર્થના કરવી, કે હું મહા દુષ્ટ છું, આપ મારા પ્રભુ છો, શ્રીમહાપ્રભુજી દ્વારા સંબંધ થયો છે, તો મારા પર કૃપા કરો. આવી રીતે દીનતાથી પ્રભુને દયા આવે, ને ભાવની વૃદ્ધિ થાય. ભાવની વૃદ્ધિનું કારણ એક દીનતાજ છે, માટે આવી રીતે દીન થઈ શ્રીકૃષ્ણની સેવા કરીએ તો શ્રીકૃષ્ણ સંતુષ્ટ થાય. આવા પ્રભુ વૈષ્ણવને સુખ સેવ્ય છે, કદી પણ સેવામાં પ્રતિબંધ ન કરે, કદી પણ રોગાદિક બાધા ન કરે, આખો જન્મ પ્રભુની સેવા નિર્વિઘ્નતાથી થાય.

શ્લોકઃ—દુરારાધ્યસ્ય સેવૈવ વશીકરણસાધનમ્ ।।
કૃષ્ણસેવા પ્રકુર્વતો ભાગ્યવંતો જના મતાઃ ।।૪।।

શબ્દાર્થ—પ્રભુ દુરારાધ્ય છે, તેમને વશ કરવાનું સાધન સેવાજ છે, માટે શ્રીકૃષ્ણની જે સેવા કરે છે, તે લોકો ભાગ્યવાન છે.–(૪).

વિવેચન—શ્રીકૃષ્ણ અત્યંત દુરારાધ્ય છે, બ્રહ્માદિ શિવાદિ અનેક જન્મ સુધી અનેક સાધન કરે છે, તો પણ કોઈક વાર સમાધિમાં ઝાંખી થાય છે. ત્યારે જીવ તો અનેક દોષોથી દુષ્ટ બની ગયો છે તેથી તેનાથી પ્રભુ દુરારાધ્ય છે. વળી મોટા મોટા યોગીઓ પોતાના હૃદયમાં કલ્પના કરે છે, મુનિજન જન્મો જન્મ યત્ન કરે છે, તેને પણ પ્રભુ દુરારાધ્ય છે તો જીવની શી વાત છે? તો પણ જે દૈવી જીવ આચાર્યશ્રીદ્વારા શરણે આવ્યા છે, અને પુષ્ટિમાર્ગીય રીતિ પ્રમાણે પ્રભુની સેવા કરે છે, અને દીન બનીને આ સાધન કરે છે, તેવા ભકતને પ્રભુ વશ થાય છે. તેથી જે વૈષ્ણવ પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી દ્વારા શરણે આવી માર્ગની રીતિ પ્રમાણે પ્રભુની સેવા કરે છે તે પરમ ભાગ્યવંત છે. તેનોજ જન્મ સુફલ છે, સપ્તમ સ્કંધમાં પ્રહલાદજી રાક્ષસોના બાલકોને કહે છે કે, "જે દેવ, અસુર, મનુષ્ય, પક્ષી, અથવા ગંધર્વ, મોક્ષ દેનારા પ્રભુનાં ચરણાવિંદને ભજે છે, તે આપણે જેવા અસુર છીએ તેવા હોય તો પણ તેમનું કલ્યાણ થાય છે" વળી છઠ્ઠા સ્કંધમાં પાર્વતીજીને મહાદેવજી કહે છે કે, "નારાયણ પરાયણ જે છે તે કોઈથી પણ ડરતા નથી. તેઓ સ્વર્ગ, મોક્ષ અને નરકમાં પણ સમાન અર્થ દેખનારા છે. તેમને બધું સરખું છે." એવા અનન્ય ભગવદ્ ભકત સમાન બીજો કોઈ નથી.–(૪).

**શ્લોકઃ—તસ્માન્મનઃ દૃઢં કૃત્વા કૃષ્ણ એવ હિ સેવ્યતામ્ ॥**
**અત્રત્ય વૃત્તમખિલં વદિષ્યતિ વેશેષતઃ ॥**
**શ્રીવિઠ્ઠલેશપ્રભોર્દાસ્યઃ શ્યામદાસસહસ્થિતઃ ॥૫॥**
**તત્રત્યવૃત્તાંતોઽખિલો વિવિચ્ય લેખ્યઃ કિમધિકમ્ ॥**

શબ્દાર્થ—માટે મન દૃઢ કરીને શ્રીકૃષ્ણની સેવા કરવી. અહીંનો સર્વ વૃત્તાંત શ્યામદાસની સંગે રહેલા શ્રીવિઠ્ઠલરાયજીના દાસ વિશેષતાથી કહેશે (૫) ત્યાંનો સર્વ વૃત્તાંત વિસ્તાર કરીને લખશો. વિશેષ શું લખું ?–(૬).

વિવેચન—સર્વોપરિ શ્રીકૃષ્ણની સેવા દ્રઢ મન રાખીને પ્રીતિ પૂર્વક કરવી જોઈએ. પ્રહલાદજી સપ્તમ સ્કંધમાં કહે છે કે, "દાન, તપ, યજ્ઞ, પવિત્રતા, અથવા વ્રત, પ્રભુને પ્રસન્ન કરતા નથી, પણ શુદ્ધ ભકિતથી પ્રભુ પ્રસન્ન થાય છે. ભકિત વિના બીજું બધું વિડંબના છે" વળી દશમ સ્કંધમાં ઉદ્ધવજી કહે છે કે, "દાન, તપ, વ્રત, હોમ, જપ, સ્વાધ્યાય, નિયમ, તેમજ બીજાં જુદા જુદા પ્રકારનાં સાધનોથી શ્રીકૃષ્ણમાં ભકિત સિદ્ધ થાય છે. (અને ભકિત સિદ્ધ થયા પછી ભગવાન ભકિતથી પ્રાપ્ત થાય.) એકાદશ સ્કંધમાં ભગવાન કહે છે કે, યોગાદિક સાધનથી પ્રાપ્ત થાય છે તે અને સ્વર્ગ અને મોક્ષ રૂપ મારૂં ધામ વ્યાપિવૈકુંઠ છે તે; વિના શ્રમે ભકિત યોગથી મારો ભકત મેળવે છે." તેથી શ્રીકૃષ્ણની ભકિત સર્વોપરિ છે. માટે નિષ્કામ થઇ શ્રીકૃષ્ણની સેવા મન રાખીને કરવી. અહીંની બીજી બધી ખબર વિશેષે કરીને શ્રીગોકુલનાથજીના પુત્ર શ્રીવિઠ્ઠલરાયજીનો સેવક શ્યામદાસ કહેશે, અને તમારે ત્યાંના જે સમાચાર હોય તે વિસ્તાર પૂર્વક પ્રત્યુત્તરમાં લખજો.–(૫).

ઇતિ શ્રીહરિરાયજી વિરચિત ઓગણચાલીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે સંપૂર્ણ.

# * શિક્ષાપત્ર ૪૦ મું *

હવે ચાળીસમાં શિક્ષાપત્રમાં પોતે નિઃસાધન છે એ વાતનો નિર્દેશ કરતા શ્રીહરિરાયજીનાં દીનતાના બહુજ વાક્યો છે. વળી પ્રેમજી નામનો સેવક ઉદાસ થયો છે, માટે તમારે ત્યાંથી તેના પર જુદા જુદા પત્રો લખવા, તેનું નિરૂપણ છે, ઉપર કહ્યું કે આ પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણની સેવા સર્વોપરિ છે, સાધન અને ફળ એજ કર્ત્તવ્ય છે, પણ મારાથી કશું બની શકતું નથી, આનું પણ નિરૂપણ છે.

**શ્લોકઃ—પત્રદ્વારા પ્રકુર્વે સ્વદુઃખવિનિવેદનમ્ ॥**
**મહત્તારાખ્યે ચલિતે દૂરગેષુ ભવત્સુ ચ ॥૧॥**
**જાનામિ નિજમાર્ગસ્ય ધર્મં કિંચિત્કૃપાબલાત્ ॥**
**તદાસિદ્ધિજહૃત્કલેશં કો મે દૂરીકરિષ્યતિ ॥૨॥**

**શબ્દાર્થ**—મહત્તર નામનો વૈષ્ણવ ચાલ્યો ગયો, અને તમે પણ દૂર છો, તેથી (જે મને દુઃખ થયું છે તે) મારા દુઃખને જણાવવાનો પ્રયત્ન પત્ર દ્વારા કરૂં છું.–(૧) કંઇક (મોટાઓના) કૃપાબલથી આપણા માર્ગના ધર્મને જાણું છું, પણ તે ધર્મની અસિદ્ધિને લીધે થએલો જે હૃદયનો કલેશ તેને કોણ દૂર કરશે ?–(૨).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી કહે છે કે હું મારૂં દુઃખ પત્રદ્વારા નિવેદન કરૂં છું, કારણ કે તમે સર્વ રીતે લાયક છો, મારા વહાલા ભાઇ છો, તેથી સુખદુઃખ તમારા વિના બીજા કોની પાસે કહું ? વળી તમે દૂર છો, જો પાસે હોત તો દુઃખમાં સહાય પણ કરત, તેમજ તમારા સંગથી મને દુઃખ હોત જ નહિં, માટે પત્રદ્વારા મારૂં દુઃખ જાણશો. મહત્તર છે નામ જેનું તે ભગવદીય મારી પાસેથી પોતાના કાર્યને માટે ગયો છે તે પણ મને છોડીને દૂર ગયો, અને તમે પણ અહીંથી દૂર છો. હમણાં મળવાની આશા મને નથી, તેથી પત્રદ્વારા મારૂં દુઃખ લખું છું, તે વાંચીને સમાચાર જાણશો.–(૧) શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઇજીની કૃપાના બળથી નિજમાર્ગ (આ પુષ્ટિમાર્ગ) નો ધર્મ જે કંઇક જાણું છું તે (ભગવદીય દૂર ગયા અને દુઃસંગ બહુજ છે તેથી) સિદ્ધ ન થયો, તેથી મારા હૃદયમાં અત્યંત કલેશ થયો છે. તે કોણ દૂર કરશે તેની મને ખબર પડતી નથી. કારણ કે હું સર્વ સાધનથી રહિત છું અને અનેક દોષોથી ભરેલો છું, માટે આ મારૂં દુઃખ કોણ દૂર કરશે?–(૨).

**શ્લોકઃ—પ્રાયઃ પાષંડીસુખ્યોઽહં હરિણા હૃદિ ચિંતિતઃ ॥**
**કૃપાલુરપ્યુપેક્ષાં મે કુરુતે દીનવત્સલઃ ॥૩॥**

**શબ્દાર્થ**—વિશેષ કરીને હું પાખંડીઓમાં મુખ્ય છું, હરિએ પણ એવુંજ વિચાર્યું છે, કારણ કે હરિ કૃપાળુ અને દીનવત્સલ છે તો પણ મારી ઉપેક્ષા કરે છે.–(૩).

વિવેચન--હવે શ્રીહરિરાયજી દીનતાની પ્રાપ્તિને માટે પોતાના સેવકોને (પુષ્ટિ વૈષ્ણવ) માટે પોતાનું નિઃસાધનપણું બતાવે છે, કે હું સઘળા પાખંડીઓમાં મુખ્ય છું, તે બાબતમાં મારા મુખથી હું શું કહું? પ્રભુ પણ મને પાખંડી જાણે છે, કારણ કે હરિ પોતે સર્વ દુઃખ હર્તા, પરમ દયાળ અને દીનવત્સલ છે તો પણ મારી ઉપેક્ષા કરી છે. આથી હું સમજું છું કે મને મહા પાખંડી જાણીને મારી ઉપેક્ષા કરી છે, પણ હવે હું શું કરૂં? આવી રીતે દીનતા કરવી જોઈએ. શ્રીગુસાંઈજીએ વિજ્ઞપ્તિમાં કહ્યું છે કે, "હું ચિત્તથી દુષ્ટ છું, કાયાથી પણ દુષ્ટ છું, ક્રિયાથી પણ દુષ્ટ છું, અને ભજનથી પણ દુષ્ટ છું, આવા મારા અપરાધો કયાં સુધી વિચારશો? વળી હું જાણું છું કે હું મંદભાગ્ય છું, કારણ કે ગોકુલેશ્વર આપનું નામ છે, આથી આપે ગાય, ગોપ, ગોપી વગેરે સઘળા વ્રજની રક્ષા કરી છે. તેમજ ભકતનો કલેશ આપ કદી પણ સહન કરતાં નથી એવો પરમ દયાળુ આપનો સ્વભાવ છે છતાં આપ દયા કરતા નથી અને કઠોર થયા છો. ભકતનો કલેશ (દુઃખ) હવે સહન કરવા લાગ્યા છો. પણ આપ ઈશ્વર છો, કર્તું, અકર્તું, અન્યથાકર્તું સર્વ સામ્યર્થવાળા છો, તેથી ફાવે તે કરો. આપને શું કહીએ? (હુંજ મંદભાગી છું, કે મારે લીધે આપનો આવો પરમ દયાળુ સ્વભાવ ફેરવીને કઠોર કરવો પડયો, આટલો પરિશ્રમ થયો, હવે ભકતોનો કલેશ સહન કરવા લાગ્યા.) આવી રીતે દીનતાજ પુષ્ટિમાર્ગમાં સાધન છે. ભગવદીય દીનતા પૂર્વક ગાય છે કે "હોં પતિતન કો રાજા, હોં પતિતન કો ઈશ, હોં પતિતન કો ટીકો, હોં પતિતન કો નાયક" વિગેરે દીનતાનાં વચનથી જીવનું સ્વરૂપ પ્રકટ કર્યું. જયારથી જીવ ભગવાનથી જુદો પડયો ત્યારથી દુષ્ટ થયો. શ્રીમહાપ્રભુજી બાલબોધ ગ્રંથમાં કહે છે કે, "જીવાઃ સ્વભાવતો દુષ્ટાઃ" આવી રીતે શ્રીહરિરાયજી શ્રીગુસાંઇજીના ભાવ પ્રમાણે કહે છે કે, હું પાખંડીમાં મુખ્ય છું, એમ ચિત્તમાં વિચારીને આપે મારી ઉપેક્ષા કરી છે. અહીં કોઇ કહે કે પ્રભુ શ્રીકૃષ્ણ ભકતની ઉપેક્ષા કરતા નથી, આવું શાસ્ત્રો પુરાણ, શ્રીભાગવત તથા શ્રીગીતાજી વગેરેમાં પ્રસિદ્ધ છે, તેથી તમે શાથી જાણ્યું કે ઉપેક્ષા કરી છે? આવી રીતે કોઈ કહે ત્યાં કહે છે કેઃ—

**શ્લોકઃ—ઉપેક્ષિતશ્ચ હરિણા સ્વજનૈરપ્યુપેક્ષ્યતે।**

**અતઃ કં યામિ શરણં વનસ્થ ઇવ વિસ્મૃતઃ ॥૪॥**

શબ્દાર્થ—પ્રભુ ઉપેક્ષા કરે એટલે સ્વજન એટલે વૈષ્ણવો પણ ઉપેક્ષા કરે, તેથી વનમાં (એટલે પોતાના જનોએ) વિસારી દીધો છે. અને હું પણ માર્ગ ભૂલી ગયો છું. હવે હું કોને શરણે જાઉં?–(૪).

વિવેચન—શ્રીકૃષ્ણે મારી ઉપેક્ષા કરી છે તેથીજ જાણે મને પુષ્ટિમાર્ગીય ભગવદીયોએ છોડી દીધો છે. મેં મોટાના મુખદ્વારા સાંભળ્યું છે કે પ્રભુ પ્રસન્ન થયા કયારે જાણવા? કે જ્યારે ભગવદીયનો મેળાપ થાય. અને પ્રભુ ઉદાસીન થયા કયારે જાણવા કે જ્યારે ભગવદીયો છોડી જાય. હમણાં ભગવદીયોએ મને છોડી દીધો છે, તેથી હું જાણું છું કે ભગવાન મારી ઉપેક્ષા કરે છે, હવે હું કોને શરણે જાઉં? જેમ કોઈ ગાઢા વનમાં ભૂલો પડે તે કોની પાસે જાય? કોઇ ઉપાય સૂઝે નહિં અને ભારે ચિંતા થાય, તેમજ મને બહુજ ચિંતા થઈ છે. અહીં કોઇ કહે કે પ્રભુએ છોડી દીધો છે તો આ દોષ તો પ્રભુનોજ તમે ગણો છો, તો આમાં ભકિતમાર્ગની રીતિ કયાં છે? પ્રભુ તો નિર્દોષ છે, તમે પ્રભુને દૂષિત કેમ ઠરાવ્યા? આવી રીતે કોઈ કહે તો કહે છે કે:—

**શ્લોકઃ—પ્રભોરપિ ન વૈ દોષો ગુણલેશોઽપિ નો મયિ ॥**
**વિસ્મૃત્ય દોષનિચયં યં ગૃહ્ણીયાદ્ગુણગ્રહઃ ॥૫॥**

**શબ્દાર્થ**—પ્રભુનો પણ દોષ નથી એ નિશ્ચય છે. કારણ કે (પ્રભુ કૃપા કરે) એવો મારામાં ગુણનો લેશ પણ નથી. પરંતુ પ્રભુ જેને ગ્રહણ કરે છે, તેના દોષોના સમૂહોને ન વિચારતા ગુણનેજ ગ્રહણ કરે છે, કારણ કે આપ ગુણગ્રાહી છે.-(૫).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી કહે છે કે :—પ્રભુનો દોષ તો લગાર પણ નથી, એ સઘળો દોષ મારોજ છે. મારામાં ગુણનો તો લેશ પણ નથી, અને દોષો તો નખથી શિખા પર્યંત ભરેલા છે. પણ તે મારા દોષો હું વિસરી ગયો છું. તથી મને મહા ગુણવાન જાણું છું, આ અજ્ઞાનતા મારામાં છે, તેમાં મારોજ દોષ છે. પ્રભુ તો સદા ગુણ યુકત છે, તેથી દોષો જોતા નથી જેનો અંગીકાર કરે છે તેના તો ગુણજ જુએ છે. મનેજ અજ્ઞાનતાથી ભ્રમ થાય છે.-(૫).

**શ્લોકઃ—યથા નિશ્વાસરહિતં કિં કરોતિ સુભેષજમ્ ॥**
**તથા વિગતભાવં માં કથાસેવાદિકં પુનઃ ॥૬॥**

**શબ્દાર્થ**—જેમ શ્વાસ વગરના માણસને સુંદર ઔષધ શા ઉપયોગનું છે? તેમ જેનો ભાવ જતો રહ્યો છે એવા મને સેવા કથાદિક શું કરે?-(૬).

**વિવેચન**—જેમ કોઈ સુંદર ઔષધ કોઈ માણસને આપે તો ઘણો ગુણ કરે, પણ તે માણસમાં શ્વાસ (પ્રાણ) ન હોય તો તો આવું સુંદર ઓસડ પણ વૃથા છે, કંઇ પણ પોતાનો પ્રભાવ ન બતાવે તેજ પ્રમાણે મારામાં ભાવના નથી, તેથી મને સેવાકથાદિક ભગવદ્ધર્મ શું કરે? જેમ પ્રાણ વિનાના પુરુષને સુંદર ઓસડ પણ નકામું છે, તેમજ ભાવ વિના સેવાકથાદિક પણ ક્રિયાવત છે, તેથી શું ફળ સિદ્ધ થાય? તેથી મને દુઃખ છે.-(૬).

**શ્લોકે—પ્રાયઃ કથૈવ નૈષાસ્તિ યતસ્તિષ્ઠતિ નો હૃદિ ।**
**ન વાનુભાવં કુરુતે નિજં ત્યાગાભિધં મયિ ॥૭॥**

**શબ્દાર્થ**—વળી એવી કથા પણ મોટા ભાગે પ્રાપ્ત નથી, એટલે અમારા હૃદયમાં સ્થિર નથી, વળી સંન્યાસ નિર્ણયમાં (વિરહથી) ત્યાગ નામે જે પોતાનો અનુભવ કહ્યો છે, તે પણ કરાતો નથી.-(૭).

**વિવેચન**—શ્રીકૃષ્ણની કથા સેવાદિકમાં આ જીવ સ્થિત નથી તો ભાવ હૃદયમાં કયાંથી સ્થિર થાય? ભગવદિય દ્વારા કથા શ્રવણ કરે તો ભાવ સિદ્ધ થાય. ભાગવત બીજા સ્કંધમાં કહે છે કે "પોતાના ભકતના કાનના છિદ્ર વાટે ભાવરૂપ કમળમાં પેઠેલા શ્રીકૃષ્ણ શરદઋતુ જેમ જળનો મેલ મટાડે છે તેમ હૃદયનો મેલ મટાડી દે છે." વળી શુકદેવજી કહે છે કે "આનંદ રસથી સુંદર એવું ગોવિંદનું માહાત્મ્ય છે, તેનું જો કોઇ નિત્ય શ્રવણ અને કીર્તન કરે તો તે કૃતાર્થ છે, તેમાં સંશય નથી." વિગેરે વચનોથી કથા કીર્તનાદિનું માહાત્મ્ય લખ્યું છે. એવી કથાના શ્રવણ

વિના ભાવ હૃદયમાં સ્થિર શી રીતે રહે? વળી જ્યાં સુધી દેહ સંબંધી કાર્યમાંથી મનનો ત્યાગ ન થાય ત્યાં સુધી શ્રીકૃષ્ણના સ્વરૂપનો અનુભવ ક્યાંથી થાય? કારણ કે ભાવ મનથીજ સિદ્ધ થાય છે, પણ મન તો લૌકિક સંસારાદિકમાં તથા વિષયમાં આવિષ્ટ થયું છે એટલે અનુભવ ક્યાંથી થાય? સંન્યાસ નિર્ણયમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "જેનો દેહ વિષયાદિ કામનાથી ભરેલો છે તેના હૃદયમાં ભગવદાવેશ સર્વથા ન થાય." આ પ્રમાણે મારા મનમાં પણ લૌકિક વૈદિકનો કંઈ ત્યાગ નથી તેથી અનુભવ નથી.–(૭).

**શ્લોકઃ—સેવા તુ પ્રતિબદ્ધા મે ભોગોદ્વેગાદિબાધકૈઃ ।।**
**ગેહવિત્તાદિકાસક્ત્યા કથં સા માનસી ભવેત્ ।।૮।।**

**શબ્દાર્થ**—ભોગ અને ઉદ્વેગાદિ પ્રતિબંધથી સેવા તો બંધ થઇ ગઈ છે, અને ગૃહ-ધનાદિકમાં આસક્તિ છે, ત્યાં માનસી સેવા શી રીતે સિદ્ધ થાય?–(૮).

વિવેચન—તનુજા વિત્તજા સેવામાં અનેક પ્રતિબંધ છે. શરીરમાં ઇંદ્રિયોના વિષયની કામના ઉઠે તેથી સેવા કરવામાં પણ ઉદ્વેગ થાય. મનમાં એમ થાય કે ક્યારે સેવા કરી રહું કે પછી ખાન પાન કરૂં? આવી રીતે પ્રથમ વિષયાદિ ભોગની કામના થાય એટલે મનમાં ઉદ્વેગ થાય, અને સેવામાં મન ન લાગે. તેથી પ્રભુને ન રૂચે એટલે પ્રતિબંધ થાય, કે જેથી સેવાજ ન બની શકે. વળી ગૃહાદિ કાર્ય અને વિત્તમાં આસક્તિ થાય, તો પછી માનસી સેવા ક્યાંથી સિદ્ધ થવાની? સેવા ફળમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે "ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ આ ત્રણ બાધક થાય" આ વચન પ્રમાણે સેવામાં ઉદ્વેગ તથા ભોગ એટલે ખાનપાન તેમજ વિષય ભોગ અને સંસારાસક્તિ અને લૌકિક પ્રતિબંધ, આ ત્રણે સેવામાં બાધક છે. જ્યારે ઉદ્વેગ થાય ત્યારે તનુજા વિત્તજા સેવા ન થાય અને લૌકિક આસક્તિ થાય, એટલે પછી માનસી સેવા તેને શી રીતે સિદ્ધ થાય? તનુજા વિત્તજા સેવા પણ સિદ્ધ નથી તો પછી માનસી તો પરમ દુર્લભજ છે.–(૮).

**શ્લોકઃ—તાતપાદેષુ યાતેષુ દુર્ભગસ્ય પરોક્ષતામ્ ।।**
**સત્સુ સર્વેષુ યાતેષુ દૃશોર્દૂરમહં સ્થિતઃ ।।૯।।**

**શબ્દાર્થ**—તાતપાદ (શ્રીકલ્યાણરાયજી) મારા જેવા દુર્ભાગ્યવાળાથી પરોક્ષ થયા છે, અને સર્વ સત્પુરુષો પણ દૂર ગયા છે. તેથી તેમની દૃષ્ટિથી પણ હું દૂર થયો છું–(૯).

વિવેચન—હવે શ્રીહરિરાયજી કહે છે કે શ્રીઆચાર્યજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી, તથા શ્રીકલ્યાણરાયજી તે અમારા પિતા સમાન છે. શ્રીમહાપ્રભુજી માર્ગ પ્રકટ કર્તા છે, શ્રીગુસાંઈજી માર્ગના પ્રકાશ કરનાર છે. શ્રીગોકુલનાથજી દ્વારા નામ નિવેદન થયું છે, તે મારા ગુરૂચરણ પિતાજ છે, અને શ્રીકલ્યાણરાયજી અમારા પિતા જગત્પ્રસિદ્ધ છે. આ તાત-ચરણ મારી પરોક્ષ છે, એટલે હું તેઓથી જુદો પડયો છું, તો આ સમયમાં આ દુઃખમાં મને સહાય કોણ કરશે? આથી હું દુર્ભાગી છું, અને સત્પુરુષ કે સર્વ ગુણ યુક્ત પુષ્ટિ-માર્ગીય વૈષ્ણવ તેમનાથી પણ હું દૂર પડયો છું. તેથી એમ જાણું છું કે હું દુર્ભાગી છું. આ દુઃખમાં મારી પાસે કોઇ ભગવદીય નથી કે જે મારૂં લગાર પણ સમાધાન કરે, તેથી હું શું કરૂં? દુઃખ પામું છું.–(૯).

**શ્લોકઃ—શ્રીભાગવતચિંતા તુ ન વિના સંગતેઃ સતામ્ ।**
**મનસોઽત્યંતવિક્ષેપાન્ન વા શરણભાવનમ્ ॥૧૦॥**

શબ્દાર્થ—સત્પુરુષની સંગતિ વિના શ્રીભાગવતનો વિચાર પણ થતો નથી, મનમાં અત્યંત વિક્ષેપને લીધે શરણની ભાવના પણ થતી નથી.–(૧૦).

વિવેચન—કોઈ કહે કે તમે મોટા જ્ઞાની છો તો પછી સત્સંગ નથી તોય શું થયું ? શ્રીભાગવતનું અવલોકન કરો, તેથી કરીને બધી ચિંતા તથા દુઃખ દુર થશે. આવી રીતે કોઈ કહે ત્યાં કહે છે કે, એકાગ્ર ચિત્ત હોય તથા સત્પુરુષોનો સંગ હોય તો ભાગવતની ખબર પડે. પણ સત્સંગ છે નહિં અને ચિંતાથી હૃદય દુઃખી થઇ રહ્યું છે, એટલે ભાગવતનો ભાવ મને કયાંથી સમજાય ? કારણ કે તાદૃશી ભગવદીય સત્પુરુષ હોય તે કૃપા કરીને શ્રીભાગવતનો ભાવ કહી બતાવે તો જાણી શકાય. પણ હું તો એકલો છું, તેથી આવા વ્યગ્ર ચિત્તથી શ્રીભાગવતથી કેવી રીતે સંતોષ મળે ? વળી કોઈ કહે કે શ્રીહરિના શરણની ભાવના કરો. શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રયમાં કહે છે કે, "અશકયમાં તથા સુશકયમાં (બધી બાબતમાં) સર્વથા હરિજ શરણ છે" એટલે શરણની ભાવનાથી સઘળું કાર્ય સિદ્ધ થાય છે તેથી શરણની ભાવના કરો. આવી રીતે કોઈ કહે ત્યાં શ્રીહરિરાયજી કહે છે કે મારા મનમાં અત્યંત વિક્ષેપ થઈ રહ્યો છે, તેથી શરણની ભાવના કયાંથી થાય ?–(૧૦).

**શ્લોકઃ—વાર્તાન્તરકૃતિપ્રેમ્ણા નાષ્ટાક્ષરમનો જપઃ ।**
**મહત્વમત્યા લોકાનાં પ્રપત્યા દૈન્યનાશકમ્ ॥૧૧॥**

શબ્દાર્થ—(ભગવદ્વાર્તા સિવાય) બીજી વાર્તા કરવામાં પ્રેમ છે, અને મનનપૂર્વક અષ્ટાક્ષરના જપ પણ થતા નથી, અને લોકો મને મહાન ગણી શરણે આવે છે તેથી મોટાઇ આવે છે અને દૈન્યનો નાશ થાય છે.–(૧૧).

વિવેચન—કોઈ કહે કે બીજું ન બને તો અષ્ટાક્ષર મંત્રનો જપ કરો, તેથી સઘળાં કાર્ય સિદ્ધ થશે. શ્રીમહાપ્રભુજી નવરત્ન ગ્રંથમાં કહે છે કે, "શ્રીકૃષ્ણઃ શરણં મમ, એવો નિરંતર પાઠ કરતા રહેવું." માટે અષ્ટાક્ષરનો જપજ હંમેશાં કરો એવું કોઈ કહે ત્યાં કહે છે કે, લૌકિક અન્ય વાર્તાઓમાં જો પ્રેમ થાય તો અષ્ટાક્ષરના જપ કયાંથી થાય ? અને મારો તો લૌકિક વાર્તામાં અત્યંત પ્રેમ છે, તેથી અષ્ટાક્ષરના જપ પણ થતા નથી. તો કોઈ કહે, દીનતા ભાવ કરો, તેનાથી પ્રભુ પ્રસન્ન થશે. દીનતા હોય તો ભગવાન સંતોષ પામે, આવી રીતે કોઈ કહે ત્યાં કહે છે કે લૌકિકમાં સર્વ લોકોમાં અમારી બડાઈ છે, અને તેની અહંતા મમતા પણ છે કે હું મોટો છું, બહુ સમજુ છું, મારામાં બહુજ ધર્મ છે, આથી કરીને દીનતાનો નાશ થઇ જાય છે. કારણ કે લોકોમાં બડાઈ છે તની મમતામાં ઉન્મત્ત, ફુલ્યો ફરૂં છું, તેથી દીનતાનો નાશ છે, હવે હું શું કરૂં ?–(૧૧).

**શ્લોક—નિવેદનાનુસંધાનં સદ્ભિરત્યકતસ્ય મે કથમ્ ? ।**
**કેવલં શરણં સર્વત્યાગાભાવાચ્ચ દુર્લભમ્ ॥૧૨॥**

શબ્દાર્થ—સત્પુરુષોએ જેનો ત્યાગ કર્યો છે એવો જે હું તેને નિવેદનનું અનુસંધાન ક્યાંથી થાય? વળી સર્વ ત્યાગની ભાવના પણ નથી તેથી શરણ પણ દુર્લભ છે.–(૧૨).

વિવેચન—કોઈ કહે કે નિવેદનનું અનુસંધાન રાખો, તેથી કરીને સર્વ સિદ્ધ થશે. આવી રીતે કોઈ કહે ત્યાં શ્રીહરિરાયજી કહે છે કે, સત્પુરુષ જે પુષ્ટિમાર્ગીય ભગવદીય છે તેમણે તો મને છોડી દીધો છે. હવે નિવેદનનું અનુસંધાન શી રીતે રાખું? કારણકે નિવેદનનું અનુસંધાન ભગવદીયો સાથે મળીને કરવું જોઈએ એવી નવરત્નમાં શ્રીઆચાર્યજીની આજ્ઞા છે. તેથી નિવેદનનું અનુસંધાન ભગવદીય વિના એકલાથી શી રીતે થાય? અહીં કોઈ કહે કે કેવળ પ્રભુનું શરણ કરો. શ્રીમહાપ્રભુજીએ જે શરણ માર્ગ પ્રકટ કરી શરણ સિદ્ધ કર્યું છે, તેજ કરો. એમ કહે ત્યાં કહે છે કે, કેવળ શરણ તો લૌકિક વૈદિકનો મનથી ત્યાગ થાય તો સિદ્ધ થાય. પણ મારા મનમાં તો લૌકિક વૈદિક કાર્ય વળગ્યું જ રહ્યું છું, સર્વ ત્યાગનો અભાવ છે, પછી શરણ ભાવના ક્યાંથી થાય? હવે હું શું કરું? [શરણ પણ દુર્લભ છે.–(૧૨).

**શ્લોક—ચાંચલ્યાચ્ચેતસઃ કુત્ર દૃઢઃ કૃષ્ણપદાશ્રયઃ ।**
**વિવેકધૈર્યે તદ્ધેતૂ મૂર્ખાધીશસ્ય મે કથમ્ ॥૧૩॥**

શબ્દાર્થ—ચિત્તની ચંચળતાથી શ્રીકૃષ્ણના ચરણારવિંદનો દૃઢ આશ્રય પણ ક્યાં? અને આશ્રયના કારણ રૂપ વિવેક તથા ધૈર્ય છે, તે પણ મારા જેવા મૂર્ખાધીશને ક્યાંથી પ્રાપ્ત હોય.–(૧૩).

વિવેચન—હવે શ્રીહરિરાયજી કહે છે, કે મારું ચિત્ત લૌકિક દેહ સંબંધી કાર્યોમાં અતિ ચંચળ છે, તેથી શ્રીકૃષ્ણના ચરણકમળમાં દૃઢ આશ્રય નથી, આશ્રયની બાબતમાં તો શું કહું? પણ વિવેક અને ધૈર્ય જે આશ્રયના સાધક છે, તે પણ, હું જે મૂર્ખાઓનો રાજા છું તેનામાં ક્યાંથી હોય? વિવેક, ધૈર્ય, અને આશ્રય ત્રણે જોઈએ. શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં કહે છે કે "વિવેકધૈર્યે સંતતં રક્ષણીયે તથાશ્રયઃ" (વિવેક, ધૈર્ય, તથા આશ્રય હંમેશાં રાખવો) આ વચન પ્રમાણે વિવેક અને ધૈર્યની આઠે પહોર રક્ષા કરવી, એટલે શ્રીકૃષ્ણનો દૃઢ આશ્રય સિદ્ધ થાય. પણ અજ્ઞાનીમાં વિવેકધૈર્ય ક્યાંથી થાય? તેથી આશ્રય પણ નથી.–(૧૩).

**શ્લોકઃ—ભાવો યદનુભાવેન ભવેન્નિષ્કાસિતસ્તતઃ ।**
**ક્વ તા વ્રજભુવઃ કૃષ્ણચરણાંબુરુહાંકિતાઃ ॥૧૪॥**

શબ્દાર્થ—જેના અનુભવથી ભાવ થાય તે (વ્રજદેશ) થી હું દૂર છું, અને શ્રીકૃષ્ણનાં ચરણારવિંદના ચિહ્ન ધ્વજ, વજ્ર, અંકુશ, પદ્મ, ઈત્યાદિથી અંકિત એવી વ્રજભૂમિ ક્યાં?–(૧૪).

વિવેચન—હવે શ્રીહરિરાયજી કહે છે કે કશું ન બને તો વ્રજલીલાની ભાવના કરવી, એટલે અનુભવ થાય. હવે ભાવનો અનુભવ તો વ્રજ સંબંધી લીલા સામગ્રી દેખવાથી થાય. પણ ત્યાંથી તો હું નીકળી ગયો છું, બહાર પરદેશમાં છું, તેથી ભાવ ઉત્પન્ન થાય? આવી રીતે નિઃસાધનતાની ભાવના કરતાં કરતાં દીનતા આવી, તે દીનતાથી તીવ્ર વિપ્રયોગ પ્રકટ

થયો, તેથી દેહનું અનુસંધાન ભૂલી જવાયું, અને વ્રજની લીલામાં તન્મય થઈને કહે છે કે, તે વ્રજની ભૂમિ ક્યાં છે? કે જ્યાં વ્રજ ભક્તો સાથે લીલા કરી છે, એવી વ્રજ ભૂમિ ક્યાં છે? જ્યાં ઠેકાણે ઠેકાણે શ્રીકૃષ્ણનાં ચરણારવિંદ છે, જેમાં ધ્વજ, વજ્ર, અંકુશ, સ્વસ્તિક, પદ્મ, અષ્ટકોણ, યવ, ઉર્ધ્વ રેખા, કલશ, આ નવ ચિહ્ન જમણા ચરણનાં તથા ગોપદ, જંબુ, મત્સ્ય, ધનુષ્ય, ત્રિકોણ, અર્ધચંદ્ર અને આકાશ, આ સાત ડાબા ચરણનાં ચિહ્ન મળીને સોળ ચિહ્ન છે, એવાં ચિહ્નથી અંકિત એવી વ્રજ ભૂમિ ક્યાં છે?–(૧૪).

**શ્લોકઃ—ક્વ શૈલઃ કૃષ્ણદાસાખ્યઃ પુલિંદીભાવપોષકઃ ॥**
**ક્વ તે યમુનોદ્દેશા લીલારસવિતારકાઃ ॥૧૫॥**

**શબ્દાર્થ**—પુલિંદીના ભાવનું પોષણ કરનાર કૃષ્ણદાસ (હરિદાસ) છે, નામ જેનું એવા શૈલ (ગિરિરાજજી) ક્યાં ? લીલા રસનો વિસ્તાર કરનાર શ્રીયમુનાજીનો ઉત્તમ એવો તે દેશ ક્યાં ?–(૧૫).

**વિવેચન**—કૃષ્ણદાસ જેનુ નામ છે, આવા પરમ દયાળુ શ્રીગિરિરાજજી ક્યાં છે? જેણે પુલિંદીજી સરખીના ભાવનું સ્થાપન કર્યું. શ્રીગિરિરાજજીના સંગથી પુલિંદીજીને ભાવ ઉત્પન્ન થયો, એવા શ્રીગિરિરાજજી સર્વાંગથી પ્રભુની સેવા કરે છે, સર્વ ઋતુઓમાં પ્રભુને સુખ આપે છે, ગાય સુખ પામે છે, એવા ગાયનું પોષણ કરનારા શ્રીગિરિરાજજી ક્યાં છે? શ્રીકુમારીકાઓના મનોરથ પુરનાર શ્રીયમુનાજી બીરાજે છે, એવો દેશ ક્યાં છે? એમના આશ્રયથી લીલાનો અનુભવ થાય તે ક્યાં ?–(૧૫).

**શ્લોકઃ—ક્વ તે વેણુરવા યૈર્વા સમાકૃષ્ટા વ્રજસ્થિતાઃ ॥**
**વ્રજનાથકરાંભોજપ્રોંચ્છિતાઃ ક્વ ગવાં ગણાઃ ॥૧૬॥**

**શબ્દાર્થ**—જેણે વ્રજમાં રહેલા વ્રજભક્તોનું આકર્ષણ કર્યું, તે વેણુ રવ ક્યાં છે? અને શ્રીકૃષ્ણે શ્રીહસ્ત કમળ વડે પોંછેલી (શ્રીહસ્ત શરીર પર ફેરવેલી) એવી ગાયોનો સમૂહ ક્યાં છે?–(૧૬).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી કહે છે કેઃ–શ્રીકૃષ્ણે વેણુનાદ કરી સમસ્ત સ્થાવર જંગમને સુધાનું દાન કર્યું, તે વેણુ રવ ક્યાં છે ? અને વ્રજનાથ શ્રીકૃષ્ણ પોતાના શ્રીહસ્તથી જેના શરીરને પોંછે છે, અને સુખ આપી જેનું પાલન કરે છે, એવી ગાયોનો સમૂહ ક્યાં છે ?–(૧૬).

**શ્લોકઃ—અનંતલીલાધારાસ્તે દ્રુમાઃ ક્વ વિપિનસ્થિતાઃ ।**
**વેણુનાદપરા વૃક્ષભુજારૂઢઃ ક્વ પક્ષિણઃ ॥૧૭॥**

**શબ્દાર્થ**—અનંત લીલાઓના આધારરૂપ તથા અનંત લીલારૂપ મધુધારાને વહેવરાવે છે એવા વૃંદાવનના વૃક્ષો ક્યાં ? વળી વૃક્ષોની શાખ પર બેઠેલા અને વેણુનાદ સુણવામાં તત્પર મુનિરૂપ પક્ષીઓ ક્યાં ?–(૧૭).

વિવેચન—શ્રીકૃષ્ણ જ્યાં ભક્તોની સાથે અનંત લીલાઓ કરે છે એવા શ્રીવૃંદાવનના સુંદર દ્રુમ છે, જેમાંથી વેણુનાદ સાંભળવાના કારણે મધુની ધારા વહે છે, એવાં વૃક્ષો ક્યાં છે? વળી વેણુનાદના રસનું પાન કરવામાં તત્પર એવાં પક્ષીઓ વૃક્ષાદિકની શાખાઓ જે ભુજારૂપ છે, તેના પર આરૂઢ થઈને પોતાનો ચંચળ સ્વભાવ ત્યાગ કરીને મુનિની પેઠે બેસે છે એવાં પક્ષીઓ ક્યાં છે? વેણુગીતમાં વ્રજભક્તો શ્રીયશોદાજીને કહે છે કે, "મૈયા! આ વૃંદાવનમાં પક્ષી છે તે મુનિયો છે. આ પક્ષીઓ વૃક્ષની ભુજારૂપ શાખાઓ ઉપર બેસીને શ્રી કૃષ્ણમાં દૃષ્ટિ સ્થિર કરીને અને તેમણે કરેલો અવ્યક્ત મધુર જે વેણુ ગીતનો નાદ છે:તેને નેત્ર મીંચીને અને અન્ય વાર્તાઓ તજી દઈને અને ધ્યાન મગ્ન બનીને સાંભળે છે" આવી રીતે વ્રજભક્તો ગાય છે. તેજ ભાવમાં શ્રીહરિરાયજી મગ્ન થઈ ગયા છે અને ભાવના કરે છે.–(૧૭).

**શ્લોકઃ—વ્રજસ્ત્રીચરણાંભોજરેણવઃ ક્વ વ્રજસ્થિતાઃ ।**
**દધિનિર્મંથનોન્નાદાઃ ક્વ તે શ્રવણમંગલાઃ ॥૧૮॥**

શબ્દાર્થ—વ્રજમાં રહેલી એવી વ્રજસ્ત્રીઓના ચરણની રેણુ ક્યાં? અને કાનમાં મંગળરૂપ કર્ણ મધુર એવો દધિમંથનનો નાદ ક્યાં? (૧૮).

વિવેચન—હવે શ્રીહરિરાયજી કહે છે કે વ્રજની સ્ત્રીઓના ચરણારવિંદની રેણુ વ્રજમાં બીરાજે છે, તે મને ક્યાંથી મળે? જેમ ઉદ્ધવજીએ ભ્રમરગીતમાં કહ્યું છે કે "વ્રજભક્તોની ચરણરજને સેવનાર વૃંદાવનમાં જે ગુલ્મલતા ઔષધિ છે તેમાં કંઈ પણ હું થાઉં, કારણ કે તે વ્રજભક્તો, ન તજી શકાય એવાં પોતાનાં સંબંધીજન અને વેદમાર્ગ તે બધું છોડીને શ્રુતિઓ જેને શોધે છે તે મોક્ષદાતા પ્રભુની પદવીને ભજે છે" આ ભાવમાં મગ્ન થઈને શ્રી હરિરાયજી વ્રજભક્તોના ચરણની રજની ભાવના કરે છે, અને પ્રાતઃકાળમાં દધિમંથનના શબ્દ સાંભળે તેવા તે પરમ મંગળરૂપ છે. દશમ સ્કંધમાં કહે છે કે "ગોપીજનો (પ્રાતઃ કાળમાં) દીવો કરીને વસ્તુને અર્ચન કરીને દધીમંથન કરવા લાગ્યાં, અને રજ્જુ એટલે નેતરાં ખેંચવા લાગ્યાં. હાથમાં કંકણ ને માલા છે, અને ચલાયમાન નિતંબ અને સ્તન તથા હાર તથા કુંડળવાળાં શોભતાં હતાં, વળી તેમના કાંતિવાળા સુંદર કપોલ ઉપર અરૂણ કુંકુમ યુક્ત છે મુખ જેમનાં, એવાં વ્રજભક્તો અત્યંત પ્રકાશમાન છે દીવા જેમાં, એવાં મણિઓથી બહુજ શોભાવાળાં થયાં. મંથનના શબ્દ સાથે મિશ્રિત થઈને આકાશમાં પહોંચ્યો આથી સર્વ દિશાઓનાં અમંગળ નાશ થયાં." આ ભાવમાં મગ્ન થઇ શ્રીહરિરાયજી દધીમંથનના શબ્દના વિરહની ભાવના કરે છે.–(૧૮).

**શ્લોકઃ—યમુનાવાલુકાદેહસંબંધઃ ક્વ જલસ્પૃશિઃ**
**બહિર્મુખત્વસાતત્યે તદીયત્વં ચ મે કુતઃ ॥૧૯॥**

શબ્દાર્થ—શ્રીયમુનાજીની વાલુકાનો દેહનો સંબંધ ક્યાં? શ્રીયમુનાજીના જળનો સ્પર્શ ક્યાં? અને મારો તો નિરંતર બહિર્મુખતાનો ભાવ છે, પછી તદીયપણું ક્યાંથી હોય?–(૧૯).

વિવેચન—હવે શ્રી હરિરાયજી કહે છે કે શ્રીયમુનાજીની વાલુકા ક્યાં છે? તથા શ્રમ-જળના સંબંધવાળું પરમ લીલારસ અમૃતમય શ્રીયમુનાજીનું જળ ક્યાં છે? તે જળ અને

વાલુકા (રમણરેતી) નો સંબંધ કયાં ? શ્રી ગુંસાઈજી શ્રીયમુના અષ્ટપદીમાં કહે છે કે, "આપના તટમાં આવેલી એવી વાલુકા આનંદથી મારા પોતાના અંગમાં હું પ્રાપ્ત કયારે કરીશ" આ શ્લોક પ્રમાણે શ્રીહરિરાયજી ભાવાવિષ્ટ થયા છે. આવી રીતે વિપ્રયોગ ભાવથી વ્રજની લીલાનો અનુભવ કરી, પછી દીનતા કરે છે કે હું નિરંતર બહિર્મુખ જ છું, તો પછી મને તદીયત્વ કયાંથી ? તદીયત્વ હોય તો તદીયનો સંગ થાય, અને તોજ ભાવની વૃદ્ધિ થાય, પણ તદીયત્વ નથી.-(૧૯).

**શ્લોકઃ—પરમાનંદદૂરસ્થે ચિત્રં કિં દુઃખસંતતૌ ।**
**પોષકાભાવતો નૈવ દૃઢઃ સ્વાચાર્યસંશ્રયઃ ॥૨૦॥**

**શબ્દાર્થ**—પરમાનંદ (શ્રીઠાકોરજી) થી દૂર રહેનારામાં દુઃખની પરંપરા ચાલે તેમાં નવાંઈ શું છે ? ભાવનું પોષણ કરનારના અભાવથી આપણા આચાર્યશ્રીનો યથાર્થ દૃઢ આશ્રય પણ નથી.-(૨૦).

**વિવેચન**—પરમાનંદ શ્રીગોવર્ધનનાથજી, સાતેય સ્વરૂપ, શ્રીવિઠ્ઠલનાથજી, અને પોતાના શિરપર બિરાજતા સ્વરૂપ આ પુષ્ટિમાર્ગમાં પરમાનંદ રૂપ રસાત્મક શ્રીકૃષ્ણ સેવ્ય છે. એવા શ્રીકૃષ્ણ મારાથી દૂર છે, તેથી કરીને મારા ચિત્તમાં નિરંત્તર દુઃખ રહે છે, એક તો મારામાં ભાવ નથી અને બીજું ભાવનું પોષણ કરનાર પણ કોઈ નથી, તેથીજ શ્રીમહાપ્રભુજીના ચરણકમળમાં દૃઢાશ્રય મારો નથી, આથીજ હું હંમેશાં દુઃખ પામું છું.-(૨૦).

**શ્લોક—વિષયાભિનિવેશેન પ્રેક્ષા ન વિશતિ પ્રભૌ ।**
**જાતોઽસ્મિ સાંપ્રતં સર્વસાધનાભાવવાનહમ્ ॥૨૧॥**

**શબ્દાર્થ**—વિષયના આવેશથી જ્ઞાન દૃષ્ટિ પ્રભુમાં પ્રવેશ કરતી નથી. હવે સર્વ સાધનોના અભાવવાળો હું થયો છું.-(૨૧).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી કહે છે કે હું વિષયાવેશથી ભરેલો છું, તેથી મારા હૃદયમાં પ્રભુ બીરાજતા નથી. શ્રીમહાપ્રભુજી સન્યાસનિર્ણયમાં કહે છે કે, "વિષયથી ભરેલા દેહવાળાઓમાં હરિનો આવેશ થતો નથી" આવી રીતે વિષયનો આવેશ જોઈને પ્રભુ હૃદયમાં સ્થિત થતા નથી. વળી મને વિષયના આવેશથી પ્રભુનાં દર્શનની ઇચ્છા થતી નથી, તો પછી પ્રભુ હૃદયમાં શી રીતે આવે ? આવી રીતે સર્વ સાધનોના અભાવવાળો હું છું, તો પછી ભાવ શી રીતે થાય ?-(૨૧).

**શ્લોક—નિઃસાધનત્વં ભાવે તુ વિદ્યમાને પ્રયોજકમ્ ॥**
**તદભાવે કેવલં મે દોષાયૈવ ન ચાન્યથા ॥૨૨॥**

**શબ્દાર્થ**—ભાવ હોય તો તો નિઃસાધનપણું ઉપયોગી છે, પરન્તુ ભાવનો તો અભાવ છે, તેથી મારૂં નિઃસાધનપણું છે તે કેવળ દોષના કારણરૂપ છે.-(૨૨).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી કહે છે કે હું ભાવ વિના નિઃસાધન બની બેઠો છું. સઘળાં સત્કાર્ય અને ભગવદ્ધર્મ પણ છુટી ગયો છે, આથી નિઃસાધનપણું પણ અપ્રયોજક

છે, તેનું કાર્ય સિદ્ધ થતું નથી. આ વાત જગપ્રસિદ્ધ છે કે સંસારી ભગવદ્ધર્મ નથી કરતા તો શું નિઃસાધનતા છે? તેમજ બીજા સંસારીઓ લૌકિક આસક્તથી જગતમાં કાંઈ સ્મરણું કે સત્કર્મ નથી કરતા તો તે શું નિઃસાધન છે? માટે ભગવાનમાં તદ્રૂપ ભાવ વિના સત્કાર્ય છોડી નિઃસાધન થાય તે કેવળ દોષારોપજ છે, બીજું કંઈ નથી-(૨૨).

શ્લોકઃ—શરીરેણાપ્યશક્તસ્ય ક્રિયા કા વાત્ર સેત્સ્યતિ ।
યથાંધો બધીરો મૂકો વિહસ્તઃ પંગુરુન્મનાઃ ॥૨૩॥

શબ્દાર્થ—જેમ આંધળો હોય, બહેરો હોય, મૂંગો હોય, હાથ વિનાનો હોય, પાંગળો હોય, બાવરો હોય તેમજ શરીરથી પણ અશક્ત હોય તેનાથી અહીંઆં કયું કાર્ય સિદ્ધ થાય-(૨૩).

વિવેચન—શરીરમાં સામર્થ્ય ન હોય તો લૌકિક અલૌકિક કશી ક્રિયા ન બને, તેમ ભાવના બધાં સાધન જુઠાં છે. તેનાં દૃષ્ટાંત કહે છે, જેમ આંધળો હોય તે શી રીતે જુએ? બહેરો શું સાંભળે? મૂંગો શું બોલે? હાથ વિના શું કાર્ય બને? પગ વિના શી રીતે ચલાય? વળી બાવરો હોય ને શું કાર્ય કરે? તેજ પ્રમાણે જે ભાવ વગરનો છે, લૌકિકમાં આસક્ત છે, તે કેવી રીતે મહા દુર્લભ એવા ભગવદ્ ભાવને પ્રાપ્ત કરે? ભાવ વિના તો પુષ્ટિમાર્ગીય ફળ સિદ્ધ નથી. આ બાબતમાં ભગવદીય ગાય છે કે "ભજ સખી ભાવિક દેવ, કોટિ સાધન કરો કોઉ, તોઉ ન માને સેવ. ધૂમકેતુ કુમાર માંગ્યો કોન પ્રીતિ, પુરુષતે ત્રિય ભાવ ઉપજ્યો સબે ઉલટી રીતિ. ૨ વસન ભૂષણ પલટ પહેરે, ભાવસોં ... ય, ઉલટી મુદ્રા દઈ અંકન વરણ સુધે હોય. ૩ વેદવિધિકો નેમ નાંહિ, પ્રેમકી પહેંચાન, વધૂ વશ કીયે મોહન સૂર ચતુર સુજાન." આવી રીતે ભાવથી સર્વ સિદ્ધ છે. પણ મારામાં ભાવનો લેશ પણ નથી, તેથી કશું સિદ્ધ નથી.-(૨૩).

શ્લોકઃ—અકામઃ કામવિક્ષિપ્તો હરિણોપેક્ષિતોઽધુના ।
વિમૃશામિ સદા સ્વાંતે કા ગતિર્મે ભવિષ્યતિ ॥૨૪॥

શબ્દાર્થ—ભગવદ્ધર્મની કામના વગરનો છું, લૌકિક કામથી વિક્ષિપ્ત છું, વળી હરિએ ઉપેક્ષા પણ હવે કરી છે, તથા મારા મનમાં હંમેશાં વિચારૂં છું કે મારી શી ગતિ થશે?-(૨૪).

વિવેચન—ભગવત્કામના જે વિવિધ પ્રકારની સેવા સંબંધી તેમજ મનોરથો, તેનાથી હું રહિત છું. મારૂં મન પ્રભુ સેવામાં એક ક્ષણ પણ નથી લાગતું, અને લૌકિક કામના, ... યાદિક તથા દેહના ભરણ પોષણ સંબંધી કામનાથી ભરેલો છું, તેથી હરિ જે શ્રીકૃષ્ણ ... ણે મારી ઉપેક્ષા કરી છે, મારી શુધ લેતા નથી. હું મહા દોષનો સમુદ્ર છું તેથી મારો ત્યાગ કર્યો છે. વળી એક દોષ બીજો મારામાં સર્વોપરિ ભારે છે, તેથી પ્રભુએ મને છોડયો. હવે સંતજન ભગવદીય છે, તે સદા ઈર્ષ્યાભાવથી રહિત છે. જેમ રાવણે વિભીષણને પગ પ્રહાર કર્યો તો પણ વિભીષણે વિનતિ કરી સારી વાત કહી. વળી કૃષ્ણદાસે શ્રીગુસાંઈજીનાં દર્શન બંધ કર્યાં પણ શ્રીગુસાંઈજીએ કૃષ્ણદાસનું ભલુંજ કર્યું છે. આવી રીતે ભગવદીય રહે તો પ્રભુ પ્રસન્ન થાય. પણ હું તો ભગવદીયોની ઈર્ષામાં આઠે પહોર તત્પર છું, તેથી મારો ત્યાગ પ્રભુએ કર્યો છે, હવે હું કયાં જાઉં? અને શું કરૂં? હવે મારી શી ગતિ થવાની છે? આ મોટું દુઃખ છે.-(૨૪).

નોંધઃ—શિક્ષાપત્ર એ ઉપદેશાત્મક ગ્રંથ છે વળી આ ઉપદેશ તો રસાત્મક છે, શ્રીહરિરાય મહાપ્રભુના રસઝરતાં વચનામૃત છે જીવન જીવવાની જડીબુટ્ટી છે. ચિત્તને વિક્ષેપ કરે તેવી કોઇપણ બાબત આમાં ન હોવી જોઈ એ. આ શિક્ષાપત્ર ૪૦ ના શ્લોક ૨૫-૨૬ અને ૨૭ ની હકીકત શિક્ષાપત્રના સ્વરૂપથી વિભિન્ન છે, વૈષ્ણવો અગર વાંચનારાઓને તે કોઈપણ રીતે ઉપયોગી નથી. વળી તે ક્ષેપક હોવાનું પણ મનાય છે. કારણ આ આખા પુસ્તકમાં શ્રી હરિરાય મહાપ્રભુનાં રસરૂપ વચનામૃતોનો અસ્ખલિત પ્રવાહ વહેતો રહ્યો છે. અન્ય સંબંધની ગંધ પણ તેમાં ક્યાંય નથી. જ્યારે આ શ્લોકમાં વ્યક્તિગત વાતો છે, જે વિવાદાસ્પદ પણ છે, ગમે તેમ હોય છતાં જે વાતો રસને વિરસ કરે તે આપવાનો કોઈ અર્થ નથી તેથી આ શ્લોકો ૨૫-૨૬ અને ૨૭ અત્રે લેવામાં આવ્યા નથી. સુજ્ઞ વાંચકો વસ્તુની વાસ્તવિકતા યથાર્થ રીતે સમજી શકશે.

—સંપાદક

શ્લોકઃ—વિશ્વાસઃ કસ્ય કર્તવ્ય ઇતિ ખિન્નં મનો મમ ॥
ગૃહકાર્યં ન ચલતિ મનુષ્યાણામભાવતઃ ॥૨૮॥

શબ્દાર્થ—વિશ્વાસ કોનો કરવો તે સમજાતું નથી. આથી મારૂં ચિત્ત બહુ ખેદ પામે છે, વળી મનુષ્ય વિના કામ શી રીતે ચાલે ?–(૨૮)

વિવેચન—હવે વિશ્વાસ કોનો કરવો ? લૌકિક દુઃખ સંબંધને લીધે ગૃહસ્થોને તજીને વિરક્ત પ્રમાણિક વૈષ્ણવોનો સંગ લીધો, તેની વિપરીત ગતિ થઈ છે, હવે કોને મારી પાસે રાખું ? કોનો વિશ્વાસ રાખીએ, હવે મનુષ્ય મળતા નથી, એજ મોટું દુઃખ છે. પરદેશમાં અનુભવી માણસ જોઈએ, તે મળે નહિ, અને વિશ્વાસ કોઇનો આવે નહિ. વિશ્વાસ વિના સુખ આવતું નથી.–(૨૮).

શ્લોકઃ—અંતઃસ્નિગ્ધોઽપિ કાર્યે તુ મદ્દોષાનુસ્મૃતેઃ સદા ॥
પ્રાયશઃ પ્રેમજિન્નામ્ના વર્તતેઽસૌ વિરક્તવત્ ॥૨૯॥

શબ્દાર્થ—પ્રેમજી નામનો વૈષ્ણવ છે તે ભીતર સ્નેહ યુક્ત છે, તો પણ કાર્યમાં તો મારા દોષની સ્મૃતિથી તે ઘણું ખરૂં વિરક્તની પેઠે રહે છે.–(૨૯).

વિવેચન—પરમ સ્નેહી મારો એક અહીં પ્રેમજી છે, જેણે લૌકિક કાર્યમાં અથવા અલૌકિક કાર્યમાં અમારી લૌકિક વૈદિક ક્રિયા દેખી છે, તેથી દોષની વિસ્મૃતિ કરી નથી, છતાં બધી રીતે અમારામાં દૃઢ વિશ્વાસ છે. એવો વૈષ્ણવ મારા સંગમાં એક પ્રેમજી છે, તે તદ્દન વિરક્તની પેઠે રહે છે. જેટલી બને તેટલી અમારી ટહેલ કરી લૌકિકથી ન્યારો રહે છે. એ ગૃહસ્થ હોવા છતાં શાસ્ત્રમાં જે વિરક્તના ધર્મ બતાવ્યા છે, તે પ્રમાણે વિરક્ત થઇને રહે છે, એમના સંગથી મન કંઈક ઠેકાણે રહે છે.–(૨૯).

શ્લોકઃ—ચલિતું યતતે તસ્માલ્લેખ્યા બહુ સમાહૃતિઃ ॥
ક્ષાંતોઽપરાધઃ સર્વોઽપિ મૃષા ક્રોધવશસ્તતઃ ॥૩૦॥

શબ્દાર્થ—(વૈષ્ણવના) સર્વે અપરાધ સહન કરાય છતાં પણ મિથ્યા ક્રોધને વશ થઇને તે જતા રહેવાનો યત્ન કરે છે, માટે ઘણું ઘણું કરીને સમાધાન લખજો.–(૩૦).

વિવેચન—તે પ્રેમજી મારી પાસેથી હવે જતા રહેવાનો વિચાર કરે છે, હવે હું શી રીતે નિર્વાહ કરીશ ? માટે કંઈક સમાધાન લખજો. હું મારૂં દુઃખ તમનેજ લખું છું.

છે, તે ...કામો ક્રોધને વશ થયો છે. પણ તાદૃશીમાં એવો ક્રોધ ન ...ય છે ભગવદ્ધર્મમાં મહા બાધક છે, ક્રોધથી ભગવદાવેશ દૂર

-ઈદાની કૃપાપૂર્વવદસ્તીતિ ભયોજ્ઝિતૈઃ ॥
ભવ...ભિર્વથા લેખ્યઃ પત્રં સર્વૈઃ પૃથક્ ॥
આ...વા...ની તુ (કૃતા) પૂર્વમનોવૃત્તિસ્તુ સર્વથા ॥
તસ્માદ્ભયોજ્ઝિતૈઃ સર્વૈઃ પત્રં લેખ્યં પૃથક્ પૃથક્ ॥૩૧॥

હવે ... પૂર્વેઠે કૃપા છે, તેથી ભય રહિત થઇને તમારે સર્વેએ જુદા ... ... મનોવૃત્તિ તથા કૃપા પૂર્વક મનોવૃત્તિ જે હતી તેવી કરી ... રહિતને જુદા જુદા પત્રો લખવા.-(૩૧).

...પૂર્વી કૃપા હતી તેવીજ છે, માટે અમારા પર સ્નેહ રાખીને ... કાહું પરદેશમાં છું માટે મનુષ્ય પાસે જોઈએ. હવે જાણીતો ...પછી રાખવો પડે, માટે તેના ચિત્તનું સમાધાન થાય તેવા ...પત્રો -(૩૧).

...અતિયા ચિત્તં યથા તસ્ય સ્થિરં ભવેત્ ॥
...સમીચીનો મુખ્યદોષવિવર્જિતઃ ॥૩૨॥

...જેમ તે સ્થિર થાય તે પ્રમાણે અતિ પ્રસંશા કરીને પત્ર લખજો, ...એટલો છે, પણ મુખ્ય દોષો (અવિશ્વાસ અને અન્યાશ્રય) વગરનો ...છે.-(૩...

...તિ રીને એનું સમાધાન થાય તેવો પત્ર લખજો, કે જેથી તેનું ...મુખાળો છે, પણ મુખ્ય દોષ તેનામાં નથી, તેથી સારો છે.-(૩૨).

...દ્વારમાક વિશેષપરિતોષણાત્ ॥
...દુઃખત્પતિતઃ પુનરુત્થિતઃ ॥૩૩॥
...શેષઃ પ્રેમજિત્પત્રાદ્ બોધ્યઃ ॥

...તમવૈદ્યકે કરીને આપણા ઘરમાં વિશેષ સંતોષ છે, તેથી ...દૂત્યો અને ફરી ઉઠયો છે,-(૩૩) વિશેષ હકીકત પ્રેમજીના

...આમાં વૈદ્ય છે, સઘળા રોગના ઔષધ જાણે છે, તેથી આપણા ...છે ...ષ આપ્યો છે. કંદુક જેમ પડે છે અને ઉંચે જાય છે ...વૈદ્યકે કરીને ઉઠયો છે, તે તમારા સત્સંગનું ફળ છે. ...જાણજો.-(૩૩).

...ચાલીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાનો ...પૂર્ણ.



...થી સંયોગના અભાવવાળી ...એવો ભગવદાવેશ થાય ...એટલે કે સંયોગમાં જેટલો ...થાય છે.-(૫). વિપ્રયોગ ...નુભવ થાય, ભગવદાવેશનો ...છે, તેનેજ સ્વતંત્ર ભકિત

...વ સઃ
...દૂરે ॥૭॥
...નઃ ।
...વેશો મૂર્તિકોશે
...હરેસ્તથા ॥૮॥

...વિરુદ્ધ છે, અને પૂર્ણજ છે ... -(૭). અને ધર્મિરૂપ વિપ્ર... ...ર્તિમાં ભગવદાવેશ થાય છે, ...પ્રભુનો આવેશ થાય છે.-(૮).

...જઃ પુરા ॥
...વિશેષતઃ ॥૯॥
...ધા અપિ ॥
...તાસ્ ॥૧૦॥

...વમાં બે ભાવ સિદ્ધ છે. પ્રથમ ...વા ભગવાનનો ભાવ વિશેષતાથી ...આચાર્ય શ્રીમહાપ્રભુજીનું આવું

...વિલક્ષણમ્ ।
...વનિરૂપ્યતે ॥
...દ્ભાવવત્ત્વતઃ ॥૧૧॥

...વ ઉપર નિરૂપણ કર્યો છે તે ભાવ યુકત ...ધર્મિરૂપ વિપ્રયોગ ભાવ યુકત સ્વરૂપ છે) ...ગુસાંઇજીએ શ્રીસ્વામિનીજી ભાવ તથા ભગ... ...થી છે.-(૧૧).

# * શિક્ષાપત્ર ૪૧

હવે એકતાળીસમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરી છે, ભગ[illegible]માં ઉપયોગીપણાથી લૌકિક કાર્ય કરવું, ભગવાનમાં શુદ્ધ ભાવ[illegible]થાપન [illegible]રૂર હોય તેટલુંજ દ્રવ્ય વાપરવું. આ માર્ગમાં સેવાજ [illegible]ન અને [illegible] સત્સંગ કરવો. પ્રભુનાં દર્શનાદિમાં આર્તિ રાખવી, તદીય ચિન્તા [illegible]તાં ચિંતા કરે તે મૂર્ખ છે. તેથી શ્રીમહાપ્રભુજીના સેવકોને [illegible] શિક્ષા[illegible] રહીને પ્રભુની સેવા કરવી તેથી કરીને સર્વ સિદ્ધ થાય [illegible]. નિરૂ[illegible] હરિરાયજી સઘળા પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત વર્ણવે છે. તે[illegible] પુષ્ટિ[illegible] ધારણ કરવા યોગ્ય છે.

**શ્લોક.—લૌકિકં સકલં કાર્યં પ્રભુસેવો[illegible]નાત્ ।**
**પરં સર્વત્ર પૂર્વં હિ પ્રભુશ્ચિ[illegible] લૌકિકર**
**ન રોચતે હરેઃ સ્વાનાં લૌકિકયુઙ્મન[illegible] ।**
**તદોપેક્ષાવશાત્તસ્ય ન સિદ્ધ[illegible] લૌકિમ્**

**શબ્દાર્થ**—પ્રભુની સેવામાં ઉપયોગી હોય તે પ્ર[illegible] લૌકિક[illegible] સર્વ કાર્યમાં પ્રથમ પ્રભુજ ચિંતન કરવા યોગ્ય છે. લૌ[illegible]ન કરવ[illegible] કારણકે હરિને [illegible]કતની લૌકિક આસકિત વાળું મન રૂ[illegible], માટે [illegible]પેક્ષ[illegible] વાથી લૌકિક પણ સિદ્ધ થતું નથી.-(૨).

**વિવેચન**—હવે શ્રીહરિરાયજી પુષ્ટિમાર્ગીય ધર્મ જે ભગ[illegible] લૌકિક કાર્યોનો પ્રભુમાં વિનિયોગ કરવો, તેજ સર્વોપરિ ધર્મ છે. સેવા માટે, દેહ, સંબંધી, કુટુંબ, ઇંદ્રિયો, સર્વનો [illegible]ની સેવા[illegible] સ્નેહ પણ કેવળ પ્રભુની સેવા માટે કરવો, આવી રી[illegible]વાના ઉ[illegible] કાર્ય કરવું. સ્રીસંગ પણ ભગવદ્ ભક્ત પુત્ર થાય [illegible] કરવો. શ્રીમહાપ્રભુજી કહે છે કે "પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ" [illegible]પ્રતિબંધ કરવો અને અનુકુળ હોય તેમને પાસે રાખવાં. જય[illegible] વૃત્તિ દો[illegible] અથવા દેખે, તે સર્વ પ્રભુની લીલાજ જાણે. જગત[illegible] જાણે, ચિંતન કરે, મનમાં લૌકિક ન વિચારે, તો પ્રભુ પ્રસ[illegible]અહીં કોઇ[illegible] લૌકિક તો બહુજ પ્રબળ છે અને લૌકિક વિના તો [illegible]થી, મા[illegible] લૌકિક કરે, અને પ્રભુની સેવાને સમયે સેવા કરે, ત[illegible]ત્રથી[illegible] તેથી થોડું પણ બને તો બહુ માને. તો પછી સકળ[illegible] [illegible]માની રીતે કોઈ સંદેહ કરે ત્યાં કહે છે કે પોતાના[illegible] [illegible] પ્રભુને ન ગમે, આથી પ્રભુ તેની ઉપેક્ષા કરે છે.

—પોતાની તથા દેહ સંબંધી ચિંતા, તેમજ આ લોક અને પરલોક સંબંધી આપણે ન કરવી જોઈએ, કારણ કે જેમ પિતા પુત્રના પાલન વિ. ની ચિંતા પુત્રને કંઈ પણ બ્યાધી નથી હોતી, તેવી રીતે પ્રભુ પોતાના ભકતની ચિંતા ણુ કોઈ ભકત અજ્ઞાનતાથી ચિંતા કરે તો તે સર્વથા મૂર્ખ છે, તેમાં ૧૧).

ક:—તસ્માદાચાર્યસૈસ્તુ મચ્છિક્ષાયાં સદા સ્થિતૈ: ।।
સેવ્ય: પ્રભુસ્તતો ભદ્રમાખિલં ભાવિ સર્વથા ।।૧૨।।

—માટે શ્રીમહાપ્રભુજીને શરણે જે આવ્યા છે તેમણે તો મારી શિક્ષા પ્રમાણે પ્રભુની સેવાજ કરવી, તેથી તેમનું બધુંજ અવશ્ય સિદ્ધ થશે.–(૧૨)

—શ્રીમહાપ્રભુજીના જે દાસ છે, તેમણે હંમેશાં આ ઉપદેશ ધારણ કરવો, આટલો યત્ન કર્યો છે. જે અનેક ધર્મ છે તે અધિકારી ભેદ પ્રમાણે ન્યારા ા છે. અને ભકિતમાર્ગમાં પાઠ, ગુણગાન, વાર્તાશ્રવણ વિ. જે છે તે સર્વમાં મુખ્ય છે. તેમાં પ્રભુપ્રત્યે સન્મુખપણું છે. સેવા વિના મુખ્ય ફળનો અધિકાર મનમાં એમ જાણવું કે જે કોઈ પ્રભુની સેવા કરે છે તેનું સર્વ પ્રકારે કલ્યાણ કાર્યો તથા પુષ્ટિમાર્ગીય ફલ પ્રાપ્ત કરવાને માટે આ સર્વોપરિ સિધ્ધાંત છે શ્વરજી કહે છે) ધન્ય હરજીવનદાસ, તમારા હૃદયમાં બિરાજી શ્રીહરિરાયજીએ ર કર્યું. વળી આ શિક્ષાપત્રની ટીકા મેં કરી છે એવું ન જાણવું,–મારા કરીને શ્રીહરિરાયજીએ કરી છે. અને શ્રીહરિરાયજીના હૃદયમાં શ્રીમહાપ્રભુજી જી નિરંતર બિરાજે છે, તેથી આ ભાવ પ્રકટ થયો છે. તમે પરમ ચતુર છો, અત્યંત ગુપ્ત રાખજો, કારણ કે જ્યાં ત્યાં પ્રકટ કરવા યોગ્ય નથી.–(૧૨).

હરિરાયજી વિરચિત એકતાળીસમું શિક્ષાપત્ર શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષાની તી અનુવાદ સાથે સંપૂર્ણ.

## ભાવસ્વરૂપ નિરૂપણ.

પુસ્તકમાં આડત્રીસમું શિક્ષાપત્ર નવિન છે, કે જે કોઈપણ પુસ્તકમાં નથી. ની અંદર નથી રાખ્યું, છતાં શ્રીહરિરાયજીકૃત છે, અને તેનો અભિપ્રાય વૈષ્ણવોએ જાણવા યોગ્ય છે, તેથી તેના મૂળ શ્લોક અને અર્થ લખીએ છીએ.

ક:—રસાત્મકતયા સિદ્ધ: પરમાત્મા શ્રુતાવિતિ ।
સંયોગવિપ્રયોગાખ્યાં શ્રૃંગારસરસો હરિ: ।।૧।।

શ્રુતિમાં રસાત્મક ભાવથી પરમાત્મા શ્રીકૃષ્ણ સિદ્ધ છે, તેથી સંયોગ અને ભેદથી શ્રૃંગારરસથી પૂર્ણ શ્રી હરિ છે, કારણ કે વેદમાં કહે છે કે ...પ ને બીજા રસો તેણે કરીને આનંદ યુકત થાય છે, માટે આપ આનંદઘન

સર્વ રસોમાં શ્રુંગારરસ મુખ્ય છે. આ શ્રુંગારરસ સંયોગ અને વિપ્રયોગ ભેદથી છે, આ બેઉ પ્રકારના શ્રુંગારરસથી પ્રભુ પૂર્ણ છે.-(૧).

શ્લોકઃ—ધર્મધર્મિવિભેદેન તાવપિ દ્વિવિધૌ મતૌ ॥
ધર્મરૂપસ્તુ સંયોગો બહિઃ પ્રાકટ્યપાલિતઃ ॥
પરોક્ષ આંતરો યસ્તુ સ ધર્મિત્વેન સંમતઃ ॥
વિયોગોઽપિ તથા યસ્તુ પ્રભુપ્રાકટ્યસાધકઃ ॥૩॥
સ્વતંત્રફલરૂપો યઃ સ્વરૂપાવેશતો હરેઃ ॥
ધર્મરૂપઃ સ વિજ્ઞેયો નાવિર્ભાવપ્રયોજનમ્ ॥૪॥

શબ્દાર્થ--સંયોગ અને વિપ્રયોગ પણ ધર્મ અને ધર્મિ એ બે ભેદને લીધે છે. તેમાં સંયોગ જે પ્રભુના બહાર પ્રાકટ્યથી સિદ્ધ થાય છે, તે ધર્મરૂપ સંયોગ પરોક્ષમાં એટલે હૃદયની અંદર પ્રભુ પધારે તે અંદરનો સંયોગ ધર્મિત્વરૂપે માન્યો. વિપ્રયોગ જે પ્રભુનું મિલન સાધનાર છે, તે ધર્મરૂપ વિપ્રયોગ છે. (પંચાધ્યાયીમાં વ્રજભક્તોને વિરહ થયો ત્યારે પ્રભુ પ્રકટ થયા.) વળી હૃદયમાં પ્રભુ થઇ જાય, તેથી જે વિપ્રયોગ પ્રગટે તે સ્વતંત્ર ફળરૂપ છે, તેને ધર્મિરૂપ વિપ્રયોગ (જેમ વ્રજભક્તો વિરહ દશામાં છે તેવી રીતે.) શ્રીભગવત એકાદશ સ્કંધમાં ઉદ્ધવ પ્રત્યે કહે છે, “મારામાં સ્નેહ કરીને બંધાઈ છે બુદ્ધિ જેમની, એવાં ગોપીજન દેહને, પરલોકને, તથા આ જગતને જાણતાંજ નહોતાં. અહીં દૃષ્ટાંત કહે છે કે જેમ સમાધિમાં પોતાનું નામ તથા રૂપ જાણતા નથી, અને સમુદ્રના જળમાં નદી પછી તે પોતાનું જુદું નામ કે રૂપ જાણતી નથી, તેમ ગોપીજન બીજું કશું જાણ આવી રીતે વિપ્રયોગમાં ભગવદાવેશ થાય તે વિપ્રયોગ ધર્મિરૂપ છે. તેમાં પ્રયોજન નથી.-(૩).

શ્લોકઃ—બહિઃ સંવેદનં વાપિ તદસંવેદનં તથા ।
તયોરવસ્થાદ્વિતયં ભાવેનૈવ ન ચાન્યથા ॥૪॥

શબ્દાર્થ—અથવા જે વિપ્રયોગમાં બહારનું જ્ઞાન રહે (અર્થાત સર્વ પ્રપંચ તે ધર્મ રૂપ વિપ્રયોગ છે, અને જેમાં આવું જ્ઞાન ન રહે (ભગવન્મય ચિત્ત થએ કંઈ જાણે નહિં) તે ધર્મિરૂપ વિપ્રયોગ છે. આ બે પ્રકારના વિપ્રયોગની બેઉ પ્રમાણે થાય છે. ભાવ વિના બીજી રીતે નથી.-(૪).

શ્લોકઃ—વિપ્રયોગાત્મસ્વરૂપેણ સંયોગાભાવવદ્દ્વયમ્ ।
બહિઃ સંવેદનાભાવે તત્ર સાક્ષાત્તથા ક્રિયા ॥૫॥
તદા સંવેદને વિપ્રયોગાનુભવ એવ હિ ।
એવં સતતં દ્વાવેવ સ્વતંત્રા ભક્તિરુચ્યતે ॥૬॥

ર્થ—વિપ્રયોગાત્મક ધર્મ અને ધર્મિરૂપ બેઉ અવસ્થા સંયોગના અભાવવાળી
ા નથી તેમાં જો બહારના પ્રપંચનું જ્ઞાન ન રહે, એવો ભગવદાવેશ થાય
ાત્મક સ્વરૂપમાં પણ સાક્ષાત તેવીજ ક્રિયા છે, એટલે કે સંયોગમાં જેટલો
વી ક્રિયા છે, તે પ્રમાણે આ વિપ્રયોગમાં અનુભવ થાય છે.–(૫). વિપ્રયોગ
ા પ્રપંચનું જ્ઞાન રહે તો કેવળ વિપ્રયોગનોજ અનુભવ થાય, ભગવદાવેશનો
. આવી રીતે હંમેશાં બે પ્રકારનો વિપ્રયોગ છે, તેનેજ સ્વતંત્ર ભક્તિ

શ્લોક:—ભાવરૂપ: સ્વરૂપાત્મા નિરૂદ્ધ: પૂર્ણ એવ સ:
ધર્મરૂપવિયોગેઽપિ પ્રવિશન્તિ ગુણા હરે: ।।૭।।
ધર્મરૂપે તત્ર કૃષ્ણ: કોશવત્પ્રાવિશેત્પુન: ।
યથા ભગવદાવિષ્ટા મૂર્તિ:) ભગવદાવેશો મૂર્તિકોશે
હરેસ્તથા ।।૮।।

ર્થ—વિપ્રયોગાત્મક પ્રભુ ભાવરૂપ છે, તે હૃદયમાં નિરૂદ્ધ છે, અને પૂર્ણજ છે.
અને ધર્મિરૂપ
યોગમાં પણ હરિના ગુણ હૃદયમાં પ્રવેશ કરે છે.–(૭). જેમ મૂર્તિમાં ભગવદાવેશ થાય છે,
તની પેઠે શ્રીકૃષ્ણ હૃદયમાં પ્રવેશ કરે છે. જેમ મૂર્તિમાં (ભકતમાં) પ્રભુનો આવેશ થાય છે.–(૮).
વદાવેશવાળી મૂર્તિ હોય છે તેમ તેનામાં (ભકતમાં) પ્રભુનો આવેશ થાય છે.–(૮).

શ્લોક:—તેષુ ભાવદ્વયં સિદ્ધં સ્ત્રીભાવ: સહજ: પુરા ।।
આવિષ્ટભગવદ્ભાવ: પશ્ચાજ્જાતો વિશેષત: ।।૯।।
તેષુ ધર્માં અપિ તથા દશ્યતે દ્વિવિધા અપિ ।।
એવમેવાસ્મદાચાર્યસ્વરૂપમવણુદ્યતામ્ ।।૧૦।।

ર્થ—ઉપર ધર્મ અને ધર્મિના ભેદ કહ્યા, તે ભાવમાં બે ભાવ સિદ્ધ છે. પ્રથમ
યો તે સ્ત્રીભાવ છે, અને પછી આવિષ્ટ થયા એવા ભગવાનનો ભાવ વિશેષતાથી
માં બેઉ પ્રકારના ધર્મ જણાય છે. આપણા આચાર્ય શ્રીમહાપ્રભુજીનું આવું
વું.–(૯–૧૦).


શ્લોક—સ્વામિનીભગવદ્ભાવયુતા ચાપિ વિલક્ષણમ્ ।
અત એવોભયં તત્તદ્ગ્રંથેષુ વિનિરૂપ્યતે ।।
પ્રભુભિ: સ્વામિનીભાવભગવદ્ભાવવત્ત્વત: ।।૧૧।।

ર્થ—શ્રીસ્વામિની ભાવ તથા ભગવદ્ભાવ ઉપર નિરૂપણ કર્યો છે તે ભાવ યુકત
જીનું સ્વરૂપ છે, (અર્થાત ધર્મ અને ધર્મિરૂપ વિપ્રયોગ ભાવ યુકત સ્વરૂપ છે)
લક્ષણ છે. તેથીજ તે તે ગ્રંથોમાં શ્રીગુસાંઈજીએ શ્રીસ્વામિનીજી ભાવ તથા ભગ-
તપણાથી બેઉ ભાવાત્મક નિરૂપણ કર્યો છે.–(૧૧).

શ્લોકઃ—સર્વલક્ષણસંપન્ન ઇતિ નામ વિરાજતે
તથા તત્રૈવ રાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ ॥૧૨॥
વસ્તુતઃ કૃષ્ણ એવેતિ ચોક્ત શ્રીવલ્લભાષ્ટકે ॥
એવં વિદિત્વા તદ્રૂપં કર્તવ્યઃ સર્વદાશ્રયઃ ॥૧૩॥

શબ્દાર્થ—શ્રીસર્વોત્તમજીમાં સર્વલક્ષણસંપન્ન (સર્વ લક્ષણથી યુક્ત) આ બિરાજે છે, તેમજ અહીંઆં પણ રાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહ આ નામ બીરાજે છે. (જે વ્રજભક્તો તેમના ભાવથી પૂરિત આપનું શ્રીઅંગ છે. મતલબ કે તેજ ભાવાત્મ શ્રીઅંગ છે.) ૧૨. વળી શ્રીવલ્લભાષ્ટકમાં કહ્યું છે કે "ત્રણ લોકમાં અજ્ઞાનાદિક અ નાશ કરવામાં, આપની ચતુરાઇ પ્રસિદ્ધ કરવાને માટે આપનું (શ્રીમહાપ્રભુજીનું) કવિઓ વર્ણવે છે, પણ વસ્તુતઃ આપ શ્રીકૃષ્ણજી છો. આ પ્રમાણે શ્રીમહાપ્રભુજીના જાણીને સર્વદા એ સ્વરૂપનોજ આશ્રય કરવો.—(૧૩).

ઇતિશ્રીહરિરાયજી વિરચિત રસાત્મકભાવ સ્વરૂપ નિરૂપણ સમાપ્ત.



માનો કરોડો સૂર્યની કાંતિને લજાવે છે. વળી સૂક્ષ્મ ( સુંદર–પાતળી ) કટિપર ક્ષુદ્રઘંટિકા વિલાસ કરે છે, તેથી વારંવાર સુંદર શબ્દ થાય છે, એવા શ્રીકૃષ્ણ અમને દર્શન આપો–(૧૦).

શ્લોકઃ—રાજદ્હૃદયવૈયાઘ્રનખભૂષણભૂષિત ! ।।
કંજલોચનલોલાક્ષ ! વિશાલાક્ષવિલક્ષણ ।। ૧૧ ।।

શબ્દાર્થ—હે સુંદર વાઘનખના ભૂષણથી શણગારાયેલા ! હે કમલ જેવાં અને ચપળ છે નેત્ર જેનાં એવા ! હે વિશાળ નેત્રોથી વિલક્ષણ દેખાતા.–(૧૧).

વિવેચન—હૃદયના ઉપર વાઘનખ સુવર્ણમાં જડી નખભૂષણ શ્રીયશોદાજીએ પહેરાવ્યું છે, કે જેથી પોતાના પુત્રને કોઈની દૃષ્ટિ ન લાગે, તે નખભૂષણ વક્ષઃસ્થળમાં શોભિત છે. કમળ સમાન અને અતિ લોલ એટલે ચંચળ છે નેત્ર જેનાં. કમળ શીતળ છે અને તાપનો નાશ કરે છે, તેમજ શ્રી ઠાકોરજીનાં નેત્રકમળ સઘળા ભક્તોના હૃદયના તાપનો નાશ કરે છે, વળી નેત્રોથી અનેક ભક્તોને રસદાન કરે છે, સંકેત સૂચવે છે, તેથી લોચન ચંચળ છે. વળી નેત્ર કમળના જેવાં મોટાં વિશાળ છે, ઘર્ણાયમાન, આરકત, વિલક્ષણ છે. તેની ઉપમા કોઈ પ્રકારે કહી ન શકાય. અનિર્વચનીય ( વર્ણન ન થઇ શકે તેવી ) છે, એવા શ્રીકૃષ્ણ અમને દર્શન આપો–(૧૧).

શ્લોકઃ—દીનૈકશરણ ! સ્વીયસર્વસામર્થ્યસંયુત ! ।।
વ્રજરાજસુત ! સ્વીયજનનીકંઠભૂષણ ! ।। ૧૨ ।।

શબ્દાર્થ—હે દીનજનોના આશ્રયસ્થાન ! હે સ્વસામર્થ્યથી સર્વ રીતે પૂર્ણ ! હે શ્રીનંદરાયજીના પુત્ર ! હે આપની માતા યશોદાજીના કંઠના આભૂષણરૂપ !–(૧૨).

વિવેચન—દીન જે ભક્ત તેના શરણરૂપ છો. પોતાનો અંતરંગ ભક્ત દીન બની શરણે રહે તેવી સર્વ રીતે પ્રભુ રક્ષા કરે છે. કારણ કે શ્રીકૃષ્ણ સર્વ સામર્થ્ય યુક્ત છે. શ્રીભાગવતજીમા નવમાં સ્કંધમાં શ્રીભગવાન દુર્વાસા પ્રતિ કહે છે કે જે સ્ત્રી, ઘર, પુત્ર, આપ્ત, પ્રાણ, દ્રવ્ય, આલોક અને પરલોક છોડીને મારે શરણે આવે, તેને છોડવાનો હું પ્રયત્ન ( ઈચ્છા ) શી રીતે કરૂં ? આ વાકયથી શ્રીઠાકોરજી કહે છે કે જે એવો ભક્ત જે સ્ત્રી, ઘર, પુત્ર, પ્રાણ, વિત્ત વિ. સર્વ મને સમર્પણ કરી એક મારેજ શરણે આવી રહે, તેને છોડવાની ઈચ્છા શી રીતે કરૂં ? હું તેની આઠે પહોર રક્ષા કરૂં છું. માટે દીન થઈ જે ભક્ત શરણે રહે છે તેની રક્ષા પ્રભુ પોતેજ કરે છે. શ્રીકૃષ્ણ સર્વ સામર્થ્યયુક્ત છે. વ્રજરાજ જે શ્રીનંદરાયજી, તેમના પુત્ર પોતાનાં માતા શ્રીયશોદાજીના કંઠના ભૂષણરૂપ છો, એવા શ્રીકૃષ્ણ અમને દર્શન આપો.–(૧૨).

શ્લોકઃ—હા ! કૃષ્ણ ! હા સદાનંદ ! હા વૃંદાવનભૂષણ ! ।
હા નંદરાજતનય ! હા યશોદાંકખેલન ! ।। ૧૩ ।।

શબ્દાર્થ—હા ફલાત્મક કૃષ્ણ ! હા સદાનંદ સ્વરૂપ ! વૃંદાવનના ભૂષણ ! શ્રીનંદરાયજીના પુત્ર, હા શ્રીયશોદાજીના અંકમાં ખેલનારા.–(૧૩).